HIS EXCELLENCY LORD WILLINGDON.



HER EXCELLENCY LADY WILLINGDON.

નામદાર લૉર્ડ અને લેડી વિલિંગ્ડન.

Lakshmi Art, Byculla, Bombay

BRITISH AND HINDI VIKRAM.

WEEKLY WAR MAGAZINE

PUBLISHED BY COMMAND OF

H. H. MAHARANI SHRI NANDKUNVARBA, C. I., OF BHAVNAGAR,

AND

DISTRIBUTED FREE OF COST.

VOL. II.

(From 1st December 1915 to 30th November 1916.)

PRINTED AT THE "STATE PRINTING PRESS."

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

નામદાર મહારાણી શ્રી નંદકુંવરબા, સી. આઇ., ભાવનગરનાં મહારાણી સાહેબ,
એમની આજ્ઞાથી પ્રસિદ્ધ થતું અને વિના મૂલ્યે વહેંચાતું
સાપ્તાહિક પત્ર.

પુસ્તક ૨ જું.
(૧ લી ડીસેમ્બર ૧૮૯૫ થી ૩૦ મી નવેમ્બર ૧૮૯૬ સુધી.)

ભાવનગર સ્ટેટ પ્રેસમાં મુદ્રાંકિત.

DEDICATED TO

HIS EXCELLENCY LORD WILLINGDON,

GOVERNOR OF BOMBAY,

WITH A HEART FULL OF LOVE FOR MY MOTHER-COUNTRY,

AND HOPING AND PRAYING FOR THE LONG CONTINUANCE OF

THE BRITISH SOVEREIGNTY, AND FOR LONG LIFE TO

OUR BELOVED KING-EMPEROR,

BY

NANDKUNVARBA, C. I.,

MAHARANI OF BHAVNAGAR.

મારી માતૃભૂમિ માટેના સ્નેહથી

પરિપૂર્ણ હૃદયપૂર્વક,

બ્રિટિશ સામ્રાજ્ય લાંબા વખત સુધી તપે,

અને આપણા વહાલા શહેનશાહ-રાજાજીને

દીર્ઘાયુ પ્રાપ્ત થાય,

એવી આશા તથા પ્રાર્થના સાથે,

મુંબઇના નામદાર ગવર્નર સાહેબ લૉર્ડ વિલિંગ્ડનને

આ પુસ્તક અર્પણ કરવામાં આવે છે.

નંદકુંવરબા, સી. આઇ.,

મહારાણી, સંસ્થાન ભાવનગર.

PREFACE

TO

— VOLUME I. —

Her Highness the Maharani of Bhavnagar has asked me to write a few words by way of a Preface to her War Publication, and I do so with great pleasure. It appears to me that, in placing the main events in the Great War, now being waged in three out of the five continents, within the reach of the poorer classes of Kathiawad and Gujarat, Her Highness has performed a service of no mean order, and it is to be hoped that her example will find imitators in other parts of India. Dealing as we are with an unscrupulous enemy, the facts of the situation, the genesis of the War and the course of various campaigns should be made as widely known as possible. Owing to Her Highness's patriotism and public spirit illiterate villagers, as they gather daily about the village Chora, are kept informed on these important questions, and the result can only be a tightening of the cords that bind England and India together. For, as time goes on, it becomes increasingly apparent that neither can do without the other.

Her Highness's work explains itself and there is no need of a long Preface. The Publication is now entering upon its second year and upon a continually increasing area of usefulness, as it has been translated into other Vernaculars also. The service she has rendered to the Empire is an original one and spreads information about the War among illiterate people, who would otherwise be uninformed, or, worse, possibly misinformed. The rising generation, as represented in Indian Colleges and Schools, has the Magazine circulated free to them, and thereby feelings of increased loyalty are being engendered in the classes which will provide the citizens of the future. Nor does the circulation stop in India, for many copies of the Magazine are regularly sent to be read by Indian troops at the Front. High Officials of Government have expressed their warm appreciation of Her Highness's efforts, and she has been encouraged in her self-imposed task by the encomiums of the English Press.

Her Highness is an Indian lady of many accomplishments and of much industry. she has considerable taste for the sister-arts of Music and Painting, while she possesses the traditional Indian skill in the humbler and more domestic arts of Embroidery and Needle-work. Her literary efforts have been rewarded by her election to a Vice-Presidentship of the Society of Women Journalists.

It is pleasant to be able to give unqualified praise and to commend Her Highness's Magazine so unreservedly to the wide public for whose benefit it is intended.

RAJKUMAR COLLEGE,
RAJKOT,
December, 1915.

C. MAYNE.

પ્રસ્તાવના.

—— पुस्तक १ लुं. ——

ભાવનગરનાં નામદાર મહારાણી સાહેબે પોતાના સાપ્તાહિક પત્ર માટે પ્રસ્તાવનારૂપે થોડા શબ્દો લખવાની મારી પાસે માગણી કરી છે, અને હું એ પ્રમાણે ઘણા આનંદથી કરૂં છું. મને લાગે છે કે, જે મહાન્ વિગ્રહ પાંચમાંથી ત્રણ ખંડોમાં અત્યારે ચાલી રહ્યો છે, તેના મુખ્ય મુખ્ય બનાવોનું કાઠિયાવાડ અને ગુજરાતના ગરીબ વર્ગોને પણ જ્ઞાન થાય, એવી વ્યવસ્થા કરવામાં નામદાર મહારાણી સાહેબે જે સેવા બજાવી છે, તે કંઇ સાધારણ પ્રકારની નથી, અને એવી આશા રાખી શકાય, કે હિંદના બીજા ભાગોમાં પણ તેના દાખલાનું અનુકરણ થશે. કુટિલ દુશ્મનની સાથે આપણને કામ પડ્યું છે, એટલે સ્થિતિની હકીકતો, વિગ્રહનાં કારણો, અને જૂદી જૂદી યુદ્ધપરંપરાઓનો ઇતિહાસ જેમ વધારે માણસો જાણે તેમ થવું જોઇએ. મહારાણીશ્રીની દેશવત્સલતા અને લોકસેવાની લાગણીને લીધે અભણ ગામડિયાઓ પણ, ગામને ચોરે દર રોજ એકઠા થાય ત્યારે, આ મહત્ત્વના સવાલોથી વાકેફ થઇ શકે છે, અને તેનું પરિણામ એજ આવશે, કે જે બંધથી બ્રિટન અને હિંદ સાથે જોડાયેલ છે તે વધારે તંગ થશે. કારણકે વખત જતાં એ વાત વધારે વધારે સ્પષ્ટ થતી જાય છે, કે એકને બીજા વગર ચાલે તેમ નથી.

મહારાણીશ્રીનું કામ એવું ખુલ્લું છે, કે તેને લાંબી પ્રસ્તાવનાની કશી જરૂર નથી. સાપ્તાહિક બીજા વર્ષમાં પ્રવેશ કરે છે, અને તેની ઉપયોગિતાનો પ્રદેશ વિસ્તૃત થતો જાય છે, કારણકે બીજી દેશી ભાષાઓમાં તેનો તરજુમો થવા માંડ્યો છે. મહારાણીશ્રીએ શહેનશાહતની એક નવીન પ્રકારે સેવા બજાવી છે, અને અભણ લોકોમાં પણ તે વિગ્રહ સંબંધી માહિતી ફેલાવે છે, કે જેઓ આ સાધન વિના, ખબર વગર અથવા ખોટી ખબરથી ભ્રમિત રહ્યા હોત. હિંદની કૉલેજો અને શાળાઓના વિદ્યાર્થીઓને તે વિના મૂલ્યે પહોંચાડવામાં આવે છે, અને તેથી કરીને જે વર્ગોમાંથી ભવિષ્યના નાગરિકો નિકળવાના છે, તેમાં વફાદારીની વધતી લાગણી ઉત્પન્ન થતી જાય છે. પત્રનો ફેલાવો માત્ર હિંદથી અટકતો નથી, કારણકે ઘણી નકલો મોખરા ઉપર સિપાઇઓને માટે પણ નિયમિત મોકલવામાં આવે છે. સરકારના ઊંચા અમલદારોએ મહારાણીશ્રીના પ્રયાસોની સારી કદર કરી છે, અને ઇંગ્લિશ વર્તમાનપત્રોની તારીફથી તેને પોતાની સ્વીકારી લીધેલી ફરજ અદા કરવામાં ઉત્તેજન મળ્યું છે.

મહારાણીશ્રી ઘણી કલાઓ જાણનાર અને ઘણાં ઉદ્યોગી હિંદી બાનુ છે: તેમને સંગીત અને ચિત્રનો ઘણો શોખ છે, તેમ ભરત અને સીવણની સાદી અને વહેવારી કલાઓમાં પણ તેઓ કુશળતા ધરાવે છે. તેમના આ પ્રયાસને લીધે તેમને બ્રિટનની સ્ત્રીલેખકોની સભાનાં એક ઉપપ્રમુખ તરીકે ચૂંટી કાઢવામાં આવ્યાં છે.

જે શિક્ષણ વર્ગના લાભને માટે આ પત્રની યોજના છે, તેને તેની બિલકુલ સંકોચ વગર અને શુદ્ધ તારીફથી ભલામણ થઈ શકે છે, એ આનંદની વાત છે.

રાજકુમાર કૉલેજ,
રાજકોટ,
ડીસેમ્બર, ૧૮૭૫.

સી. મેકન.

CONTENTS.

Subject	Page.
The Coalition Cabinet in Britain.	2
War Telegrams	7
The Coalition Cabinet in Britain (continued)	10
War Telegrams	14
The Education of Princes ...	18
Loyalty and Patriotism	21
War Telegrams	22
Raids on the East Coast of England	26
War Telegrams	31
India and the New Mahabharat.	34
Our End: Self government ...	36
War Telegrams	39
Address of the President of the Indian National Congress ...	42
One Goal: one Object	43
Military Education	46
War Telegrams	46
Intrigues in the Balkans ...	50
War Telegrams	55
Intrigues in the Balkans (continued)	58
War Telegrams	63
The Conquest of Togoland and the Cameroons	66
War Telegrams	70
The Conquest of Togoland and the Cameroons (continued) ...	71

Subject	Page
The Worship of the Mother ...	82
The Evils of a false Civilization ..	83
The Worship of Mammon ...	84
True Education	86
War Telegrams	86
The Prisoners of War	90
War Telegrams	94
The Prisoners of War (continued).	98
War Telegrams	103
The Heroic Resistance of Serbia..	106
War Telegrams	110
The Heroic Resistance of Serbia (continued)	114
War Telegrams	118
The Execution of Miss Edith Cavell	122
War Telegrams	127
The Execution of Miss Edith Cavell (continued)	130
War Telegrams	135
The Mountain Battles of Italy...	138
War Telegrams	142
Infernal Teachings in Germany...	146
True Patriotism	149
War *Telegrams*	151
The Fighting in Mesopotamia ...	154
War Telegrams	159
The Fighting in Mesopotamia (continued)	162

Subject	Page.
War Telegrams	319
The Extermination of the Armenian Nation	322
War Telegrams	327
The Extermination of the Armenian Nation (continued) ...	330
War Telegrams	335
The Extermination of the Armenian Nation (concluded).	338
War Telegrams	343
Britain's Roll of Honour: 1914-1915	346
War Telegrams	351
Britain's Roll of Honour; 1914-1915 (continued)	354
War Telegrams	359
The Rebellion in Dublin ...	362
War Telegrams	367
Compulsory Military Service in Britain	370
War Telegrams	375
Compulsory Military Service in Britain (continued)	378
War Telegrams	383
President Woodrow Wilson ...	386
War Telegrams	391
His Majesty George V.	394
War Telegrams	492
Troubles on the Frontiers of India	402
War Telegrams	407
Troubles on the Frontiers of India (continued)	410
War Telegrams	415

LIST OF ILLUSTRATIONS.

TO FACE PAGE.

King Ferdinand and Queen Eleonora of Bulgaria 4
The King and Queen of Greece 20
Right Hon. David Lloyd George, M. P., Minister of Munitions ... 36
Miss Edith Cavell 52
Russian Royal Ladies who worked for the Wounded 68
Admiral Sir John R. Jellicoe 84
The Right Hon. Sir Edward Grey 100
General Sir Douglas Haig 116
German Soldiers, killed by a single French shell, lying in attitudes of slumber 132
The Grand-Duchess Tatiana, Colonel-in-Chief of Russian Uhlans; and The Grand-Duchess Marie, Colonel-in-Chief of Russian Horse Grenadiers 148
Serbians in their Holiday Garb 164
The Empress of Russia, Colonel-in-Chief of Russian Lancers; and the Grand-Duchess Olga, Colonel-in-Chief of Russian Hussars ... 180
A Wounded French Ambulance Dog being bandaged 196
The Gurkha Pim, with the Flower given him by the Queen; and Bal, a Gurkha "boy" Soldier with whom the King talked ... 212
An Officer's Experiment in Dog-Traction for Machine Guns ... 228
The Queen and King Ferdinand of Rumania 244
Parliament House, Ottawa 260
Russian Ladies seeking to know the fate of beloved ones in the Field ... 276
The King-Emperor's Tea and Variety Entertainment to Wounded Soldiers at Buckingham Palace 292
Women as Fire-Fighters in War-Time 308
Indore, Bhurtpore, Bhavnagar, Bahawalpur, Bikaner, Nabha, Patiala and Kapurthala Lancers 324

	To Face Page.
Polish peasant Women and Girls in National Costume	340
Indian Officers and Lord Kitchener; and Indian Lancers	356
Trebizond after its Capture by the Russians	372
Russian Troops at Prayer before Battle	388
The King and Queen of Italy	404

सूचिपत्र.

વિષય.	પૃષ્ટ.
બ્રિટનનું સંયુક્ત પ્રધાનમંડળ	૨
લડાઇના તાર	૭
બ્રિટનનું સંયુક્ત પ્રધાનમંડળ (ચાલુ) ...	૧૦
લડાઇના તાર	૧૪
રાજકુમારોની કેળવણી	૧૮
વફાદારી અને દેશભક્તિ	૨૧
લડાઇના તાર	૨૨
ઇંગ્લંડના પૂર્વ કિનારા પરના હુમલા અને "ડૉગર એંક"ની લડાઇ	૨૬
લડાઇના તાર	૩૧
હિંદ અને નવીન મહાભારત	૩૪
આપણો ઉદ્દેશ: સ્વરાજ્ય...	૩૬
લડાઇના તાર	૩૯
હિંદી નેશનલ કૉંગ્રેસના પ્રમુખનું વ્યાખ્યાન...	૪૨
એક લક્ષ્ય: એક ઉદ્દેશ	૪૩
સાંસારિક કેળવણી	૪૬
લડાઇના તાર	૪૬
બાલ્કનમાં કાવાદાવા અને વિશ્વાસઘાત ...	૫૦
લડાઇના તાર	૫૫
બાલ્કનમાં કાવાદાવા અને વિશ્વાસઘાત (ચાલુ).	૫૮
લડાઇના તાર	૬૩
ટોગો દેશ અને કામેરૂનની જીત	૬૬
લડાઇના તાર	૭૦
ટોગો દેશ અને કામેરૂનની જીત (ચાલુ) ...	૭૪
લડાઇના તાર	૭૮
માતૃપૂજા	૮૨
ખોટા સુધારાની સત્યાનાશી	૮૩
લક્ષ્મીપૂજા	૮૪
સાચી કેળવણી	૮૬
લડાઇના તાર	૮૬
લડાઇના કેદીઓ...	૯૦
લડાઇના તાર	૯૪
લડાઇના કેદીઓ (ચાલુ)	૯૮
લડાઇના તાર	૧૦૩
સર્વિયાનું અદ્ભુત પરાક્રમ	૧૦૬
લડાઇના તાર	૧૧૦
સર્વિયાનું અદ્ભુત પરાક્રમ (ચાલુ) ...	૧૧૪
લડાઇના તાર	૧૧૮
મિસ ઍડિથ કાવેલનો શિરચ્છેદ	૧૨૨
લડાઇના તાર	૧૨૭
મિસ ઍડિથ કાવેલનો શિરચ્છેદ (ચાલુ) ...	૧૩૦
લડાઇના તાર	૧૩૫
ઇટલીની પહાડી લડાઇઓ	૧૩૮
લડાઇના તાર	૧૪૨
જર્મનીમાં રાક્ષસી ઉપદેશ...	૧૪૬
સાચી દેશભક્તિ	૧૪૯
લડાઇના તાર	૧૫૧
મેસોપોટેમિયામાં લડાઇ	૧૫૪
લડાઇના તાર	૧૫૯
મેસોપોટેમિયામાં લડાઇ (ચાલુ)	૧૬૨
લડાઇના તાર	૧૬૬
જર્મન સબમરીનોએ વાળેલું સત્યાનાશ ...	૧૭૦
લડાઇના તાર	૧૭૪
સબમરીનના સંકટની સામે બ્રિટનની લડત...	૧૭૮

વિષય.	પૃષ્ઠ.
લડાઇના તાર … … … …	૧૮૨
સબમરીનના સંકટની સામે બ્રિટનની લડત (ચાલુ) … … … …	૧૮૬
લડાઇના તાર … … … …	૧૯૧
યુનાઇટેડ સ્ટેટ્સ અને વર્તમાન મહા વિગ્રહ ..	૧૯૪
લડાઇના તાર … … … …	૧૯૯
પશ્ચિમમાં મિત્ર સેનાઓના મોટા નાયકો …	૨૦૨
લડાઇના તાર … … … …	૨૦૭
વિગ્રહના વખતમાં રેલ્વેનો ઉપયોગ …	૨૧૦
લડાઇના તાર … … … …	૨૧૫
વિગ્રહના વખતમાં ફ્રાન્સનું આંતર જીવન ..	૨૧૮
લડાઇના તાર … … … …	૨૨૨
વિગ્રહના વખતમાં ફ્રાન્સનું આંતર જીવન (ચાલુ).	૨૨૬
લડાઇના તાર … … … …	૨૩૧
જર્મનીના અપરાધો … …	૨૩૪
લડાઇના તાર … … … …	૨૩૯
જર્મનીના અપરાધો (ચાલુ) … …	૨૪૨
લડાઇના તાર … … … …	૨૪૭
વિગ્રહમાં સ્ત્રીઓનું સર્વોપરિ કામ … …	૨૫૦
જખમીઓની સારવાર … … …	૨૫૨
હિંદુસ્તાને શીખવાનો પાઠ … …	૨૫૩
લડાઇના તાર … … … …	૨૫૫
હવાની લડાઇમાં જર્મનીનું પ્રાધાન્ય …	૨૫૮
લડાઇના તાર … … … …	૨૬૩
હવાની લડાઇમાં જર્મનીનું પ્રાધાન્ય (ચાલુ)…	૨૬૬
લડાઇના તાર … … … …	૨૭૧
વિગ્રહના વખતમાં હિંદી વિક્રમની સેવા …	૨૭૪
લડાઇના તાર .. … … …	૨૭૯
વિગ્રહના વખતમાં હિંદી વિક્રમની સેવા (ચાલુ).	૨૮૨
સિંગાપોરમાં તોફાન … … …	૨૮૪
લાહોરનું કાવતરું … .. …	૨૮૪
રંગુન અને કલકત્તામાં ધમકલાં … …	૨૮૫
દેશ સમસ્તની વફાદારી … … …	૨૮૫
લડાઇના તાર … … … …	૨૮૭
ગોળાઓનો આઘાત અને મગજના વ્યાધિઓ.	૨૯૦
લડાઇના તાર … … … …	૨૯૫
ઇજિપ્તનો બચાવ અને રણની લડાઇઓ …	૨૯૮
લડાઇના તાર … … … …	૩૦૩
ઇજિપ્તનો બચાવ અને રણની લડાઇઓ (ચાલુ).	૩૦૬
સનુસી કુટુંબ … … … …	૩૦૬
લડાઇના તાર … … … …	૩૧૧
ઇજીપ્તનો બચાવ અને રણની લડાઇઓ (ચાલુ).	૩૧૪
લડાઇના તાર … … … …	૩૧૯
આર્મીનિયન પ્રજાનો સંહાર … …	૩૨૨
લડાઇના તાર … … … …	૩૨૭
આર્મીનિયન પ્રજાનો સંહાર (ચાલુ) …	૩૩૦
લડાઇના તાર … … … …	૩૩૫
આર્મીનિયન પ્રજાનો સંહાર (ચાલુ) …	૩૩૮
લડાઇના તાર … … … …	૩૪૩
બ્રિટને આપેલો ભગીરથ ભોગ : ૧૯૧૪-૧૯૧૫.	૩૪૬
લડાઇના તાર … .. … …	૩૫૧
બ્રિટને આપેલો ભગીરથ ભોગ: ૧૯૧૪-૧૯૧૫ (ચાલુ) … … … …	૩૫૪
લડાઇના તાર … … … …	૩૫૯
ડબ્લિનમાં બળવો … … …	૩૬૨
લડાઇના તાર … . . … …	૩૬૭
બ્રિટનમાં ફરજિયાત લશ્કરી નોકરી …	૩૭૦
લડાઇના તાર … … … …	૩૭૫
બ્રિટનમાં ફરજિયાત લશ્કરી નોકરી (ચાલુ)…	૩૭૮
લડાઇના તાર … … … …	૩૮૩
પ્રેસિડન્ટ વુડરો વિલ્સન … … …	૩૮૬
લડાઇના તાર … … … …	૩૯૧
શહેનશાહ રાજાજી પાંચમા જ્યોર્જ… …	૩૯૪
લડાઇના તાર … … … …	૩૯૯

વિષય.	પૃષ્ઠ.	વિષય.	પૃષ્ઠ.
હિંદની સરહદ ઉપર તોફાન	૪૦૨	હિંદની સરહદ ઉપર તોફાન (ચાલુ) ...	૮૧૦
લડાઇના તાર	૪૦૭	લડાઇના તાર	૮૧૫

ચિત્રોની અનુક્રમણિકા.

	પૃ.
બલ્ગેરિયાના રાજા ફર્દિનંદ અને રાણી એલીએનોરા	૪
ગ્રીસનાં રાજા અને રાણી	૨૦
રાઇટ ઑનરેબલ ડેવિડ લૉઇડ જ્યોર્જ, એમ. પી., દારૂગોળાખાતાના પ્રધાન	૩૬
મિસ એડિથ કાવેલ	૫૨
જખમી સિપાઇઓની સારવાર કરતી રુશિયન શહેનશાહઝાદીઓ	૬૮
બ્રિટિશ નૌકાનો મુખ્યાધિકારી સર જૉન જેલિકો	૮૪
ધિ રાઇટ ઑનરેબલ સર એડવર્ડ ગ્રે	૧૦૦
નવો બ્રિટિશ સેનાધિપતિ જનરલ સર ડગલાસ હેગ	૧૧૬
એક ફ્રેંચ ગોળાથી મરી ગયેલા અને ઊંઘતા જણાતા જર્મન સિપાઇઓ	૧૩૨
ગ્રાન્ડ-ડચેસ ટેટિઆના અને મેરી પોતાના લશ્કરી લેબાસમાં	૧૪૮
તેહેવારના પોશાકમાં સજ્જ થયેલાં સર્બિયનો	૧૬૪
રુશિયન શહેનશાહજાદા અને ગ્રાન્ડ-ડચેસ ઑલ્ગા પોતાના લશ્કરી લેબાસમાં	૧૮૦
ફ્રેંચ સારવારખાતાના એક જખમી કુતરાને ડાકતર પાટો બાંધે છે	૧૯૬
ગુરખા પિમ: નામદાર રાણીજીએ બક્ષેલ ફુલ સાથે; અને ગુરખા બાલવીર, જેની સાથે નામદાર રાજાજીએ વાતચિત કરેલી	૨૧૨
કુતરાથી દોરાતી મશીનગનનો પ્રયોગ	૨૨૮
રૂમાનિયાની રાણી અને રાજા ફર્દિનંડ...	૨૪૪
પાર્લમેન્ટ હાઉસ, ઓટ્ટાવા	૨૬૦
રુશિયન બાનુઓ લડાઇમાં ગયેલા પોતાના પ્રિયજનોનાં નસીબ જોવરાવે છે	૨૭૬
શહેનશાહ રાજાજીએ જખમી સિપાઇઓને બકિંગહામ મહેલમાં આપેલી ચા વગેરેની મેજબાની ...	૨૯૨
વિગ્રહના વખતમાં આગની સામે લડવાનું કામ કરનારી બાનુઓ	૩૦૮
ઇંદોર, ભરતપુર, ભાવનગર, ભાવલપુર, બિકાનેર, નભા, પતિયાળા અને કપુરથલા લાન્સર્સ ...	૩૨૪
સ્વદેશી પોશાકમાં પોલાંડની ખેડુત વર્ગની ઓરતો અને છોકરીઓ	૩૪૦
હિંદી અમલદારો અને લૉર્ડ કિચનર; અને હિંદી લાન્સરો	૩૫૬
રુશિયનોએ જિતેલા ત્રેબિઝોંડ શહેર અને તેના બંદરનો દેખાવ	૩૭૨
લડાઇ પહેલાં પ્રાર્થના કરતા રુશિયન સિપાઇઓ	૩૮૮
ઇટલીનાં રાજા અને રાણી	૪૦૪

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૭મી ડીસેમ્બર, ૧૯૧૫. [અંક ૧.

। यतो धर्म स्ततो जयः ।

શ્રી ફોર્બસ ગુજરાતી સભા
૨૧૧૮૨
૨૦-૧૨-૬૭
મુંબઈ-૪.

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વેહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૭ મો ડીસેમ્બર ૧૯૧૫.

બ્રિટનનું સંયુક્ત પ્રધાનમંડળ.

રવિવાર તા. ર જી ઑગસ્ટ ૧૯૧૪ ને રોજ મિ. બોનર લૉએ મિ. એસ્કિવથને નીચે પ્રમાણે કાગળ લખ્યો હતો:—

"લૉર્ડ લેન્સડાઉનને અને મને, તમને ખબર આપવાની અમારી ફરજ લાગે છે, કે અમારા વિચાર પ્રમાણે, અને જે સાથીઓનો અભિપ્રાય અમે જાણી શકયા છીએ તે બધાના વિચાર પ્રમાણે આ અણીને વખતે ફ્રાન્સ અને રુશિયાને મદદ કરવામાં જો આનાકાની થશે, તો તે બ્રિટનની આબરૂ અને સલામતીને માટે વિનાશક નિવડશે; અને તેટલા માટે સરકાર જે પગલાંને આવશ્યક ગણે તેને ટેકો આપવાને અમે તૈયાર છીએ"

બીજે દિવસે આઇરિશ નેશનેલિસ્ટોના આગેવાન મિ. રેડમન્ડે કહેલું:—

"આજે હું એમ માનું છું, કે જે કંઇ કસોટી અને સંકટ આ દેશને પ્રાપ્ત થશે, તેમાં આયર્લૅંડ તેના તરફ ચિંતા અને સમભાવથી વળ્યા વગર રહેશે નહીં. સરકારને હું કહું છું, કે આવતી કાલે તમે તમામ લશ્કરને આયર્લૅંડમાંથી બોલાવી શકો. તેના કિનારાનું તેના હથિયારબંધ પુત્રો પારકી ચડાઇમાંથી રક્ષણ કરશે; અને આ ઉદ્દેશની ખાતર દક્ષિણના હથિયારબંધ નેશનેલિસ્ટ કૅથલિકો ઉત્તરના હથિયારબંધ પ્રોટેસ્ટંટ અલ્સ્ટરવાસીઓ સાથે ખુશીથી સંયુક્ત થશે"

"ફિદા હુય માલો તનો જાન જાનેજાં લે લો:
હુમારી બાત મેં શક હો, તો ઇમતિહાં લે લો!"

અર્થ:—"ઓ પ્રાણના પ્રાણ! તમારા પર અમારૂં ધન, શરીર, અને જીવિત કુરબાન છે. અમારી વાતમાં કંઇ શંકા હોય, તો પરીક્ષા લઇ જુઓ."

આ રીતે આમની સભામાં ઇતિહાસમાં જવલ્લેજ દેખાયેલી એકતા પ્રગટ થઇ. ઑગસ્ટની ૪ થી તારીખે લૉર્ડ મોરલી, કાઉન્સિલનો લૉર્ડ પ્રેસિડન્ટ, અને મિ. બર્ન્સ, વેપારના બોર્ડનો પ્રમુખ, બન્ને નિવૃત્ત થયા; અને તેમની જગ્યાએ લૉર્ડ બોચામ્પ અને મિ. રન્સિમન નિમાયા. એજ વખતે કેળવણીના બોર્ડના પાલેમેન્ટરી અન્ડર-સૅક્રેટરી મિ. ટ્રેવેલિયને અને પાર્લમેન્ટમાં મજૂર પક્ષના પ્રમુખ મિ. રામસે મૅકડોનલ્ડે પણ રાજીનામાં આપ્યાં.

બધા પક્ષના રાજપુરુષોએ, પેપરોના એડિટરોએ, અને પ્રજાએ સરકારના કામમાં સરલતા કરી આપી. પણ ટીકા કરવાનું બંધ થવાથી બ્રિટનને કંઇક હાનિ પણ થઇ. ઑગસ્ટની ૮ મી તારીખે એક ઓફિશ્યલ "પ્રેસ બ્યુરો" ની સ્થાપના થયેલી; અને એવું વચન અપાયેલું, કે સાર્વજનિક હિતને હાનિ થાય તેવી સિવાયની બધી બાબતો લોકોના જાણવા માટે પ્રસિદ્ધ કરવામાં આવશે. સરકારની બધી પ્રવૃત્તિઓમાં એ "પ્રેસ બ્યુરો" ની પ્રવૃત્તિ ખરાબમાં ખરાબ નીવડી છે, એમ ઘણા માણસો માને છે. પૂરી ખબરો ન મળવાને લીધે ચિંતાતુર થયેલી પ્રજાની આગળ બ્રિટિશ વિક્રમની મોટી તારીફો કરવામાં આવેલી; અને લૉર્ડ કિચનરની અપીલનો સંતોષકારક પ્રતિધ્વનિ મળતો જાય છે, એવાં ભાષણો થયેલાં. નવા સિપાઇઓને નઠારી સ્થિતિમાં નિવાસ કરવો પડેલો, તો કહેવામાં આવેલું, કે એવા સંજોગોમાં તો બીજું શું થાય? વિયોગનાં ભત્તાં કમી મળવા અથવા બિલકુલ ન મળવા સંબંધી ફરિયાદો થયેલી, તો જવાબ મળેલો કે ફરિયાદોમાં અતિશયોક્તિ છે. આન્ટવર્પની ચડાઇ સંબંધી હકીકત જાહેર કરવાની સગવડ નથી, પણ સરકાર કશું ખોટું કરેજ નહીં!

"રમુઝ મમલિકત અપની હી બાદશાહ જાને:
બુરા ભી ગર નઝર આએ હમેં ભલા માને!"

અર્થ:—"પોતાના રાજ્યની માર્મિક વાતો રાજાઓ સમજે. અમને કદાચ કંઇ ભૂંડું દેખાય, તોપણ તે ભલું માનવું જોઇએ."

હકીકતો ગુપ્ત રાખવાની રાજનીતિથી હાનિ થઇ છે, એટલું નિર્વિવાદ છે. જે દેશોમાં સાર્વત્રિક સાંગ્રામિક સેવાનો કાયદો છે, તેમની પદ્ધતિ પર તેનો આધાર હશે. પણ ઇંગ્લંડની પ્રકૃતિ જૂદા પ્રકારની છે. સરકારે જાણવું જોઇતું હતું, કે દેશ કંઇ બાળકોનો બનેલો નથી, પણ ગંભીર પુરુષો અને સ્ત્રીઓનો બનેલો છે, કે જેઓ સ્વાર્પણની જરૂર તેમને સમજાવવામાં આવે, તો ગમે તેટલું સ્વાર્પણ કરવાને તૈયાર છે.

"રાઝી હુંય હમ ઉસીમેં જો કુછ દિલરૂબા કરે:
ચાહે જફાએ જોર કરે, યા વફા કરે!"

અર્થ:—"અમારો મનહર માશુક જે કરે તેમાં અમે રાજી છીએ ગમે તો અમારા પર સંકટો નાંખે, અથવા અમને નવાજે."

થોડા વખત પછી કેટલાક ખાનગી માણસોના પ્રયત્નોને લીધે કેટલાંક અપ્રિય સત્યો પ્રજા પાસે જાહેર થવા માંડ્યાં. પહેલી વાત એ આવી, કે લૉર્ડ કિચનની અપીલને માન આપીને જે હજારો માણસો સિપાઇ તરીકે નામ નોંધાવવા આવે છે, તેમને લશ્કરી અધિકારીઓ પહોંચી વળવાને શક્તિમાન નથી. સ્વીકારવામાં આવેલાઓને રાખવાનું કે સાધનસંપન્ન કરવાનું બરાબર

ઠેકાણું નહોતું; અને નોંધણીની ક્રિયાજ એટલી મુશ્કેલીઓથી ભરેલી હતી, કે તેથી લોકોને ઉત્તેજન મળવાને બદલે કંટાળો આવે. પહેલેથી કશી યોજના ન હોવાને લીધે દાખલ કરનારા અમલદારોને લબડધક્કે કામ લેવું પડેલું. છતાં, લૉર્ડ કિચનરે માગેલા ૧૯ અને ૩૦ વચ્ચેના પહેલા લાખ માણસો આવવામાં બહુ વાર લાગેલી નહીં.

એક મહિનો પૂરો નહોતો થયો, ત્યાં તો લૉર્ડ કિચનરે બીજા લાખ માણસ માગ્યા, અને ઉમરની હદ ૩૫ સુધી ચડાવી. એ વખતે આખા દેશમાંથી બધા મળીને ૩૦,૦૦૦ માણસો દર અઠવાડિયે દાખલ થાય છે, એમ કહેવાતું હતું. સપ્ટેંબરની ૧૦ મી તારીખે મિ. એસ્કિવથે જાહેર કરેલું, કે ૪૩૮,૦૦૦ નવા સિપાઇઓ નોંધાઇ ચૂકયા છે. પણ ઑકટોબરની આખર સુધીમાં નોંધાનારાઓની સંખ્યા દરરોજ ઓછી આવવા લાગી. આમ થવામાં સરકારનો પોતાનો કેટલો વાંક હતો એ સમજવું મુશ્કેલ નથી.

વિગ્રહ શરૂ થયાને પાંચ મહિના થયા, ત્યાં કારખાનાંઓમાં મુશ્કેલીઓ દેખાવા લાગી. અનાજના અને બીજી કેટલીક વસ્તુઓના ભાવ ઘણા ચડી ગયા હતા. લોકો બડબડવા લાગેલા, કારણકે તેમને ખાતરી હતી, કે સરકારે જો વધારે સારી વ્યવસ્થા કરી હોત, તો કેટલીક મુશ્કેલીઓ ન આવત.

"એક હમ હુંય ઔર હઝારોં આફતેં:
જાન કિસ કિસ સે બચાએં, યા ખુદા?"

અર્થ:—"અમે એક ને સંકટો હજારો છે. હે પ્રભુ! કયા કયા દુઃખથી અમારા પ્રાણને અમે ઉગારીએ?"

ઘણાને એમ પણ લાગેલું, કે માલેકો ઘણો મોટો નફો મેળવે છે, અને કામ કરનારાઓને પુરતો હિસ્સો મળતો નથી. રેલવેના કામ કરનારાઓએ માગણી કરી, કે વિગ્રહના બદલામાં દરેકને અઠવાડિયે પાંચ શિલિંગનો વધારો મળવો જોઇએ. સમાધાનમાં એમ ઠરેલું, કે જેમને અઠવાડિયે ૩૦ શિલિંગથી ઓછું મળતું હશે તેમને ત્રણ શિલિંગ વધારે મળશે, અને જેમને ૩૦ શિલિંગ અથવા વધારે મળતું હશે તેમને બે શિલિંગ વધારે મળશે. પછીના મહિનાઓમાં કામદાર વર્ગનાં કૃત્યોનો ઇતિહાસ ખેદકારક છે. વસ્તુઓના ભાવો ચડી જવાથી તેઓ વધારે મુસારા માગતા થયેલા, એમાં તો કશું ખોટું નહોતું; ખોટું એજ હતું, કે એવા સવાલોનો ફડચો કરવાને સરકારની પાસે કશી વિચારપૂર્વક ઘડેલી યોજનાઓ નહોતી.

ક્લાઇડ ઉપર એંજીનિયરોએ એક વાર હડતાળ પાડી. સરકારને વચ્ચે પડવું પડ્યું; અને માણસોને તરત કામ શરૂ કરવાનો હુકમ થયો. ફેબ્રુઆરીની ૨૮ મી તારીખે મિ. લૉઇડ જ્યોર્જે બેંગોર ખાતે એક ભાષણ કરીને જણાવ્યું, કે "આપણે એવી રીતે વિગ્રહ ચલાવીએ

The Royal Bulgarian Sphinx
KING FERDINAND

બલ્ગેરિયાના રાજા ફર્દિનંદ.

Consort of the Bulgarian King
QUEEN ELEONORA

બલ્ગેરિયાની રાણી એલીઓનોરા.

ઠેકાણું નહોતું; અને નોંધણીની ક્રિયાજ એટલી મુશ્કેલીઓથી ભરેલી હતી, કે તેથી લોકોને ઉત્તેજન મળવાને બદલે કંટાળો આવે. પહેલેથી કશી યોજના ન હોવાને લીધે દાખલ કરનારા અમલદારોને લબડધક્કે કામ લેવું પડેલું. છતાં, લૉર્ડ કિચનરે માગેલા ૧૯ અને ૩૦ વચ્ચેના પહેલા લાખ માણસો આવવામાં બહુ વાર લાગેલી નહીં.

એક મહિનો પૂરો નહોતો થયો, ત્યાં તો લૉર્ડ કિચનરે બીજા લાખ માણસ માગ્યા, અને ઉમરની હદ ૩૫ સુધી ચડાવી. એ વખતે આખા દેશમાંથી બધા મળીને ૩૦,૦૦૦ માણસો દર અઠવાડિયે દાખલ થાય છે, એમ કહેવાતું હતું. સપ્ટેંબરની ૧૦ મી તારીખે મિ. એસ્કિવથે જાહેર કરેલું, કે ૪૩૮,૦૦૦ નવા સિપાઇઓ નોંધાઇ ચૂક્યા છે. પણ ઑકટોબરની આખર સુધીમાં નોંધાનારાઓની સંખ્યા દરરોજ ઓછી આવવા લાગી. આમ થવામાં સરકારનો પોતાનો કેટલો વાંક હતો એ સમજવું મુશ્કેલ નથી.

વિગ્રહ શરૂ થયાને પાંચ મહિના થયા, ત્યાં કારખાનાંઓમાં મુશ્કેલીઓ દેખાવા લાગી. અનાજના અને બીજી કેટલીક વસ્તુઓના ભાવ ઘણા ચડી ગયા હતા. લોકો બડબડવા લાગેલા, કારણકે તેમને ખાતરી હતી, કે સરકારે જો વધારે સારી વ્યવસ્થા કરી હોત, તો કેટલીક મુશ્કેલીઓ ન આવત.

"એક હમ હૂંય ઔર હઝારોં આફતેં:
જાન કિસ કિસ સે બચાએં, યા ખુદા?"

અર્થઃ—"અમે એક ને સંકટો હજારો છે. હે પ્રભુ! કયા કયા દુઃખથી અમારા પ્રાણને અમે ઉગારીએ?"

ઘણાને એમ પણ લાગેલું, કે માલેકો ઘણો મોટો નફો મેળવે છે, અને કામ કરનારાઓને પુરતો હિસ્સો મળતો નથી. રેલવેના કામ કરનારાઓએ માગણી કરી, કે વિગ્રહના બદલામાં દરેકને અઠવાડિયે પાંચ શિલિંગનો વધારો મળવો જોઇએ. સમાધાનમાં એમ ઠરેલું, કે જેમને અઠવાડિયે ૩૦ શિલિંગથી ઓછું મળતું હશે તેમને ત્રણ શિલિંગ વધારે મળશે, અને જેમને ૩૦ શિલિંગ અથવા વધારે મળતું હશે તેમને બે શિલિંગ વધારે મળશે. પછીના મહિનાઓમાં કામદાર વર્ગનાં કૃત્યોનો ઇતિહાસ ખેદકારક છે. વસ્તુઓના ભાવો ચડી જવાથી તેઓ વધારે મુસારા માગતા થયેલા, એમાં તો કશું ખોટું નહોતું; ખોટું એજ હતું, કે એવા સવાલોનો ફેંસલો કરવાને સરકારની પાસે કશી વિચારપૂર્વક ઘડેલી યોજનાઓ નહોતી.

કલાઇડ ઉપર એંજીનિયરોએ એક વાર હડતાળ પાડી. સરકારને વચ્ચે પડવું પડ્યું; અને માણસોને તરત કામ શરૂ કરવાનો હુકમ થયો. ફેબ્રુઆરીની ૨૮ મી તારીખે મિ. લૉઇડ જ્યોર્જે બેંગોર ખાતે એક ભાષણ કરીને જણાવ્યું, કે "આપણે એવી રીતે વિગ્રહ ચલાવીએ

The Royal Bulgarian Sphinx
KING FERDINAND.

બલ્ગેરિયાના રાજા ફર્દિનંદ.

Consort of the Bulgarian King·
QUEEN ELEONORA

બલ્ગેરિયાની રાણી એલીઓનોરા.

છીએ, કે જાણે વિગ્રહ હોયજ નહીં;" અને બતાવી આપ્યું, કે કલાકે એક ફાર્ધિંગની ખાતર બ્રિટનનું જીવન જોખમમાં નંખાય એ અસહ્ય છે. તેણે કહેલું:—

"કોઇ પણ દેશમાં અને કોઇ પણ સદીમાં થયું ન હોય તેવું રાજીખુશીથી લડનારાઓનું મોટામાં મોટું લશ્કર આપણે તૈયાર કર્યું છે, અને હજી તે વધારે મોટું થવાનું છે. એ લશ્કરનો એક સરસ દાખલો આજ સ્હવારે મેં લેન્ડડનોમાં જોયેલ છે. ત્યાં એક ઉપાસનામાં હું હાજર હતો, અને મને લાગે છે કે એવી ભેદક ઉપાસનામાં ભાગ લેવાનું મને કોઇજ વાર પ્રાપ્ત થયું છે. તેમાં દરેક વર્ગના, દરેક પદવીના, દરેક ધંધાના અને દરેક સ્થિતિના માણસો હતા. ખેડુતો હળ છોડીને આવ્યા હતા, મજૂરો ખરાદ અને સાળ છોડીને, કારકૂનો મેજ છોડીને, વેપારીઓ હિસાબો છોડીને, ભરવાડો ટેકરીઓને તથા ખાણુ ખોદનારાઓ અંધારૂં છોડીને, તવંગરો પોતાના મ્હેલોને તથા ગરીબો પોતાનાં ઝૂંપડાંઓને મૂકીને ત્યાં એકઠા થયા હતા."

"સબ કામકાજ છોડકે તેરી જનાબમેં,
બંદે તેરે બહાલ તબાહ આએ હેંય, ખુદા!"

અર્થ:—"ઓ પ્રભુ! તારા સેવકો પોતાનાં તમામ કામ પડતાં મૂકીને તારા દરબારમાં વેરાગીને વેષે આવ્યા છે."

આ સંપનું ચિત્ર આપ્યા પછી મિ. લૉઇડ જ્યોર્જે બીજું ચિત્ર બતાવેલું, કે જેમાં કલાઇડ ઉપર કજિયો થવાથી દેશના બચવાનું આવશ્યક કામ પંદર દિવસ સુધી પડયું રહ્યું હતું. તેણે પૂછેલું, કે આવી બાબતો બંધ કેમ કરવી?

"શેઠિયાઓ કહેશે, કે 'શું અમારેજ હમેશાં આગ્રહ છોડી દેવો?' મજૂરો કહે છે, કે 'શેઠિયાઓ દેશની જરૂરમાંથી મોટી દોલત એકઠી કરે છે, તો એ લૂટમાં અમને ભાગ કેમ ન મળે? અમે અગાઉના કરતાં વધારે સખ્ત કામ કરીએ છીએ.' હું એટલુંજ કહી શકું છું, કે જો તેઓ વધારે સખ્ત કામ કરતા હોય, તો તેમનો પોતાના હિસ્સા ઉપર હક છે. પણ એ સવાલ નથી—કોણ સાચા છે? કોણ ખોટા છે? તેઓ બંને ખોટા છે.

"અપના મતલબ દેખતે હેંયગે બખાબ:
બિર્ઝગર બારાં વ ગાઝર આફતાબ!"

અર્થ:—"દરેક જણ પોતાની મતલબનું સ્વપ્નું જુએ છે. ખેડુત વરસાદ જુએ છે, અને ધોબી તડકો જુએ છે."

"બલાત્કારે સમાધાન કરાવવાના પક્ષમાં ઘણું કહી શકાય તેમ છે, અને ઘણું વધારે વિરુદ્ધ કહી શકાય તેમ પણ છે; છતાં વિગ્રહના વખતમાં આવા બધા કજિયા પતાવવાની સરકારને સત્તા

હોવી જોઇએ, અને કામ આગળ ચલાવવું જોઇએ. કામદારને વધારે મળવું જોઇએ. બહુ સારૂં, સરકાર તે શોધી કાઢે અને તેને આપે. જો તેને વધારે ન મળવું જોઇએ, તો તેણે પોતાનાં હથિયાર ફેંકી દેવાં ન જોઇએ. દેશને તે પરવડે તેમ નથી. એ તો આફત છે, અને હું એમ નથી માનતો, કે કામદારો અને શેઠિયાઓ જ્યારે એ સ્થિતિ બરાબર સમજશે, ત્યારે સરકારની આગ્રહી માગણીની તેઓ ના પાડશે. બિલકુલ વિલંબ ઉચિત નથી. * * * આ વિગ્રહ મુખ્યત્વે કરીને બેલ્જિયમ અને પોલાંડનાં રણક્ષેત્રો પર લડવાનો નથી. ફ્રાન્સ અને ગ્રેટ બ્રિટનનાં કારખાનાંમાં પણ તે લડવાનો છે."

આવાં સંબોધનોથી કંઇ ઘણી અસર થયેલી નહીં. થોડા દિવસ સુધી પોતાની સ્વતંત્રતા બતાવીને માણસો પાછા કામે વળગ્યા ખરા; પણ દેશના બીજા ભાગોમાં હડતાળો પડતી રહી.

માર્ચની ૯ મી તારીખે મિ. લૉઇડ જ્યોર્જે રાજ્યના રક્ષણ માટે એક નવું બિલ રજુ કર્યું. લડાઇના કામની વસ્તુઓ જ્યાં બનતી હતી તે કારખાનાં કબજે લેવાની સત્તા તો સરકારે ક્યારની મેળવી હતી. હવે જે કારખાનાંમાં એ વસ્તુઓ બનાવી શકાય તેવાંનો કબજો લેવાની સત્તા માગવામાં આવી. એ દરખાસ્તની કોઇ સામે થયેલ નહીં; પણ સરકારે એ પગલું છ મહિના પહેલાં શા માટે ભર્યું નહીં હોય, એ વિચારથી ઘણાને આશ્ચર્ય થયેલું.

ફેબ્રુઆરીની ૪ થી તારીખે સરકારી કારખાનાંઓમાંથી વધારેમાં વધારે ઉત્પન્ન શી રીતે થાય, તે સંબંધી રિપોર્ટ કરવાને એક કમિટી નિમાઇ હતી. ફેબ્રુઆરીની ૨૦ મી તારીખે એ કમિટીએ રિપોર્ટ કર્યો, કે વિગ્રહખાતાની તેમજ નૌકાની ઓફિસ તરફથી તેમને જણાવવામાં આવે છે, કે દારૂગોળાની ખામી છે, અને તે વધારે લાગતી જશે. માર્ચની ૧ લી તારીખે મિ. બોનર લૉએ પહેલવહેલી શંકા બતાવેલી, કે દારૂગોળાની બાબતમાં સરકાર બનતી બધી તજવીજ કરે છે કે કેમ? ખરી સ્થિતિ સંબંધી કશો પુરાવો આમની સભાની આગળ કે દેશની આગળ મૂકવામાં આવેલો નહીં. દેશે સરકાર ઉપર વિશ્વાસ રાખ્યા કર્યો; અને સરકારે સાચી વાત છુપાવ્યા કરી.

માર્ચની ૧૫ મી તારીખે પાર્લમેન્ટની બીજી બેઠક પછી પહેલીજ વાર લૉર્ડ કિચનરે અમીરોની સભામાં હાજરી આપી; અને એક ગંભીર તથા મહત્ત્વનું ભાષણ કર્યું. વિગ્રહ પછીનાં ભાષણોમાં પહેલીજ વાર ત્યારે તેણે બતાવ્યું, કે વિજય માટે માણસોની છત માત્ર બસ નથી. લડાઇનાં સાહિત્યો પર તેણે ઘણો ભાર મૂક્યો; અને ચાલુ સંચાઓનો શ્રેષ્ઠ ઉપયોગ કરવાની કેટલી બધી જરૂર છે તે સમજાવ્યું. દુનિયાના જે જૂદા જૂદા ભાગોમાં લડાઇ ચાલે છે ત્યાં દારૂગોળા વગેરે લડાઇનાં આવશ્યક સાહિત્યો વગર કેટલી હાનિ થાય છે, અને વાર લાગે છે, તે જણાવતાં તેણે કહેલું, કેઃ—

(આ મહત્ત્વનો ઇતિહાસ આવતા અંકમાં પૂરો કરવામાં આવશે.)

લડાઇના તાર.

—:o:—

સામાન્ય સ્થિતિ.

પૂર્વ અને પશ્ચિમનાં રણક્ષેત્રો ઉપર ખાસ જાણવા જેવું કશું બન્યું નથી. પણ સર્બિયાનો ઘણો ભાગ ઑસ્ટ્રો-જર્મનોના હાથમાં પડી ચૂકયો છે. બર્લિન અને કૉન્સ્ટન્ટિનોપલ વચ્ચે સીધો વ્યવહાર થઇ શકે એવી સ્થિતિ આવી ચૂકી છે. છતાં મિત્ર રાજ્યો પ્રબળ પ્રયત્ન કરી રહેલ છે. બાજી રસમાં આવી છે.

સર્બિયન સરકાર.

પારિસ, ૨૫ મી નવેમ્બર.

પ્રિઝરેન્ડથી એક ઓફિશ્યલ તારમાં જણાવવામાં આવે છે, કે સર્બિયન સરકાર પોતાનો મુકામ સ્કુટારી લઇ ગયેલ છે.

સર્બિયાને ત્સારનું વચન.

લંડન, ૨૬ મી નવેમ્બર.

સાલોનિકાથી ખબર આવે છે, કે નામદાર ત્સારે પોતે સર્બિયાના મુખ્ય પ્રધાનને તારથી જણાવ્યું છે, કે એક સપ્તાહ પછી રુશિયન લશ્કર બલ્ગેરિયામાં દાખલ થશે. ઇટલીએ પણ ૪૦,૦૦૦ માણસોની મદદ આપવાનું વચન દીધેલ છે.

લૉર્ડ કિચનરનો પ્રવાસ.

રોમ, ૨૬ મી નવેમ્બર.

લૉર્ડ કિચનર અહીં આવી પહોંચેલ છે. પ્રજા તરફથી અને અમલદારો તરફથી તેને પુષ્કળ માન મળેલ છે. લૉર્ડ કિચનર અને બ્રિટિશ એલચી સર રેનેલ રૉડ સેન્યોર સાલાંદ્રાની અને બેરન સોન્નિનોની સાથે વાતચિત કરેલ છે.

રોમ, ૨૭ મી નવેમ્બર.

લૉર્ડ કિચનર સાંજના ઇટાલિયન મોખરા તરફ જનરલ કેડોર્નાની અને રાજા વ્હિકટર ઇમેન્યુઅલની સાથે વાતચિત કરવાને ઉપડી ગયેલ છે.

સર્બિયાની દશા.

લંડન, ૨૮ મી નવેમ્બર.

ઍથન્સથી તાર આવે છે, કે સર્બિયન મુખ્ય લશ્કર આલ્બેનિયાની સરહદ પાસે સમાંતર સ્થાન પકડીને પડ્યું છે; અને ઇટાલીયનો સાથે સંબંધ બંધાયો છે.

મોનેસ્ટિરનું સંકટ.

સાલોનિકા, ૨૯ મી નવેમ્બર.

મોનેસ્ટિરની સ્થિતિ વિષમ છે. સિવિલ અમલદારો શહેરને છોડીને ગયા છે, પણ કર્નલ વેસિચ્ચનો નિશ્ચય છે, કે શહેરનો છેવટ સુધી બચાવ કરવો.

સાલોનિકા, ૩૦ મી નવેમ્બર.

સિવિલિયનો મોનેસ્ટિર છોડી ગયા છે, પણ બલ્ગેરિયનોએ કબજે લીધાની વાત હજી આવી નથી. બાલ્કનમાં બરફ પડવા માંડ્યો છે.

લૉર્ડ કિચનર.

પારિસ, ૩૦ મી નવેમ્બર.

પ્રેસિડન્ટ પ્વાંકારે આજ સ્હવારે લૉર્ડ કિચનરની મુલાકાત લીધી છે. મોશ્યૉ બ્રાયન્ડની સાથે પણ તેને લાંબી ગોફ્તેગો થયેલી છે.

લંડન, ૩૦ મી નવેમ્બર.

લૉર્ડ કિચનર લંડનમાં આવી પહોંચેલ છે.

કૈસર વ્હિયેનામાં.

આમ્સ્ટર્ડામ, ૩૦ મી નવેમ્બર.

ઓફિશ્યલી ખબર આપવામાં આવે છે, કે કૈસર ગઇ કાલે શહેનશાહ ફ્રાન્સિસ જોસફને મળવા માટે વ્હિયેના ખાતે આવી પહોંચેલ છે. વિગ્રહ શરૂ થયા પછી તેઓ પહેલીજ વાર મળે છે. સાંઝે તો તે પાછો ઉપડી ગયેલ છે.

ઑસ્ટ્રિયામાં રાજકીય ફેરફારો.

આમ્સ્ટર્ડામ, ૧ લી ડીસેમ્બર.

વ્હિયેનામાં જણાવવામાં આવે છે, કે દેશ, વેપાર, અને નાણાં ખાતાના પ્રધાનોએ રાજીનામાં આપ્યાં છે. જર્મન પક્ષના બીજાઓ નિમાયા છે.

કાનડામાં દારૂગોળો.

ઓટ્ટાવા, ૧ લી ડીસેમ્બર.

કાનડામાં ૩૨૦ પેઢીઓ દારૂગોળો બનાવે છે; અને તેમાં ૧૦૦,૦૦૦ કુશળ કારીગરો રોકાયલા છે.

બ્રિટનને થયેલી હાનિ.

લંડન, ૨૭ ડીસેમ્બર.

મિ. એસ્કિવથે લખીને જણાવ્યું છે, કે નવેમ્બરની ૯ મી તારીખ સુધીમાં લશ્કરમાં અને નૌકામાં મળીને બ્રિટનને કુલ હાનિ ૫૧૦,૨૩૦ માણસોની થઇ છે.

મિ. રૂઝવેલ્ટનો તિરસ્કાર.

ન્યૂ યૉર્ક, ૨૭ ડીસેમ્બર.

આર્મીનિયનોનાં ખૂનો સંબંધી પુકાર ઉઠાવવાની એક સભામાં હાજર રહેવાની ના પાડતાં મિ. રૂઝવેલ્ટે લખ્યું છે, કે "જે પ્રજા એટલી બીકણ છે, કે પોતાના નાગરિકોને પણ ખૂન અને બેઆબરૂમાંથી બચાવી શકતી નથી, તે આર્મીનિયનો સંબંધી પુકાર ઉઠાવશે તો કોણ સાંભળશે?"

નિવેદન.

આજના અંકની સાથે બલ્ગેરિયાનાં રાજારાણીનો એક સંયુક્ત ફોટોગ્રાફ અમે અમારા વાંચનારાઓને ભેટ આપીએ છીએ.

ભાવનગર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૧૪મી ડીસેમ્બર, ૧૯૧૫. [અંક ૨.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વેહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૧૪ મી ડીસેમ્બર ૧૯૧૫.

બ્રિટનનું સંયુક્ત પ્રધાનમંડળ.

(ગયા અંકથી ચાલુ.)

"કમનસીબે આપણને એવો અનુભવ થયો છે, કે પેદાશ આપણી જરૂરો જેટલી થતી નથી, એટલુંજ નહીં, પણ આપણી ધારણા જેટલી સુદ્ધાં થતી નથી. * * * હું એટલુંજ કહી શકું છું, કે લડાઇનાં સાહિત્યોની અત્યારે અને હવે પછી બે ત્રણ મહિના સુધી કેમ ભરતી કરવી, એ બાબત મને ગંભીર ચિંતા રહ્યા કરે છે; અને આ સાહિત્યોના તમામ બનાવનારાઓને એવું ભાન થાય એમ હું ચાહું છું, કે દારૂગોળા વગેરેની જે ખોટ ભરવી બાકી હોય તે તાકીદે ભરી દેવાની જરૂર છે, એટલુંજ નહીં, પણ દરેક પ્રકારના દારૂગોળાનું ઉત્પન્ન અતિશય મહત્ત્વનું છે, અને રણક્ષેત્ર પર આપણે જે કંઇ કરી શકશું તેનો તેના પર ઘણો આધાર છે."

કામ ઓછું થવાનાં કેટલાંક કારણો ગણાવવામાં આવેલાં; પણ સરકારની કામ કરવાની પદ્ધતિમાં કંઇ ખામીની સૂચના થયેલી નહીં. હકીકત એ હતી, કે સરકારે અત્યાર સુધી માત્ર દારૂગોળો બનાવનાર મોટી પેઢીઓને મોટા હુકમો આપી દીધા હતા; અને તે કેવી રીતે વ્યવસ્થા કરે છે તે જોવાની દરકાર કરી નહોતી. બીજા બનાવનારાઓ પણ મદદ કરવાને ઉત્સુક હતા, અને પેપરોમાં તેમની ફરિયાદો સુદ્ધાં આવેલી. પણ પ્રયાસો કરવા છતાં તેમને કશી સૂચના કે કશા હુકમો મળેલા નહીં. એટલે દારૂગોળાની કંઇ બહુ તંગી નહીં હોય, એવી સમજ ધીમે ધીમે પ્રસરવા માંડેલી.

૧૯૧૫ ના એપ્રિલની ૭ મી તારીખે દારૂગોળાનું ઉત્પન્ન જોઇતા પ્રમાણમાં કરવા સારૂ વિગ્રહ-ખાતાની ઓફિસની એક કમિટી નીમવામાં આવી છે, એમ જાહેર થયું. એક મહિનાના વિલંબ પછી આ જાહેરાતથી લોકોને નિરાશા થઇ. મિ. બૂથ કરીને એક વહાણોનો માલેક એ કમિટીમાં હતો, અને એ બહુ ઊંચું કામ કરી શકે એવો માણસ નહોતો, તેથી એ નિરાશા થયેલી નહીં; પણ એટલા માટે કે કામકાજ હજી જૂના ચીલાઓમાંજ ચાલ્યા કરે છે એવું તે ઉપરથી દેખાઇ આવ્યું. બૂથકમિટીથી કંઇ મુશ્કેલીનો નિકાલ થયો નહીં. એટલુંજ થયું, કે લૉર્ડ કિચનરને માટે જેમ માણસોની ભરતી થતી હતી, તેમ દારૂગોળાનાં કારખાનાંમાં માણસોની ભરતી કરવાની એક એજન્સી ઉઘડી.

ઇસ્ટરના તહેવારોમાં પાર્લમેન્ટ બંધ રહી, તે અરસામાં વળી એક નવી લડત ઉપાડવામાં આવી. મહાજનમંડળોના પ્રતિનિધિઓ સાથેના એક સંભાષણમાં મિ. લૉઇડ જ્યોર્જે માર્ચની ૧૭ મી તારીખે જણાવ્યું, કે સરકારી દેખરેખ નીચે ચાલતાં કારખાનાંઓમાં નફા ઉપર અંકુશ મૂકવાનો પોતાનો ઇરાદો છે, અને તેના બદલામાં કામદારોએ કામ બંધ કરવાનું મોકુફ રાખવું જોઇએ, અને જે કંઇ નિયમો ઉત્પન્નમાં આડે આવતા હોય તે બાજુએ મૂકવા જોઇએ. પણ તેણે વધારે ભાર એ વાત પર મૂક્યો, કે નૌકાખાતાની અને વિગ્રહખાતાની ઑફિસો તરફથી પોતાને એવી ખબર મળી છે, કે કેટલાક ભાગમાં કામદારો અતિશય દારૂ પીતા હોવાથી કામમાં નડતર થાય છે. એ પાછલી વાત આખા દેશે ઉપાડી લીધી, અને થોડી વાર એમ લાગ્યું કે દારૂજ બધી મુશ્કેલીઓનું કારણ છે. મિ. લૉઇડ જ્યોર્જે પોતે એટલે સુધી કહેલું, કે "બધી જર્મન સબમરીનો આપણને જેટલું નુકસાન કરે છે, તે કરતાં દારૂ વિગ્રહમાં વધારે નુકસાન કરે છે;" અને "આપણે જર્મની, ઑસ્ટ્રિયા, તથા દારૂની સામે લડીએ છીએ: અને હું તો એમ જોઇ શકું છું કે આ ત્રણ ભયંકર દુશ્મનોમાં દારૂ સર્વથી મોટો છે." લોકોના કલ્યાણને માટે ન્હાની બાબતોમાં પણ સ્વાર્પણ કરવાને સદા તૈયાર શહેનશાહ રાજાજીએ માર્ચની ૩૦ મી તારીખે લખ્યું, કે "જો એમ કરવું ઠીક લાગતું હોય, તો હું તમામ દારૂ છોડી દઇને તથા મારા કુટુંબમાં તે વાપરવાની મના કરીને દાખલો બેસાડવા તૈયાર છું." એપ્રિલની ૬ઠ્ઠી તારીખે રાજાજીએ એ હુકમો કાઢ્યા, અને દેશમાંથી તથા શહેનશાહતમાંથી ઘણાએ તેનો પ્રતિધ્વનિ આપ્યો. થોડા વખત સુધી એવું લાગ્યું, કે જાણે દારૂની બિલકુલ મના કરવાની દિશામાં સખ્ત કાયદો કરવાનો સરકાર વિચાર કરતી હોય.

"ધિ ટાઇમ્સ" પત્રે આ વખતે સ્મરણ આપ્યું, કે દારૂની લડતમાં મૂળ સવાલ ભૂલાઇ જવાય છે. દારૂગોળાનું ઉત્પન્ન બલાત્કારે સંયમ શિખવવાથી વધવાનું નથી; પણ તે માટે લડાઇ સંબંધી કામની નવેસરથી વ્યવસ્થા કરવાની જરૂર છે. પ્રજાનાં બધાં સાધનોનો પૂરેપૂરો ઉપયોગ કરવાનો પ્રયત્ન થયેલોજ નથી. સરકારી કામ માટે રોકેલાં કારખાનાંને ગજા ઉપરાંત કામ કરવું પડ્યું છે, પણ બીજાં જે ઉપયોગી થઇ શકયાં હોત તેવાંઓની અવગણના કરવામાં આવી છે. વખતનો વ્યય અને શિથિલતા કંઇ અંશે દારૂને લીધે થયેલ ગણી શકાય: પણ ઘણે વધારે અંશે તે ગજા ઉપરાંત મહેનતને લીધે અને થાકને લીધે થયેલાં એમાં કશો શક નથી. દેશને દારૂગોળો ઓછો મળવાનું મુખ્ય કારણ દારૂનું હતુંજ નહીં. ખરો ઉપાય વિગ્રહખાતાની ઑફિસને સુધારવાનો હતો. લડાઇ સંબંધી ઉત્પન્નો પર સિપાઇઓજ અંકુશ રાખી શકે, એ ચાલી આવેલી પરંપરાને તોડવાની જરૂર હતી.

થોડા દિવસ પછી એક બીજું પગલું લેવાયું. એક નવી કમિટી નિમાઇ, જેમાં મિ. લૉઇડ જ્યોર્જ પ્રમુખ થયો, અને તેમાં નૌકાખાતાના, વિગ્રહખાતાના, તિજોરીના અને વેપારના બોર્ડના તથા બીજા પ્રતિનિધિઓ દાખલ થયા. કમિટીએ પહેલું કામ એ કર્યું, કે કરવાનું કેટલું છે તે ચોકસ કર્યું; અને બીજું એ, કે દરેક ઉપયોગમાં લઇ શકાય એવા કારખાનાને ઉપયોગમાં

લેવાનું ઠરાવ્યું. આ યોજનાથી મુખ્ય લાભ એ થયો, કે વિગ્રહખાતાની ઑફિસને નવાં લશ્કરો તૈયાર કરવાનું મોટું અને વિકટ કામજ કરવાનું રહ્યું. પણ એટલું જોખમ રહ્યું, કે સરકાર માત્ર કમિટીઓ નીમીને પોતાનું કર્તવ્ય કર્યું એમ કદાચ માની લે. દેશને લડાઇ સંબંધી સત્ય જણાવવાની પણ એટલીજ જરૂર હતી.

૧૪ મી મે સુધી ખરી હકીકત બહાર આવેલી નહીં. તે દિવસે "ધિ ટાઇમ્સ"ના સાંગ્રામિક ખબરપત્રીએ સ્પષ્ટ કર્યું, કે ફ્રોમેલીસ અને રિશબર્ગના પ્રદેશોમાં બ્રિટિશ હુમલાઓ નિષ્ફળ થવાનું કારણ એ હતું, કે પુરતો દારૂગોળો નહોતો. લોકોને છેવટે સ્પષ્ટ ભાન થયું, કે દારૂગોળાના ઉત્પન્નનો સવાલ બીજા બધાના કરતાં વધારે મહત્ત્વનો છે. લશ્કરની પાસે દરેક પ્રકારના દારૂગોળાની ઊણપ હતી, અને ખાસ કરીને જે પ્રકારના ગોળાઓ હાથમાં લીધેલા કામને માટે આવશ્યક હતા તેની ખોટ હતી. સરકારને સાવચેતી તો કયારની મળી ચૂકી હતી. છેક માર્ચની ૨૨ મી તારીખે સર જૉન ફ્રેંચે જણાવ્યું હતું, કે વિગ્રહનો સવાલ પ્રમાણમાં સરલ છે—"દારૂગોળો, વધારે દારૂગોળો, હમેશાં વધારે દારૂગોળો. એ આવશ્યક છે, એથીજ આગળ ચાલી શકાશે, એથીજ ધસારો થઇ શકશે." એપ્રિલની ૫ મી તારીખે નવ શાપેલની લડાઇ સંબંધી લખતાં પણ તેણે એજ વાત ઉપર ભાર મૂકયો હતો. છતાં "ધિ ટાઇમ્સ"ના ખબરપત્રીનું લખાણ પ્રગટ થયા પછી ત્રણ દિવસ સુધી કલાઇડ ઉપર સંચાઓ અને માણસો કશું કરતાં નહોતાં; કારણકે મહાજનના અંકુશો દૂર થયા કહેવાતા હતા, પણ દૂર થયા નહોતા.

દારૂગોળાની કમિટી અને બીજી કેટલીક સ્થાનિક કમિટીઓ નિમાયા પછી પ્રધાનોનાં ભાષણોમાં કેટલીક વિલક્ષણ અસંગતિઓ જાહેર થઇ. એપ્રિલની ૨૦ મી તારીખે મિ. એસ્કિવથે ન્યુકેસલમાં દારૂગોળા બનાવનારાઓને એક સંબોધન કરેલું. તેનું ભાષણ આશ્વાસનોથી ભરેલું હતું; દારૂ સંબંધી એક શબ્દ પણ તેમાં નહોતો. સરકારની શિથિલતાના આરોપ સામે તેણે બચાવ કરેલો; અને માર્ચની ૧૫ મીએ અમીરોની સભામાં લૉર્ડ કિચનરે જે કહેલું તે ભૂલી જઇને જણાવેલું, કે દારૂગોળાની ખામીને લીધે લશ્કરના કામમાં અંતરાય આવે છે, એવી ફરિયાદમાં બિલકુલ સત્ય નથી ! છતાં આમની સભામાં મિ. લૉઇડ જ્યોર્જે કબૂલ કરેલું, કે દારૂગોળો કેટલો જોઇશે, અને કઇ જાતનો વધારે જોઇશે, તે સંબંધમાં વિગ્રહખાતાની ઑફિસને બરાબર કલ્પના આવેલી નહીં. લોકો આ બધી વાતોમાંથી કઇ માનવી તેનો વિચાર કરતા હતા, ત્યાં મિ. લૉઇડ જ્યોર્જે દારૂગોળા બનાવનારાઓના મદ્યપાનથી થતી હાનિ દૂર કરવાને કેટલીક દરખાસ્તો કાઢી. "સ્પિરિટો" ઉપરની જગાત બમણી થવી જોઇએ. દ્રાક્ષાસવો ઉપરની જગાત ચારગણી થવી જોઇએ. લડાઇના વખતમાં અમુક અમુક પ્રદેશોમાં પીઠાંઓ ઉપર અંકુશ મૂકવાની અથવા તે બંધ કરવાની સત્તા મળવી જોઇએ. દરખાસ્તો કોઇપણ રાજકીય પક્ષની સાથે મસલહત ચલાવીને ઘડવામાં આવેલી ન હોવાથી પુષ્કળ વાંધા લેવાયા. થોડા દિવસ પછી કરની દરખાસ્તો પાછી ખેંચી લેવાઇ.

મે મહિનાની મધ્યમાં બ્રિટિશ પ્રજાને એવું ભાન થવા લાગ્યું, કે સરકાર વિગ્રહ સંબંધી જે કામકાજ કરે છે, તેમાં કંઇક ગંભીર ખામી છે. દારૂગોળાના સંબંધમાં લૉર્ડ કિચનર, મિ. એસ્કિવથ, અને મિ. લૉઇડ જ્યોર્જ જૂદી જૂદી અને પરસ્પર વિરુદ્ધ વાતો બોલ્યા છે, એમ સૌએ જોયું હતું. એ અરસામાં એમ પણ બોલાવા લાગ્યું, કે ગાલીપોલીની ચડાઇ શરૂઆતથી વ્યવસ્થા વગરની ચાલી છે, અને તેથીજ તેમાં પુષ્કળ ખ્વારી થઇ છે.

મેની ૧૨ મી તારીખે આમની સભામાં મિ. બૂથ કરીને એક લિબરલ પક્ષના સભાસદે મુખ્ય પ્રધાનને પૂછેલું, કે વિગ્રહ સંબંધી બધી વ્યવસ્થાને પહોંચી વળવા સારૂ જૂદા જૂદા રાજકીય પક્ષોમાંથી આગેવાનોને પ્રધાનમંડળમાં દાખલ કરવાનું લાભકારક લાગે છે કે કેમ? મિ. એસ્કિવથે જવાબ આપેલો, કે જોકે અમુક ખાસ બાબતોમાં બધા પક્ષના આગેવાન સભાસદો તરફથી પોતાને મદદ મળી છે, છતાં સૂચવેલું પગલું હજી વિચારમાં નથી, તેમ એવા પગલાને સૌની સંમતિ મળશે એમ પણ પોતાના જાણવામાં નથી.

થોડા દિવસ પછી લૉર્ડ ફિશરે રાજીનામું આપ્યાની વાત બહાર આવી. નૌકાના બે મુખ્ય માણસોને પરસ્પર બન્યું નહીં હોય, એમ લોકોએ સ્વાભાવિક રીતે કલ્પના કરી. એ બીજો માણસ તે મિ. વિન્સ્ટન ચર્ચિલ, કે જેણે થોડાજ વખત પર રાજીનામું આપ્યાની વાત આવી ગઇ છે.

મિ. બૂથને ઉપર આપેલો જવાબ વાળ્યાને એક અઠવાડિયું થયું, ત્યાં મુખ્ય પ્રધાને આમની સભામાં જાહેર કર્યું, કે પ્રધાનમંડળની નવેસરથી વ્યવસ્થા કરવાનો વિચાર ચાલે છે. તેણે જણાવેલું, કે દેશની રાજનીતિમાં અને વિગ્રહને પૂર્ણ ઉત્સાહથી ચલાવવામાં કશો ફેરફાર કરવાનો નથી. જે કંઇ ફેરફાર કરવાનો છે તે માત્ર વિગ્રહ ચાલે તેટલા વખત પુરતો કરવાનો છે; એથી કોઇ પણ પ્રકારની ભાવનાઓ છોડી દેવામાં આવે છે એમ સમજવાનું નથી. આ પ્રમાણે સાડા નવ વરસની લિબરલ સરકારની કારકીર્દી પૂરી થઇ.

નવું પ્રધાનમંડળ ઘડવાનું કામ ધીમું ચાલ્યું. પહેલો નિર્ણય એ થયો, કે મુખ્ય પ્રધાન અને સર એડવર્ડ ગ્રે પોતાના સ્થાન પર રહેવા જોઇએ. દેશ તરફથી એ નિર્ણયનો સત્કાર થયો, કારણકે તેથી દુનિયા જોઇ શકે, કે બ્રિટિશ રાજનીતિની મુખ્ય દિશા સ્થિર અને નિશ્ચલ છે. બીજી મહત્ત્વની જગ્યાઓ પૂરવામાં પક્ષના અને પુરુષના ઘણા વિચારો થયેલા જણાય છે. છેવટે જૂનની ૧૧ મી તારીખે જાહેર થયા પ્રમાણે કોણ કોણ કઇ કઇ જગ્યાએ નિમાયા, એ વાત અમે અગાઉ જણાવી ગયા છીએ.

જૂનની ૨૯ મી તારીખે લોકલ ગવરમેન્ટ બોર્ડના નવા પ્રમુખ મિ. લોંગે પ્રજાની નોંધણીનું બિલ રજુ કર્યું. દેશમાં ૧૬ અને ૬૫ વરસની વચ્ચેની ઉમરનાં તમામ માણસો હાલ શું કામ કરે છે, અને બીજું કંઇ કરવાને સમર્થ તથા રાજી છે કે નહીં, એ શોધી કાઢવાનો એ બિલનો ઉદ્દેશ હતો.

દક્ષિણ વેલ્સના કોલસા ખોદનારાઓએ એપ્રિલની ૧ લી તારીખે ત્રણ મહિનાની નોટિસ આપી હતી, કે ચાલુ મુસારાનો કરાર અમે બંધ કરશું. શેઠિયાઓએ વિગ્રહનો અંત આવે ત્યાં સુધી મુસારાના દરમાં ફેરફારનો કંઇ પણ નવો કરાર કરવાની ના પાડેલી. છેવટે કામદારોએ ત્રણ દિવસમાં હડતાળ પાડવાની ધમકી આપી. દારૂગોળા સંબંધી નવા કાયદા પ્રમાણે હડતાળ પાડવી એ ગુન્હો છે, તેનાં જાહેરનામાં ચોડવામાં આવ્યાં. પણ વેલ્સના ખાણ ખોદનારાઓ જાહેરનામાંઓથી જલદી ડરી જતા નથી. તેમને ખાતરી હતી, કે શેઠિયાઓ નવો કરાર કરવાની ના પાડવા છતાં પોતે પુષ્કળ નફો પયદા કરે છે; એટલે તેમણે જાહેરનામાની કશી દરકાર કરી નહીં, અને સરકારથી બળાત્કાર બન્યો નહીં. છેવટે મિ. લૉઇડ જ્યોર્જને ત્યાં જવું પડ્યું, અને તેણે માણસોની કેટલીક માગણી સ્વીકારીને અને કેટલોક ઉપદેશ કરીને તેમને પાછા કામે વળગાડ્યા.

ઉપરનો તમામ હેવાલ અમે "ધિ ટાઇમ્સ"ના ઇતિહાસમાંથી ઉતાર્યો છે. અમારી ખાતરી છે, કે એથી બ્રિટનની સ્થિતિનો અમારા વાંચનારાઓને બહુ સારો ખયાલ આવશે. વફાદાર પત્રો બ્રિટનમાં કેટલી છૂટથી લખી શકે છે, તે પણ આ પરથી સમજવાનું છે. દેશની સેવાની ખાતર લેવાયેલી છૂટને માફી ઘટે છે અને મળે છે. ધ્યાનમાં રાખવાનું એ છે, કે ટીકા કરનારાઓ અને સરકાર બન્નેનો ઉદ્દેશ તો એકજ છે, કે મદોન્મત્ત જર્મન કૈસરીને જમીનદોસ્ત કરવો. અત્યારે સ્થિતિ ગમે તેટલી વિષમ લાગે, પણ છેવટે તો, यतो धर्म स्ततो जयः !

લડાઇના તાર.

—:o:—

<u>ઇટલી અને બાલ્કનો.</u>

રોમ, ૨૭ ડીસેમ્બર.

આજે ચેમ્બરમાં બેરન સોન્નિનોએ જણાવ્યું, કે ઇટલીને સર્બિયાની સ્વતંત્રતા આવશ્યક છે. ઑસ્ટ્રિયા સર્બિયાને ગળી જાય તો તે ભયંકર થઇ પડે. સર્બિયાને પૂરેપૂરી સ્વતંત્રતા મળે તે વગર અમે સંધિ કરવાના નથી.

<u>મોનેસ્ટિરની દુર્દશા.</u>

સાલોનિકા, ૩ જી ડીસેમ્બર.

ઑસ્ટ્રિયનો અને જર્મનો મોનેસ્ટિરમાં પેઠા છે, અને ઑસ્ટ્રિયન વાવટો ચઢાવ્યો છે. એમ વકી રખાય છે કે એક દિવસ વીત્યા સુધી બલ્ગેરિયનો દાખલ થશે નહીં.

<u>જનરલ જોફ્રે.</u>

પારિસ, ૩ જી ડીસેમ્બર.

જનરલ જોફ્રે ફ્રાન્સની તમામ પ્રજાકીય સેનાઓના સેનાધિપતિ નિમાયા છે. આમાં બાલ્કનનો પણ સમાવેશ થાય છે.

<u>નિશ–સોફીયા રેલવે.</u>

આમ્સ્ટર્ડામ, ૫ મી ડીસેમ્બર.

નિશ અને સોફીયા વચ્ચે રેલવેનો વ્યવહાર ફરી સ્થાપિત થયો છે. નિશ અને બેલગ્રેડ વચ્ચે હજી કપાયો છે.

<u>રાજ્યની કરકસર.</u>

લંડન, ૬ ઠ્ઠી ડીસેમ્બર.

"ડેલી ટેલીગ્રાફ" કહે છે, કે સરકાર કારભારીઓના, આમની સભાના સભાસદોના, અને રાજ્યખર્ચ ખાતાના પેન્શનરોના પગાર કે ઘટાડવાના વિચારમાં હોય, એવું માનવાને કારણ છે.

<u>મિત્ર રાજ્યોની વિગ્રહ કોન્સિલ.</u>

પારિસ, ૬ ઠ્ઠી ડીસેમ્બર.

મિત્ર રાજ્યોની પહેલી વિગ્રહ કોન્સિલ ગઇ કાલે ભરાઇ હતી. જનરલ જોફ્રે પ્રમુખ હતો. બ્રિટિશ, ઇટાલિયન, રશિયન, સર્બિયન, અને બેલ્જિયન પ્રતિનિધિઓ હાજર હતા.

<u>યુનાઇટેડ સ્ટેટ્સની કોંગ્રેસને પ્રેસિડન્ટનો સંદેશો.</u>

વૉશિંગ્ટન, ૭ મી ડીસેમ્બર.

કોંગ્રેસને સંદેશામાં પ્રેસિડન્ટ કાવતરાં ઉપર સખ્ત ટીકા કરે છે. પ્રેસિડન્ટ વિલ્સન નામ આપીને જર્મનો પર આરોપ મૂકતો નથી. તે કહે છે: "આપણા દેશને બીજી પ્રજાઓની સાથે જે વિરોધો છે તે તો ગંભીર છેજ, પણ મને કહેતાં દિલગીરી થાય છે, કે આપણી શાંતિ અને સલામતીની સામે સૌથી વધારે ગંભીર ધમકીઓ તો આપણી પોતાની સરહદની અંદર ઉચ્ચારવામાં આવેલી છે મને કબૂલ કરતાં શરમ થાય છે, કે યુનાઇટેડ સ્ટેટ્સમાં એવા પણ શહેરીઓ છે, કે જેઓ બીજા વાવટા નીચે જન્મેલા હોવા છતાં લાંબા વસવાટથી શહેરી થયેલા છે, પણ જેમણે સરકારની સત્તા તથા આબરૂને ઉતારી પાડવાને અને દ્વેષની ખાતર આપણા ઉદ્યોગોનો નાશ કરવાનો યત્ન કર્યો છે."

<u>રાજ્યની કરકસર.</u>

લંડન, ૭ મી ડીસેમ્બર.

કહેવાય છે કે પ્રધાનમંડળમાં થોડો ભાગ કારભારીઓના પગાર કમી કરવાની પુષ્કળ વિરુદ્ધ છે. વિગ્રહ સંબંધી ખરચની તપાસ કરવાને એક બોર્ડ નીમવાનો સરકાર વિચાર કરે છે.

<u>બાલ્કન સ્થિતિ.</u>

લંડન, ૯ મી ડીસેમ્બર.

નાસી જતા સર્બિયન લશ્કરનો થોડો ભાગ એપિરસ પહોંચ્યો છે, પણ મોટા ભાગે આલ્બેનિયામાં આશ્રય લીધો છે. સર્બિયનો માટે એંગ્લો-ફ્રેંચ સામગ્રીઓ થોડા દિવસથી આલ્બેનિયામાં ગાળી ચઢી છે. સાલોનિકા આગળ માણસોની મજબૂત ભરતી થતી જાય છે,

પણ આવજાનાં સાધન ઓછાં છે, અને હવા પ્રતિકૂળ તથા ટાઢ અતિશય સખ્ત છે. માર્સીડોનિયામાં બ્રિટિશ છાવણીની સાથે રહેલો એક ખબરપત્રી જણાવે છે, કે દરદીઓની પથારીઓમાં ગરમ પાણીની બાટલીઓ પણ ઠરીને બરફથી ભરાયેલી સ્હવારે માલુમ પડી છે. "ફાઉન્ટન" પેનોમાં શાહી પણ ઠરી ગઈ હતી. એક ઠેકાણે લશ્કરે બન્ને વાર દૂર દુશ્મનને દીઠેલા, પણ બન્ને પક્ષ ટાઢથી એટલા પરેશાન હતા, કે લડવાનો વિચાર થયો નહીં. પવન પણ ભેદી નાંખે એવો ફૂંક્યા કરે છે.

નવા સિપાઇઓની વધતી જતી ભરતી.

લંડન, ૯ મી ડીસેમ્બર.

સિપાઇ તરીકે નામ નોંધાવવાનાં સ્ટેશનો આગળ થોડા દિવસથી મોટાં ટોળેટોળાં એકઠાં થાય છે; અને ગઈ કાલે શિખરે પહોંચેલ છે. નોંધનારા કારકૂનો અને ડાક્તરો ઉમેદવારોને પહોંચી વળી શકયા નથી. મધરાત સુધી જણાવવામાં આવતું હતું કે હજી તો સેંકડો અને કોઇ કોઇ ઠેકાણે હજારો ઉમેદવારો બાકી છે. કેટલેક ઠેકાણે ઑફિસો રાતદિવસ ખુલ્લી રાખવામાં આવે છે.

બ્રિટિશ પ્રધાનો પારિસમાં.

લંડન, ૯ મી ડીસેમ્બર.

પ્રેસ બ્યુરો ખબર આપે છે, કે સર એડવર્ડ ગ્રે અને લોર્ડ કિચનર ફ્રેંચ સરકારની સાથે વાતચિત કરવાને ગઈ કાલે પારિસ ગયા હતા.

ફ્રેંચ સરકારની લોન.

લંડન, ૯ મી ડીસેમ્બર.

કપરથલાના મહારાજાએ ફ્રેંચ મોખરાને મુલાકાત આપીને પાછા ફર્યા પછી પાંચ લાખ ફ્રેંકની રકમ ફ્રેંચ લોનમાં ભરી છે.

યુનાઇટેડ સ્ટેટ્સની આર્થિક સ્થિતિ.

વૉશિંગ્ટન, ૯ મી ડીસેમ્બર.

તિજોરીના સેક્રેટરી તરફથી જાહેર થાય છે, કે યુનાઇટેડ સ્ટેટ્સની આર્થિક સંપત્તિ હાલ એટલી બધી છે કે તેટલી અગાઉ કદાપિ થઇ નથી. તેમની પાસે જેટલું સોનું છે તે દુનિયામાં કોઇ પણ એક દેશ પાસે અત્યાર સુધી થયું છે તે કરતાં વધારે છે.

નિવેદન.

અમે અગાઉ એક વાર સૂચના આપેલી છે, કે હવે પછી પેપરની નવી માગણીઓ અમે સ્વીકારી શકશું નહીં. છતાં માગણીઓ આવ્યાજ કરે છે. આશા છે કે અમારા વાંચનારાઓ લાગતાવળગતાઓને જણાવી દેશે. કે હવે નવા ગ્રાહક તરીકે નામ નોંધવાનો અવકાશ નથી.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૨૧ મી ડીસેમ્બર, ૧૯૧૫. [અંક ૩.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વેહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૨૧ મી ડીસેમ્બર ૧૯૧૫.

રાજકુમારોની કેળવણી.

કેળવણી સંબંધી કેટલાક છૂટક વિચારો આપવાનો અમારો ઘણા વખતનો ઇરાદો આજે પાર પાડવા અમે પ્રવૃત્ત થઇએ છીએ. બધા બાળકોની કેળવણીમાં રાજકુમારોની કેળવણી વધારે મહત્ત્વની છે, કારણકે તેમની ફરજ સૌથી વધારે જવાબદારીવાળી છે. સાધારણ રીતે એમ ધારી શકાય, કે મહાકવિ વાલ્મીકિ અને ગોસ્વામી તુલસીદાસનાં રામાયણોમાં રાજપુત્રોની કેળવણી સંબંધી સારો વિસ્તાર કરેલો હશે, પણ તપાસ કરતાં બહુ થોડું લખેલું માલુમ પડે છે. વાલ્મીકિના કાવ્યમાં બાલકાંડમાં અઢારમા સર્ગમાં માત્ર એટલું લખેલું છે, કે "सर्वे वेदविदः शूराः सर्वे लोकहिते रताः" (બધા વેદના જાણનાર, બહાદુર, અને લોકકલ્યાણમાં નિમગ્ન છે); અને શ્રી રામચંદ્રને માટે એટલું ઉમેરેલું છે, કે "धनुर्वेदे च निरतः पितुः शुश्रूषणे रतः" (અસ્ત્રશસ્ત્રની કળામાં કુશળ અને પિતાની સેવામાં પ્રીતિવાળા છે). તુલસીદાસજી નીચે પ્રમાણે લખે છે :—

"गुरुगृह गये पढन रघुराई। अलपकाल विद्या सब पाई॥
जाकी सहज श्वास श्रुति चारी। सो हरि पढ़ यह कौतुक भारी॥"

અર્થ:—"રામચંદ્રજી ગુરુને ઘેર ભણવા ગયા, અને થોડા વખતમાં બધી વિદ્યા પ્રાપ્ત કરી. ચારેય વેદ જેના શ્વાસ છે તે હરિ ભણે, એ મોટા આશ્ચર્યની વાત છે."

"विद्या विनय निपुण गुण शीला। खेलहिं खेल सकल नृपलीला॥
करतल बाण धनुष अति सोहा। देखत रूप चराचर मोहा॥"

અર્થ:—"તમામ વિદ્યા અને વિનયમાં કુશળ, ગુણ અને શીલથી યુક્ત, રાજાઓની લીલાના ખેલ ખેલે છે. હાથમાં ધનુષબાણ શોભે છે, જેનું રૂપ જોઇને જડચેતન મોહ પામે છે."

* * * *

"बंधु सखा सब लेहिं बुलाई। वनमृगया नित खेलहिं जाई॥
पावन मृग मारहिं जिय जानी। दिनप्रति नृपहि दिखावैं आनी॥"

અર્થ:—"ભાઇઓ, મિત્રો, બધાને બોલાવીને હમેશાં જંગલમાં શિકાર કરવા જાય છે. અંતરમાં જાણીને પવિત્ર પશુઓને મારે છે, અને તે લાવીને હમેશાં રાજાને દેખાડે છે."

"जेहिविधि सुखी होंय सब लोगा। करहिं कृपानिधि सोइ संयोगा॥
वेद पुराण सुनहिं मन लाई। आपु कहहिं अनुजहिं समुझाई॥"

અર્થઃ—"જે પ્રકારે બધા લોકો સુખી થાય, એ પ્રકારેજ રામચંદ્રજી બધાં વિધાન કરે છે. મન લગાડીને પોતે વેદ પુરાણ સાંભળે છે, અને પોતે સમજાવીને ન્હાના ભાઇઓને કહી સંભળાવે છે."

"प्रातकाल उठिकै रघुनाथा। मातुपिता गुरु नावहिं माथा॥
आयसु माँगि करहिं पुरकाजा। देख चरित हर्षहिं मन राजा॥"

અર્થઃ—"સ્હવારમાં ઉઠીને રામચંદ્રજી માતા, પિતા, અને ગુરુને મસ્તક નમાવે છે. આજ્ઞા માગીને શહેરનું કામ કરે છે; અને એ ચરિત્ર જોઇને રાજા મનમાં પ્રસન્ન થાય છે."

હાલ આખા હિંદમાં પ્રજાને માટે નિશાળો અને કૉલેજો ખોલાવાની સાથે રાજકુમારોની કેળવણીને માટે પણ ચાર મોટી કૉલેજો અને કેટલીક શાળાઓની વ્યવસ્થા થયેલી છે. એ વિષયમાં કુમારોના વાલીઓએ એટલે રાજ્યકર્ત્તાઓએ ઘણું વધારે ધ્યાન આપવાની જરૂર છે. રાજકુમારોના શિક્ષકો તો ખાસ કરીને ઉંચા હૃદયવાળા, ધર્મ ઉપર આસ્થાવાળા, નિઃસ્વાર્થી, નિષ્પક્ષપાત, અને માત્ર સુયશની આશાવાળા તથા પ્રભુથી ડરતા હોય તેવા પસંદ કરીને નીમવા જોઇએ. તેમના મૂસાહેબો પણ પ્રૌઢ વયના, ધાર્મિક, રાજનીતિના અનુભવી અને નિઃસ્વાર્થી તથા અમીરી દિલના હોવા જોઇએ. ઉદ્દેશ એ રહેવો જોઇએ, કે રાજકુમારો પુખ્ત વયના થાય ત્યારે પોતાની ફરજ બરાબર રીતે અદા કરી શકે. તેમના હૃદયને એવી કેળવણી મળવી જોઈએ, કે જેથી તેઓ નઠારી વાતોને ધિક્કારતાં અને સારીને ચાહતાં શીખે; અને તેમની બુદ્ધિને એવી કેળવણી મળવી જોઇએ, કે જેથી તેઓ ખરૂં ખોટું પારખી શકે, અને કોઇથી દોરાયા વગર સ્વતંત્ર રીતે વિચાર કરી શકે. સ્વતંત્રતા અને સ્વપ્રતિષ્ઠાની લાગણી તેમનામાં ખાસ કરીને સતેજ થવી જોઇએ.

રાજકુમારો સદાચારી અને ધાર્મિક થાય, તેટલા માટે સદાચારી અને ધાર્મિક શિક્ષકો તથા મૂસાહેબો રાખવાની જરૂર છે, એ તો ખુલ્લું છે. અને એ પણ એટલુંજ ખુલ્લું છે, કે જ્યાં સુધી માતાપિતા પોતે સુશીલ અને ધર્મ પર આસ્થાવાળાં ન હોય, ત્યાં સુધી બાલકોનાં અંતઃકરણ ઉપર નઠારા સંસ્કાર પડ્યા વગર રહે નહીં.

શિક્ષકો અભ્યાસના વખત વગર રાજકુમારો સાથે ભેળાતા થાય, તેથી કોઇ વાર અનિષ્ટ પરિણામ આવે છે. ભેળાવામાં કોઇ કોઇ શિક્ષકો તરફ કુમારોને સ્નેહ અને વિશ્વાસ બંધાઇ જાય છે. સત્તા મળ્યા પછી આવાઓને સાથે રાખવામાં આવે છે; અને કોઇ વાર તેઓ પોતાના ધણીને દબાવવામાં પણ અચકાતા નથી. સારા માણસો હોય ત્યાં આવું જોખમ હોતું નથી; પણ બધી રીતે સારા માણસો મળવા દુર્લભ છે.

માત્ર ભણેલા પણ બીજા અનુભવ વગરના મૂસાહેબો અને શિક્ષકો કોઈ વાર એમ સમજતા જણાય છે, કે કુંવરોને અંકુશમાં રાખવા એજ મુખ્ય કર્તવ્ય છે. તેઓ ન્હાની ન્હાની વાતોમાં

ઉપરીઓ પાસે ફરિયાદ લઇ જાય છે, અને એવી વાતોનો પોતે નિવેડો લાવવો જોઇએ એટલું પણ સમજતા નથી.

કોઇ વાર શિક્ષકો સભ્યતાના નિયમો શિખવે છે, તેની અસર એ થાય છે, કે એ શિક્ષકોની "સ્ટાઇલ" અથવા પદ્ધતિ પ્રમાણે કુમારો ગાદીનશીન થયા પછી પણ પોતાના દરજ્જાને મુકાબલે વધુ પડતા કૃત્રિમ વિવેકના શબ્દો વાપર્યા કરે છે. વિવેક વપરાય તેમાં તો કશુંજ ખોટું નથી; પણ વિવેકની રીતો પદવી પ્રમાણે ફરે છે, એ જ્ઞાન જ્યારે શિક્ષકોમાં હોતું નથી, ત્યારે કોઇ વાર વિચિત્ર પરિણામો દેખાય છે.

કોઇ પ્રસંગોમાં "ગાર્ડિયન" અથવા વાલી નીમવા પડે, તો તે ગંભીર અને ઉમદા માણસો હોવા જોઇએ. કુંવરોને તેમણે એવી તાલિમ આપવી જોઇએ, કે તેઓ સ્વતંત્ર અધિકાર ચલાવવાને યોગ્ય થાય.

ઇંગ્રેજી ભાષાનો જમાનો હોવાને લીધે એ ભાષાના જ્ઞાનનું હાલના વખતમાં મહત્ત્વ ગણાય એ સ્વાભાવિક છે; છતાં ઘણી વાર એવો અનુભવ થાય છે, કે નવી કેળવણીવાળાઓના કરતાં જૂની કેળવણીવાળાઓ વધારે સમજુ અને વિચક્ષણ હોય છે. આમ થવાનું એક કારણ એ છે, કે અગાઉના વખતમાં વાતચિતથી પણ પુષ્કળ જ્ઞાન મળતું હતું; જ્યારે હાલ જૂની વાતોને જાણનારા ઝડપથી ઓછા થવા માંડ્યા છે.

આજ કાલ બધા સુધરેલા કહેવાતા દેશોમાં નાસ્તિકતા અતિશય વધી ગયેલી છે, એ સૌ જાણે છે. અમે તેટલા માટે રાજકુંવરોની કેળવણીમાં—અને તમામ પ્રજાની કેળવણીમાં—પ્રભુથી ડરતાં શિખવવાનું બહુ મહત્ત્વનું સમજીએ છીએ. જે બાળક (બૂરૂં કરતાં) પ્રભુથી ડરતો હશે, તે માબાપથી પણ ડરશે; અને જે માબાપથી ડરતો હશે, તે પોતાના ધણીથી પણ ડરશે. પણ જેને પ્રભુનો ડર નહીં હોય, તેને માબાપનો ડર પણ કયાંથી હશે? અને એવાને આગળ ઉપર ધણીનો ડર પણ શી રીતે લાગશે?

હિતોપદેશમાં કહ્યું છે, કેઃ—

"यौवनं धनसम्पत्तिः प्रभुत्वमविवेकिता ।
एकैकमप्यनर्थाय किमु यत्र चतुष्टयम् ॥"

અર્થઃ—"જુવાની, પૈસો, ધણીપણું, અને અવિવેકીપણું—એ એક એક પણ અનર્થ કરી શકે છે, ત્યારે ચારેય હોય ત્યાં તો શું પૂછવું?"

કાદંબરી નામે પ્રખ્યાત કથામાં યુવરાજ ચંદ્રાપીડને શુકનાસ પ્રધાન જે ઉપદેશ આપે છે, તેમાંથી થોડા શબ્દો આ પ્રસંગે ઉતારવા યોગ્ય લાગે છેઃ—

"વળી, કેવળ સ્વાર્થ સાધનારા ધુતારાઓ—ધનરૂપી માંસનો ગ્રાસ કરનાર ગીધપક્ષીઓ—સભામંડળરૂપી કમલિનીના બગલાઓ—ઠગવિદ્યામાં પોતે કુશળ હોવાથી બીજા કેટલાક રાજાઓને એમ સમજાવે છે, કે જુગટું રમવું, એ વિનોદ છે; પરસ્ત્રીનો સમાગમ કરવો, એ ચાતુરી છે; મૃગયા એ કેવળ શ્રમ છે; મદ્યપાન કરવું, એજ વિલાસ છે; પ્રમત્તતાનું નામજ શૌર્ય છે;

THE KING OF GREECE

ગ્રીસના રાજા.

THE QUEEN OF GREECE

ગ્રીસની રાણી.

સર જૉન જેલિકોએ જર્મનોને શિખવવાનો પાઠ તૈયાર કરી રાખ્યો હતો. પાછાં ફરતાં જર્મન વહાણોની બરાબર ખબર લેવાત; પણ ધૂમસથી તેઓ ન્હાસી જઇ શક્યાં, જોકે એક મોટા વહાણને ઘણી ઇજા થઇ ખરી.

ત્રીજી વાર ૧૯૧૫ ના જાન્યુઆરીની ૨૩ મી તારીખ અને શનિવારે સાંઝે ચાર જર્મન વહાણો ફરી ઉપડ્યાં. બીજી વારની માફક આ વખતે પણ સંયોગ એવો બન્યો, કે જેવું એડમિરલ હિપરે વિલ્હેલ્મસહેવન છોડ્યું, કે તરત સર ડેવિડ બેટીએ રૅાઝલેંડનું એક બંદર છોડ્યું. તેની સાથે કેટલાંક ઝડપથી ચાલનારાં અને બીજાં લડાયક વહાણો હતાં. "ઑરોરા" નામે એક વહાણ કપ્તાન વિલ્મૉટ નિકલસનની સરદારી નીચે સૌથી આગળ ચાલતું હતું. તેણે રવિવાર, તા. ૨૪ મી જાન્યુઆરીએ સ્હવારમાં સાત વાગ્યે ડૉગર બેંક પાસે જર્મન ક્રુઝરોને દીઠી. સાત ઉપર વીશ મિનિટે ઑરોરાએ તોપો ચલાવવી શરૂ કરી. હવા અનુકૂળ હતી.

દુશ્મનની લાઇનનાં પાછલાં વહાણોમાંથી દરિયામાં સુરંગો નાંખવાની ગોઠવણ હતી, કે જેથી પાછળ પડનારાં બ્રિટિશ વહાણોને નુકસાન થાય. પણ સર ડેવિડ બેટીએ એ માર્ગે નહીં પણ તેને સમાંતર બીજે માર્ગે ચાલવાનું ઠરાવ્યું. બન્ને લાઇનો એક બીજીથી છ સાત માઇલ દૂર હતી.

જર્મનો ૧૪ માઇલ આગળ હતા. આપણા ખલાસીઓએ તેમને ૮૨ મિનિટમાં પકડી પાડ્યા. તેમનું "બ્લૂશર" કરીને વહાણ કલાકે લગભગ ૨૫ માઇલજ ચાલનારૂં હતું. એ વહાણ સાથે લેવામાંજ તેમણે ભૂલ કરી હતી.

નવ ઉપર નવ મિનિટે, જ્યારે વહાણો એકબીજાંથી દશ માઇલ દૂર હતાં, ત્યારે "સિંહ" નામના બ્રિટિશ વહાણે બ્લૂશર ઉપર પહેલો તોપનો ગોળો નાંખ્યો. ૧૧ મિનિટ પછી "વાઘ" નામના બીજા વહાણે પણ ગોળા ફેંકવા માંડ્યા. જર્મન વહાણો ડર્ફ્ફ્લિંગર અને સેદલિટ્ઝ ઉપર પણ મારો ચાલ્યો. માત્ર મોલ્ટકે નામના તેમના વહાણને બહુ ઇજા ન થઇ; કારણકે શરૂઆતની લડાઇમાં તે ધુમાડામાં છુપાયેલું હતું.

આઠથી દશ માઇલ સુધી દૂર રહેલાં, અને ત્રીશ માઇલ કરતાં પણ જરા વધારે ઝડપથી ચાલતાં વહાણો પર ગોળા નાંખવામાં ગણિતનો ખપ પડે છે. ખરૂં જોતાં ગણિત જાણનારાઓજ લડાઇ લડે છે. તોપો કેટલી ઊંચી રાખવી, અને કયે વખતે ફોડવી, કે જેથી ગોળો આકાશમાં ચક્ર લઇને બરાબર નિશાન ઉપર પડે, એ ચોકસ કરવામાં ગણિતનો ખપ પડે છે. નિશાનની સાથે એક લાઇનમાં તોપ આવે, તે પછી પણ જો ઊંચાઇ બરાબર ન રાખી હોય, તો ગોળાઓ આગળ કે પાછળ પાણીમાં પડ્યા વગર રહે નહીં. દશ માઇલને છેટેથી ૧૩·૫ ઇંચના ગોળાને હવાઇ મુસાફરી કરતાં લગભગ ૨૦ સેકંડ લાગે છે. એટલા વખતમાં ૨૯ અથવા ૩૦ માઇલની ઝડપથી ચાલ[illegible] અંતર સુધી આગળ ચાલે છે. એટલે કે મિનિટમાં વહાણ જ્યાં પહોંચશે [illegible] લક્ષીને ગોળા ફેંકવા પડે છે. નિશાનને બરાબર

સર વિલ્ફ્રિડ લૉરિયર અને યુનાઇટેડ સ્ટેટ્સ.

મોન્ટરીઅલ, ૧૧ મી ડીસેમ્બર.

લિબરલોની એક સભા સમક્ષ બોલતાં સર વિલ્ફ્રિડ લૉરિયર જણાવે છે, કે છેવટે મિત્ર રાજ્યોનો વિજય થશે એ નિસ્સંદેહ છે. તેણે ઉમેર્યું કે દુનિયા એમ સમજે છે, કે જો જર્મની જીતશે, તો જેમ ૧૮૭૦ માં તટસ્થ રહેવા માટે ગ્રેટ બ્રિટન હાલ પસ્તાવો કરે છે, તેમ યુનાઇટેડ સ્ટેટ્સને પસ્તાવો કરવો પડશે.

બાલ્કનમાં સ્થિતિ.

લંડન, ૧૩ મી ડીસેમ્બર.

સાલોનિકાથી ગઇ કાલના એક તારમાં જણાવવામાં આવે છે, કે ડોઇરન અને ઘેવઘેલી ખાલી કરવાનું કામ આજે પૂરૂં થયું છે. બલ્ગેરિયનો પાછળ ચાલ્યા આવે છે; અને ગ્રીક સરહદથી પાંચ માઇલ દૂર છે એમ કહેવાય છે. બ્રિટિશ અને ફ્રેંચ લશ્કરો કશી અવ્યવસ્થા વગર પાછાં હઠતાં જાય છે.

રાજાજીની તબીયત.

લંડન, ૧૪ મી ડીસેમ્બર.

ડાક્તરો જણાવે છે, કે "રાજાજીની તબીયત એટલી સુધરી છે, કે અમુક હદમાં ફરી કામ શરૂ કરવાને તેઓ શક્તિમાન થયા છે. તેમનું વજન ઘણું ઘટી ગયું છે, અને તબીયત બરાબર થાય ત્યાં સુધી થાકથી દૂર રહેવું આવશ્યક છે. વૈદ્યકનાં કારણોને લઇને, હાલ નરમ તબીયત ચાલે છે ત્યાં સુધી, રાજાજીને હમેશાં થોડું મદ્ય લેવું પડે છે; પણ તબીયત સારી થશે, કે તરત તેઓ પોતે લીધેલો મદ્યનિષેધનો નિયમ ફરી પાળવા માંડશે."

ઇરાનમાં કાવતરાં.

તેહેરાન, ૧૫ મી ડીસેમ્બર.

રુશિયનોએ ઇરાની બળવાખોરોને આવેહ પાસે હરાવ્યા છે, અને તેઓ હમદાનની નજીક જઇ પહોંચ્યા છે. એક ઇરાની પ્રધાનનું ખૂન કરવાનું કાવતરૂં પકડાયું છે, અને કેટલાકને પકડવામાં આવેલ છે. જર્મન પક્ષના માણસોનો કાવતરામાં હાથ કહેવાય છે.

આર્મીનિયનોની ખ્વારી.

લંડન, ૧૫ મી ડીસેમ્બર.

લૉર્ડ બ્રાઇસે આર્મીનિયનોનાં ખૂનોની વધારે વિગતો બહાર પાડી છે. ખૂન, જુલ્મ, અને લૂટનો એ હેવાલ વાંચતાં ત્રાસ થાય છે. એમ ગણના થાય છે, કે કુલ વીશ લાખ આર્મીનિયનોમાંથી દશ લાખનાં ખૂન થઇ ચૂક્યાં છે.

ગ્રીસની સાથેનો સંબંધ.

ઍથન્સ, ૧૫ મી ડીસેમ્બર.

ગ્રીસની સાથેનો મિત્ર રાજ્યોનો સંબંધ સુધરતો જાય છે. ત્સારના નામકરણ દિવસે રાજા કૉન્સ્ટન્ટાઇન રુશિયન ઍલચીને હાજરી આપશે. બલ્ગેરિયાના પ્રધાને જણાવ્યું છે, કે બલ્ગેરિયનો ગ્રીસમાં પેસશે નહીં. ગ્રીસે મિત્ર રાજ્યોને ગ્રીક માસીડોનિયાની પૂર્વમાં પુષ્કળ મુલકમાં હીલચાલ કરવાની છૂટ આપી છે; અને ગ્રીક લશ્કર પશ્ચિમ તરફ જવા માંડ્યું છે.

સેનાધિપતિની ફેરફારી.

લંડન, ૧૬ મી ડીસેમ્બર.

વિગ્રહખાતાની ઑફિસ તરફથી જાહેર થાય છે, કે ફ્રાન્સ અને ફ્લાન્ડર્સમાંના લશ્કરના અધિપતિ તરીકે સર જૉન ફ્રેંચને ઠેકાણે જનરલ સર ડગલસ હેગની નીમણુક થઇ છે. એ સંબંધમાં લખ્યું છે, કે વિગ્રહ શરૂ થયો ત્યારથી સોળ મહિના સુધી સખ્ત અને સંતત શ્રમ લઇને ફીલ્ડ-માર્શલ ફ્રેંચે ફ્રાન્સ અને ફ્લાન્ડર્સમાંનાં આપણાં લશ્કરોનું ઉત્તમ આધિપત્ય કરી બતાવ્યું છે. હાલ તે પોતાની મેળે એ આધિપત્ય છોડે છે. જનરલ ફ્રેંચે મોખરા ઉપર દેશની જે મોટી સેવા બજાવી છે, તેની કદર કરીને આભારની લાગણીથી સરકારે નામદાર રાજાજીની પૂર્ણ સંમતિથી રાજ્યની અંદરનાં લશ્કરોના સેનાધિપતિ ફીલ્ડ-માર્શલ તરીકે તેની નીમણુક કરેલ છે. જનરલ ફ્રેંચે એ નીમણુક સ્વીકારી છે. રાજાજીએ કૃપા કરીને જનરલ ફ્રેંચને રાજ્યના વ્હાઇકાઉન્ટનો ઇલકાબ આપેલ છે.

જર્મનના હુમલાની તૈયારીઓ.

પારિસ, ૧૬ મી ડીસેમ્બર.

ટેમ્પ્સ નામે પત્ર જણાવે છે, કે પશ્ચિમમાં જર્મનીના મોટા હુમલાની વાતો જોકે તરત માની બેસવા જેવી નથી, છતાં અશક્ય નથી. નવાં લશ્કરો અને દારૂગોળો કાયમ આવ્યા કરે છે, તેથી જર્મની કોઇ મોટો પ્રયાસ કરનાર હોય એમ લાગે છે. પૂર્વના મોખરા ઉપર જર્મની કશું કરતી નથી, એ હકીકત સૂચક છે. જો જર્મની પશ્ચિમમાં હુમલો કરશે, તો મિત્ર રાજ્યો તેને એવી હાર ખવરાવવાને તૈયાર છે, કે તેથી સ્થિતિ છેક બદલાઇ જશે.

સેવિકાઓની યાત્રા.

લંડન, ૧૬ મી ડીસેમ્બર.

એક સો ઇંગ્લિશ સેવિકાઓ પગે ચાલીને સર્બિયામાંથી સ્કુટારી આવી પહોંચેલ છે.

બહાદુર હિંદી વિક્રમનું મરણ.

લંડન, ૧૬ મી ડીસેમ્બર.

રાજાજીએ ૨૬ મી સવારોની પલટનના ઉપરીને તાર કરીને જમાદાર મહમદખાનના મરણ માટે અફસોસ બતાવ્યો છે. એડનની પાસે ઑકટોબરની ૭ મી તારીખે એ જમાદાર એકલે હાથે પાંચ આરબો સાથે લડ્યો હતો. પોતે પડ્યો તે પહેલાં ત્રણને તેણે ઠાર કર્યા હતા, અને ચોથાને ખોટકાવ્યો હતો. છેલ્લા દીલ્હી દરબારમાં એ જમાદારે એક ચાંદ મેળવ્યો હતો, એ હકીકત રાજાજી યાદ કરે છે.

નિવેદન.

આજના અંકની સાથે ચીરાનાં રાજરાણીનો એક સંયુક્ત ફોટોગ્રાફ અમે અમારા વાંચનારાઓને ભેટ આપીએ છીએ.

ભાવનગર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૨૮ મી ડીસેમ્બર, ૧૯૧૫. [અંક ૪.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વેહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૨૮ મો ડીસેમ્બર ૧૯૧૫.

ઇંગ્લંડના પૂર્વ કિનારા પરના હુમલા અને "ડૉગર બેંક"ની લડાઇ.

ઇ. સ. ૧૯૧૪ ના નવેમ્બરની ૨ જી તારીખે અને સોમવારે જર્મનીએ ઠરાવ કર્યો, કે પોતાનાં લડાયક વહાણોનો કાફલો ઉત્તર સમુદ્રમાં ઉતારવો; અને ઇંગ્લંડના પૂર્વ કિનારા ઉપર તોપના ગોળા છોડવા. હેતુ એ હતો, કે તેથી બિનલડાયક વસ્તીના ત્રાસમાં વધારો થાય. એવી પણ આશા હશે, કે બ્રિટિશ કાફલાનાં વહાણો તેની સાથે લડાઇમાં ઉતરશે. તેટલા માટે હેલિગોલેન્ડ અને જ્હદે અખાતની વચ્ચે સુરંગોની એક નવી જાળ પાથરવામાં આવી. વિચાર એવો હતો, કે બ્રિટિશ લડાયક વહાણોને એ જાળમાં આકર્ષવાં, કે જ્યાં વળી જર્મન સબમરીનો પણ કામ કરી રહી હતી. નવ વરસથી આ પ્રમાણે બ્રિટિશ નૌકાને યુદ્ધમાં ખેંચવાને તૈયારી કરવામાં આવતી હતી. નવી આગબોટોની અંદર પાછલા ભાગમાં વધારે તોપો ગોઠવવામાં આવી હતી, કે જેથી તેઓ ન્હાસતાં ન્હાસતાં પણ મારો ચલાવી શકે.

સોમવારે સાંઝે વિલ્હેલ્મસહેવનમાંથી ૯ વહાણો નિકળ્યાં, અને ૩ જી નવેમ્બર અને મંગળવારની સ્હવારે પ્રભાતમાં ઇંગ્લંડના પૂર્વ કિનારા પાસે આવી પહોંચ્યાં. આપણા એક વહાણે તેમને જોએલાં; બધા દીવા બુઝાવી નાંખ્યા હતા, અને કશા વાવટા ફરકતા નહોતા. આપણા એક ખલાસીએ તેમને બ્રિટિશ વહાણ ધારેલાં, અને સલામ નિમિત્તે "ટોપાટ" હલાવેલું. જવાબમાં દુશ્મનના વહાણ પરથી માણસોએ તેની સામે મુઠીઓ હલાવેલી, અને રીસના ચહેરા તેણે જોએલા.

સાતેકના સુમારમાં યારમાઉ ઉપર ગોળાઓ પડવા શરૂ થયા. નૌકાખાતાએ બંદરને લગતાં ખાડીઓમાં સુરંગો નાંખી હતી, એટલે કાફલાથી પાસે અવાય એવું નહોતું. લગભગ બધા જર્મન ગોળાઓ બંદરથી બે માઇલ દૂર દરિયામાં પડેલા. પણ ધીમે ધીમે તે પાસે આવવા લાગ્યા. આખરે એમ પણ લાગ્યું, કે બંદરને નુકસાન થયા વગર નહીં રહે. પણ આઠ વાગ્યા ત્યાં તો સોએક ગોળા નિરર્થક ફેંકીને એ વહાણો પાછાં ચાલ્યાં ગયાં.

આપણો કાફલો આવે છે, એવો એક દોરડાં વગરનો તારનો સંદેશો મળવાથી જર્મન વહાણો ન્હાસી છૂટ્યાં. પણ યારમાઉનો માર્ગ છે.ઠેઠ, એટલે તેઓ સુરંગો નાંખતાં ગયાં; અને એથી કેટલાંક બ્રિટિશ વહાણોને પાછળથી પુષ્કળ હાનિ થઇ. દશેક વાગ્યાને સુમારે લોઅસ્ટોફ્ટ

અને યારમઠની વચ્ચે કિનારાથી આઠ માઇલને છેટે "ફ્રેટર્નલ" નામે એક વહાણના ચૂરેચૂરા થઇ ગયા. તે ધીમે ધીમે ડુબ્યું, અને ખલાસીઓને બીજાં વહાણોએ બચાવ્યા. તે પછી "કોપિઅસ" કરીને એક વહાણ લગભગ બધા ખલાસીઓની સાથે ઝડપથી નાશ પામ્યું. થોડી મિનિટો પછી જર્મનોની પાછળ પડેલી બે સબમરીનો ત્યાં આવી પહોંચી. આમાંની એક ડી$_5$ ની સંજ્ઞાથી ઓળખાતી ૬૩૦ ટનની અને ૧૯૧૦ માં બાંધેલી "બોટ" હતી. તે સપાટી પર તરતી હતી, અને લેફ્ટેનંટ-કમાન્ડર ગૉડફ્રે હર્બર્ટ તેનો ઉપરી હતો. યારમઠના એક હોડીવાળાએ તેને સુરંગના જોખમની વાત કરી. પણ જ્યાં ડી$_5$ બીજી સબમરીનને સાવચેતી આપવા જતી હતી, ત્યાં તે પોતે એક સુરંગની સાથે અથડાઇ. લગભગ તરત તે ડુબી ગઇ; અને તેની ઉપરનાં વીશેક માણસો મરણ પામ્યાં.

પણ જર્મન સુરંગોથી આપણને જે નુકસાન થયું, તેના કરતાં જર્મનીને પોતાને વધારે થયું. યૉર્ક કરીને એક મોટી નવી ક્રૂઝર ધૂમસમાં રસ્તો ભૂલી, અને જાહદેના અખાતના પ્રવેશમાંજ એક સુરંગ ફુટવાથી નાશ પામી. રસ્તો પણ તેથી બંધ થયો. ધૂમસને લીધે માણસોના બચાવમાં અંતરાયો નડ્યા; અને ૬૨૯ માણસોમાંથી માત્ર ૧૭૭ જીવતા રહ્યા.

બીજા હુમલા માટે જર્મન કાફલો મંગળવાર, તા. ૧૫ મી ડીસેમ્બરે સાંઝે સુમારે પાંચ વાગ્યે વિલ્હેલ્મસહેવનથી ઉપડ્યો; અને ચૌદ કલાક સુધી ઝડપથી ચાલીને ડરહામ અને યૉર્કશાયરના જે કિનારા ઉપર સુરંગો નહોતી ત્યાં પહોંચ્યો. હાર્ટલપૂલના બંદરના બારાને સુરંગથી રક્ષિત ન રાખવામાં નોકાખાતાની બેદરકારી લાગે; પણ આખા કિનારાને એમ સુરંગથી પૂરવા બેસે, તો નૌકાની હીલચાલોને અને વેપારને મોટો ધક્કો લાગ્યા વગર રહે નહીં. કેટલાંક જોખમ તો વ્હોરવાંજ જોઇએ; પણ જર્મનો આવે તો શું કરવું, તેની એ જોખમ વ્હોરનારને ખબર હતી. એ બધી યોજનાઓ કરનાર બ્રિટિશ નૌકાનો મુખ્યાધિકારી સર જૉન રશવર્થ જેલિકો હતો. જર્મન નૌકાખાતું શું શું કરશે, તે તે અગાઉથી જાણી શકતો હતો. જર્મન બાતમીદાર ખાતું કયાં સુધીની ખબર મેળવી શકશે, તે પણ તેના ધ્યાનમાં હતું. હાર્ટલપૂલના બચાવ માટે સુરંગો નંખાયેલી નથી, એટલું તેઓ જાણે, તેમ થવા દેવાનો તેનો ઇરાદો હશે, એમ સંભવે છે. કારણકે વિલ્હેલ્મસહેવનમાંથી રાતની મુસાફરી ઉપર કાફલો ઉપડ્યો, કે તરત બ્રિટિશ કાફલામાં પણ ચંચલતા શરૂ થઇ. કેટલાંક વહાણો તરત ઉપડ્યાં.

એ બધું અતિશય ચુપકીથી કરવામાં આવ્યું. કોઇ પણ દોરડાં વગરનો સંદેશો નૉર્વેના જાસુસોને કે સ્કૉટલેંડની આસપાસ ફરતી સાહસિક જર્મન હોડીઓને ન મળે, એવી તજવીજ રખાઇ હતી. એ ઘા એવી સરસ રીતે યોજેલો હતો, કે તે પડ્યો નહીં, એ હકીકત મોટા દુર્ભાગ્ય જેવી ગણી શકાય. બરાબર વખતે સખત ધૂમસનું આકાશમાં આવરણ થયું, અને દુશ્મનો ન્હાસી જઇ શકયા.

દરમિયાન સ્કારબરો, વ્હિટબી, અને હાર્ટલપૂલની વસ્તીને ખૂની હુમલાનો ત્રાસ સહન કરવો પડયો. ત્રણ શહેરોમાં હાર્ટલપૂલ કિલ્લાથી સુરક્ષિત હતું, અને તેટલા માટે કાયદાસર તેના પર ગોળા છોડી શકાય એવું હતું. પણ વ્હિટબી અને સ્કારબરોમાં કશો બચાવ નહોતો; અને દુશ્મન છેક કિનારાની નઝદીક આવી શકે, એવી સગવડ હતી. ત્યાં સુરંગો પણ નહોતી, કે જેથી કિલ્લેબંધીમાં તેની ગણના થઇ શકે. તેના ઉપર તોપના ગોળા પડ્યા; અને બાળકો, સ્ત્રીઓ, તથા સિવિલિયન પુરુષો માર્યા ગયા અથવા જખમી થયા, એ ક્રિયા લડાઇની નહોતી. એ ક્રિયા તો ચાંચિયાપણાની હતી.

ખૂનો આઠ વાગ્યા પછી થોડી વારે સ્કારબરોમાં શરૂ થયાં. પહેલાજ ગોળાથી ચાલવાની જગ્યા અને આગલો કિનારો ભેદાયાં. પછી ગ્રેન્ડ હૉટેલ અને બીજી ઇમારતો પર ગોળા પડ્યા. જૂના કિલ્લાની જે દિવાલો દશ ફુટ પહોળી હતી, તે કેટલેક ઠેકાણે તૂટી પડી. કેટલાંક દેવળોનો પણ નાશ થયો.

સ્હવાર અંધારૂં હતું, અને ઘણાખરા લોકો હમણાંજ ઉઠવા લાગ્યા હતા, અથવા ગૅસના પ્રકાશથી નાસ્તો કરતા હતા. સ્ત્રીઓ અડવાણે પગે અને રાતનાં કપડાં પર કંઇક ઓઢીને, તથા ભયભીત થયેલાં બાળકોને લઇને, શેરીઓમાં નિકળી પડી, અને ન્હાસવા લાગી. એક ચાકરડી પગથિયું વાળતી હતી ત્યાં મરણ પામી; અને એજ ઘરમાં એક ટપાલનો હલકારો કાગળ આપવા જતો હતો તેના ચૂરેચૂરા થઇ ગયા. કેટલાંક બાળકો તોપના ગડગડાટને મેઘગર્જના ધારતાં હતાં, તે પોતાની માતાઓની સાથે પડતાં ઘરોમાં એકદમ માર્યાં ગયાં. ગોળાઓ લગભગ વીશ મિનિટ સુધી પડ્યા કર્યા; અને કોઇ વાર દર મિનિટે દશ પડતા હતા. બધાં મળીને ચાર છોકરાં, આઠ સ્ત્રીઓ, અને પાંચ પુરુષો માર્યાં ગયાં; અને સો કરતાં વધારે જખમી થયાં.

વ્હિટબીમાં નવ વાગ્યા પછી થોડી વારે ગોળા પડવા શરૂ થયા. બે માણસો મરી ગયાં; અને બે છોકરાઓ જખમી થયા. સેન્ટ હિલ્ડાના જૂના દેવળને અને ગામના દેવળને નુકસાન થયું; અને કેટલીક સ્ત્રીઓ તથા થોડાં બાળકો જખમી થયાં.

હાર્ટલપૂલમાં સ્કારબરોની સાથેજ મારો શરૂ થયેલો. હવા ધૂમસથી ભરેલી હતી. અને એમ કહેવાય છે, કે પહેલાં ત્રણ દુશ્મન વહાણો બ્રિટિશ વાવટા નીચે આવેલાં, દરિયામાં સિગ્નલ આપેલી, અને જણાવેલું કે જર્મન કાફલો આવે છે. આ પ્રપંચ ધૂમસને લીધે ગોળાઓ પડવા માંડ્યા ત્યાં સુધી પકડાયો નહીં. નુકસાન કંઇ બહુ થયેલું નહીં. વહાણ બાંધવાનાં સ્થાનો પર ગોળા પડેલા નહીં; અને ત્રણ ન્હાનાં વહાણો દુશ્મનની સામે લડતાં હતાં તે ડુબેલાં નહીં. માત્ર સાત ખલાસીઓ માર્યા ગયા; અને ચોવીશેક જખમી થયા. અને જમીન પરના તોપખાનામાં છ માણસ મરણ પામ્યા; અને સત્તર જખમી થયા.

પણ આ બંદરમાં બિનલડાયક વસ્તીનો ઘણો સંહાર થયો. એકસો મરદો, ઓરતો, અને છોકરાં માર્યાં ગયેલાં; અને સુમારે ૪૫૦ માણસો જખમી થયેલાં. કુલ ત્રણેય શહેરોમાં મળીને મરેલાં અને જખમી બાળકો, સ્ત્રીઓ અને પુરુષોની સંખ્યા ૬૭૧ ની હતી. ગોળાઓ વરસતા હતા, તે છતાં એક ન્હાની નિર્દોષ અને હિંમતવાન છોકરી નિશાળે જવા નિકળેલી. તેણે કહેલું, કે "મા, મારે એ ચાંદ મેળવવોજ જોઇએ." ચાંદ નિયમિત હાજરી માટેનો હતો; પણ ક્રિમડન નામની શેરીમાં એ છોકરીના ટુકડેટુકડા થઇ ગયા. છ અને ચૌદ મહિનાનાં બાળકો વેદનામાં મરણ પામ્યાં. ત્રણ ભયભીત છોકરાં શેરીમાં ન્હાસતાં હતાં, ત્યાં એકજ ગોળાથી નષ્ટ થયાં. માયાળુ મજૂરણો પડોસીઓનાં છોકરાંને કોઇ સલામત ઠેકાણે તેડી જતી હતી, ત્યાં તે છોકરાંઓ સહિત રામશરણ થયેલી.

હાર્ટલપૂલના જૂના શહેરમાં કોડીબંધ મકાનોના ચૂરેચૂરા થઇ ગયા. છાપરાં ઉડી ગયાં, દિવાલો પડી ગઇ, અને માત્ર ભાંગેલી ઇંટો અને ચૂનાના ઢગલા બની રહ્યા. ગૅસનાં કારખાનાં, રેલવેનાં સ્ટેશનો, વીજળીનાં કારખાનાં, વગેરે ઉપર ગોળા ફેંકાયેલા. પણ માત્ર ગૅસનાં કારખાનાંને અને મેસર્સ ફર્નેસ, વિથી અને કંપનીનાં કારખાનાંને વધારે ઇજા થયેલી. એકંદરે, લગભગ ૫૦૦ મકાનોનો નાશ થયેલો. લગભગ ચાળીશ મિનિટ સુધી પાસેથી ગોળા પડવાને લીધે એ બધી હાનિ થઇ.

વ્હિટબી અને હાર્ટલપૂલ ઉપર જે ગોળા પડ્યા, તેના સંબંધમાં એમ કહી શકાય, કે એ અપરાધ હતો એટલુંજ નહીં, પણ એક મોટી ભૂલ હતી. સુધરેલી લડાઇના મુખ્ય નિયમો કંઇ સાદી દયાની લાગણીને લીધે ઉદ્ભવેલા નથી. જર્મનો એ પાઠ તેમના ભયંકર ત્રીશ વરસના વિગ્રહમાં શીખ્યા હતા, કે જ્યારે બિનલડાયક વસ્તીને હેરાન કરવાને લીધે લશ્કરોને ભૂખે મરવું પડેલું; કારણકે જે પ્રદેશમાં થઇને સિપાઇઓ ચાલતા હતા તે વેરાન થયેલો, અને તેમાં ખોરાક રહેલો નહીં. સિપાઇઓની ખાતરજ તે પછીની સાધારણ જમીનની લડાઇઓમાં ન લડનારાઓને બચાવવામાં આવતા. એજ પ્રમાણે જૂના વખતની નૌકાની લડાઇઓમાં બ્રિટિશો અને ફ્રેંચો પણ દયાના નિયમોને માન આપતાં શીખ્યા હતા. પ્રથમ તો કાફલાઓ એક-બીજાના કિનારા પરનાં બંદરો ઉપર ચડાઇ કરતા. પછી ધીમે ધીમે તેમણે જોયેલું, કે એ તો મૂર્ખતા છે. જે કાફલો કિંમતી દારૂગોળાને વેડફી નાંખતો, અને માત્ર માલનો નાશ કરવા ઉપર અને લડનારાઓને કાપી નાંખવા ઉપર ધ્યાન આપતો, તે દરિયા ઉપર હરીફ કાફલાની સાથે ભેટો થતાં નબળો માલુમ પડતો. તેટલા માટે લડતા નૌકાધિકારીઓ ધીમે ધીમે લડાઇને માટેજ દારૂગોળો સંગ્રહતા થયેલા.

જર્મનો નૌકાબળના ઉપયોગનો અનુભવ ન હોવાથી જંગલીપણામાં પડી ગયા, એમાં નવાઇ નથી. એટલે ત્રીશ વરસના વિગ્રહના ભૂલાઇ ગયેલા પાઠ તેમને ફરી શીખવવાનું કામ તેમના સામાવળિયાની ઉપર આવી પડ્યું. તેમને એમ દેખાડવાની જરૂર હતી, કે સુધરેલી લડાઇના નિયમો માત્ર દયાની લાગણી ઉપર સ્થપાયેલા નથી, એ લાગણીની તો પ્રસંગોપાત્ત કોઇ પણ વિજેતા અવગણના કરી શકે, પણ તેઓ સામાન્ય વ્યાવહારિક બુદ્ધિ ઉપર સ્થપાયેલા છે.

સર જૉન જેલિકોએ જર્મનોને શિખવવાનો પાઠ તૈયાર કરી રાખ્યો હતો. પાછાં ફરતાં જર્મન વહાણોની બરાબર ખબર લેવાત; પણ ધૂમસથી તેઓ ન્હાસી જઇ શક્યાં, જોકે એક મોટા વહાણને ઘણી ઇજા થઇ ખરી.

ત્રીજી વાર ૧૯૧૫ ના જાન્યુઆરીની ૨૩ મી તારીખ અને શનિવારે સાંઝે ચાર જર્મન વહાણો ફરી ઉપડ્યાં. બીજી વારની માફક આ વખતે પણ સંજોગ એવો બન્યો, કે જેવું એડમિરલ હિપર વિલ્હેલ્મસહેવન છોડ્યું, કે તરત સર ડેવિડ બેટ્ટીએ સ્કૉટલેંડનું એક બંદર છોડ્યું. તેની સાથે કેટલાંક ઝડપથી ચાલનારાં અને બીજાં લડાયક વહાણો હતાં. "ઑરોરા" નામે એક વહાણ કપ્તાન વિસ્કૉટ નિકલસનની સરદારી નીચે સૌથી આગળ ચાલતું હતું. તેણે રવિવાર, તા. ૨૪ મી જાન્યુઆરીએ સ્હવારમાં સાત વાગ્યે ડૉગર બેંક પાસે જર્મન ક્રૂઝરોને દીઠી. સાત ઉપર વીશ મિનિટે ઑરોરાએ તોપો ચલાવવી શરૂ કરી. હવા અનુકૂળ હતી.

દુશ્મનની લાઇનનાં પાછલાં વહાણોમાંથી દરિયામાં સુરંગો નાંખવાની ગોઠવણ હતી, કે જેથી પાછળ પડનારાં બ્રિટિશ વહાણોને નુકસાન થાય. પણ સર ડેવિડ બેટ્ટીએ એ માર્ગે નહીં પણ તેને સમાંતર બીજે માર્ગે ચાલવાનું ઠરાવ્યું. બન્ને લાઇનો એક બીજીથી છ સાત માઇલ દૂર હતી.

જર્મનો ૧૪ માઇલ આગળ હતા. આપણા ખલાસીઓએ તેમને ૮૨ મિનિટમાં પકડી પાડ્યા. તેમનું "બ્લૂશર" કરીને વહાણ કલાકે લગભગ ૨૫ માઇલજ ચાલનારૂં હતું. એ વહાણ સાથે લેવામાંજ તેમણે ભૂલ કરી હતી.

નવ ઉપર નવ મિનિટે, જ્યારે વહાણો એકબીજાથી દશ માઇલ દૂર હતાં, ત્યારે "સિંહ" નામના બ્રિટિશ વહાણે બ્લૂશર ઉપર પહેલો તોપનો ગોળો નાંખ્યો. ૧૧ મિનિટ પછી "વાઘ" નામના બીજા વહાણે પણ ગોળા ફેંકવા માંડ્યા. જર્મન વહાણો ડર્ફ્ફલિંગર અને સૈદલિટ્ઝ ઉપર પણ મારો ચાલ્યો. માત્ર મોલ્ટકે નામના તેમના વહાણને બહુ ઇજા ન થઇ; કારણકે શરૂઆતની લડાઇમાં તે ધુમાડામાં છુપાયેલું હતું.

આઠથી દશ માઇલ સુધી દૂર રહેલાં, અને ત્રીશ માઇલ કરતાં પણ જરા વધારે ઝડપથી ચાલતાં વહાણો પર ગોળા નાંખવામાં ગણિતનો ખપ પડે છે. ખરૂં જોતાં ગણિત જાણનારાઓજ લડાઇ લડે છે. તોપો કેટલી ઊંચી રાખવી, અને કયે વખતે ફોડવી, કે જેથી ગોળો આકાશમાં ચક્ર લઇને બરાબર નિશાન ઉપર પડે, એ ચોકસ કરવામાં ગણિતનો ખપ પડે છે. નિશાનની સાથે એક લાઇનમાં તોપ આવે, તે પછી પણ જો ઊંચાઇ બરાબર ન રાખી હોય, તો ગોળાઓ આગળ કે પાછળ પાણીમાં પડ્યા વગર રહે નહીં. દશ માઇલને છેટેથી ૧૩૫ ઇંચના ગોળાને હવાઇ મુસાફરી કરતાં લગભગ ૨૦ સેકંડ લાગે છે. એટલા વખતમાં ૨૯ અથવા ૩૦ માઇલની ઝડપથી ચાલતું નિશાન અમુક અંતર સુધી આગળ ચાલે છે. એટલે ૧/૩ મિનિટમાં વહાણ જ્યાં પહોંચશે એવી વકી હોય, તે સ્થાનને લક્ષીને ગોળા ફેંકવા પડે છે. નિશાનને બરાબર

લાગે તેટલા માટે બધી તોપો એક સાથે ફોડવામાં આવે છે, કે જેમાંથી એકાદ ગોળો વાગ્યા વગર રહેતો નથી.

લડાયક નૌકાધિકારીઓ જ્યારે દુશ્મનનો ભેટો થાય છે ત્યારે ન્હાસી જતા નથી, પણ થોભીને બરાબર લડાઇ કરે છે. ન્હાસવાના કરતાં એ પ્રમાણે કરવાથી તેમનાં વહાણોને ઓછું નુકસાન થાય છે. માણસો પણ એમ કરવાથી વધારે હિંમતમાં રહે છે, અને જો વિજય મળે છે તો પૂરેપૂરો મળે છે. પણ ન્હાસતાં વહાણો ઉપર મારો કરવાનું સામા પક્ષને હમેશાં વધારે ફાવે છે.

રીઅર-એડમિરલ હિપરની પાસે ૫ વહાણોની સામે ૪ વહાણ હતાં, અને ૪૦ મોટી તોપોની સામે ૩૬ તોપો હતી. તેની તોપો બ્રિટિશના કરતાં ન્હાની હતી; એટલે એ જોર બ્રિટિશની પાસે બમણું હતું એમ કહી શકાય. છતાં, તેને આવડ્યું હોત, તો તે સારી બહાદુરી બતાવી શકત. નેલ્સનને માટે એવું કહેવાય છે, કે તે હમેશાં વધારે પ્રબળ દુશ્મનની સામે લડવાને તૈયાર હતો; અને પોતાની બુદ્ધિથી ધારેલે ઠેકાણે ભયંકર મારો કરી શકતો. પણ હિપરે તો ન્હાસી જવાનુંજ પસંદ કર્યુ. કદાચ તેનો ઇરાદો સર ડેવિડ બેટ્રીને જાળમાં ફસાવવાનો હશે.

છેવટે બ્લૂશર ડુબ્યું; અને બચેલા ખલાસીઓ પાણીમાં તરફડવા માંડ્યા. ઘણાખરા જર્મનોની સાથે છાતી પાસે હવાથી ભરેલી રબરની કોથળીઓ હતી; જેને લીધે લગભગ ૧૨૫ જેટલા ઉપાડી લેવાયા ત્યાં સુધી તરતા રહેલા. વધારે બચ્યા હોત; પણ જ્યાં આપણી હોડીઓ તેમને લેતી હતી, ત્યાં ઉપર એક ઝેપ્પેલિન આવ્યું, અને તેણે બોંબ નાંખવા માંડ્યા. વિમાનીએ કદાચ ડુબતા વહાણને બ્રિટિશ ધાર્યું હશે. ઝેપ્પેલિન ઉપર જેવા બે ગોળા છૂટ્યા, તેવું તે નાઠું, અને ફરી દેખાયું નહીં.

જો લડાઇ એક કલાક વધારે ચાલી હોત, તો બધાં વહાણો ડુબી જાત. પણ જર્મનીને ફરી એક વાર નસીબ અનુકૂળ થયું. સર ડેવિડ બેટ્રીના વહાણને ઇજા થઇ; અને તેને થોડી વાર પાછળ રહેવું પડ્યું. દરમિયાન રીઅર-એડમિરલ સર આર્ચિબાલ્ડ મૂરના હુકમથી લડાઇ બંધ કરવામાં આવી. જર્મન સબમરીનો અને સુરંગો પાસે હોવાના કારણથી એ હુકમ અપાયેલો સંભવે છે, એવો ખુલાસો એક વાર બહાર પડ્યો હતો. પણ પાછળથી તે બાબત ઉપર જોઇએ તેટલું અજવાળું પાડવામાં આવેલ નથી.

લડાઇના તાર.

—:o:—

ઇરાનમાં સ્થિતિ.

પિટ્રોગ્રેડ, ૧૭ મી ડીસેમ્બર.

રુશિયનોએ હમદાનનો કબજો લીધો છે, અને તેઓ કુમ નજીક આવતા જાય છે. બ્રિટિશ અને રુશિયન કોન્સલોએ કરમાન છોડી દીધું છે. શિરાઝમાં બ્રિટિશ નિવાસીઓ હજી કેદમાં છે. યઝ્દના બ્રિટિશોના કશા સમાચાર નથી. સુલતાનાબાદના બ્રિટિશો છૂટા થયા છે.

નવી બાલ્કન રંગભૂમિ.

લંડન, ૧૭ મી ડીસેમ્બર.

ઇટાલિયન પત્રો જણાવે છે, કે ઑસ્ટ્રિયનો અને બલ્ગેરિયનો હવે આલ્બેનિયામાં ઉતરશે; અને ઇટલી એ લડાઇમાં મુખ્ય ભાગ લેશે.

આલ્બેનિયામાં લાખો સર્બિયન ન્હાસેડુ સ્ત્રીઓ અને બાળકો ખોરાક વગર દુઃખી થાય છે. અમેરિકન સરકારે પોતાના રોમના એલચીને ફરમાવ્યું છે, કે બની શકતી બધી આગબોટો ભાડે રાખીને એ સર્વને ઇટલીમાં લાવવાં.

સ્કુટારી, ડુરાઝો, અને એલ બસાન વચ્ચે ૧૫૦,૦૦૦ સર્બિયન લશ્કર પડ્યું છે. બીજા ૫૦,૦૦૦ સિપાઇઓ દક્ષિણ આલ્બેનિયામાં છે.

ગ્રીસમાં મિત્ર રાજ્યોનાં લશ્કરો.

પારિસ, ૧૮ મી ડીસેમ્બર.

ગ્રીસમાં મિત્ર રાજ્યો મજબૂત બચાવ કરવાને સજ્જ છે. જર્મન મોટી તોપો હજી આવી પહોંચી જણાતી નથી, એટલે દુશ્મનો હદ ઓળંગીને આવેલ નથી.

ગ્રીસ અને જર્મની.

લંડન, ૧૮ મી ડીસેમ્બર.

ગ્રીક લશ્કર તૈયારી કરી રહ્યું છે. સરકાર એમ માનતી જણાય છે, કે ગ્રીસને પરાણે લડાઇમાં જોડાવવું પડશે.

ધિ ટાઇમ્સ પત્રને ઍથન્સથી ખબર મળી છે, કે જર્મન એલચી એવું બોલેલ છે, કે મિત્ર રાજ્યો સાલોનિકામાં કિલ્લેબંધી કરે છે, તેટલા માટે જર્મનીને ગ્રીક સરહદમાં ઉતરવાની ફરજ પડશે.

સર જૉન ફ્રેંચનો સંદેશો

પારિસ, ૧૯ મી ડીસેમ્બર.

ફીલ્ડ-માર્શલ સર જૉન ફ્રેંચ ફ્રાન્સમાંના લશ્કરને વિદાયગિરીનો સંદેશો મોકલતાં જણાવે છે, કે "મને પાકી ખાતરી છે, કે સેનાના બળ્ય અને વીરત્વથી ભરપૂર પ્રયાસોની તેજસ્વી સફળતા હવે બહુ દૂર નથી."

નિવેદન.

કેટલાક સંજોગોને લીધે આ અંકમાં અમે લડાઇના છેલ્લામાં છેલ્લા સમાચાર આપી શક્યા નથી. બાકી રહેલી બધી મહત્વની બાબતો હવે પછીના અંકમાં લેવામાં આવશે.

આયનવાર દરબારી છાપખાનુ.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૪થી જાન્યુઆરી, ૧૯૧૬. [અંક ૫.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વેહેંચાતું
સામાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૪ થી જાન્યુઆરી ૧૯૧૬.

હિંદ અને નવીન મહાભારત.

ગયા સપ્તાહમાં ૩૦ મી હિંદી નેશનલ કોંગ્રેસના પ્રમુખ તરીકે સર સત્યેન્દ્ર પ્રસન્ન સિંહે એક પરમ ગંભીર અને મહત્ત્વનું વ્યાખ્યાન આપ્યું છે. એ વ્યાખ્યાનમાં ચાલુ વિગ્રહ સંબંધી કેટલાક જાણવા લાયક વિચારો અને ભાવો સમાયલા હોવાથી, અને હિંદના ઇતિહાસમાં તે ઉપયોગી હોવાથી, અમે તેની નોંધ કરવાને પ્રવૃત્ત થઇએ છીએ. સર સત્યેન્દ્ર પ્રસન્ન સિંહે કહેલું :—

"જે સવાલ બીજા બધાના કરતાં આપણાં મનને આ ક્ષણે વધારે રોકી રહ્યો છે તે વિગ્રહનો છે, અને આપણાં હૃદયમાં જે લાગણીઓ ઉછળે છે, તેમાં સર્વોપરિ, છૂટ અને સ્વતંત્રતાની ખાતર ઇંગ્લંડે જે બોજો ઉઠાવ્યો છે, તે માટે ઊંડા સદ્ભાવની છે, તથા ગંભીર મગરૂબીની, કે હિંદ બ્રિટિશ શહેનશાહતના બીજા ભાગોથી પાછળ પડેલ નથી, પણ શહેનશાહતની આપત્તિની વેળાએ તેમની સાથે ખભે ખભો જોડીને ઉભું રહેલ છે. વીર મર્દોની મહાન્ આકાશગંગામાં, કીર્તિના અમર સ્મારક લેખમાં, વહાલાં હિંદી નામો અત્યારે છે, અને તે ન હોય એવું કદાપિ બનશે નહીં, કે જે એ હકીકતનો પુરાવો આપે છે, કે આપણા લોકો "વર્ણસંકર" સુધારાને તાબે થવાની અપકીર્તિના કરતાં નિષ્કલંક મરવાનું વધારે પસંદ કરે છે.० આપણી પાકી ખાતરી છે કે, જે દૈવી પ્રાણ પ્રજાઓને નિર્માણ પ્રમાણે રૂપ આપે છે તેની પ્રેરણાથી છેવટે સત્યના પક્ષનો વિજય થશે, અને વિગ્રહ પૂરો થતાં માનવ જાતિના ઇતિહાસમાં એક નવા યુગનો આરંભ થશે.

"મારી બીજી ફરજ આપણા જે બંધુઓ શહેનશાહતના બચાવ માટે યૂરૂપ, એશિયા, અને આફ્રિકાનાં રણસંગ્રામોમાં પોતાનું લોહી રેડી રહ્યા છે, તેમના તરફ આપણો ભરપૂર સદ્ભાવ અને અંતઃકરણનો આભાર દર્શાવવાની છે. વિગ્રહને લીધે હિંદને એવો પ્રસંગ મળ્યો છે, કે જેવો બીજા કશાથી મળ્યો ન હોત. એ સિદ્ધ થઇ ચૂક્યું છે, કે હિંદનાં લશ્કરો

० સરખાવો :—"संभावितस्य चाकीर्तिर्मरणादतिरिच्यते".

"આબરૂદારને મરણના કરતાં અપકીર્તિ વધારે લાગે છે."

શ્રીમદ્ ભગવદ્ગીતા.

દુનિયાની શ્રેષ્ઠ વ્યવસ્થિત સેનાઓની સામે પણ હિંમતથી, બહાદુરીથી અને દૃઢતાથી લડી શકે છે; અને હિંદના તમામ વર્ગ, ધર્મ, અને કોમના પુત્રો, જ્યારે પરમ પ્રબળ લાગણીનો આવેશ ભરાય ત્યારે, એક લોક તરીકે સજ્જ થઇ શકે છે. વફાદારીનો જે પ્રવાહ આખા હિંદ ઉપર ફરી વળ્યો છે, તેથી બધા વર્ગના માણસોને અસર થઇ છે, એમ આપણા વિરોધી ટીકાકારો પણ સંકોચ વગર સ્વીકારે છે. નામદાર શહેનશાહ રાજાજીના વાવટા નીચે લડવાને જેવા શીખો અને પઠાણો ઉત્સુક છે, તેવાજ બંગાલીઓ પણ છે; અને તેમાંના જેઓને સારવારના, ટપાલ મોકલવાના કે એવા કામમાં સેવા કરવાનો પ્રસંગ મળ્યો છે, તેઓએ જેઓ લડાઇના વધારે કઠણ કામમાં રોકાયલા છે તેમના જેવીજ મોટી જોખમની બેદરકારી અને કર્તવ્ય તરફ ભક્તિ બતાવેલ છે. હિંદે પ્રસંગને ઘટતી મહત્તા દેખાડી છે, અને તેના રાજામહારાજાઓ તથા પ્રજાજનોએ શહેનશાહી વાવટા નીચે એકઠા થવામાં એકબીજા સાથે હરીફાઇ કરી છે; અને તે એવે વખતે, કે જ્યારે શહેનશાહતના દુશ્મનો બેવફાઇ અને અંદરનાં તોફાનોની વકી રાખતા હતા. આ દેખાવથી જે વાતનો વિલક્ષણ પુરાવો મળે છે તે એ છે, કે જેમ પાછલાં થોડાં વરસોમાં જે રાજપુરુષો હિંદની અંદર બ્રિટિશ શહેનશાહતના ધુરંધર થયા છે તેમનામાં ડહાપણ છે, તેમ હિંદી લોકોમાં પણ દુનિયાના જેટલી વિશાળ શહેનશાહતના નાગરિકનાં ગૌરવ અને જવાબદારી સમજવાની લાયકી છે. તેમજ જેમણે એ કીર્તિપ્રદ કાર્યમાં પોતાના જીવ આપ્યા છે, તેમનાં કુટુંબો તરફ આપણી જિગરની અને માનભરેલી દિલસોજી દર્શાવવાનું પણ આપણે ભૂલવું ન જોઇએ.

"પ્રતિનિધિ બંધુઓ, વિગ્રહ હજી ચાલે છે, તે દરમિયાન કોંગ્રેસનું સંમેલન ન કરવામાં ડહાપણ છે કે કેમ, એ બાબતમાં કેટલેક સ્થાનેથી શંકા બતાવવામાં આવી છે. એમ સૂચવવામાં આવ્યું છે, કે રાજકીય સવાલોની ચર્ચાનો એવો ખોટો અર્થ કરવામાં આવશે, કે શહેનશાહતની મુશ્કેલીને વખતે આપણે આપણી પ્રજા માટે છૂટા લાભો મેળવવાનો પ્રયાસ કરીએ છીએ. આવી ધાસ્તીઓ રાખવાને કંઇ ઠીક આધાર હોય એમ હું ધારતો નથી. જો ઇંગ્લંડની છેવટની ફત્તેહ માટે આપણને જરા પણ શંકા હોય, તોજ જે સવાલો વિગ્રહ પૂરો થઇને સમાધાન થયા પછીજ ઉભા થઇ શકે, તેની ચર્ચા કરતાં આપણે આંચકો ખાઇએ. આપણે તો એ પૂરેપૂરૂં સ્પષ્ટ કરવા ચાહીએ છીએ, કે આપણી અંદર એવો એક પણ માણસ નથી, કે જે સરકારને જરા પણ ગભરામણ કરાવવાને રાજી હોય. શહેનશાહતની આપણા સ્વદેશી ભાઇઓએ જે સંકોચ વગરની સેવા બજાવી છે, તેમાંથી કશો સ્વાર્થ સાધવા આપણે ઇચ્છતા નથી. મને વિશ્વાસ છે, કે આપણી છાવણીમાં એવો એક પણ માણસ નથી, કે જે આપણી વફાદારીના મૂલ્ય અથવા ઇનામ તરીકે કશા સુધારાની આશા રાખતો હોય. હવે પછી થનારી મહેરબાનીઓના વિચારમાંથી જો એ વફાદારીનો જન્મ હોય, તો તે નિર્માલ્ય ગણાય. તેમ કોઇ પણ ગંભીર અને જવાબદારીની લાગણીવાળો હિંદી વર્તમાનપત્રી એવી દલીલ નહીં કરી શકે, કે લડાઇના પરિણામ તરીકે હિંદની રાજકીય સંસ્થાઓના વિકાસમાં એકદમ અને ઉતાવળથી ફેરફાર થઇ જવો

જોઇએ. આપણી આગળ જે સવાલ છે તે એ છે, કે જે દૂરદર્શી રાજ્યપુરુષો—ઇંગ્લિશ અને હિંદી—હિંદ માટે કાયદેસર વિકાસને ઇચ્છે છે, તેની રેખામાંથી પરાણે દૂર ગયા વગર કેમ આપણે આ દેશની સ્વતંત્ર સંસ્થાઓના વિકાસ માટે મહત્ત્વનું આગળ પગલું ભરવાનો આગ્રહ કરી શકીએ. આપણી એવી અંતઃકરણની આશા છે, કે આપણા દેશમાં વફાદારીનો જે પ્રવાહ એની મેળે ઉછળી રહ્યો છે, તેને લીધે આપણી અને આપણા રાજ્યકર્તાઓની વચ્ચેનો તમામ અવિશ્વાસ અને સંદેહ દૂર થયેલ છે, અને વિગ્રહ પૂરો થશે તે પછી બ્રિટિશ અમલદારો આપણાં કામકાજનો બરાબર કારભાર ચલાવવાની બહુ નહીં, પણ લોકોને પોતાને કારભાર ચલાવતાં કેળવવાની પોતાની ફરજ સમજશે, અને એ પ્રમાણે પ્રાણનો ફેરફાર થતાં લોકો પણ અમલદારોને પોતાના રાજકીય વિકાસમાં મદદ કરનારાઓ તરીકે ગણવા લાગશે."

આપણો ઉદ્દેશ: સ્વરાજ્ય.

"પ્રથમજ એ પ્રશ્ન થાય છે, કે હિંદનો રાજકીય ઉદ્દેશ શો છે? કેટલાકને આ પ્રશ્ન કદાચ અનાવશ્યક અને બહુ તો પાંડિત્યનો તથા બીજાઓને ખાસ હાનિકારક લાગશે. છતાં મને તો એમ દેખાય છે, કે દેશના ભાવી કલ્યાણના માર્ગમાં મોટામાં મોટું જોખમ એ છે, કે દેશની પાસે એવો કોઇ ભવિષ્યને માટે વિચારપૂર્વક ઠરાવેલો ઉદ્દેશ નથી, કે જે હિંદની ઉછરતી પ્રજાની મહાકાંક્ષાઓને સંતોષ આપવાની સાથે જેમના હાથમાં આપણાં નસીબ સુપ્રત થયાં છે તેમની પણ પસંદગી મેળવી શકે. મારૂં એવું માનવું છે, કે અમુક બુદ્ધિપુરસ્સર ઠરાવેલા અને પ્રેરિત કરે તેવા ઉદ્દેશથી આપણી માતૃભૂમિના ખરા દુશ્મનોની શુભ અને બગાડનારી અસર બંધ પડશે, અને તે, જે હાનિકારક માનસિક વ્યાધિ અરાજ્ય કહેવાય છે, અને જેના તત્ત્વનું પૃથક્કરણ કરવું મુશ્કેલ છે, તે કદાચ નિર્મૂલ નહીં થાય તોપણ. બધા નિખાલસ અને નિષ્પક્ષપાત વિચારકોને સ્પષ્ટ જણાવું જોઇએ, કે જે ઉદ્દેશ કોંગ્રેસ પસંદ કરે છે અને સરકાર સ્વીકારે છે, તે જ્યાં સુધી પ્રથમ હિંદના હૃદયને અને પછી તેના મસ્તકને ગમે નહીં, ત્યાં સુધી સરકારની કે કોંગ્રેસની કોઇ પણ આના માત્રથી જાગ્રત્ થતા દેશના આત્માની વેદના શાંત થવાની નથી. મને એમ લાગે છે, કે સ્વરાજ્યના જે રૂપની હિંદ આશા રાખે છે, તે પ્રેસિડન્ટ લિંકન જેવું સૂત્રના રૂપમાં "પ્રજાની ઉપરનું, પ્રજાને માટેનું, અને પ્રજાના હાથથી ચાલતું શાસન" કહે છે તેથી કશું ઓછું હોઇ શકે નહીં.

"જ્યારે હું આ પ્રમાણે કહું છું, ત્યારે એમ ધ્વનિત કરવાનો મારો બિલકુલ આશય નથી, કે બ્રિટિશ સરકાર એ ઘણા જમાનાઓથી આપણને જે મળતી આવે છે તેમાં સૌથી સારી સરકાર નથી. આપણે માત્ર આસપાસ જોઇએ, તો એ સરકારે આ દેશને કેટલા બધા લાભ આપ્યા છે તે દેખી શકીએ. પણ આ સદીની શરૂઆતમાં એક બ્રિટિશ મુખ્ય પ્રધાને બહુ સાચું

Right Hon. DAVID LLOYD GEORGE, M.P.,

Minister of Munitions.

રાઇટ ઑનરેબલ ડેવિડ લૉઇડ જ્યોર્જ, એમ. પી.,

દારૂગોળા ખાતાના પ્રધાન.

Lakshmi Art, Byculla, Bombay

કહ્યું છે તે પ્રમાણે, 'સારૂ' રાજ્ય સ્વરાજ્યને ઠેકાણે ચાલી શકે નહીં.' એક પ્રખ્યાત બ્રિટિશ પત્રમાં થોડા વખત ઉપર કોઇએ લખ્યું છે, કે :—'દરેક અંગ્રેજ જાણે છે, કે સ્વર્ગથી કોઇ દેવ આવીને શાસન કરવાનો હોય તોપણ, કશાની ખાતર, તે પોતાના કાયદા ઘડવાનો પરમ પવિત્ર હક આપી દેશે નહીં. જો એ હક તેણે છોડી દીધો હશે, તો તે અંગ્રેજ નહીં, અને તે ઇંગ્રેજી બેતરો અને આડો તરફ નજર કરી શકશે નહીં. કાયદાઓ પોતે કદાપિ બહુ મહત્ત્વના ગણાયા નથી. બધા જમાનાઓમાં ભલું કરનારા આપખુદ રાજાઓ અને ડાહ્યા કાયદા બાંધનારાઓ પયદા થયા છે, કે જેમણે પોતાની પ્રજાની આબાદાની વધારી છે, અને ઘણું કરીને તેમને સુખ તથા સંતોષ સુદ્ધાં આપેલ છે, અને તોપણ તેમની સરકારે શહેરીપણામાં નીતિની અને બુદ્ધિની જે પાત્રતા ગુપ્ત રહેલી છે તેનું ઉત્તેજન કર્યું નથી, તેમ લક્ષણને દૃઢ કે સમજણને વિશાળ બનાવેલ નથી. ઍરિસ્ટોટલને ખયાલ હશે તેવા કોઇ પણ કાયદાના કરતાં આત્માશ્રય, આત્મ-વિકાસ, અને આત્મોદ્ધાર તરફના ન્હાનામાં ન્હાના અને આછામાં આછા જુસ્સામાં માણસજાતના ભવિષ્યને માટે વધારે આશા છે.' તેટલા માટે સ્વરાજ્યનો ઉદ્દેશ એવો છે, કે જે માત્ર લાગણી ઉપર નહીં પણ ઇતિહાસના ઉપદેશ ઉપર સ્થપાયેલો છે.

"હું અંતઃકરણથી માનું છું, કે આવો ઉદ્દેશ હિંદમાં બ્રિટિશ શાસનની લગભગ શરૂઆતથી બ્રિટિશ સરકારે પોતે રાખેલો અને પોષેલો છે. જૂદા જૂદા જમાનાના રાજપુરુષોએ એ રાજ-નીતિનો ફરી ફરીને ઉલ્લેખ કર્યો છે, એક પછી એક રાજરાણીએ કૃપા કરીને તેની સંમતિ માટે ગંભીર વચનો આપેલાં છે, અને પાર્લમેન્ટના કાયદાઓએ તેને કાયદાની બહાલી આપી છે. એમાંથી અવતરણો આપીને હું મારા વ્યાખ્યાન પર ભાર ભરવાનો નથી: એ બધી બાબતો અગાઉના પ્રમુખોનાં વ્યાખ્યાનોમાં મળી શકશે. પણ, તમારી રજાથી, માન્ચેસ્ટરમાં ૧૮૭૭ ના ડીસેંબરની ૧૧ મી તારીખે મિ. જૉન બ્રાઇટે એક ભાષણ કરેલું, તેમાંથી માત્ર એક અવતરણ હું આપીશ: 'હું માનું છું કે આપણી ફરજ એ છે, કે આપણી પોતાની ખાતર અને આપણી નીતિબુદ્ધિને સંતોષવાની ખાતર હાલ આપણે હિંદુસ્તાનનું રાજ્ય સારી રીતે ચલાવવું જોઇએ એટલુંજ નહીં, પણ તેની એવી વ્યવસ્થા કરવી જોઇએ, અને તે એવી રીતે ચલાવવું જોઇએ, કે હિંદ પોતાનું રાજ્ય પોતાના હાથમાં લે, અને પોતાને અનુકૂળ લાગે તેમ તેને ચલાવે, એ વખતની આપણે રાહ જોઇ શકીએ. હું કહું છું, કે જે કોઇ આ પ્રમાણે આગળ જોવાને રાજી નથી, અને જે સ્થિતિ આપણે ધારતા હોઇશું અને આશા રાખતા હોઇશું, તે કરતાં કદાચ વહેલી આવે, અને જે બહુ વખત પહેલાં આવ્યા વગર રહેનાર નથી, તે માટે જે કોઇ સ્થિતિને તૈયાર કરતો નથી, તે ખરો રાજપુરુષ નથી, અને આપણા ઉપર જે મોટી અને ભયંકર નીતિ સંબંધી જવાબદારી રહેલી છે, તેની ઊંચી લાગણીથી તે પ્રેરિત નથી.'

"છતાં હકીકત કમનસીબે એ છે, કે થોડાં વરસ પહેલાં જવાબદાર રાજપુરુષોનાં વચનો અને કર્મોથી હિંદના બધા ભાગોની અંદર લોકોના મોટા વર્ગોને એવો શક પડયો છે, કે રાજ-નીતિમાં ફેર થયો છે, અને જાણીબૂજીને પાછાં પગલાં ભરવાનો ઇરાદો જણાય છે. આ શક

છેક પાયા વગરનો નથી, એમ એક પ્રખ્યાત ફ્રેંચ લેખક, કે જેના પર હિંદમાં બ્રિટિશ શાસનને ન વખાણવાનો કે હિંદના સુધારાના પક્ષ તરફ અતિશય સદ્‌ભાવ હોવાનો આરોપ મૂકી શકાય તેમ નથી, તેના અભિપ્રાય પરથી જણાશે. મિ. શેલી કહે છે: 'જો "હિંદીઓ માટે હિંદ"નું સૂત્ર ઇંગ્લંડે સ્વીકાર્યું હોત, અને એલ્ફિન્સ્ટન તથા માલ્કમના વિચારોને અનુસરીને પોતાના અમલને થોડા વખતનો ગણવાનું તેણે જારી રાખ્યું હોત, તો તે કશી અસંગતિ વગર પ્રજાકીય પક્ષને ધીમે ધીમે વધારે અને વધારે હકો આપી શકત, કે જેથી વખત જતાં હિંદીઓને પૂરેપૂરું સ્વરાજ્ય મળત, પણ હાલમાં એ તેનો ઉદ્દેશ નથી.' શું કોઇ પણ વિચારશીલ માણસ એવું ધારે છે, કે લૉર્ડ મોરલીના પ્રખ્યાત શબ્દો પ્રમાણે, જે હજારો જુવાનો 'સ્વતંત્રતા, પ્રજાત્વ, અને સ્વરાજ્યના વિચારોથી મદોન્મત્ત થઇને આપણી યુનિવર્સિટીઓને છોડી જાય છે,' તેમનાં ધડકતાં હૃદય એવી અનાશ્વાસક ખાતરી આપવાથી સંતુષ્ટ થઇ શકશે, કે સ્વતંત્ર સંસ્થાઓ માટે તો કેવળ પશ્ચિમનેજ ખાસ અધિકાર છે? શું એમાં કશું આશ્ચર્ય છે, કે આ જુવાનોમાંના ઘણા, કે જેમને ઇંગ્લંડની પ્રામાણિકતા અને શુભેચ્છામાં આ કોંગ્રેસના સભાસદોના જેવી પ્રબળ આસ્થા ન હોય, તેઓ આવી રાજનીતિના શક માત્ર ઉપરથી પણ મનભંગ થઇ જાય છે, અને નિરાશાને લીધે માની બેસે છે, કે દૂરથી પણ સ્વતંત્રતાની ઝાંખી વગરની શાંતિ અને વ્યવસ્થાના કરતાં તો 'અવ્યવસ્થા અને કાપાકાપીની ગર્જના અને કીકિયારી' બહેતર છે? પંદર વરસ પહેલાં લૉર્ડ મોરલીએ કહેલું, કે 'ઇંગ્રેજો આજ સુધી એવું વિચારતા આવ્યા છે, કે "સ્વતંત્ર" એ પવિત્ર શબ્દ માણસના હૃદયને પ્રેરિત કરનાર સર્વોપરિ મહાકાંક્ષા છે.' અને આજે, બીજાઓ સ્વતંત્ર થાય, તેની ખાતર લાખો ઇંગ્રેજો છૂટથી પોતાની ઝિંદગીનો ભોગ આપી રહ્યા છે: તેટલા માટે હિંદના હૃદયમાં જે મોટી અને આગ્રહી ઇચ્છા છે, તેની એક ઇંગ્રેજને બરાબર કલ્પના અને કદર થવી જોઇએ, અને હું મારા બધા બળ અને આગ્રહથી કહું છું, કે જો માલ્કમ અને એલ્ફિન્સ્ટનની, કેનિંગ અને રિપનની, બ્રાઇટ અને મોરલીની રાજનીતિનું દૃઢતાથી, નિરંતર, અને બરાબર અનુસરણ નહીં થાય, તો અમારામાં જે મધ્યમ પક્ષ છે, તેમાંથી માનવ લક્ષણમાં જે કંઇ સુંદર અને ઉદાત્ત છે તેનો સત્વર લોપ થઇ જશે. મને પૂછાવો, તો હું એક ધાર્મિક સિદ્ધાંતના આવેશથી માનું છું, કે તે ડાહી અને વાજબી રાજનીતિ હજી પણ મહાન્ ઇંગ્લિશ પ્રજાની રાજનીતિ છે. જ્યારે નામદાર રાજાજીએ આપણને દિલસોજીનો અને પાછળથી આશાનો માયાળુ સંદેશો મોકલ્યો, ત્યારે આપણી રાજકીય આકાંક્ષાઓને માટે દિલસોજી અને તેમની ભાવી સફળતા માટે આશા સિવાય બીજો તેનો શો અર્થ હતો? છેક ચાલુ વરસના ઑકટોબરની ૮ મી તારીખે સિમલામાં યુનાઇટેડ સર્વિસ કલબની અંદર ઘણા અમલદારોને સંબોધન કરતાં નામદાર વાઇસરૉયે નીચે પ્રમાણે કહ્યું હતું:—

(આ મહત્ત્વનો લેખ આવતા અંકની અંદર જારી રાખવામાં આવશે.)

લડાઇના તાર.

—:o:—

ગ્રીસની ચિંતા.

ઍથન્સ, ૨૪ મી ડીસેંબર.

ગ્રીક માસીડોનિયામાં લડાઇ સળગવાના સંભવથી ગ્રીક પ્રજા બહુ ચિંતાતુર બની છે. પણ લશ્કરી અધિકારીઓ ધારે છે, કે હુમલો જલદીથી આવે એ સંભવિત નથી.

મોનેસ્ટિરમાં દુર્દશા.

લંડન, ૨૪ મી ડીસેંબર.

સાલોનિકા ખાતેનો ધિ ટાઇમ્સનો ખબરપત્રી જણાવે છે, કે મોનેસ્ટિરથી આવેલા ન્હાસેડુઓના કહેવા પ્રમાણે, બલ્ગરોએ અમેરિકા તરફથી વહેંચાતો લોટ બંધ કરવાને લીધે, હજારો માણસો રોટલા વગરનાં છે. ગરીબ મુસલમાનો ભૂખના દુઃખથી દર રોજ મરી જાય છે.

દુશ્મનની હીલચાલ.

લંડન, ૨૬ મી ડીસેંબર.

આમ્સ્ટર્ડામથી ખબર મળે છે, કે મોખરાની પાછળ જર્મનો પુષ્કળ લશ્કરની હીલચાલ કરી રહ્યા છે. મિત્ર રાજ્યોનાં લશ્કર કેવડાં છે અને શી રીતે ગોઠવાયેલાં છે, તેની ખબર ન હોવાથી તેઓ હુમલો કરતાં વાર લગાડે છે.

ઇરાનમાં નવું પ્રધાનમંડળ.

તેહેરાન, ૨૬ મી ડીસેંબર.

પ્રધાનમંડળે રાજીનામું આપ્યું છે, અને શાહે રાજવંશી ફરમાન ફરમાની મુખ્ય પ્રધાન તરીકે નીમણુક કરી છે.

રૂશિયન મોખરા પરની સ્થિતિ.

પારિસ, ૨૮ મી ડીસેંબર.

પિતૃગ્રેડથી તારમાં ખબર આવે છે, કે જર્મનોએ આખા મોખરા ઉપર મજબૂત કિલ્લેબંધી કરી છે. આખો વિલ્ના-દ્વિન્સ્ક પ્રદેશ ખાઇઓથી ભરાઇ ગયો છે; અને બગની આખી લાઇનને મજબૂત કરવામાં આવેલ છે. સંચાથી ચાલતી બંદૂકોની દુશ્મનની પાસે અતિશય મોટી સંખ્યા માલુમ પડે છે; અને મેળે ફુટતી રાઇફલોની સંખ્યા હમેશાં વધતી જાય છે.

વાર્ના ઉપર તોપના ગોળા.

રોમ, ૨૮ મી ડીસેંબર.

બુખારેસ્ટથી તારમાં ખબર આવે છે, કે રૂશિયનોએ શુક્રવારે વાર્ના ઉપર ફરીને તોપના ગોળા ફેંક્યા છે, અને બલ્ગેરિયાની એક ટોર્પીડો હોડી ડુબાવી છે. શહેરમાં પુષ્કળ આગ સળગતી દેખાઇ છે.

ઇજિપ્તની સરહદ ઉપર.

લંડન, ૨૮ મી ડીસેંબર.

ગઇ કાલના તુર્કી તારમાં ઇજિપ્તની સરહદ ઉપર લડાઇ થવાની એક કલ્પિત વાત આવી છે. એથી ઉલટું, "પ્રેસ બ્યુરો" જણાવે છે, કે ડીસેંબરની ૧૪મી અને ૨૪મી તારીખ વચ્ચે સરહદ ઉપર કશી લડાઇ થઇ નથી; પણ મુખ્ય આરબ લશ્કર ક્યાં છે તે ૨૫મીએ જણાયું હતું, અને તે વિખેરી નાંખવામાં આવેલ છે.

આલ્બેનિયા અને ઇટલી.

પારિસ, ૨૯ મી ડીસેંબર.

સાલોનિકાથી જણાવવામાં આવે છે, કે વેલોના ખાતેના ઇટાલિયન લશ્કરની કેટલીક ટુકડીઓ એપિરસની સરહદ પાસે આવતી જાય છે.

જનરલ ગેલિએનીના ઉદ્ગાર.

પારિસ, ૨૯ મી ડીસેંબર.

ફ્રાન્સના વિગ્રહખાતાના પ્રધાન જનરલ ગેલિએનીએ ત્યાંની સેનેટમાં કાઢેલા ઉદ્ગાર સાંભળવા લાયક છે:—"ફ્રાન્સ, કે જેને ૧૮ મહિના પહેલાં સુલેહ જોઇતી હતી, તે અત્યારે બધા ઉત્સાહથી વિગ્રહ માગે છે. જે કોઇ 'સુલેહ' શબ્દ બોલે છે, તે નઠારો નાગરિક જણાય છે. મોટો વિરોધ ત્યારેજ શાંત થશે, કે જ્યારે ફ્રાન્સ પોતાનાં મિત્ર રાજ્યોની સાથે એમ કહી શકવાની સ્થિતિમાં આવશે, 'કે હવે મને જે જોઇતું હતું તે મળ્યું, એટલે હું બંધ કરૂં. હવે હું શાંતિના વખતના પ્રયાસો ફરી હાથમાં લઉં.'"

રુશિયા અને ઇરાન.

લંડન, ૨૯ મી ડીસેંબર.

તેહેરાનથી ખબર મળે છે, કે રુશિયનોએ કાશાનનો કબજો લીધો છે, અને તેઓ ઇસ્પાહાન તરફ કુચ કરતા જાય છે.

આડ્રિઆટિકમાં નૌકાયુદ્ધ.

પારિસ, ૩૦ મી ડીસેંબર.

ઑસ્ટ્રિયનોને ફરીને નૌકાની ચડાઇ કરવા જતાં મિત્ર રાજ્યોના કાફલા સાથે લડાઇ થઇ છે, અને બે વહાણોનો નાશ થતાં બાકીનાં ન્હાસી ગયાં છે.

નિવેદન.

આજના અંકની સાથે બ્રિટનના પ્રખ્યાત પ્રધાન મિ. લૉઇડ જ્યોર્જનો એક સુંદર ફોટોગ્રાફ અમે અમારા વાંચનારાઓને ભેટ કરીએ છીએ.

આવનગર દાબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૧૧ મી જાન્યુઆરી, ૧૯૧૬. [અંક ૬.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વેંહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૧૧ મી જાન્યુઆરી ૧૯૧૬.

હિંદી નેશનલ કોંગ્રેસના પ્રમુખનું વ્યાખ્યાન.

(ગયા અંકથી ચાલુ.)

'ઇંગ્લંડે આ દેશમાં સ્વતંત્રતા અને સ્વમાનની ભાવનાઓ સહિત પશ્ચિમના સંસ્કાર અને સુધારાને દાખલ કરેલ છે. હવે તે હિંદની સ્થૂલ સ્થિતિનોજ વિચાર કરે તેથી બસ નથી. જે મહાકાંક્ષાઓનાં બીજ તેણે પોતે વાવેલાં છે, તેનું તેણે પોષણ કરવું આવશ્યક છે; અને ઇંગ્લિશ અમલદારો એ હકીકત સમજવા જેટલા ધીમે ધીમે જાગ્રત્ થતા જાય છે, કે તેમના પુરોગામીઓના ઉદ્દેશો જોકે ઉંચા અને તેમનાં કર્મ વિલક્ષણ હતાં, છતાં તેમને પોતાને એથી પણ ઉદાર કર્તવ્ય પ્રાપ્ત થયેલ છે, જે એ છે કે હિંદી વિકાસનાં અદૃઢ અને શિથિલ પગલાંને સીધા અને સલામત માર્ગે દોરી જવાં. નાયક, ફિલસુફ અને દોસ્તનો નવો અધિકાર તમારી આગળ પ્રગટ થવા માંડ્યો છે, અને તે તમારા મોટામાં મોટા પ્રયાસોને પાત્ર છે. તેને તમારામાં કલ્પના અને સમભાવની બક્ષિશોની અપેક્ષા છે, અને તે માટે તમારે સ્વાર્પણ કરવું પડશે, કારણકે તેનો અર્થ એ છે, કે અત્યાર સુધી તમે જે સત્તા વાપરી છે, તેમાંથી થોડી તમારે ધીમે ધીમે પણ અવશ્ય છોડી દેવી પડશે. એ સ્પષ્ટ થવું જોઇએ, કે ભૂત કાલમાં ઇંગ્લંડનું કર્તવ્ય જોકે મોટું હતું, છતાં ભવિષ્યની અંદર લોકોને તેમના રાજકીય આત્મવિકાસમાં ઉત્તેજન અને મદદ આપવાની અંદર એથી પણ વધારે કીર્તિપ્રદ કર્તવ્ય તેને બજાવવાનું રહે છે. જે લક્ષ્ય સુધી હિંદ પહોંચશે તે હજી દૂર છે, અને તેના માર્ગમાં ઘણાં સ્થિત્યંતરો થવાનો સંભવ છે, પણ હું ખાતરીથી એ વખતની ઝાંખી કરી શકું છું, કે જ્યારે સદ્વર્તન અને સ્વમાનથી મજબૂત થયેલ, અને સ્નેહ તથા આભારની ગ્રંથિઓથી બંધાયેલ હિંદને શહેનશાહતના એક સાચા મિત્ર તરીકે ગણવામાં આવશે, અને માત્ર વિશ્વાસપાત્ર આશ્રિત તરીકે નહીં. આ ઉદ્દેશની સંપૂર્ણ સફલતાનો દિવસ હજી આવ્યો નથી, પણ એ દૂરના લક્ષ્ય ઉપર બ્રિટિશ અમલદારોએ દૃષ્ટિ રાખવી પડે છે, અને તેમણે સમજવું પડે છે, કે આ દિશામાં જે ફત્તેહ તેઓ મેળવશે, તેથીજ બ્રિટિશ શક્તિ અને કુશળતાની પરીક્ષા થશે.'

"લૉર્ડ હાર્ડિંજના આ શબ્દો, કે જે હજી પણ આપણા મનમાં ધ્વનિ કરતા હોવા જોઇએ, તે કોઇ બિનજવાબદાર આવિષ્ટ માણસના ખાલી ખયાલ નથી, પણ એવા એક રાજપુરૂષનું

વિચારપૂર્વક ઉચ્ચારણ છે, કે જે રાજ્યના વહાણને અપૂર્વ તોફાન અને મુશ્કેલીના વખતમાંથી સલામત લઇ આવ્યા પછી તેના પોતાના સ્વદેશીઓને અને આપણને આ સંદેશો મોકલે છે.

*　　*　　*　　*

"પણ આપણી અંદર એવા કોઇ છે, કે જેઓ નામદાર વ્હાઇસરૉયનો આશાનો સંદેશો સ્વીકારવા છતાં, પૂરેપૂરો વખત હજી આવ્યો નથી, એ વાત સ્વીકારવાને નારાજ હોય? એવા જો કોઇ હોય, તો તેમનાથી મારો અભિપ્રાય કેવળ જૂદો છે, એમ કહેતાં હું અચકાતો નથી; કારણકે મારા દેશી ભાઇઓને નુકસાન કરવાના કરતાં નારાજ કરવાનું જોખમ વહોરવાને હું વધારે તત્પર છું. મારા અભિપ્રાયને એ હકીકતથી પુષ્ટિ મળે છે, કે કોંગ્રેસના લગભગ દરેક આગેવાન નાયકે દેશના બધા સાચા ચાહનારાઓનાં અંતઃકરણ પર એટલું ઠસાવવાનો પ્રયાસ કરેલો છે, કે માર્ગ લાંબો અને વાંકોચૂંકો છે, અને વચન મળેલે સ્થાને પહોંચશું, તે પહેલાં તો ઘણાં થાક લગાડે તેવાં પગલાં ભરવાનાં આવશે. 'આપણે અરુણોદય પહેલાં ઉઠશું, તેટલા માટે દિવસ કંઇ વહેલો થનાર નથી.' અધીરાઇથી અંત આવવાનો નથી. હું માનું છું, કે હિંદનો કોઇ પણ સાચો મિત્ર આટલી સરત દર્શાવ્યા વગર સ્વરાજ્યનો ઉદ્દેશ આપણી આગળ મૂકશે નહીં. એથી કરીને જુસ્સાદાર જૂવાનોનું સીધો અને થકવનારો રસ્તો છોડીને ભયંકર અને વિનાશક ટૂંકી કેડીઓ લેવાનું વલણ થાય છે, કારણકે એ નિસ્સંદેહ સાચું છે, કે આવેશમય જુવાનીને એક ભવ્ય આદર્શની ખાતર મરવું, એ નિરંતરની સહનશીલતા તથા સંતત સ્વાર્પણની સાથે તેની ખાતર જીવવા અને કામ કરવાના કરતાં વધારે સહેલું લાગે છે. સ્વરાજ્યને માટેની ઇચ્છામાં હું કોઇથી હઠું તેમ નથી, પણ હું સ્વીકારૂં છું કે ઇચ્છાની અને પ્રાપ્તિની વચ્ચે મોટું અંતર છે.

એક લક્ષ્ય: એક ઉદ્દેશ.

"સ્વરાજ્યનો અમૂલ્ય ખજાનો આપણે કેટલી રીતે મેળવી શકીએ, તેની ચાલો આપણે સ્વતંત્રતાથી અને સંકોચ વગર ચર્ચા કરીએ. મને લાગે છે, કે નીચેના ત્રણ માર્ગોમાંથી કોઇ એક માર્ગેજ તે બને તેમ છે:—

"પહેલો, બ્રિટિશ પ્રજા આપણને તેની એકદમ બક્ષેશ કરી દે તો.

"બીજો, તેમની પાસેથી આપણે પડાવી શકીએ તો.

"ત્રીજો, આપણી માનસિક, નીતિ સંબંધી, અને સાંસારિક સ્થિતિમાં ધીમે ધીમે એવો સુધારો થાય, કે જેથી એક તરફથી આપણે સ્વરાજ્યને લાયક થઇએ, અને બીજી તરફથી તે બક્ષવાની આપણા રાજ્યકર્ત્તાઓ ના પાડી શકે નહીં.

"હવે પહેલા માર્ગનો વિચાર કરીએ. જો ઇંગ્લિશ પ્રજા આપણને સંપૂર્ણ સ્વરાજ્યની એકદમ બક્ષેશ કરી દેવાને રાજી હોય,—અને જેઓ કોંગ્રેસથી સૌથી વધારે વિરુદ્ધ વિચારના છે

તેઓ એવી તત્પરતાની પહેલા ના પાડે છે,—તોપણ એ વરદાન સ્વતઃ સ્વીકારવા યોગ્ય છે કે કેમ, તેની મને શંકા છે. કારણકે રાજનીતિમાં એ સૌ કોઇ સમજે છે, કે વ્યક્તિઓની માફક પ્રજાઓને પણ સ્વતંત્રતા ક્રમે ક્રમે મળવી જોઇએ, અને રાજકીય સંસ્થાઓને અકાલપ્રસવથી જેટલી હાનિ થાય છે તેટલી બીજા કશાથી થતી નથી: તેમ એ પણ આપણે ભૂલવું ન જોઇએ, કે હિંદ સ્વતંત્ર થવાથી કદાપિ પ્રાચીન હિંદુસ્તાન બની શકે તેમ નથી. યોગ્ય રીતે કહેવામાં આવેલ છે તેમ, એ દર્શન તો ત્યારેજ સાચું પડી શકે, કે જ્યારે ઇંગ્લિશથી સ્વતંત્ર થયેલું હિંદ શાંત એકાંતમાં અથવા તો બીજા બધા દેશોથી અસંબદ્ધ રહેલું હોય; પણ કમનસીબે વર્તમાન દુનિયાની કઠોર હકીકતો સ્વીકારવી પડે છે, એટલે હિંદ જો ઇંગ્લંડથી છૂટું થાય, પણ ટક્કર લેવાની ખરી શક્તિ ન હોય, તો પ્રજાઓના એક બીજા વિરોધમાં તરત ઝંપલાયા વગર રહે નહીં.

"હવે બીજો માર્ગ વિચારીએ. બ્રિટિશ રાજ્યની સાથે વિરોધ કરીને તરત સ્વરાજ્ય મેળવવાનું કોઇ પણ જહાલેનો જહાલ સુદ્ધાં શક્ય ગણે છે કે કેમ, એ બાબતમાં મને શંકા છે. આવો વિરોધ અકલ્પ્ય નહીં તો અશક્ય છે: અને હું માની શકતો નથી કે કોઇ પણ સમજુ માણસ એવું ધારતો હોય, કે પોલિસનાં ખૂન અને શાંતિપ્રિય નિર્દોષ શહેરીઓની લૂટ કરવાથી આપણા લક્ષ્ય તરફ પહોંચવામાં અંતરાય વગર બીજું કશું પરિણામ આવી શકે. આવાં કર્મો, જો તે પ્રજાના કોઇ પણ મોટા ભાગ તરફથી થતાં હોય, તો સ્વરાજ્ય માટેની આપણી અપાત્રતાનેજ વધારે પ્રગટ કરે; કારણકે એમાં તો શાંત સબૂરીના સર્વોપરિ ગુણોની અને આપણા સામાજિક તથા રાજકીય જીવનની દરેક દિશામાં અશબ્દ અને વિનીત કામ કરવાની અપેક્ષા છે. સારે નસીબે, આવાં કર્મોનો આખા હિંદમાં તિરસ્કાર કરવામાં આવે છે. વિમાર્ગે ગયેલા જુવાનોની ભ્રષ્ટ કલ્પનાશક્તિ તેથી ઉત્તેજિત થતી હશે; પણ હિંદની વસ્તીના મોટા ભાગની સામાન્ય બુદ્ધિ તેમને ધિક્કારે છે. તેથી હિંદમાં અને ઇંગ્લંડમાં જે ઇંગ્રેજોનો ટેકો આપણા પક્ષને અમૂલ્ય થઇ પડે તેમની દિલસોજી દૂર થાય છે, એટલુંજ નહીં, પણ આપણા પોતાના લોકોમાં જેઓ—જેમાં માણસો બેકાયદે થવાનો સંભવ હોય તેવી ભાવનાથી સ્વાભાવિક રીતે ખેંચાય છે, તેમને અતિશય રીસ ચડે છે. તમારાં તરફથી અને મારા પોતાના તરફથી આવાં બેકાયદે કર્મો તરફ આપણો અતિશય અને કેવળ ધિક્કાર હું જાહેર કરૂં છું, અને આપણા લોકોના બધા વર્ગોને હું આગ્રહથી ભલામણ કરૂં છું, કે તેમણે આ નીચ અપરાધો તરફનો તિરસ્કાર સ્પષ્ટ ભાષામાં પ્રગટ કરવો, કે જેથી આપણા દેશની સત્કીર્તિને કલંક લાગતું અટકે, અને અધિકારીઓને એવી રીતે મદદ આપવી, કે જેથી તે અપરાધો પકડાઇને સજા પામ્યા વગર રહે નહીં.

"તેટલા માટે, સ્વરાજ્યનું લક્ષ્ય પ્રાપ્ત કરવા સારૂ આપણી પાસે માત્ર ત્રીજો માર્ગ રહે છે.

* * * * *

"જ્યારે ઈંગ્લંડના આશ્રય અને રક્ષણ નીચે આપણે પોતે એટલા આગળ વધશું, કે આપણું અંદરનાં કામકાજ બરાબર ચલાવી શકશું, એટલુંજ નહીં, પણ અંદર શાંતિ જાળવવાની સાથે બહારના હુમલાને પણ અટકાવવાને શક્તિમાન થશું, ત્યારે મને લાગે છે કે હિંદને સંપૂર્ણ સ્વરાજ્ય આપવામાં ઈંગ્લંડનો લાભ તથા ધર્મ બન્ને થશે. રાજનીતિના ડોઢડાહ્યાઓ આપણને જણાવે છે, કે ઇતિહાસમાં એવો એક પણ દાખલો નથી, કે જેમાં એક પારકી પ્રજાએ પોતે જિતેલા લોકોને પોતાને હાથે બંધનમાંથી મુક્ત કર્યા હોય. જે વાત ઘણી વાર બતાવવામાં આવેલ છે તે બતાવવાને હું થોભીશ નહીં, કે 'જિતાયું' શબ્દના વાચ્યાર્થમાં હિંદુસ્તાન કદાપિ જિતાયું નહોતું, અને, મરહુમ સર જૉન સીલીએ બરાબર કહ્યું હતું તે પ્રમાણે, જેમ સંસ્થાનો કાયદેસર ઈંગ્લંડનાં ખંડિયાં નથી, તેમ એ અર્થમાં હિંદ પણ ઈંગ્લંડનો મુલક નથી. ફ્રેંચ આફ્રિકા કે દક્ષિણ આફ્રિકામાંનાં બોઅર પ્રજાસત્તાક રાજ્યો, કે જેમને સ્વતંત્ર સંસ્થાઓની બક્ષેશ થયેલી છે, તેમના દાખલા તપાસવાને પણ હું થોભીશ નહીં. પણ આજ હિંદની જે સ્થિતિ છે તેવી માનવજાતિના ઇતિહાસમાં શું કદાપિ થયેલી છે? શું એવી કોઇ પણ પ્રજા થયેલી છે, કે જેના રાજકીય નીતિ સંબંધી વિચારો મહાન્ ઇંગ્લિશ પ્રજાના જેટલી ઉત્કૃષ્ટતાએ પહોંચ્યા હોય? શું એવી બીજી એક પણ પ્રજા થયેલી છે, કે જેણે ઇંગ્લિશની માફક બીજી પ્રજાઓની છૂટ તથા સ્વતંત્રતાને માટે આટલી સંતત અને આગ્રહથી લડાઇ કરેલ હોય? મારી આસ્થા કંઇ લાગણી ઉપર કે વિચાર વગરના ભાવ માત્ર ઉપર સ્થપાયેલી નથી: એ તો દીર્ઘદર્શી ઇંગ્લિશ રાજપુરુષો અને ઉદાર હૃદયના હિંદી દેશભક્તોના અમર પ્રયાસોથી જે પ્રાપ્ત થયેલ છે તેના લેખ ઉપર સ્થાપિત છે, અને તે—જેઓ આપણા પક્ષ માટે હજી કામ કરી રહ્યા છે, અને જેમના પ્રયાસ પૂરા થતાં જેમના પ્રાણ અત્યારે આપણી ઉપર વર્તમાન છે, અને જેઓ આપણને દોરે છે તથા પ્રેરિત કરે છે, તે બંનેના. પૂર્વ અને પશ્ચિમ મળેલ છે, તે કંઇ વ્યર્થ નથી. જે અદૃશ્ય લેખક પરમ અદ્‌ભુત ઇતિહાસ લખી રહેલ છે તે ખાલી બેસી રહેલ નથી. જેમને જોવાની આંતર દૃષ્ટિ અને વિવેકશક્તિ છે તેઓ જાણશે, કે લક્ષ્ય એકજ છે, અને માર્ગ પણ એકજ છે.

"હિંદનું પુનર્જનન અને તેની પુનર્વ્યવસ્થા ઇંગ્લંડના આશ્રય અને અંકુશ નીચેજ બની શકે તેમ છે; અને જોકે આપણે કબૂલ કરીએ છીએ, કે હજી આપણે લક્ષ્ય સુધી પહોંચ્યા નથી, છતાં એ માત્ર કાલ્પનિક દર્શન ગણાય એટલું દૂર છે, એમ માનવાની આપણે ના પાડીએ છીએ. જેઓ એમ ધારે છે, કે આપણે માત્ર હાથ લાંબા કરીએ કે ઇચ્છેલું ઇનામ મળી જશે, તેમની અધીરાઇને અમે નાપસંદ કરીએ છીએ. પણ અમે એવું ધારનારાઓથી પણ સરખાજ છૂટા પડીએ છીએ, કે લક્ષ્ય એટલું દૂર છે, કે ચાલતા કારભારના સાધારણ કામકાજમાં તેની કશી અસર ન થાય." * * * *

સાંપ્રામિક કેળવણી.

"જ્યાં પોતાના દેશના બચાવ માટે જવાબદારીની લાગણી નથી, ત્યાં શહેરીપણાની પણ સાચી લાગણી હોઇ શકે નહીં. 'જો તોફાન થશે, તો બીજાઓ તેને શાંત કરશે. જો બખેડો થશે, તો બીજાઓ તેને બેસાડી દેશે. જો ભય હશે, તો બીજાઓ તેની સામે થશે. જો આપણો દેશ સંકટમાં હશે, તો બીજાઓ તેનો બચાવ કરશે.' જ્યારે કોઇ લોકોને આ પ્રમાણે લાગે છે, ત્યારે તે એવી સ્થિતિએ પહોંચ્યાની નિશાની છે, કે શહેરીપણાની જવાબદારીની લાગણી તેમનામાં કચરાઇ ગઇ છે, અને એ સ્થિતિ માટે જે પદ્ધતિ જવાબદાર છે તે સાધારણ માનવોના સ્વમાનને અનુકૂળ નથી."

* * * *

(દિલગીર છીએ, કે આ મહત્ત્વના વ્યાખ્યાનમાંથી આટલા નમૂના બતાવીનેજ અમારે સંતોષ માનવો પડે છે.)

લડાઇના તાર.

—:o:—

સાધારણ સ્થિતિ.

પશ્ચિમ તરફ કશો જાણવા લાયક ફેરફાર નથી. પૂર્વ તરફ ઋષિયામાં કંઇક જાગર્તિ દેખાય છે. સર્બિયન સરકાર સાલોનિકામાં આવી છે. ગાલ્લીપોલીમાંથી મિત્ર રાજ્યોનું લશ્કર હઠી ગયું છે. ચુપકી એટલી બધી છે, કે થોડા વખતમાં કદાચ કોઇ મોટા બનાવોની વાત બહાર આવશે.

બ્રિટિશ ક્રૂઝરનો નાશ.

લંડન, ૩૧ મી ડીસેંબર.

નૌકાખાતા તરફથી ઝાહેર થાય છે, કે "નાતાલ" નામની એક ક્રૂઝર ગઇ કાલે બંદરમાં અંદર ધડાકો થવાથી નાશ પામી છે. કુલ ૭૦૦ માણસોમાંથી સુમારે ૪૦૦ બચ્યાં છે.

સાલોનિકામાં દુશ્મનના કોન્સલો.

લંડન, ૩૧ મી ડીસેંબર.

જનરલ સેરેલના હુકમથી જર્મન, ઑસ્ટ્રિયન, તુર્કી, અને બલ્ગેરિયન કોન્સલોને તેમના સ્ટાફ અને કુટુંબો સહિત કેદ કરીને એક ફ્રેંચ વહાણ પર મોકલવામાં આવેલ છે. કોન્સલોનાં મકાનોનો મિત્ર રાજ્યોના લશ્કરે કબજો લીધો છે.

ગ્રીસનો "પ્રોટેસ્ટ."

એથન્સ, ૩૧ મી ડીસેંબર.

ગ્રીસે સાલોનિકામાં કોન્સલોને કેદ કર્યા તે સામે વાંધો ઉઠાવ્યો છે. તે કહે છે કે એથી ગ્રીસની સર્વોપરિ સત્તાના હકનો અનાદર થાય છે.

"પર્શિયા" આગબોટનો નાશ.

લંડન, ૧ લી જાન્યુઆરી.

લંડનથી મુંબઇ આવતી આગબોટ "પર્શિયા" ડીસેંબરની ૩૦ મી તારીખે ડુબાવવામાં આવેલ છે; અને ઘણા ઉતારૂઓ તથા નાવિકોનો પત્તો નથી.

ચાર હોડીઓ બચી છે. બપોરના એક વાગ્યે આ બનાવ બન્યો છે. ક્રીટની પેલી તરફ ટોર્પીડોથી તેનો નાશ કરાયો છે. ચાર હોડીઓમાં બચેલાઓને લાવવાની આગબોટ આજે એલેક્ઝાંડ્રિયા પહોંચવાની વકી છે.

સાલોનિકા, ૧ લી જાન્યુઆરી.

સાલોનિકા ઉપર ચાર વિમાન ઉડ્યાં અને તેણે બોંબ ફેંક્યા, જેથી કશું નુકસાન થયું નથી, તે પછી જનરલ સેરલે કોન્સલોને કેદ કરવાનો હુકમ આપ્યો છે. બ્રિટિશ અને ફ્રેંચ લશ્કરે મકાનોને ઘેરી લઇને સૌને કેદ કરેલ છે, તથા દસ્તાવેજો હાથ કર્યા છે.

ગ્રીક લશ્કર ઉપર બોંબ.

પારિસ, ૧ લી જાન્યુઆરી.

સાલોનિકા ઉપર ઉડતા જર્મન વિમાનીઓએ ગ્રીક લશ્કર ઉપર એક બોંબ નાંખ્યો છે.

ડાર્ડનલ્સમાંની મિત્ર રાજ્યોની તોપોએ એશિયાના કિનારા પરની તુર્કી તોપો ઉપર મારો ચલાવીને કેટલીક તોપોનો નાશ કર્યો છે, અને એક દારૂગોળાની ડેપોને સળગાવી મૂકી છે.

ઇપ્રનો વ્હાઇકાઉન્ટ ફ્રેંચ.

લંડન, ૧ લી જાન્યુઆરી.

"ધિ ટાઇમ્સ" જણાવે છે, કે સર જૉન ફ્રેંચને ઇપ્રના વ્હાઇકાઉન્ટ ફ્રેંચનો ઇલકાબ મળશે.

રાજા પીટર.

એથન્સ, ૨ જી જાન્યુઆરી.

સર્બિયાનો રાજા પોતાના કેટલાક પ્રધાનો સાથે એક ફ્રેંચ વહાણમાં બેસીને સાલોનિકા આવી પહોંચેલ છે. ગ્રીક લશ્કર તેના ચોકીદાર તરીકે કામ કરે છે.

રૂષિયાની હીલચાલ.

પિત્રોગ્રેડ, ૩ જી જાન્યુઆરી.

વોલ્હીનિયા અને ગેલીશિયામાં ૧૭૦ અથવા ૧૯૦ માઇલના મોખરા ઉપર ખૂબ લડાઇ ચાલે છે. રૂષિયનો સ્ટિર નદી ઓળંગી ગયા છે. ઝેરનોવિટ્ઝ પાસે તેમણે કેટલીક ટેકરીઓ હાથ કરી છે; અને ૮૭૦ કેદીઓ પકડ્યા છે.

વધારે આગબોટોનો વિનાશ.

લંડન, ૩ જી જાન્યુઆરી.

બ્રિટિશ આગબોટ "ગ્લેંગાઇલ" અને જાપાનીઝ આગબોટ "કૅકોકુ મારૂ" ડુબાવી દેવામાં આવેલ છે.

લંડન, ૩ જી જાન્યુઆરી.

પી. ઓ. કંપનીની આગબોટ "જીલોંગ"ને ભૂમધ્ય સમુદ્રમાં ડુબાવવામાં આવેલ છે. "સેન્ટ ઓસ્વૉલ્ડ" નામે એક લિવરપૂલની આગબોટની પણ એજ દશા થઇ છે.

લૉર્ડ ડર્બીનો રિપોર્ટ.

લંડન, ૪ થી જાન્યુઆરી.

લૉર્ડ ડર્બીના રિપોર્ટમાં નીચે પ્રમાણે આંકડા માલુમ પડે છે:—

કુલ લશ્કરી ઉમરના માણસો, ૫૦,૧૧,૪૪૧.

કુલ નોંધાઇ ગયેલા, દાખલ થયેલા, અથવા નાપસંદ થયેલા માણસો, ૨૮,૨૯,૨૬૩.

કુલ બાકી રહેલા માણસો, ૨૧,૮૨,૧૭૮.

લૉર્ડ ડર્બીની યોજના પ્રમાણે મળી શકે તેવા માણસો નીચે પ્રમાણે છે:—

કુંવારા, ૨૧,૭૯,૨૩૧; અને પરણેલા, ૨૮,૩૨,૨૧૦.

જેઓ દાખલ થયા છે તેઓ: કુંવારા, ૧૧,૫૦,૦૦૦; પરણેલા, ૧૬,૭૯,૨૬૩.

જેઓ નાપસંદ થયા છે તેઓ: કુંવારા, ૨,૦૭,૦૦૦; પરણેલા, ૨,૨૧,૮૫૩.

છેવટે ૬,૫૧,૧૬૦ કુંવારા માણસો એવા રહ્યા છે કે જેઓ વોલંટિયર થયા નથી.

ઝેરનોવિટ્ઝ ખાલી કર્યું.

પિત્રોગ્રેડ, ૫ મી જાન્યુઆરી.

ઑસ્ટ્રિયનોએ ઝેરનોવિટ્ઝ ખાલી કર્યું છે. રૂષિયનોએ શહેરની આસપાસની બધી ટેકરીઓ હાથ કરી છે.

જનરલ જોફ્રેનો સંદેશો.

પારિસ, ૫ મી જાન્યુઆરી.

લશ્કરોને નવા વરસના સંદેશામાં જનરલ જોફ્રે જણાવે છે, કે:—"જર્મનીને માટે સજાના કલાકનો ટકોરો વાગે છે. દુશ્મન જ્યારે સલાહની વાત કરે છે, ત્યારે આપણે વિગ્રહનો અને વિજયનોજ વિચાર કરીએ છીએ."

સાવંતવાર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૧૮મી જાન્યુઆરી, ૧૯૧૬. [અંક ૭.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વેહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૧૮ મી જાન્યુઆરી ૧૯૧૬.

બાલ્કનમાં કાવાદાવા અને વિશ્વાસઘાત.

"ઝમાનેકી ગરદિશમે હય કિસ્કો ચારા?
કભી યાં હય બેહ્મન: કભી યાં હય દારા!"

અર્થ:—"કાળના ચક્રથી કોણ વેગળો રહી શકે છે? કોઇ વખત અહીં બેહ્મન રાજ્યકર્તા છે, અને કોઇ વખત દારા છે."

ઇ. સ. ૧૯૧૫ ની શરૂઆતમાં બાલ્કનોમાં જે સ્થિતિ હતી તે મિત્ર રાજ્યોને અનુકૂળ હતી. આખી દુનિયાને એથી આશ્ચર્ય થયેલું, કે ઑસ્ટ્રિયાએ સર્બિયા ઉપર ત્રીજી ચઢાઇ કરી, તેમાં પણ એ શૂરવીર પહાડીઓએ તેને હરાવ્યું, અને એક પાછી એક જીત મેળવતાં છેવટે ૧૯૧૪ ના ડીસેંબરની ૧૫ મી તારીખે અહંકારી દુશ્મનના હાથમાંથી રાજધાનીનું શહેર બેલગ્રેડ પાછું પડાવ્યું. દુશ્મનના હાથમાં તે પંદર દિવસથી વધારે વાર રહેલું નહીં.

"મર્તબા કમ હિર્સે રફઅતસે હમારા હો ગયા:
આફતાબ ઇતના હુવા ઊંચા કે તારા હો ગયા!"

અર્થ:—"ઊંચા માનના લોભથી અમારી મૂળ પદવી ઓછી થઇ ગઇ. સૂર્ય એટલો ઊંચો ચઢ્યો, કે તે તારો થઇ ગયો!"

ઑસ્ટ્રિયાને શરમ લાગે અને ચાનક ચઢે, એ સ્વાભાવિક છે. તેણે આ ન્હાના પણ જોરાવર દુશ્મનનો નાશ કરવાનો નિશ્ચય કર્યો. એક મોટું અને મજબૂત લશ્કર ફરી ડાન્યુબ ઉપર એકઠું થવા લાગ્યું. પણ જાન્યુઆરીમાં બુખોવિનામાં અને કાર્પેથિયન પહાડોમાં રશિયનોએ હુમલા કરવાથી, અને હંગરી જોખમમાં હોવાથી, તેને બાલ્કન સરહદ પરથી લશ્કર ખેંચી લઇને સંકટમાં આવેલા પ્રદેશમાં મોકલવું પડ્યું; અને તેથી સર્બિયાના ન્હાના રાજ્યને થોડી વાર આરામ મળ્યો. ઑસ્ટ્રો-જર્મનો તેથીજ કરીને તે વખતે તુર્કીની સાથે જોડાણ કરી શકયા નહીં.

સર્બિયાની અસાધારણ ફત્તેહથી બીજાં બાલ્કન રાજ્યો ઉપર ઘણી અસર થઇ; અને તે પાછળથી ઑસ્ટ્રિયા સામેના રશિયન હુમલાઓથી મજબૂત બની. ગ્રીસ સર્બિયાની સાથે કોલ-

કરારથી સંયુક્ત થયું હતું, અને તુર્કીથી વિરુદ્ધ હતું, તેથી તે રાજી થયું; અને વસ્તીના ઘણા ભાગે જર્મનં એકસંપી તરફ પ્રબળ તિરસ્કાર જાહેર રીતે બતાવ્યો. રૂમેનિયામાં પણ લોકલાગણી પુષ્કળ પ્રગટ થઇ. બુખોવિના તેની નજદીક હોવાથી, રૂશિયનોએ જ્યારે તેનો કબજો લીધો, ત્યારે ઑસ્ટ્રિયા એ પ્રમાણે સંકટમાં આવવાથી ટ્રાન્સિલવેનિયામાં પોતાની કોમના લોકો સાથે સંયુક્ત થવાની તેમની આશાઓ પ્રજ્વલિત થઇ. ટાકે જોનેસ્કુ કરીને રૂમેનિયાના એક આગેવાન રાજ્યપુરુષે જાહેર કર્યું, કે તેનો દેશ ગ્રેટ બ્રિટન, ફ્રાન્સ, અને રૂશિયાની સાથે ભળશે; અને બલ્ગેરિયા પણ એજ પ્રમાણે વર્તશે.

પણ જોકે બાલ્કનમાંની સ્થિતિ આ પ્રમાણે મિત્ર રાજ્યોને અનુકૂળ દેખાતી હતી, છતાં તેમાં એવા અંશો હતા, કે બારીક તપાસ કરનારને સપાટી નીચે ભયંકર ખાડાઓ અને જોખમો છે, એમ જણાયા વગર રહે નહીં. એ અંશો ભૂગોળની સ્થિતિ અને જાતિભેદ પર સ્થપાયેલા હતા, અને ઇતિહાસ તથા ધર્મમાં તેમનાં મૂળ હતાં. દુનિયામાં એવો બીજો કોઇ પણ મુલક નહીં હોય, કે જેની અંદર માણસોનાં લક્ષણ, સ્વભાવ, અને પરિસ્થિતિમાં બાલ્કનના જેટલા અને જેવા ભેદો હોય. ઉપરાંત, ન્હાનાં બાલ્કન રાજ્યોની સ્વતંત્રતા અને હયાતી ઉપર યૂરપનાં પ્રબળ મધ્યસ્થ રાજ્યોની સમશેર ધમકી આપતી લટકતી હતી.

પ્રથમ ભૂગોળની સ્થિતિજ દયાજનક છે. કોઇક કાલે એ પ્રદેશની ભૂમિ ઉપર દરિયો ફરી વળેલ હોય, અને બાલ્કન દેશો, ઇજીયન ટાપુઓ, અને એશિયા માઇનરના ઊંચા મુલકો માત્ર પાણીથી બચેલ હોય, એમ જણાય છે. એ મુલકોમાં બાલ્કનની શાખાઓથી જેમને નામ મળેલું તે પહાડોની ભુલભૂલામણી જેવા છે, જેની વચ્ચે વચ્ચે માત્ર ન્હાની નદીઓ વહે છે, પણ મોટી વસ્તીને લાયક ખીણો કે મેદાનો નથી. આખા દ્વીપકલ્પમાં એવું એક પણ મધ્યબિંદુ નથી, કે જેની આસપાસ કોઇ પણ મોટું રાજ્ય જામી અને વધી શકે. એટલે દેશના નિવાસીઓમાં પ્રબળ હરીફાઇ જાગવાનો પૂરેપૂરો સંભવ સૂચિત થાય છે. ઉત્તરથી દક્ષિણ સુધી માત્ર એક રાજમાર્ગ છે, કે જે અર્વાચીન બેલગ્રેડ પાસે ડાન્યુબથી શરૂ થઇને દરિયા ઉપર સાલોનિકા સુધી પહોંચે છે. એ માર્ગે ઘણાં લશ્કરો ચાલ્યાં છે; અને તેની બીકથી થોડાંજ શહેરો એ પર વસેલાં છે. એ રાજમાર્ગમાંથી બીજા બે કુદરતી માર્ગો નિકળે છે; એક બોસ્ફરસ તરફ જાય છે, અને બીજો આડ્રિઆટિક તરફ. બંને માર્ગો વાંકાચૂંકા અને વસમા છે.

ઇતિહાસ ભૂગોળનું બાળક છે; અને બાલ્કનનો ઇતિહાસ કુદરતની અકૃપાને વધારે પ્રગટ કરે છે. છેક હમણાંજ ધીમે ધીમે તુર્કીની સત્તામાંથી મુક્ત થઇને ગ્રીસ, સર્બિયા, રૂમેનિયા અને બલ્ગેરિયાનાં રાજ્યો સ્થપાયાં છે. મોન્ટીનીગ્રો સર્બિયાને બહુ લગતું છે, અને પૂરેપૂરું કદાપિ જિતાયું નહોતું; અને આલ્બેનિયા એક છઠ્ઠું રાજ્ય થવા છતાં નામ માત્ર કરતાં બહુ વધારે નથી. ચાલુ વિગ્રહ શરૂ થયો ત્યારે ગ્રીસ, સર્બિયા, મોન્ટીનીગ્રો, રૂમાનિયા, અને બલ્ગેરિયા, એ સૌ મળીને બાલ્કન રાજ્યો કહેવાતાં હતાં; પણ સર્બિયા અને મોન્ટીનીગ્રોની વચ્ચેના તથા એથી

ઓછે અંશે સર્બિયા અને ગ્રીસ વચ્ચેના સંબંધ સિવાય સાચો સંપ નહોતો. સર્બિયનો અને બલ્ગેરિયનો બંને જાતિએ સ્લાવ હોવા છતાં એકબીજાને ધિક્કારતા હતા; અને જાતિ પ્રમાણે એમાંથી કોઇને ગ્રીસની સાથે કશું સાધારણ્ય નહોતું; તેમ રૂમેનિયનોની સાથે પણ નહીં, કારણકે તેઓ લાટિન વંશના હતા, અને તેમનો મુલક ખરૂં જોતાં બાલ્કનની બહાર હતો, જોકે માત્ર સંજોગોને લીધે એ વર્તુલમાં ગણાતો હતો. ઉપરાંત, જે રાજાઓ બાલ્કન ગાદીઓ પર હતા, તેમાં માત્ર સર્બિયા અને મોન્ટીનીગ્રોના રાજાઓ સ્વદેશી હતા. ધર્મવિચારમાં ઘણા ખરા બાલ્કનો ગ્રીક ચર્ચના અનુયાયી હતા; પણ દરેક દેશની ધર્મસંસ્થા બીજાથી સ્વતંત્ર હતી, અને બધી એકબીજીથી જૂદી જાતની હતી.

આમ છતાં સંપથી અને સંપથીજ બાલ્કન રાજ્યો પ્રબળ થવાનો સંભવ હતો. છૂટું છૂટું દરેક રાજ્ય નિર્બળ હતું; પણ તેમની એકંદર વસ્તી લગભગ બે કરોડની હતી, અને દરેકમાં લશ્કરી નોકરી ફરજિયાત હોવાથી તેઓ વીશ લાખ સિપાઇઓ લડાઇમાં ઉતારવાને શક્તિમાન હતાં, કે જેની કોઇ પણ મોટું રાજ્ય સુદ્ધાં અવગણના કરી શકે નહીં. વેપાર અને ઉદ્યોગમાં પરસ્પરના લાભને લીધે સંપ થઇ શકેલો નહીં. બહારના દબાણથી કદાચ એકતા થઇ શકી હોત; બહારનું દબાણ હતું ખરૂં, પણ તે એવું હતું, કે જેથી રાજ્યોમાં સંપ થવાને બદલે સંપની અશક્યતા થાય. એક તરફથી ઑસ્ટ્રિયાને અને બીજી તરફથી રુશિયાને તેમની સાથે સંબંધ હતો; અને એ મોટી શહેનશાહતોમાં હરીફાઇ હોવાને લીધે અમુક બાલ્કનો એક તરફ અને બીજા બીજા પક્ષ તરફ ઢળતાં રહેતાં. ઇતિહાસમાં જૂદે જૂદે વખતે તેમણે એક અથવા બીજાનો આશ્રય લીધો હતો; અને તેથી જૂદાં જૂદાં રાજ્યોની રાજનીતિ કાંતો ઑસ્ટ્રિયાના પક્ષની અથવા રુશિયાના પક્ષની હતી.

"હર કોઇ અપને ઠિકાને પે ચલે જાતે હૂંય:
કોઇ મસ્જિદકો રવાં હૂંય કોઇ મૈખાને દવાં!"

અર્થ:—"સૌ જણ પોતપોતાની જગ્યા તરફ વહ્યા જાય છે. કોઇ મસીદ ભણી ચાલે છે; તો કોઇ દારૂના પીઠા તરફ દોડ્યા જાય છે."

એમ ધારવામાં આવે, કે એક તુર્કીની સામે તો બધાં બાલ્કન રાજ્યો એક થતાં હશે; પણ તેની સામે જે એક વાર સંપ થયેલો, તેમાં બધાં રાજ્યો શામિલ નહોતાં, અને પરિણામે તેથી વધારે વિભાગ પડી ગયેલા. આ સંપથી પહેલો બાલ્કન વિગ્રહ થયેલો; અને તેથી શરૂઆતમાં એવું લાગેલું, કે જાણે દુનિયાને જે અત્યાર સુધી અશક્ય દેખાયું છે, તે થોડી વારમાં બનશે. એ સંપનું નામ "બાલ્કન સંપ" હતું; અને ૧૯૧૨ ના સપ્ટેંબરની આખરે એ રાજ્યોએ તુર્કી સાથે વિગ્રહ જાહેર કરેલો. રૂમેનિયા એક અલગ રહેલું; પણ વિરોધમાં તેનો લાભ બીજાઓના જેટલો નહોતો. બીજી તરફ, અલગ રહેલું હોવાને લીધેજ તે પાછળના વિરોધમાં ઠીક કામ કરી શકેલું. બલ્ગેરીયા અને સર્બિયા મિત્ર ન હોવા છતાં સંપમાં પહેલાં

Miss EDITH CAVELL,
who died for her country on 12th October, 1915.

મિસ એડિથ કાવેલ,
જે ૧૯૧૫ ના ઑક્ટોબરની ૧૨ મી તારીખે પોતાના દેશની ખાતર મરણ પામી.

Lakshmi Art, Byculla, Bombay.

બળેલાં. ગ્રીસ થોડી વાર પછી શામિલ થયેલું; અને સર્બિયાની સાથે મોન્ટીનીગ્રો આવેલું. આ રાજ્યોનો સંપ કરાવવામાં મુખ્યત્વે કરીને ત્રણ રાજપુરુષોનો ખાસ હાથ હતો, જે બધા દેશના નિવાસી અને વિલક્ષણ માણસો હતાઃ સર્બિયન પાસિખ, બલ્ગેરિયન ગ્વેશોફ, અને ગ્રીક વેનિઝેલોસ. એ ત્રણેય તે વખતે પોતપોતાના રાજ્યના મુખ્ય પ્રધાન હતા.

"અય ઇત્તિફાક તુઝેકો મે દૈરાં હું કયા કહું?
દસ્તે ખુદા કહું તુઝે મુશકિલ કુશા કહું?"

અર્થ:—"ઓ સંપ! તને શું કહું તેની મને સમજ પડતી નથી. તને તે પરમેશ્વરનો હાથ કહું, કે વિપત્તિનું નિવારણ કહું?"

એલ્યુથેરોસ વેનિઝેલોસનું ચરિત્ર એક અદ્ભુત વાર્તાના જેવું છે. જ્યારે તે માત્ર પંદર વરસની ઉમરનો હતો, ત્યારે તેણે ક્રીટમાં બંદુક ઉપાડેલી, અને ક્રીટ તુર્કીને બદલે ગ્રીસના હાથમાં જાય, તે માટે તે બીજા બળવાખોરોની સાથે બહાદુરીથી લડ્યો હતો. ઘણા વખત સુધી જિંદગીમાં આ તેનો મુખ્ય ઉદ્દેશ હતો. તુર્કોએ ક્રીટનો વહિવટ છોડી દીધો, તે પછી યૂરપનાં રાજ્યોએ તે હાઇ કમિશનર તરીકે ગ્રીસના પ્રિન્સ જ્યોર્જને સુપ્રત કર્યો હતો. વેનિઝેલોસ પ્રમાણિક હોવાથી તેણે તેના આપખુદ અમલની સામે વાંધો ઉઠાવ્યોઃ અને તેથી છેવટે તે પ્રિન્સને જવું પડયું. આથી ગ્રીસમાં વેનિઝેલોસની ઘણી કીર્તિ થઇ; અને ત્યાં તેને ૧૯૧૦ માં પ્રસંગ મળ્યો. આગલા વરસમાં કેટલાક આગેવાન લશ્કરી અમલદારોએ રાજ્યબંધારણમાં ફેરફાર કરેલો હોવાને લીધે કેટલાક મહિના સુધી કારભાર એક લશ્કરી મંડળના હાથથી ચાલતો હતો; પણ સ્થિતિ પોતાના કબજામાં ન રહેવાથી મંડળે વેનિઝેલોસ, કે જે વખતે ક્રીટમાં મુખ્ય પ્રધાન હતો, તેને મદદ આપવા વિનંતી કરી. ત્રણ અઠવાડિયાંમાં તેણે અવ્યવસ્થામાંથી વ્યવસ્થા સ્થાપિત કરી, અને રાજા, કે જે ગાદી છોડવાનો વિચાર કરતો હતો, તે સુદ્ધાં તમામ પક્ષની સંમતિ મેળવીને બંધારણ ફરી ઘડવા માટે એક પ્રજાકીય કોંગ્રેસ બનાવવાનું ઠરાવ્યું. થોડાજ વખત પછી તે ગ્રીસનો મુખ્ય પ્રધાન થયો, અને તરત તેણે સેના અને નૌકાની નવેસરથી વ્યવસ્થા કરવાનું કામ હાથમાં લીધું. તેનું જીવન સાદું અને રીતભાત દંભ વગરની હોવાની સાથે તે બીજાઓને સમજાવી શકે તેવા વક્તૃત્વની બક્ષેશ ધરાવે છે. તે શાંતિથી પણ ત્વરાથી નિશ્ચય કરનાર અને કામકાજમાં સર્વોપરી શક્તિનો આદમી છે.

સર્બિયાનો મુખ્ય પ્રધાન પાસિખ પ્રથમ એક એંજીનિયર હતો. પણ થોડાજ વખતમાં તેણે રાજકીય બાબતો તરફ ધ્યાન આપવા માંડ્યું, અને તેમાં તેણે નામના મેળવી. તે હમેશાં જીતતા પક્ષ તરફ નહોતો, કારણકે રાજા મિલાનના અમલમાં તે એ રાજાની ઑસ્ટ્રિયાના પક્ષની રાજનીતિની સામે થયો હતો, અને કેદમાં પડીને તુરંગમાં પણ ગયો હતો. સર્બિયામાં તેના જેવો બીજો કોઇ રાજપુરુષ નથી; અને તે સર્બિયા, મોન્ટીનીગ્રો, બૉસ્નિયા, હર્ઝેગોવિના,

ડાલ્મેશિયા, ક્રોટિયા, સ્લાવોનિયા, અને ઑસ્ટ્રિયાના સ્લોવિન પ્રદેશો, એ સર્વને એકત્ર અને સંયુક્ત કરવાનો હિમાયતી છે.

ત્રીજા બાલ્કન આગેવાન ગેશોફ઼ માટે બહુ જણાયેલું નથી. પણ એ પહેલા વર્ગનો રાજપુરુષ ગણાય છે, દૂરદર્શી દેશભક્ત છે, અને તેના પર બલ્ગેરિયનોના મોટા ભાગને વિશ્વાસ છે. પણ તેની પાછળ રાજા ફર્દિનંદ છે, તે ઘણો કપટી ગણાય છે, અને તમામ બાલ્કન રાજ્યોનો અધિપતિ થવાનો લોભ રાખે છે.

બાલ્કન સંપનો ઉદ્દેશ એ હતો, કે માસીડોનિયા અને આલ્બેનિયાને તુર્કોના હાથમાંથી છૂટાં કરવાં, અને એ મુલક મેંબરો વચ્ચે વહેંચી લેવો. બલ્ગેરિયાને માસીડોનિયા જોઇતું હતું; સર્બિયાને ઉત્તર આલ્બેનિયામાં થઇને એક બંદર જોઇતું હતું; મોન્ટીનીગ્રોને પણ આલ્બેનિયાના કંઇક ભાગનો લોભ હતો; અને ગ્રીસ એપિરસને, ક્રીટને, અને કેટલાક ઇજીયન ટાપુઓને પોતાના મુલક સાથે જોડવા ચાહતું હતું.

ઇ. સ. ૧૯૧૨ના સપ્ટેંબરની ૩૦ મી તારીખે વિગ્રહ સળગ્યો, અને તેના પરિણામમાં સંપીલાં રાજ્યોની આશ્ચર્યકારક ફત્તેહ થઇ. બલ્ગેરિયનો લૂલ બર્ગાસ પાસે અને સર્બિયનો કુમાનોવો પાસે વિજયી થયા; અને ગ્રીકોએ પોતાના જૂના દુશ્મનોને પ્રથમ સાલોનિકામાં અને પછી સાલોનિકામાંથી હાંકી કાઢ્યા. આડ્રિયાનોપલનો કબજો લેવાયો; અને કોન્સ્ટન્ટિનોપલને ધમકી પહોંચી. સર્બિયનો આડ્રિયાટિક ઉપર ડુરાઝો સુધી પહોંચ્યા; અને મોન્ટીનીગ્રોએ સ્કુટારી લીધું. તુર્કી ભૂંડી રીતે હાર્યું, અને સંધિ માટે વિનવવા લાગ્યું. ૧૯૧૩ના મેની ૩૦ મી તારીખે લંડનના સંધિથી શાંતિ થઇ.

પણ સંપીલાઓની ફત્તેહથીજ તેમનામાં ગંભીર વિવાદો થયા; અને ઑસ્ટ્રિયાએ બળતામાં ઘી હોમ્યું. ઑસ્ટ્રિયાએ જૂદું વલણ રાખ્યું હોત, તો બીજો બાલ્કન વિગ્રહ થવા પામત નહીં. પણ તે સર્બિયાને ધિક્કારતું હતું; અને તેને નષ્ટ કરવાનો તેનો નિશ્ચય હતો.

લંડનના કોન્ફરન્સમાં ઑસ્ટ્રિયાના આગ્રહને લીધે, અને જર્મની તેના પક્ષમાં થવાથી, એવું ઠરેલું, કે આલ્બેનિયા એક સ્વતંત્ર રાજ્ય થયું, સર્બિયાને તેને જોઇતું બંદર ન મળ્યું, ગ્રીસને એપિરસ ન મળ્યું, અને મોન્ટીનીગ્રોને સ્કુટારી આપી દેવું પડ્યું. વિગ્રહમાં સર્બિયા અને ગ્રીસ બંનેએ માસીડોનિયાના ભાગો જીતી લીધા હતા; અને તે તેમણે બલ્ગેરિયાને આપવાની ના પાડી.

માસીડોનિયાના ખડક ઉપર સંપના ચૂરેચૂરા થઇ ગયા. લંડનના સંધિથી માસીડોનિયાના જે ભાગો સર્બિયા અને ગ્રીસે તુર્કો પાસેથી પડાવ્યા હતા તે તેમના કબજામાં જારી રહ્યા. એક મહિનો થયો, તેટલામાં તો બલ્ગેરિયાએ સર્બિયા પર રીસે ભરાઇને, અને અંદરખાનેથી ઑસ્ટ્રિયાની ઉશ્કેરણી હોવાને લીધે, બીજી વાર વિગ્રહ સળગાવ્યો.

(આ મહત્ત્વનો ઇતિહાસ આવતા અંકમાં જારી રાખવામાં આવશે.)

લડાઇના તાર.

—:o:—

કોન્સલોનો છુટકારો.

લંડન, ૭ મી જાન્યુઆરી.

ઍથન્સથી જણાવવામાં આવે છે, કે મિત્ર રાજ્યોના પ્રધાનોએ ગ્રીક સરકારને ખબર આપી છે, કે સાલોનિકામાં કેદ કરેલા કોન્સલોને છુટા કરવામાં આવેલ છે. ગ્રીક સરકારને તેથી સંતોષ થયો છે.

સર્બિયાની દેશભક્તિ.

રોમ, ૮ મી જાન્યુઆરી.

હજારો સર્બિયન ન્હાસેડુઓ પોતાનો દેશ ફરી મેળવવા માટે મિત્ર રાજ્યોની સાથે સિપાઇ તરીકે જોડાવાની અરજ કરે છે.

ફ્રાન્સનાં ૭૦,૦૦,૦૦૦ માણસો.

લંડન, ૮ મી જાન્યુઆરી.

પારિસથી ધિ ટાઇમ્સ ઉપર એક તારમાં જણાવ્યું છે, કે ફ્રાન્સે કુલ ૭૦ લાખ માણસો લડાઇને માટે તૈયાર કર્યા છે.

મેસોપોટેમિયા.

લંડન, ૧૦ મી જાન્યુઆરી.

મિ. ચેમ્બરલેને આમની સભામાં બોલતાં જણાવ્યું છે, કે જનરલ નિકસન નાદુરસ્ત તબીયતને લીધે મેસોપોટેમિયાનો અધિકાર છોડીને વિલાયત તરફ પાછો ફરે છે. સર પર્સી લેક તેની જગ્યાએ નિમાશે. સર પર્સી લેક હિંદમાં જનરલ સ્ટાફનો ઉપરી છે.

ઇરાનમાં લડાઇ.

તેહેરાન, ૧૦ મી જાન્યુઆરી.

રૂશિયનોએ બળવાખોરોની એક મોટી ટોળીને આસાદાબાદ પાસે હરાવી છે. કેદીઓમાં બે જર્મન અમલદારો છે. શાહે જીતનાર રૂશિયન સેનાપતિને સારો આવકાર આપ્યો છે.

મોન્ટીનીગ્રોમાં લડાઇ.

પારિસ, ૧૦ મી જાન્યુઆરી.

લેપેનાટ્ઝ નજીક પ્રચંડ યુદ્ધ ચાલે છે, સ્થાનકો વારંવાર ખોવાય છે, અને પાછાં મેળવાય છે. ઍપેકુકોવોની દિશામાં ઑસ્ટ્રિયનોએ જોરથી હુમલા કરેલા, તે બધા હઠાવવામાં આવેલ છે. છતાં દુશ્મનોએ તુરિયાક હાથ કર્યું છે.

હોમ સેક્રેટરી.

લંડન, ૧૦ મી જાન્યુઆરી.

મિ. હર્બર્ટ સેમ્યુએલ હોમ સેક્રેટરી નિમાયેલ છે.

આલ્બેનિયામાં લડાઇ.

રોમ, ૧૦ મી જાન્યુઆરી.

જાહેર થાય છે, કે અલ બાસાન પાસે સર્બિયનોએ બલ્ગેરિયનોને હરાવ્યા છે, અને જિતેલાં સ્થાનકોની મજબૂતી કરી છે.

રુશિયન ચડાઇ.

પારિસ, ૧૨ મી જાન્યુઆરી.

પિત્રોગ્રેડથી તારમાં ખબર મળે છે, કે પ્રિપેટ નદીથી રૂમેનિયાની સરહદ સુધીના તમામ મોખરા ઉપર લડાઇ ચાલે છે. ખાઇઓ નદીઓ જેવી બની ગઇ છે.

બ્રિટિશ પ્રધાનમંડળ.

લંડન, ૧૨ મી જાન્યુઆરી.

મજૂર વર્ગના પ્રધાનોએ રાજીનામાં આપેલાં તે પાછાં ખેંચી લીધાં છે.

કોર્ફુ ટાપુમાં ફ્રેંચ ઉતરે છે.

એથેન્સ, ૧૩ મી જાન્યુઆરી.

કોર્ફુ ટાપુ થોડો વખત કબજે લેવા માટે એક ફ્રેંચ લશ્કર ત્યાં ઉતર્યું છે. ચૌદ લડાઇનાં વહાણો તેની આસપાસ ચોકી કરે છે. હેતુ એ છે કે સર્બિયન લશ્કરને ત્યાં લાવીને આરામ આપી શકાય. ગ્રીક સરકારને હેતુ જણાવીને ખાતરી આપવામાં આવેલ છે, કે કબજો માત્ર થોડો વખત રહેશે.

બેલ્જિયન દેશભક્તોને સજા.

આમ્સટર્ડામ, ૧૩ મી જાન્યુઆરી.

લિમ્બર્ગમાં બેલ્જિયનોને લશ્કરમાં જોડાવાની અંદર મદદ આપવા સારૂ એક બહેનને મોતની, બીજી બહેનને પંદર વરસ સખ્ત મજૂરી સાથે કેદની, અને તેમના કાકાને પંદર વરસની સજા કરવામાં આવેલ છે.

નિવેદન.

આજના અંકની સાથે પોતાના દેશની ખાતર પ્રાણ આપનારી બહાદુર નર્સ મિસ એડિથ કેવેલના એક સુંદર ફોટોગ્રાફ અમે અમારા વાંચનારાઓને ભેટ આપીએ છીએ.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૨૫ મી જાન્યુઆરી, ૧૯૧૬. [અંક ૮.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વેહેંચાતું
સાપ્તાહિક પત્ર.

મંગળવાર, ૨૫ મી જાન્યુઆરી ૧૯૧૬.

બાલ્કનમાં કાવાદાવા અને વિશ્વાસઘાત.

(ગયા અંકથી ચાલુ.)

"નઝરે ઈબ્રત ખોલ ઔર હાલત શહનશાહોંકી દેખ:
ગર્દિશે અફલાકને ઉનમેં કિયા ક્યા ઈન્કિલાબ!"

અર્થ:—"બોધ લેવાની આંખ ઉઘાડ, અને મહારાજાઓની સ્થિતિ જો, કે તેઓમાં કાળના ચક્રે કેવી ઉથલપાથલ કરેલ છે."

સર્બિયા અને બલ્ગેરિયા બંને સ્લાવ પ્રજાઓ હોવા છતાં બંને વચ્ચે લાગણી ઘણી કડવાશની હતી. બંનેને પોતાના પક્ષ માટે કંઇક કહેવાનું હતું. સર્બિયાની એવી દલીલ હતી, કે લંડન કોન્ફરન્સમાં આલ્બેનિયામાં એક બંદર માટેની પોતાની માગણીને બલ્ગેરિયાએ ટેકો ન આપ્યો, તેટલા માટે તેને માસીડોનિયામાં બદલો લેવાનો હક હતો; પણ બલ્ગેરિયાનો જવાબ એવો હતો, કે પોતાની અને સર્બિયાની વચ્ચે જે સંધિ વિગ્રહ પહેલાં થયો હતો, અને જે સંપનો પાયો હતો, તેમાં સર્બિયાએ લીધેલો માસીડોનિયાનો મુલક બલ્ગેરિયાને આપવાનું ખાસ ઠરેલું હતું, અને વળી, એ પ્રદેશમાં બલ્ગેરિયનો વસતા હોવાથી તેઓ સર્બિયાની સાથે નહીં પણ બલ્ગેરિયાની સાથે જોડાવાને ચાહતા હતા. બેશક બલ્ગેરિયાના પક્ષમાં અમુક અંશે ન્યાય હતો, અને એ હકીકત ખરી હતી, કે જોકે તેના વગર સંપ થઇજ શકયો ન હોત, અને તુર્કી જિતાયું પણ ન હોત, છતાં લંડનના સંધિથી તેને સર્બિયા અથવા ગ્રીસ દરેકના કરતાં ઓછો લાભ મળેલો.

માસીડોનિયાનો સવાલ બાલ્કનમાં અને યુરપમાં ઘણાં વરસથી તોફાન ઉઠાવતો રહ્યો છે. તેની ઉત્તરમાં કારા પહાડ અને બલ્ગેરિયા છે, પૂર્વમાં મેસ્ટા છે, દક્ષિણમાં ઇજીયન તથા ગ્રીસ છે, અને પશ્ચિમે શાર, ગ્રામસ તથા પિંડસ પહાડો છે. મુલકનું મહત્ત્વ મુખ્યત્વે કરીને તેની અંદર આવેલી વસ્તીની ખીચડી લીધે છે.

બલ્ગેરિયાને તેના પર તુર્કીના કંઇક સિતમો ગુજાર્યા, તે પછી ઇ. સ. ૧૮૭૭-૭૮ માં રૂમેનિયાની મદદથી રશિયાએ ઉગાર્યું હતું. ઇ. સ. ૧૮૭૮ના માર્ચની ૩ જી તારીખના સેન સ્ટેફેનોના સંધિથી સાલોનિકા અને ખાલ્કિડિક દ્વીપકલ્પ સિવાયનો તમામ માસીડોનિયા

બલ્ગેરિયામાં દાખલ કરાયો હતો, પણ એ વાત ૧૩ મી જૂલાઇના બર્લિનના સંધિથી રદ થઇ, અને માસીડાનિયા તુર્કીને પાછો આપવાનું ઠર્યું, જોકે તેનો વહિવટ સુધારવાની તેને કબૂલત આપવી પડેલી.

"અપને ઔર ગૈરકે ઝગડેમેં પડા હુવા લાશા:
દફન કરતે ભી નહીં મુઝકો જલાતે ભી નહીં!"

અર્થ:—"પોતાના અને પારકા વાંધામાં મુડદું પડ્યું છે; મને દાટતા પણ નથી, તેમ બાળતા પણ નથી."

તુર્કીએ મોટાં રાજ્યોની હરીફાઇ જોઇને થોડાજ સુધારા દાખલ કર્યા, અને મુલકની સ્થિતિ પહેલાંના કરતાં ખરાબ થઇ. જ્યારે તરુણ તુર્કોની હીલચાલ ફત્તેહમંદ થઇ, અને ૧૮૭૬ નું તુર્કીનું રાજ્યબંધારણ જાહેર કરવામાં આવ્યું, ત્યારે માસીડાનિયાની સ્થિતિમાં હવે સુધારો થશે એવી આશા રાખીને મોટાં રાજ્યોએ સુધારા માટે આગ્રહ કરેલો નહીં. પછી માસીડાનિયાના બલ્ગરોએ બલ્ગેરિયા તરફ દૃષ્ટિ કરી, અને તેમને છોડવવાની ખાતરજ બલ્ગેરિયાએ તુર્કી સામે સર્બિયા સાથે સંપ કરેલો. છતાં લંડનના સંધિથી તેઓ સર્બિયાની સત્તામાં રહેલા.

આ કારણોથી નાખુશ થઇને ૧૯૧૩ ના જૂનની ૨૯ મી તારીખે બલ્ગેરિયાએ બીજા બાલ્કન વિગ્રહની શરૂઆત કરી, પણ તેમાં તેની હાર થઇ. એક પખવાડિયાની અંદર રૂમેનિયાએ વિગ્રહમાં ઝંપલાવ્યું, અને એવું વિક્રમ બતાવ્યું, કે વિગ્રહ પૂરો થયો. એજ વરસના ઑગસ્ટની ૧૦ મી તારીખે બુકારેસ્ટનો સંધિ થયો, અને તેમાં બલ્ગેરિયાની પહેલા વિગ્રહ પછી હતી તે કરતાં પણ ખરાબ સ્થિતિ થઇ. તેને પોતાનો થોડો મુલક રૂમેનિયાને આપવો પડ્યો, અને આડ્રિયાનોપલ સહિત થ્રેસનો થોડો ભાગ તુર્કીને પાછો આપવો પડ્યો. સર્બિયાએ માસીડાનિયાનો દક્ષિણ-પૂર્વ ભાગ રાખ્યો, અને ગ્રીસે સાલોનિકા તથા કેવાલા બંને રાખ્યાં. બલ્ગેરિયા પાસે માત્ર ડેડીએગેચનું નિર્માલ્ય બંદર રહ્યું.

સ્વાભાવિક રીતે બલ્ગેરિયનો સર્બિયા, ગ્રીસ, અને રૂમાનિયા ઉપર રીસે ભરાયા; પણ ખાસ કરીને સર્બિયા પર તેમને ક્રોધ ચડેલો. ઘણા પોતાના રાજા ઉપર પણ રીસે ભરાયેલા, અને તેના મ્હેલની દિવાલો ઉપર ધમકી આપતી જાહેર ખબરો ચોડવામાં આવેલી. એવી વાત ચાલવા લાગેલી, કે બાલ્કન વિગ્રહની ફત્તેહથી પોતે બધા બાલ્કનોનો મહારાજા થશે, એમ માનીને તેણે કોન્સ્ટન્ટિનોપલમાં પોતાને પહેરવાને એક હીરાનું ભભકાદાર તાજ પારિસમાં તૈયાર કરવાનો હુકમ આપ્યો હતો; પણ એ બધો મનસૂબો હાલ તુરત તો શેખચલ્લીના જેવો નીવડ્યો.

બલ્ગેરિયાનો રાજા ફર્દિનંદ ઘણો રાજ્યલોભી છે. તે જર્મન અને ફ્રેંચના મિશ્ર લોહીનો આદમી હોઇને યૂરપનાં કેટલાંક ઉંચામાં ઉંચાં કુટુંબોની સાથે સંબંધથી જોડાયેલો છે, અને તેની માતા તરફથી તેને અતિશય દોલતનો વારસો મળ્યો છે, કે જે માતા લુઇ ફિલિપની

દીકરી થાય. ૧૮૮૭ માં, જ્યારે બલ્ગેરિયા તુર્કીની શહેનશાહત નીચે હતું, ત્યારે તે બલ્ગેરિયાના શાહજાદા તરીકે ચૂંટાયો હતો; અને તે પછી દરેક પ્રસંગે પોતાની પ્રતિષ્ઠા વધારવાને પ્રયત્ન કરતો રહ્યો છે. પોતાના ન્હાના દેશથી તે સંતુષ્ટ તો નહોતોજ, પણ ૧૯૦૮ માં તે તુર્કીથી સ્વતંત્ર છે એમ જાહેર કરવાનો સંતોષ લઇ શકેલો. બીજાં રાજ્યોએ પણ તે વખતે તેને "બલ્ગેરિયનોના રાજા" તરીકે સ્વીકાર્યો, જોકે તે પોતે તો પોતાને "ત્સાર" કહેવરાવવાનું પસંદ કરે છે. બલ્ગેરિયામાં ગયા પહેલાં તે ઑસ્ટ્રિયન લશ્કરમાં એક અમલદાર હતો, અને હંગરીમાં તેની મોટી મોટી જાગિરો હતી. તેની પોતાની લાગણી ઑસ્ટ્રિયા તરફ છે, જોકે તેની પ્રજાના મોટા ભાગને પોતાને તુર્કીના જુલમમાંથી છોડવનાર રૂશિયા તરફ માનની લાગણી છે. ફર્દિનંદ બુદ્ધિમાન હોવા છતાં કંઇક ભીરુ ગણાય છે, અને લડાઇમાં મોખરાથી હમેશાં દૂર રહે છે. પહેલા બાલ્કન વિગ્રહમાં બે પ્રખ્યાત સેનાપતિઓ તેની પાસે હતા, જનરલ સેવોફ અને જનરલ રેડકો દિમિત્રિએફ: અને એ લોકોને લીધે, તથા ખાસ કરીને પાછલાની આગેવાનીને લીધે, પહેલા વિગ્રહમાં વિજય મળેલો. બીજા વિગ્રહનો દોષ તેણે જનરલ સેવોફ પર નાંખેલો; પણ સૌ જાણતા હતા કે અપરાધી તે પોતે છે.

"ક્યા હંસી આતી હય મુઝંકો હઝ્રતે ઇન્સાન પર.
ફેઅલે બદ તો ખુદ કરેં લાઅનત કરેં શેતાન પર!"

અર્થ:—"માનવંત મનુષ્ય જાતિ ઉપર મને બેહદ હસવું આવે છે, કારણકે નઠારાં કર્મ તો પોતે કરે છે, અને ધિક્કાર શેતાનને આપે છે."

જ્યારે ૧૯૧૪ માં યુરોપીયન વિગ્રહ સળગ્યો, ત્યારે બલ્ગેરિયાએ તટસ્થતા જાહેર કરી; પણ ફર્દિનંદ કોઇ અનુકૂળ પ્રસંગની રાહ જોતો રહ્યો. સર્બિયાએ ઑસ્ટ્રિયા પર મેળવેલી જીતોથી તેને ખોટું લાગ્યું હશે: પણ આગળ શું થાય છે તે પર દૃષ્ટિ રાખી હશે.

બીજા બાલ્કન રાજાઓમાં સર્બિયાનો રાજા પીટર વૃદ્ધ, અશક્ત અને માંદો છે: છતાં તેણે પોતાનું પાણી દેખાડી આપ્યું છે. ઑસ્ટ્રિયાએ ત્રીજી વાર ચડાઇ કરી, ત્યારે તેણે ખાઇ-ઓમાં જઇને સિપાઇઓને કહેલું, કે "તમારે ઘેર જવું હોય, તો સુખેથી જાઓ. હું અને મારા પુત્રો તો જ્યાં ઉભા છીએ ત્યાં મરશું." આ શબ્દોથી સિપાઇઓને એવી ચાનક ચડેલી, કે તેઓ અસાધારણ બહાદુરીથી લડેલા. તે વાનપ્રસ્થ થયો છે; અને તેનો બીજો પુત્ર શાહજાદો એલેક્ઝાંડર રાજ્યરક્ષક નિમાયેલ છે.

રૂમાનિયાનો રાજા ફર્દિનંદ માત્ર ૧૯૧૪ ના ઑક્ટોબરની ૧૧ મી તારીખે તેના કાકા રાજા કેરોલની ગાદી પર આવેલ છે, અને તેના સંબંધી હજી કશું જણાયેલું નથી. બીજા બાલ્કન વિગ્રહથી રૂમેનિયા બાલ્કનોમાં અગ્રેસર થયું હતું. રાજા કેરોલ એક હોહેનઝોલર્ન હતો, અને રૂમેનિયાનું વલણ ઘણાં વરસથી જર્મની તરફ હતું. પણ પાછળથી રૂમેનિયનો કંઇક રૂશિયા તરફ પણ વળ્યા હતા, કારણકે ટ્રાન્સિલ્વેનિયામાં તેમની જાતના ૪૦ લાખ માણસો હતા, અને

તેમની સાથે તેઓ જોડાવાને ઉત્સુક હતા. ઉપરાંત, ફ્રાન્સની સાથે અને ઇટલીની સાથે તેમને સારો સંબંધ હતો.

રૂમેનિયાને કોઇ પણ પક્ષ સ્વીકારવાની ઉતાવળ નહોતી. તેને ઑસ્ટ્રિયા તથા જર્મનીની સાથે વેપારથી સારો લાભ થતો હતો; અને તેટલા માટે તે તટસ્થ રહેલું.

ગ્રીસનો રાજા કોન્સ્ટન્ટાઇન, એક દીવાનાએ સાલોનિકામાં તેના બાપ રાજા જ્યોર્જનું ખૂન કર્યું, તે પછી ૧૯૧૩ ના માર્ચની ૧૮ મી તારીખે ગ્રીસની ગાદી પર આવેલો છે, અને કૅઝર વિલિયમની બહેન શાહજાદી સોફિયા સાથે પરણેલ છે. શરૂઆતમાં પ્રજામાં તે ઘણો અપ્રિય હતો; પણ બાલ્કન વિગ્રહોમાં તેના વિજયને લીધે પાછળથી તે માનીતો થયો છે. વેનિઝેલોસ તેના બાપનો મિત્ર અને વિશ્વાસુ સલાહકાર હતો; અને તેણે તેને મુખ્ય પ્રધાન તરીકે કાયમ રાખેલો. પણ વેનિઝેલોસ ઘણાખરા ગ્રીકોની માફક જર્મનીથી વિરુદ્ધ હતો; એટલે કોઇક દિવસ રાજાની અને તેની વચ્ચે વિરોધ થવાનો સંભવ હતો.

બલ્ગેરિયાની વિરુદ્ધ સર્બિયા અને ગ્રીસ વચ્ચે જે સંધિ હતો, તેમાં એક સરત એવી હતી, કે સાલોનિકામાં થોડી જમીન સર્બિયાને પચાસ વરસને પટ્ટે ભાડે આપવી, અને એ શહેરથી ઉત્તરમાં જતી રેલવેનો ઉપયોગ કરવાની મંજૂરી આપવી. ૧૯૧૪ના નવેંબર અને ડીસેંબરમાં ફ્રેંચોએ અને બ્રિટિશોએ સર્બિયાને સાધનો પૂરાં પાડેલાં તે આ રસ્તે.

મોન્ટીનીગ્રોનો રાજા નિકોલસ નિરંતર સર્બિયાના પક્ષમાં રહેલ છે. પહેલા બાલ્કન વિગ્રહમાં તુર્કોની સામે પહેલી ચડાઇ તેણે કરેલી; અને જ્યારે ૧૯૧૪ના જૂલાઇમાં ઑસ્ટ્રિયાએ સર્બિયા સાથે વિગ્રહ જાહેર કર્યો, ત્યારે સર્બિયાના પક્ષમાં તેણે હથિયાર ઉપાડેલાં. તેની અને તેની પ્રજાની લાગણી રુશિયા તરફ છે.

આ પ્રમાણે ૧૯૧૫ના જાન્યુઆરીમાં સર્બિયા અને મોન્ટીનીગ્રો સિવાય બીજાં બાલ્કન રાજ્યોનું વલણ અસ્પષ્ટ અને શંકાપટતું હતું. રૂમેનિયામાં, ગ્રીસમાં, અને બલ્ગેરિયામાં પણ કેટલાંક તત્ત્વો મિત્ર રાજ્યોના પક્ષનાં હતાં, તો કેટલાંક વિરુદ્ધ પણ હતાં; બલ્ગેરિયામાં એ ઉપરાંત સર્બિયા તરફ તિરસ્કાર હતો, તથા થોડે અંશે ગ્રીસ અને રૂમેનિયા તરફ, અને રાજાનું વલણ ઑસ્ટ્રિયાના પક્ષમાં હતું.

મિત્ર રાજ્યોએ બલ્ગેરિયાને સંતુષ્ટ કરવાને લગભગ આઠ મહિના સુધી મહેનત કરી. પણ જર્મની તેમની સામે હતું. હવે એ જણાયેલું છે, કે જાન્યુઆરીમાં બલ્ગેરિયા અને જર્મની વચ્ચે એક ગુપ્ત સંધિની મસલહત ચાલતી હતી; અને થોડા વખત પછી રોમમાં તેના પર પ્રિન્સ બ્યુલોએ અને મિ. રિઝોફે સહી કરી હતી.

ઑસ્ટ્રિયાની ત્રીજી ચડાઇ પણ નિષ્ફળ થતાં સર્બિયાને જે આરામ મળ્યો તે લાંબા વખત સુધી ચાલ્યો; કારણકે કેટલાક મહિનાઓ સુધી દુશ્મનનું બધું ધ્યાન રુશિયાની સામેની ક્રિયાઓમાં

રોકાયું હતું, અને ૧૯૧૫ ના મેની ૨૩ મી તારીખે ઇટલી મિત્ર રાજ્યોની સાથે ભળ્યું, તે પછી તેની સામે બચાવનાં પગલાં લેવાયાં.

છેક ઑક્ટોબરની શરૂઆત સુધી સર્બિયાની સામે કશો ગંભીર હુમલો થયેલો નહીં; પણ એ મુદ્દતના ઘણા ભાગમાં તેને જુદી જાતના દુશ્મનની સામે લડવું પડેલું.

"ફિક્રે મઆશ યાદે ખુદા ઝિક્રે રફ્તગાન:
દો દિનકી ઝિંદગીમેં ભલા કોઇ ક્યા કરે?"

અર્થ:—"ખોરાકની ફિકર, પ્રભુભજન, અને મરી ગયેલાંઓનું સ્મરણ: વારૂ એ દિવસના જીવતરમાં તે કોઇ શું શું કરે?"

ઑસ્ટ્રિયનો વેલિએવોમાંથી તેમને હાંકી કાઢવામાં આવ્યા છતાં ટાઇફસ અને બીજા ભયંકર વ્યાધિઓનો વારસો મૂકી ગયા હતા; અને કમનસીબે સર્બિયનો તેમના ભોગ થઇ પડ્યા. એ બહાદુર ન્હાના દેશને જેમ પહેલા અને બીજા બાલ્કન વિગ્રહમાં તેમ ઑસ્ટ્રિયા સાથેના વિગ્રહમાં પણ ઘણું નુકસાન થયું હતું; અને હવે આ ભયંકર દુશ્મનની સામે થવાની તેની બિલકુલ તૈયારી નહોતી. લોકોનો કેવળ વિનાશ થવાનો સંભવ જણાતાં મદદ માટે પુકાર થયો; અને તે ગ્રેટ બ્રિટન, ફ્રાન્સ, રશિયા, યુનાઇટેડ સ્ટેટ્સ, અને બીજા દેશોએ સાંભળ્યો. આ સંકટમાં સર્બિયાને મદદ આપવાને સભાઓ સ્થપાઇ; અને ખાનગી માણસોએ પણ નાણાંની અને સેવાની પુષ્કળ મદદ આપી. સર ટૉમસ લિપ્ટન પોતાની આગબોટ એરિન સાલોનિકા લાવ્યો; અને તેમાંથી ઘણા ડાક્તરો, ઘણી નર્સો, અને ઘણા દવાઓના સંગ્રહો ઉતાર્યા. ઇંગ્લંડમાં લેડી પેજેટ, લેડી વિમ્બોર્ન, અને બીજી અનેક પ્રતિષ્ઠિત બાનુઓએ પોતાનો બધો ઉત્સાહ એ કામને સમર્પિત કર્યો. અગાઉ રેડ ક્રૉસ સોસાયટીની સેવા સંબંધી બોલતાં આ બાબતનો થોડો ઉલ્લેખ અમે કરેલો છે.

સર્બિયાને મિત્ર રાજ્યોથી છુટું પાડવાને જર્મની તરફથી વરસની શરૂઆતમાં પ્રયત્નો કરવામાં આવ્યા હતા. પણ બ્રિટિશ સરકાર તરફથી મજબૂત આધાર આપવાનાં વચન મળવાથી તેણે જર્મનીની માગણી સ્વીકારેલી નહીં. કમનસીબે જ્યારે તેને સંકટનો વખત આવ્યો, ત્યારે બચાવ માટે જે ૫૦૦,૦૦૦ નું લશ્કર જોઇએ, તે કોઇથી આપી શકાયું નહીં.

બાલ્કન રાજ્યોના સંપ માટે મિત્ર રાજ્યો તરફથી પ્રયત્નો ચાલ્યાજ કરતા હતા; પણ પ્રથમથીજ બલ્ગેરિયાએ વાંકો માર્ગ લીધો હતો. રૂમેનિયાને પહેલાં ઑસ્ટ્રિયા તરફથી નાણાંની મદદ મળી હતી; પણ જાન્યુઆરીમાં તેણે કેટલાક લાખની લોન ગ્રેટ બ્રિટન પાસેથી લીધી, અને તેનો ઘણો ભાગ લશ્કરને માટે વાપર્યો. બીજી તરફ, બલ્ગેરિયાને બર્લિનમાંથી નાણાં મળ્યાં.

(આ રસિક ઇતિહાસનો બાકીનો ભાગ હવે પછી કોઇ બીજે પ્રસંગે આપવામાં આવશે.)

લડાઇના તાર.

—:o:—

<u>સાધારણ સ્થિતિ.</u>

કોણ જાણે શા કારણથી લડાઇના તાર હમણાં બહુ ખબર આપતા નથી. સર્બિયાના જેવીજ મોન્ટીનીગ્રોની દુર્દશા થયેલી દેખાય છે. પણ મિત્ર રાજ્યો પૂર્ણ ઉત્સાહમાં છે. બ્રિટિશ નૌકા કંઇ અદ્ભુત સેવા કરી રહેલ છે, એમ જોઇ શકાય છે. એવી આશા રાખવાને કારણ છે, કે એ નૌકાનું કંઇક વિરલ વિક્રમ બરાબર પાકકાલ આવતાં બહાર પડશે. સ્થિતિ ગંભીર હોવા છતાં પરિણામમાં કશો ફેર પડવાનો નથી.

<u>આર્મીનિયન ખૂનો.</u>

લંડન, ૧૪ મી જાન્યુઆરી.

લોર્ડ બ્રાઇસને તારથી ખબર મળી છે, કે દુકાળથી દુઃખી થતા ૧,૫૦૦ સાસુન આર્મીનિયનો અધિકારીઓને શરણે થયેલા, જે પરથી મુશના ગવ્હર્નરે એવો હુકમ આપ્યો છે, કે પુરુષોને કત્લ કરવા, તથા સ્ત્રીઓ અને છોકરાંઓને યુફ્રેટીસમાં ડુબાવી દેવાં.

<u>ઇટલી અને મોન્ટીનીગ્રો.</u>

બોલોના, ૧૫ મી જાન્યુઆરી.

ઇટાલિયન પ્રધાન સેન્યોર બાર્ઝિલાઇએ એક ભાષણ કરતાં જણાવ્યું છે, કે લોવચેન પહાડના કબજાથી મોન્ટીનીગ્રો બચી શકત; પણ તેમાં બેથી ત્રણ લાખ માણસો જોઇએ, અને તેમને સ્થાને મોકલવામાં છ ગણી મહેનત કરવી પડે. અત્યારે દુશ્મન ઘા કરી શકે છે; પણ છેવટે મિત્ર રાજ્યોનો અવશ્ય વિજય થશે, અને ત્યારે એ ઘા રુઝાઇ જશે.

<u>દુશ્મનની તૈયારીઓ.</u>

ઍથન્સ, ૧૫ મી જાન્યુઆરી.

વિમાનીઓ જણાવે છે, કે ડોઇરન, ઘેવઘેલી, કપરૂલુ, અને ઉસ્કબ પાસે દુશ્મનો પુષ્કળ માણસો અને દારૂગોળો એકત્ર કરે છે. હવા રસ્તા દુરસ્ત કરવા માટે અનુકૂળ છે. તુર્કો અને જર્મનો ડેડીએગેચ લાઇન ઉપર એકઠા થતા જાય છે. હવામાં યુદ્ધો થયા કરે છે.

<u>જર્મનોનો ત્રાસ.</u>

બુખારેસ્ટ, ૧૫ મી જાન્યુઆરી.

સર્બિયામાં રસ્તો બનાવવાના કામમાંથી ન્હાસી છૂટેલા રુશિયન કેદીઓ જર્મનોને હાથે ખમવાં પડતાં દુઃખોનું ત્રાસદાયક વર્ણન આપે છે. સર્બિયન સ્ત્રીઓ અને છોકરીઓની એ રાક્ષસો જે દશા કરે છે, તે લખી શકાય તેવી નથી.

સર્બિયન સરકાર.

રોમ, ૧૭ મી જાન્યુઆરી.

જણાવવામાં આવે છે, કે સર્બિયન સરકાર અમુક વખત માટે પોતાનું મુકામ બ્રિન્ડીસીમાં રાખશે. ઇટાલિયન છાપાંઓ તેને આવકાર આપે છે.

કૈઝર નિશમાં.

આમ્સટર્ડામ, ૧૯ મી જાન્યુઆરી.

નિશથી એક તાર છે, કે કૈઝર ગઇ કાલે અહીં રાજા ફર્દિનંદને મળ્યો છે; અને પરસ્પર સ્વાગત થયા પછી એક બુરજમાંથી બલ્ગેરિયન અને માસીડોનિયન લશ્કરને કુચ કરતું તેણે જોયું છે. કૈઝરે રાજા ફર્દિનંદને ફીલ્ડ-માર્શલનો ઇલ્કાબ આપેલ છે; અને રાજા ફર્દિનંદે તેને એક પાયદળની પલટનનો કર્નલ બનાવેલ છે.

મોન્ટીનીગ્રોનું અદ્ભુત ધૈર્ય.

બ્રિન્ડીસી, ૨૦ મી જાન્યુઆરી.

મોન્ટીનીગ્રોનો મુખ્ય પ્રધાન અહીં આવી પહોંચ્યો છે. તે જણાવે છે કે રાજા નિકોલસે અને તેની સરકારે ઑસ્ટ્રિયાની માગણીઓની ના પાડી છે, અને ફરી બધા મોખરા પર લડાઇ શરૂ થઇ છે. રાજા અને તેના પુત્રો હજી મોન્ટીનીગ્રોમાં લશ્કરની મધ્યમાં છે, અને એક છેલ્લા ટકાવ માટે પ્રયત્ન કરે છે.

પારિસ, ૨૦ મી જાન્યુઆરી.

રાજા નિકોલસ એવી આશા પ્રગટ કરે છે, કે જો કદાચ મોન્ટીનીગ્રિનોને પોતાનો દેશ ખાલી કરવાનો પ્રસંગ આવશે, તો મિત્ર રાજ્યો તેમને મદદ કરશે.

રોમ, ૨૦ મી જાન્યુઆરી.

ઑસ્ટ્રિયા અને મોન્ટીનીગ્રો વચ્ચે સંધિની ચાલતી મસલહત ભાંગી પડી છે, એવી અફ્વા આજ બપોરથી ચાલી છે. કશું ચોકસ હજી જણાયું નથી, પણ તેને એ વાતથી પુષ્ટિ મળે છે, કે રાજા નિકોલસ અને તેનું કુટુંબ ઇટલી આવે છે, એમ જાહેર થયું છે.

જર્મન ક્રુરતા.

સાલોનિકા, ૨૦ મી જાન્યુઆરી.

ફ્રેંચ ખબરપત્રીઓ જણાવે છે, કે જર્મનો અને બલ્ગેરિયનો મોનેસ્ટિરથી ઉત્તર તરફ, કદાચ સર્બિયન મોખરા ઉપર, જવા લાગ્યા છે. માસીડોનિયામાં તેમને ખોરાકની તંગી વેઠવી પડી છે. જે સર્બિયનો પોતાના ઘર તરફ ગયા છે તેઓ ન્હાસીને સાલોનિકામાં ભરાવા માંડ્યા છે. અંધારૂં થયા પછી જે કોઇ બહાર નિકળે તેને જર્મનો ઠાર કરે છે; અને ન્હાનામાં ન્હાની બાબતોને માટે પુરુષોને તેમજ સ્ત્રીઓને જાહેરમાં કોરડા મારે છે.

ખાનગી દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૧લી ફેબ્રુઆરી, ૧૯૧૬. [અંક ૯

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વેહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૧ લી ફેબ્રુઆરી ૧૯૧૬.

ટોગો દેશ અને કામેરૂનની જીત.

ગિબન કરીને એક પ્રખ્યાત ઇંગ્લિશ ઇતિહાસક રોમન ફિલસુફ સેનેકાનું એક વાકય તારીફ સાથે ટાંકીને જણાવે છે, કે ઇતિહાસ અને અનુભવ તેના સત્યનું પ્રમાણ આપે છે. વાકય એ છે, કે "જ્યાં જ્યાં રોમન જીતે છે, ત્યાં ત્યાં તે નિવાસ કરે છે."

સંસ્થાન વસાવનાર પ્રજાઓને માટે એ સિદ્ધાંત બેશક સાચો છે, અને સામાન્ય રીતે ગ્રેટ બ્રિટને તેનું અનુસરણ કર્યું છે. બીજી તરફ, જર્મનીએ તેમ કરેલું નથી. બીજી બાબતોની માફક આ બાબતમાં પણ તેણે ઇતિહાસ અને અનુભવના પ્રમાણની અવગણના કરી છે; અને તેણે સંસ્થાન વસાવનાર પ્રજા તરીકે નામ મેળવ્યું નથી, તેનું એ એક કારણ છે. તેનાં ઘણાંખરાં સંસ્થાનો એટલી સહેલાઇથી બ્રિટિશના હાથમાં પડ્યાં, એ હકીકત સમજવામાં પણ તેથી મદદ મળે છે, જોકે જર્મનીનાં સંસ્થાનો જિતાવાનું મુખ્ય કારણ તો એ છે, કે તેના દુશ્મનનો કાફલો બધા દરિયા ઉપર સર્વોપરિ છે, અને સર જૉન જેલિકો તથા તેના માણસો ઉત્તરની ધુમસોમાં રહીને નિરંતર ચોકી કર્યા કરે છે.

જ્યારે મહા વિગ્રહ શરૂ થયો, ત્યારે પશ્ચિમ આફ્રિકામાં જર્મનીનાં બે સંસ્થાનો હતાં, ટોગો દેશ અને કામેરૂન. ટોગો દેશનો વિસ્તાર ૩૩,૭૦૦ ચોરસ માઇલનો છે, અને તે ફ્રેંચ દાહોમી અને બ્રિટિશ સોનેરી કિનારાની વચ્ચે આવેલો છે. વિગ્રહ પહેલાં ત્રીશ વરસે એટલે ઇ. સ. ૧૮૮૪માં એ મુલક જર્મન થયેલો, કે જ્યારે ગુસ્તાવ નાખ્તિગલ નામે પ્રવાસી લોમ આગળ એક તોપવાળી હોડીમાંથી ઉતરેલો, અને સ્થાનિક ઠાકોરોની સાથે મળીને તેણે મુલકને જર્મનીના રક્ષણ નીચે જાહેર કરેલો. તેનો આકાર એક પિરેમિડને મળતો છે, અને કિનારા તરફ તેનો વિસ્તાર એક છેડાથી બીજા છેડા સુધી માત્ર ૩૨ માઇલ છે.

સંસ્થાનની રાજધાનીનું શહેર લોમ કરીને છે, તે કિનારા પર આવેલું છે. બીજાં સ્ટેશનોમાં બગિદા કિનારા પર છે; ટોગો ટોગોસરોવર પર છે; અંદર લગભગ એકસો માઇલ દૂર મિસાહોહે છે; અને પાછલા ભાગમાં બિસ્માર્કબર્ગ છે. વસ્તીમાં દશ લાખ હોસા છે, અને વિગ્રહ પહેલાં ચારસો કરતાં ઓછા ગોરા લોકો હતા. કિનારા ઉપર લિટલ પોપોથી લોમ સુધી રેલવે છે, અને ત્યાંથી અંદર મિસાહોહે સુધી જાય છે; તથા લગભગ આઠસો માઇલ સારા રસ્તા છે.

ગરમ મુલક હોવાથી ટોગો દેશમાં કોકો, રબર, અને રૂની, તેમજ મકાઇ, કેળાં, આદુ, અને થોડી તમાકુની પણ પેદાશ થાય છે; તથા રબર, રૂ, અને કોકો દેશાવર જાય છે. કેટલાક ભાગમાં લોકો ઘોડા, ઘેટાં, બકરાં, અને કુક્કરોને ઉછેરે છે; અને બીજા ભાગોમાં વણવાના, માટીનાં વાસણ બનાવવાના, અને લાકડાં ફાડવાના દેશી ઉદ્યોગો ચાલે છે.

૧૯૧૪ ના ઑગસ્ટની ૪ થી તારીખે સાંઝે બ્રિટને જર્મની સાથે વિગ્રહ જાહેર કર્યો, અને થોડી મિનિટમાં એ ખબર સોનેરી કિનારાના ઍક્ટિંગ ગવ્હર્નરને તથા દાહોમીના ફ્રેંચ ગવ્હર્નરને પહોંચી. તેમણે તરત ચડાઇની એક સંયુક્ત યોજના કીધી, અને બ્રિટિશ ફ્રૂઝરો મદદ આપવાને પાસેજ હતી. બે કે ત્રણ દિવસમાં એમાંની એક લોમ આગળ આવી, અને તોપો શહેર પર ગોઠવાયા પછી જર્મનોને તાબે થવા માટે સભ્યતાથી કહેવામાં આવ્યું. તેઓ તાબે થયા, પણ બ્રિટિશો કિનારા પર આવ્યા, તે પહેલાં તેમનું ન્હાનું લશ્કર, કે જે લગભગ ૬૦ યુરોપીઅન અને ૪૦૦ દેશીઓનું બનેલું હતું, તે અંદરના ભાગમાં અટકપેમ તરફ ચાલ્યું ગયું.

સોનેરી કિનારામાં બ્રિટિશ અમલદારો જર્મનોની સામે એક ન્હાનું લશ્કર મોકલવાની તજવીજ કરી રહ્યા હતા. ઑગસ્ટની ૮ મી કે ૯ મી તારીખે એ લશ્કરે મોટર ગાડીઓમાં બેસીને સરહદનું ઉલ્લંઘન કર્યું; અને એજ વખતે એક ફ્રેંચ લશ્કરે બીજી બાજુએથી ટોગો-દેશમાં પ્રવેશ કર્યો. જર્મન ગવ્હર્નરે એવી સૂચના કરી કે સંસ્થાનને તટસ્થ રહેવા દેવું; પણ તે તરફ ધ્યાન આપવામાં આવ્યું નહીં. ૧૦ મી તારીખ સુધીમાં ટોગો દેશનો દક્ષિણનો ભાગ મિત્ર રાજ્યોના કબજામાં આવી ગયો, અને પછી સંયુક્ત લશ્કર અટકપેમ ઉપર ઉપડ્યું.

૨૫ મી તારીખે કપ્તાન બ્રાયન્ટ અને તેનાં માણસો મોનુ નદી ઓળંગી ગયા, અને ત્યાં લડાઇ થઇ. મિત્ર રાજ્યોના ૭૩ માણસો અશક્ત થયા, જેમાંથી ૨ અમલદારો અને ૨૧ માણસો મરણ પામ્યા; પણ તેમણે દુશ્મનોને ખાઇઓમાંથી હાંકી કાઢ્યા, અટકપેમનો કબજો લીધો, અને તેની પાસેનું "વાયરલેસ" સ્ટેશન હાથ કર્યું.

૨૬ મી તારીખે જર્મનો તાબે થયા. ગ્રેટ બ્રિટન અને ફ્રાન્સે દેશનો સંયુક્ત વહિવટ ચલાવવાનો ઠરાવ કર્યો. વેપાર ફરી ચાલવા લાગ્યો, ખાનગી મિલકત સુરક્ષિત રહી, અને દેશના રહેવાસીઓને રાજ્યના ફેરફારથી કશી હાનિ થઇ નહીં.

કામેરૂન ટોગો દેશના કરતાં મોટો મુલક છે, અને તેનાથી ફ્રેંચ દાહોમી અને બ્રિટિશ નાઇજીરિયા વડે છૂટો પડેલો છે. તેને જીતવાનું કામ વધારે દુર્ઘટ હતું. તેનો કબજો પણ જર્મનીએ નાખ્તિગલ દ્વારા ૧૮૮૪ માં લીધો હતો, જોકે ત્યારે મુલક હાલના જેટલો મોટો નહોતો. ૧૯૧૧ માં મોરોક્કોના તોફાન પછી ફ્રાન્સ અને જર્મનીએ સંસ્થાનો સંબંધી નવો

કરાર કરેલો, અને તેમાં એવું ઠરેલું, કે કામેરૂનની દક્ષિણે અને પૂર્વે ફ્રાન્સે જર્મનીને પોતાના કોંગો પ્રદેશમાંથી ૧૦૦,૦૦૦ ચોરસ માઇલ જેટલો મુલક મુપ્રત કરવો. એટલે એ પ્રમાણે થયેલું.

કામેરૂનને બિયાફ્રાના અખાત ઉપર સુમારે ૨૦૦ માઇલનો દરિયાકાંઠો છે. વિચિત્રતા એ રહી ગઇ છે, કે જર્મન મુલકની વચ્ચે રાયો મુનિ અથવા સ્પેનિશ ગિની કરીને એક ન્હાનું સ્પેનિશ સંસ્થાન છે.

કામેરૂનનું કદ સુમારે ૨૯૦,૦૦૦ ચોરસ માઇલ અથવા ઇંગ્લંડ અને વેલ્સના કરતાં લગભગ પાંચગણું છે. ઘણો ભાગ પહાડી છે, અને દરિયા તરફ ઢળતો ભવ્ય કામેરૂનનો પહાડ છે, કે જેને દેશી લોકો "મોટાઇનો પહાડ" કહે છે. તે ૧૩,૦૦૦ ફુટ ઊંચો છે, અને આફ્રિકાની પશ્ચિમમાં કોઇ પણ શિખર એથી ઊંચું નથી. એ એક જ્વાલામુખી છે, અને શાંત નથી, અને ઘાટાં જંગલોથી ભરેલો છે.

કામેરૂનમાં ઘણી નદીઓ અને કેટલાંક સારાં બંદરો છે. કામેરૂનની ખાડી, કે જે ૨૦ માઇલ પહોળી છે, તેમાં વુરી અને મંગો નદી વહે છે; અને સેનેગા નદી સંસ્થાનની વચ્ચેથી સમુદ્ર તરફ જાય છે. વસ્તીમાં સુમારે ૨૫,૦૦,૦૦૦ હબસીઓ છે, જેમાંના ઘણાખરા બન્ટુ જાતના છે, પણ કેટલાક ફુલા અને હોસાઓ ઉત્તરમાં વસે છે. વિગ્રહની પહેલાં સંસ્થાનમાં ગોરાઓની સંખ્યા ૨,૦૦૦ થી ઓછી હતી. કામેરૂન પહાડની તળેટીમાં આવેલું બુઇઆ રાજધાનીનું શહેર છે, પણ કામેરૂનની ખાડી ઉપરનું ડુઆલા વધારે મોટું છે, અને વેપારનું મથક છે. બીજાં મોટાં શહેરોમાં વિકટોરિયા, બટંગા, અને કેમ્પો કિનારા પર છે; ગારૂઆ બેન્યુ નદીને કાંઠે છે, અને યોંડે દરિયાથી લગભગ ૧૦૦ માઇલ દૂર છે.

ઝમીન રસાળ છે, અને પેદાશ રબર, રૂ, કોકો તથા કોફીની છે, જેની પુષ્કળ નિકાસ થાય છે. હાથીદાંત પણ ઘણો ચડે છે, અને કેટલુંક સારૂં લાકડું તથા ખાસ કરીને અબનૂસ બહુ થાય છે. પશુઓ પણ ઘણાં ઉછેરવામાં આવે છે; અને કેટલાક ભાગમાં દેશી લોકો મકાઇ તથા ચોખા ઉગાડે છે. દરિયાની પાસેનાં શહેરોને જોડવાને જર્મનોએ સુમારે ૧૫૦ માઇલની રેલવે બાંધી છે, અને કેટલાક સારા રસ્તા પણ બનાવ્યા છે.

આપણા પક્ષના પહેલા પ્રયત્નો બહુ સફળ થયેલા નહીં: કારણકે તે વખતે વરસાદની મોસમ ચાલતી હતી. ઓગસ્ટની ૨૫ મી તારીખે કેટલાક સવારોએ નાઇજીરિયાની સરહદ ઓળંગીને ટેપેનો કબજો લીધો. લેફટેનંટ-કર્નલ મેકલીઅર ટુકડીનો ઉપરી હતો. ૨૯ મી તારીખે તેણે ગારૂઆના વધારે મોટા સ્ટેશન પર ચડાઇ કરી; અને એક કિલ્લો હાથ કર્યો. પણ ૩૦ મી તારીખે જર્મનોએ મોટું લશ્કર લાવીને બ્રિટિશોને પૂરેપૂરા હરાવ્યા. લેફટેનંટ-કર્નલ મેકલીઅર અને બીજા ચાર ગોરા અમલદારો માર્યા ગયા; અને દેશી લશ્કર લગભગ અર્ધોઅર્ધ નાશ પામ્યું.

દરમિયાન બીજાં બે લશ્કરો નાઇજીરિયામાંથી કામેરૂનમાં પેઠાં હતાં. એક લશ્કર ઇકોપથી ઉપડ્યું, અને સરહદથી થોડા માઇલ દૂર ન્સાનાકોંગ સુધી પહોંચીને તેણે તેનો કબજો લીધો;

Russian Royal Ladies who worked for the wounded.

જખમી સિપાઈઓની સારવાર કરતી રૂશિયન શહેનશાહજાદીઓ.

Lakshmi Art, Byculla, Bombay

અને બીજાએ કાલાબારથી નિકળીને આર્ચિબોંગ લીધું. એક અઠવાડિયા પછી જર્મનોએ સામો પ્રહાર કર્યો. એક મોટું લશ્કર ન્સાનાકોંગ સામે આવ્યું, બ્રિટિશો દારૂગોળો બધો ખપી ગયો ત્યાં સુધી લડ્યા, અને પછી સંગીનો વાપરીને છૂટ્યા. ત્રણ બ્રિટિશ અમલદારો અને ઘણા દેશી સિપાઇઓ કપાઈ ગયા, અને ઘણા લડાઇના કેદી થયા; પણ બાકીનાઓ થોડી ઘણી વિપત્તિ સહ્યા પછી નાઇજીરિયામાં ન્હાસી ગયા. આર્ચિબોંગના લશ્કરે બહુ હરકત કરી નહીં, એટલે જર્મનો સરહદ ઓળંગ્યા, અને કાલાબારની પાસેના ઓકુરી નામે નાઇજીરિયન સ્ટેશનનો તેમણે કબજો લીધો.

બ્રિટનોએ નૌકાની મદદ માગી. કેટલાંક જર્મન વહાણો કામેરૂનની ખાડીમાં હતાં; અને બહારથી એક બ્રિટિશ ક્રૂઝર અને એક "ગનબોટ"ની તેમના પર નજર હતી. જર્મનોએ ડુઆલાના બારામાં રસ્તો બંધ કરવા માટે દશ બાર આગબોટો ડુબાવી હતી; પણ બ્રિટિશોએ ત્રણેક માઇલમાં સુરંગો દૂર કરી, અને રસ્તો સાફ કર્યો. સપ્ટેંબરની ૨૬ મી તારીખે ડુઆલા ઉપર તોપનો મારો શરૂ થયો. ૨૭ મી તારીખે જર્મનોએ શહેર તાબે કરવાનું કહેણ મોકલ્યું. બ્રિગેડિયર-જનરલ ડોબેલે ૩૦ મી તારીખે કાંઠે ઉતરીને તેનો કબજો લીધો. જર્મનોએ પોતાના "વાયરલેસ" સ્ટેશનનો નાશ કર્યો હતો, અને ઘણુંખરૂં લશ્કર મોકલી દીધું હતું, તોપણ બ્રિટિશો સેંકડો કેદી પકડી શકેલા. લગભગ એજ અરસામાં એક ફ્રેંચ લશ્કર ફ્રેંચ કોંગોમાં આવેલા લિબ્રેવિલ શહેરથી દરિયારસ્તે આવ્યું, અને તેણે કામેરૂનની દક્ષિણે કોરિસ્કો અખાત પર આવેલા ઉકોકો પર હુમલો કર્યો.

બોનાબેરીથી ઉપર નદીમાં હામ્બર્ગની વોરમેન લાઇનની નવ વેપારી આગબોટો વિગ્રહ શરૂ થયો ત્યારથી પડી રહી હતી. તેમનો કબજો લેવાયો; અને એક આગબોટમાં ત્રીશ બ્રિટિશ કેદીઓ માલુમ પડ્યા. બધાં વહાણો સારી સ્થિતિમાં હતાં, અને ઘણાંખરાંમાં પુષ્કળ માલ ભરેલો હતો, તથા કોલસો પણ ઘણો હતો. સોડન નામે જર્મનોનું એક તોપવાળું વહાણ પણ પકડવામાં આવેલું.

હવે કિનારો મિત્ર રાજ્યોના કબજામાં આવી ગયો: અને લડાઇનો પહેલો ભાગ પૂરો થયો. પણ બીજો ભાગ હજી બાકી હતો, અને એ કામ કઠણ હતું; કારણકે પહાડી અને રસ્તા વગરના દેશમાં લડવાનું હતું, તથા હવાની સ્થિતિ ગોરા લોકોને પ્રતિકૂળ હતી.

જર્મનો ત્રણ માર્ગે હઠી ગયા હતા—એક ભાગ વુરીની ખીણમાં ગયો હતો, અને બીજા બે ભાગો ડુઆલા અને બોનાબેરીથી દેશમાં અંદર જતી રેલવેઓને માર્ગે ગયા હતા. દક્ષિણ તરફની રેલવેને રસ્તે એક ફ્રેંચ ટુકડી ચાલેલી, અને ઑકટોબરની ૬ ઠ્ઠી તારીખે જાપોના આગળ લડાઇ થયેલી. પણ દુશ્મનો હઠી ગયેલા.

જર્મનોના બીજા ભાગની પાછળ એક બ્રિટિશ લશ્કર પડ્યું. હોડીઓમાં બેસીને તે વુરી નદી પર ચાલ્યું, અને જાબાસ્સીથી ચાર માઇલ દૂર ઉતર્યું. આગળ ચાલતાં એવા ગોળા પડવા

માંગ્યા, કે વધી શકાયું નહીં. બાજુએથી હુમલો કર્યો તે પણ નિષ્ફળ ગયો, એટલે હઠી જવાનો હુકમ અપાયો. ઑક્ટોબરની ૮ મી તારીખે આ પ્રમાણે થયું, અને એક દિવસ થાક ખાઈને લશ્કર પાછું ડુઆલા આગળ આવ્યું.

૧૪ મી તારીખે મિત્ર રાજ્યોએ ફરી હુમલો કર્યો. થોડી ઝપ્પાઝપ્પી પછી જાબાસ્સી કબજે થયું, અને ૧૦ યુરોપીઅન કેદ પકડાયા. થોડા દિવસ પછી લેફ્ટેનંટ-કર્નલ હેવુડની સરદારી નીચે જે ટુકડી ઉત્તરની રેલવેને રસ્તે દુશ્મનની પાછળ પડી હતી તેને તેનો સુસા પાસે ભેટો થયો, જેમાં દુશ્મનો હાર્યા. ઈશાન્યમાં નાઇજીરિયન પલટનના એક ભાગે દાખલ થઈને ચાડ સરોવરની પાસે મોરાની આસપાસના મુલકનો કબજો લીધો.

હઠી જતા જર્મનો ઉપર હવે બધી ટુકડીઓનું દબાણ થવા લાગ્યું; અને થોડી વારમાં બીજી બે જીતો મળી. કર્નલ મેયરની સરદારી નીચેની ફ્રેંચ ટુકડી કેટલાક બ્રિટિશ સિપાઇઓ અને ખલાસીઓની મદદથી જાપોનાની જીત પછી એડીઆ તરફ ઉપડી. એ એક મહત્ત્વનું સ્થાન છે, કારણકે કિનારાથી ૫૬ માઇલ દૂર હોઇને તે સેનેગા નદી પર તેમજ ડુઆલા રેલવે પર આવેલું છે. રસ્તામાં એક ઘાટું જંગલ હતું, અને તેમાં છુપાઈને દુશ્મનો મારી શકતા હતા. છતાં ઑક્ટોબરની ૨૬ મી તારીખે એડીઆનો કબજો લેવાયો. સુમારે પંદર દિવસ પછી હેવુડની ટુકડીએ સુસાની જીત કરીને ડુઆલાથી પચાસેક માઇલ પર આવેલા મુજાકા નામે સ્ટેશનને પણ હાથ કર્યું.

(આ જાણવા લાયક ઇતિહાસ આવતા અંકમાં પૂર્ણ કરવામાં આવશે.)

લડાઈના તાર.

—:o:—

<u>રુશિયન ફત્તેહ.</u>

પિત્રોગ્રેડ, ૨૦ મી જાન્યુઆરી.

કોકેસસની અંદર તુર્કના મધ્યબિંદુમાં રુશિયનોએ સખ્ત અને અણધાર્યો ઝટકો માર્યો છે. તુર્કોને એટલી ઝડપથી ન્હાસવું પડ્યું છે, કે તેઓ મુડદાંને દફનાવી પણ શકયા નથી. અર્ઝરૂમની પૂર્વે ૩૩ માઇલ દૂર કેપ્રિકીના શહેરનો તેમણે કબજો લીધો છે. નામદાર ત્સારે આ વિક્રમ માટે કોકેસસનાં લશ્કરોને મુબારકબાદી આપી છે.

<u>મોન્ટીનીગ્રો.</u>

બ્રિંડીસી, ૨૦ મી જાન્યુઆરી.

મોન્ટીનીગ્રોનાં રાણી અને રાજપુત્રીઓ રોમ ગયેલ છે. રાજા નિકોલસ અટકાવનો બંદોબસ્ત કરવા સારૂ સ્કુટારીમાં રહેલ છે.

સુલતાનાબાદનો કબજો.

પિત્રોગ્રેડ, ૨૧ મી જાન્યુઆરી.

રૂશિયનોએ સુલતાનાબાદ હાથ કર્યું છે. જર્મન કોન્સલની સાથે દુશ્મનો બુરૂજીરે ન્હાસી ગયા છે.

રૂશિયન હુમલાનું મહત્વ.

પિત્રોગ્રેડ, ૨૧ મી જાન્યુઆરી.

છાપાંઓ બુકોવિનામાં રૂશિયન હુમલાને મહત્ત્વ આપે છે, કારણકે તેથી બાલ્કનોમાંથી મોટાં જર્મન લશ્કરોને ફરવું પડ્યું છે, અને બલ્ગેરિયનો એકલા પડી ગયા છે. આ કારણથી તેઓ સાલોનિકા પર ચડાઇ કરી શકયા નથી, અને આલ્બેનિયામાં પણ કશું કરતા નથી.

કામેરૂનમાં સ્થિતિ.

લંડન, ૨૧ મી જાન્યુઆરી.

૧ લી જાન્યુઆરીએ કામેરૂનમાં જોંડે હાથ કર્યા પછી એંગ્લો-ફ્રેંચ ટુકડીઓ દુશ્મનને કિનારા તરફ ન્હસાડવાને અને મુનિના સ્પેનિશ સંસ્થાનમાં પેસતા અટકાવવાને મોકલવામાં આવી હતી. એક ટુકડીએ ૧૭ ઇંગ્રેજ અને ૭ ફ્રેંચ સિવિલિયન કેદીઓને તથા ત્રણ ફ્રેંચ અમલદારોને છોડાવેલ છે. ૧૮ મી જાન્યુઆરીએ એવી ખબર મળી છે, કે જર્મનો એબોલોવા અને એકોનોલિંગા ખાલી કરી ગયા છે; તથા જર્મન ગવ્હર્નર એબરમૈયર અને કમાન્ડન્ટ ઝિમરમૈન મુનિ પહોંચી ગયા છે.

મોન્ટીનીગ્રોનો ખુલાસો.

રોમ, ૨૩ મી જાન્યુઆરી.

મોન્ટીનીગ્રોનો પ્રધાન એક સંદેશામાં ભેદ ખુલ્લો કરે છે. તે કહે છે કે ઑસ્ટ્રિયન લશ્કરની સાથે મસલહત થઇ હતી, કારણકે લોવકેન અને સેટિંજે પડ્યા પછી તેમ કરવાની જરૂર હતી. ઉદ્દેશ માત્ર હઠી જવા માટે મોન્ટીનીગ્રિનોને વખત મળે એ હતો. જનરલ વોકોટિકસની સરદારી નીચે મોન્ટીનીગ્રિનો લડ્યા કરે છે, અને તેમનો હેતુ સર્બિયન લશ્કરની સાથે જોડાવાનો છે.

અર્ઝરૂમ ઉપર તોપના ગોળા.

પિત્રોગ્રેડ, ૨૩ મી જાન્યુઆરી.

તુર્કી લશ્કર ટોર્ટમના સરોવરના પ્રદેશમાંથી ન્હાસવા માંડ્યું છે. રૂશિયનો કેદીઓ, રાઇફલો, દારૂગોળા, અને કંઇ કંઇ સામાન હાથ કરે છે. અર્ઝરૂમના કિલ્લાઓ પાસે કોસેકોએ તુર્કો પર હલ્લો કરીને સેંકડોને સમશેરથી કાપી નાંખ્યા છે, અને હજાર કરતાં વધારેને કેદ પકડ્યા છે. બચ્યા તે અર્ઝરૂમ ન્હાસી ગયા છે. રૂશિયન તોપોએ અર્ઝરૂમના કિલ્લા ઉપર ગોળા ફેંકયા છે.

મેટ્ઝ ઉપર બોંબ.

પારિસ, ૨૪ મી જાન્યુઆરી.

૨૪ ફ્રેંચ વિમાનોએ મેટ્ઝમાં રેલવે સ્ટેશનો અને બરાકો ઉપર ૧૩૦ બોંબ નાંખ્યા છે. એક સિવાય બીજાં બધાં હરકત વગર પાછાં ફર્યા છે.

મેસોપોટેમિયામાં સખ્ત લડાઇ.

દીલ્હી, ૨૪ મી જાન્યુઆરી.

જનરલ એલ્મરે કૃત-અલ-અમારાથી નીચે ૨૫ માઇલ દૂર ટાઇગ્રિસના ડાબા કિનારા પર પડેલા દુશ્મનો પર તા. ૨૧ મીએ હલ્લો કર્યો છે. તુર્કોના લશ્કરમાં ભરતી થયેલી હોઇને લડાઇ સખ્ત ચાલી છે. આખો દિવસ બંને પક્ષને ઘણું નુકસાન થયું છે. હવા અતિશય પ્રતિકૂળ છે. જોસબંધ પવન ફૂંકે છે; અને ખૂબ વરસાદ પડવાથી નદીમાં પૂર આવ્યું છે.

મોનેસ્ટિર ઉપર બોંબ.

સાલોનિકા, ૨૪ મી જાન્યુઆરી.

મોનેસ્ટિર અને પાસેનાં દુશ્મનનાં મથકો ઉપર ૨૦૦ કરતાં વધારે અને ઘેવઘેલી ઉપર ૧૦૦ બોંબ નાંખવામાં આવેલ છે. (ઇસ્પિતાલો અને રેડ ક્રૉસના મકાનોને હાનિ ન થાય, તે માટે વિમાનીઓને નકશા આપવામાં આવ્યા હતા.)

કોન્સ્ટન્ટિનોપલમાં સ્થિતિ.

લંડન, ૨૪ મી જાન્યુઆરી.

સાલોનિકાથી જણાવવામાં આવે છે કે ૫૦,૦૦૦ જર્મન લશ્કર કોન્સ્ટન્ટિનોપલમાં આવી પહોંચેલ છે. આવવાનો હેતુ અન્વર પાશાને આધાર આપવાનો છે. જર્મન લશ્કર આવી પહોંચ્યું, તે પહેલાં એક રાત્રે ૨૧ તુર્કી અમલદારોને ગળે પત્થર બાંધીને બોસ્ફરસમાં ફેંકી દેવામાં આવ્યા હતા. તુર્કો અને જર્મનો વચ્ચે પુષ્કળ કજિયા થયા છે.

મોન્ટીનીગ્રિન રાજકુટુંબ.

લેયાંઝ, ૨૫ મી જાન્યુઆરી.

રાજા નિકોલસ, અને રાજકુમારો ડાનિલો અને પીટર અહીં આવી પહોંચેલ છે. ફ્રેંચ સરકારના પ્રતિનિધિઓએ તેમને આવકાર આપ્યો છે.

ઇજિપ્તમાં લડાઇ.

લંડન, ૨૫ મી જાન્યુઆરી.

ઇજિપ્તમાં તા. ૨૩ મીએ જનરલ વૉલેસની ટુકડીએ દુશ્મનની છાવણી પર હુમલો કરીને માણસોને વિખેરી નાંખ્યા છે, અને છાવણી બાળી મૂકી છે.

બ્રસેલ્સને દંડ.

આમ્સ્ટર્ડામ, ૨૭ મી જાન્યુઆરી.

મિસ કેવેલને ફસાવનારનું ખૂન થવાથી જનરલ બિસિંગે બ્રસેલ્સ ઉપર પાંચ લાખ ફ્રાંકનો દંડ નાંખ્યો છે, જે આપવાની શહેરે ના પાડી છે.

નિવેદન.

આજના અંકની સાથે જખમી સિપાઇઓની સારવાર કરતી રશિયન રાજકન્યાઓનો એક સુંદર ફોટોગ્રાફ અમે અમારા વાંચનારાઓને ભેટ કરીએ છીએ.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૮મી ફેબ્રુઆરી, ૧૯૧૬. [અંક ૧૦

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વેહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૮ મી ફેબ્રુઆરી ૧૯૧૬.

ટોગો દેશ અને કામેરૂનની જીત.

(ગયા અંકથી ચાલુ.)

આ વખત સુધીમાં જનરલ ડોબેલે જર્મન રાજધાની બુઇયા અને તેના બંદર વિકટોરિયા પર ચડાઇ કરવાની એક યોજના તૈયાર કરી. એક ફ્રેંચ ક્રૂઝરે અને નાઇજીરિયન સરકારના એક વહાણે મળીને બંદર ઉપર તોપના ગોળા ફેંકયા, અને કેટલાક ખલાસીઓને કિનારે ઉતાર્યા. થોડા વખતમાં જગ્યા તેમના કબજામાં આવી; અને નવેંબરની ૧૪ મી તારીખે જે ટેકરીઓ પર થઇને બુઇઆ પહોંચાય છે; તે તરફ કેટલીક ટુકડીઓ જૂદે જૂદે સ્થાનેથી ઉપડી. દુશ્મનથી સામે થવાય તેવું નહોતું, એટલે તેઓ ભિન્ન ભિન્ન દિશામાં વિખેરાઇ ગયા.

પણ જર્મનો જ્યાં જ્યાં હતા, ત્યાં ત્યાં તેમણે હુમલો કરવાનું છોડ્યું નથી. નાઇજીરિયા ઉપર તેમણે હુમલો કરેલો. જૂદે જૂદે સ્થાનેથી ટુકડીઓ સરહદ ઓળંગીને દાખલ થયેલી, અને આઇકોમથી ૨૫ માઇલ દૂર ડેનેર આગળ ૮ મી નવેંબરે ઝપ્પાઝપ્પી થતાં એક બ્રિટિશ આગેવાન માર્યો ગયેલો. એજ પ્રદેશમાં થોડા વખત પછી ૩૦૦ દેશીઓ અને ૮ જર્મનોએ બીજા બે હુમલા કરેલા; પણ તેમાં નુકસાન સાથે પાછા ફરવું પડેલું.

દરમિયાન ફ્રેંચો સારી જીત મેળવવા માંડ્યા. બેલ્જિયન કોંગોના અધિકારીઓએ તેમને એક આગબોટ અને ૧૩૦ માણસો આપ્યાં; અને સંયુક્ત લશ્કરે જનરલ એમેરિખની સરદારી નીચે રહીને જે પ્રદેશ ૧૯૧૧ માં જર્મનીને સુપ્રત કર્યો હતો તેમાંથી તેમને હાંકી કાઢ્યા. ઑકટોબરની આખરે બે દિવસની સખત લડાઇ પછી નૂમેન અને નોલાનાં જર્મન સ્થાનકો કબજે થયાં; અને કેટલાક અમલદારો, તોપો, અને દારૂગોળો હાથ આવ્યાં.

કિનારા ઉપર ડીસેંબરમાં ઉત્તરની રેલવેની આખી લાઇન હાથ થઇ. મુજુકાથી હેલુડની ટુકડી કુચ કરીને ઉત્તરમાં સુમારે વીશ માઇલ દૂર લૂમ પહોંચી, અને તેને પગલે પગલે અડચણ નડી. લૂમ આગળ ઠીક મારામારી ચાલી, પણ ૧૦ મી તારીખે રેલવેનું છેલ્લું સ્ટેશન તાબે કરાયું. ત્યાં પાંચ એંજિનો, થોડા ડબ્બા, અને બે વિમાનો ઉપરાંત આઠેક ગોરાઓ પકડાયા. ત્યાંથી છએક માઇલ દૂર બારે સુધી તરત ધસારો કરવામાં આવ્યો; પણ ત્યાંથી આગળનો પ્રદેશ

પહાડી અને વિકટ હોવાથી વધવાનું કામ મુશ્કેલ હતું. બીજું એક ન્હાનું લશ્કર મંગોની ખીણમાં ચાલીને હેલુડની કુમક કરી રહ્યું હતું; અને નવેંબરની ૨૧ મી તારીખે તેણે મેન્ડાવી નામે મહત્ત્વનું સ્થાન જીતી લીધેલું.

એક ત્રીજું ન્હાનું લશ્કર પણ કામ કરી રહ્યું હતું. નવેંબરની ૨૩ મીએ તે લાગોસથી નિકળેલું, અને ક્રૉસ નદી ઉપર હોડીઓમાં આઇકોમ પહોંચેલું. ત્યાંથી નાઇજીરિયા અને કામેરૂનની સરહદ ઉપર પહોંચતાં તેને ૨૩ નદીઓ ઓળંગવી પડેલી; અને પછી એ ઓસ્સિડિંગે અથવા મામ્ફે કરીને જર્મન સ્થાનક તરફ ચાલેલું. ત્યાં આવતાં માલુમ પડ્યું, કે જર્મનો તે ખાલી કરી ગયા હતા; જોકે પડોસમાં તેમના માણસોની સાથે કેટલીક મારામારી થયેલી ખરી.

એડીઆ આગળ ઑકટોબરની ૨૬ મી તારીખે ફ્રેંચો ઉપર હુમલો થયેલો, અને લડાઇ થયેલી. જર્મનો ૨૦ ગોરાઓ અને ૫૪ દેશીઓ મરાયા પછી હઠી ગયેલા; અને જીતનારાઓના બે અમલદારો અને ૨૯ દેશી સિપાઇઓ માર્યા ગયા. જર્મનો તોપણ નાઇજીરિયા ઉપર હુમલા કરતા રહ્યા, જોકે તે બધા પાછા વાળવામાં આવેલા.

વરસની આખરે કામેરૂન જીતાયું નહોતું; પણ કામ ઠીક આગળ ચાલ્યું હતું, અને જર્મનોની સ્થિતિ સુખની નહોતી. બહારથી કશુંજ તેમને મળી શકતું નહીં; અને ધીમે ધીમે પણ ચોકસ રીતે તેમને રેલવેના પ્રદેશમાંથી અંદરના ભાગમાં જઇને ભરાવું પડ્યું. સંસ્થાનના ઉત્તરના અને પૂર્વના ભાગોમાં પણ તેમને સતાવણી ઓછી નહોતી. તેઓ તાબે થાય અથવા કપાઇ જાય, તે માટે માત્ર વધારે વખતની જરૂર હતી.

બ્રિટિશોને સ્થિતિ એટલી સંતોષકારક લાગી, કે તેમણે ડીસેંબરની ૨૧ મી તારીખે ડુઆલાનું બંદર વેપાર માટે ખુલ્લું મૂકયું, જોકે વેપાર માત્ર મિત્ર રાજ્યોના કબજામાં આવેલા ભાગોની સાથેજ થાય એવી સરત રાખી. તરતને માટે આયાત થતી વસ્તુઓ ઉપર જર્મનોએ જે દાણ રાખ્યું હતું તે જારી રહ્યું.

ગરમીની મોસમમાં ઘણું થોડું થઇ શકયું; પણ થોડાજ વખતમાં મિત્ર રાજ્યોની ટુકડીઓ પાછી ચાલવા લાગી. એડીઆ છોડીને કર્નલ મેયર અને તેના લશ્કરે બે લડાઇઓ પછી બર્સોનાનું સ્થાન હાથ કર્યું. રેલવેને રસ્તે ચાલીને તેઓ એપ્રિલમાં કેલે નદી ઓળંગ્યા. તેમનો ઇરાદો ચેંડે પહોંચવાનો હતો, કે જ્યાં જર્મનોએ પોતાની છાવણી કરી હતી. મેની ૧૧ મી તારીખે એસ્કાનું સ્ટેશન કબજે થયું; અને ૨૯ મીએ ન્જોકેના મજબૂત સ્થાનમાંથી દુશ્મનને હાંકી કાઢવામાં આવ્યા.

પોતાની બાજુ તરફ ફ્રેંચોએ પણ ઠીક કામ કર્યું. સંગા ઉપર તેઓ દુશ્મનને એક પછી એક સ્થાનકથી હઠાવતા ગયા, અને છેવટે તેમને મોન્સોના કિલ્લાનો આશ્રય લેવો પડ્યો.

ત્યાં થોડી મારામારી પછી જર્મનોને તાબે થવું પડ્યું; અને તોપો તથા દારૂગોળો કબજે થયાં. બેસામ અને આસ્સોબામ ઝડપથી ફ્રેંચોના હાથમાં આવ્યાં, અને જૂનની ૨૫ મી તારીખે લોમજેનું મહત્ત્વનું સ્થાન પણ તેમણે કબજે કર્યું. જર્મનો પાછા હઠતાં ગામડાંઓ બાળી મૂકતા હતા, તેથી દેશી વસ્તી નારાજ થયેલી, અને જર્મનની નોકરીમાં રહેલા દેશી લશ્કરમાં બળવો થયેલો. આ લડાઇમાં બેલ્જિયનોએ પણ ઉપયોગી મદદ આપેલી. શરૂઆતમાં તેમનાં ૧૩૦ માણસો હતાં તે વધારીને ૫૮૦ કરવામાં આવેલાં; અને ઉપર લખેલી બધી મારામારીઓમાં તેમણે ભાગ લીધેલો.

નાઇજીરિયાની સરહદ ઉપર એપ્રિલ અને મેમાં કેટલીક ઝપ્પાઝપ્પી થયેલી. બ્રિટિશ સરહદની અંદર ગુરિન કરીને એક મોટું દેશી શહેર ટારો નદી પર આવેલું છે; અને તેના પર એપ્રિલમાં જર્મનોએ ગારૂઆથી ચડાઈ કરેલી. જર્મન લશ્કરમાં ૧૯ યુરોપીઅન, ૩૫૦ દેશીઓ, થોડા સવારો, અને ચાર તોપો હતી. શહેરથી પોણોક માઇલ એક કિલ્લો છે ત્યાં બે ગોરા અને ૪૦ દેશી સિપાઇઓએ સારો બચાવ કર્યો; અને જોકે તેમનો આગેવાન લેફ્ટેનંટ પૉલે માર્યો ગયો, તોપણ એક સિવિલિયનની આગેવાની નીચે તેમણે લડવાનું જારી રાખ્યું. સાત કલાક પછી જર્મનો હઠી ગયા. ગુરિનમાંથી બે દેશી સિપાઇઓ મદદની માગણી કરવા સારૂ યોલા પહોંચ્યા. કર્નલ કન્લિફની સરદારી નીચે એક ટુકડી તરત ઉપડી, અને ઘેરાને બીજે દિવસે આવી પહોંચી.

કર્નલ કન્લિફે એક ફ્રેંચ ટુકડીની મદદથી પછી ગારૂઆનો રસ્તો લીધો, અને જે સ્થાનમાં છેલ્લા ઑગસ્ટમાં બ્રિટિશની હાર થઇ હતી, તે કબજે કર્યું. કર્નલ કન્લિફે મેની ૩૧ મીએ હુમલો શરૂ કર્યો. પ્રથમ ૪,૦૦૦ અને પછી ૩,૦૦૦ વાર દૂરથી મોટી તોપોએ ચાર કિલ્લાઓ ઉપર ગોળા ફેંકવા માંડયા; અને બ્રિટિશ ખાઇઓને રાતે રાતે ખોદાણ કરીને નજદીક લાવવામાં આવી. થોડા દિવસમાં કિલ્લાઓથી માત્ર ૧,૦૦૦ વાર દૂર ગુપ્ત સ્થાનોમાં ન્હાની તોપો સંતાડવામાં આવી, અને એથી હુમલો જોરમાં કરી શકાયો. બધો વખત સવારો પડોશમાં ચોકી કરતા હતા, અને તપાસ રાખતા હતા.

જૂનની ૧૦ મી તારીખે કિલ્લાઓ ઉપર ધોળા વાવટા દેખાયા. કમાન્ડન્ટ અને બીજા બે ત્રણ અમલદારો આગળ ચાલ્યા, તો એક જર્મન મળ્યો, જેણે ગવ્હર્નર તરફથી જગ્યા તાબે કરવાની મરજી બતાવી. છતાં તેણે એવી માગણી કરી, કે જર્મનોને ચાલ્યા જવાની રજા મળવી જોઇએ. આ માગણીની ના પાડવામાં આવી, અને નિશ્ચય કરવા સારૂ તેમને માગેલા બે દિવસને બદલે બે કલાક આપવામાં આવ્યા. એટલા વખતમાં તેમના તરફથી કહેણ આવ્યું, કે સરતો મંજૂર છે. બીજે દિવસે મિત્ર રાજ્યોના લશ્કરે ગારૂઆમાં પ્રવેશ કર્યો; બ્રિટન અને ફ્રાન્સના વાવટાઓ ચડાવ્યા, અને ૩૭ જર્મનોને તથા ૨૭૦ દેશીઓને કેદી તરીકે પકડ્યા. માલ પણ ઘણો હાથ આવ્યો.

નાઇજીરિયાના ગવર્નર-જનરલ સર ફ્રેડરિક લુગર્ડે આ ઘેરા સંબંધી ઇંગ્લંડ મોકલેલા એક રિપોર્ટમાં જણાવ્યું હતું, કે આપણા ગોળાઓથી બચાવ કરનારાઓ હિંમત હારી ગયા હતા; અને ૯ મી તારીખે તેમણે બળવો કરવાનું અને ન્હાસી જવાનું શરૂ કરેલું. જેઓ નાઠા તેમની પાછળ સવારો પડેલા, છતાં એક પણ યુરોપીઅન ન્હાસી શકેલો નહીં. કિલ્લાઓની મજબૂતીથી જોનારાઓને આશ્ચર્ય થયેલું; અને જર્મનોએ તેમને જણાવેલું, કે છ મહિનાથી ૨,૦૦૦ માણસો તે ઉપર કામ કરી રહ્યા હતા. ઘેરા સંબંધી સૌથી વિલક્ષણ વાત કહેવાની હજી બાકી છે. મિત્ર રાજ્યોનો એક પણ આદમી ખપી ગયેલો નહીં.

ગારૂઆથી લશ્કર ન્ગૉન્ડીઅર તરફ બેન્યુ નદીને કાંઠે કાંઠે ચાલ્યું. એ શહેર કુઆલા અને ચાડ સરોવર વચ્ચેના રસ્તા ઉપર આવેલું છે, અને આડામાવા પ્રાંતની રાજધાની છે. જૂનની ૨૯ મી તારીખે થોડાજ નુકસાનથી તે કબજે કરાયું, અને ત્યાંના જર્મનો નૈર્ઋત્ય દિશામાં ટિબાટી તરફ હઠી ગયા, અને ત્યાંથી ઉત્તર તરફ વળીને ૪,૦૦૦ ફુટની ઉંચાઇ પર આવેલા ટિંગીઅર સુધી પહોંચ્યા. જૂલાઇની ૧૨ મીએ એ સ્થાન પણ લેવાયું; અને ૧૧ દિવસ પછી તે પાછું લેવા જર્મનોએ યત્ન કર્યો તે નિષ્ફળ ગયો. કોંચા અને ગાસ્ચાકા, કે જે એકબીજાથી ૬૫ માઇલ દૂર છે, તે ઑગસ્ટમાં બ્રિટિશના હાથમાં પડ્યાં, અને પછી વરસાદને લીધે હીલચાલ થોડા વખત સુધી બંધ રાખવી પડી.

પણ આ પહેલાં ફ્રેંચો યૅાન્ડેની વધારે નજદીક પહોંચ્યા હતા. બે ન્હાની મારામારીઓ પછી તેમણે દૂમનું સ્ટેશન કબજે કર્યું, અને જર્મનોને એટલા ચકિત કર્યા, કે તેમણે તરત કેટલીક મજબૂત જગ્યાઓ ખાલી કરી. દૂમ શહેરની ઉપરની ટેકરીનો કબજો થોડો વખત તેઓ રાખી રહ્યા, પણ થોડા વખતમાં એ પણ હાથ આવી. એક ન્હાની ટુકડી એબોંગ-મ્બોાંગ તરફ ઉપડી, અને તે ઑગસ્ટની ૨૯ મી તારીખે હાથમાં આવ્યું.

આ દૂરના પ્રદેશમાં પણ મૂઠીભર જર્મનો જે રીતે લડ્યા છે, તે તેમનો આગ્રહ બતાવી આપે છે. કપટકળા પણ તેમણે કમતી બતાવી નથી. મુસલમાનોની તેમણે ઉશ્કેરણી કરેલી; અને યૂરપમાં બ્રિટિશ અને ફ્રેંચોની વિપત્તિઓ સંબંધી તરેહવાર ગપાટા ચલાવેલા. એક વાત એવી ચલાવેલી, કે ૪ ઇંગ્લિશ અને ૩ ફ્રેંચ શહેરો જિતાયાં છે; અને એક ઇંગ્લિશ શહેરમાં ૧૦,૦૦૦ ઇંગ્લિશને મારી નાંખ્યા છે! બીજી એવી, કે પારિસ જિતાઇ ગયું છે, અને વર્સેલ્જને બાળી મૂક્યું છે; તથા ત્રીજી એવી, કે ઇંગ્રેજો કોન્સ્ટન્ટિનોપલ લઇને કાફરોને આપી દેવા ચાહે છે!

હવા અને મુલક પ્રતિકૂળ હતાં. એક અમલદારના કાગળમાંથી ઉતારેલો નીચેનો હેવાલ એ બાબતને સ્પષ્ટ કરે છે:—

"આ દેશમાં કામ કરવાની અંદર ઘણી મુશ્કેલીઓ છે. હવા એવી ખરાબ—અતિશય તાપ, ત્રમઝટ વરસાદ, અને તોફાની પવનો, ખાડા અને ખરાબાઓ, ઘટ્ટ, ગીચ જંગલો, વાહનોની મુશ્કેલી, બધાંને લીધે આગળ વધવાનું ધીમું થાય છે. * *

* * * * *

રંગબેરંગી પંખીઓ, તેજસ્વી આસ્માની અને જાંબુઆથી માંડીને ચકચકિત પીળા અને ગુલે અનારના રંગનાં, એક ઝાડથી બીજા ઝાડ ઉપર, અને એક ડાળીથી બીજી ડાળી ઉપર ઉડે છે. અને તરેહતરેહનાં પતંગિયાનો તો પાર નથી."

બીજા એક હેવાલમાં નીચે પ્રમાણે લખેલું છે:—

"અહીં આગળ અમને એમ લાગે છે, કે બેલ્જિયમમાં લડવું, એ તો અહીંની સાથે સરખાવતાં ઉજાણીએ જવા સરખું છે. આ દેશમાં ૨૦ કે ૨૫ માઇલ કરતાં એક દિવસમાં વધારે કુચ કરવાનું અશક્ય છે, અને તે પણ સવારના સાડા પાંચે શરૂ કરીને સાંઝે સાડા છ સુધી ચાલીએ તો. ઘણાખરા રસ્તા જંગલની કેડીઓ જેવાજ છે. એક પછી એક એમજ ચાલી શકાય છે, અને ક્યારે ગોળી વાગશે તે કહી શકાતું નથી. દુશ્મન થોડાજ વાર દૂર હોય, તોપણ તમે તેને જોઇ શકતા નથી—કારણકે ઝાડી એટલી ઘાટી છે. શાંતિ લાગતી હોય ત્યાં એકાએક ગોળી બહાર સંભળાતાં જરા આઘાત લાગે છે. ઝાડીઓમાં દિવસે પણ અંધારા જેવુંજ રહે છે. એકજ ટુકડી કુચ કરતી હોય તે બે કે ત્રણ માઇલ રસ્તો રોકે છે, એટલે કોઇ પણ સ્થાન ઉપરથી સૌને પસાર થતાં લગભગ કલાક લાગે છે. અને આ લાંબી લાઇનનો બચાવ કરવાનું કામ ગંભીર છે. અને તાપ? તોબાહ! બીજી મુખ્ય મુશ્કેલી સામાન વગેરે માટે વાહનની છે, અને ૧૫૦ માઇલ સંબંધની લાઇનની રક્ષા કરવાની છે."

છતાં ફરી એક વાર માણસનો જય અને કુદરતનો પરાજય થયો. ઑગસ્ટની આખરે દુશ્મનની ચારે તરફ આપણી ટુકડીઓ ફરી વળી, જોકે હજી યૉન્ડે ઉપર અને દેશની મધ્યના કેટલાક મુલક ઉપર તેમનો કબજો રહ્યો. શરૂઆતમાં પકડેલા કેટલાક બ્રિટિશ કેદીઓ પણ તેમની પાસે રહ્યા, કે જેમને યૉન્ડે અને ડૂમની વચ્ચે એક છાવણીમાં રાખવામાં આવેલ છે. સપ્ટેંબરમાં તેઓ બધા તનદુરસ્ત અને સારી સ્થિતિમાં હોવાના સમાચાર મળ્યા હતા. ગયા અંકના અને આ અંકના તારોથી જણાશે કે કામેરૂનમાં લડાઇ હજી પણ પૂરી થઇ નથી, જોકે પૂરી થયા જેવી તો ઘણા વખતથી છેજ.

લડાઇના તાર.

—:o:—

સામાન્ય સ્થિતિ.

લૉર્ડ કિચનરના એવા શબ્દો બહાર આવ્યા છે, કે મિત્ર રાજ્યોની તૈયારીઓ પૂરાં બે વરસ સુધી, એટલે ૧૯૧૬ના ઑગસ્ટ સુધી ચાલશે; અને પછીના એક વરસમાં જર્મનીને અને તેનાં સંબંધી રાજ્યોને કચરી નાંખવામાં આવશે. ગ્રીસ ભાતેનો એલચી એ શબ્દો બહાર લાવે છે. જો લૉર્ડ કિચનર એમ બોલે છે, તો આપણે જરા પણ ધાસ્તી રાખવાનું કારણ નથી.

ઇજિપ્તમાં લડાઇ.

કેરો, ૨૬ મી જાન્યુઆરી.

જાન્યુઆરીની ૨૩ મીની લડાઇમાં ૪,૫૦૦ આરબો સામા હતા, તેમને ત્રણ માઇલ ભગાડવામાં આવેલ છે. બ્રિટિશનાં ૨૬ માણસો મરી ગયાં છે, અને ૨૯૪ જખમી થયાં છે. દુશ્મનનાં ૧૦૦ મરી ગયાં છે, અને ૫૦૦ જખમી થયેલ છે.

યુનાઇટેડ સ્ટેટ્સની લશ્કરી તૈયારી.

લંડન, ૨૮ મી જાન્યુઆરી.

આજે એક ખાણા ઉપર ભાષણ કરતાં પ્રેસિડન્ટ વિલ્સને યુનાઇટેડ સ્ટેટ્સની લશ્કરી તૈયારીના સંબંધમાં મહત્ત્વની વાતો કહી છે. પોતે શાંતિ માટે કરેલા યત્નો સંબંધી બોલતાં તેણે જણાવ્યું, કે દેશની સ્વતંત્રતા અને આબરૂ વધારે મહત્ત્વનાં છે. "યુનાઇટેડ સ્ટેટ્સના બીજાં રાજ્યોની સાથેના સંબંધો આવતી કાલે કેવા થશે એ હું કહી શકતો નથી; એટલે હું ચૂપ રહીને કાલ પણ આજના જેવોજ પ્રકાશિત દિવસ હશે, એમ દેશને ધારવા દઇ શકતો નથી. અમેરિકા પહેલો ઘા કરશે નહીં; પણ અમેરિકાનો દુનિયાની સ્થિતિ ઉપર અંકુશ નથી. જે વસ્તુઓને આપણે ચાહીએ છીએ, તેના આપણે સાચા સેવકો છીએ કે કેમ, તેની આપણે ખાતરી કરવી જોઇએ, અને તેના બચાવ માટે તૈયાર રહેવું જોઇએ."

ફ્રેંચ વિમાનીઓની ચડાઇ.

પારિસ, ૨૯ મી જાન્યુઆરી.

ગઇ કાલે ચૌદ ફ્રેંચ વિમાનોએ ડોરિયન સરોવરની ઉત્તરે બાઝરલી આગળ આવેલી દુશ્મનની છાવણી ઉપર સંખ્યાબંધ બોંબ નાંખ્યા છે.

પારિસ ઉપર બોંબ.

પારિસ, ૩૦ મી જાન્યુઆરી.

ગઇ કાલે રાત્રે દશ વાગ્યે એક ઝેપ્પેલિને પારિસ ઉપર બોંબ નાંખ્યા છે. નવ ઉપર વીશ મિનિટે વિમાન પાસે આવવાની ખબર પડી હતી, અને તરત શહેરમાં અંધકાર કરવામાં આવ્યો હતો. રણશિંગડાં વગાડીને વસ્તીને ખબર આપવામાં આવી હતી. પહેલા ધડાકા દશ વાગ્યે સંભળાયા હતા. એક ઠેકાણે ૧૫ માણસો મરી ગયાં; અને બીજે ઠેકાણે એક પુરુષ, ત્રણ સ્ત્રીઓ અને બે છોકરાં નાશ પામ્યાં. એક ઘર પડી ગયું તેમાં પણ માણસો માર્યાં ગયાં છે. પાછળથી મળેલી ખબર પ્રમાણે ૯ ઘર નાશ પામ્યાં છે, ૨૪ માણસ માર્યાં ગયાં છે, અને ૨૮ ને ઇજા થઇ છે.

રૂમેનિયા અને જર્મન જાળ.

પિતૃગ્રેડ, ૩૧ મી જાન્યુઆરી.

મહાશય સેઝોનોફ જણાવે છે, કે રૂમેનિયા જર્મનીની જાળમાં ફસાશે નહીં, કારણકે જર્મનીએ જે પારકું હતું તે માટે વચન આપેલ છે. ઑસ્ટ્રિયા અને જર્મનીએ છૂટો સંધિ કરવાના યત્નો કરેલ છે, પણ રૂપિયાએ તેની દરકાર કરેલ નથી.

<u>આયર્લેંડમાં કુંવારાઓ.</u>

લંડન, ૧ લી ફેબ્રુઆરી.

લૉર્ડ વિમ્બોર્નના રિપોર્ટ પ્રમાણે વિગ્રહની શરૂઆતથી આયર્લેંડમાંથી ૮૬,૨૨૭ માણસો સિપાઇગિરીમાં દાખલ થયા છે. લશ્કરમાં અને નૌકામાં આયર્લેંડમાંથી કુલ ૧૪૫,૮૯૯ માણસો કામ કરે છે. લગભગ ૪૦૦,૦૦૦ કુંવારાઓ હજી નોંધાયા વગરના છે, અને તેમાંથી ૧૦૦,૦૦૦ નોકરી કરી શકે તેવા છે.

<u>ઇંગ્લંડ ઉપર ઝેપ્પેલિનોનો હુમલો.</u>

લંડન, ૧ લી ફેબ્રુઆરી.

પ્રેસ બ્યુરો જણાવે છે, કે ગઇ રાત્રે ઝેપ્પેલિનોએ ઘણા વિશાળ પ્રદેશમાં બોંબ ફેંકયા છે, એકે ધુમસને લીધે તેઓ ઝાઝું નુકસાન કરી શકેલ નથી. ૫૪ માણસો માર્યા ગયાં છે, અને ૬૭ જખમી થયેલ છે. ડર્બીશાયર, લિસેસ્ટરશાયર, લિંકનશાયર, અને સ્ટેફર્ડશાયરનાં કેટલાંક શહેરો ઉપર તે પડેલ છે. સુમારે ૨૨૦ બોંબ હતા એમ ગણતરી કરવામાં આવેલ છે.

<u>કામેરૂનમાં સ્થિતિ.</u>

લંડન, ૧ લી ફેબ્રુઆરી.

જનરલ ડોબેલ જણાવે છે, કે કામેરૂનના દરિયાકાંઠામાં હવે કોઇ જર્મન રહેલ નથી. સાતસો કરતાં વધારે જર્મનો હાલ સ્પેનિશ સરહદ ઉપર છે; અને ઘણા બ્રિટિશને અગર ફ્રેંચને તાબે થવા માંડ્યા છે.

<u>સાલોનિકા ઉપર બોંબ.</u>

સાલોનિકા, ૨ ૭ ફેબ્રુઆરી.

એક ઝેપ્પેલિને શહેર અને બંદર ઉપર ૧૬ બોંબ નાંખ્યા છે. ત્રણ ગ્રીક, એક ફ્રેંચ અને બે બ્રિટિશ સિપાઇઓ તથા ચાર ગ્રીક સિવિલિયનો માર્યા ગયા છે, અને ૨૦ ગ્રીકો જખમી થયા છે. એક મસીદ, એક વખાર, અને કેટલાંક ઘરો તથા દુકાનોનો નાશ થયો છે.

<u>નવો સર્વિયન મુખ્ય પ્રધાન.</u>

નિશ, ૨ ૭ ફેબ્રુઆરી.

મહાશય પાશીકને નાદુરસ્ત તબીયતને લીધે રાજીનામું આપ્યું છે, અને શ્રીયુત સ્ટર્મર મુખ્ય પ્રધાન નિમાયેલ છે.

<u>ખલીફના વારસનું મૃત્યુ.</u>

આમ્સ્ટર્ડામ, ૨ ૭ ફેબ્રુઆરી.

કોન્સ્ટન્ટિનોપલથી તાર છે, કે ગાદીના વારસ શાહજાદા યુસુફ ઇઝ્ઝદીને બિમારીને લીધે આપઘાત કર્યો છે. ન્યુસપેપરો આપઘાત સંબંધી શંકા બતાવે છે, અને ખૂનનો ઇશારો કરે છે. તે જિહાદને ધિક્કારનારો હતો, અને મિત્ર રાજ્યો સાથે સલાહ કરવાનો હિમાયતી હતો.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૧૬. [અંક ૧૧

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વેહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૧૫ મી ફેબ્રુઆરી ૧૯૧૬.

માતૃપૂજા.

માતૃપૂજા શબ્દનો અર્થ સમજવા સારૂ માતા એટલે કોણ, તે પ્રથમ સમજવું જોઇએ. "त्वमेव माता च पिता त्वमेव" (તુંજ માતા છે, અને તુંજ પિતા છે), એ પ્રખ્યાત સંસ્કૃત વચન પ્રમાણે પરમેશ્વર પોતે તેના વાત્સલ્ય પરત્વે માતા છે. દેશને પણ આપણે માતૃભૂમિ કહીએ છીએ; અને એમ બોલતાં શીખ્યા છીએ, કે "जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी" (માતા અને જન્મભૂમિ સ્વર્ગના કરતાં પણ મોટી છે). પ્રખ્યાત ઇંગ્લિશ કવિ ટેનિસન "પ્રિન્સેસ" (રાજપુત્રી) નામના કાવ્યમાં નીચે પ્રમાણે લખે છે:—

Alone, I said, 'from earlier than I know,
Immersed in rich foreshadowings of the world,
I loved the woman: he, that doth not, lives
A drowning life, besotted in sweet self,
Or pines in sad experience worse than death,
Or keeps his winged affections clipt with crime:
Yet was there one thro' whom I loved her, one
Not learned, save in gracious household ways,
Not perfect, nay, but full of tender wants,
No Angel, but a dearer being, all dipt
In Angel instincts, breathing Paradise,
Interpreter between the Gods and men,
Who looked all native to her place, and yet
On tiptoe seemed to touch upon a sphere
Too gross to tread, and all male minds perforce
Swayed to her from their orbits as they moved,
And girdled her with music. Happy he
With such a mother!

અર્થ:—"મેં કહ્યું, કે 'હું જાણું છું' તે કરતાં પણ વહેલેથી, એકલો, દુનિયા સંબંધી ભવ્ય આભાસોમાં નિમગ્ન, હું સ્ત્રીને ચાહતો: જે નથી ચાહતો તે મધુર પોતાપણામાં ઉન્મત્ત થઇને ડુબાવનારી જિંદગી જીવે છે, અથવા મોતના કરતાં વધારે ખરાબ દુઃખદ અનુભવમાં શોવાય છે, અથવા પોતાના ઉડતા અનુરાગોને અપરાધથી કપાયેલા રાખે છે: છતાં એવી એક હતી, કે જેના દ્વારા હું સ્ત્રીને ચાહુતો; એ કંઇ વિદ્વાન નહોતી, સિવાય કે માયાળુ ઘર સંબંધી કામકાજમાં; સંપૂર્ણ નહીં, બલકે સુકોમલ જરૂરોથી ભરપૂર; દેવી નહીં, પણ એથીએ પ્રિયતર; દૈવી પ્રેરણાઓમાં પરિપૂર્ણ ન્હાયેલ, સ્વર્ગની હવા ફેલાવતી, દેવો અને મનુષ્યો વચ્ચે દુભાષિયા જેવી, જે પોતાના સ્થાનમાં જન્મેલી જેવી દેખાવા છતાં જાણે સ્થૂલ ભૂમિને માત્ર અંગૂઠાથી સ્પર્શ કરતી જણાતી, અને બધા પુરુષોનાં માનસો પોતપોતાના વર્તુલમાં ચાલતાં તેના તરફ બલાત્કારે આકર્ષાતાં, અને તેની આસપાસ સંગીત ફેલાવતાં. આવી જેને માતા હોય તે સુખી છે'।"

ખોટા સુધારાની સત્યાનાશી.

પણ આવી તારીફ કરી શકાય તેવી સ્ત્રીઓ આપણા દેશમાં હાલ ઘણી થોડી નિપજે છે; અને તેથી સંસારસુખ ઓછું થયું છે. વિમળાના પતિની પદવી સારી છે, ઘરની સ્થિતિ પણ સારી છે; છતાં વિમળાથી સાત વાગ્યા પહેલાં ઉઠી શકાતું નથી. વિમળા તેટલા માટે "નાજુક" બાનુ ગણાય છે. ન્હાઇધોઇને પ્રભુસ્મરણ કરવાની તેને ઉતાવળ નથી. તે બારીમાંથી રસ્તા પરના પોલિસની સાથે વાતચિત કરે છે; અને સુધરાઇખાતાના ભંગીને ધમકાવે છે. તમે રસ્તે થઇને નિકળો, તો ઘણી વાર એવું સાંભળશો, કે "એ અમારો કચરો નથી," ઇત્યાદિ.

વિમળા પોતાના પતિની સાથે મ્હોડું ચડાવીને વાત કરે છે. નોકરોની સાથે તો તેને બિલકુલ બનતું નથી. લગભગ હમેશાં અગિયાર બાર વાગ્યા સુધી તેને તેમની સાથે તકરાર થયા કરે છે. માણસો વારંવાર બદલાય છે, અને મહિનાઓથી વધારે કોઇ ટકી શકતા નથી. ઘણી વાર ગાડી જોડવાનો હુકમ કરે, ત્યારે માલુમ પડે છે, કે કોચમેન ચડેલો પગાર વસૂલ કરવાની દરકાર કર્યા વગર ન્હાસી ગયો છે.

વિમળાને વ્યવસ્થા શું તેનું કશું ભાન નથી. તેના ઓરડામાં જાઓ, તો ઘણા શોખના પદાર્થો પડેલા જણાશે. પણ તે ગોઠવાયેલા નથી. તેની સંભાળ લેવાની હોય એવું લાગતું નથી. પરિપૂર્ણ અવ્યવસ્થા છે. એકાદ વાર પોતે અમુક ઠેકાણે મૂકેલી વસ્તુ ન જડી, ત્યારથી વિમળાએ હુકમ કરી દીધો છે, કે તેના ખાનગી ઓરડામાં કોઇએ વસ્તુઓની હેરફેર કરવી નહીં. જે જ્યાં હોય તેને ત્યાં રહેવા દેવી.

વિમળાને એક ન્હાની દીકરી થઇ છે. દીકરી માનાં હમેશાંનાં ભાષણો સાંભળે છે; અને તેની બધી રીતભાત જુએ છે. તેના પર કેવા સંસ્કાર પડશે? તે મોટી થશે ત્યારે કેવી નિવડશે?

ભવિષ્ય પારખવું મુશ્કેલ નથી. અત્યારથીજ તે પણ માણસોને ધમકાવતાં શીખી છે; અને મિજાજ ક્યાંય સમાતો નથી.

આજે વિમળાને ત્યાં વધારે તોફાન દેખાય છે. મ્યુનિસિપાલિટીનાં માણસો સાથે કંઇ વધારે તકરાર થઇ છે. કોઇક વકીલ આવી ચડે છે. રાત્રે દારૂ ખૂબ પીધો હશે, તેથી તેની આંખો ચડી આવેલી જણાય છે. ભ્રષ્ટતાની બધી નિશાનીઓ તેના ચહેરા પર છે. તે શેઠાણીનો પક્ષ લઇ માણસોને દમ ભરાવવા જાય છે. માણસો રોકડો જવાબ આપી દે છે, કે "તમે ગામના એક વકીલ છો. અમારા કંઇ ઉપરી નથી. અમે તમને ખુલાસો કરવાને બંધાયલા નથી. મ્યુનિસિપલ સેક્રેટેરી પૂછશે ત્યારે જવાબ આપશું." વકીલ એ વાતની ચર્ચા માટે શેઠાણીને વખત ઠરાવવા કહે છે. વિમળા જવાબ આપતી નથી. વકીલ ચાલ્યો જાય છે.

અચાનક એક હજામ ત્યાં આવી ચડે છે. વકીલથી જે સમાધાન થઇ શકેલું નહીં તે તે સહેલાઇથી કરે છે. મ્યુનિસિપાલિટીનાં માણસોની મફત હજામત કરવાનું તે કબૂલ કરે છે, અને તેમને તેડી જાય છે. ફિસાદ બંધ પડે છે.

વિમળાને બહેનપણીઓ પણ પોતાના જેવીજ મળે છે. કહ્યું છે, કે "समानशील व्यसनेषु सख्यम्". કમળાબાઇના વર વધારે પૈસાદાર છે, અને એક મોટર રાખે છે. ઉકરડાનાં ગાડાં હાંકનારાઓ સાથે કમળાબાઇને પણ વારંવાર વઢવાડ થાય છે. થોડાજ દિવસ ઉપર ધણીધણિયાણી મોટરમાં બેસીને કોઇને મળવા જતાં હતાં, ત્યાં ગંદકીના ગાડાની સાથે મોટર અથડાઇ, અને કચરો કમળાબાઇનાં કિંમતી વસ્ત્રો પર પડ્યો. રસ્તા ઉપર પણ પુષ્કળ વેરાયો. કમળાબાઇના મિજાજનું પછી શું પૂછવું? બાઇસાહેબ ગાડાવાળાને તુરંગમાં ઘસડવાની તાણીતાણીને વાતો કરવા લાગ્યાં. એમના પતિએ પણ રોફ છાંટ્યો. પરિણામ કશું ન આવ્યું.

આવા બેશુમાર બનાવો બને છે; અને આપણ સૌએ એને મળતા બનાવો ઘણી વાર જોયા અને સાંભળ્યા છે. આ શું બતાવે છે? શું તોછડાઇ એ કેળવણી છે? શું આળસ એ વૈભવ છે? શું નાલાયકીમાં મોટાપણું રહેલું છે? અને છતાં આજકાલની ઘણી કેળવાયેલી અને કંઇક સારી સ્થિતિની બૈરીઓમાં શું તોછડાઇ, આળસ, અને નાલાયકી દેખાતાં નથી?

લક્ષ્મીપૂજન.

ચાલુ વખતમાં એક બદી એ વધી છે, કે પૈસાને અઘટિત માન અપાય છે. એક સંસ્કૃત શ્લોકની અંદર વક્રોક્તિમાં કહ્યું છે:—

"अकार्योऽपि नरः पूज्यो यस्यास्ति विपुलं धनम्।
शशिना तुल्यवंशोऽपि निर्धनः परिभूयते॥

અર્થ:—"અકાર્ય કરનાર માણસ પણ, જો તેની પાસે ઘણા પૈસા હોય, તો પૂજવા યોગ્ય છે. ચંદ્રના સમાન કુળવાળો પણ નિર્ધન હોય તો પરાજય પામે છે."

ADMIRAL SIR JOHN R. JELLICOE.

બ્રિટિશ નૌકાનો મુખ્યાધિકારી સર જૉન જેલિકો.

Lakshmi Art, Byculla, Bombay.

સાચી કેળવણી.

ચાલુ વખતની આવી ખામીઓને માટે રાજ્યોએ અને પ્રજાઓએ આગ્રહી ઉપાયો કરવા ઘટે છે. સ્ત્રીઓ જ્યાં સુધી બરાબર કેળવાશે નહીં, ત્યાં સુધી પુરુષો સુખી થશે નહીં. પણ પુરુષો સુદ્ધાં શું હાલ બરાબર કેળવાય છે? શું ભણતર એ કેળવણી છે? શું બી. એ. કે એમ. એ. થવાથી માણસ સજ્જન બની જાય છે? નહીં. જ્ઞાન માત્ર સાધન છે. તેનો નઠારો ઉપયોગ કરનાર માણસ નઠારો થાય છે; અને સારો ઉપયોગ કરનારજ સજ્જન છે. સૌજન્ય એજ સાચી કેળવણીનો ઉદ્દેશ છે.

અને છતાં જ્ઞાન આવશ્યક સાધન છે. વ્યવહારમાં જ્ઞાનનો પગલે પગલે ખપ પડે છે. માત્ર વાંચતાં લખતાં આવડે, તેથી પણ લાભ છે. શાળાઓની સંખ્યા વધવી જોઇએ. દરેક ગામમાં એક તો અવશ્ય હોવી જોઇએ.

લડાઇના તાર.

—:o:—

સામાન્ય સ્થિતિ.

પૂર્વ અને પશ્ચિમનાં રણક્ષેત્રોમાં જ્યાં સુધી કંઇ મોટો ફેરફાર થયો નથી, ત્યાં સુધી ન્હાની મારામારીઓના તાર અમે ઉતારતા નથી. શિયાળાને લીધે ઘણે ઠેકાણે મુશ્કેલીઓ છે.

કાનડાની પાર્લમેન્ટનો વિનાશ.

ઓટ્ટાવા, ૪ થી ફેબ્રુઆરી.

પાર્લમેન્ટનાં મકાનોમાં આગ લાગી છે, અને એમ મનાય છે કે કશું બચશે નહીં. જે સભાસદો બેઠકમાં હતા તે માંડમાંડ બચ્યા છે, જોકે ઘણાનો પત્તો નથી. વક્તાની બે ભત્રીજીઓ મરણ પામી છે. એમ ધારવામાં આવે છે કે એક બોંબ ફૂટવાથી આગ લાગી છે.

ગઇ કાલે રાત્રે નવથી જ્યારે આગ શરૂ થઇ, ત્યારે આમની સભાની બેઠક હતી. વાચકનો "રીડિંગ રૂમ" તરત સળગ્યો, અને પાસેના ઓરડામાં ન્યુસપેપરોની ફાઇલો હતી તે ધુમાડાથી ભરાઇ ગયો, અને બચ્ચા નિકળવા લાગ્યા. ખેતીનો પ્રધાન મિ. બુરેલ અને ડા. મિકાએલ કલાર્ક ખૂબ દાઝી ગયા છે. મુખ્ય પ્રધાન પોતાના ઓરડામાંથી મુશ્કેલીએ જઇ શક્યો છે. વક્તાની વહુને જાન બચાવવા સારૂ વીસ ફુટ ઊંચેથી પડતું મૂકવું પડ્યું છે; અને તેને જાળીમાં ઝીલી લેવામાં આવેલ છે. તેનાં બે બાળકો ધાત્રી મહેનતે બચાવાયાં છે. કેટલાક પોલિસ અને આગવાળાઓ મકાનનો એક ભાગ તૂટી પડતાં કચરાઇ ગયા છે. નુકસાન દોઢ ક્રોડનું અટકળવામાં આવે છે. લાઇબ્રેરી બચી છે, પણ પુસ્તકો પાણીથી ખરાબ થયાં છે.

અને બીજે સ્થળે કહ્યું છે:—

" बुभुक्षितैर्व्याकरणं न भुज्यते पिपासितैः काव्यरसो न पीयते।
नच्छन्दसा केनचिदुद्धृतं कुलं हिरण्यमेवार्जय निष्फला गुणाः "॥

અર્થ:—"ભૂખ્યાઓથી કંઇ વ્યાકરણ ખવાતું નથી; અને તરસ્યાઓથી કંઇ કાવ્યરસ પીવાતો નથી. છન્દથી કોઇએ કુળનો ઉદ્ધાર કર્યો નથી, માટે સોનાનીજ કમાણી કર. ગુણો તો નિષ્ફળ છે."

આ બદી માત્ર આપણા દેશમાંજ નથી: સર્વત્ર છે. એક પ્રખ્યાત કાવ્યમાં ઇંગ્લિશ કવિ ટેનિસન લખે છે:—

"She that holds the diamond necklace dearer than the golden ring,
She that finds a winter sunset fairer than a morn of Spring.
She that in her heart is brooding on his briefer lease of life.
While she vows 'till death shall part us' she the would-be-widow wife.

અર્થ:—"તે કે જે સોનાની વીંટી કરતાં હીરાના હારને વધારે કિંમતી ગણે છે, તે કે જેને વસંતની સ્હવારના કરતાં શિયાળાનો સૂર્યાસ્ત વધારે સુંદર લાગે છે, તે કે જે 'મૃત્યુ આપણને છૂટાં કરશે ત્યાં સુધી' એમ સોગન લેતાં પણ પોતાના હૃદયમાં પતિની ટૂંકી જિંદગીનો વિચાર કરે છે, તે વિધવા-થવા-ઇચ્છતી વહુ."

અને વળી:—

'What is that which I should turn to, lighting upon days like these?
Every door is barr'd with gold, and opens but to golden keys
Every gate is throng'd with suitors, all the markets overflow.
I have but an angry fancy what is that which I should do?'

અર્થ:—"આવા દિવસોમાં અવતરીને મારે કઇ તરફ વળવું? દરેક બારણું સોનાથી બંધ છે, અને સોનાની કૂંચીઓથીજ ઉઘડે છે. દરેક દરવાજે ઉમેદવારો ઘણા છે, બધી બજારો ઉભરાઇ જાય છે. મારી પાસે માત્ર રીસાળ કલ્પનાશક્તિ છે: તો મારે જે કરવું જોઇએ તે શું છે?"

મરાઠી કવિ વામન પંડિતે પણ નીચે પ્રમાણે લખ્યું છે:—

" असे ज्याला धन तोचि पंडित॥ कुलीन तो तोचि गुणी बहु-श्रुत॥
सु-पूज्य तो सुंदर तो विचक्षण॥ धनाश्रयें राहति सर्वदा गुण॥ "

અર્થ:—"જેની પાસે ધન છે તેજ પંડિત છે, તે કુલીન છે, તેજ ગુણી અને વિદ્વાન છે, પૂજવા યોગ્ય તે છે, અને સુંદર અને વિચક્ષણ: બધા ગુણો ધનને આશ્રયે રહે છે."

સાચી કેળવણી.

ચાલુ વખતની આવી ખામીઓને માટે રાજ્યોએ અને પ્રજાઓએ આગ્રહી ઉપાયો કરવા પડે છે. સ્ત્રીઓ જ્યાં સુધી બરાબર કેળવાશે નહીં, ત્યાં સુધી પુરુષો સુખી થશે નહીં. પણ પુરુષો સુદ્ધાં શું હાલ બરાબર કેળવાય છે? શું ભણતર એ કેળવણી છે? શું બી. એ. કે એમ. એ. થવાથી માણસ સજ્જન બની જાય છે? નહીં. જ્ઞાન માત્ર સાધન છે. તેનો નઠારો ઉપયોગ કરનાર માણસ નઠારો થાય છે; અને સારો ઉપયોગ કરનારજ સજ્જન છે. સૌજન્ય એજ સાચી કેળવણીનો ઉદ્દેશ છે.

અને છતાં જ્ઞાન આવશ્યક સાધન છે. વ્યવહારમાં જ્ઞાનનો પગલે પગલે ખપ પડે છે. માત્ર વાંચતાં લખતાં આવડે, તેથી પણ લાભ છે. શાળાઓની સંખ્યા વધવી જોઇએ. દરેક ગામમાં એક તો અવશ્ય હોવી જોઇએ.

લડાઇના તાર.

—:o:—

સામાન્ય સ્થિતિ.

પૂર્વ અને પશ્ચિમનાં રણક્ષેત્રોમાં જ્યાં સુધી કંઇ મોટો ફેરફાર થયો નથી, ત્યાં સુધી ન્હાની મારામારીઓના તાર અમે ઉતારતા નથી. શિયાળાને લીધે ઘણે ઠેકાણે મુશ્કેલીઓ છે.

કાનડાની પાર્લમેન્ટનો વિનાશ.

ઓટાવા, ૪ થી ફેબ્રુઆરી.

પાર્લમેન્ટનાં મકાનોમાં આગ લાગી છે, અને એમ મનાય છે કે કશું બચશે નહીં. જે સભાસદો બેઠકમાં હતા તે માંડમાંડ બચ્યા છે, જોકે બેનો પત્તો નથી. વકતાની બે ભત્રીજીઓ મરણ પામી છે. એમ ધારવામાં આવે છે કે એક બોંબ ફૂટવાથી આગ લાગી છે.

ગઇ કાલે રાત્રે નવેથી જ્યારે આગ શરૂ થઇ, ત્યારે આમની સભાની બેઠક હતી. વાકરનો "રીડિંગ રૂમ" તરત સળગ્યો, અને પાસેના ઓરડામાં ન્યુસપેપરોની ફાઇલો હતી તે ધુમાડાથી ભરાઇ ગયો, અને ભડકા નિકળવા લાગ્યા. ખેતીનો પ્રધાન મિ. બુરેલ અને ડા. મિકાએલ કલાર્ક ખૂબ દાઝી ગયા છે. મુખ્ય પ્રધાન પોતાના ઓરડામાંથી મુશ્કેલીએ જઇ શક્યો છે. વક્તાની વહુને જીવન બચાવવા માટે વીસ ફુટ ઉંચેથી પડતું મૂકવું પડ્યું છે; અને તેને જાળીમાં ઝીલી લેવામાં આવેલ છે. તેનાં બે બાળકો ધણી મહેનતે બચાવાયાં છે. કેટલાક પોલિસ અને આગવાળાઓ મકાનનો એક ભાગ તૂટી પડતાં કચરાઇ ગયા છે. નુકશાન દોઢ કરોડનું અટકળવામાં આવે છે. લાઇબ્રેરી બચી છે, પણ પુસ્તકો પાણીથી ખરાબ થયાં છે.

અર્ઝરૂમની સ્થિતિ.

પિત્રોગ્રેડ, ૫ મી ફેબ્રુઆરી.

"નોવા વ્રેમ્યા" જણાવે છે, કે તુર્કોએ અર્ઝરૂમ ખાલી કર્યું છે. રૂશિયનો કોકેસસમાં આગળ વધતા જાય છે.

પશ્ચિમમાં જર્મન તૈયારીઓ.

આમ્સ્ટર્ડામ, ૬ ઠ્ઠી ફેબ્રુઆરી.

જર્મનો પશ્ચિમ મોખરાની આગળ પુષ્કળ દારૂગોળો અને તોપો એકઠી કરવા લાગ્યા છે. એન્જીનિયરો આવ્યા છે; પણ નવું પાયદળ આવ્યું નથી.

પેટ્રિચ્ચ ઉપર બોંબ.

પારિસ, ૬ ઠ્ઠી ફેબ્રુઆરી.

ફ્રેંચોએ પેટ્રિચ્ચ પર ચડાઇ કરીને વીસ મિનિટમાં ૨૦૦ બોંબ નાંખ્યા છે. બલ્ગેરિયનો જણાવે છે, કે તેમની છાવણીમાં ૪૭૦ માણસો મરણ પામ્યાં છે; અને કુલ નુકસાન હજારેકનું થયું છે.

કામેરૂનમાં સ્થિતિ.

માડ્રિડ, ૬ ઠ્ઠી ફેબ્રુઆરી.

૯૦૦ જર્મનો અને ૧૪,૦૦૦ દેશીઓ કામેરૂનમાંથી સ્પેનિશ ગિનીમાં દાખલ થયા છે. હથિયાર ઉતારીને તેમને પરહેજ કરવામાં આવેલ છે.

હિંદી વિક્રમની કદર.

લંડન, ૬ ઠ્ઠી ફેબ્રુઆરી.

રાજાજીએ બકિંગહામ મહેલમાં જમાદાર સદાસિંગને બહાદુરનો ઇલકાબ અને બીજા વર્ગનો બ્રિટિશ ઇંડિયાનો ઓર્ડર એનાયત કરેલ છે; સુબેદાર દાનસિંગ લામાને હિંદી "ઓર્ડર ઑફ મેરિટ"; તથા રિસાલદાર ઉદમીરામને અને સુબેદાર શેરસિંગને ઉત્તમ સેવાના ચાંદ બક્ષવામાં આવેલ છે.

રૂશિયામાં દારૂગોળો.

પિત્રોગ્રેડ, ૮ મી ફેબ્રુઆરી.

વિગ્રહખાતાનો પ્રધાન જનરલ પોલિવેનોફ કબૂલ કરે છે, કે ૧૯૧૫ માં દારૂગોળાની ઘણી તંગી હતી, પણ એ ખામી હવે દૂર થઇ છે. રૂશિયાના ઉદ્યોગોમાં મોટો ફેરફાર થયો છે; અને દારૂગોળાનું ઉત્પન્ન ગંજાવર જત્થામાં છે. જર્મનો યંત્રોની શોધ ભલે કરે, પણ તેની પાયમાલી ચોકસ છે. મિત્ર રાજ્યોની સંખ્યા વધતી જશે; અને તેમની પાસે આખી દુનિયાનાં સાધનો છે.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૨૨ મી ફેબ્રુઆરી ૧૯૧૬.

લડાઇના કેદીઓ.

કેદીની જિંદગી, તે જખમી હોય કે ન હોય છતાં, અત્યાર સુધીના માણસજાતના ઇતિહાસમાં દુઃખદાયક અને દુસ્સહ રહેલ છે. તેમના તરફનું વર્તન અમુક વખતે જે પ્રકારની નીતિ ચાલતી હોય તે કરતાં ઘણું કરીને ઉતરતું રહે છે. લડાઇમાં જેમ માણસના ઉમદા ગુણો બહાર આવે છે, તેમ દુર્ગુણો સુદ્ધાં પ્રગટ થાય છે. કેદીઓના ઇતિહાસમાં ખાસ કરીને એ પ્રમાણે માલુમ પડે છે. ઇતિહાસના પ્રભાતથી છેક બસો વરસ પહેલાંના વખત સુધી લડાઇમાં પકડાયેલા માણસોને ગુલામ તરીકે વેચી નાંખવામાં આવતા.

નેપોલિયનના વિગ્રહોમાં લડાઇના કેદીઓની સ્થિતિ સુધરવા માંડી, પણ ત્યારે સુદ્ધાં ઇંગ્લંડની અંદરના ફ્રેંચ કેદીઓને એવો ખોરાક આપવામાં આવતો, કે તેથી મરડો, ટાઇફસ, વગેરે વ્યાધિઓ થઇ આવતા.

આસ્ટેરિનોની લડાઇ પછી સ્વિસ સરકારે જીનીવામાં એક કોન્ફરન્સને બોલાવ્યું, જેથી ૧૮૬૪ માં પ્રજાઓ વચ્ચે પહેલવહેલા સામાન્ય કોલકરાર થયા. એ વખતે પણ લોકમતની સ્થિતિ એવી હતી, કે લડાઇના બિનજખમી કેદીઓ તરફની વર્તણુકમાં એ કોલકરારથી કશો ફેરફાર થયો નહીં.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.]		મંગળવાર, ૨૨ મી ફેબ્રુઆરી, ૧૯૧૬.		[અંક ૧૨.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વેહેંચાતું
સાપ્તાહિક પત્ર.

કૈઝરનો પુત્ર જખમી.

આમ્સ્ટર્ડામ, ૮ મી ફેબ્રુઆરી.

બર્લિનમાં એમ ઝાહેર થયું છે, કે કૈઝરનો પુત્ર શાહઝાદો ઓસ્કાર પૂર્વના રણક્ષેત્રમાં માથામાં અને સાથળમાં જખમી થયો છે.

ડુરાઝો ઉપર ધસારો.

કોર્ફુ, ૯ મી ફેબ્રુઆરી.

ઑસ્ટ્રિયનો ડુરાઝો તરફ ધસતા જાય છે. ૨૭ ફેબ્રુઆરીએ એક ન્હાની લડાઇમાં સર્બિયનોએ તેમને હઠાવ્યા છે, ઘણાને માર્યા છે, અને ૧૦૦ ને કેદ પકડ્યા છે.

કિયલમાં હીલચાલ.

લંડન, ૯ મી ફેબ્રુઆરી.

કિયલમાં હીલચાલ થાય છે, એવા સમાચારની સાથેજ એમ ખબર મળે છે, કે ઑસ્ટ્રિયન નૌકાનો વડો આર્ચડ્યૂક ચાર્લ્સ બર્લિનમાં ઍડમિરલ ટરપિટ્ઝની સાથે વાતચિત કરવાને આવેલ છે.

પૂર્વ આફ્રિકાનો સેનાધિપતિ.

લંડન, ૯ મી ફેબ્રુઆરી.

સર હૉરેસ સ્મિથ-ડોરિયને નાદુરસ્ત તબીયતને લીધે રાજીનામું આપ્યું છે; અને જનરલ સ્મટ્સે એ અધિકાર સ્વીકાર્યો છે.

રુશિયનો નિએસ્ટર ઓળંગે છે.

પિટ્રોગ્રેડ, ૧૦ મી ફેબ્રુઆરી.

એમ ઝાહેર થાય છે, કે ઊસીકીકો પાસે રુશિયનો નિએસ્ટર નદીને ઓળંગી ગયા છે.

જર્મનોના હવાઇ હુમલા.

લંડન, ૧૦ મી ફેબ્રુઆરી.

એક ઓફિશ્યલ હેવાલ જણાવે છે, કે ૯ મી ફેબ્રુઆરીએ પહેલો હુમલો થયો, તેમાં સ્ત્રીઓ અને છોકરાંઓથી ભરેલી એક ટ્રામગાડી પર બૉંબ નાંખ્યા હતા, પણ તેથી કશું નુકસાન થયેલું નહીં, તેમ ધાસ્તી પણ ફેલાયેલી નહીં. બીજો હુમલો એક મોટી કન્યાશાળા પર કરવામાં આવેલો. બૉંબ ઉપલા માળમાં ફાટ્યો, અને કેટલુંક નુકસાન થયું. છતનો કેટલોક ભાગ એક ન્હાની છોકરીઓના વર્ગ પર પડ્યો. એક છોકરીનો પગ કપાયો, અને બીજીને થોડી ઇજા થઇ.

નિવેદન.

આજના અંકની સાથે બ્રિટિશ નૌકાના વડા ઍડમિરલ જેલિકોનો એક ફોટોગ્રાફ અમે અમારા વાંચનારાઓને ભેટ આપીએ છીએ.

રૂશિયા અને જાપાન વચ્ચેના વિગ્રહમાં જાપાનને ૬૭,૭૦૧ કેદીઓની વ્યવસ્થા કરવી પડી હતી. પણ કેદીઓ માટેની ગોઠવણોનો રૂશિયાને એ વિગ્રહમાં બહુ અનુભવ મળેલો નહીં; કારણકે તેની પાસે જાપાની કેદીઓની સંખ્યા માત્ર ૬૪૬ થયેલી.

બોર વિગ્રહમાં બ્રિટનને જોકે ૩૨,૦૦૦ કેદીઓની ગોઠવણ કરવી પડેલી, છતાં ચાલુ મહા વિગ્રહમાં ઉપયોગી થાય તેવો કેદીઓ સંબંધી અનુભવ માત્ર જર્મનીને હતો. ફ્રાન્સ અને પ્રશિયા વચ્ચેના વિગ્રહમાં આખાં લશ્કરોને તાબે થવું પડ્યું હતું, અને લગભગ ૪૦૦,૦૦૦ ફ્રેંચોને પ્રશિયન ધૂંસરી નીચે પસાર થવું પડેલું.

ચાલુ વિગ્રહના પાંચ મહિના પૂરા થતાં જર્મન છાવણીએ એવું જાહેર કરેલું, કે પોતે ૮,૧૨૦ અમલદારો અને ૫૭૭,૪૭૫ માણસોને કેદ પકડેલ છે. વિગત નીચે પ્રમાણે:—

	અમલદારો.	માણસો.
ફ્રેંચ	૩,૪૫૯	૨૧૫,૫૦૫
રૂશિયન	૩,૫૫૭	૩૦૬,૨૯૪
બેલ્જિયન... ...	૬૧૨	૩૬,૮૫૨
બ્રિટિશ	૪૯૨	૧૮,૮૨૪

૧૯૧૫ ના ઑગસ્ટ સુધીમાં વિગ્રહને બાર મહિના થતાં ઑસ્ટ્રો-જર્મનો પોતાની પાસે ૨૦,૦૦,૦૦૦ કેદીઓ હોવાનું બોલવા લાગ્યા, કે જેમાં ૩૦૦,૦૦૦ બ્રિટિશ, ફ્રેંચ, અને બેલ્જિયન તથા બાકીના રૂશિયન હતા. જર્મન આંકડાને આપણે બિલકુલ સાચા ન માનીએ, તોપણ એટલું તો ખરૂં, કે રૂશિયન કેદીઓની સંખ્યા અતિશય મોટી હતી, અને તેમાંના ઘણાખરા ગેલીશિયામાં પકડાયેલા હતા. એ દેખીતું છે, કે જ્યારે એક મોટી સેનાને હઠી જવું પડે છે, અને રસ્તાઓ ગાડાંઓ અને તોપખાનાંથી તથા ન્હાસેડુઓથી ભરાઇ ગયા હોય છે, ત્યારે જખમીઓના મોટા ભાગને ખોવો પડે છે. થાકથી, ઊંઘથી, કે ગમે તે કારણથી રોકાણ થાય, તો કેદ પકડાયા વગર બીજી ગતિ થતી નથી. પૂર્વના મોખરા ઉપર લડાઈ પણ એવી રીતે ચાલી છે, કે બંને પક્ષને કેદી પકડવાનું ફાવ્યું છે. ૧૯૧૫ના મે મહિનામાં રૂશિયામાં ઑસ્ટ્રો-જર્મન કેદીઓની સંખ્યા ૬,૦૦,૦૦૦ની હતી; અને ઑક્ટોબરમાં તે આંકડો વધીને ૧૧,૦૦,૦૦૦ સુધી પહોંચ્યો હતો.

૧૯૧૫ ના ડીસેંબરમાં ઓફિશ્યલ આંકડા પ્રમાણે જર્મનીમાં બ્રિટિશ કેદીઓની સંખ્યા ૩૩,૦૦૦ની હતી, જેનો મોટો ભાગ મૉન્સથી હઠી જવામાં પકડાયો હતો. ઇંગ્લંડમાં તે વખતે જર્મન કેદીઓની સંખ્યા ૧૩,૪૭૬ હતી.

કુલ કેદીઓની સંખ્યાનો અડસટ્ટો કાઢવામાં ઘણી બાબતો ઉપર અને ખાસ કરીને જૂદી જૂદી સરકારોના સત્યવાદીપણા પર પણ ધ્યાન આપવું પડે છે. પણ એમ કહેવામાં ઘણું

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૨૨ મી ફેબ્રુઆરી ૧૯૧૬.

લડાઇના કેદીઓ.

કેદીની જિંદગી, તે જખમી હોય કે ન હોય છતાં, અત્યાર સુધીના માણસજાતના ઇતિહાસમાં દુઃખદાયક અને દુસ્સહ રહેલ છે. તેમના તરફનું વર્તન અમુક વખતે જે પ્રકારની નીતિ ચાલતી હોય તે કરતાં ઘણું કરીને ઉતરતું રહે છે. લડાઇમાં જેમ માણસના ઉમદા ગુણો બહાર આવે છે, તેમ દુર્ગુણો સુદ્ધાં પ્રગટ થાય છે. કેદીઓના ઇતિહાસમાં ખાસ કરીને એ પ્રમાણે માલુમ પડે છે. ઇતિહાસના પ્રભાતથી છેક બસો વરસ પહેલાંના વખત સુધી લડાઇમાં પકડાયેલા માણસોને ગુલામ તરીકે વેચી નાંખવામાં આવતા.

નેપોલિયનના વિગ્રહોમાં લડાઇના કેદીઓની સ્થિતિ સુધરવા માંડી, પણ ત્યારે સુદ્ધાં ઇંગ્લંડની અંદરના ફ્રેંચ કેદીઓને એવો ખોરાક આપવામાં આવતો, કે તેથી મરડો, ટાઇફસ, વગેરે વ્યાધિઓ થઇ આવતા.

આસ્ટ્રરિનોની લડાઇ પછી સ્વિસ સરકારે જીનીવામાં એક કોન્ફરન્સને બોલાવ્યું, જેથી ૧૮૬૪ માં પ્રજાઓ વચ્ચે પહેલવહેલા સામાન્ય કોલકરાર થયા. એ વખતે પણ લોકમતની સ્થિતિ એવી હતી, કે લડાઇના બિનજખમી કેદીઓ તરફની વર્તણુકમાં એ કોલકરારથી કશો ફેરફાર થયો નહીં.

કોઇ પણ વિગ્રહમાં લડના પક્ષો તરફથી કેદીઓ સાથે કેવી રીતે વર્તવામાં આવે છે, તેનો નિર્ણય કરવા સારૂ ઘણી બાબતો ધ્યાનમાં લેવાની જરૂર છે. કેદીઓની સંખ્યાનો પણ એ નિર્ણય કરતાં વિચાર કરવો જોઇએ, કેમકે મહિનાઓ પસાર થતા જાય તેમ એ અંશની મહત્તા વધતી જાય છે. શરૂઆતના [illegible]માં પુરતી ગોઠવણો કરવાનું કામ મુશ્કેલ હોય એમાં નવાઇ નહીં, કારણકે તે વખતે માણસો અને દારૂગોળો લડાઇને સ્થાને મોકલવાની જરૂર એટલી બધી હોય છે, કે તેમાં [illegible] પણ બીજું કામ આડે આવી શકતું નથી. જેમ મહિનાઓ વીતતાં જાય છે, તેમ આ જરૂરના પ્રમાણમાં ફેર પડે છે. વખત જતાં કેદીઓની વ્યવસ્થાની સગવડો તેમની સંખ્યાના કરતાં વધારે પ્રમાણમાં વધતી જાય છે. બીજા પ્રશ્નોની માફક આમાં પણ અનુભવની મદદ મોટી માટી છે.

અમલદારો અને માણસો સૌને માટે "જર્મન" નિયમન હતું. એક પાછા ફરેલા કેદીએ કહેલું, કે "કેદીઓ તરફ જર્મન સિપાઇઓના જેવીજ વર્તણુક હતી". છાવણીની હવાનો આધાર મુખ્યત્વે કરીને ઉપરી ઉપર રહેતો. સાધારણ રીતે જર્મન ઉપરીઓ અમેરિકન અમલદારોને એવા લાગેલા, કે તેઓ આવશ્યક કરતાં વધારે સખતાઇ ગુજારતા નહીં, તેમ હેતુ પૂર્વક બ્રિટિશો તરફ જૂદી રીતે વર્તતા નહીં.

કેટલાએક ઉપરીઓ લોકપ્રિય હતા, અને તેટલા માટે કેદીઓ સુખી હતા. કેટલાક તરફ ધિક્કાર અને બીકથી જોવામાં આવતું; અને તેવાઓના હાથ નીચે પીડા થતી. શ્નીડમૂલની છાવણીનો દાખલો લઇએ. ૧૯૧૪ના વરસમાં તે માટે ફરિયાદો સિવાય કશું સંભળાયેલું નહીં. ક્રૂરતા વાપર્યાથીજ બંદોબસ્ત રહી શકતો. માણસોને લાકડીઓથી મારવામાં આવતા. ૧૯૧૫ના જાન્યુઆરીમાં એક નવો ઉપરી નિમાયો. તરત મારવાનું બંધ પડ્યું, કેદીઓને કષ્ટ આપનાર ચોકી કરનારાઓને સજા થવા લાગી, અને છાવણીની સાધારણ સ્થિતિ સુધરી ગઇ.

એવાજ ફેરફારો બીજી છાવણીઓમાં પણ થતા, જે સાધારણ રીતે બહેતર પણ કોઇ વાર બદતર પણ નિવડેલા. ટોર્ગોની છાવણી માટે અમેરિકન એલચીએ કહેલું, કે "એ છાવણી ખરાબમાં ખરાબ હતી તેને બદલે સારામાં સારી થઇ છે." અને જર્મનીમાં એક છાવણી તો એવી હતી, કે જે મિત્ર રાજ્યોની સારામાં સારીની બરાબરી કરે. તે બ્લેંકનબર્ગમાં એક ન્હાની અમલદારોની છાવણી હતી, અને બર્લિનની અંદર યુનાઇટેડ સ્ટેટ્સના એલચી ખાતાના મિ. જે. બી. જેકસને તેનું વર્ણન કર્યું છે: "તે એક ચાર માળનું મકાન છે, સારી બાંધણીનું છે, તથા ગરમી આપવાની સગવડવાળું, અને ગૅસની રોશનીવાળું છે. આસપાસની જગ્યા પણ મનોરંજક છે, અને હમણાંજ તેમાં એક "ટેનિસ કોર્ટ" બાંધવામાં આવેલ છે. ઇંગ્લંડમાં જે પ્રકારનાં મકાનોમાં અમલદારોને પરહેજ કરવામાં આવેલ છે, તેવીજ સગવડોવાળું એ મકાન છે, જોકે પડોગ ડિક્રિન એલેડ કે ડૉનિંગ્ટન હૉલના જેવી આકર્ષક નથી. ખાણાને માટે અને ગમ્મતને માટે સાદી રીતે શણગારેલા કેટલાક ઓરડાઓ છે. મોટી ઉમરના અમલદારો સુવાંગ ઓરડામાં રહે છે. મેજર કરતાં ઉતરતી પદવીના મોટા ઓરડાઓમાં સાથે રહે છે, જે સારા હવાવાળા છે, અને જેમાંના એકમાં દસ કરતાં વધારેને રાખવામાં આવતા નથી, તેમ જાતોને જૂદી પાડવામાં આવતી નથી. દરેક માળ ઉપર હમામખાનાં વગેરે છે, અને નીચલા અમલદારોને માટે એક સામાન્ય ન્હાવાધોવાનો ઓરડો છે. બધા સારી સ્થિતિમાં છે. અમલદારોને સાંજના છ વાગ્યા સુધી વાડીમાં રહેવાની રજા છે, અને અંધારૂં થાય ત્યાં સુધી મકાનના ખુલ્લા ચોકમાં રહેવાની. બીડી પીવાની મના નથી. ઉપરીને પોતાનું કામ પસંદ છે, અને સ્થિતિ સુધારવાને તે પોતાથી બનતું બધું કરે છે." કમનસીબની વાત એટલીજ કે બ્લેંકનબર્ગમાં માત્ર ૧૧૦ અમલદારો હતા, અને તેમાં માત્ર ૯ બ્રિટિશ હતા.

દુશ્મનની વસ્તીમાંથી કોઇ સિવિલિયનો સામેના દેશમાં રહી ગયા હોય, તો ઘણાં વરસથી વહિવટ એવો ચાલતો આવે છે, કે કાંતો તેમને દૂર કરવા, અથવા તેમની હીલચાલ ઉપર ઘટિત

કહીને અતિશયોક્તિ નથી, કે ૧૯૧૫ ના નાતાલને દિવસે ૨૫ લાખ કરતાં ઓછા નહીં તેટલા માણસો કેદીનો રોટલો ખાતા હતા.

જર્મનો એવું માનતા જણાય છે, કે હથિયારથી જે વિજયો મળ્યા ન હોય તે ત્રાસથી મળી શકે. આ કારણથી તેમણે વારંવાર એવા હુકમો કાઢેલા, કે બિલકુલ કેદી પકડવા નહીં, પણ બધા સિપાઇઓ, જે હાથમાં પડે, તેમને ઠાર કરવા, પછી ભલે તેઓ જખમી હોય કે ન હોય. એ સંભવિત છે, કે આ પ્રમાણે ત્રાસ આપવાનું ફરમાન માત્ર મોખરા ઉપર લડતાં લશ્કરોને હશે. છતાં એટલું ચોકસ છે, કે તમામ જાતના કેદીઓ તરફ જર્મનોએ ક્રૂરતા બતાવેલ છે. ફ્રેંચ જખમીઓની અમુક સગવડો સચવાતી, પણ બ્રિટિશ જખમીઓને ના પાડવામાં આવ્યાના અસંખ્ય દાખલા એમ બતાવે છે, કે તેમને ઇંગ્લંડ તરફ ખાસ તિરસ્કાર છે.

બ્રિટિશોને જેમ જર્મનોના તિરસ્કારથી ખમવું પડ્યું છે, તેમ રૂશિયનોને અવગણનાથી સહેવાનું આવેલ છે. એક તો તેમની ભાષા એવી, કે જે તેમની જાતની બહાર થોડાજ લોકો જાણે; વળી ગરીબ, ઓછા પોષણથી ઉછરેલ, અને એવા મુલકમાંથી આવેલ, કે જેને મદદ મોકલવાનું લગભગ અશક્ય; તેથી તેમને ભૂખ, ટાઇફસ, કોલેરા, અને સખત બળાત્કારની મજૂરી સહન કરવાનું પ્રાપ્ત થયેલ છે.

બ્રિટિશ સિપાઇઓ તરફના તિરસ્કારની સાથે બે વાત પ્રગટ થયેલ છે. એક એ, કે કાનડાવાસીઓ તરફ એ તિરસ્કાર સૌથી વધારે પ્રબળ છે: અને બીજી એ, કે અમુક વખત સુધી કોણ જાણે શા કારણથી આસ્ટ્રેલિયન તરફ કંઇક મહેરબાની બતાવાયેલ છે.

મુસલમાન અને આઇરિશ કેદીઓ તરફની વર્તણુક પારદર્શક રાજકીય હેતુથી પ્રેરિત થયેલ જણાય છે. ફ્રેંચ અને બ્રિટિશ મુસલમાનોને ઝોસ્સેનમાં એક ખાસ છાવણીમાં રાખવામાં આવેલા, કે જ્યાં તેમની ધાર્મિક લાગણીઓ ન દુખાય તે માટે ખાસ સંભાળ રખાયેલી, અને એક મસ્જિદ પણ તેમને માટે બાંધવામાં આવેલી.

આઇરિશોમાંથી ધર્માખરાને માટે લિંબર્ગ આગળ એક જૂદી છાવણી હતી. ત્યાં તેમને ખાસ વાંચવાનું આપવામાં આવતું: અને કામ ઓછું સોંપાતું. તેમને સૂચના અપાયલી હતી, કે કહ્યા પ્રમાણે કરશો નહીં, તો તમારા પર સખ્તાઇ થશે; એટલે તેમણે સર રોજર કેસમેન્ટ નામે એક માજી બ્રિટિશ કોન્સલ જનરલની મુલાકાત થવા દીધી. એ માણસ સ્કેન્ડિનેવિયાને રસ્તે જર્મની પહોંચ્યો હતો: અને જર્મન સરકારે તેનો સત્કાર કર્યો હતો. સર રોજરે આયર્લંડની વિપત્તિઓનું વર્ણન કર્યા પછી એક આઇરિશ બ્રિગેડ બનાવવા સારૂ વોલંટિયરોની માગણી કરી. ઘણા ઘણા બોધ અને સમજાવણી છતાં, ભૂખનું દુઃખ અને છુટની લાલચ છતાં, આઇરિશો રાજાજી તરફ વફાદારીના પોતાના કસમને વળગી રહ્યા. બે હજારમાંથી ૬૦ કરતાં પણ થોડા આદમીઓ લાલચમાં લપટાયા; અને પ્રયત્ન નિષ્ફળ ગયો.

અમલદારો અને માણસો સૌને માટે "જર્મન" નિયમન હતું. એક પાછા ફરેલા કેદીએ કહેલું, કે "કેદીઓ તરફ જર્મન સિપાઇઓના જેવીજ વર્તણુક હતી". છાવણીની હુવાનો આધાર મુખ્યત્વે કરીને ઉપરી ઉપર રહેતો. સાધારણ રીતે જર્મન ઉપરીઓ અમેરિકન અમલદારોને એવા લાગેલા, કે તેઓ આવશ્યક કરતાં વધારે સખતાઇ ગુજારતા નહીં, તેમ હેતુ પૂર્વક બ્રિટિશો તરફ જૂદી રીતે વર્તતા નહીં.

કેટલાએક ઉપરીઓ લોકપ્રિય હતા, અને તેટલા માટે કેદીઓ સુખી હતા. કેટલાક તરફ ધિક્કાર અને બીકથી જોવામાં આવતું; અને તેવાઓના હાથ નીચે પીડા થતી. રુનીડેમૂલની છાવણીનો દાખલો લઇએ. ૧૯૧૪ના વરસમાં તે માટે ફરિયાદો સિવાય કશું સંભળાયેલું નહીં. ક્રૂરતા વાપર્યાથીજ બંદોબસ્ત રહી શકતો. માણસોને લાકડીઓથી મારવામાં આવતા. ૧૯૧૫ના જાન્યુઆરીમાં એક નવો ઉપરી નિમાયો. તરત મારવાનું બંધ પડ્યું, કેદીઓને કષ્ટ આપનાર ચોકી કરનારાઓને સજા થવા લાગી, અને છાવણીની સાધારણ સ્થિતિ સુધરી ગઇ.

એવાજ ફેરફારો બીજી છાવણીઓમાં પણ થતા, જે સાધારણ રીતે બહેતર પણ કોઇ વાર બદતર પણ નિવડેલા. ટોર્ગોની છાવણી માટે અમેરિકન એલચીએ કહેલું, કે "એ છાવણી ખરાબમાં ખરાબ હતી તેને બદલે સારામાં સારી થઇ છે." અને જર્મનીમાં એક છાવણી તો એવી હતી, કે જે મિત્ર રાજ્યોની સારામાં સારીની બરાબરી કરે. તે બ્લેંકનબર્ગમાં એક ન્હાની અમલદારોની છાવણી હતી, અને બર્લિનની અંદર યુનાઇટેડ સ્ટેટ્સના એલચી ખાતાના મિ. જે. બી. જૅકસને તેનું વર્ણન કર્યું છે: "તે એક ચાર માળનું મકાન છે, સારી બાંધણીનું છે, તથા ગરમી આપવાની સગવડવાળું, અને ગૅસની રોશનીવાળું છે. આસપાસની જગ્યા પણ મનોરંજક છે, અને હમણાંજ તેમાં એક "ટેનિસ કોર્ટ" બાંધવામાં આવેલ છે. ઇંગ્લંડમાં જે પ્રકારનાં મકાનોમાં અમલદારોને પરહેજ કરવામાં આવેલ છે, તેવીજ સગવડોવાળું એ મકાન છે, જોકે પડોસ ડિક્રિન એલેડ કે ડૉર્નિંગ્ટન હૉલના જેવી આકર્ષક નથી. ખાણાને માટે અને ગમ્મતને માટે સાદી રીતે શણગારેલા કેટલાક ઓરડાઓ છે. મોટી ઉમરના અમલદારો સુવાંગ ઓરડામાં રહે છે. મેજર કરતાં ઉતરતી પદવીના મોટા ઓરડાઓમાં સાથે રહે છે, જે સારા હવાવાળા છે, અને જેમાંના એકમાં દસ કરતાં વધારેને રાખવામાં આવતા નથી, તેમ જાતોને જૂદી પાડવામાં આવતી નથી. દરેક માળ ઉપર હમામખાનાં વગેરે છે, અને નીચલા અમલદારોને માટે એક સામાન્ય ન્હાવાધોવાનો ઓરડો છે. બધા સારી સ્થિતિમાં છે. અમલદારોને સાંજના છ વાગ્યા સુધી વાડીમાં રહેવાની રજા છે, અને અંધારૂં થાય ત્યાં સુધી મકાનના ખુલ્લા ચોકમાં રહેવાની. બીડી પીવાની મના નથી. ઉપરીને પોતાનું કામ પસંદ છે, અને સ્થિતિ સુધારવાને તે પોતાથી બનતું બધું કરે છે." કમનસીબની વાત એટલીજ કે બ્લેંકનબર્ગમાં માત્ર ૧૧૦ અમલદારો હતા, અને તેમાં માત્ર ૯ બ્રિટિશ હતા.

દુશ્મનની વસ્તીમાંથી કોઇ સિવિલિયનો સામેના દેશમાં રહી ગયા હોય, તો ઘણાં વરસથી વહિવટ એવો ચાલતો આવે છે, કે કાંતો તેમને દૂર કરવા, અથવા તેમની હીલચાલ ઉપર ઘટિત

અંકુશ રાખીને તેમને છુટા રાખવા. ફ્રેંચ રેવોલ્યુશનના દિવસો પછી સિવિલિયનોને કદાપિ મોટી સંખ્યામાં પરહેજ કરવામાં આવેલ નથી. ખાસ લડાઇ સંબંધી કારણોથીજ એ પ્રકારનાં વર્તનને વાજબી ઠરાવી શકાય, જેવાંકે ગુપ્ત બાતમી મેળવવાના યત્નો, બળવાનો સંભવ, વગેરે. પણ ગમે તે કારણથી સિવિલિયનોને રોકવા પડે, છતાં એટલું નિર્વિવાદ છે, કે દુશ્મન સિવિલિયનને દુશ્મન સિપાઇના કરતાં વધારે સગવડો માગવાનો હક છે.

(આ મહત્ત્વનો ઇતિહાસ આવતા અંકમાં જારી રાખવામાં આવશે.)

લડાઇના તાર.

—:o:—

હિંદી વિક્રમોની રાજાજી સાથે મુલાકાત.

લંડન, ૧૧ મી ફેબ્રુઆરી.

નામદાર રાજાજી અને રાણીજીએ આજે બકિંગહામ મહેલમાં ૨૬ જખમી હિંદી અમલદારોની મુલાકાત લીધી છે. હિંદી અમલદારોએ તમામ હિંદી લશ્કર તરફથી એક વફાદાર સંબોધન રજુ કર્યું છે. મિ. ચેમ્બરલેન હાજર હતો. રાજાએ જવાબમાં અમલદારોનો ઉપકાર માન્યો છે.

ફ્રેંચો સાલોનિકાથી આગળ વધે છે.

પારિસ, ૧૨ મી ફેબ્રુઆરી.

દુશ્મનો હજી ચડાઇ કરવાનાં ચિહ્નો બતાવતા નથી, પણ ફ્રેંચો આગળ ચાલીને વર્ડાર નદી ઓળંગી ગયા છે, અને યેનિદ્સો તથા વેરિયાના મહત્ત્વના પ્રદેશમાં બચાવનાં બાંધકામ કરવા માંડ્યા છે. વધારે લશ્કરની હજી ભરતી થનાર છે.

જર્મન બેંકોની પાયમાલી.

લંડન, ૧૨ મી ફેબ્રુઆરી.

લોઝાનનું ગેઝેટ જણાવે છે, કે દક્ષિણ જર્મનીની બે મોટામાં મોટી બેંકોએ દીવાળું કાઢ્યું છે. કરજ બાકી કરોડ પોંડનું છે. હજારો થાપણ મુકનારાઓ પાયમાલ થયા છે.

પ્રખ્યાત દેવળ ઉપર બોંબ.

રોમ. ૧૪ મી ફેબ્રુઆરી.

રેવેનામાં છઠ્ઠી સદીનું સેન્ટ એપોલિનેરનું અમૂલ્ય દેવળ છે, તેના પર ઑસ્ટ્રિયનોએ બોંબ નાંખી નુકસાન કર્યું છે. પોપને બહુ દુઃખ લાગ્યું છે, અને તે કરીને શાહેનશાહ ફ્રાન્સિસ જોસફને અપીલ કરે છે, કે દેવળોને બચાવવાં જોઇએ.

બ્રિટિશ જાહેરનામું.

લંડન. ૧૪ મી ફેબ્રુઆરી.

બધા કુંવારા માણસોને (સિપાઇ તરીકે દાખલ થવા સારૂ) બોલાવવાનું એક જાહેરનામું આજ બહાર પડ્યું છે.

મિ. એસ્કિવથનું પાર્લામેન્ટમાં ભાષણ.

લંડન, ૧૫ મી ફેબ્રુઆરી.

આમની સભામાં બોલતાં મિ. એસ્કિવથે કહ્યું છે, કે "ગ્રેટ બ્રિટનની જવાબદારી બીજાં મિત્ર રાજ્યોનાં કરતાં વધારે છે. માણસોના ખરચ ઉપરાંત મિત્રો અને સંસ્થાનોને નાણાં સંબંધી મદદ આપણે કરીએ છીએ; અને જરૂરની વસ્તુઓ તથા વહાણો પૂરાં પાડીએ છીએ. એ કામ ગંજાવર અને અપૂર્વ છે. ભૂલો અને ખોટી ગણનાઓ થયેલી છે, પણ નિકાલ તરફ મોટાં પગલાં ભરવામાં આવેલ છે. ૧ લી જાન્યુઆરીએ આપણા ઉપર જે કરજ રહ્યું છે, તેની ખાતર આખા એક ઝમાના સુધી સહન કરવાનું આવશે. દર રોજ પચાસ લાખ પૌંડનું ખરચ થાય છે, તેમાં કમી થવાનો સંભવ દેખાતો નથી. હું કદાપિ નિરાશ થયો નથી; અને કદાચ કોઇ વાર થયો હોઇશ, છતાં આજે તો થનાર નથીજ."

લૉર્ડ કિચનરનું ભાષણ.

લંડન, ૧૫ મી ફેબ્રુઆરી.

અમીરોની સભામાં બોલતાં લૉર્ડ કિચનરે ખુલાસો કર્યો છે, કે "સાલોનિકામાં બંદરની અને રેલવેની સગવડો પુરતી ન હોવાના કારણથી મિત્ર રાજ્યોને શરૂઆતમાં ઘણી અડચણો નડી હતી. ઉત્સાહ અને આગ્રહમાં ફ્રેંચો અત્યારે સર્વોપરિ કોટિએ પહોંચ્યા છે. ઇટાલિયનોએ સરસ બહાદુરી બતાવી છે; અને દુશ્મનનાં મથકો જોકે મજબૂત છે, છતાં છેવટે ઇટાલિયનો ફત્તેહમંદ થવાના છે. રુશિયન સેનાઓની ફરી વ્યવસ્થા થઇ છે, તેઓ સાધનસંપન્ન છે, અને દારૂગોળો બનાવવામાં તેમણે જે ચંચળતા બતાવી છે, તે પરથી તેમનો જીતવાનો નિશ્ચય પ્રગટ થાય છે." આખરે તેણે જણાવ્યું છે, કે છેવટના વિજયની પોતાને સંપૂર્ણ ખાતરી છે, અને તેથી ઘણા ઝમાનાઓ સુધી દુનિયામાં સુલેહ રહેશે.

મેસોપોટેમિયા પર અધિકાર.

લંડન, ૧૫ મી ફેબ્રુઆરી.

અમીરોની સભામાં બોલતાં લૉર્ડ કિચનર જણાવે છે, કે "મેસોપોટેમિયામાં લડાયક હીલચાલો ઉપર અત્યાર સુધી હિંદુસ્તાનમાંથી અંકુશ હતો, તે હવે પછી વિગ્રહખાતાની ઑફિસનો રહેશે. બ્રિટિશ અને હિંદી લશ્કરોએ પોતાની આબરૂને ઘટે તેવું વર્તન બતાવ્યું છે. અને આશા છે કે બહુ વખત પહેલાં અમુક સંતોષકારક સ્થિતિએ પહોંચાશે. જનરલ ટાઉનશેન્ડ પાસે ઘણો વખત ચાલે તેટલો સરસામાન છે."

બાલ્કનો.

સાલોનિકા, ૧૬ મી ફેબ્રુઆરી.

મોનેસ્ટિરથી મળેલી પાયાદાર ખબર પ્રમાણે એ પ્રદેશમાં દુશ્મનોની સંખ્યા ૧૦,૦૦૦થી વધારે નથી, જેમાં ૩,૦૦૦ જર્મનો છે, અને બાકીના બલ્ગેરિયન છે.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવારે, ૨૯ મી ફેબ્રુઆરી ૧૯૧૬.

લડાઇના કેદીઓ.

(ગયા અંકથી ચાલુ.)

વર્તમાન મહાભારતમાં સિપાઇઓ નહીં પણ પ્રજાઓ લડે છે. સાધારણ સ્થિતિમાં તો કોઇ પ્રજા પરદેશીઓને જવાની રજા આપે અથવા ફરજ પાડે તેનું એજ પરિણામ આવે, કે તેના પોષણનો ભાર ઉઠાવવો ન પડે. પણ આ વિગ્રહમાં માણસો અને સાધનો સૌની લડાઇ છે, એટલે લડાયક ઉમરના માણસોને મોકલી દેવાથી સામેની પ્રજા વધારે બળવાન થાય છે. જર્મન અધિકારીઓ જાણતા હતા, કે જર્મનીમાં બ્રિટિશ વસ્તીના કરતાં બ્રિટનમાં જર્મન વસ્તી વધારે છે; અને તેમણે વિચારેલું, કે જર્મનીમાં ફરજિયાત લશ્કરી નોકરી અને ઉદ્યોગોની વ્યવસ્થાને લીધે યોગ્ય તનદુરસ્તી અને ઉમરનો જર્મન સાધારણ ઇંગ્રેજ કરતાં વધારે ઉપયોગી છે. તેટલા માટે તેમણે સિવિલિયનોના પરસ્પર બદલાને માટે યત્ન કરેલો; પણ બ્રિટિશ સરકારે ડહાપણ વાપરીને ૧૭ અને ૫૫ વરસની વચ્ચેના જર્મનોને બ્રિટન છોડવાની મના કરેલી.

૧૯૧૫ ના મેની ૩ જી તારીખે લંડનમાંના યુનાઇટેડ સ્ટેટ્સના એલચીએ બર્લિનમાંના યુનાઇટેડ સ્ટેટ્સના એલચી પર મોકલેલા એક તારથી બ્રિટનમાં જર્મનોને કેવી રીતે રાખવામાં આવતા હતા, અને આવે છે, તે સ્પષ્ટ થશેઃ—

"ડોધામમાં અમલદારો અને માણસો સારી તનદુરસ્તી ભોગવે છે, અને તેમને પૈસા પણ અપાય છે. અમલદારોને બ્રિટિશ સરકાર તરફથી રોજના ૨ શિલિંગ ૬ પેન્સ મળે છે. કોઇને એકલા પૂરી મૂકવામાં આવતા નથી, પણ રાત્રે જૂદા જૂદા ઓરડાઓમાં સૂવાની ગોઠવણ છે. ઓરડા ૧૨ ફુટ લાંબા અને ૮ ફુટ પહોળા છે. અમલદારો બધા એક પંક્તિએ જમે છે; અને માણસો જૂદી પંક્તિએ. અમલદારો અને માણસો સૌને એકજ ખોરાક મળે છે. પાંઉ, કોકો, ચા, સાકર, બટાટા, દૂધ, વગેરે ઘણી વસ્તુઓ મળે છે. બધાને ચોપડીઓ અને તમાકુ આપવામાં આવે છે. અમલદારોને ખલાસીઓમાંથી કોઇને નોકર તરીકે રાખવાની રજા છે. દર રોજ એક સાધનસંપન્ન કસરતખાનામાં નીમેલે કલાકે જવાની સૌને રજા છે. અઠવાડિયામાં એક વાર કાગળો મોકલવાની, તથા પૈસા, પાર્સલો અને કાગળો લેવાની રજા છે. આરામની જગ્યાઓ મકાનની અંદર છે, તેમજ બહાર પણ છે. ખોરાક સંબંધી કશી ફરિયાદ નથી. સગવડની કે

કશી બાબતની ફરિયાદ નથી. આરોગ્યના સંરક્ષણ માટેની ગોઠવણો ઉત્તમ છે. ઓરડાઓમાં અને આસપાસ બધે સ્વચ્છતા છે.”

જર્મનો બ્રિટિશો તરફ કેમ વર્ત્યા છે અને વર્તે છે, તે બતાવવાને પ્રથમ અમે એક અમેરિકન પ્રતિનિધિના શબ્દો ઉતારશું :—

“માગ્ડીબર્ગમાં ૧૪ બ્રિટિશ અમલદારોને એક પોલિસના કેદખાનામાં છૂટા છૂટા પૂરવામાં આવેલ છે. મકાન ૧૯૧૩ માં બંધાયેલું અને અતિશય સ્વચ્છ છે. ન્હાવાની અને બીજી બધી સ્વચ્છતા સબંધી ગોઠવણો અર્વાચીન પ્રકારની અને બરાબર છે.

“દરેક અમલદારને એક કોટડીમાં તાળું વાસીને પૂરવામાં આવે છે. બહાર નિકળવાની માત્ર સવારે ૮-૩૦ થી ૯-૩૦ સુધી અને સાંજે ૩ થી ૪ સુધી રજા મળે છે. એ વખતે સૌને કસરત કરવાની પરવાનગી છે.

“કસરતના વખતમાં અમલદારોને પરસ્પર વાતચિત કરવાની રજા છે, પણ બાકીના દિવસમાં તેમને એકબીજાને મળવાનો અસંગ મળતો નથી. કોટડીઓ સુમારે ૧૨ ફુટ લાંબી અને ૮ ફુટ પહોળી છે, પણ જેમાં લેફ્ટેનંટોને કેદ કરેલ છે તે માત્ર ૫ ફુટ પહોળી છે. દરેક કોટડીમાં એક બારી, એક ઢોલિયો, એક ઓઢવાનું અને એક ધાબળી હોય છે; પણ ઢોલિયા દિવસે દિવાલની સાથે સાંકળી લેવામાં આવે છે. વસ્તુઓ મૂકવાને અભરાઇઓ પણ હોય છે, અને લખવાનું એક ટેબલ, વગેરે. અજવાળું સારૂં છે, અને કોટડીઓ ચોકખી છે. બીડી પીવાની રજા છે.

“એકંદરે અમલદારો ઠીક સ્થિતિમાં છે; અને તેમને કશી ફરિયાદ કરવાની નથી.”

ઘણા વિલંબ પછી જૂદી જૂદી સરકારોએ અશક્ત થઇ પડેલા લડાઇના કેદીઓનો અદલોબદલો કરવાનું ઠરાવ્યું. ૧૯૧૪ ના ડીસેંબરમાં બ્રિટિશ અને જર્મન સરકારો વચ્ચે કરાર થયો. ૧૯૧૫ ના ઑગસ્ટમાં વળી એવી ગોઠવણ થઇ, કે લડાઇની નોકરીને માટે નાલાયક સિવિલિયનોને પોતપોતાની વિલાયતમાં મોકલી દેવા, અને નાલાયકીનો નિર્ણય જે સરકારની પાસે કેદી હોય તેણે કરવો.

અદલબદલ થયેલા કેદીઓની સ્થિતિ પરથી જો તેમના તરફ ચલાવાયેલી વર્તણુકનું માપ થતું હોય, તો ઇંગ્લંડમાં કેદીઓ તરફના દયાળુ વર્તણુકનો અને જર્મનીમાં ક્રૂર વર્તનનો ઘણો પુરાવો છે. ડચ પેપરોનો પુરાવો તટસ્થ હોવાથી પુરતો છે. એક તરફ, કેદીઓ સારાં કપડાંમાં અને સારી રીતે ખાધુંપીધું હોય એવી હાલતમાં દેખાતા હતા, અને તેમની થોડીજ ફરિયાદો હતી; બીજી તરફ, કેદીઓ ન ગમે તેવાં પરચૂરણ નિર્માલ્ય કપડાંવાળા હતા, અને તેમના દેખાવ પરથી જણાતું હતું, કે તેમને સારૂં ખાવાપીવાનું મળ્યું નથી, અને તેમનો તરફ ખરાબ રીતે વર્તવામાં આવેલ છે,

અમેરિકન અધિકારીઓએ જોકે કોઇ વાર અચાનક મુલાકાતો આપેલી, છતાં ઘણીખરી વાર તેમના આવવાની અગાઉથી ખબર મળેલી હતી. એવો ઘણો પુરાવો છે, કે એ મુલાકાતો માટે ખાસ તૈયારીઓ કરવામાં આવતી હતી, અને કેટલીક બાબતો તેમનાથી છુપી રહેતી. ગ્રિમ્સબીનો રહેવાસી હિગિન્સ નામે એક વહાણનો નાખુદા જણાવે છે, કે તે અને તેનો સાથી સુરંગ મૂકનાર હોવાના આરોપસર ઉત્તર સમુદ્રમાં પકડાયા હતા; અને ૧૯૧૪ ના સપ્ટેંબરમાં સેનેલેજર પાસે એક ખુલ્લા ખેતરમાં ચૌદ દિવસ સુધી રખાયા હતા. ૪ થી તારીખથી ૭ મી તારીખ સુધી તેમને કશો ખોરાક મળેલો નહીં. ચૌદમાંથી બાર દિવસ વરસાદ પણ પડ્યો હતો. પછી તેમને કાણાંવાળા એક મોટા તંબુમાં રાખવામાં આવ્યા હતા. યુનાઇટેડ સ્ટેટ્સનો પ્રતિનિધિ જોવા આવવાની ખબર મળતાં તેમને નવે ઠેકાણે ફેરવવામાં આવ્યા હતા; પણ તેના ગયા પછી તેમને પાછા જ્યાં હતા ત્યાં ને ત્યાં આવવું પડ્યું હતું.

એક જર્મન અમલદારની ડાયરી બ્રિટિશોના હાથમાં આવી છે, જેમાં ૧૯૧૪ ના ડીસેંબરની ૧૯ મી તારીખ નીચે આ શબ્દો લખેલા છેઃ—

"ખાઇઓના દેખાવથી અને આપણા માણસોના ત્રાસથી—તેઓ જખમી ઇંગ્રેજોને મારીને પૂરા કરતા હતા તે જોતાં—મને એટલી કમકમાટી લાગી, કે આખો દિવસ હું કશું કરવા યોગ્ય રહ્યો નહીં."

જખમીઓ તેમજ બિનજખમીઓ માટે કેદમાં જવાની મુસાફરી ત્રાસદાયક હતી. આ વિષય ઉપર મેજર વેન્ડેલ્યુરનો રિપોર્ટ ખાસ વાંચવા લાયક છે. ૧૯૧૪ ના ડીસેંબરમાં એ ગૃહસ્થ ક્રેફેલ્ડથી નાસી જઇ શક્યો હતો.

૧૯૧૪ ના ઑક્ટોબરમાં તે લા બાસી પાસે પકડાયો હતો. તેને પકડનારાઓએ બીજી રીતે તેની સાથે ઠીક વર્તન કરેલું; છતાં તેને કુચ કરવી પડેલી, અને આખરે પગમાં જખમ હોવાથી તેનાથી આગળ ચલાયેલું નહીં. ડુઆઇ લઇ જઇને ત્યાં તેને હોટેલ ડી વિલની સામે પહેરામાં રાખેલો, અને પુષ્કળ ગાળ અને નિંદાનો તેના પર વરસાદ વરસેલો.

"બીજા કેદીઓ આવ્યા, એટલે અમને બધાને રાતની રાત એક મોટા છાપરામાં પૂરવામાં આવ્યા. ફ્રેંચ રેડ ક્રૉસ સોસાયટી તરફથી થોડો ખોરાક મળ્યો તે સિવાય કશું ખાવાનું અપાયું નહીં, તેમ પડવાને કશું ઘાસ નહીં. અમારી રાત અતિશય ભયંકર ગઇ. ગરમ રહેવા સારૂ માણસોને આખી રાત ચાલ્યા કરવું પડ્યું, કારણકે તેમના મોટા કોટ લઇ લેવામાં આવ્યા હતા.

"ઑક્ટોબરની ૧૭ મીએ સવારે ફ્રેંચ રેડ ક્રૉસે અમને બન્યો તેટલો ખોરાક આપ્યો, અને જર્મનો વિરુદ્ધ હોવા છતાં ઉત્તમ બરદાસ કરી. બપોર પછી સુમારે બે વાગ્યે અમને

The Right Hon. Sir EDWARD GREY.

ધિ રાઈટ ઑનરેબલ સર એડવર્ડ ગ્રે.

Lakshmi Art, Byculla, Bombay.

બધાને રેલવેસ્ટેશને લઇ ગયા, અને આખે રસ્તે જર્મન અમલદારો અને સિપાઇઓએ અપમાન આપ્યા કર્યું. એક જર્મન અમલદાર અમારા એક અમલદાર ઉપર થૂંકતાં પણ અચકાયો નહીં.

"સ્ટેશને અમને જે બંધ ડબ્બાઓમાંથી ઘોડાઓને ઉતાર્યા હતા તેમાં ધકેલવામાં આવ્યા. હું અને બીજા ચાર અમલદારો જેમાં હતા તેમાં બાવન માણસોને પૂર્યા. બધી જગ્યા ત્રણ ઇંચ સુધી લાદથી ભરેલી હતી, અને ઘોડાના પેશાબની દુર્ગંધથી શ્વાસ લગભગ રૂંધાઇ જતો હતો.

"ત્રીશ કલાક આ ગંદા ડબ્બામાં પૂરાયા રહ્યા; અમને કશો ખોરાક મળ્યો નહોતો, તેમ કુદરતી હાજતો માટે અવકાશ નહોતો. આખે રસ્તે જૂદે જૂદે સ્ટેશને અમલદારો અને સિપાઇઓ અમને શાપ દેતા હતા, અને મોન્સ બર્ગન સ્ટેશન ઉપર ત્યાંના અમલદારના હુકમથી મને નીચે ઉતારવામાં આવ્યો. તેણે દશેક મિનિટ સુધી મને ગંદી ભાષામાં ગાળો દીધી, અને પછી એક સિપાઇને આજ્ઞા કરી, કે મને લાતો મારીને પાછો ડબ્બામાં ચડાવી દે. એ પ્રમાણે કરવામાં આવ્યું. મારે ઉમેરવું જોઇએ કે હું જર્મન ભાષા સારી રીતે જાણું છું, અને જે બોલાયું હતું તે બધું સમજતો હતો."

મેજર વેન્ડેલ્યૂરની વાતનું ગાંભીર્ય પૂરેપૂરૂં સમજવા સારૂ એટલું યાદ રાખવું જોઇએ, કે આ વખતે તે કેદી હતો, એટલુંજ નહીં પણ વળી જખમી કેદી હતો. જે ડબ્બાઓમાં કેદીઓને લઇ જવામાં આવતા હતા, તેની હાલત સંબંધી એટલા બધા સાક્ષીઓના પુરાવા છે, કે એ બાબતમાં શંકા રહેતી નથી.

"માત્ર એક સ્ટેશન ઉપર એક જર્મન અમલદારે વચ્ચે પડીને માણસોને અમને શાપ દેતાં અટકાવ્યા હતા. એ અમલદાર અમારી દુઃખી સ્થિતિ માટે દિલગીર દેખાતો હતો. મારે ઉમેરવું જોઇએ, કે જર્મન ચોકીદારોમાંથી પણ બે જણ અમારા તરફ દિલસોજીવાળા હતા, પણ અમને બચાવવાની તેમની શક્તિ નહોતી.

"આ વખત સુધી હું મારો ઓવરકોટ રાખી શકયો હતો. પણ હવે તે એક અમલદારે પરાણે પડાવી લીધો.

"જર્મન-બેલ્જિયન સરહદ ઉપર પહોંચતાં ફ્રેંચ કેદીઓને બટાટાનો "સૂપ" આપવામાં આવ્યો. અમને કહેવામાં આવ્યું, કે 'ફ્રેંચો ખાતાં જો કંઇ બાકી વધશે, તો તે તમને મળશે'." મેજર વેન્ડેલ્યૂર પછી ઉમેરે છે, કે થોડો સૂપ અને થોડાક પાંઉના કકડા તેની સાથે ડબ્બામાં પૂરાયેલા ૨૫ બ્રિટિશ કેદીઓ વચ્ચે વહેંચવામાં આવ્યા હતા.

જોકે ચોકીદારોને ખાવાનું અને પીવાનું બંને મળતું, છતાં ઘણા જખમી બ્રિટિશોને લાંબા વખત સુધી એમાંથી એક પણ આપવાની ના પાડતા, કોઇ વાર તો ૫૮ કલાક સુધી.

કેટલાક દાખલામાં જર્મન રેડ ક્રૉસની બ્હેનો પણ ચોકીદારોને એવી સરતથી ખાનપાન આપતી, કે તેઓ તે ઇંગ્લિશોને આપે નહીં. આ સૂચનાનો હમેશાં અમલ ન થતો, એટલું ઉમેરવું ઘટે છે.

"આ પ્રમાણે ત્રણ દિવસ અને ત્રણ રાત સુધી ભૂખથી હેરાન અને કેદથી પરેશાન થવાથી અમારી દશા કેટલી ખરાબ થઇ હશે, તેની કલ્પના થવી મુશ્કેલ છે. આ ડબ્બાઓ છ ઘોડા અથવા ચાળીશ માણસોનેજ સમાવવા યોગ્ય ગણાય છે, અને તે પણ હવા માટે બારણાં ખુલ્લાં રાખવામાં આવે તો. પણ અંદરની ગંદકી, માણસોની સંખ્યા, અને હવાની તંગીને લીધે દશા એવી હતી, કે કલકત્તાની અંધારી કોટડીની તેથી ઠીક કલ્પના આવી શકે.

"મને માલુમ પડ્યું કે અમારી આગળનો ડબ્બો પણ ઇંગ્લિશ સિપાઇઓથી ભરેલો હતો. એ ડબ્બામાં હવાને માટે કશી સગવડ નહોતી, અને મારા ડબ્બાના કરતાં પણ વધારે માણસો તેમાં ગોંધાયલા હતા. તેઓ લાકડાની બાજુઓને નિરંતર ઠોકયા કરતા હતા. આખરે જર્મનોને તેઓ ગૂંગળાઇ જશે એવું લાગ્યું હશે, એટલે એક સુતારને બોલાવવામાં આવ્યો, અને તેણે બાજુમાં એક ન્હાનું ગોળ કાણું કોતરી કાઢ્યું."

મેજર વેન્ડેલ્યૂરનો રિપોર્ટ અને બીજા અદલબદલ થયેલા અથવા ન્હાસી છૂટેલા કેદીઓની ફરિયાદો એવા ગંભીર પ્રકારનાં હતાં, કે ૧૯૧૫ના જૂનમાં જર્મન સરકારે એક જવાબ બહાર પાડેલો. અમે તેમાંથી કેટલાંક વાકયો ઉતારશું:—

"જો ઇંગ્રેજો એવો ઢોંગ કરતા હોય, કે મુસાફરીમાં ફ્રેંચો પછીજ તેમની સંભાળ લેવામાં આવતી, તો તેનો ખુલાસો એ છે, કે જર્મન લશ્કરમાં તેમને માટે અતિશય તિરસ્કાર છે. જર્મનો ફ્રેંચોને આબરૂદાર અને લાયક સામાવળિયા તરીકે માન આપે છે, પણ ઇંગ્લિશ ભાડુતીઓ શરૂઆતથી લુચ્ચાઇની લડાઇ લડ્યા છે, અને જ્યારે કેદ પકડાયા છે, ત્યારે ઉદ્ધત અને રીસ ચડાવે એવું વર્તન બતાવતા આવ્યા છે."

મૂલહીમ રૂરમાં ભયંકર જખમવાળા માણસોને કડકડતી ઠંડીમાં ખુલ્લા પ્રદેશમાં ન્હાવું પડતું.

એક ડાક્તર માટે નીચે પ્રમાણે અનુભવ લખાયલો છે:—

"મેં પોતે એક જર્મન ડાક્તરને. રસ્તે ઊંઘી ગયેલા રૂશિયન કેદીઓની એક ટોળીની પાસે જઇને તેમના ગાલ ઉપર પોતાની બીડીનો બળતો ભાગ દાબતો દીઠો છે. મને લાગે છે કે તે રસ્તે પસાર થયો ત્યારે માણસોએ તેને માન આપેલું નહીં, તેથી તે રીસે ભરાયો હતો. બીજા એકને મેં એક રૂશિયન સિપાઇના સર્વથી કોમળ ભાગમાં લાત મારતો જોયો છે."

એક ફ્રેંચ પાદરી રિપોર્ટ કરે છે, કે મિન્ડનની છાવણીમાં "જર્મન સિપાઇઓ બ્રિટિશ કેદીઓને પેટમાં લાત મારે છે, અને તેમના બરડા પર બંદૂકો ભાંગે છે," તે વગેરે છે:

"બ્રિટિશોને લગભગ ભૂખે મારી નાંખવામાં આવતા, અને તેમને એટલી વિપત્તિઓ સહન કરવી પડેલી, કે ત્રીશે તો એમ વિનંતી કરેલી, કે અમને ગોળીએ મારી નાંખો."

કેદીઓની મજૂરી સંબંધી અને બીજી કેટલીક મહત્ત્વની બાબતો સંબંધી કહેવાનું હજી બાકી રહે છે, પણ હાલ તરત તો અમે આ વિષયને આટલેથી સમાપ્ત કરીએ છીએ.

લડાઇના તાર.

ઋષિયન ફત્તેહો.

પિતૃગ્રેડ, ૧૯ મી ફેબ્રુઆરી.

અર્ઝરૂમ આગળ તુર્કોની પૂરેપૂરી હાર થઇ છે. કિલ્લાઓમાં ઘણાં મુડદાં મળ્યાં છે, અને લશ્કરના બાકીના માણસો બધી દિશાઓમાં ભાગી ગયા છે. ઋષિયનો પાછળ પડ્યા છે, અને મારતા તથા કેદ કરતા જાય છે. કિલ્લાનો બધો દારૂગોળો અને તોપોનો મોટો ભાગ આપણા હાથમાં પડેલ છે. અત્યાર સુધી ૨૦૦ તોપો ગણાઇ છે.

કામેરૂનની જીત.

લંડન, ૧૯ મી ફેબ્રુઆરી.

ઉત્તર કામેરૂનમાં મોરાના જર્મન ચોકીદારો તાબે થયા છે. આથી કામેરૂનની જીત પૂરી થાય છે.

અર્ઝરૂમ પછી વધારે જીત.

પિતૃગ્રેડ, ૧૯ મી ફેબ્રુઆરી.

અર્ઝરૂમના લશ્કરની પાછળ પડતાં અમે મુશ અને આલહાટનાં શહેરો પણ હસ્તગત કર્યાં છે.

દુશ્મન કોન્સલો કેદ.

ઍથન્સ, ૧૯ મી ફેબ્રુઆરી.

મિત્ર રાજ્યોએ સાલો ખાતેના દુશ્મનના કોન્સલોને કેદ કર્યા છે, અને તેમને લડાઇનાં વહાણો ઉપર ચડાવી દીધા છે.

વાન સરોવરનો પ્રદેશ.

લંડન, ૨૨ મી ફેબ્રુઆરી.

એક ઇટાલિયન વાયરલેસ જણાવે છે, કે ઋષિયનોએ વાન સરોવરનો બધો પ્રદેશ કબજે કર્યો છે, તુર્કો બિટલિસ ખાલી કરવા માંડ્યા છે, અને ઋષિયનો ત્રેબિઝોંડ પાસે પહોંચ્યા છે.

ઋશિયન પાર્લમેન્ટમાં ઉત્સાહ.

લંડન, ૨૩ મી ફેબ્રુઆરી.

પાર્લમેન્ટ ફરી ઉઘડતાં નામદાર ત્સારે ત્યાં અચાનક મુલાકાત આપી છે. મેંબરોએ તેને અસાધારણ ઉત્સાહથી માન આપેલ છે. ઋશિયન રાજ્યગીત વારંવાર ગવાયું છે. અર્ઝરૂમ આગળ તુર્કોની હાનિ ૪૦,૦૦૦ ની ઝાહેર થાય છે.

સ્વેઝની નહેર.

લંડન, ૨૩ મી ફેબ્રુઆરી.

સ્વેઝની નહેરની પૂર્વમાં દુશ્મનના મોરચા ઉપર આપણા વિમાનીઓએ ૬૦૦ ફુટ સુધી નીચે ઉતરીને એક અઢી મણનો બોંબ નાંખ્યો છે, અને અલ હાસ્સેના ખાતેના દુશ્મનના "પાવર સ્ટેશન" નો નાશ કર્યો છે.

વર્ડૂન પાસે લડાઇ.

પારિસ, ૨૪ મી ફેબ્રુઆરી.

વર્ડૂનની ઉત્તરમાં જર્મનોએ કરેલા હુમલાએ એક મોટી લડાઇનું રૂપ પકડ્યું છે. મેલેન-કોર્ટથી ફૉર્ટ ઇટેઇન સુધી ૪૦ કિલોમીટરના મોખરા ઉપર તોપોની સખ્ત મારામારી થઇ છે. બ્રાબન્ટ-સર-મ્યૂઝ અને ઓર્નીસ વચ્ચે જર્મન પાયદળે જોરથી ધસારો કર્યો છે, પણ હોમોન્ટના ગામડામાંથી આપણને હઠાવી શકેલ નથી.

પાર્લમેન્ટમાં સુલેહની વાત.

લંડન, ૨૪ મી ફેબ્રુઆરી.

આમની સભામાં મિ. ફિલિપ સ્નોડને જણાવ્યું, કે સુલેહની હીલચાલ કરવાનો વખત આવી ચૂક્યો છે; અને જર્મન સોશ્યલિસ્ટો સુલેહની તરફેણમાં છે. મિ. ટ્રેવેલિયને મિ. સ્નોડનને ટેકો આપ્યો છે. સભાએ એ ભાષણોનો સત્કાર કર્યો નથી.

મિ. એસ્કિવથે કહ્યું, કે "બેમાંથી એક પણ ગૃહસ્થ સાધારણ પ્રજા તરફથી બોલતા નથી. પોતાને મોકલનાર તરફથી પણ બોલે છે કે કેમ, એ શંકાપડતી વાત છે; અને લોકમત તો એવો છેજ નહીં. આખો દેશ અત્યારે પરિપૂર્ણ સંયુક્ત છે."

નિવેદન.

આજના અંકની સાથે બ્રિટિશ પરદેશખાતાના પ્રખ્યાત પ્રધાન સર એડવર્ડ ગ્રેનો એક સુંદર ફોટોગ્રાફ અમે અમારા વાંચનારાઓને ભેટ આપીએ છીએ.

ભાવનગર સરકારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૭મી માર્ચ, ૧૯૧૬. [અંક ૧૪.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વેહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૭ મી માર્ચ ૧૯૧૬.

સર્બિયાનું અદ્ભુત પરાક્રમ.

"વ્હાલીડા! સત્યશૂરા રે, જેની અચળ વૃત્તિ એકધારી:
માથું મૂકી ફોરે રે, ખોલે બેહદ બારી!"

મસ્તકવિ. કલાપીનો વિરહ.

ડાન્યુબ નદીના દક્ષિણ કિનારા ઉપર સેમેંડ્રિયા કરીને એક કિલ્લેબંધ શહેર છે, જેને સર્બિયનો સ્મેડેરિયો કહે છે. એ શહેર પર ઇ. સ. ૧૯૧૫ ના સપ્ટેંબરની ૨૧મી તારીખે જર્મન ગોળાઓ પડવા માંડ્યા, અને સર્બિયા પર ચોથી ચડાઈની શરૂઆત થઇ. એ તારીખ સુધી સર્બિયા પરના હુમલાઓમાં જર્મનીએ કશો ભાગ લીધેલો નહીં.

જર્મનીએ લડાયક બાબતોની દીર્ઘદૃષ્ટિ વાપરીને પહેલેથી યોજના કરી રાખી હતી; અને ઘા કરે ત્યાં સુધી તે ગુપ્ત રાખવાની સંભાળ લીધી હતી. તેને લાગેલું કે અત્યારે વખત અનુકૂળ છે. પશ્ચિમમાં તેને ચિંતા નહોતી; કારણકે ફ્રેંચો અને બ્રિટિશો તેની મજબૂત બચાવની લાઇનોથી બંધાઇ ગયા છે એમ તેનું માનવું હતું. પૂર્વમાં તેની ફત્તેહોથી રશિયા મ્હાત થયેલ છે એમ તેનું ધારવું હતું, એટલે એ તરફ પણ ભય નહોતો. તેમ ડાર્ડનલ્સની પણ તેને ફિકર નહોતી; કારણકે ત્યાં જર્મન અમલદારોના હાથ નીચે તુર્કી મિત્ર રાજ્યોના લશ્કરને વધવા દેતા નહોતા. સર્બિયાનું ક્ષેત્ર ખુલ્લું અને આકર્ષક હતું; અને જર્મનીએ બલ્ગેરિયા સાથે કામ કરે, અને ગ્રીસ આડું ન આવે, એવું ચોકસ કર્યા પછી મોટા પાયા ઉપર હીલચાલો આરંભી.

ઉન્હાળામાં રશિયાની સામેના ધસારાને નિમિત્તે તેણે પુષ્કળ લશ્કર દક્ષિણ હંગરીમાં એકઠું કર્યું હતું. પછી એવી અફવાઓ ચાલેલી, કે તે સર્બિયાને જીતવા સારૂ ડાન્યુબની ઉત્તરમાં એક જબરૂ લશ્કર એકઠું કરે છે; છતાં જર્મન અને ઑસ્ટ્રિયન લશ્કરો એકત્ર કરવામાં અને ગોઠવવામાં ઘણીજ ગુપ્ત રીતે કામ લેવામાં આવ્યું હતું. મુખ્ય સેનાપતિ માર્શલ વૉન મેકેનસન હતો, કે જેણે ગેલીશિયામાં અને પોલાંડમાં ખાસ કુશળતા દેખાડી આપી

હતી; અને તૈયારીઓ ગુપ્ત રાખવાને જર્મનીએ એક માર્ગ એ લીધેલો, કે તે સર્બિયા તરફ આવી ગયા પછી કેટલાંક અઠવાડિયાં સુધી તેનું નામ ઋષિયન મોખરા ઉપર લડાતી લડાઇઓના સંબંધના ઓફિશ્યલ તારમાં આવ્યા કરતું હતું. સર્બિયનોને પોતાને ચડાઇની બાતમી મળી હતી, અને છેક જૂલાઇમાં તેમણે મિત્ર રાજ્યો પાસે માગણી કરી હતી, કે તેમની કુમકમાં પુરતાં માણસો મોકલે. પણ કોણ જાણે શા કારણથી તેમની માગણીનો એ વખતે સ્વીકાર થયેલો નહીં. પાછળથી મદદ મોકલાઇ ખરી, પણ તે બહુ મોડી પહોંચી, અને પુરતી નહોતી.

જ્યારે સર્બિયાની ઉત્તરમાં તોફાન શરૂ થયું, અને દુશ્મનનાં લશ્કરોની ગોઠવણ બહાર આવી, ત્યારે જણાયું કે મેકેનસનના હાથ નીચેના ઑસ્ટ્રો-જર્મનો બે લશ્કરોમાં વહેંચાયેલા હતા, જે એકબીજાની નિકટ હતાં. એક લશ્કરનો ઉપરી જનરલ વૉન ગૅલવિટ્ઝ હતો, કે જેણે એ મહિના પહેલાં નેરૂ નદીમાં રસ્તો કરીને નામના મેળવી હતી, અને તેમાં બધાજ જર્મનો હતા. બીજા લશ્કરનો ઉપરી એક ઑસ્ટ્રિયન હતો, અને તેમાં જર્મનોના કરતાં ઑસ્ટ્રિયનોની સંખ્યા વધારે હતી. પૂર્વમાં ઓર્સોવાથી સેમેન્ડ્રિયાની સામે સુધીની ડાન્યુબ ઉપરની લાઇન ઉપર ગૅલવિટ્ઝનો અધિકાર હતો; અને ત્યાંથી સાવે ઉપર તથા ડ્રિનાના થોડા ભાગ સુધી બીજી લાઇન લંબાતી હતી. ડ્રિનાના ઉપલા ભાગમાં વિશેગ્રેડ પાસે એક ત્રીજું ઑસ્ટ્રિયન લશ્કર હાજર હતું.

ત્રણેય લશ્કરમાં થઇને ત્રણ લાખ કરતાં વધારે માણસો હતાં. ઑસ્ટ્રિયાએ આગલો અનુભવ યાદ કરીને પોતાનું કેટલુંક સારામાં સારૂં પાયદળ મોકલ્યું હતું. મેકેનસને પોતાના તોપખાનાની શક્તિથી ગેલીશિયામાં ફત્તેહ મેળવી હતી, અને અહીં તેની પાસે ૨,૦૦૦ કરતાં વધારે અને કેટલીક ઘણી મોટી તોપો હતી. તેનું પહેલું મોટું કામ એ હતું, કે નદીઓ ઓળંગવી, અને તે પાર પાડવા માટે તેણે તોપખાના ઉપર આધાર રાખ્યો હતો.

૧૯૧૪ ના ડીસેંબરમાં ઑસ્ટ્રિયનોને પાછા હઠાવ્યા, ત્યારથી સર્બિયનો જાણતા હતા કે ફરી ચડાઇ થયા વગર રહેશે નહીં; એટલે માર્શલ પટનિક અને તેના અમલદારોએ જેટલી બની શકી તેટલી તૈયારીઓ તો કીધી હતી. ચોથી ચડાઇને વખતે તેમના લશ્કરમાં સુમારે ૩૧૦,૦૦૦ લડવૈયા હતા; અને જોકે મોટી તોપો નહોતી, તોપણ લશ્કરના પ્રમાણમાં તોપો અને દારૂગોળો બંને હતાં. જો તેમને માત્ર ઑસ્ટ્રો-જર્મનો તથા ઑસ્ટ્રો-જર્મન તોપખાનાની સામે થવાનું હોત, તો કદાચ તેઓ અગાઉના વખતની માફક ફત્તેહ પણ મેળવત. તેમની સામેનું લશ્કર સંખ્યામાં કંઇ અતિ મોટું નહોતું; અને દુશ્મનની મોટી તોપોની વિરુદ્ધ બચાવનાં કુદરતી સ્થાનકોની તેમને અનુકૂળતા હતી. પણ બલ્ગેરિયનો વિગ્રહમાં ભળ્યા, તેથી સ્થિતિ બદલાઇ ગઇ.

ઉત્તરમાં, ઉત્તર-પૂર્વમાં, અને પશ્ચિમમાં હુમલાને માટે બચાવનો બંદોબસ્ત થયો હતો,

અને લશ્કરો ગોઠવાયાં હતાં; પણ માસીડોનિયાની સરહદ સુરક્ષિત નહોતી, અને કોઈ પણ મજબૂત લશ્કર તેમાં પેસી શકે એવું હતું.

આથી લડાઈની શરૂઆતમાં સાવે અને ડાન્યુબની દક્ષિણની લાઇનમાં ત્રણ સર્બિયન લશ્કરો તથા કુલ ૧૫૦,૦૦૦ માણસો હતાં. પશ્ચિમમાં એક સર્બિયન લશ્કર હતું, કે જે અનુભવી માર્શલ મિશિચ્ચની સરદારી નીચે સાવે અને ડ્રિના નદીઓ વચ્ચેનો ખૂણો રોકી રહ્યું હતું, અને તેની છાવણી શાબાઝમાં હતી. વળી એક લશ્કર પૂર્વમાં જનરલ ઝિવકોવિચ્ચની સરદારી નીચે હતું, જે બેલગ્રેડના બચાવ માટે હતું. આ ઉપરાંત રૂમાનિયાની સરહદ પાસે મોરાવાની ખીણના બચાવ માટે એક લશ્કર હતું; અને વિશેગ્રેડની નજીક એકઠા થયેલા ઑસ્ટ્રિયનોની સામે થવા માટે જૂદી વ્યવસ્થા હતી. જે દિવસે સેમેંડ્રિયા ઉપર ગોળા ફેંકવાનું જર્મનોએ શરૂ કર્યું, તેજ દિવસે રાજા ફર્દિનંદે બલ્ગેરિયન લશ્કરને તૈયાર થવાનો હુકમ આપ્યો.

પછી એક પખવાડિયા સુધી ઑસ્ટ્રો-જર્મનો બહુ આગળ વધી શક્યા નહીં. તેમણે નદીઓ ઓળંગવાને કેટલાક પ્રયત્નો કર્યા, પણ દરેક વખતે નુકસાન સાથે હઠી જવું પડ્યું. સેમેંડ્રિયા પાસે દક્ષિણ કિનારે ઉતરવાના યત્નમાં એક આખી પલટનનો નાશ થયો. સપ્ટેંબરની આખરમાં તેમનાં વિમાનો હમેશાં સર્બિયા ઉપર ઉડતાં હતાં, અને દુશ્મનનાં સથકો તપાસતાં હતાં, તથા મુખ્ય મુખ્ય સ્થાનકો ઉપર બૉંબ ફેંકતાં હતાં. દરમિયાન બલ્ગેરિયન લશ્કર સરહદ ઉપર એકઠું થતું હતું. સર્બિયાને પોતાની સ્થિતિની ખબર હતી, અને તેટલા માટે બલ્ગેરિયનો હજી તૈયાર નહોતા થયા, ત્યાં તેમના પર ઘા કરવાને તેણે મિત્ર રાજ્યો પાસે સંમતિ માગેલી; પણ એવો જવાબ મળેલો, કે જેથી તેને એમ લાગ્યું, કે તેઓ એ હીલચાલમાં રાજી નથી.

સપ્ટેંબરની ૨૩ મી તારીખે બલ્ગેરિયાની સામે સાવધાન રહેવા સારૂ તથા સર્બિયાની મદદ માટે ગ્રીસે લશ્કરને તૈયાર થવા હુકમ આપ્યો. કારભાર ત્યાં સુધી મિ. વેનિઝેલોસના હાથમાં હતો. તેની વિનંતી પરથી ફ્રાન્સ અને બ્રિટને ૧૫૦,૦૦૦ નું લશ્કર સાલોનિકા મોકલવાનું કબૂલ કર્યું. આ લશ્કર ઑકટોબરની ૫ મી તારીખે ઉતરવા માંડ્યું, પણ એજ તારીખે વેનિઝેલોસને રાજીનામું આપવાની ફરજ પડી, કારણકે રાજા કોન્સ્ટન્ટાઇનને તેની મિત્ર રાજ્યોના પક્ષની પ્રવૃત્તિ ગમતી નહોતી. છતાં એવું ઠર્યું, કે ગ્રીસ વાંધો લે, તોપણ લશ્કરોએ સાલોનિકામાં ઉતરવાનું જારી રાખવું.

પણ એક મજબૂત ફ્રેંકો-બ્રિટિશ લશ્કર સાલોનિકામાં ઉતરે, એ ક્રિયા એવી હતી, કે જેમાં પુષ્કળ વખત લાગ્યા વગર રહે નહીં. સર્બિયન પ્રજાએ તો ઠરાવ કર્યો હતો, કે મદદ આવે યા નહીં, પણ સામે તો થવુંજ. મિ. પાસિચે કહ્યું હતું, કે "શરમમાં જીવવાના કરતાં સૌંદર્યમાં મરવું બહેતર છે."

ઑકટોબરની ૨ જી તારીખે રાજા પીટરે એક ફરમાન કાઢીને પોતાની લાગણીઓ પ્રગટ કરી હતી: "મને સારીપેઠે ખબર છે, કે દરેક સર્બિયન પોતાના દેશની ખાતર મરવાને

તૈયાર છે. મારી જાતને માટે હું દિલગીર છું, કે વૃદ્ધાવસ્થાને લીધે હું લશ્કરની સાથે લડી શકું કે તેને દોરી શકું તેમ નથી. હું એક બુઢ્ઢો આદમી હોઇને માત્ર મારા સિપાઇઓને, લોકોને, સ્ત્રીઓને તથા બાળકોને આશીર્વાદ મોકલી શકું છું. * * * જો આ નવા હુમલાથી આપણી હાર થશે, તો આપણ સૌને માટે એ કીર્ત્તિકર મરણ નિવડશે."

ઑક્ટોબરની ૬ ઠ્ઠી તારીખ પહેલાં ત્રણ દિવસ અને ત્રણ રાત સુધી ઑસ્ટ્રો-જર્મનો ડાન્યુબ, સાવે અને ડ્રિના ઉપરની આખી સર્બિયન લાઇન ઉપર તોપના ગોળા ફેંકી રહ્યા હતા. એ અરસામાં તેમણે નદી ઓળંગવાના ઘણા પ્રયત્નો કરેલા, પણ દરેક સ્થળે તેમને પાછા હઠવું પડેલું. ડાન્યુબ ઉપર રામ, કુબ્રોવિટ્ઝા અને સેમેંડ્રિયા આગળ લડાઇ જોરથી ચાલી હતી; સાવે ઉપર ઓબ્રેનોવાઝ, શાબાઝ અને જારાક આગળ; અને ડ્રિના ઉપર બેડોવિન્સે આગળ. મોરાવાની ખીણની ચોકી કરતા બે કિલ્લાઓ—રામ અને સેમેંડ્રિયા—ઉપર વૉન ગૉલવિટ્ઝે ઘણા અને ભયંકર ગોળા ફેંકેલા; છતાં જૌરિશિઅના બહાદુર સિપાઇઓએ પોતાનું સ્થાન છોડેલું નહીં.

પણ સૌથી સખ્ત લડાઇ બેશક બેલગ્રેડ પાસે થયેલી. ત્યાં ફ્રાન્સ, બ્રિટન અને રુશિયન નૌકાખાતાંની તોપો મદદ માટે આવી હતી. રાજધાનીની ઉત્તરમાં જ્યાં સાવે અને ડાન્યુબનો સંગમ થાય છે, ત્યાં એક આખા દિવસ સુધી બ્રિટિશોએ ગોળા ફેંકીને બધાં બારકસોને ડુબાવ્યાં. ઑક્ટોબરની ૫ મી તારીખે બપોર પછી જર્મનોએ આગનું જોર વધાર્યું, અને પ્રખ્યાત સોળઇંચિયા તોપોનો ભયંકર મારો શરૂ કર્યો. બેલગ્રેડના કિલ્લા પર ફેંકીને સંતુષ્ટ ન થતાં તેઓ બૉંબ અને બીજા ગોળા ઇસ્પિતાલો અને ખુલ્લા શહેર પર પણ ફેંકવા લાગ્યા, કે જ્યાં સિવિલિયન વસ્તીનો વાસ હતો. આસપાસના પ્રદેશમાં તેમણે આગ ફેલાવી, કે જેથી કોઇ ન્હાસી પણ ન જઇ શકે, અથવા નાશ પામે.

રાજધાનીનો છેક નાશ થતો અટકાવવા સારૂ સર્બિયન લશ્કરે ૮ મી તારીખે શહેર ખાલી કર્યું. પણ ૬ ઠ્ઠી અને ૭ મી તારીખે ઑસ્ટ્રો-જર્મનો કેટલેક ઠેકાણે નદીઓ ઓળંગી ચૂક્યા હતા. આઠમી તારીખે સવારમાં જર્મન સિપાઇઓએ બેલગ્રેડમાં રાજમેહેલનો કબજો લીધો, અને તેના ઉપર જર્મની તથા ઑસ્ટ્રિયા-હંગરીના વાવટા ઉડવા લાગ્યા. બપોર પછી સર્બિયન લશ્કરને દક્ષિણ તરફ હઠી જવાનો હુકમ મળ્યો.

પણ બેલગ્રેડ હજી પૂરેપૂરૂં ઑસ્ટ્રો-જર્મનોના કબજામાં આવ્યું નહોતું, અને તે રાત્રે શહેરની શેરીઓમાં ઘણા ભયંકર દેખાવો થયા. જેઓ લશ્કરની સાથે જઇ શકેલા નહીં તેવા સિપાઇઓની ટુકડીઓ તાબે થવા કરતાં મરવાનું પસંદ કરીને લડતી રહી. શહેરીઓમાંના ઘણા ચાલ્યા ગયા હતા, છતાં ઘણા બાકી હતા; અને તેઓ પણ સિપાઇઓની સાથે રહીને દુશ્મનની સામે થવા લાગ્યા. શેરીએ શેરીએ પુરુષો, સ્ત્રીઓ અને બાળકો સુદ્ધાં સામે થયાં. આખી રાત દરેક શેરીએ અને દરેક ઘરમાં લડાઇ ચાલ્યા કરી. જ્યારે સવાર પડ્યું, ત્યારે જણાયું કે

બેલગ્રેડના મોટા ભાગનો નાશ થયો હતો, અને શહેર લગભગ ખંડેર જેવું બની ગયું હતું, ખાસ કરીને પરાંના ભાગમાં.

જે દશા બેલગ્રેડમાં થઇ, તે ત્રણ નદીઓની લાઇનમાં બધેય થતી રહી. સર્બિયન લશ્કરો ઘણી બહાદુરીથી સામે થયાં અને લડ્યાં; પણ છેવટે રાક્ષસી તોપોના ગોળાથી તેમને હઠી જવું પડ્યું. સેમેંડ્રિયાનો કિલ્લો દુશ્મનના હાથમાં પડ્યો, અને ત્યારે એક પછી એક મથકો જીતાવા માંડ્યાં. મોજારેવાઝનો કિલ્લો પડ્યો, તેજ દિવસે બલ્ગેરિયાએ સર્બિયા સામે વિગ્રહ જાહેર કર્યો. ઉત્તર અને પશ્ચિમમાં સુમારે ૨૦૦,૦૦૦ માણસોથી તેઓ ૩૦૦ માઇલની લાઇન બચાવી રહ્યા હતા, ત્યાં પૂર્વમાં એટલીજ લાઇનનો બચાવ કરવાની ફરજ તેમના પર આવી પડી. તેમની પાસે એ માટે ૧૦૦,૦૦૦ કરતાં વધારે માણસો નહોતાં. બચાવ કરવાનું તેમનું ગજું નહોતું.

સર્બિયાની પૂર્વસરહદ ઉપર બલ્ગેરિયાએ બે મોટાં લશ્કર એકઠાં કર્યાં હતાં, અને એક લશ્કર રૂમાનિયાની સરહદ ઉપર દેખરેખ રાખવા મોકલ્યું હતું, કારણકે તેના ઇરાદાની તેને ખાતરી નહોતી. સર્બિયનોની સામે જે બે લશ્કરો કામ કરવાનાં હતાં, તેમાં પહેલા લશ્કરની અંદર ૨૦૦,૦૦૦ લડવૈયા હતા, અને જનરલ બોજાડિએફ તેનો સેનાપતિ હતો. બીજું લશ્કર માત્ર ૧૦૦,૦૦૦ નું હતું, અને જનરલ ટીઓડોરોફ તેનો ઉપરી હતો; પણ તેને માસીડોનિયામાં કામ કરવાનું હતું, કે જેના રહેવાસીઓ ક્યાંતો બલ્ગેરિયન હતા, અથવા બલ્ગેરિયનો સાથે સદ્ભાવવાળા હતા.

(આ ઇતિહાસ આવતા અંકમાં પૂરો કરવામાં આવશે.)

લડાઇના તાર.

—:o:—

સામાન્ય સ્થિતિ.

પશ્ચિમમાં વર્ડુન પાસે જર્મનોએ ભયંકર અને જોરાવર હુમલો શરૂ કર્યો છે. કતલ કમકમાટી ઉપજાવે તેટલી થઇ છે. ફ્રેંચોને થોડું હઠી જવું પડ્યું છે. જર્મન સબમરીનોએ વધારે ત્રાસ આપવા માંડ્યો છે. પણ વસંતની શરૂઆત થઇ ચૂકી છે, અને દુશ્મનને હાથ બતાવવાની તૈયારીઓ ઝડપથી આગળ ચાલે છે; જોકે હજી રાક્ષસોનું બળ બિલકુલ નરમ પડેલું દેખાતું નથી, બલકે વધારે દેખાય છે.

વર્ડુન પાસે લડાઇ.

લંડન, ૨૫ મી ફેબ્રુઆરી.

પારિસમાં એમ ગણતરી થાય છે, કે જર્મન યુવરાજે પરાણે વર્ડુન સુધી માર્ગ કરવાને પાંચ લાખ માણસ એકઠાં કર્યાં છે. માત્ર સાત માઇલના ટૂંકા મોખરા ઉપર બે લાખ લશ્કર

એકઠું કરવામાં આવ્યું હતું. ૨૦ મી તારીખે હુમલો શરૂ થયો; અને બે દિવસ સુધી ફ્રેંચ મથકો ઉપર ભયંકર ગોળાનો વરસાદ પડ્યો છે. સોમવારે સાંજે જર્મન પાયદળ આગળ ચાલવા લાગ્યું; પણ ફ્રેંચોની મશીનગનોથી ઘણાનો ઓરફ્ટો થઇ ગયો.

ઇરાનમાં રૂશિયન ફત્તેહ.

પિતૃગ્રેડ, ૨૫ મી ફેબ્રુઆરી.

રૂશિયનોએ કરમાનશાહ જીતી લીધું છે.

વર્ડુનથી હશ માઇલ.

લંડન, ૨૬ મી ફેબ્રુઆરી.

વર્ડુન પાસેની લડાઇમાં જર્મન તોપોએ જેવો ઘાણ કાઢ્યો છે, તેવો હજી કોઇ પણ લડાઇમાં દેખાયો નહીં હોય. ટેકરાઓ જમીનદોસ્ત થયા છે, અને ઊંડા ખાડા ખોદાઇ ગયા છે.

આલ્બેનિયા ખાલી કર્યું.

રોમ, ૨૬ મી ફેબ્રુઆરી.

સર્બિયનો અને મોન્ટીનીગ્રિનોએ દુશ્મનના તોફાની હુમલાઓ છતાં આલ્બેનિયા ખાલી કર્યું છે.

કૈઝરની લડાઇમાં હાજરી.

લંડન, ૨૭ મી ફેબ્રુઆરી.

બર્લિનથી એક ઓફિશ્યલ સંદેશો છે, કે વર્ડુનની લડાઇમાં કૈઝર હાજર હતો.

આગબોટ માલોજા.

લંડન, ૨૭ મી ફેબ્રુઆરી.

પી. અને ઓ. કંપનીની માલોજા નામે આગબોટ, જે ઉતારૂઓ તથા ટપાલ લઇને આવતી હતી, તેને ડોવરની પેલી તરફ બે માઇલમાં ડુબાવવામાં આવેલ છે. ઉતારૂઓ જિબ્રાલ્ટર, માર્સેલ્ઝ, માલ્ટા, ઇજિપ્ત, એડન, મુંબઇ, અને કરાંચી ઉતરવાના હતા. ધડાકાથી દરિયાકાંઠાનાં ઘરો ધ્રુજી ગયાં હતાં.

ફ્રેંચ ઓફિશ્યલ હેવાલ.

લંડન, ૨૭ મી ફેબ્રુઆરી.

એક ફ્રેંચ ઓફિશ્યલ હેવાલમાં જણાવ્યું છે, કે જર્મનોએ છેલ્લી લડાઇમાં કુલ ૫,૦૦૦ કેદી પકડ્યા છે, તેઓ કહે છે તેમ ૧૦,૦૦૦ નહીં. શેમ્પનોવેલ જીત્યાની વાત ખોટી છે. ડુઓ-મોન્ટનો મજબૂત કિલ્લો જીત્યાની તેઓ બડાઇ હાંકે છે, પણ એમાંથી તો વિગ્રહના પહેલાં મહિનાઓમાં બધી સામગ્રી દૂર કરવામાં આવી હતી.

માલોજાનું નુકસાન.

લંડન, ૨૮ મી ફેબ્રુઆરી.

માલોજામાં ૧૧૯ ઉતારૂઓ હતા, તેમાંથી ૬૪ બચ્યા છે; અને કુલ માણસોમાંથી ૨૬૦ બચ્યાં છે. બચેલાઓનાં વધારે નામ આવવાની હજી વકી છે.

શામ્પેનમાં ધસારો.

લંડન, ૨૮ મી ફેબ્રુઆરી.

પશ્ચિમના આખા મોખરા ઉપર તોપોમાંથી ગોળાનો વરસાદ ત્રાટકે છે, જે બતાવે છે, કે જર્મન હુમલો ઘણો મોટો છે. શામ્પેનમાં પ્રથમ કદાચ ન્હાનો સરખો ધસારો થશે, પણ પછી બીજા થયા કરશે.

મેસોપોટેમિયામાં લડાઇ.

લંડન, ૨૮ મી ફેબ્રુઆરી.

ફેબ્રુઆરીની ૨૨ મી તારીખે જનરલ એલ્મરે ટાઇગ્રિસના ડાબા કાંઠાની દુશ્મનની છાવણી ઉપર તોપના ગોળા ફેંક્યા છે. દુશ્મન ઓચિંતા પકડાવાથી તેમને ઘણું નુકસાન થયું છે. અલ હાનાની છાવણી પર પણ ગોળા ફેંકાય છે.

વર્ડુનની રણભૂમિ.

પારિસ, ૨૯ મી ફેબ્રુઆરી.

વર્ડુનની રણભૂમિ ઉપર જંગલનું એક પણ ઝાડ રહ્યું નથી. રાક્ષસી ગોળાઓએ ઝાડો, ખડકો, અને પૃથ્વીનો ભૂકો કરી નાંખેલ છે. હવા સાફ થતાં જર્મન પાયદળ દેખાયું, અને ફ્રેંચ તોપખાનાએ તેમના પર મારો શરૂ કર્યો. આખી ખીણ એક જ્વાળામુખી જેવી બની ગઇ, અને નિકાલના સ્થાન આગળ કપાયેલા માણસોનો ઢગલો બની ગયો. વર્ડુન શહેરની દશા ઇપ્રે અને રીમ્સના જેવી થઇ છે. અડવાડિયાની લડાઇમાં ફ્રેંચ લાઇનને ત્રણ માઇલ હઠી જવું પડ્યું છે.

ફ્રેંચ ક્રુઝરનો નાશ.

પારિસ, ૨૯ મી ફેબ્રુઆરી.

પ્રોવેન્સ નામની એક મોટી ફ્રેંચ ક્રુઝર, જે લશ્કર લઇને સાલોનિકા જતી હતી, તેને ૨૬ મી તારીખે વચલા ભૂમધ્ય સમુદ્રમાં ટોર્પીડો મારી ડુબાવવામાં આવેલ છે. ૧,૮૦૦ માણસોમાંથી ૬૯૬ બચ્યાં છે.

પોર્ટુગલને લડાઇનું કહેણ.

માડ્રિડ, ૧ લી માર્ચ.

એમ કહેવાય છે, કે જર્મનીએ પોર્ટુગલને એવું કહેણ મોકલ્યું છે, કે ટેગસમાં જે જર્મન વહાણોને પકડ્યાં છે, તેને ૪૮ કલાકની અંદર છૂટાં કરવાં.

ભાવનગર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૧૮મી માર્ચ, ૧૯૧૬. [અંક ૧૧.

। यत्तो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૧૪ મી માર્ચ ૧૯૧૬.

સર્બિયાનું અદ્ભુત પરાક્રમ.

(ગયા અંકથી ચાલુ.)

"दैवे विमुखतां याते न कोऽप्यस्ति सहायवान्।
पिता माता तथा भार्या भ्राता वाथ सहोदरः॥"

અર્થ:—"દૈવ જ્યારે વિમુખ થાય છે, ત્યારે કોઇની મદદ મળતી નથી; બાપ, મા, તેમ સ્ત્રી, કે સહોદર ભાઇ પણ (મદદગાર થતો નથી)."

સર્બિયાને આ હકીકતોની ખબર હોવાથી તેણે મિત્ર રાજ્યોને જલદી મદદ મોકલવા વિનંતી કરી, અને તે આવી પહોંચે ત્યાં સુધી સામે થવાનો ઠરાવ કર્યો. બલ્ગેરિયાની ધાસ્તીને લીધે બચાવ કરવા ઉપરાંત અને હઠતાં હઠતાં લડવા ઉપરાંત તેનાથી બીજું કશું થઇ શકે એવું નહોતું.

ઑકટોબરની ૧૨ મી તારીખે ગ્રીસે ઑસ્ટ્રો-જર્મનોની વિરુદ્ધ સર્બિયાને મદદ કરવાની સ્પષ્ટ ના પાડી. મિત્ર રાજ્યોએ તેનું મન ફેરવવાને ઘણી મહેનત કરી, અને ગ્રેટ બ્રિટને એટલે સુધી તત્પરતા દેખાડી, કે જો ગ્રીસ સર્બિયાની સાથે જોડાય, તો પોતે સાઇપ્રસનો ટાપુ તેને ભેટ આપે. પણ ગ્રીસના રાજાએ એ માગણીનો સ્વીકાર કર્યો નહીં. ઑકટોબરની ૧૫ મી તારીખે ફ્રાન્સ અને ગ્રેટ બ્રિટને બલ્ગેરિયા સામે વિગ્રહ જાહેર કર્યો. કેટલાક દિવસથી તેઓ ગ્રીક સરહદ ઓળંગીને વર્ડારની ખીણમાં ઉપર રેલવે દ્વારા લશ્કર મોકલતા હતા; અને જે દિવસે વિગ્રહની જાહેરાત થઇ, તેજ દિવસે વેલેંડોવો આગળ ફ્રેંચો તથા બલ્ગેરિયનો વચ્ચે ઝપાઝપી થઇ, અને તેમાં બલ્ગેરિયનો હાર્યા તથા હઠી ગયા. જનરલ સારેલની સરદારી નીચે ફ્રેંચો ઉત્તરમાં ક્રિવોલાક અને ગ્રેડ્સ્કો સુધી પહોંચ્યા, પણ તેમની સંખ્યા થોડી હોવાને લીધે સર્બિયાની સાધારણ સ્થિતિમાં કશો ફેરફાર કરી શકયા નહીં.

બલ્ગેરિયનો ધિક્કાર, અદેખાઇ અને વેરથી ઉશ્કેરાયેલા હતા; અને પોતે સંખ્યામાં વધારે છે એમ જાણતા હોવાથી તેમણે આવેશથી લડવા માંડ્યું. બલ્ગેરિયન પાર્લમેન્ટનો પ્રમુખ

ડા. મૅામચિલાક્ એ દિવસોમાં બલ્ગેરિયન લશ્કરની સાથે હતો, અને તે જણાવે છે, કે હાન્યુણ અને પિરોટ વચ્ચે જેવી હાથોહાથની સખ્ત લડાઇ થઇ છે, તેવી સર્બિયામાં બીજે કયાંય થયેલી નથી. સિપાઇઓની સાથે સિવિલિયનો લડેલા; અને સર્બિયન ખાઇઓમાં ઓરતો, બાળકો અને વૃદ્ધો બોંબ ફેંકીને બલ્ગેરિયનો સામે લડી રહ્યાં હતાં. દરેક સર્બિયન ગામડામાં પણ લોકો દુશ્મનની સામે થતા હતા, અને દરેક ઘર અને ઝુંપડું એક ન્હાના કિલ્લા જેવું બની ગયું હતું.

માસીડોનિયામાં ટીઓડોરોફનું કામ સહેલું હતું. એ મુલકમાં સર્બિયનો એક પણ મોટું લશ્કર રાખી શકેલા નહીં. પણ બેલગ્રેડથી સાલોનિકા સુધીની રેલવેનો કેટલોક ભાગ આ પ્રદેશમાં હતો; અને કેટલાક માઇલ સુધી સરહદની લગોલગ એ માર્ગ ચાલતો હતો. દેશના એ ભાગની ગ્રીસ રક્ષા કરશે એમ સર્બિયાએ ધારણા રાખી હતી, પણ તે પાર પડી નહીં.

ઑકટોબરની ૧૭મી તારીખે ટીઓડોરોફે વ્રાનિયા જીતી લીધું, અને એથિ પાલાંકા કબજે કર્યું. ૨૦ મી તારીખે તેણે કપરૂલુ લીધું, અને ફ્રેંચ ધસારાનો અટકાવ કર્યો. ૨૨ મી તારીખે જનરલ બોજોવિચ્ચના હાથ નીચે સર્બિયનો અદ્‌ભુત પરાક્રમથી સામે થયા, તે છતાં નિરફળ પડ્યું; અને બોજોવિચ્ચ લડતો લડતો કાટશાનિક ઘાટ તરફ હઠી ગયો.

પૂર્વમાં અને દક્ષિણ-પૂર્વમાં આ બનાવો બનતા હતા, તે દરમિયાન ઑસ્ટ્રો-જર્મનો પણ ઉત્તરમાં ત્રણ નદીઓમાંથી ધસારો કરી રહ્યા હતા. મુલક પહાડી હોવાને લીધે તથા ડગલે ડગલે સર્બિયનો સામે થવાને લીધે તેઓ ઝડપથી વધી શકતા નહોતા. ઑસ્ટ્રિયન હેવાલો પરથી જણાય છે, કે મોતની અવગણના કરવામાં અને અડગ બહાદુરીથી લડવામાં સર્બિયનોની સાથે ઇટાલિયનોને કે રૂશિયનોને કોઇને સરખાવી શકાય નહીં. પણ ઉત્તરની લગભગ બધી વસ્તી દક્ષિણમાં જતી હોવાને લીધે માર્શલ પુટનિકની યોજનાઓમાં અંતરાય થતો હતો. બેલગ્રેડ પડ્યા પછી તરત લોકો ન્હાસવા માંડ્યા હતા, અને ઘણાખરા પગે ચાલીને જતા હતા. હવા ખરાબ હતી, વરસાદ જોરમાં અને નિરંતર પડ્યા કરતો હતો, રસ્તાઓ કાદવથી ભરાઇ ગયા હતા, અને ન્હાસેડુઓની પૂરેપૂરી દુર્દશા હતી. જેમ જેમ વધારે ગામ ઑસ્ટ્રો-જર્મનોના હાથમાં પડતાં ગયાં, તેમ તેમ ન્હાસેડુઓનો પ્રવાહ વધતો ગયો. દુનિયાએ વધારે દયાજનક દેખાવો જવલ્લેજ જોયા હશે.

સર્બિયન લશ્કરો હજી સુધી ખપી ગયાં નહોતાં, છતાં તેમને ચો તરફથી ઘેરાઇ જવાની ધાસ્તી હતીઃ આ કારણથી મદદ જલદી મોકલવા સર્બિયાએ ફરી મિત્ર રાજ્યોને વિનંતી કરી. ઑકટોબરની ૨૦ મીએ ઇટલીએ બલ્ગેરિયાની સામે વિગ્રહ જાહેર કર્યો, પણ ઑસ્ટ્રિયાની સામે દબાણ વધારવા ઉપરાંત, અને એ રીતે બીજે દબાણ ઓછું કરવા ઉપરાંત, તેણે સીધી રીતે સર્બિયાને મદદ આપવાનો કશો યત્ન કર્યો નહીં. પણ બીજાં મિત્ર રાજ્યોએ સાલોનિકા આગળ વધારે લશ્કર ઉતારવા ઉપરાંત ઑકટોબરની ૨૧ મી તારીખે ઇજીયન ઉપર આવેલા બલ્ગેરિયન કિનારા પર તોપોનો મારો શરૂ કર્યો, કે જેમાં બ્રિટિશ, ફ્રેંચ અને રૂશિયન વહાણોએ ભાગ લીધો. ડેડીએગેચ, કે જે ઇનોસના અખાત ઉપર છે, અને સાલોનિકા તથા

કોન્સ્ટન્ટિનોપલ વચ્ચેની રેલવે ઉપર એક "જંક્શન" છે, તે ઉપર કલાકો સુધી ગોળા ફેંકવામાં આવ્યા, અને પુષ્કળ નુકસાન થયું.

સર્બિયાના મુખ્ય પ્રધાન મિ. પાસિચે લંડન મોકલેલા નીચેના તારથી લોકો જે વિપત્તિ સહન કરતા હતા તેની કંઇક કલ્પના આવશે:—

"સર્બિયા પોતાના મોટા મળતિયાની સલાહ તથા ઇચ્છા પ્રમાણે પોતાની હયાતીની રક્ષા કરવા સારૂ લોકોત્તર પ્રયત્નો કરી રહેલ છે. આ માટે ઑસ્ટ્રો-જર્મનો અને બલ્ગેરિયનો તેને મોતની સઝા કરે છે. વીશ દિવસથી તમારા અને અમારા દુશ્મનો અમારો નાશ કરવા મથ્યા કરે છે. અમારા સિપાઇઓ વીર હોવા છતાં અમે લાંબા વખત સુધી સામે ટકી શકીએ એવી સ્થિતિ નથી. સર્બિયાના ઇંગ્લંડમાં જે ઘણા મિત્રો છે તેમને અમારી પ્રાર્થના છે, કે તમે તમારૂં લશ્કર અમારી મદદમાં મોકલી આપવા સારૂ બનતા બધા પ્રયત્નો કરો, કે જેથી તે આવીને અમારા લશ્કરને મદદ આપે, અને જે સામાન્ય પક્ષ ઉપર આ હુમલો થયો છે તેની આપણે સાથે રહીને રક્ષા કરીએ."

ગ્રેટ બ્રિટનમાં આ શબ્દો ઑક્ટોબરની ૨૭મી તારીખે પ્રસિદ્ધ થયા, અને લોકોને ઘણી લાગણી થઇ. એજ તારીખે આગલે દિવસે અમીરોની સભામાં લૉર્ડ લેન્સડાઉને ભાષણ કરેલું તેનો રિપોર્ટ પણ પ્રગટ થયો. એ ભાષણમાં તેણે કહેલું, કે "મદદ માટે સર્બિયાની બૂમ સાંભળીને બ્રિટિશોએ સાલોનિકામાં માત્ર ૧૩,૦૦૦ માણસોનું લશ્કર ઉતારેલ છે; પણ એથી મોટું લશ્કર ત્યાં જાય કે ન પણ જાય. ઉત્તર સર્બિયામાં ઑસ્ટ્રો-જર્મનોનો હુમલો એવો છે, કે સર્બિયન લશ્કરથી લાંબા વખત સુધી ટકાવ બને તેમ નથી, અને પીઠ ઉપર બલ્ગેરિયા ઘા કરે છે." આ શબ્દો ઉપરથી સાફ દેખાતું હતું, કે બ્રિટિશો સર્બિયાને જોઇએ તેવી મદદ આપી શકે, એવો સંભવ થોડો હતો. છતાં બીજે દિવસે વિગ્રહખાતાના અંડર-સેક્રેટરી મિ. ટેનન્ટે આમની સભામાં જાહેર કરેલું, કે સર્બિયામાં બ્રિટિશ લશ્કર ફ્રેંચની સાથે રહીને ગ્રીક સરહદ ઉપર કામ કરે છે.

સર્બિયાને મદદ કરવા સારૂ શું કરવું જોઇએ, એ બાબતમાં ફ્રાન્સમાં જૂદો વિચાર પ્રચલિત હતો. મોશોં ડેલકાસેના રાજીનામા પછી મોશોં વિવિયાનીના પ્રધાનમંડળે પોતાનાં રાજીનામાં પ્રેસિડન્ટ પાસે રજુ કર્યાં: પણ પ્રેસિડન્ટ પ્વાંકારે તેજ દિવસે મોશોં બ્રાયન્ડની મુખ્ય પ્રધાન તરીકે નીમણુક કરી. મોશોં બ્રાયન્ડ અગાઉ સોશ્યલિસ્ટ હતો, અને એક વાર મુખ્ય પ્રધાન પણ થઇ ચુકયો હતો. કેટલાંક વરસ પહેલાં પારિસમાં મોટી રેલવેની હડતાલ પડેલી, ત્યારે તેના શક્તિની દૃઢતા સારી રીતે જણાઇ આવી હતી. મોશોં વિવિયાનીને અને બીજા માજી પ્રધાનોને સાથે લઇને મોશોં બ્રાયન્ડે એક સમર્થ પ્રધાનમંડળ એકઠું કર્યું. આ બધું ઑક્ટોબરની ૨૮મી તારીખે બન્યું. બીજે દીવસે જનરલ જોફરે લંડનમાં આવ્યો, અને એવી વાત ચાલી, કે તેના વિચાર પ્રમાણે તો સર્બિયાની મદદ માટે મિત્ર રાજ્યોએ વધારે આકરો પ્રયત્ન કરવો જોઇએ.

General Sir DOUGLAS HAIG.

નવો બ્રિટિશ સેનાધિપતિ જનરલ સર ડગલાસ હેગ.

Lakshmi Art, Byculla, Bombay.

તેની દલીલોથી બ્રિટિશ સરકારનો વિચાર ફર્યો હોય, તો તે સંભવિત છે. તેમણે તરત ઠરાવ કર્યો, કે મોટું અને વધારે લશ્કર સત્વર સાલોનિકા મોકલવું. તેમની ધારણા એવી હશે, કે સર્બિયનોને જિતાઇ જતા અટકાવવાને હજી અતિ મોડું થયું નથી.

આ બધી તૈયારીઓ ચાલતી હતી, તે દરમિયાન મિત્ર રાજ્યોએ ગ્રીસને વધારે અનુકૂળ કરવા ઘણી કોશિશ કરી: પણ એમ જણાયું કે પોતાની તટસ્થતા છોડવાનું ગ્રીક સરકારનું લેશ પણ વલણ નથી. સર્બિયામાં દુશ્મનના વિજયથી ગ્રીકો ચકિત થયા હતા; અને તેમની સામે થવાની તેમને જરા પણ ઇચ્છા નહોતી.

નવેંબરની ૩ જી તારીખે જર્મનોએ જાગોડિનામાં પ્રવેશ કર્યો, અને ૫ મીએ ક્રેલિએવો લીધું. થોડાજ દહાડા પહેલાં નિશથી સરકારે આવીને ત્યાં નિવાસ કર્યો હતો, અને ત્યાંથી પણ તેને ખસવું પડ્યું. અહીં દુશ્મનને પહેલવહેલી તોપો હાથમાં પડી. તોપો ૧૩૦ હતી, પણ તેમાં ઘણીખરી જૂના ઝમાનાની હતી, અને બાકીની ઉપયોગમાં ન આવે તેવી કરી નાંખવામાં આવી હતી. બીજે અથવા ત્રીજે દિવસે ક્રુશેવાઝમાં તેમણે ૩,૦૦૦ બિનજખમી સર્બિયન સિપાઇઓને તથા ૧,૫૦૦ ઇસ્પિતાલમાં પડેલા જખમીઓને કેદ કર્યા. પશ્ચિમ મોરાવાની આખી લાઇન હવે તેમના કબજામાં આવી. મોરાવાની પૂર્વમાં ગૅાલવિટ્ઝ ધસારો કરી રહ્યો હતો; અને બલ્ગેરિયન લશ્કરની પાસે જઇ પહોંચ્યો હતો. નવેંબરની ૫ મી તારીખે બંને લશ્કરો ક્રિવિવિર આગળ એકઠાં થયાં. એ ગામડું નિશની ઉત્તરે ૩૦ માઇલ પર આવેલું છે. એજ દિવસે રાત્રે છાપો મારીને જર્મનોએ પારાચિનની દક્ષિણે મુખ્ય રેલવે લાઇન પર આવેલું વાર્વારિન પણ લીધું.

બોજાડિએફનાં બીજાં લશ્કરો નિશની નઝદીક જઇ પહોંચ્યાં. તેમની સંખ્યા ઘણી મોટી હતી. નિશથી છ માઇલ દૂર કલાફાત ટેકરી પાસે એક જબરૂં રમખાણ થયું, અને ત્રણ દિવસ સુધી સર્બિયનો ખૂબ લડ્યા. પણ બલ્ગેરિયનો સંખ્યામાં ઘણા વધારે હતા. તેમની મોટી તોપોએ સર્બિયન કિલ્લાઓ અને ખાઇઓનો નાશ કરવા માંડયો, અને નિશને પોતાને પણ હાનિ થવા લાગી. ૫ મી તારીખે સર્બિયનો નિશમાંથી નિકળી ગયા, અને બોજાડિએફે તેનો કબજો લીધો. કહે છે કે મિત્ર રાજ્યોના માણસોને આવકાર આપવાને જે વાવટા ઉડી રહ્યા હતા તે તેણે જોયેલા, જોકે એ માણસો તો છેવટ સુધી આવેલા નહીં. પણ લૂટનો તેને બહુ લાભ મળ્યો નહીં, કારણકે જે ૧૦૦ તોપો તેણે હાથ કરી તેમાં થોડાજ માલ હતો.

પણ લડાઇમાં એકી વખતે બધેય બલ્ગેરિયનો ફાવી ગયેલા એમ નહીં, કારણકે જ્યારે બોજાડિએફ ભભકામાં નિશની અંદર પ્રવેશ કરતો હતો, ત્યારે તેનો સોબતી ટીઓડોરોફ આગળ ચાલી શકતો નહોતો. એટલુંજ નહીં, પણ હાર ખાઇ રહ્યો હતો. કાટશાનિકનો ઘાટ કે જે રસ્તે ઉસ્કબમાંથી કોસ્સોવોના પ્રખ્યાત મેદાનમાં પ્રવેશ થતો હતો ત્યાં બોજોવિચ્ચની સરદારી

નીચે સર્બિયને હમેશાં હુમલાઓને અટકાવી રહ્યા હતા. પણ સર્બિયન અદ્ભુત પરાક્રમ ખરે-ખરૂં તો બાબુના ઘાટમાં ખીલેલું. વાસિચના સિપાઇઓએ એ ઘાટનો બચાવ કરવામાં એટલી બધી બહાદુરી બતાવી, કે ભવિષ્યના ઝમાનાઓને તેનું જલદી વિસ્મરણ થશે નહીં.

લડાઇના તાર.

—:0:—

સામાન્ય સ્થિતિ.

ધિ ટાઇમ્સનો લડાયક ખબરપત્રી ફ્રાન્સમાં બ્રિટિશો કશું ખાસ કરતા જણાતા નથી, તે માટે અધીરા ન થવાની સાવચેતી આપે છે. તેઓ ફ્રેંચો તથા બેલ્જિયનોના સહકારી રહીને કામ કરે છે, અને વખત આવશે ત્યારેજ હાથ બતાવશે. વર્ડુન સિવાય બીજે કયાં કયાં દુશ્મન ચડાઇ કરે છે તે હજી જોવાય છે. દરમિયાન આપણે મોટાં જર્મન દળોને રોકી રાખ્યાં છે.

બ્રિટિશ પ્રજાની કરકસર.

લંડન, ૧ લી માર્ચ.

જાહેર બાંધકામખાતાના ખરચના અંદાજમાં ૮,૭૦,૨૪૮ પૌંડનો ઘટાડો જોવામાં આવે છે.

રુશિયન મોખરો.

પિત્રોગ્રેડ, ૨ જી માર્ચ.

સંખ્યાબંધ જર્મન વિમાનોએ રિગા અને દ્વિન્સ્કના પ્રદેશમાં બોંબ નાંખ્યા છે. જર્મનો કેટલેક ઠેકાણે દરિયાઇ તોપો અને હવાઇ ટોર્પીડોનો પણ ઉપયોગ કરે છે. રુશિયનોએ નોવો એલેક્ઝાંડ્રોવ્સ્ક ઉપર ગોળા ફેંકયા છે, અને ગેલીશિયામાં બે જર્મન હુમલાને હઠાવ્યા છે.

તુર્કો તોપો પડતી મૂકીને અરઝિંદજાન અને બિટલિસની દિશામાં હઠ્યા કરે છે.

ઇરાનમાં રુશિયનો.

પિત્રોગ્રેડ, ૨ જી માર્ચ.

કરમાનશાહના પ્રદેશમાં આપણે દુશ્મનની પાછળ પડ્યા છીએ. બે વધારે તોપો હાથમાં આવી છે.

તુર્કી સિવિલિયનોએ ત્રેબિઝોંડ ખાલી કર્યું છે.

વર્ડુનની લડાઇ.

પારિસ, ૪ થી માર્ચ.

વર્ડુનની ઉત્તરે ડુઓમોન્ટના ગામડા પાસે સખ્ત મારામારી થઇ છે. ટેકરીનો ઉપલો ભાગ આપણા કબજામાં છે. સામે હુમલો કરવાથી ગામની છેક પાસેની જમીન આપણે પાછી પડાવી છે. મ્યૂઝની પશ્ચિમે અને પૂર્વે તોપના ગોળા જોરથી પડ્યા કર્યા છે. આપણા તોપખાનાએ કેટલાક ભાગ ઉપર અને ખાસ કરીને ઓમોન્ટ પાસે એવી આગ વરસાવી છે, કે એક કુચ કરતી ટુકડીના ચૂરેચૂરા થઇ ગયા છે. ઉપલા આલ્સેસમાં આપણે સેપ્પોઇની પૂર્વે હુમલો કર્યો છે, અને કેટલોક પ્રદેશ પડાવ્યો છે.

પારિસ, ૫ મી માર્ચ.

ગઇ કાલે આખો દિવસ ભયંકર લડાઇ ચાલ્યા કરી છે; પણ સાંજ સુધીમાં દુશ્મનની સ્થિતિમાં ફેરફાર નથી. દુશ્મને ડુઓમોન્ટ ગામ ઉપર સૌથી પ્રબળ હલ્લો કર્યો છે, અને કંઇ કંઇ ભયંકર પ્રયોગો અજમાવ્યા છે, પણ ફ્રેંચોના વીરત્વથી ભરેલા ટકાવને લીધે તેનું કશું ચાલ્યું નથી. બચેલા જર્મનો થાકયા છે, અને તાજાં લશ્કરો મુડદાંના ઢગલે ઢગલા જોઇને ત્રાસ પામે છે. ફ્રેંચ લાઇનો આગળ લગભગ ૫૦,૦૦૦ મુડદાં પડ્યાં છે. પરિણામની કશી ચિંતા વગર પારિસમાં રાહ જોવાય છે.

રૂશિયન વિજય.

પિત્રુગ્રેડ, ૫ મી માર્ચ.

રૂશિયનોએ રાતને વખતે સંગીનથી હલ્લો કરીને બિટલિસ જીતી લીધું છે. બચાવ કરનારા તમામ તુર્કો માર્યા ગયા છે. પાછળ પડતાં ક્રુપની નવી ૨૦ તોપો રૂશિયનોએ હાથ કરી છે, અને ઘણા તુર્કોને કાપી નાંખ્યા છે તથા કેદ કર્યા છે. દારૂગોળાનો એક મોટો જત્થો પકડાયો છે.

ઇંગ્લંડ ઉપર જર્મન બોંબ.

લંડન, ૬ ઠ્ઠી માર્ચ.

એક ઓફિશ્યલ હેવાલમાં જણાવ્યું છે, કે ગઇ રાતના હુમલામાં ત્રણ ઝેપ્પેલિનોએ ભાગ લીધેલો મનાય છે. તેમણે જૂદા જૂદા રસ્તા લીધેલા, અને પોતે કયાં છે એ બાબતમાં ચોકસ નહોતાં. યૉર્કશાયર, લિંકનશાયર, રટલેન્ડ, હન્ટિંગ્ડન, કેમ્બ્રિજશાયર, નૉર્ફોક, ઇસેકસ અને કેન્ટમાં તે ફરી વળ્યાં જણાય છે. સુમારે ૪૦ બોંબ પડ્યા છે. ૩ પુરુષો, ૪ સ્ત્રીઓ, અને ૫ છોકરાં મરી ગયાં છે, અને ૩૩ માણસો જખમાયાં છે. બે અગાશીઓ, એક ઓફિસ, એક પીઠું, એક વીશી, કેટલીક દુકાનો અને બીજાં થોડાં મકાનોનો નાશ થયો છે.

શામ્પેનમાં જર્મન ધસારો.

પારિસ, ૭ મી માર્ચ.

શામ્પેનમાં મેસોન્સ પાસે જર્મનોએ પ્રથમ પ્રવાહી આગની ધારાઓ વરસાવ્યા પછી હુમલો કર્યો છે. જોકે જમણી બાજુએ દુશ્મન આપણા આગના પડદાથી રોકાઇ રહેલ છે, તોપણ ડાબી બાજુએ તે આપણી ખાઇઓના થોડા ભાગમાં પ્રવેશ કરી શકેલ છે. મ્યુઝની પશ્ચિમે બેથેનકોર્ટ અને મ્યૂઝ વચ્ચે આખી સવાર ગોળા ફેંકયા પછી જર્મનોએ જોરાવર હુમલો કરીને ફોર્જીસ નામે ગામડું જીતી લીધું છે.

ફ્રેંચોનો મજબૂત બચાવ.

લંડન, ૮ મી માર્ચ.

મ્યુઝની પશ્ચિમે હજી જોરથી ગોળા પડ્યા કરે છે. દુશ્મનના પાયદળે પણ વધારે હલ્લા કરવા માંડ્યા છે. બેથેનકોર્ટ તથા મ્યૂઝ વચ્ચે આ હલ્લા પાછા હઠાવવામાં આવેલ છે; અને કાગડાના જંગલમાં દુશ્મન પેસારો કરી શકયા હતા, તેમને સામા હલ્લાથી હાંકી કાઢ્યા છે. વર્ડુન આગળ અત્યાર સુધીમાં પાંચ જર્મન જનરલો માર્યા ગયા છે.

પારિસ, ૯ મી માર્ચ.

મ્યૂઝની પશ્ચિમે દુશ્મને ફરી ધસારો કર્યો છે, પણ બેથેનકોર્ટ સામેથી તેને હઠાવેલ છે. ડુઓમોન્ટના પ્રદેશમાં ફરી ગોળા પડવા માંડ્યા છે. જર્મનો હજારો કેદી પકડવાનો દાવો કરે છે તે ખોટો છે.

આર્મીનિયનોની કત્લ.

પિતૃગ્રેડ, ૯ મી માર્ચ.

અર્ઝરૂમ લેવાયું તે પહેલાં તેમાં ૪૦,૦૦૦ આર્મીનિયનો હતા; પણ રુશિયનો પેઠા ત્યારે માત્ર ૧૬ જીવતા જણાયા છે. બીજાઓને શહેર પડ્યા પહેલાં તુર્કો બહાર લઇ ગયા હતા, અને તેમની કત્લ થયેલી દેખાય છે.

નિવેદન.

આજના અંકની સાથે નવા બ્રિટિશ સેનાધિપતિ જનરલ સર ડગલસ હેગનો એક ફોટોગ્રાફ અમે અમારા વાંચનારાઓને ભેટ આપીએ છીએ.

ભાવનગર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૨૧ મી માર્ચ, ૧૯૧૬. [અંક ૧૬.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,

ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની

આજ્ઞાથી પ્રસિદ્ધ થતું

અને

વિના મૂલ્યે વેહેંચાતું

સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૨૧ મી માર્ચ ૧૯૧૬.

મિસ એડિથ કાવેલનો શિરચ્છેદ.

"જાન ગઇ જાનકે જોયાકે પાસ:
પહોંચા મરીઝ અપને મસીહાકે પાસ!"

અર્થ:—"પ્રાણ પ્રાણના શોધકની પાસે ગયો: માંદો પોતાના શબને સજીવન કરનારની પાસે પહોંચ્યો."

મિસ કાવેલ એક ઇંગ્રેજ બાઇ હતી, અને બ્રસ્સેલ્ઝમાં એક સારવાર શિખવનાર ખાતાની ઉપરી હતી. ઇંગ્લિશ, ફ્રેંચ, અને બેલ્જિયન સિપાઇઓને બેલ્જિયમમાંથી ન્હાસી જવામાં મદદ કરવાનો તેના પર આરોપ મૂકાયો, અને ૧૯૧૫ના ઑકટોબરની ૧૨ મી તારીખે ઉતાવળે તેનો શિરચ્છેદ કરવામાં આવ્યો. આખી દુનિયાને જેવો લુસિટાનિયાના વિનાશથી ત્રાસ થયો હતો, તેવો આ બનાવથી થયેલો.

મિસ એડિથ કાવેલ નૉર્ફોકમાં સ્વોર્ડસ્ટન ગામમાં ચાળીશ વરસથી ધર્મોપદેશકનું કામ કરનાર રેવરન્ડ ફ્રેડરિક કાવેલની પુત્રી હતી. નર્સ અથવા સેવિકા તરીકે કેળવણી તેણે લંડન હૉસ્પિટલમાં લીધેલી, જ્યાં તે ૧૮૯૬ માં દાખલ થઇ હતી, અને પાછળથી ત્યાંજ નિમાઇ હતી. થોડા અનુભવ પછી ૧૯૦૦ માં તેને બેલ્જિયમ જવાનું આમંત્રણ મળેલું. આમંત્રણ કરનાર ડા. ડેપેજ એક પ્રસિદ્ધ ડાક્તર હતો; અને બ્રસ્સેલ્ઝના એક પરામાં તેણે બેલ્જિયન સેવિકાઓને આધુનિક રિવાજ પ્રમાણે કેળવવા સારૂ એક સંસ્થા ઉઘાડી હતી. ત્યાં સુધી બેલ્જિયમમાં સારવારનું કામ કાંતો ધાર્મિક સંસ્થાઓની બાઇઓથી અથવા નોકરવર્ગની બાઇઓથી ચાલતું હતું. કેથલિક કુટુંબોની બિમારીમાં સાધ્વીઓ સારવારનું કામ કરતી; અને બીજા વર્ગોને સાધારણ નોકરો ઉપર આધાર રાખવો પડતો હતો.

"ખુદાકે ફઝલસે યુસુફ જમાલ હો મશહૂર:
અબ ઔર ચાહતે હો ક્યા પયમ્બરી મિલ જાય?"

અર્થ:—"ઇશ્વરકૃપાથી રૂપમાં યુસુફ જેવા પ્રસિદ્ધ છો: હવે બીજું શું પયગંબરપણાની પદવી મેળવવા ચાહો છો!"

મિસ કાવેલ પોતાના નવા કામમાં ઘણા ઉત્સાહથી દાખલ થઇ. ધીમે ધીમે સંસ્થાનું નામ આખા બેલ્જિયમમાં મશહૂર થયું: અને તે સારવારની તમામ વ્યવસ્થાઓના મધ્ય બિંદુ જેવી બની. વિગ્રહ શરૂ થયો ત્યારે ડા. ડેપેજને લડાઇની નોકરીમાં જોડાવું પડયું, અને તે બેલ્જિયન લશ્કરની સાથેની મિલિટરી ઇસ્પિતાલનો ઉપરી થયો. મિસ કાવેલે બ્રસ્સેલ્સમાંજ કામ શરૂ રાખ્યું. તેની સાથે સંબંધમાં આવનાર દરેક માણસ જણાવે છે, કે તે સમર્થ આગેવાન થવાને લાયક અને ઉમદા લક્ષણની બાઇ હતી; અને ફ્લોરેન્સ નાઇટિંગેલથી માંડીને મોટી સેવિકાઓની યાદી બનાવીએ, તો તેમાં તેનું નામ આવી શકે.

૧૯૧૪ માં જર્મન લશ્કર બ્રસ્સેલ્સમાં આવ્યું, તે પછી પણ મિસ કાવેલને ત્યાં રહેવાની રજા મળી. રાજધાનીમાં જર્મન જખમીઓ આવવા લાગ્યા, ત્યારે બેલ્જિયન સિપાઇઓની સાથે તેમની સારવાર પણ મિસ કાવેલ અને તેની મદદગાર બાઇઓએ કરેલી. ૧૯૧૪ માં નામુર અને મૉન્સની આસપાસની લડાઇને લીધે તથા ફ્રેંચ અને બ્રિટિશ લશ્કરો હઠી જવાને લીધે બેલ્જિયમને એક વારસો મળ્યો હતો. કેટલાક બ્રિટિશ અને ફ્રેંચ સિપાઇઓ પોતાનાં લશ્કરો હઠી ગયાં ત્યારે વિખૂટા પડી ગયા હતા; અને કેદ ન પકડાય તેટલા સારૂ ખાઇઓમાં, જંગલમાં, અથવા ખાલી થયેલાં મકાનોમાં છુપાતા હતા. ઘણા પકડાયેલા પણ ખરા; અને કેટલાકને પકડાયા કે તરત મારી નાંખવામાં આવ્યા હતા. કેટલાકને માયાળુ ખેડુતોએ આશ્રય આપ્યો હતો; અને સાધારણ કપડાં પહેરાવીને, તેઓ સરહદ વટાવીને હૉલંડ જઇ શકે ત્યાં સુધી, તેમને પોતાની ઝમીન પર રહેવા દીધા હતા. શરૂઆતની લડાઇમાં જે બેલ્જિયન પલટનોનો નાશ થયેલો, તેમના છૂટાછવાયા સિપાઇઓ પણ દેશમાં જ્યાંત્યાં છુપાતા હતા, અને ભાગી જવાનો લાગ શોધતા હતા. આમાંના કેટલાકને પકડાયા ત્યારે ગોળીએ દેવામાં આવ્યા; અને લગભગ હમેશાં એ પ્રમાણેજ થાય છે, એમ બ્રસ્સેલ્સમાં સાધારણ રીતે મનાતું હતું. અદાલતમાં તપાસ ચાલતાં જ્યારે મિસ કાવેલને એવો પ્રશ્ન પૂછવામાં આવેલો, કે બ્રિટિશ સિપાઇઓને ન્હાસી જવામાં શા માટે મદદ કરી, ત્યારે તેણે એવો જવાબ આપેલો, કે "મને લાગેલું, કે જો હું તેમને મદદ નહીં કરૂં, તો જર્મનો તેમને ગોળીએ મારશે; એટલે તેમના જાન બચાવવામાં તો મેં મારા દેશ તરફની ફરજ માત્ર અદા કરી છે."

"ખુદા રહ્‌મ કરતા નહીં ઉસ બશર પર,
ન હો દર્દકી ચોટ જિસ્કે જિગર પર!"

અર્થ:—"જે માણસના હૃદય પર બીજાનાં દુ:ખની દાઝ નથી, તેના પર પ્રભુ દયા કરતો નથી."

દેશમાં છુપાતા ભાગેડુઓએ ચોતરફ નજર કરીને જોયું હશે, કે કોઇ મદદ કરી શકે તેમ છે કે નહીં. મિસ કાવેલ એક આગેવાન કામ કરનારી હતી. બિમાર અને જખમીઓની સારવારને લીધે તેને બધા વર્ગના માણસોની સાથે પ્રસંગ પડતો હતો. સ્વાભાવિક રીતેજ

માણસો તેની પાસે ગયેલા. આ માણસોમાંથી કેટલાકને તેણે બચાવેલા, કારણકે પકડાયા હોત તો તેઓ કદાચ માર્યા જાત, તેની ના નથી. જર્મન અમલદારો કહેતા હતા, કે તેણે ૧૩૦ માણસોને બેલ્જિયમ છોડવામાં મદદ આપી છે. આ આંકડો કેટલે અંશે ખરો છે, એ બતાવવાને કશો પુરાવો નથી.

જર્મન કારભારીઓને તેના ઉપર શક આવ્યો. બેલ્જિયમમાં પણ બાતમીદાર ખાતું તેમણે મોટા પાયા પર મૂકી દીધું હતું. મિસ કાવેલની પાછળ જાસુસો મૂકવામાં આવ્યા. એમ કહેવાય છે, કે એક જાસુસ ભાગેડુ તરીકે તેની પાસે ગયો, મદદ આપવાની તેણે વિનંતી કરી, અને પાછળથી તેને ફસાવી.

૧૯૧૫ ના ઑગસ્ટની ૫ મી તારીખે મિસ કાવેલ કેદ પકડાઇ, અને એક લડાઇના કારાગૃહમાં તેને એકલી પૂરવામાં આવી. જર્મનો જણાવે છે, કે પોતાને કેટલાક ભાગેડુઓની દયા આવેલી, અને તેમને ન્હાસી જવામાં પોતે મદદ કરેલી, એ વાત છુપાવવાનો તેણે પહેલેથીજ કશો યત્ન કરેલો નહીં. એ પ્રમાણે કરવામાં પોતે લડાઇના નિયમોથી વિરુદ્ધ વર્તે છે, એ તે જાણતી હતી. પકડાયા પહેલાં થોડાજ વખત અગાઉ જે લોકો તેને મળ્યા હતા, તેઓ કહે છે, કે તે માત્ર થોડા વખતની કેદની વકી રાખતી હતી. તે વખતે તેને કે કોઇને એવી કલ્પના સુદ્ધાં નહોતી, કે નિરાધારને આધાર આપવા માટે જર્મન અમલદારો જાણીબુઝીને એક ઓરતને ગોળીએ મારશે.

"કિસી બેકસકો અય બેદાદ ગર મારા તો ક્યા મારા?
જે આપી મર રહા હો ઉસ્કો ગર મારા તો ક્યા મારા?"

અર્થ:—"અરે અન્યાયી! કોઇ નિર્બળને માર્યો, તો તેમાં શું માર્યું? જે પોતે મરી રહેલ છે તેને માર્યો, તેમાં શું માર્યું?"

મિ. બ્રૅન્ડ વ્હિટલૉક, કે જે બ્રસેલ્સમાં અમેરિકન એલચી હતો, અને જેને વિગ્રહ દરમિયાન બ્રિટિશના પ્રતિનિધિ જેવું કામ કરવાનું હતું, તેણે મિસ કાવેલના કેદ થવાની ખબર પડતાં ત્વરાથી કામ કર્યું. મિ. વ્હિટલૉક લગભગ બે વરસથી બેલ્જિયમમાં એલચી તરીકે કામ કરતો હતો, અને કારભારમાં પડયો તે પહેલાં લેખક અને ઉદ્ધારક તરીકે જાણીતો થયો હતો. તે એક "મેથડિસ્ટ" ધર્મોપદેશકનો પુત્ર હતો, અને તેનો દાદો ગુલામગિરીના ઉચ્છેદનો હિમાયતી હતો. ટોલેડોમાં એક વર્તમાનપત્રના ખબરપત્રી તરીકે તેણે જિંદગી શરૂ કરી હતી, અને પાછળથી તે વકીલ થયો હતો. ૧૯૦૫ માં રાજકીય ઉદ્ધારક તરીકે હીલચાલ કરીને તેણે અમુક નામના મેળવી હતી. એ વરસમાં તે ટોલેડોના "મેયર" તરીકે ચૂંટાયો હતો; અને તે પછી પણ ફરી ફરીને ત્રણ વાર તેની પસંદગી કરવામાં આવી હતી. વકીલ તરીકે, ગ્રંથકાર તરીકે, અને ટોલેડોના "મેયર" તરીકે તેણે ઊંડી દયાની લાગણી અને ઇનસાફ માટેની દાઝના મોટા

ગુણો બતાવી આપ્યા હતા. મિસ કાવેલના સંકટથી તેને ઘણું લાગ્યું હોય એમ દેખાય છે. તેણે તરત જર્મન અમલદારોને મળીને એ વાત ઉપાડી: અને મિસ કાવેલનો યોગ્ય ઇનસાફ થાય તે માટે ઘટતાં બધાં પગલાં લીધાં. તેણે બેલ્જિયમના સિવિલ ગવ્હર્નર બેરન વૉન હર લેંકનને કાગળ લખીને માગણી કરી, કે એલચીખાતાના પ્રતિનિધિ ડી લેવાલને મિસ કાવેલને મળવાની રજા આપવી, અને જણાવ્યું કે તેને મિસ કાવેલનો બચાવ તરત હાથમાં લેવા સારૂ તારથી વિનંતી કરવામાં આવેલ છે. જર્મન અમલદારોએ આ કાગળનો કશો જવાબ આપ્યો નહીં. મિ. વ્હિટલોકે ફરીને લખ્યું. એટલે જર્મન સિવિલ ગવ્હર્નરે લખી જણાવ્યું, કે મિસ કાવેલને મળવાની કોઇને રજા આપવામાં આવશે નહીં, કે તેણે પોતાનો અપરાધ કબૂલ કર્યો છે, અને મિ. બ્રૉન કરીને કોઇ માણસ તેનો બચાવ કરશે.

"બસ અબ આપ તશરીફ લે જાઇએ:
ગુઝરની હય જો કુછ ગુઝર જાયેગી!"

અર્થ:—"બસ હવે આપ પધારો. જે વીતવાનું હશે તે વીતશે."

જવાબનો મહત્ત્વનો ભાગ નીચે પ્રમાણે હતો:—

"તેણે પોતે કબૂલ કરેલ છે, કે ફ્રેંચ તથા બ્રિટિશ સિપાઇઓને તેમજ લડાયક ઉમરના બેલ્જિયનો, કે જે બધા મોખરે જવાને ઉત્સુક હતા, તેમને તેણે પોતાના ઘરમાં છુપાવ્યા હતા. તેણે એમ પણ કબૂલ કર્યું છે, કે આ સિપાઇઓને તેણે ફ્રાન્સ સુધી મુસાફરી કરવાને જોઇતાં નાણાં પૂરાં પાડેલ છે, અને બેલ્જિયમમાંથી તેમની વિદાયગિરી સલામત રીતે થાય તે માટે ભોમિયા આપેલ છે, કે જેમને લીધે તેઓ ગુપ્ત રીતે ડચ સરહદ ઓળંગી શકયા છે.

"મિસ કાવેલનો બચાવ મિ. બ્રૉન કરીને એક વકીલના હાથમાં છે, અને એ વકીલ જર્મન અધિકારીઓ સાથે પરિચિત છે.

"ગવ્હર્નર-જનરલનું ખાતું એક સિદ્ધાંત તરીકે તોહોમતદારોની સાથે કોઇની પણ મુલાકાતને નાપસંદ કરે છે, તેથી હું દિલગીર છું કે જ્યાં સુધી મિસ કાવેલને એકાંતમાં કેદ રાખેલ છે, ત્યાં સુધી ડી લેવાલની તેની સાથે મુલાકાત કરાવવાને હું અશક્ત છું."

"મુર્ગે દિલ! રો મત; યહાં આંસૂ બહાના મનઅ હય:
કૈદિયોંકા ઇસ કફસકે આબોદાના મનઅ હય!"

અર્થ:—"અરે મન રૂપી પક્ષી! રો માં; કારણકે અહીં આંસુ પાડવાની મનાઇ છે: આ પાંજરાના કેદીઓને દાણોપાણી બંધ છે."

એવું બન્યું, કે મિ. બ્રૉન કંઇક અણધારી સ્થિતિને લીધે બચાવ હાથમાં લઇ શકયો નહીં, અને એ કામ મિ. કર્સચન કરીને એક રૂમાનિયન બ્રસ્સેલ્ઝમાં વકીલાત કરતો હતો,

તેને તેણે સુપ્રત કર્યું. અમેરિકન એલચીખાતાના વકીલ ડી લેવાલે તરત મિ. કર્સચન સાથે પત્ર વ્યવહાર શરૂ કર્યો. પાછળથી લખેલા હેવાલમાં તે નીચે પ્રમાણે જણાવે છેઃ—

"મેં તરત મિ. કર્સચન સાથે સંબંધ શરૂ કર્યો; અને તેણે મને ખબર આપી, કે સિપાઇઓને સરહદ ઓળંગવામાં મદદ કરવા સારૂ તેની સામે કામ ચલાવવામાં આવે છે. મેં પૂછયું, કે તમે મિસ કાવેલને મળ્યા છો કે કેમ, અને તેણે કંઇ કહ્યું છે કે કેમ, તેના જવાબમાં એ જાણીને મને આશ્ચર્ય થયું, કે જર્મન લશ્કરી અદાલતના કેદીઓના વકીલોને તપાસ ચાલે તે પહેલાં પોતાના અસીલો સાથે મળવા દેવામાં આવતા નથી, તેમ આરોપ કરનાર પક્ષના કેશા લેખ તેમને દેખાડાતા નથી. મિ. કર્સચને કહ્યું કે આ પ્રમાણે જર્મન મિલિટરી નિયમોને અનુસરીને કરવામાં આવે છે. તેણે ઉમેર્યું, કે આવા કેસની સુનાવણી ઘણી સંભાળથી કરવામાં આવે છે, અને જોકે તપાસણી પહેલાં અસીલને મળી શકાય તેમ નથી, છતાં તપાસણી એટલી સંભાળથી અને ધીમે ધીમે ચાલે છે, કે ઘણું કરીને હમેશાં બધી હકીકતોની પુરતી માહિતી મળી શકે છે, અને કેદીનો સારો બચાવ થઇ શકે છે. મિસ કાવેલના સંબંધમાં તો ખાસ એ પ્રમાણે થશે, કારણકે તપાસ લાંબો વખત ચાલશે, કેમકે બીજા ૩૪ કેદીઓની સાથે તેની તપાસ ચાલવાની છે."

"નિગાહ ફેરકે ઉઝે વિસાલ કરતે હૈંય:
હમેં વોહ કિસ્ટી છુરીસે હલાલ કરતે હૈંય!"

અર્થ:—"આંખ ફેરવીને મેળાપ માટે તેઓ બહાનાં કાઢે છે: એટલે જાણે અમને ઉંધી છરી વતી રેંસે છે."

"મિ. કર્સચનને મેં જણાવ્યું, કે તપાસ ચાલે ત્યારે હાજર રહેવાનો મારો ઇરાદો છે, કે જેથી હું દેખરેખ રાખી શકું. તેણે તરત એ પ્રમાણે ન કરવાને મને સમજાવ્યો, અને કહ્યું કે એથી તો કેદીને ઘણું નુકસાન થશે; કારણકે જર્મન ન્યાયાધીશોને જો એવું લાગશે, કે હું તપાસ રાખવા બેઠો છું, તો તેઓ નાખુશ થશે અને કદાચ અપમાન પણ ગણશે. તેનો વિચાર એવો હતો, કે જર્મનો મને દાખલ કરશે કે કેમ એજ શંકાસ્પદ વાત છે, પણ કદાચ દાખલ કરે તોપણ તેથી મિસ કાવેલને તો નુકસાન થયા વગર રહેશે નહીં.

"મિ. કર્સચને મને ફરી ફરીને ખાતરી આપી. કે બ્રસ્સેલ્સની લડાયક અદાલત હમેશાં નિષ્પક્ષપાત રહેલ છે, અને ઇનસાફ ન મળે એમ થવાનું લેશ પણ જોખમ નથી. તેણે મને કેસ સંબંધી તમામ બાબતો જણાવવાનું વચન આપ્યું, અને કહ્યું કે મિસ કાવેલની સામે જે આરોપો મૂકવામાં આવશે. તથા તપાસણીમાં જે હકીકતો બહાર પડશે, તે સર્વ મને જણાવવામાં આવશે, કે જે પરથી હું તેના ગુણદોષનો નિર્ણય કરી શકું. તેણે આગ્રહથી ઉમેર્યું, કે બેશક, મિસ કાવેલના બચાવ માટે જે કંઇ બની શકશે તે સર્વ કરવામાં આવશે."

ગુરુવાર તા. ૭ મી ઑક્ટોબરે તપાસ શરૂ થઇ. અદાલતની આગળ ૩૫ કેદીઓને લાવવામાં આવ્યા, તેમાં તે પણ એક હતી. જર્મન અમલદારો એમ માનતા હતા, કે બાતમી મેળવવા માટેનું તથા ન્હાસેડુઓને ભગાડવા માટેનું એક મોટું કાવતરૂં પોતે પકડ્યું છે. કેદીઓમાં કેટલીક સ્ત્રીઓ હતી: શાહજાદી મેરિયા ડી ક્રૉય, કોન્ટેસ ડી બેલ્વિલ, કુમારી લુઇઝે થૂલિયર, લીલની એક શિક્ષિકા, અને બ્રસેલ્ઝની કુમારી એડા બોડર્ટ. પુરુષોમાં બ્રસ્સેલ્ઝનો એક ઇજનેર મિ. ફિલિપ બૉક, રસાયની મિ. લુઇ સેવેરિન, વેસમીસનો ઇજનેર મિ. હર્મન કેપિયન, રસાયની મિ. જ્યોર્જીઝ ડર્બો, વગેરે હતા.

લડાઇના તાર.

—:૦:—

પોર્ટુગલ અને જર્મની.

બર્લિન, ૧૦ મી માર્ચ.

ઓફિશ્યલી જાહેર કરવામાં આવેલ છે, કે જર્મની પોર્ટુગાલ સામે પોતાને વિગ્રહની સ્થિતિમાં ગણે છે.

કાગડાના જંગલમાં લડાઇ.

પારિસ, ૧૧ મી માર્ચ.

મ્યૂઝની પશ્ચિમે આખો દિવસ ગોળાનો વરસાદ વરસ્યો છે, અને દુશ્મને કાગડાના જંગલમાં આપણા ઉપર જોરાવર હુમલો કર્યો છે. ઘણું નુકસાન થયા છતાં જર્મનો જંગલનો થોડો ભાગ પાછો પડાવી શકયા છે.

રુશિયા અને ઇરાન.

પિટ્રગ્રેડ, ૧૧ મી માર્ચ.

જર્મનો ઇસ્પહાન ખાલી કરવા માંડ્યા છે. કરમાનશાહ કબજ થવાથી બધી ઇરાની ટોળીઓ તાબે થઇ છે; અને જર્મન કાવતરાંખોરોને સુપ્રત કરી દેવા માટે મસલહત ચાલે છે.

મ્યૂઝ ઉપર તોપના ગોળા.

પારિસ, ૧૩ મી માર્ચ.

વર્ડુનની ઉત્તરે આખા દિવસમાં પાયદળે હલ્લો કર્યો નથી. મ્યૂઝના બંને કિનારા ઉપર તોપોનો મારો જરા સખ્ત હતો.

ખરચાળ હુમલા.

પારિસ, ૧૩ મી માર્ચ.

જર્મન લોકોને એમ સમજાવવાનો યત્ન થાય છે, કે વર્ડુનમાં બહુ નુકસાન થયું નથી.

પણ ફ્રાન્સમાં એવો પુરાવો હમેશાં એકઠો થતો જાય છે, કે જર્મનોએ ઓછામાં ઓછા ૨૦૦,૦૦૦ માણસ ખોયા છે. વર્ડુનના કિલ્લા પરના હુમલામાં તેમને અતિશય નુકસાન થયું છે.

બલ્ગેરિયન રાજપુરૂષનું ખૂન.

આમ્સટર્ડામ, ૧૪ મી માર્ચ.

કોન્સ્ટન્ટિનોપલથી તાર છે કે મિ. ટુકેકસચિએક, કે જે તુર્કો-બલ્ગેરિયન સંપનો મુખ્ય હિમાયતી હતો, તેનું ૧૦ મી માર્ચે સોફિયામાં ખૂન કરવામાં આવેલ છે.

વર્ડુનની સ્થિતિ.

પારિસ, ૧૪ મી માર્ચ.

વર્ડુનની ઉત્તરે મ્યુઝની પશ્ચિમમાં તોપના ગોળા પુષ્કળ પડ્યા છે. પાયદળે હલ્લો કર્યો નથી. ઑસ્ટ્રિયન મોટી તોપોને ઇટાલિયન મોખરા પરથી લાવ્યા છતાં અને રૂશિયન મોખરો પણ તે વાસ્તે નિર્બળ કરાયા છતાં જર્મનો આગળ ચાલી શક્તા નથી.

પારિસ, ૧૫ મી માર્ચ.

મ્યુઝની પશ્ચિમે જર્મનોએ વધારે હલ્લો કર્યો નથી. ફ્રેંચોએ સામે હુમલો કરીને કેટલીક જગ્યા ખોઇ હતી તે પાછી પડાવી છે. બધા પ્રદેશમાં તોપના ગોળા જોરથી પડ્યા કરે છે.

પારિસ, ૧૬ મી માર્ચ.

દિવસ સંતોષકારક પસાર થયો છે. જર્મનો આગળ વધી શક્યા નથી; અને એવી આશા રાખવામાં આવે છે કે તેમનું વધારેનું બળ નષ્ટ થઇ જશે.

પૂર્વ આફ્રિકામાં ફત્તેહ.

લંડન, ૧૫ મી માર્ચ.

જનરલ સ્મટ્સ જણાવે છે, કે આપણાં લશ્કરોએ તારીખ ૧૩ મીએ મોશી કબજે કર્યું છે, અને અરૂશા તરફ ધસારો કર્યો છે, કે જે ઘણું કરીને ખાલી કરવામાં આવેલ છે. દુશ્મનો ઝડપથી દક્ષિણ તરફ હઠતા જાય છે. ઘણી નદીઓને લીધે અમારા પાછળ પડવામાં અડચણ આવે છે. કિટોવોમાં દુશ્મને સખ્ત હાર ખાધી છે, તેના તાજા પુરાવા મળ્યા કરે છે. સાલીવાજી ટેકરીઓમાં તપાસ કરતાં ઘણાં મુડદાં મળ્યાં છે.

ઇજિપ્તમાં ઝપાઝપી.

લંડન, ૧૫ મી માર્ચ.

મેજર-જનરલ પેટને ગઇ કાલે સોલમનો કબજો લીધો છે. દુશ્મને સોમવારે પોતાનો દારૂગોળો બાળી મુકયો છે, અને ગઇ કાલે બહુ સામે થયેલ નથી. દુશ્મનની છાવણી આપણા હાથમાં આવેલ છે.

ભાવનગર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૨૮મી માર્ચ, ૧૯૧૬. [અંક ૧૭.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વેહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૨૮ મી માર્ચ ૧૯૧૬.

મિસ એડિથ કાવેલનો શિરચ્છેદ.

(ગયા અંકથી ચાલુ.)

આ સ્થળે અટકીને વિગ્રહના વખતમાં લશ્કરી ગુન્હાઓના આરોપીઓની તપાસની બ્રિટિશ અને જર્મન પદ્ધતિઓની આપણે સરખામણી કરીએ. ઇંગ્લંડમાં કોઇ પણ પ્રજાની સ્ત્રી હોય, તેની તપાસણી દીવાની અદાલતમાં થાય છે, "કોર્ટ માર્શલ" એટલે લશ્કરી અદાલતમાં નહીં. અદાલત તેની પ્રાથમિક તપાસ કરે છે, અને પુરાવાની નોંધ લે છે. તેને હમેશાં કોઇક વકીલ મદદ આપે છે, વાચિક અને લેખી પુરાવાની પૂરેપૂરી નોંધ તેને તેના વકીલ મારફત આપવામાં આવે છે, અને બચાવ તૈયાર કરવા સારૂ અમુક વખત મળે છે. શાંતિના વખતમાં સાધારણ કેસોમાં જોવા મળે છે તેવા પ્રસંગો તપાસણીમાં બચાવનાં વકીલોને મળે છે. બ્રસેલ્સમાં કાવેલ કેસ થયો, તે પહેલાં ગ્રેટ બ્રિટનમાં એક જર્મન જન્મની બાઇ ઉપર ગુપ્ત બાતમી મેળવવાનો આરોપ મૂકાયો હતો. તે એક પુરુષ બાતમીદારની સાથે રહીને કામ કરતી હતી; અને આપણા નૌકા સંબંધી બચાવોની માહિતી મેળવવા સારૂ જૂદી જૂદી જગ્યાઓએ મુસાફરી કરતાં પકડાઇ હતી. તેની તપાસ હાઇકોર્ટના ત્રણ દીવાની ન્યાયાધીશો અને એક જુરીની સમક્ષ ચાલી હતી; અને દુશ્મનને મહત્વની બાતમી પૂરી પાડવા સારૂ ગુપ્ત બાબતો જોવા અને જાણવાનો આરોપ તેના પર સાબિત થયો હતો. મિસ કાવેલના કરતાં આ અપરાધ બધી રીતે બહુ વધારે ગંભીર હતો, છતાં તેને દસ વરસની કેદની સજા થયેલી; અને એ સજાની સામે અપીલ કરવાનો તેને હક હતો.

આ પદ્ધતિ, કે જેમાં આરોપીને ઇનસાફ મળે તે માટે પુરતી વ્યવસ્થા છે, તેને મિસ કાવેલની તપાસમાં વપરાયેલી પદ્ધતિ સાથે ચાલો આપણે સરખાવીએ. મિસ કાવેલને નવ અઠવાડિયાં સુધી એકાંત કેદમાં પૂરી રાખવામાં આવી હતી: અને પોતાના કાયદા સંબંધી સલાહકારો સાથે કશી મસલદત કરવાની તેને તક અપાઇ નહોતી. લશ્કરી અદાલત આગળ તેની તપાસ જર્મન ભાષામાં ચાલતી હતી, કે જે તે સમજતી નહોતી; ઉલટપલટ તપાસમાં સવાલો પ્રથમ જર્મનમાં પૂછવામાં આવતા, અને તેમનો ફ્રેંચમાં તરજુમો થતો. તપાસ શરૂ થઇ ત્યારેજ તેણે પોતાના વકીલને દીઠો, એટલે બચાવને માટે પુરતી યોજના થઇ શકે એવું નહોતું; તથા વકીલને આરોપ મૂકનાર પક્ષના દસ્તાવેજો તપાસવાની તક મળી નહોતી. તેને

સઝા ઠરી, તે પછી એ વાત અતિશય ગુપ્ત રાખવામાં આવી હતી; અને તેને ગુનેહગાર ઠરાવનારાઓને છેલ્લી ઘડીએ કદાચ દયા બતાવવામાં આવે તેની એટલી ધાસ્તી હતી, કે નવ કલાકમાં તેમણે તેને ગોળીએ દીધેલી. જો તે વખતે બહારનું કંઇ તોફાન હોત, કે તપાસ લડાઈના મેદાન પર ચાલી હોત, તો આ ઉતાવળની દરગુજર થઇ શકત. પણ બહારનું કશુંજ તોફાન નહોતું, અને તપાસ કોઇ લશ્કરી છાવણીમાં ચાલવાને બદલે એવા એક શહેરમાં ચાલી હતી, કે જ્યાં મહિનાઓથી જર્મનો દાખલ થઇને કારભાર ચલાવી રહ્યા હતા.

તપાસનો પૂરેપૂરો હેવાલ ડી લેવાલે મિ. વ્હિટલૉકને લખેલા રિપોર્ટમાં અપાયેલો છે:—

"મિસ કાવેલની તપાસ એટલા માટે ચાલી હતી, કે તેણે ઇંગ્લિશ તથા ફ્રેંચ સિપાઇઓને, તેમજ જુવાન બેલ્જિયનોને, સરહદ ઓળંગવામાં અને ઇંગ્લંડ જવામાં મદદ કરી હતી. તપાસણીના દિવસ પહેલાં તેણે એક લખાણમાં સહી કરીને કબૂલ કર્યું હતું, કે પોતાની સામે અણાયેલા આરોપમાં પોતે અપરાધી છે; અને કોર્ટમાં પણ બીજા કેદીઓ તથા વકીલોની રૂબરૂ તેણે એ બાબત એકરાર કર્યો હતો. સરહદ ઓળંગવામાં પોતે મદદ આપેલી હોવાનું તેણે કબૂલ કરેલું એટલુંજ નહીં, પણ વળી એમ સુદ્ધાં કહેલું, કે ઇંગ્લંડ પહોંચ્યા પછી તેમાંના કેટલાકે કાગળ લખીને તેનો ઉપકાર માન્યો છે. આ છેલ્લી કબૂલતથી તેનો કેસ ઘણો વધારે ગંભીર થઇ ગયો, કારણકે જો તેની સામે માત્ર એટલું સાબિત થયું હોત, કે તેણે સિપાઇઓને ડચ સરહદ ઓળંગવામાં મદદ કરી હતી, અને એ સિપાઇઓ જર્મનીની સાથે વિગ્રહમાં ઉતરેલ કોઇ દેશમાં પહોંચ્યાનો પુરાવો રુજુ થયો ન હોત, તો તેને અપરાધની કોશિશ માટેજ સઝા થઇ હોત, પૂરેપૂરા પાર પડેલા અપરાધને માટે નહીં. એ અપરાધને માટે જર્મન લશ્કરી કાયદામાં મોતની સઝા ફરમાવેલ છે.

"કોર્ટ આગળ જુબાનીમાં મિસ કાવેલે લગભગ બધી હકીકતો જાહેર કરેલી. તેને સવાલો જર્મનમાં પૂછાતા હતા, અને એક દુભાશિયો તેનો ફ્રેંચમાં તરજુમો કરતો હતો, કે જે ભાષા મિસ કાવેલ સારી રીતે સમજતી હતી. તે ધ્રુજ્યા વગર બોલતી હતી, અને તેનું મન સ્વચ્છ છે એમ દેખાતું હતું. વારંવાર કંઇક વિગત ઉમેરીને તે પોતાની આગલી જુબાનીઓને વધારે ચોકસ કરતી હતી.

"આ સિપાઇઓને ઇંગ્લંડ જવામાં શા માટે મદદ આપી, એ સવાલના જવાબમાં તેણે કહેલું, કે જો પોતે તેમને બચાવ્યા ન હોત, તો જર્મનો તેમને ગોળીએ મારત; એટલે એમના પ્રાણ બચાવવામાં તો પોતે દેશ તરફની પોતાની ફરજ માત્ર બજાવી છે.

"લશ્કરી પબ્લિક પ્રોસીક્યુટરે કહેલું, કે એ દલીલ ઇંગ્લિશ સિપાઇઓને માટે ચાલી શકે, પણ જે બેલ્જિયન જુવાનોને તેણે સરહદ ઓળંગવાને ઉશ્કેરેલા, તેમના સંબંધમાં ચાલી શકે નહીં; કારણકે દેશની અંદર રહેવામાં તેમના જાન તો જોખમમાં નહોતા.

"મિ. કર્સ્ચને મિસ કાવેલનો સારો બચાવ કરેલો; અને તેના પક્ષમાં બનતી બધી દલીલો વાપરેલી.

"પણ લશ્કરી પબ્લિક પ્રોસીક્યુટરે મિસ કાવેલને તથા રૂપમાંથી બીજા ૮ કેદીઓને મોતની સજા ફરમાવવા કોર્ટ પાસે માગણી કરી. કોર્ટ જાણે સંમત ન હોય એવું લાગ્યું, અને ફેંસલો મુલતવી રહ્યો."

હવે મિ. કર્સ્ચને માની લીધું, કે પોતે પોતાનું કર્તવ્ય પૂરું કર્યું છે. તપાસણી બે દિવસ ચાલી, અને શુક્રવાર તા. ૮મી ઑક્ટોબરે ખતમ થઇ. શનિવારે મિ. ડી લેવાલે કર્સ્ચન તરફથી કશો રિપોર્ટ ન મળતાં તેને મળવાનો યત્ન કર્યો, પણ તે સફળ થયો નહીં. એટલે રવિવારે તેણે તેને એક ચિઠ્ઠી લખીને જણાવ્યું, કે કાંતો રિપોર્ટ એલચીખાતામાં મોકલી આપવો, અથવા સોમવારે સવારે સાડાઆઠ વાગ્યે ત્યાં મળવું. મિ. કર્સ્ચન ત્યારે પણ આવ્યો નહીં, એટલે મિ. લેવાલ તેના મકાન પર ગયો. ત્યાં તેને ખબર મળી, કે એ તો કેઘે બહાર ગયો હતો ત્યાંથી છેક સાંઝે પાછો ફરશે. મિ. ડી લેવાલ એ ઉપરથી એક બીજા વકીલને મળ્યો, જેણે તેને ખબર આપી, કે ફેંસલો બીજે દિવસે એટલે મંગળવારે સવારે બહાર પડશે. મિ. કર્સ્ચન પાછળથી બોલેલો, કે તપાસણી પછી અમેરિકન એલચીખાતાને રિપોર્ટ કરવાનું પોતે વચન આપ્યું નહોતું. તેના કર્મ અથવા અકર્મ ઉપર સખ્ત ટીકા થયેલી.

બેલ્જિયમના ગવર્નર-જનરલના રાજકીય ખાતાએ અમેરિકન એલચીખાતાને એવી ખાતરી આપી હતી, કે કેસ સંબંધી તમામ માહિતી તેને મોકલવામાં આવશે. સોમવારે સાંઝે સાડા છ વાગે રાજકીય ખાતાવાળા મિ. કોન્રેડે એલચીખાતાને જવાબમાં જણાવ્યું હતું, કે ફેંસલો હજી થયો નથી, અને કંઇ નવીન સમાચાર આવશે તે તે તરત જણાવ્યા વગર રહેશે નહીં. આ વખતે મોતની સજાનું ફરમાન થઇ ચક્યું હતું.

સોમવારે રાત્રે આઠ વાગ્યે મિ. ડી લેવાલને ખાનગી પણ પાકી ખબર મળી, કે સાંઝે પાંચ વાગ્યે લશ્કરી અદાલતે ફેંસલો આપી દીધો છે. કે મિસ કાવેલને મોતની સજા થઇ છે, અને કે બીજી સવારે બે વાગ્યે તેને ગોળીએ દેવામાં આવશે. બચાવ માટે માત્ર છ કલાક રહ્યા. ડી લેવાલ એ સમાચાર લઇને ઉતાવળે એલચી પાસે ગયો. મિ. બ્રૅન્ડ વ્હિટલૉક બિમાર હતા, અને ઘર બહાર નિકળવાની સ્થિતિમાં નહોતો. છતાં તેણે પોતાના હાથથી સિવિલ ગવર્નર બેરન વૉન ડર લેંકનને નીચે પ્રમાણે કાગળ લખ્યો:—

"મારા વહાલા બેરન,—હું એટલો બિમાર છું, કે રૂબરૂ વિનંતી કરવા આવી શકતો નથી; પણ એ વિનંતી ઉદાર હૃદયથી સ્વીકારવાની અને આ કમનસીબ ઓરતને મોતથી બચાવવાની મારી તમારી પાસે માગણી છે. તેના પર દયા લાવો!"

તમારો ઇ. બ્રૅન્ડ વ્હિટલૉક.

German Soldiers, killed by a single French shell, lying in attitudes of slumber.

એક ફ્રેંચ ગોળાથી મરી ગયેલા અને ઊંઘતા જણાતા જર્મન સિપાઇઓ.

Lakshmi Art, Byculla, Bombay.

આ ચિઠ્ઠી તથા ગવ્હર્નર-જનરલ પર દયા બતાવવા માટેની એક અરજ લઇને એલચી-ખાતાનો પહેલો સેક્રેટેરી મિ. હ્યૂ ગિબ્સન તથા મિ. ડી લેવાલ પ્રથમ સ્પેનિશ એલચીની મદદ મેળવવા તેની પાસે ગયા. તે એ વખતે ખાણા ઉપર હતો. તે તરત તેની સાથે થયો, અને સૌ મળીને સિબ્હિલ ગવ્હર્નરને ઘેર દયા માગવા ગયા. પછી શું થયું તે સંબંધમાં પોતાના રિપોર્ટમાં મિ. ગિબ્સન નીચે પ્રમાણે લખે છેઃ—

"બેરન વૉન ડર લેંકન અને તેના સ્ટાફના માણસો ગેરહાજર હતા. અમે એક કાસદ મોકલીને કહેવરાવ્યું, કે બહુ અગત્યનું કામ છે, માટે પાછા આવીને અમને મળો. દશ વાગ્યા પછી થોડી વારે બેરન આવ્યો, અને તે પછી તેના સ્ટાફના બે અમલદારો પણ આવી પહોંચ્યા. અમે તેને બધી હકીકત સમજાવીને તમારી ચિઠ્ઠી રુજુ કરી, અને તે તેણે અમારી હાજરીમાં તાણીને વાંચી. સજા થઇ ચૂકી છે એ વાત માનવાની તેણે ના પાડી; અને ઑફિશ્યલ સિવાય બીજી રીતે બહાર આવેલી અફવા અમે માનતા હતા તે માટે અચંબો બતાવ્યો. અમને કયાંથી માહિતી મળી છે, એ જાણવા તેણે ઘણો આગ્રહ કર્યો; પણ એ તેને જણાવવાની મને છૂટ છે, એમ મને લાગ્યું નહીં. બેરન વૉન ડર લેંકને કહ્યું, કે ફેંસલો થઇ ચૂકયો હોય એ બિલકુલ અસંભવિત છે; અને કદાચ થયો હશે તોપણ એ બાબતમાં સવાર પહેલાં કશી હીલચાલ થઇ શકશે નહીં. બેશક અમે તેને જણાવ્યું, કે જો હકીકત અમારા કહેવા પ્રમાણે હશે, તો સવારે કશુંજ કરવાનો વખત રહેશે નહીં. એટલે અમે તેને આગ્રહ કર્યો, કે હકીકત શી છે તેની તો તમે તરત ખાતરી કરો; અને થોડી આનાકાની પછી તેણે તેમ કરવાની હા પાડી. તેણે કોર્ટ માર્શલના પ્રમુખ ન્યાયાધીશને ટેલીફોન કર્યો, અને થોડી વારમાં આવીને અમને જણાવ્યું, કે હકીકત અમારા કહેવા પ્રમાણેજ છે, અને સજા સવાર પહેલાં અમલમાં લાવવાનો ઇરાદો છે. એટલે વિલંબ કરવા માટેની તમારી દલીલ અમે બનતા આગ્રહથી આગળ ધરી. * * * * *

"સ્પેનિશ એલચીએ પણ અમારી દલીલોને ટેકો આપ્યો, અને દયા માટે આગ્રહ કર્યો.

"બેરન વૉન ડર લેંકને જણાવ્યું, કે આવી બાબતોમાં સર્વોપરિ અધિકાર લશ્કરી ગવ્હર્નરનો છે; અને અપીલ માત્ર શહેનશાહને થઇ શકે છે, કારણકે ગવ્હર્નર-જનરલને વચ્ચે આવવાનો કશો અધિકાર નથી. તેણે ઉમેર્યું, કે જર્મન લશ્કરી કાયદા પ્રમાણે અપીલ સ્વીકારવી કે નહીં, એ બાબતમાં પોતાને યોગ્ય લાગે તેમ કરવાને મિલિટરી ગવ્હર્નરને સત્તા છે. થોડી ચર્ચા પછી તેણે મિલિટરી ગવ્હર્નરને ટેલીફોન ઉપર બોલાવવાનું તથા તેણે સજાની બહાલી આપી છે કે કેમ, અને દયા બતાવવાની બારી છે કે કેમ, એ પૂછવાનું કબૂલ કર્યું. લગભગ અર્ધા કલાકમાં તે પાછો ફર્યો, અને તેણે કહ્યું, કે પોતાને લશ્કરી ગવ્હર્નર સાથે વાતચિત થઇ છે, કે મિસ કાવેલના કેસમાં તેણે પાકા વિચાર પછીજ કામ કર્યું છે, કે બધા સંજોગો ધ્યાનમાં લેતાં તેને મોતની સજા આવશ્યક લાગે છે, અને કે દયાને માટેની તમારી દલીલ તે સ્વીકારી શકતો નથી."

આ બધો વખત મિસ કાવેલની શી સ્થિતિ હતી? સારે નસીબે એ બાબતમાં આપણી પાસે પુરતો પુરાવો છે. મિ. ડી લેવાલે રવિવારે સાંઝે એક અરજી કરી હતી, અને પોતાને માટે તથા રેવરન્ડ એચ. સ્ટર્લિંગ ગેહાનને માટે તુરંગમાં મિસ કાવેલને મળવા જવા દેવાની પરવાનગી માગી હતી. પ્રથમ તો આ બાબતની ના પડાયેલી, પણ સોમવારે સાંઝે મોતની સઝા થયા પછી મિ. ગેહાનને રજા મળેલી. મિ. ગેહાન એ સંબંધમાં નીચે પ્રમાણે લખે છે:—

"જ્યારે મેં જોયું કે તે સંપૂર્ણ શાંત અને ઇશ્વરેચ્છાને અધીન છે, ત્યારે મને આશ્ચર્ય થયું અને નિશ્ચિત થવાયું. પણ એક કલાકની તે છેલ્લી મુલાકાતમાં લાગણીની કોમળતા અને તીવ્રતા તેથી કંઇ ઘટી નહીં.

"તેણે મને જે પહેલા શબ્દો કહ્યા, તે તેની જાતની સાથે નિસબતના હતા, પણ તે સાથે જે ગંભીર વચન બોલાયેલું તે ઇશ્વિર અને અનંતતાના પ્રકાશમાં બોલાયું હતું. તેણે ઉમેર્યું, કે 'મારા તમામ મિત્રો એમ જાણે એવું હું ચાહું છું, કે મારા દેશની ખાતર હું ખુશીથી મારી જિંદગી આપું છું. મને કશો ભય કે સંકોચ નથી; મૃત્યુ મેં એટલી બધી વાર જોયેલ છે, કે તેની મને નવાઇ કે બીક રહી નથી.' વળી તેણે કહ્યું: 'અંત પહેલાં આ દશ અઠવાડિયાંની શાંતિ માટે હું ઇશ્વરનો ઉપકાર માનું છું.' 'જિંદગી હમેશાં ઉતાવળી અને મુશ્કેલીઓથી ભરેલી લાગી છે.' 'આ આરામના વખતને હું મોટી દયા સમજું છું.' 'અહીં બધાએ મારા તરફ ઘણી માયા બતાવી છે. પણ પ્રભુ અને અનંતતાની દૃષ્ટિમાં ઉભી છું, એટલે હું કહીશ, કે દેશભક્તિ બસ નથી એવું હું અનુભવું છું. મારે કોઇના પણ તરફ ધિક્કાર કે તિરસ્કાર હોવો જોઇએ નહીં.'

"અમે 'પવિત્ર ભોજન' સાથે લીધું, અને તેણે પોતાના બધા હૃદયથી સુવાર્તાનો આશ્વાસનનો સંદેશો સ્વીકાર્યો. ઉપાસનાને અંતે હું 'મારી સાથે રહો' એ ગીત બોલવા લાગ્યો, અને તેમાં તે છેવટે ધીમે સ્વરે શામિલ થઇ.

"મારે જવાનો વખત થયો ત્યાં સુધી અમે શાંતિથી વાત કરતાં બેઠાં. તેણે સગાંઓ અને સ્નેહીઓ માટે મને છેવટના સંદેશા આપ્યા. * * * જ્યારે મેં રજા લીધી, ત્યારે તે જરા હસી અને બોલી, કે 'આપણે ફરીને મળશું.'"

છેવટના દેખાવની થોડીજ વિગતો બહાર આવવા પામી છે. એ વખતે એવું કહેવાયું હતું, કે મિસ કાવેલ મૃત્યુ તરફ જતાં માર્ગમાં મૂર્છિત થઇ હતી, અને તે બેભાન હતી ત્યાંજ અમલદારે તેને ગોળી મારી હતી; પણ એટલું ચોકસ દેખાય છે કે શિરચ્છેદ હમેશાંની લશ્કરી રીતે કરવામાં આવ્યો હતો. દફનની જગ્યા ગુપ્ત રાખવામાં આવી હતી, એટલે બ્રસેલ્ઝના લોકોને પોતાની લાગણી બતાવવાની તક મળેલી નહીં.

શિરચ્છેદના સમાચારથી જર્મની સિવાય આખી દુનિયામાં હાહાકાર થયો. જર્મન અમલદારોને આશ્ચર્ય થયેલું, કે એક ઓરતના મોત માટે આટલી બધી ધાંધલ શા માટે? બ્રસ્સેલ્ઝના લશ્કરી ગવર્હનર બેરન વૉન બિસ્સિંગનો એવો અભિપ્રાય હતો.

આપણા શહેનશાહ રાજાજી અને રાણીજી તથા રાણી એલેક્ઝાંડ્રાએ મિસ કાવેલની માતાને લખીને પોતાની દિલસોજી જાહેર કરી. સેન્ટ પૉલના દેવાલયમાં ઉપાસના કરવામાં આવી, અને તેમાં રાણી એલેક્ઝાંડ્રાથી માંડીને છસો સેવિકાઓએ હાજરી આપી. ફ્રાન્સમાં કેળવણીખાતાના પ્રધાને હુકમ કાઢ્યો, કે પારિસની નિશાળોના શિક્ષકોએ એ વીરત્વની વાત બાળકોને કહેવી, અને તે પર ચર્ચા કરવી. મ્યુનિસિપાલિટીઓએ તેના નામ પરથી શેરીઓનાં નામ પાડ્યાં; અને પ્રતિમા બનાવનારાઓ તથા ચિતારાઓએ તેના ભવ્ય આત્મભોગનો વિષય લઇને પોતાનું કળાકૌશલ્ય બતાવી આપ્યું.

લડાઇના તાર.

—:o:—

<u>વર્ડુનની લડાઇ.</u>

પારિસ, ૧૬ મી માર્ચ.

એવો અભિપ્રાય બંધાતો જાય છે, કે વર્ડુનની લડાઇ છેવટની સ્થિતિએ પહોંચી છે. જોકે તોપોના હુમલા અગાઉના કરતાં પણ વધારે જોરાવર છે, તોપણ જર્મનો કશી જમીન પડાવી શકયા નથી. એટલું ચોકસ છે, કે વિગ્રહ શરૂ થયો ત્યારે જેવું પાયદળ હતું, તેવું હાલ જર્મનીની પાસે નથી.

<u>ઍડમિરલ વૉન ટર્પિટ્ઝનું રાજીનામું.</u>

બર્લિન, ૧૬ મી માર્ચ.

ઍડમિરલ વૉન ટર્પિટ્ઝે માન સાથે રાજીનામું આપ્યું છે. તેને સ્થાને એવો માણસ આવેલ છે, કે સબમરીનની લડાઇ સંબંધી અને બીજી પદ્ધતિમાં ફેરફાર થવાનો સંભવ નથી.

<u>ફ્રેંચોનો ટકાવ.</u>

પારિસ, ૧૯ મી માર્ચ.

મ્યૂઝની પૂર્વમાં જર્મનો ફ્રેંચોને હાર્યા છે. ખૂબ ગોળા ફેંકયા પછી સાંજને વખતે તેમણે વૉઝ અને ડેમલૂપની વચ્ચે હુમલો કર્યો, પણ ફ્રેંચોના આગના પડદાથી તેમને હઠી જવું પડયું. હજી અવારનવાર ગોળા પડ્યા કરે છે.

ઇંગ્લંડ ઉપર હવાઇ હુમલો.

લંડન, ૧૯ મી માર્ચ.

આજે બપોર પછી પાંચથી છ હજાર ફુટની ઊંચાઇએ બે વિમાનો ડોવર ઉપર ઉડ્યાં છે. પહેલું ૧-૫૭ થતાં આવ્યું, અને તેણે બંદર ઉપર ૬ બોંબ નાંખ્યા; પછી તે ઉત્તર તરફ વળ્યું, અને શહેર ઉપર બોંબ નાંખ્યા. બીજું ૨-૨ થતાં આવ્યું, અને તેણે પણ કેટલાક બોંબ નાંખ્યા. ૨-૧૦ થતાં રામ્સગેટ ઉપર બીજાં બે વિમાન દેખાયાં, અને તેમણે શહેર ઉપર બોંબ ફેંકયા. કુલ નુકસાનમાં ૩ પુરુષો, ૧ સ્ત્રી, અને ૫ બાળકો મરી ગયાં; તથા ૧૭ પુરુષો, ૫ સ્ત્રીઓ, અને ૯ બાળકો જખમી થયાં છે. કેટલાંક મકાનોનો પણ નાશ થયો છે.

બેલ્જિયન ધર્મવીરને ધમકી.

લંડન, ૨૦ મી માર્ચ.

જનરલ વૉન બિસિંગે કાર્ડિનલ મર્સિયરના ધાર્મિક કાગળોમાં રાજકીય બાબતનો ઉલ્લેખ આવે છે, તેની સામે એક લાંબો ધમકી આપનારો કાગળ લખ્યો છે. તે જણાવે છે કે વિગ્રહના પરિણામ સંબંધી ખોટી આશાઓ આપવાનો કાર્ડિનલને કશો હક નથી.

રશિયન ફત્તેહ.

લંડન, ૨૧ મી માર્ચ.

જનરલ ઇવેનોફે મિકાલીઝની પૂર્વમાં એક મહત્ત્વનો પૂલ-કિલ્લો પડાવ્યો છે. ઑસ્ટ્રિયનોને ઘણું નુકસાન થયું છે, અને દશેક માઇલ હઠવું પડયું છે.

ઇરાનમાં રશિયનોએ ૧૯ મી માર્ચે ઇસ્પહાનમાં પ્રવેશ કર્યો છે.

પિટ્રોગ્રેડ, ૨૩ મી માર્ચ.

આખા મોખરા ઉપર લડાઇ ચાલી રહી છે. જેકબસ્ટાટ પ્રદેશમાં રશિયનોએ બે જંગલ અને એક ગામડું તથા ડ્વિન્સ્કની દક્ષિણે ખાઇઓની એક લાઇન પડાવેલ છે. ડ્વિન્સ્ક અને વિલ્નાની વચ્ચે પોસ્ટાવીની ઉત્તરમાં સખ્ત મારામારી ચાલે છે. જર્મનો ઝેરી હવા વાપરતા હોવા છતાં રશિયનોએ એક હજાર કરતાં વધારે કેદી પકડ્યા છે, અને સામાન હાથ કર્યો છે. રશિયનો પણ ઝેરી હવા વાપરવા લાગ્યા છે.

નિવેદન.

આજના અંકની સાથે એકજ ફેરા ગોળાથી મરી ગયેલા અને ઊંઘતા જેવા લાગતા જર્મન સિપાઇઓનો એક ફોટોગ્રાફ અમે અમારા વાંચનારાઓને ભેટ આપીએ છીએ.

ભાવનગર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૪થી એપ્રિલ, ૧૯૧૬. [અંક ૧૮.

। यतो धर्म स्ततो जयः ।

શ્રી ફા. ગુ. સ. ગુજરાતી
૨૧૧૮૨
૨૦-૧૨-૬
મુંબઈ-૪.

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઈ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વેહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૪ થી એપ્રિલ ૧૯૧૬.

ઇટલીની પહાડી લડાઇઓ.

ઇટલીએ વિગ્રહમાં શી રીતે પ્રવેશ કર્યો, તે સંબંધી અમે અગાઉ લખી ગયા છીએ. દેશપ્રેમી નાયકોને લોકમત કેળવવાનું કામ કરવાનું હતું; અને ઑસ્ટ્રિયન વાવટો ઉડાવતી જર્મન સબમરીને એંકોના નામે આગબોટ ડુબાવી, ત્યાં સુધી બધી બાબતોની ખુલ્લી ચર્ચા થઇ શકતી નહોતી.

પહેલા છ મહિના સુધી તો રાજા વિક્ટર ઇમેન્યુઅલ અને તેના સેનાપતિઓ ઑસ્ટ્રિયાના કબજામાં રહેલા ઇટાલિયન મુલકને માટેજ, અને તે પણ ઘણી સાવચેતીથી તથા પ્રજાકીય બળનો અમુક ભાગજ વાપરીને, લડી શકેલા. કારણકે વસ્તીમાં જર્મન અને ઑસ્ટ્રિયન પક્ષનું ઘણું જોર હતું; અને એ પક્ષના લોકો પ્રજાને ટ્યૂટન તરફ તાબેદારીની સ્થિતિમાં પાછી લાવવાનો લાગ ગોતી રહ્યા હતા. શનિવાર તા. ૨૩ મી મે ૧૯૧૫ ને રોજ સાંઝે કાર્નિક આલ્પ્સ ઉપરની ઑસ્ટ્રિયન તોપોએ લડાઇ શરૂ કરી, તે પછી પણ ઇટલી ત્વરાથી કામ કરી શકે એવી સ્થિતિ નહોતી. ખાસ કરીને જનરલ કેડોર્નાં એક લાખ માણસનો ભોગ આપીને ટ્રિએસ્ટ પડાવી શકે એવું નહોતું. ટ્યૂટનોની ખટપટ એવી હતી, કે સેનાપતિને માણસો વાપરવામાં ઘણી કરકસર બતાવવાની જરૂર હતી.

એ ખટપટને લીધે ચડાઇની જે યોજના તેણે વરસોથી વિચારી અને પાકી કરી રાખી હતી, તે નિષ્ફળ થયેલી. તેના બાપ જનરલ કેડોર્નાએ ૧૮૬૬ માં ફ્રિયુલીમાં ઑસ્ટ્રિયનોને હરાવ્યા હતા, અને ગ્રેડિસ્કાનું શહેર કબજે કર્યું હતું; પણ સુલેહના કરારમાં દુશ્મને એ શહેર તથા સરહદ ઉપર મહત્ત્વનાં લગભગ બધાં મથકો પાછાં મેળવ્યાં હતાં. સ્વિત્ઝર્લૅંડની એંગેડાઇન આણી પાસેના સ્ટેલ્વિયો ઘાટથી તે આડ્રિયાટિક ઉપર આઇસોન્ઝોની નદીરેખા સુધીનાં ઇટલીની ઉપર આવેલાં તમામ ઊંચાં સ્થાનકો ૧૮૬૬ માં ઑસ્ટ્રિયનો રાખી રહ્યા હતા. જેમાં થઇને ઇટાલિયન લશ્કર ચાલી શકે તેવો કોઇ પણ પહાડી ઘાટ ઇટલીના હાથમાં રહ્યો નહોતો. બિસ્માર્કે ઑસ્ટ્રિયાની સામે ઇટલીનો ઉપયોગ કર્યો હતો; અને પછી ઑસ્ટ્રિયાને પોતાના પક્ષમાં લેવાને તથા ફ્રાન્સ ઉપરના હુમલામાં તેને શાંત રાખવા સારૂ ઇટલીને દગો દીધો હતો. વળી,

જે ઘાટોમાં થઇને લોંબર્ડી તથા વેનીશિયન મેદાન ઉપર ચડાઇ થઇ શકે તે તમામ ઑસ્ટ્રિયનોને અપાવવાને લીધે બિસમાર્ક ટ્યૂટોનિક સત્તા સાથે એકસંપી કરવાની ઇટલીને ફરજ પાડી શકયો હતો. એટલે શરૂઆતમાં જનરલ કેડોર્નાને ઘણી મુશ્કેલીઓ હતી. ૩૨૦ માઇલના મોખરા ઉપર દરેક ખીણને રસ્તે ઑસ્ટ્રિયન કિલ્લાઓ ગોઠવાયા હતા; અને તેમાંના ઘણા નવા બંધાયેલા તથા મોટા કરાયેલા હતા. ઇ. સ. ૧૯૧૦ થી ઑસ્ટ્રિયાએ પોતાના પહાડી કિલ્લાઓની સંખ્યા વધારી હતી; અને વિગ્રહ જાહેર થયો તે પહેલાંના દસ મહિનામાં મોટી ખાઇઓવાળી છાવણીઓ તૈયાર કરી રાખી હતી, તથા ઇટાલિયન લોકોને ભયભીત કરવાને મોટી બાર ઇંચિયા તોપો ગોઠવી હતી. આ સંસ્થિતિમાં ઑસ્ટ્રિયન કિલ્લાઓની લાઇન ઉપર ઓચિંતો છાપો મારવાની જનરલ કેડોર્નાએ યોજના કરેલી. મુખ્ય પ્રધાન સેન્યોર સાલાંદ્રા અને પરદેશખાતાનો પ્રધાન બેરન સોન્નિનો સેનાપતિની સાથે કામ કરતા હતા; અને જો તેઓ મેકિયાવેલી જેમને પસંદ કરે તે નમુનાના માણસો હોત, તો ઓચિંતા છાપાનો પોતાના લશ્કરને પૂરેપૂરો લાભ અપાવવા સારૂ તેમણે એકદમ વિગ્રહ જાહેર કર્યો હોત. પણ આધુનિક ઇટાલિયનમાં પણ આધુનિક ફ્રેંચ અને બ્રિટનને મળતી લક્ષણની ખામીઓ છે. તે એટલો સુધરેલો છે, કે લડાઇ પણ આબરૂદાર રીતે ચલાવવાનો તેને આગ્રહ રહે છે. એટલે ૧૯૧૫ના મેની ૪થી તારીખે ત્રિપુટીની એકસંપી વખોડી કાઢીને ઇટાલિયન સરકારે દુશ્મનને પૂરેપૂરી સાવચેતી આપી દીધેલી.

એવી ધારણા રાખવામાં આવી હતી, કે જર્મની અને ઑસ્ટ્રિયા તરત પોતાના એલચીઓને બોલાવી લેશે, અને વિગ્રહ જાહેર થશે. મેની ૬ઠ્ઠી તારીખે ગેરિબાલ્ડીના હજાર વીરોના સ્મારકની આરંભક્રિયા થવાની હતી, અને ત્યારે પ્રસિદ્ધ કવિ ગેબ્રિએલ ડી એનન્ઝિયો વિગ્રહના પક્ષમાં મોટું ભાષણ કરવાનો હતો, તે સાંભળવાનું રાજા વિક્ટર ઇમેન્યુઅલે વચન આપ્યું હતું. છેવટે તેણે ત્યાં હાજરી આપવાનું માંડી વાળ્યું, તેનું એજ કારણ હતું, કે કવિ બોલતો હશે ત્યાં લશ્કરો તો લડાઇ માટે ઉપડશે એવી તેણે વકી રાખી હતી. પણ અગાઉ વાત આવી ગઇ છે તે પ્રમાણે સેન્યોર ગાયોલિટ્ટી વચ્ચે પડયો, વિગ્રહનું પ્રધાનમંડળ તૂટી ગયું, અને લડાઇને ૧૯ દિવસની ઢીલ થઇ.

સેન્યોર ગાયોલિટ્ટી, કે જે ઇટલીમાં ટયૂટન પક્ષનો મુખ્ય પ્રતિનિધિ હતો, તેણે આ પ્રમાણે ઑસ્ટ્રિયાનો ઓચિંતા હુમલામાંથી બચાવ કર્યો. એટલું ધ્યાનમાં રાખવું ઘટે છે, કે ગાયોલિટ્ટી માત્ર એક એજંટ હતો, તેના હાથમાં સ્વતંત્ર સત્તા નહોતી. જર્મનોએ ઇટલીમાં જે આર્થિક અને રાજકીય સંચો ઉભો કર્યો હતો, તેનો ગાયોલિટ્ટી માત્ર વડો કામદાર હતો. તેની પાછળ ઇટાલિયન વેપારીઓ હતા, કે જે કાંતો જર્મન વેપારીઓની સાથે ભાગમાં કામ કરતા હતા, અથવા નાણાંપ્રકરણી અને બીજા સ્વાર્થોથી જર્મની સાથે જોડાયેલા હતા. એ વર્ગના મુખ્ય માણસો પોતે પાર્લમેન્ટમાં ચૂંટાતા નહીં, પણ વકીલોને અને એવા બીજા માણસોને પોતાના પક્ષનું કામ કરવાને નીમતા. કહેવાતાં પ્રજાસત્તાક રાજ્યો ઘણે અંશે ધન-

સત્તાક છે, એમ ઇતિહાસ બતાવે છે. પૈસાદાર લોકો આજકાલ ઘણે સ્થળે પોતે વધારે કમાઇ શકે, અને કામદાર વર્ગને અંકુશમાં રાખી શકે, તેટલા માટે પ્રજાકીય અને લૌકિક (મ્યુનિસિપલ) રાજનીતિને ભ્રષ્ટ કરે છે. જર્મનીની માફક ઇટલીમાં પણ કામદાર વર્ગના કહેવાતા આગેવાનો સોશ્યલિસ્ટ પ્રતિનિધિઓ—પૈસાદાર વર્ગના મારેલા જેવા હતા.

જો જનરલ કેડોર્ના, રાજા વ્હિકટર ઇમેન્યુઅલ, અને તેના પ્રધાનોની યોજના પ્રમાણે મેના પહેલા અઠવાડિયાની આખરે હલ્લો થયો હોત, તો લગભગ બધા મુખ્ય પહાડી કિલ્લાઓ સહેલાઇથી હાથમાં આવત. કિલ્લાઓમાં તે વખતે માત્ર થોડા હજાર માણસો હતા; કારણકે ઑસ્ટ્રિયન લશ્કરો તે વખતે ગેલીશિયામાં અને સર્બિયન મોખરા ઉપર રોકાયેલાં હતાં. પણ મૅન્યોર ગાયોલિટ્ટીએ પોતાના મિત્રોને ત્રણ અઠવાડિયાં અપાવ્યાં, તેમાં ઇટલીની સામે ઝડપથી તૈયારીઓ કરવામાં આવી. છાવણીની તૈયારીઓ તો થયેલીજ હતી; પણ માણસો મોટે ભાગે મેની ૪ થી અને ૨૩ મી તારીખ વચ્ચેજ એકઠાં થઇ શક્યાં, અને ત્યારે સંખ્યા ૩૦૦,૦૦૦ ઉપર પહોંચી. આમની સામે જનરલ કેડોર્ના પાસે ૭૦૦,૦૦૦ સિપાઇઓ હતા; પણ તેની છાપો મારવાની યોજના ભાંગી પડી હતી, અને માણસો વધારે હોવા છતાં તેની પાસે મોટી તોપો નહોતી. ઑસ્ટ્રિયાની તોપો જ્યારે ટેકરીઓ પર બરાબર ગોઠવાયેલી હતી, ત્યારે ઇટાલિયન તોપો કાંતો મેદાનમાં રેલવે લાઇન પર હતી, અથવા દૂર ખીણના રસ્તાઓમાં બળદો વડે ચઢાવાતી હતી. તોપો બરાબર કામ કરી શકે તે માટે ઇટાલિયનોને પહાડી કિલ્લા બાંધવાની જરૂર હતી; અને આ કિલ્લાઓ તેઓ બાંધી શકે તે માટે પ્રથમ પહાડો જીતવાની જરૂર હતી. ઇટલીની સ્થિતિને ગાલ્લીપોલીમાં ફ્રાંકો-બ્રિટિશ સ્થિતિ સાથે સરખાવી શકાય. પણ ઑસ્ટ્રિયન પહાડોની લાઇન ઉપર શિખરો વધારે ઊંચાં અને સીધાં હતાં; મોખરો ઘણો વધારે મોટો હતો: અને દુશ્મનને ભયંકર હીલચાલો કરવાનો અવકાશ હતો.

જો જનરલ કેડોર્નાને પોતાની યોજના પ્રમાણે છાપો મારવાનો લાગ મળ્યો હોત, તો તેણે ઑસ્ટ્રિયનો તૈયાર થાય તે પહેલાં તેમના પર હુમલો કરવા સારૂ ત્રણ ઇંચિયા પહાડી તોપોની સાથે લાખો માણસો રાતમાં ઉતારી દીધાં હોત. પણ સેન્યોર ગાયોલિટ્ટીએ વચ્ચે લાંબો ગાળો નાંખી દીધો, તે પછી ઇટાલિયન સેનાપતિએ તા. ૨૩ મીની મધરાતે જે ટેકરીઓ ઉપર ઑસ્ટ્રિયનો જોરમાં ન હોય તે પડાવવા સારૂ આલ્પાઇન લશ્કરની કેટલીક ટુકડીઓ માત્ર મોકલી. એ હીલચાલમાં કશો ઓચિંતો ઘા હતોજ નહીં, કારણકે વિગ્રહ જાહેર થયો તે પહેલાં પાંચ કલાકથી ઑસ્ટ્રિયન તોપોએ મારો શરૂ કરી દીધો હતો. ઑસ્ટ્રિયન સ્ટાફનો ઉપરી જનરલ વૉન હોફ્ર બધી રીતે સજ્જ હતો, અથવા પોતાને સજ્જ સમજતો હતો. પણ તેણે પોતાની સામે થનાર માણસોની અવગણના કરવાની ભૂલ કરી.

શરૂઆતમાં ઇટાલિયન લશ્કરોને એક પછી એક ફત્તેહ મળતી ગઇ, તેનું મુખ્ય કારણ આ હતું. ઑસ્ટ્રિયા-હંગરીમાં એમ મનાતું હતું, કે ઇટાલિયન સિપાઇ તો એક નાટકના

પૂતળા જેવો છે, અને તે લડવાના કરતાં ગાવું વધારે સારી રીતે જાણે છે. આ અભિપ્રાય અઢારમી સદીથી ચાલતો આવ્યો હતો, કે જ્યારે ઑસ્ટ્રિયન દરબારમાં ઇટાલિયન ગવૈયાઓ અને કવિઓને રાખવામાં આવતા. ઓગણીસમી સદીના પાછલા ભાગમાં જ્યારે બીજાં રાજ્યોની મદદથી ઇટલીએ પોતાની સ્વતંત્રતા પાછી મેળવી, ત્યારે પણ ઑસ્ટ્રિયનો અને હંગેરિયનોનું જીતનાર તરીકેનું અભિમાન ઓછું થયેલું નહીં. તેઓ અહંકારમાં આંધળા થઇને એમ ધારી બેઠા હતા, કે ઇટાલિયન પ્રજાને ધૂળભેગી કરવામાં કંઇ બહુ મહેનત પડવાની નથી. પણ આધુનિક ઇટાલિયન ઘણું પાણી બતાવી શકશે, એવો વહેમ જર્મનીને તો હતો. ઇટાલિયન એંજીનિયરો, લુહારો અને મજૂરો જર્મનીમાં જાણીતા હતા, અને ઠીક ગણાતા હતા. પણ ઑસ્ટ્રિયન અમીર અને હંગેરિયન બડેખાંને સ્વતંત્રતાનાં ૫૦ વરસમાં ઇટલીએ મેળવેલી શક્તિની કશી કલ્પના નહોતી.

આ કારણથી ઑસ્ટ્રિયન સરહદની પહેલી લાઇન ઉપર તેમણે ઘણુંજ થોડું લશ્કર રાખ્યું હતું; અને તેને હરાવવામાં ઇટાલિયનોને ઘણી મુશ્કેલી પડી નહીં. મોન્ટેક્રો ઘાટ કે જે ૮,૫૮૫ ફુટ ઊંચો છે, અને ટોનેલ ઘાટ કે જે ૬,૧૮૦ ફુટ છે, તે અને બીજાં કેટલાંક સ્થાનકો ઇટાલિયનોએ તરત તાબે કર્યાં. મેની ૨૫ મીની સાંજ સુધીમાં ડોલોમાઇટ આલ્પ્સના બધા ઘાટ જિતાઇ ગયા.

દરમિયાન ઇટલીનું મુખ્ય પાયદળ ફ્રિયુલીના મેદાનને વીંધીને, તથા યુડાઇન, પાલ્માનોવા તથા સેન્ટ જ્યોર્જિઓ, કે જ્યાં બે રેલવે લાઇન એકઠી થાય છે, ત્યાં થઇને આઇસોન્ઝો તથા ટૉરની ખીણમાં ઊતર્યું. એક દિવસમાં તેણે સરહદ અને આઇસોન્ઝો નદીની વચ્ચે આવેલાં લગભગ બધાં શહેરો અને ગામડાં જિતી લીધાં, ઉત્તરમાં નીરોના પહાડની નીચે આવેલા કેપોરેટ્રોથી માંડીને દક્ષિણમાં ટ્રિએસ્ટના અખાત પર આવેલા બેલ્વેડિયર સુધી. મેની આખર સુધીમાં વેરોનાની ઉત્તરમાં આવેલા લેસ્સિની પહાડો તેઓ ઓળંગ્યા, અને ઑસ્ટ્રિયન મુલકમાં દસેક માઇલ સુધી પહોંચીને આલા નામનું શહેર લીધું, તથા રોવેરેટોના કિલ્લા સામે મોટી તોપો લાવીને ગોઠવી.

ઇટાલિયનો ઘણા વખત સુધી તોપોમાં ઑસ્ટ્રિયનોની બરાબરી કરી શકે એવું નહોતું. ઑસ્ટ્રિયન મોટી તોપ, કે જે સ્કોડાના નામથી ઓળખાય છે, તે આખી દુનિયામાં સર્વોપરિ છે. બેલ્જિયમ અને રશિયામાં કિલ્લાઓ એ તોપે તોડ્યા છે; અને પશ્ચિમ મોખરા ઉપર પોતાના ભાઇબંધને ઑસ્ટ્રિયા મોટી તોપો આપી શકેલું, તે પરથી સ્પષ્ટ સમજાય છે, કે એ તોપો તેની પાસે ઘણી હતી.

ઇટાલિયનો આ હકીકત જાણતા હતા. પોતાની તોપો દુશ્મનના કરતાં બહુ ઉતરતી છે, એમ સમજી તેઓ દસ મહિના સુધી તટસ્થ રહ્યા હતા; અને એ મુદતમાં તેમણે નવી તોપો

તૈયાર કરી હતી. પણ દસ લાખ માણસના લશ્કરને ૪,૦૦૦ તોપો જોઇએ છીએ. બીજા દેશોની મદદથી પણ એટલી સામગ્રી એક વરસમાં તૈયાર થઇ શકે નહીં. દુનિયાના દરેક તોપ બનાવનારની પાસે અતિશય કામ હતું, અને કોલસો ન હોવાથી ઇટલી પોલાદ બનાવનારી પ્રજા નહોતી. એટલે ઘણો પ્રયાસ કર્યા છતાં એ સાધન બરાબર ન હોવાથી જનરલ કેડોર્નાને સાવચેતીથી કામ કરવાનું હતું.

જનરલ કેડોર્ના અને તેના મદદનીશ જનરલ પોરોની ક્રિયાઓ બરાબર સમજવા માટે આ હકીકત સારી રીતે ધ્યાનમાં રાખવાની જરૂર છે. ગેલીશિયા, રુશિયન પોલાંડ, લિથુએનિયા અને કાવરલેંડમાં જે કાંઇ બનાવો બનતા હતા, તેથી તેમની યોજના પર અસર થતી હતી. એક તરફથી રુશિયાની હાર, અને બીજી તરફથી જર્મન લાઇન ભેદવામાં ફ્રાંકો-બ્રિટિશ પ્રયત્નોની નિષ્ફળતાને લીધે, ઇટાલિયન સેનાધિપતિને બહુ સાવધાન રહેવું પડતું હતું. તેનું પોતાનું લશ્કર પુરતી તોપો તથા પુરતા દારૂગોળાથી સજ્જ થાય, તે પહેલાં ઑસ્ટ્રો-જર્મનો પોતાની ભયંકર તોપો લાવીને તેનો ચૂરો ન કરે, એ તેને સંભાળવાનું હતું.

તે પછી કેવી રીતે તેણે જૂનની ૯મી તારીખે ગ્રેડિસ્કા લીધું, કેવી રીતે પ્લાવાની લડાઇ થઇ, વગેરે વિગતોમાં ઉતરવાનું આ પ્રસંગે બની શકે તેમ નથી. સપ્ટેંબરની મધ્યથી શિયાળાની શરૂઆતને લીધે બંને પક્ષને પરસ્પર લડવાના કરતાં કુદરતની સામે લડવાનું વધારે પ્રાપ્ત થયું; અને ફરી વસંત આવે ત્યાં સુધી હીલચાલો ઓછી થઇ.

લડાઇના તાર.

રુશિયન ધસારો.

લંડન, ૧૭ મી માર્ચ.

બર્લિનથી જણાવવામાં આવે છે, કે રુશિયનોએ જનરલ વૉન હિંડનબર્ગની સામે ફરીને જોરાવર હુમલો શરૂ કર્યો છે. જેકબસ્ટાટની ઉત્તરે અને પશ્ચિમે તેમણે માણસો અને દારૂગોળાનો એટલો બધો ઉપયોગ કરવા માંડયો છે, કે પૂર્વની રંગભૂમિમાં તેવો અત્યાર સુધી જોવામાં આવેલ નથી. વિલ્ના તરફ પણ રુશિયનો હલ્લો કરવા લાગ્યા છે.

વિલ્ના પાસે હીલચાલ.

પિટર્સબર્ગ, ૨૩ મી માર્ચ.

દ્રિસ્વિએટી સરોવરોથી નારોચ્ચ સરોવર સુધી ૬૦ માઇલના મોખરા ઉપર મુખ્ય લડાઇ ચાલે છે. વિલ્ના પાસે દુશ્મનો મોટી પ્રવૃત્તિમાં દેખાય છે. પશ્ચિમ અને દક્ષિણમાંથી નિરંતર ટ્રેનો આવ્યા કરે છે. સાધારણ વ્યવહાર બંધ છે. વિલ્ના ઑસ્ટ્રિયન અને જર્મન લશ્કરોથી ભરાઇ ગયેલ છે. કેદીઓ પાસે બચાવનાં કામ તૈયાર કરાવવામાં આવે છે.

પારિસ, ૨૫ મી માર્ચ.

રૂષિયનો વિલ્ના-દ્વિન્સ્ક રેલવે પડાવવાનો ઇરાદો કરતા જણાય છે. જો તેઓ ફાવશે, તો જર્મનોની પાસે માત્ર રિલ્સિટ લાઇન રહેશે, અને તેમનું જોર ઘણું ઘટી જશે.

વર્ડુનની લડાઇ.

પારિસ, ૨૬ મી માર્ચ.

મ્યૂઝની પશ્ચિમે મેલેનકોર્ટ, એસ્નીઝ અને ૩૦૪ ટેકરી ઉપર તોપોનો સખ્ત મારો થયો છે, પણ પાયદળે હલ્લો કર્યો નથી. મ્યૂઝની પૂર્વમાં અને વોવરમાં માત્ર અવારનવાર ગોળા પડે છે.

બાલ્કનમાં જર્મનો.

ઍથન્સ, ૨૬ મી માર્ચ.

જર્મનોએ ડોઇરન પ્રદેશમાં હુમલો શરૂ કર્યો છે. ફ્રેંચો તે ફત્તેહમંદીથી હઠાવે છે. ગ્રીક સરકાર લડાઇના ભાગમાંથી સિવિલિયનોને દૂર કરે છે. ઘેવઘેલી ઉપર જલદી ચડાઇ થશે, એમ ધારવામાં આવે છે.

પૂર્વ આફ્રિકામાં જીત.

નૈરોબી, ૨૬ મી માર્ચ.

રૂવા પાસે જનરલ સ્મટ્સે દુશ્મનનાં મુખ્ય લશ્કરો સાથે લડાઇ કરી, તેને પરિણામે કિલિમાંજારો અને આઇશાના પ્રદેશો આપણા કબજામાં આવેલ છે, એમ ઓફિશ્યલી ઝાહેર થાય છે.

બ્રિટિશ જીત.

લંડન, ૨૮ મી માર્ચ.

સુરંગો ફોડ્યા પછી સેન્ટ ઇલોઇ પાસે આપણે જર્મનો પર હુમલો કર્યો છે, અને ૬૦૦ વારના મોખરા ઉપર પહેલી અને બીજી લાઇનની ખાઇઓ પડાવી છે. દુશ્મનને ઘણું નુકસાન થયું છે. ૨ અમલદારો અને ૧૬૮ માણસો કેદ પકડાયા છે.

મિત્ર રાજ્યોનું મંત્રીમંડળ.

પારિસ, ૨૮ મી માર્ચ.

ઇતિહાસમાં અગાઉ કદાપિ આટલી બધી મિત્ર પ્રજાઓના પ્રતિનિધિઓ એકઠા થયા નથી. ૨૯ પ્રતિનિધિઓએ કોન્ફરન્સમાં ભાગ લીધો છે. જે ઓરડામાં ૧૮૫૬ માં કાવુરે ઇટલીને મોટાં રાજ્યોમાં સ્થાન અપાવ્યું હતું, ત્યાં બેઠક થાય છે.

સ્વેઝની નહેર.

લંડન, ૨૮ મી માર્ચ.

બ્રિટિશ વિમાનીઓએ નહેરથી ૧૦૦ માઇલ દૂર બીર-અલ-હસના પાસે તુર્કોના મથક ઉપર ૪૦ બોંબ નાંખ્યા છે. તેથી છાવણી બળી ગઇ છે; અને પાણીના બાંધકામને ઘણું નુકસાન થયું છે. તુર્કી પાયદળના પાછલા ભાગ પર હુમલો થતાં તુર્કો ગભરાઇ ગયા હતા. બધાં વિમાનો સલામત પાછાં ફર્યાં છે.

રૂશિયન વિગ્રહખાતાનો પ્રધાન.

પિત્રોગ્રેડ, ૨૯ મી માર્ચ.

વિગ્રહખાતાના પ્રધાન જનરલ પોલિવેનોફે રાજીનામું આપ્યું છે. સાધનો પૂરાં પાડનાર ખાતાનો ઉપરી જનરલ શૌવેઇએફ તેની જગ્યાએ નિમાયો છે.

બ્રિટિશ લાઇન.

લંડન, ૩૦ મી માર્ચ.

પશ્ચિમના મોખરા ઉપરની આખી લાઇનનો ચોથો ભાગ હાલ બ્રિટિશો સાચવે છે. ફ્રેંચો પાસેથી વધારે લાઇન લેવાનું કામ અતિશય ગુપ્ત રીતે કરવામાં આવેલ છે. પુષ્કળ ફ્રેંચ લશ્કર છૂટું થયેલ છે, અને તે બીજે બહુ ઉપયોગી થઇ પડશે.

જાપાન અને રૂશિયા.

લંડન, ૩૦ મી માર્ચ.

રૂસો-જાપાનીઝ વિગ્રહમાં પકડાયેલાં સેંગની, ટાંગો અને સોયા નામનાં લડાયક વહાણો જાપાને રૂશિયાને પાછાં આપ્યાં છે.

ફ્રેંચ જીત.

પારિસ, ૩૦ મી માર્ચ.

આવોકોર્ટ આગળ અતિશય સખ્ત લડાઇ થઇ છે. રાતને વખતે જર્મનોએ ઘણી વાર હલ્લા કર્યા, પણ તે બધા નિષ્ફળ ગયા છે. આપણા પાયદળે દુશ્મનનો ખૂબ સંહાર કર્યો છે. જર્મન મુડદાંના ઢગલે ઢગલા ઝમીન પર પડ્યા છે.

ભાવનગર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૧૧ મી એપ્રિલ, ૧૯૧૬. [અંક ૧૯.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વેંહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૧૧ મી એપ્રિલ ૧૯૧૬.

જર્મનીમાં રાક્ષસી ઉપદેશ.

"હમ સાયએ ખુદા હય, હમ બાદશાહ હય:
કુલ બહરો બર કે માલિકો પુશ્તોપનાહ હય!"

અર્થ:—"અમે ઇશ્વરની છાયા છીએ, અને અમે બાદશાહ છીએ: તમામ પૃથ્વી તથા સમુદ્રના અમે ધણી અને રક્ષક છીએ."

પચીસેક વરસથી જર્મન પ્રજાને ઝાહેરમાં અને ખાનગીમાં એવું શિક્ષણ મળતું આવ્યું છે, કે જર્મનો દુનિયાની બધી પ્રજાઓમાં સર્વોપરિ છે, અને જે કોઇ તેમની મહત્ત્વાકાંક્ષા અને અધિકારની સામે થાય તેમને સઝા કરવાને તેઓ ઇશ્વર તરફથી પસંદ થયેલા છે. કૈઝર અને તેના ભાડુતી ખુશામતખોરોએ આ મિથ્યાભિમાનને ઉત્તેજન આપ્યું છે; અને કારભારીઓ, લશ્કરી અમલદારો, યુનિવર્સિટીના પ્રોફેસરો, તથા ધર્મોપદેશકોએ મળીને સમસ્ત જર્મન પ્રજાને એવી દીવાની બનાવી છે, કે તે એ પ્રમાણે માને છે. તેઓ ધારે છે કે પોતે સુધારાના અગ્રેસર છે એટલુંજ નહીં, પણ બીજી પ્રજાઓ ઉપર રાજ્ય કરવાને ઈશ્વર તરફથી નિર્મિત થયેલા છે.

લીપઝિકનો ગ્રોએલ નામે એક ઉપદેશક બોલ્યો છે, કે:—

"નરકની સાથે કશું સમાધાન થવું જોઇએ નહીં, શયતાનના સેવકો તરફ કશી દયા ઘટે નહીં: અર્થાત્, ઇંગ્લિશ, ફ્રેંચ, અને રશિયન તરફ, કે જે કોઇ પ્રજાએ પોતાની જાત શયતાનને વેચી હોય તે તરફ, લેશ માત્ર દયા ઘટતી નથી. દૈવી ફરમાનથી એ સૌને મોતની સઝા થઇ ચૂકી છે."

"જિગર જિસ્સે શક હો વો તહરીર હય યેહ:
"ભડકે જિસ્સે નફરત વોહ તકરીર હય યેહ!"

અર્થ:—"જેનાથી કાળજું ફાટે તે આ લખાણ છે: અને જેનાથી કંટાળો વધે તે આ વિવેચન છે."

આવો ઉપદેશ થતો હોય, ત્યાં ઝેપ્પેલિનો અને સબમરીનોના હુમલાથી ઓરતો અને બાળકોનાં ખૂનની ખબર સાંભળીને બર્લિનની વસ્તી આવેશમાં આવે, તારીફ કરે, અને હર્ષોન્મત્ત થાય, તેમાં નવાઇ નથી.

"મેં મુવા તો ઉસ્કે ઘર શાદી હુઇ:
ખૂનકે છાપે લગે દીવારસેં !"

અર્થ:—"મારા મરવાથી તેને ઘેર આનંદ થયો: ભીંતો પર લોહીના છાપા પડ્યા."

જર્મનીના દુશ્મની સામે થનારા સૌને આમ મોતની સજા થાય છે, તેના સંબંધમાં જવાબ નીચે પ્રમાણે છે:—

"પ્રભુ સૌ તરફ દયાળુ છે, સૌને ચાહે છે, અને સૌને શાશ્વત્ સુખી કરવા ઇચ્છે છે; તેટલા માટે જે કોઇ એવા સ્નેહમાં નથી, બીજાઓ તરફ દયાળુ નથી, તેમને ચાહતો નથી, અને તેમને સુખી કરવા ઇચ્છતો નથી, તે પ્રભુની સાથે સંયુક્ત થઇ શકતો નથી. એવા માણસની અને પ્રભુની વચ્ચે નરકની ખાડી રહેલી છે," (સ્વર્ગીય મંત્રો, ૯૦૪). આ શબ્દોથી વધારે કશું કહેવાની જરૂર નથી.

બર્લિન કેથીડ્રલમાં ઉપદેશ કરતાં પ્રોફેસર સીબર્ગે કહ્યું હતું, કે:—

"દુશ્મનોને મારી નાંખવામાં, તેમનાં ઘરો બાળી મૂકવામાં, અને તેમના મુલક પર ચડાઇ કરવામાં જર્મનોએ ફક્ત એક પ્રીતિનું કાર્ય કર્યું છે."

બર્લિન યુનિવર્સિટીમાં ધર્મશાસ્ત્રનો એક પ્રોફેસર જે આવા શબ્દો બોલે છે, તે પવન કઇ દિશાનો વાય છે, એ સારી રીતે બતાવી આપે છે. જો એ શબ્દો એકજ માણસના હોત, તો તેને દીવાનાનો લવારો ગણીને આપણે બાજુએ મૂકી શકત. પણ કમનસીબે એકજ માણસ એમ બોલનાર નથી. એવું લાગે છે કે આખી પ્રજા, પુરુષો, સ્ત્રીઓ અને બાળકો સુદ્ધાં, એ સિદ્ધાંત માને છે; અને તેટલા માટે નિર્દય કર્મોથી તેમને થતું અટ્ટહાસ્ય સમજી શકાય છે.

પેસ્ટોર ફિલિપ્પી નામે એક બીજો બર્લિનનો ઉપદેશક નીચે પ્રમાણે બોલ્યો છે:—

"ખરૂં જોતાં આપણે શુદ્ધ છીએ તેટલા માટે પરમેશ્વરે આપણને પોતાના હથિયાર તરીકે પસંદ કર્યા છે, કે જેથી આપણે અદેખાઓને સજા કરીએ, દુષ્ટને દંડ આપીએ, અને પાપી પ્રજાઓને સમશેરથી ગ્રેહ કરીએ. ઓ બંધુઓ, જર્મનીનું દૈવી મિશન (=કર્તવ્ય) માણસજાતને વધસ્તંભે જડવાનું છે. તેટલા માટે જર્મન સિપાઇઓની ફરજ દયા લાવ્યા વગર ઘા કરવાની છે. તેમનું કામ મારી નાંખવાનું, બાળી મૂકવાનું, અને નાશ કરવાનું છે; અને અધૂરી સખ્તાઇમાં પાપ છે. લેશ પણ દયા વગર લડાઇ ચાલવા ધો. જે પ્રમાણે એક નઠારો છોડ આપણે જડમૂળથી ઉખેડી નાંખીએ છીએ, તે પ્રમાણે અનીતિ આચરનારાઓનો અને

શયતાનના મિત્રો તથા સાથીઓનો સંહાર કરવો આવશ્યક છે. શયતાન પોતે, કે જે એક મોટા રાજ્ય (ઇંગ્લંડ)ના રૂપમાં દુનિયાની અંદર આવેલો છે, તેને કચરી નાંખવો જોઇએ. નીતિનું રાજ્ય ત્યારેજ દુનિયા ઉપર સ્થાપિત થશે, અને તેને પયદા કરનાર જર્મન શહેનશાહત તેની રક્ષા કરશે."

એટલે કે પૃથ્વી ઉપર પ્રભુનું રાજ્ય જર્મનો ઘડવાના છે, અને તેની રક્ષા કરવાનું કામ પણ તેમનેજ સુપ્રત થયેલું છે!

"વાદીએ ઝુલમત મેં અપને દખ્લ હુવ કબ નૂર કા?
મેહ્ર એક શોઅ્લા સા હુવ સો ભી ચિરાગે દૂર કા!"

અર્થ:—"આપણા ઘોર જંગલમાં પ્રકાશનો પ્રવેશ નથી. સૂર્ય એક ભડકા જેવો છે, પણ તે દૂરનો દીવો છે."

જર્મનો શુદ્ધ હોવાના કારણથી પરમેશ્વરે તેમને પસંદ કર્યા છે, એ વાત કોઇ રીતે સિદ્ધ થઇ શકે તેમ નથી. જર્મની શુદ્ધ પ્રજા નથી: સુધરેલી પ્રજાઓમાં તે એક અતિશય અપરાધી અને દુષ્ટ પ્રજા છે. પ્રોફેસર ટૉમસ સ્મિથે "જર્મનીનો આત્મા" નામે એક પુસ્તક લખ્યું છે, અને જર્મનીમાં દર વરસે થતા ગુનાહોનાં તેમાં પત્રકો આપેલાં છે, તથા ઇંગ્લંડમાં બનતા ગુનાહોની સાથે તેમની સરખામણી કરી છે. ઘણા ગુનાહો એવા છે, કે તેમનાં નામ આપતાં પણ અતિશય કંટાળો આવે; છતાં બધામાં જર્મનીનું પ્રમાણ ઇંગ્લંડના કરતાં પાંચથી દસગણું છે. જે ગુનાહોની કુટુંબમંડળમાં ચર્ચા કરી શકાય તેમાં પણ એ પ્રમાણે છે. કેવળ જખમી કરવાનો દાખલો લઇએ. ઇંગ્લંડમાં છેલ્લાં બાર વરસથી એ અપરાધની વાર્ષિક સરાસરી સંખ્યા ૧,૨૧૩ આવે છે; પણ જર્મનીમાં એ સંખ્યા ૧૨૫,૩૮૬ છે. ખોટી જુબાનીની સંખ્યા ઇંગ્લંડમાં ૯૮ છે; પણ જર્મનીમાં ૫૫૪ છે. વેરથી મિલકતને કરેલા નુકસાનના દાખલાની સરાસરી ઇંગ્લંડમાં ૩૫૮ આવે છે; પણ જર્મનીમાં તે ૧૯,૯૮૯ છે. છૂટાછેડા માટેની અરજીઓ ઇંગ્લંડના કરતાં વીસગણી થાય છે. આંકડાઓ નીચે પ્રમાણે છે: ઇંગ્લંડ, ૯૬૫; જર્મની, ૨૦,૩૪૦. આ પ્રમાણે આગળ ચાલતાં ખાતરી થાય છે, કે જર્મનીની શુદ્ધતા કેવળ ખાલી બકવાદ છે.

કૈસરે પોતે એમ કહેલું, કે "મારૂં શાહી અને શહેનશાહી ફરમાન એ છે, કે જનરલ ફ્રેંચના ક્ષુદ્ર ન્હાના લશ્કર ઉપર થઇને તમે ચાલ્યા જાઓ."

બીજાં બધાની આ ખુલ્લી અવગણના ઘણું કરીને જર્મનીના બધા અપરાધોનું મુખ્ય કારણ છે. બીજાઓની અવગણના એ નીચામાં નીચા નરકનો નીચામાં નીચો સિદ્ધાંત છે.

ગ્રાન્ડ-ડચેસ ટેટિઆના પોતાના લશ્કરી લેબાસમાં.

Colonel in Chief of Russian Uhlans. The Grand Duchess TATIANA

ગ્રાન્ડ-ડચેસ મેરી પોતાના લશ્કરી લેબાસમાં.

Colonel in Chief of Russian Horse Grenadiers. The Grand Duchess MARIE

Lakshmi Art, Byculla, Bombay

આ શું સાચી દેશભક્તિ છે? સાચી દેશભક્તિ શી વસ્તુ છે, એ આપણા દેશમાં પણ થોડાજ માણસો સમજે છે; તેટલા માટે આજે એ સંબંધી થોડા વિચારો દર્શાવવાને અમે પ્રવૃત્ત થઇએ છીએ.

સાચી દેશભક્તિ.

"મુતમઇન કર તૂ વતનવાલોંકો બા ઇખલાકે નેક;
કર તરદ્દુદ દૂર ઉનકા હુબ યહી હુબ્બુલ વતન!"

અર્થ:—"સારા સદ્‌ગુણો સાથે સ્વદેશીઓને શાંત કર, અને તેમની અથડામણ મટાડ, એજ સ્વદેશપ્રીતિ છે."

દેશભક્તિ અથવા દેશનો પ્રેમ એટલે શું? કોઇ પણ વિદેશી વસ્તુમાં કશું સારૂં નથી, અને બધા સદ્‌ગુણો આપણા દેશમાંજ સંચિત થયા છે, એવો અર્થ તો આપણે સમજતા નથી. તેમ "ખરો કે ખોટો પણ મારો દેશ," એ પ્રકારની લાગણીને પણ આપણે ભાગ્યેજ દેશભક્તિ કહી શકશું. કારણકે એ લાગણી અત્યારે જર્મનીમાં છે, અને તેથી જર્મનીના મોટા દોષો જર્મનો જોઇ શકતા નથી.

તેમ જે આવેશ નિરાધાર વિદેશીઓ ઉપર હુમલા કરે છે, અને એલચીઓને અપમાન આપે છે, તે દેશપ્રેમ નથી. એવાં કૃત્યો પ્રેમનાં નહીં પણ ધિક્કારનાં છે.

વળી માણુસ પોતાના દેશના પક્ષમાં લડે અને મરે, તેથી પણ તે સાચો દેશભક્ત થઇ જતો નથી; બધો આધાર તેના લક્ષણ અને હેતુઓ ઉપર છે. માણુસ ચોર, જૂઠો, દગાખોર, અથવા વ્યભિચારી હોય, અને છતાં દેશની લડાઇઓ લડી શકે તથા બહાદુરીથી મરી શકે. શું દેશભક્તનું ઉમદા નામ તેને યોગ્ય રીતે આપી શકાય? પ્રખ્યાત માર્લબરોનો ડ્યૂક એક મોટો સિપાઇ હતો, અને ઇંગ્લંડને તેણે મોટી કીર્ત્તિ અપાવી છે; પણ તેના દુર્ગુણો એવા હતા, કે આપણે તેને સાચો દેશભક્ત કહી શકતા નથી.

પોતાની ઇચ્છાથી લડવામાં માણુસ દેશના પ્રેમથી પ્રેરિત હોઇ શકે, અથવા કોઇક જાતના પોતાસ્નેહથી, અથવા બીજાઓ તરફ તિરસ્કારથી. પહેલી લાગણી માત્ર બચાવની છે, બીજી અને ત્રીજી હુમલાની છે. સાચો દેશભક્ત ધિક્કારથી નહીં પણ સ્નેહથી પ્રેરિત હોય છે, અને પોતાના દેશ ઉપર હુમલો થાય તે સિવાય લડતો નથી.

સાચી દેશભક્તિ વિગ્રહની પેદાશ નથી—વિગ્રહના વખતમાં તે માત્ર એક નવું રૂપ ધારણ કરે છે—પણ તત્ત્વતઃ તે શાંતિની પેદાશ છે, કારણકે પ્રજાકીય જીવનની સાધારણ સ્થિતિમાં તેનો હમેશાં ઉપયોગ છે.

જ્યારે આપણે એમ કહીએ છીએ, કે અમે અમારા દેશને ચાહીએ છીએ, ત્યારે આપણો શો આશય હોય છે? શું આપણે દેખાવોને અને કુદરતી સંસ્થિતિને ચાહીએ છીએ? શું આપણે કોમના ઇતિહાસને ચાહીએ છીએ, કે આપણામાં જે રીતરિવાજો પ્રચલિત છે તેમને, કે આપણાં ભાષા, સાહિત્ય, તથા ધર્મને, કે માત્ર આપણાં મકાનો અને સગાંવહાલાંને? અમને લાગે છે, કે બધી દેશભક્તિનો પાયો સંસ્થિતિના સ્નેહમાં છે,—કુદરતી, સામાજિક, માનસિક, અને નીતિ સંબંધી; અને આપણી સંસ્થિતિને માટે આપણને જે સ્નેહ હોય તેના પ્રમાણમાં તે ફરે છે. દાખલા તરીકે, જો નિયમ વગરના કાયદાથી કોઇ લોકોને અણગમતી સ્થિતિ પ્રાપ્ત થાય, અથવા તેમાં સ્વતંત્ર માનવજીવન મુશ્કેલીથી જીવી શકાય, તો આપણે બહુ દેશભક્તિ દેખશું નહીં. જ્યાં સ્વતંત્રતા છે, જ્યાં ન્યાય છે, અને જ્યાં દરેક માણસને એમ લાગે છે કે પોતે સંસ્થિતિને રૂપ આપવામાં ભાગ લઇ શકે છે, ત્યાં દેશભક્તિનો વિકાસ સૌથી વધારે થશે. આયર્લૅંડમાં વસ્તીનો અમુક ભાગ બ્રિટિશ પક્ષને માટે બ્રિટનોના જેટલો દેશભક્ત નથી, કારણકે જૂદા ધર્મના લોકોએ ઘડેલા કાયદાને તાબે થવાની તેમને ફરજ પડી છે.

ફ્રાન્સના રાજ્યવિપ્લવ પહેલાં ત્યાંના કચરાયેલ ખેડુતોમાં ઘણી દેશભક્તિનો સંભવ નહોતો, કારણકે તેમની જિંદગી ભારરૂપ હતી. પણ સ્વતંત્રતા, સમાનતા, અને બંધુતાનું વચન મળ્યું, તેથી શરૂઆતની ભૂલો છતાં એટલો આવેશ પ્રગટ થયો, કે ઘણાં વરસ સુધી યૂરપમાં ફ્રાન્સની સ્થિતિ સર્વોપરિ રહી, અને લોકોના લક્ષણમાં છેક ફેરફાર થઇ ગયો. સાચી દેશભક્તિ આપણી પ્રજાનાં લક્ષ્યો માટેની પ્રીતિ છે: જે સર્વોપરિ વસ્તુઓને માટે આપણા દેશનું અસ્તિત્વ છે તે માટેની એ પ્રીતિ છે.

સાચો સ્નેહ, પછી તે વ્યક્તિનો હોય કે દેશનો, પણ આંધળો હોતો નથી. આંધળા સ્નેહમાં સ્નેહના પાત્રની તારીફ થતી નથી; ડહાપણવાળો સ્નેહ પોતે શા માટે ચાહે છે તે જાણે છે, કારણકે તે પાત્રના સારા ગુણોની કદર કરે છે. દેશની કીર્તિને કલંક લગાડે તેવી બાબતો હોય, તો સાચા દેશભક્તને સામે પણ થવું પડે છે.

દેશને પિતૃભૂમિ અથવા માતૃભૂમિ કહેવામાં આવે છે તે બરાબર છે, કારણકે દેશ આપણું પોષણ તથા રક્ષણ કરે છે. દેશને આપણી જાતના કરતાં વધારે ચાહવાની આપણી ફરજ છે; અને પ્રસંગ આવે ત્યારે પ્રાણ આપવાની પણ. છતાં દેશનું કલ્યાણ શેમાં રહેલું છે તે દ્વિજ મનુષ્યોજ સમજી શકે છે; અને દ્વિજ મનુષ્યો અત્યારે કેટલા થોડા છે તેનો આપણને અનુભવ છે. અમે દ્વિજ શબ્દ હિંદુ કોમનાજ એક ભાગ માટે વાપરતા નથી, પણ તેના સાચા અને શાસ્ત્રીય અર્થમાં વાપરીએ છીએ. એ અર્થ પ્રમાણે દ્વિજો માત્ર હિંદુઓમાંજ નહીં, પણ મુસલમાનોમાં, ક્રિશ્ચિયનોમાં, પારસીઓમાં, અને કદાચ જૈનોમાં પણ હોઇ શકે છે. દ્વિજ એટલે નવા જન્મેલા (=regenerated). માણસ માત્ર કંઇ ને કંઇ પાપમાં જન્મે છે: જેઓ

એ પાપને જોઇ પ્રભુની મદદથી તેમાંથી મુક્ત થાય છે, તે નવા જન્મેલા અથવા દ્વિજ સમજવા. એ પ્રકારના લોકોજ દેશનું હિત સમજી અને સાધી શકે છે: કારણકે તેઓજ હિંદુ, મુસલમાન, પારસી, ક્રિશ્ચિયન, જૈન, વગેરે તમામ મતમતાંતરના માણસોને હિંદી ભાઇઓ તરીકે ચાહી શકે છે.

લડાઇના તાર.

—:o:—

સામાન્ય સ્થિતિ.

જર્મનો હજી વર્ડુન લઇ શકયા નથી, પણ પશ્ચિમના મોખરા ઉપર હુમલા હજી જોરમાં થયા કરે છે. તેઓ સિવિલિયન વસ્તી ઉપર બોંબ નાંખવાની ક્રૂર રમત હજી રમ્યા કરે છે; અને આગબોટોને ડુબાવે છે. પૂર્વમાં કે પશ્ચિમમાં કે દક્ષિણમાં રાક્ષસોનું જોર જરા પણ નરમ પડ્યું નથી. પણ તેમના અપરાધો વધતા જાય છે. પોર્ટુગલ ડુબાવવાથી તેમનાં કલંકોમાં મોટો ઉમેરો થયો છે; અને બેલ્જિયમમાં, પોલાંડમાં તથા સર્બિયામાં સ્થાનિક વસ્તીની અતિશય દુર્દશા છે. પણ મિત્ર રાજ્યો હવે સાવધ છે, એટલે છેવટના વિજયની આપણને ખાતરી છે.

વર્ડુનની લડાઇ.

પારિસ, ૩૧ મી માર્ચ.

વર્ડુનના પ્રદેશમાં જર્મનોએ ફરીને જોરાવર હલ્લો કર્યો છે. મેલેનકોર્ટ ઉપર તોપનો મારો બમણો થયો છે; અને રાતને વખતે દુશ્મને જૂથમાં ચડાઇ કરી છે. આખી રાત તોફાન ચાલ્યા પછી આપણા લશ્કરે ગામડું ખાલી કર્યું છે.

ઇટાલિયન ધસારો.

લંડન, ૩૧ મી માર્ચ.

ઇટાલિયનો આખા મોખરા ઉપર હઠથી લડે છે, અને જય પામે છે. એક અઠવાડિયામાં ટ્રેન્ટિનોમાં ૧૯ માઇલના મોખરા ઉપર તેઓ ૭½ માઇલ આગળ વધ્યા છે. પુષ્કળ લૂટ હાથ કરી છે. ઑસ્ટ્રિયનો વર્ડુન કે રિગાના પ્રદેશમાં જર્મનોની મદદે જઇ શકયા નથી.

દરદીઓના વહાણનો નાશ.

પારિસ, ૧ લી એપ્રિલ.

પોર્ટુગલ નામે એક ઇસ્પિતાલનું વહાણ, કે જે ફ્રેંચોએ રુશિયન સરકારને વાપરવા

આપ્યું હતું, અને જેના પર ઘણા જખમી માણસો હતા, તે એક જર્મન સબમરીને ડુબાવી દીધું છે. ૧૧૫ માણસોનો પત્તો નથી.

વૉક્ષ: ગામ અને કિલ્લો.

પારિસ, ૨૭ એપ્રિલ.

પાયમાલ થયેલું વૉક્ષ ગામ દુશ્મનોના કબજામાં છે, પણ કિલ્લો હજી ફ્રેંચોના હાથમાં છે. મારામારી લાંબા વખત સુધી ચાલશે; છતાં ઇપ્રે, આરસ, વગેરેની માફક વર્ડુન મિત્ર રાજ્યોની પાસે રહેશે, એમ દેખાય છે.

ગ્રીક સરકારની વિનંતી.

ઍથન્સ, ૨૭ એપ્રિલ.

ગ્રીક સરકારે મિત્ર રાજ્યોને સાલોનિકા ખાલી કરવાની વિંનતી કરી છે, કારણકે હવાઇ ચડાઇઓને લીધે શહેરીઓ ફરિયાદ કરે છે.

સરકારને રાજાજીની બક્ષિશ.

લંડન, ૨૭ એપ્રિલ.

રાજાજીના ખાનગી ખજાનચીએ મિ. એસ્કિવથને ૧૦૦,૦૦૦ પૌંડ મોકલી આપીને જણાવ્યું છે, કે એ રકમ સરકારને ઠીક પડે તેમ વાપરે, એવી નામદાર રાજાજીની ઇચ્છા છે.

નૌકાની લડાઇ.

લંડન, ૫ મી એપ્રિલ.

સ્ટૉકહોમમાં એમ બોલાય છે, કે ગઇ કાલે કાટ્ટેગાટમાં એક નૌકાની લડાઇ થઇ છે. તોપોનો ભયંકર ગડગડાટ દરિયામાં સંભળાયો હતો; અને બે કલાક પછી એક જર્મન ટોર્પીડો બોટ ખરાબ સ્થિતિમાં હેલિસંગબોર્ગ પાસેથી પસાર થતી દેખાઇ હતી.

નિવેદન.

આજના અંકની સાથે રુશિયન શહેનશાહની બે પુત્રીઓનો લશ્કરી લેબાસમાં એક સુંદર ફોટોગ્રાફ અમે અમારા વાંચનારાઓને ભેટ કરીએ છીએ.

ભાવનગર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૧૮ મી એપ્રિલ, ૧૯૧૬. [અંક ૨૦.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વેહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૧૮ મી એપ્રિલ ૧૯૧૬.

મેસોપોટેમિયામાં લડાઇ.

બગદાદ અને ઇરાની અખાત વચ્ચેના મુલકમાં "એરેબિયન નાઇટ્સ" ના વાતાવરણુની હાલ કશી અસર નથી. એમ કહેવાય છે કે, જુના વખતમાં તો એક કૂકડો સિંદબાદના શહેર બસરાથી નિકળે, તો એક પછી એક ઘર ઉપર કૂદતો કૂદતો બાબીલોન અને સેલ્યૂશિયા વટાવીને હારૂન-અલ-રશીદની રાજધાની સુધી પહોંચે, એવું હતું. પણ મોગલો, તુર્કો, અને આરબો દુનિયાના તે સૌથી રસાળ મુલક પર ફરી વળ્યા, તે પછી ટાઇગ્રિસ અને યુફ્રેટિસ વચ્ચેનો પ્રદેશ વેરાન થઇ ગયો છે, અને જંગલોમાં સિંહ ફરે છે. બાબીલોનિયામાં હાલ દ્રાક્ષો કે નારંગીઓની કુંજો નથી, અને ગુલાબની વાડીઓ નથી. એ જંગલો કોઇએ શા માટે સુધાર્યાં નથી, તે ૧૯૧૫ના વસંતમાં આપણાં લશ્કરોને જણાઇ આવ્યું. એપ્રિલમાં હિંદી લશ્કરનો સેનાપતિ સર આર્થર બેરેટ એટલો માંદો પડ્યો, કે સર જૉન એકલીઝ નિકસનને તે અધિકાર લેવો પડ્યો. પછીના મહિનામાં બ્રિટિશ પલટનોના ઘણા માણસોને અસુખ લાગવા માંડ્યું, અને જ્યારે ઉન્હાળાનો તાપ પૂરેપૂરો પડવા માંડ્યો, ત્યારે સિપાઇઓ અતિશય હેરાન થવા લાગ્યા.

તાપ પંજાબના કરતાં કંઇ બહુ વધારે ખરાબ નહોતો, છતાં તે હિંદી લશ્કરને પણ બ્રિટિશ લશ્કરના જેટલોજ આકરો લાગ્યો. કારણુ એ હતું, કે ઘણાં બંધાઇ રહેલાં પાણીમાંથી સડતા પદાર્થોને લીધે ત્રાસદાયક મચ્છરો, કરડતી માંખીઓ, અને એવા બીજા અસંખ્ય જંતુઓનો જન્મ થયેલો. આ જંતુઓને લીધે ઇડનની વાડીનું કહેવાતું સ્થાનક, જ્યાં અબ્રાહમ પોતાનાં ઢોર ચારતો તે ઊરનો નદીઓવાળો ભાગ, તથા જે વેરાન પીળી ટેકરીઓ યુફ્રેટિસ પાસેની ઝૂલતી વાડીઓની નિશાની તરીકે રહી છે, અને જ્યાં મહાન્ સિકંદરનું મૃત્યુ થયેલું, તે પ્રદેશનો બચાવ થયો છે. સિકંદર ભૂમધ્ય સમુદ્ર અને હિંદી મહાસાગરની વચ્ચેના બધા શહેનશાહો, રાજાઓ, અને ઠાકોરોને જીતી શકયો હતો; પણ તેની કીર્તિ સર્વોપરિ બિંદુએ પહોંચતાં તેને એક મચ્છરે દંશ કર્યો હતો, અને તેને ઝેરી તાવ લાગુ થયો હતો.

જંતુજન્ય વ્યાધિઓને લીધેજ લગભગ ત્રણ સદી સુધી તુર્ક અને બ્રિટન બંને એ મુલકમાં આગળ વધેલા નહીં. માત્ર ભટકતા આરબો સેંકડો વરસથી એ ઝેરમાં રીઢા થયેલા હોવાને લીધે ત્યાં જીવી શકે છે. તેમનાં છોકરાંને ન્હાનપણમાં એ તમામ વ્યાધિઓ થાય છે, પણ તેમના બાંધા એવા પ્રકારના હોય છે, કે જે વ્યાધિઓથી પરદેશીઓ મરી જાય છે, તેથી તેમને ઘણી ઇજા થતી નથી.

ત્રણ સો વરસ મિત્રતા જેવો સંબંધ ટકાવ્યા પછી જ્યારે બ્રિટન અને તુર્ક હિંદના ખુશ્કી રસ્તા સારૂ ઇરાની અખાતની આસપાસ વઢવા માંડ્યા, ત્યારે તેમને એકબીજાનાં હથિયારોના કરતાં તે પ્રદેશના રક્ષક જંતુઓ તરફથી વધારે નુકસાન થયું. માંખીઓથી મરડો અને "ટાઇફોઇડ" નામનો તાવ શરૂ થયો; અને મચ્છરોથી મેલેરિયાનું બીજ દાખલ થયું. મેલેરિયાનું જોર જ્યારે ક્વિનીનથી નરમ થયું, ત્યારે નવી જાતના તાવ શરૂ થયા. ઇસ્પિતાલ દરદીઓથી ચીકાર ભરાઇ ગઇ; અને તેમને સાજા કરવા સારૂ હિંદમાં લાવવા પડ્યા.

ઘણા સિપાઇઓને લગભગ અવસ્ત્ર સ્થિતિમાં રહેવું પડ્યું: માથે ભડકા જેવા તડકાથી બચવા સારૂ વણેલા બરૂની સાદડી, અને શરીરે મચ્છરદાની. પણ માંખીથી છૂટા થવાય તેવું નહોતું. માંખી ખાધા વગર માણસથી ખાઇ શકાય એવું નહોતું. ધોળા રોટલાનો કકડો મ્હોએ પહોંચતાં કાળો થઇ જતો, અને કોઇક જાતનો મરડો પરિણામે થયા વગર રહેતો નહીં. અને તડકાની અસર એટલી હતી, કે એવા જુવાન અને મજબૂત સિપાઇઓ પણ દિવસમાં આઠ માઇલ કરતાં વધારે કુચ ભાગ્યેજ કરી શકતા. લોહીમાંથી પ્રવાહી અંશ એટલો બધો ઘટી ગયો, કે કુંજાઓ ખાલી કર્યા છતાં પણ તરસ છીપેજ નહીં.

પૂર્વ આફ્રિકાની લડાઇ પણ કંઇ આરામની નહોતી, છતાં મેસોપોટેમિયાની લડાઇથી તો તોબાહ! ખલાસીઓએ જો મદદ ન આપી હોત, તો હિંદી લશ્કરને બસરા પકડીને તથા ઇરાનના તેલના ઝરાનું રક્ષણ કરીને બેસી રહેવું પડ્યું હોત. પણ હિંદી નૌકાના તથા બ્રિટિશ નૌકાના ખલાસીઓએ મદદે આવીને સ્થિતિમાં મોટો ફેરફાર કર્યો. આખું લશ્કર જાણે કે નૌકાસૈન્ય બની ગયું. દરેક જાતના વહાણનો ઉપયોગ કરવામાં આવ્યો. કંઇ કંઇ જૂની આગબોટોને કામે લગાડવામાં આવી; અને એક વિમાનનો પણ અમુક ફેરફાર પછી વહાણ તરીકે પ્રયોગ થયો.

સર જૉન નિક્સને પોતાના સિપાઇઓને ખલાસી બનાવીને લડાઇ શરૂ કરી. થોડાં અઠવાડિયાં સુધી કુર્ના આગળ પડેલી બધી પલટનોએ "બલામ" નામની હોડીઓ ચલાવવાનો અભ્યાસ કર્યો. એ હોડીઓ ૩૫ ફુટ લાંબી થાય છે, અને છીછરાં પાણીમાં વાંસડાથી તથા ઊંડાં પાણીમાં હલેસાંથી ચાલે છે. બે માણસને તે ચલાવવામાં રોકાવું પડે છે, અને લડાઇ થાય ત્યારે એ બંને કપાઇ જવાનો સંભવ હોવાથી બધા માણસોને તે ચલાવતાં શીખવાની જરૂર હતી.

એજ અરસામાં થોડી તોપો પણ પાણી પર ચડાવવામાં આવી; અને મેની ૩૧ મી તારીખે કાફલો હુમલો કરવા સારૂ ઉપડ્યો.

આવી મેકરો હોડીઓની આગળ પણ આગબોટો ચાલતી હતી, કે જે દરેકની ઉપર ૭૬૬ ચારઇંચિયા તોપ હતી. કાફલાને ન જમીન કે ન પાણી કહેવાય એવા કાદવમાં રસ્તો કાપવાનો હતો. હોડીઓની ગતિમાં સ્થળે સ્થળે ઉગેલાં બરૂઓથી અટકાવ થતો: અને ઉત્તરની ટેકરીઓમાં ખાઇઓ ખોદીને પડેલા તુર્કો તેના પર ગોળા ફેંકી શકતા હતા. પણ તેમની ચારઇંચિયા તોપોમાં જૂના ગોળાઓ વપરાતા હતા, કે જે દક્ષિણ આફ્રિકાના વિગ્રહ પછી આપણી સરકારે તુર્કી સરકારને વેચ્યા હતા. એ ગોળાઓ અવાજ ઘણો પણ નુકસાન થોડું કરતા. અને તુર્કો પાસે મશીન ગનો નહોતી. આપણી આગબોટોના કાફલાએ દુશ્મનની ખાઇઓ પર ગોળા ફેંકયા, તે પછી આપણા સિપાઇ-ખલાસીઓ કિનારે ઉતર્યા, અને ઊંચી નહીં જમીન પર સંગીનો વાપરીને હલ્લો કરવા લાગ્યા. તુર્કો ઠીક લડ્યા, પણ તેમનો બોરકટો થઇ ગયો: અને છ સ્થાનકોએથી તેઓ નાસવા લાગ્યા, તથા ટાઇગ્રિસ ઉપર અમારા કરીને બંદર છે, ત્યાં સુધી પહોંચ્યા.

તેમની પાછળ પડી શકાય તેવું નહોતું. એક કુશળ જર્મન એંજીનિયર, કે જે વિગ્રહ શરૂ થયો ત્યારે નદી પર કામ કરી રહ્યો હતો, તેણે મોટાં વહાણો ડુબાવીને તથા આસપાસ સુરંગો ગોઠવીને નદીનો રસ્તો બંધ કર્યો હતો. સુરંગોને તથા બીજી અડચણોને દૂર કરતાં આપણા માણસોને બે દિવસ લાગ્યા. ૧ લી જૂનની સાંજે આપણી આગબોટો કુર્નીને ચાલી શકી. એવી ધારણા હતી, કે અમારા, કે જે કુર્નાથી ઉપર ૮૭ માઇલ પર આવેલું છે, ત્યાં તુર્કો ફરી સામે થશે. અમારામાં દસ હજારની વસ્તી છે. અને બગદાદ કે જે ઉપર ૩૭૦ માઇલ દૂર છે, તથા બસરા કે જે નીચે ૧૩૦ માઇલ છે, તેની વચ્ચે તે સૌથી વધારે મહત્ત્વનું સ્થાન છે. પણ તુર્કી સેનાપતિ પોતાનાં લશ્કરને લડવા દીધા વગર ફતઅલ અમારા સુધી લઈ ગયો, અને ત્યાં મોરચા નાંખ્યા.

અમારા હસ્તગત થતાં તેની અને બસરાની વચ્ચે ૧૩૬ માઇલનો નદીઓનો વ્યવહાર જાળવવાનું કામ આપણાં લશ્કરો પર આવ્યું. તુર્કો જોકે હઠી ગયા હતા, તોપણ ઘણા હથિયારબંધ આરબો દેશમાં ઠેકઠેકાણે વેરાયલા હતા. કેટલાક આપણો જય થતો જોઇને આપણા પક્ષમાં ભળ્યા હતા; પણ ઘણા ધાર્મિક અને બીજાં કારણોને લીધે તુર્કોના પક્ષમાં હતા, અને પ્રસંગોપાત્ત સામે થતા હતા.

બસરામાં તો થોડા વખતમાં એટલી શાંતિ વ્યાપી ગઇ, કે બ્રિટિશ એન્જીનિયરો સિંદબાદ ખલાસીના શહેરને નવું રૂપ આપવાના પ્રયત્નો કરવા લાગ્યા. કંઇ કંઇ નવા બંધ બંધાયા, અને પુલો નંખાયા, તથા રસ્તાઓ તૈયાર થયા.

પછી શહેરને સુધારવાની તજવીજો ચાલી. સ્થાનિક ધણીઓ પાસેથી જમીન વેચાતી લેવામાં આવી. આરબ વેપારીઓને એથી આશ્ચર્ય થયેલું, કારણકે જીતનારાઓ નાણાં આપીને વ્યવહાર કરે એવો વહિવટ તેમણે જોયેલો નહીં. જગાતની વ્યવસ્થા થઇ, અને વેપારને ઉત્તેજન મળવા માંડ્યું. થોડા વખતમાં લોકોને દેખાઇ આવ્યું, કે નવી સરકારથી ફાયદા થવાના ખરા.

પરિણામ એ આવ્યું, કે કેટલીક આરબ ટોળીઓ નવી સરકારના પક્ષમાં કામ કરવા લાગી: અને ભયંકર તડકાથી જ્યારે સિપાઇઓ હેરાન થવા માંડ્યા, ત્યારે તેમને આરામ આપવાને એ લોકોએ ઘણું કર્યું. મહિનાઓ સુધી એક પણ ગોળીબહાર થયો નહીં, અને જોકે આપણા સિપાઇઓ એવું માનતા હતા, કે તુર્કોએ ઘણાં હથિયારો મસ્જિદોમાં સંતાડ્યાં છે, છતાં શહેરોમાં મુલ્લાંઓ સિવાય દરેક આરબ આપણી તરફેણમાં રહ્યો.

પણ રણમાં લડવાનું કામ આકરૂં હતું. રણમાં ન્હાના તંબુઓની અંદર ગરમી ૧૩૦ ડીગ્રી સુધી થતી, અને કોઇ કોઇ વાર રેતીના વંટોળિયા વાતા. પ્રથમ દૃષ્ટિમર્યાદામાં કંઇક મટ્ટ ખાખી રંગના વાદળા જેવું દેખાતું, અને તે છાવણી તરફ ધસી આવતું. માણસો એવે વખતે તંબુઓની ખીલીઓને તથા દોરડાંને મજબૂત બનાવતા, અને છૂટોછવાયો સામાન એકત્ર કરતા: પણ કેટલીક વાર ગમે તેવી તૈયારી છતાં બચાવ થઇ શકતો નહીં. તંબુઓ ગંજીફાનાં પાનાંની માફક ઢળી પડતા, અને ગરમ રેતીના સપાટા ચહેરા પર ન પડે, તેટલા માટે સૌને પોતાનાં માથાં બિછાનામાં, કે પેટીઓમાં, કે ગમે તે રીતે સંતાડવાં પડતાં. સખ્ત તોફાનોમાં ઘોર અંધકાર થઈ જતો, અને કલાકો સુધી જારી રહેતો. તોફાન શાંત થતું, ત્યારે પાણીમાંથી નિકળતા કૂતરાઓની માફક સૌ પોતાનાં શરીર હલાવતા. તેમની આંખો ખૂનથી રાતી થઇ આવતી: અને તેમનાં મ્હોં અને નસકોરાંમાં રેતી અને કાદવ જણાતો.

આવી સ્થિતિમાં વિરુદ્ધ આરબ ટોળીઓને પકડવાનું તથા તેમની છાવણીઓને બાળી મૂકવાનું કામ બજાવવાનું હતું. ઘોડેસ્વાર આરબોની સાથે ઝપ્પાઝપ્પીઓ થતી, તેમાં તો બહુ મુશ્કેલી નહોતી. ઘણું કરીને એમની પાસે તોપો નહોતી, અને જ્યારે આપણા માણસો લડવા આવતા, ત્યારે તેઓ છૂટા છૂટા ન્હાસી જતા. તેઓ ફરી ક્યાં એકઠા થનાર છે, એ શોધી કાઢતાં આપણાં વિમાનોને મુશ્કેલી પડતી. હિંદી સવારોએ પાછળ તોપખાનું રાખીને ન્હાસવાનો ઢોંગ કરેલો, અને એ રીતે કેટલીક આરબ ટોળીઓ પ્રથમ સપડાયેલી. પણ એ બધી યુક્તિઓ આરબો થોડી વારમાં સમજી ગયા, અને પછી જૂદે જૂદે સ્થળેથી પાયદળના છાપા વગર તેઓ પકડાય એવું રહ્યું નહીં. પણ પાયદળે તો દસ હજાર વરસથી ભટકતા આરબોનો નાશ કરવાનો વ્યર્થ પ્રયત્ન કરેલ છે; અને જે કામ અગાઉ તુર્ક, મોગલ, ઇરાની, આસીરિયન, બાબીલોનિયન અને સુમેરિયન કરી શક્યા નહોતા, તે જ્યારે હિંદી અને બ્રિટિશ લશ્કરે ઉપાડ્યું, ત્યારે રણના નિવાસીઓએ પોતાની પ્રાચીન યુક્તિઓનો આશ્રય લીધો.

તેઓ રેતીના રણમાં અંદર દૂર હઠી ગયા, કે જ્યાં તેઓ પોતાનેજ માલુમ ઝરાઓમાંથી પાણી મેળવી શકે. ત્યાં રહીને તેમણે પોતાના સૌથી ભયંકર હથિયારથી આપણી સાથે લડવાનો યત્ન કર્યો. એ હથિયાર—તરસ. આપણા માણસો કેટલીક વાર માંડમાંડ ભૂંડી રીતે મરતાં બચેલા. એક વખત આપણા વિમાનીઓએ માત્ર દસ માઇલ દૂર કેટલાક આરબોને છાવણી નાંખીને પડેલા જોયા, અને એમને ઘેરી લેવાનું દેખીતું સહેલું કામ એક મજબૂત ટુકડીને સોંપાયું. આપણા માણસોએ ગરમ રણમાં આખી રાત કુચ કરી, પ્રભાતમાં આરબો ઉપર હુમલો કર્યો, તેમના તંબુઓ બાળી મૂક્યા, અને રેતીમાં કેટલાક માઇલ સુધી તેમને ત્રગડ્યા પછી ખાવાપીવાને માટે તેઓ જિતાયેલી છાવણી તરફ પાછા ફર્યા. એટલા વખતમાં તડકો આકરો થઇ ચૂક્યો હતો, અને આપણા માણસો રાતમાં પાણીના શીસાઓ ખાલી કર્યાથી થાકી ગયા હતા. તેમને માટે બિલકુલ પાણી અણાયેલું નહીં. એવી વકી રાખવામાં આવી હશે, કે નદી ફક્ત દસ માઇલ દૂર હોવાથી તેઓ તરસે મરી જશે નહીં.

સ્હવારે સાત વાગ્યે લશ્કર નદી તરફ પાછું કુચ કરવા લાગ્યું. પણ માત્ર બે માઇલ ચાલ્યા પછી સ્થિતિ ભયંકર થઇ પડી. માણસોને ચક્કર આવવા માંડ્યાં, અને તેઓ થાકથી પડી જવા લાગ્યા. દર સો વારે હાલત વધારે ખરાબ થતી ગઇ. ચાર માઇલ સુધી પહોંચ્યા, ત્યાં સૂરજ ઊંચો ચઢ્યો, હવા ભઠ્ઠા જેવી બની ગઇ, અને ટુકડીને રોકાવું પડ્યું. માણસો ઘણાખરા હિંદી હોઇને તડકાના અનુભવવાળા હતા, પણ તેમનાથી આગળ ચાલી શકાય તેવું રહ્યું નહીં. કેટલાક બ્રિટિશ અમલદારો, કે જેમણે પાણી કરકસરથી વાપર્યું હતું, તેમણે પોતાની પાસે જે હતું તે હિંદી અમલદારોને અને બીજા બહુ જરૂરવાળાઓને આપ્યું. પછી ઉપરીએ તંબૂ નંખાવવાનો હુકમ આપ્યો, અને પોતાના સ્ટાફને તથા સવારોને નદીમાંથી પાણી લેવા મોકલ્યા. દરમિયાન ટુકડીની સ્થિતિ વિષમ થઇ પડી; અને કેટલાકને એવી વેદના થવા લાગી કે જે જોઇ ન જાય. પાયદળના એક બ્રિટિશ અમલદારને લાગ્યું, કે પોતે મરી જશે. એટલે તેણે ભગીરથ યત્ન કરવાનો ઠરાવ કર્યો. તેણે પાણીના શીસાની દોરડી પોતાના ગળામાં નાંખી, કેટલાંક ખચ્ચરોને પણ એ પ્રમાણે સજ્જ કર્યાં, અને સવાર થઇને નદી તરફ ચાલ્યો. નદી સુધી કેમ પહોંચાયું, તે તે પાછળથી કહી શકેલો નહીં. તે અર્ધો બેભાન હતો. પણ પશુઓએ પાણી શોધી કાઢ્યું, અને અમલદાર ઘોડા સાથે તેમાં પડ્યો, કાદવ જેવું પાણી કંઇક પીધું, અને શીસાઓ ભરી લીધા. ખચ્ચરો તાજાં થયાં એટલે તે પાછો ફર્યો, સવારોની પહેલાં છાવણી સુધી પહોંચ્યો, અને ઘણા જીવ તેણે બચાવ્યા.

(આ મહત્ત્વનો ઇતિહાસ આવતા અંકમાં જારી રાખવામાં આવશે.)

લડાઇના તાર.

—:o:—

<u>સામાન્ય સ્થિતિ.</u>

વર્દૂન હજી પડ્યું નથી, પણ જર્મનોના હુમલા જારી છે. આગબોટો ડુબાવવાની અને સિવિલિયન વસ્તી ઉપર બોંબ નાંખવાની દુષ્ટ ક્રિયાઓ હજી તેઓ છોડતા નથી. એ રીતે તેઓ મિત્ર રાજ્યોને સુલેહ કરવાની ફરજ પાડી શકશે નહીં. મિત્ર રાજ્યોના પરસ્પર સંબંધ દિન-પ્રતિદિન વધારે ગાઢ થતા જાય છે.

<u>વર્દૂનની લડાઇ.</u>

પારિસ, ૬ ઠ્ઠી એપ્રિલ.

મ્યૂઝની પશ્ચિમે એવોકોર્ટ અને બેથિનકોર્ટ વચ્ચે તોપના પુષ્કળ ગોળા છોડ્યા પછી દુશ્મને ઘણા સખ્ત હુમલા કર્યા છે. ફ્રેંચ આગને લીધે બેથિનકોર્ટમાં તેઓ ફાવ્યા નથી; પણ ઘણાં માણસો ખોયા પછી હૉકોર્ટના ગામડામાં તેઓ થોડી જગ્યા મેળવી શક્યા છે. એવોકોર્ટની ઉત્તરે હુમલો કરીને ફ્રેંચોએ ઘણી જમીન પડાવી છે, અને કેટલાક કેદીઓ પકડ્યા છે.

<u>મેસોપોટેમિયામાં જીત.</u>

લંડન, ૬ ઠ્ઠી એપ્રિલ.

જનરલ ગૉરિંજની સરદારી નીચેના ટાઇગ્રિસના લશ્કરે ઉમ-અલ-હેન્ના ઉપર હુમલો કરીને દુશ્મનની ખાઇઓ હાથ કરી છે. સાંઝે ફરી હુમલો કરીને ફાલાહિયા પાસેના મોરચા પણ જીતી લીધા છે.

<u>રૂમાનિયા અને બલ્ગેરિયા.</u>

બુખારેસ્ટ, ૬ ઠ્ઠી એપ્રિલ.

બલ્ગેરિયાની સાથેનો સંબંધ જોખમમાં હોવાથી રૂમાનિયન પાર્લામેન્ટની બેઠક ચાલ્યા કરે છે. બલ્ગેરિયા ધમકી આપવા લાગેલ છે. રૂમાનિયન સરકાર તૈયારીઓ કરે છે. બલ્ગેરિયાનાં વર્તમાનપત્રોમાં રૂમાનિયાની વિરુદ્ધ લખાણો થયા કરે છે.

<u>પાંચ આગબોટોનો નાશ.</u>

લંડન, ૭ મી એપ્રિલ.

પી. અને ઓ. આગબોટ સિમલા, કે જે ૬,૦૦૦ ટનની હતી, તેને ડુબાવવામાં આવેલ છે. એક ડેનિશ આગબોટ તથા બીજી ત્રણ બ્રિટિશ આગબોટોની પણ એજ દશા થઇ છે.

<u>ગ્રીસમાં સ્થિતિ.</u>

ઍથન્સ, ૮ મી એપ્રિલ.

જર્મનીએ ગ્રીસને સાવચેતી આપી છે, કે માસીડોનિયા ઉપર જર્મનો અને બલ્ગેરિયનો

થોડી વારમાં હુમલો કરનાર છે. ગ્રીસના નાણાંપ્રકરણી પ્રધાને તિજોરી ખાલી હોવાના સબબથી રાજીનામું આપ્યું છે.

નવું ફ્રેંચ વિમાન.

પારિસ, ૧૧ મી એપ્રિલ.

નવું ફ્રેંચ વિમાન આખી દુનિયામાં સૌથી વધારે ગતિવાળું છે. તે ફૉકરને સહેલાઇથી ટક્કર મારશે, એવું ધારવામાં આવે છે.

મિત્ર રાજ્યો અને ગ્રીસ.

ઍથન્સ, ૧૧ મી એપ્રિલ.

બ્રિટિશ અને ફ્રેંચ એલચીઓએ ગ્રીસના મુખ્ય પ્રધાનને ખબર આપી છે, કે ગ્રીસની પશ્ચિમે આવેલા કેફેલોનિયા નામે ટાપુમાં લશ્કર ઉતારવાનો મિત્ર રાજ્યોનો વિચાર છે; અને ગ્રીસના માલેકીના હક્કને માન આપવામાં આવશે. મુખ્ય પ્રધાને વાંધો જાહેર કર્યો છે.

વર્ડુનની લડાઇ.

પારિસ, ૧૩ મી એપ્રિલ.

મ્યૂઝની પશ્ચિમે નં. ૩૦૪ની ટેકરી ઉપર તોપના સખ્ત ગોળા કાયમ પડ્યા કર્યા છે; પણ પાયદળનો હલ્લો થયો નથી.

આગાખાનને માન.

લંડન, ૧૩ મી એપ્રિલ.

નામદાર શહેનશાહે આગાખાનને વિગ્રહના વખતમાં તેની સેવાઓની કદર કરીને અગિયાર તોપોના માનની અને જિંદગી પર્યંત મુંબઇ ઇલાકામાં એક ઠાકોરના દરજ્જાની એનાયત કરી છે.

પ્રેસિડન્ટ વિલ્સનની દશા.

લંડન, ૧૩ મી એપ્રિલ.

યુનાઇટેડ સ્ટેટ્સ અને જર્મની વચ્ચે સંબંધ બગડ્યો છે, પણ દેશ વિગ્રહની વિરુદ્ધ હોવાથી પ્રેસિડન્ટના મંત્રીમંડળને ચિંતા થઇ પડી છે. પૂર્વનાં સંસ્થાનો સંબંધ તોડવાનું પગલું પસંદ કરશે એવી ખાતરી રખાય છે; પણ પશ્ચિમનો અભિપ્રાય જણાયો નથી. એ તરફના સંખ્યાબંધ માણસો યુરોપીઅન વિગ્રહને ભૂલી ગયા જણાય છે. એમનાં પેપરોમાં મેક્સિકન વિગ્રહના વર્ણનમાં પાનાંઓ ઉપર પાનાં ભરાય છે; પણ વર્ડુનની લડાઇને માટે એકાદ ઇંચ જેટલી જગ્યાજ આપવામાં આવે છે.

ભાવનગર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૨૫ મી એપ્રિલ, ૧૯૧૬. [અંક ૨૦.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વેહેંચાતું
સાપ્તાહિક પત્ર.

છાવણીના સૌથી દૂર ભાગ સુધી પહોંચતી. આ હુમલાઓથી આપણને ઘણું નુકસાન થયેલું; પણ જામી રમતિયાળ આદમી હતો. એક રાતે તેના કેટલાક માણસો આપણા ચોકીદારોને વટાવીને આપણા કતલખાના સુધી પહોંચેલા; અને પોતે આવી ગયા છે એમ બતાવવાને ત્યાં ૩૦૦ ઘેટાંનાં શબ ટિંગાતાં હતાં, તેની પૂછડીઓ કાપી નાંખેલી. પણ જામીને હાલના સુધારાનાં સાધનોની ખબર નહોતી. કતલખાનાના અમલદારે પોતાના માણસોને સૂચવ્યું, કે બતાવી છે તે કરતાં વધારે સાવધાનતા બતાવવાની જરૂર નથી; એટલે જામીના આઠ વધારે આદમી મકાન પાસે આવ્યા. પણ બારણા આગળ ડાઇનેમાઇટની સુરંગો હતી, તેથી આઠેય માણસો માર્યા ગયા. તે પછી તરત જામીનાં બે ગામડાં છાપો મારીને લેવાયાં, અને બાળી મૂકાયાં; અને જામીને પોતાને વિજયી પક્ષ તરફ થવાનું વધારે અનુકૂળ લાગવા માંડ્યું. હકીકત એ હતી, કે વિમાનોથી બાતમી મળવાને લીધે રણની લડાઇનું સ્વરૂપ ફરી ગયું હતું; અને હથિયારબંધ મોટર ગાડીઓ કઠણ રેતીમાં ઉતરતી, ત્યારે તેની પાસે આરબી ઘોડાનું પણ કશું ચાલી શકતું નહોતું.

આ પ્રમાણે ઉન્હાળાના તાપમાં પણ દુશ્મન ટોળીઓને હરાવવાનું કામ ચાલ્યા કર્યું. ૧૯૧૫ના જૂલાઇની શરૂઆતમાં બગદાદ ઉપર ચડાઇ લઇ જવાની તૈયારીની શરૂઆત થઇ. આ હીલચાલનાં કેટલાંક કારણો જોઇ શકાય છે. તેહેરાનનો જર્મન એલચી ઇરાનમાં ખટપટ કરી રહ્યો હતો; અને તે પોલિસને તથા તેના સ્વીડિશ અમલદારોને ખૂટવવા માંડ્યો હતો. ઇરાનમાં પોલિસની વ્યવસ્થા રૂશિયા અને બ્રિટને એકત્ર થઇને કરાવી હતી, કે જેથી રાજમાર્ગોનું લુટારાથી રક્ષણ થાય; અને સ્વીડિશ અમલદારો એટલા માટે રાખવામાં આવ્યા હતા, કે રૂશિયન કે બ્રિટિશ લાભ તરફ ખાસ મેહેરબાની ન બતાવાય. એ જોવામાં આવેલું નહીં, કે આમાંના કેટલાક સ્વીડો પોતાની પદવીનો એટલો દુરુપયોગ કરશે, કે ૬,૦૦૦ હથિયારબંધ માણસોના મોટા દળને જર્મન રાજ્યલોભનું સાધન બનાવી દેશે.

પોલાંડમાં મુખ્ય રૂશિયન લશ્કરોની સ્થિતિ એવી હતી, કે તુર્કોને તથા ઇરાની કાવતરાં-ખોરોને આખા ઇરાનને જીતી લેવાની યોજના કરવામાં ઉત્તેજન મળેલું. આ હીલચાલને દાબી દેવાની જરૂર હતી. ઉપરાંત, ડાર્ડનલ્સમાં જે નાસિપાસી મળી હતી, તેની અસર ભૂંસી નાંખવાને અને પૂર્વમાં પ્રતિષ્ઠા વધારવાને કંઇક પરાક્રમ બતાવવાની આવશ્યકતા હતી. પણ એ નવી ચડાઇ સર જૉન નિકસને પોતાનીજ જવાબદારી ઉપર આરંભી હોય, એ સંભવિત નથી. તેની પાસે એ કામને માટે જોઇએ તેટલું લશ્કર નહોતું; અને દુશ્મનની પાસે ચડિયાતી તોપો હતી, તથા ઉપરીપણું જર્મન અમલદારોના હાથમાં હતું.

જૂલાઇના ત્રીજા અઠવાડિયાની આખરે આપણો મિશ્ર કાફલો નાસ્રિયેહથી સાત માઇલ સુધી આવી પહોંચ્યો. ત્યાં તેના વિભાગ થયા. ૧૯૧૫ના જૂલાઇની ૨૪મી તારીખની સ્હવારમાં સુમારે સાડાચાર વાગ્યે લડાઇ શરૂ થઇ. પાયદળના હલ્લા પહેલાં આપણી તોપોએ દુશ્મનની

આગલી ખાઇઓ ઉપર એક કલાક સુધી મોટા ગોળા ફેંકયા કર્યા; અને પછી સંગીનોથી હુમલો કરવામાં આવ્યો. કેટલીક વાર પછી તુર્કોએ ન્હાસી જવાનું શરૂ કર્યું.

બે માળનાં ઇંટોનાં ઘરો ઉપર ધોળા વાવટા દેખાયા; અને રાત્રે બ્રિટનો તથા હિંદીઓ શહેરની બહાર તંબુઓમાં રહ્યા. ૨૫મીએ તેઓ બજારમાં ગયા, અને જે કંઇ તાજાં ફળો મળી શકયાં તે ખરીદી લાવ્યા. નાસિરિયેહ શહેરની બાંધણી સારી છે, પણ ગંદકી એટલી બધી હતી, કે એંજીનિયરોએ કેટલીક ગંદકી ખરાબ દૂર કરી ત્યાં સુધી આપણા સિપાઇઓને તંબુમાં રહેવું પડયું. મહિનાની આખર સુધીમાં તાપ અને ઘામથી લશ્કરના ૯૫ ટકા માણસો થાકીને લોથ થઇ ગયા.

તુર્કી સેનાધિપતિ નુરેદીન પાશાએ કૂત-અલ-અમારાથી શાત-અલ-હાઇ નામની નહેરને રસ્તે એક મોટું લશ્કર મદદ માટે મોકલ્યું હતું. જો આ લશ્કર લડાઇ ચાલતી હતી ત્યારે આવી પહોંચ્યું હોત, તો આપણા થાકેલા લશ્કરને હઠી જવું પડત. નાસિરિયેહથી ન્હાસી ગયેલા માણસોને એકઠા કરીને જો તુર્કોએ હુમલો કર્યો હોત, તોપણ આપણને ભારે પડત. સારે નસીબે એ કશું બન્યું નહીં. તાજા તુર્કી સિપાઇઓને સુદેટિસના હારેલા માણસોએ બ્રિટિશ અને હિંદી વિક્રમની એવી વાતો કહી, કે તેઓ પણ કૂત-અલ-અમારા તરફ પાછા ન્હાસવા લાગ્યા. ચૌદેક તોપો અને ૧,૦૦૦ કેદીઓ આપણા હાથમાં આવ્યા; અને અમલદારો તથા સિપાઇઓ મળીને આપણને પાંચસેંક માણસોનું નુકસાન થયું. આપણી તોપોએ ખૂબ કામ કર્યું. આપણા ગોળાઓએ દુશ્મનની ખાઇઓનો નાશ કર્યો; અને થોડાક ભાગમાં ૯૦૦ તુર્કી મુરદાં મળી આવ્યાં.

પણ એવા તાપમાં લડવાનું કામ પણ એક ગંદા આરબ શહેરને સાફ કરવાના જેટલું ત્રાસદાયક નહોતું. ઓગસ્ટના પહેલા અઠવાડિયામાં તો આપણા સિપાઇઓ શહેરમાં તંબુઓ નાંખીને પડ્યા, અને જોકે તાપ અતિશય તથા માંખીઓનો ત્રાસ બેહદ હતો, છતાં પ્રમાણમાં સારી સ્થિતિમાં હતા. એ મહિનાની આખરે જ્યારે નાસિરિયેહ સાફ થયું, અને તેમાં ચોકીની વ્યવસ્થા થઇ, ત્યારે લશ્કરના મોટા ભાગને ફરી આગબોટો અને વહાણોમાં મુસાફરી કરવી પડી. તાપથી બચવાને ઘાસની સાદડીઓ વગર બીજું કશું તેમની પાસે નહોતું. એ બધા અમારા પાછા ગયા.

દરમિયાન જનરલ ટાઉનશેન્ડ પોતાનાં વહાણો ઉત્તરમાં ટાઇગ્રિસ ઉપર ચલાવીને એની-લામ નામની જોરાવર આરબ ટોળીઓની સાથે મિત્રતા કરી રહ્યા હતો. ટાઇગ્રિસ અને ઉત્તરના પહાડો વચ્ચેની ઘણીખરી જમીન આ લડવૈયા આરબોના હાથમાં હતી. અમારા અને કૂત-અલ-અમારાની વચ્ચેના રસ્તામાં અબૂ મહંમદ વગેરે બીજી પણ લડવૈયા આરબોની મજબૂત ટોળીઓ હતી, અને તેઓ તુર્કોના પક્ષમાં સવાર તરીકે કામ કરતી. આ ટોળીઓને વશ્તુનાએ

SERBIANS IN THEIR HOLIDAY GARB.

તેહેવારના પોશાકમાં સજ્જ થયેલાં સર્બિયનો.

તુર્ક કે બ્રિટન કોઇની કશી પણ પરવા નહોતી; અને માત્ર લૂટ ઉપર નજર રાખીને અને લડવાના શોખથી તેઓ લડતી હતી.

સપ્ટેંબરની મધ્ય સુધીમાં ઉન્હાળાનો સખત તાપ ઓછો થયો, એટલે બગદાદ ઉપર ચડાઇની શરૂઆત થઇ. એ મહિનાના છેલ્લા અઠવાડિયામાં આપણું લશ્કર કૂત-અલ-અમારાની નઝદીક જઇ પહોંચ્યું. આપણી છાવણીથી તુર્કોની છાવણી લગભગ દસ માઇલ દૂર રહી. તુર્કો સંખ્યામાં ત્રણગણા હતા; અને તેમની તોપો આપણા કરતાં ચડિયાતી હતી. તેમના બચાવો પણ જર્મન એંજીનિયરોએ તૈયાર કરેલા હોવાથી બહુ મજબૂત હતા.

કૂત-અલ-અમારાની લડાઇમાં બ્રિટનો અને હિંદીઓએ જે વીરત્વ બતાવ્યું છે, તેવું મહા વિગ્રહમાં બીજે પ્રસંગે ભાગ્યેજ બતાવાયું હશે. એ લડાઇમાં જે વ્યૂહો ગોઠવાયેલા, તે જાણવા જેવા છે; પણ સ્થળસંકોચને લીધે અમે વધારે વિગતોમાં ઉતરી શકતા નથી.

જીત થયા પછી સાંજે પાંચ વાગ્યાને સુમારે દુશ્મનના તમામ લશ્કરને ઘેરી લેવાની હીલચાલ શરૂ થયેલી. પણ ત્યાં અંધારૂં થઇ ગયું; અને આપણા ઘોડાઓ તથા માણસો તરસ અને થાકથી એટલા હેરાન હતા, કે એ હીલચાલ પૂરી ન થઇ શકી. નરેદીન પાશા રાતમાં કિલ્લો ખાલી કરી ગયો. તેનું બચેલું લશ્કર શાત-અલ-હાઇની નહેર ઉપર થઇને અઝીઝી પહોંચ્યું, કે જ્યાં બગદાદના બચાવ માટે બીજી કિલ્લેબંધી કરવામાં આવી હતી.

સપ્ટેંબરની ૩૦ મી તારીખે કૂત-અલ-અમારાનો કબજો લેવાયો. એ શહેર બગદાદથી ભૂમિમાર્ગે ૧૨૦ માઇલ અને જળમાર્ગે ૨૨૦ માઇલ દૂર છે. અઝીઝી બગદાદથી ભૂમિમાર્ગે સુમારે ૪૦ માઇલ અને વાંકીચૂકી નદીને માર્ગે ૧૧૬ માઇલ થાય છે. આપણું લશ્કર ત્યાં ઑકટોબરની ૧૩ મી તારીખે પહોંચ્યું; અને તેને માલુમ પડ્યું કે તુર્કોમાં તાજી ભરતી સારી રીતે થયેલી છે. નવેંબરની શરૂઆત સુધી જનરલ ટાઉનશેન્ડનું ન્હાનું લશ્કર અઝીઝીમાં રહ્યું. તુર્કો નદી ઉપર ચાર માઇલ દૂર પડ્યા હતા. દર રોજ અને લગભગ દર કલાકે ન્હાની ન્હાની ઝપાઝપીઓ થતી.

તુર્કી લશ્કર વધીને આપણા કરતાં ચારગણું થયું હતું; પણ આપણે માટે પુરતી મદદ આવી પહોંચેલી નહીં. જોકે વારંવાર એવી વાત ચાલતી, કે એક મોટું તાજું લશ્કર હિંદુસ્તાનમાંથી આવે છે, છતાં આખરે તે આવેલું નહીં. ડાર્ડનલ્સમાં જેમ માણસોની ખોટ હતી, તેમ બગદાદની ચડાઇમાં પણ ખોટ રહેલી. છતાં અઝીઝી પાસે તો કશી હરકત નડી નહીં. તુર્કો પાછા હઠી ગયા.

આપણો કાફલો પાછળ પડ્યો. નવેંબરની ૧૯મી તારીખે જનરલ ટાઉનશેન્ડના લશ્કરે ઝીઉરનું ગામડું જીતી લીધું, અને નૂરેદીન પાશાના મુખ્ય બચાવોની સામે કુચ કરી. એ બચાવો બગદાદથી ૧૮ માઇલ દૂર ટેસીફોનનાં ખંડેર છે, ત્યાં યોજવામાં આવ્યા હતા. એ સ્થળે સુમારે ૧,૩૦૦ વરસ પહેલાં એક સમર્થ ઇરાની શહેનશાહે દુનિયામાંનો સૌથી

ઉમદા મહેલ બાંધ્યો હતો; અને હઝરત મહંમદે ટેસીફોન જીતી લઇને અગ્નિપૂજકોના શહેનશાહના એ મોટા મહેલને લૂંટ્યો હતો.

નુરેદીન પાશાનું લશ્કર ઘણું મોટું થયું હતું, અને છતાં લડાઇમાં ઉતરતાં તેને ઉત્સાહ નહોતો. ઓછાં માણસોથી પણ બ્રિટિશ અધિકારીઓએ તેને એવી છક્કડો ખવરાવી હતી, કે તે નિસ્સંદેહ થઇ શકતો નહોતો. અને ખરેખર જો જનરલ ટાઉનશેન્ડ પાસે ફક્ત ૧૨,૦૦૦ વધારે માણસો હોત, તો બગદાદ અને મોસલની સાથે આખો મેસોપોટેમિયા જીતી શકાત. પણ માણસોની તંગી છેવટ સુધી રહી તે રહીજ.

નવેંબરની ૨૨મી તારીખે સવારમાં આપણા લશ્કરે હુમલો કર્યો, દુશ્મનની કિલ્લાની લાઇનો પડાવી, ૮૦૦ કેદીઓ પકડ્યા, અને ઘણો દારૂગોળો હાથ કર્યો. તુર્કોએ લડાઇનો રિપોર્ટ બહાર પાડેલો તેમાં જણાવ્યું હતું, કે જનરલ ટાઉનશેન્ડનું લશ્કર ૧,૭૦,૦૦૦ હતું. હકીકત એ હતી કે બધાં થઇને તેની પાસે ૨૫,૦૦૦ કરતાં વધારે માણસો નહોતાં, અને હુમલામાં તો ૧૬,૦૦૦ પાયદળેજ કામ કરેલું. ૨૪મીની રાત સુધી આપણા લશ્કરે ટેસીફોનનો કબજો ટકાવી રાખ્યો; પણ પછી પાણીની મુશ્કેલીને લીધે તેમને ચાર માઇલ હઠીને ટાઇગ્રિસ ઉપર જવું પડ્યું. નદી ઉપર પણ લાંબો વખત રહેવાય તેવું નહોતું. આપણાં માણસો ઘટી ગયાં હતાં, અને વધારે દૂર જવાની આવશ્યકતા હતી. જખમીઓને હોડીઓ પર ચડાવવામાં આવ્યા, ૧,૬૦૦ કેદીઓને મોકલી દીધા, અને નવેંબરની ૩૦મીની રાતે આપણું લશ્કર પાછું કૂત-અલ-અમારા તરફ પાછું ફર્યું. તુર્કી લશ્કર પાછળ પડ્યું, અને ડીસેંબરની ૩ જી તારીખે તે પણ કૂત પાસે આવી પહોંચ્યું.

ટેસીફોનની આસપાસ આપણા ૬૪૩ માણસો માર્યા ગયા, ૩,૩૩૦ જખમી થયા, અને ૫૯૪ ખોવાયા, તે મળીને કુલ નુકસાન ૪,૫૬૭ માણસોનું થયું. ઘણીખરી આરબ ટોળીઓની મદદ જતી રહી; અને કૂત-અલ-અમારામાં ઘણા વખત સુધી જનરલ ટાઉનશેન્ડને વિષમ સ્થિતિમાં રહેવું પડ્યું.

લડાઇના તાર.

—ı०ı—

મેસોપોટેમિયામાં લડાઇ.

લંડન, ૧૪મી એપ્રિલ.

સર પર્સી લેઇક તરફથી ખબર મળે છે, કે ૧૨મી એપ્રિલે બપોર પછી ટાઇગ્રિસની દક્ષિણના આપણા લશ્કરે તુર્કોની આગલી લાઇનને ૧૧ાથી ૩ માઇલ સુધી હઠી જવાની ફરજ પાડી છે.

<u>વર્દુનની લડાઇ.</u>

પારિસ, ૧૪ મી એપ્રિલ.

જર્મનો હજી વર્દુન આગળ વ્યર્થ પ્રયાસ કરી રહ્યા છે. નં. ૩૦૪ની ટેકરી ઉપર રાતને વખતે ભયંકર ગોળા પડ્યા છે, અને ગઇ કાલે સાંઝને વખતે ડુઓમોન્ટની દક્ષિણે જર્મનોએ એક ન્હાનો સરખો હુમલો પણ કર્યો છે. તેમને પૂરેપૂરા હઠાવવામાં આવેલ છે.

<u>કોન્સ્ટન્ટિનોપલ ઉપર બોંબ.</u>

લંડન, ૧૬ મી એપ્રિલ.

તા. ૧૪ મીએ સાંઝે નૌકાનાં ત્રણ વિમાનોએ કોન્સ્ટન્ટિનોપલમાં દારૂ બનાવવાના કારખાના ઉપર અને બીજે બોંબ નાંખ્યા છે. બીજા એક વિમાને આડ્રિયાનોપલ રેલવેસ્ટેશન ઉપર બોંબ નાંખેલ છે. કોન્સ્ટન્ટિનોપલ સુધી જતાં આવતાં ૩૦૦ માઇલની મુસાફરી હતી. હવા શરૂઆતમાં સારી હતી, પણ પાછળથી ગાજવીજ સાથે તોફાન થઇ આવ્યું હતું. છતાં બધાં વિમાનો સલામત પાછાં ફર્યાં છે.

<u>રૂશિયન જીત.</u>

પિત્રોગ્રેડ, ૧૬ મી એપ્રિલ.

ડ્વિન્સ્ક પાસે ગાર્બુનોવકા આગળ રૂશિયન પાયદળે સારી જીત મેળવી છે; અને બે મહત્ત્વની ટેકરીઓ છાપો મારીને લઇ લીધી છે. જર્મનોએ સામે ઘણા હુમલા કર્યા, પણ તે નિષ્ફળ ગયા છે. ટેકરીઓ તથા દુશ્મનની ખાઇઓ વચ્ચેની રણભૂમિ જર્મન મુડદાંઓથી છવાઇ ગઇ છે.

<u>ત્રેબિઝોંડ પડ્યું.</u>

પિત્રોગ્રેડ, ૧૮ મી એપ્રિલ.

ત્રેબિઝોંડ પડ્યું છે. એનેટોલિયન કિનારા ઉપર તે સૌથી મહત્ત્વનું કિલ્લેબંધ શહેર છે. નૌકા અને ભૂમિસેના બંનેના એકત્ર યત્નથી આ જીત મળી છે. (આ રીતે બિટલિસ, મુશ, અર્ઝરૂમ, કૉપ, અને ત્રેબિઝોંડ, એ બધાં શહેરો હવે રૂશિયનોના હાથમાં આવ્યાં છે.)

<u>બીજો જર્મન હુમલો.</u>

પારિસ, ૧૮ મી એપ્રિલ.

મ્યૂઝના ડાબા કાંઠા ઉપર નં. ૩૦૪ની ટેકરીની તથા આપણી બીજી લાઇનો ઉપર દુશ્મનની તોપોએ પુષ્કળ ગોળા ફેંકયા છે. જમણે કાંઠે મ્યૂઝથી ડુઓમોન્ટ સુધીના આપણા મોરચા ઉપર તોપો ફોડ્યા પછી બપોર પછી બે વાગ્યે તેમણે સખ્ત હુમલો કર્યો હતો, પણ તે મશીનગનની આગથી અટકાવવામાં આવેલ છે. માત્ર એક ઠેકાણે દુશ્મનને થોડી જગ્યા મળી છે.

સર્બિયન સેના.

લંડન, ૧૮ મી એપ્રિલ.

સાલોનિકા ખાતેના રૂટરના ખાસ ખબરપત્રીએ કોર્ફુમાં સર્બિયન સેનાની છાવણીને મુલાકાત આપી છે. ફ્રેંચોએ ઘણી સારી ગોઠવણો કરી છે. સર્બિયનોનો દેખાવ સારો છે, અને જનરલ સેરેલ ઉપર તેથી સારી અસર થઇ છે. માણસો પાસે હવે કપડાં, રાઇફલો, અને બધાં સાધનો છે. સંક્ષેપમાં, ચાર મહિનાની અંદર એક નવું સર્બિયન લશ્કર ઉભું થયું છે; અને તે માટે મિત્ર રાજ્યોને, તથા ખાસ કરીને ફ્રેંચોને, ઘણું માન ઘટે છે.

ગ્રીક મુલકનો કબજો.

લંડન, ૧૮ મી એપ્રિલ.

આમની સભામાં સર એડવર્ડ ગ્રેએ કહ્યું, કે "મિત્ર રાજ્યોએ ગ્રીક મુલકના સંબંધમાં જે પગલાં ભર્યાં છે, અને જેની સામે ગ્રીક સરકારે વાંધો લીધો છે, તે ગ્રીસની વિનંતી ઉપરથી સર્બિયાની મદદ માટે લશ્કર મોકલવાના નિર્ણયનું સ્વાભાવિક પરિણામ છે. સર્બિયન લશ્કરને અને મિત્ર રાજ્યોનાં વહાણોને દુશ્મનની રાખમરીનો નુકસાન ન કરે, તેટલા માટે સાવચેતીઓ લેવાની જરૂરજ હતી."

યુનાઇટેડ સ્ટેટ્સ અને જર્મની.

વૉશિંગ્ટન, ૧૯ મી એપ્રિલ.

પ્રેસિડન્ટ વિલ્સને એક નોટ લખીને જર્મનીને ચેતવણી આપી છે, કે પ્રજાઓ વચ્ચેના કાયદા વિરુદ્ધના હુમલા જો બંધ કરવામાં નહીં આવે, તો રાજકીય વ્યવહાર તોડી નાંખવામાં આવશે.

બ્રિટિશ પ્રધાનમંડળ.

લંડન, ૧૯ મી એપ્રિલ.

આજ સાંઝે આમની સભામાં મિ. એસ્કિવથે શોક જણાવ્યો, કે "પ્રધાનમંડળમાં હજી કેટલીક બાબતોમાં મતભેદ છે; અને જો તેનો શાંતિથી નિવેડો નહીં લાવી શકાય, તો સરકાર તૂટી જશે. સરકાર માને છે, કે એવો બનાવ જો બનવા પામશે, તો દેશ ઉપર એક ગંભીર આફત ઉતર્યા જેવું થશે."

નિવેદન.

આજના અંકની સાથે તેહેવારના પોશાકમાં સજ્જ થયેલાં સર્બિયન સ્ત્રીપુરુષોનો એક સુંદર ફોટોગ્રાફ અમે અમારા વાંચનારાઓને ભેટ કરીએ છીએ.

ભાવનગર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૨૭ મે, ૧૯૧૬. [અંક ૨૨.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વેહેંચાતું
સાપ્તાહિક પત્ર.

મંગળવાર, ૨૭ મે ૧૯૧૬.

જર્મન સબમરીનોએ વાળેલું સત્યાનાશ.

ઇ. સ. ૧૯૧૫ના મે મહિનાની ૭મી તારીખે લુસિટેનિયાનો જર્મનીએ નાશ કર્યો, તે પછી બ્રિટિશ કાફલાઓના કામ સંબંધી થોડીજ માહિતી બહાર પડી છે. વખત અતિશય તીવ્ર પ્રવૃત્તિનો હતો, અને તેના પરિણામ ઉપર બ્રિટિશ ટાપુઓના ભવિષ્યનો અને શહેનશાહતનો આધાર હતો. આપણું નૌકાબળ પણ સલામત નહોતું; કારણકે જોકે આપણા મુખ્ય કાફલાએ પોતાનાં મુખ્ય વહાણો માટે બચાવનાં સાધનો કરી લીધાં હતાં, તોપણ ગાલ્લીપોલીની-પેલી તરફ કામ કરતી ફ્રાંકો બ્રિટિશ નૌકાસેના, તથા ડાર્ડનલ્સની ચડાઇમાં માણસો તથા સરસામાન પહોંચાડનારાં વહાણો જોખમમાં હતાં. દેશાવરથી આવતા ખોરાકની અને તેમની સાથેના વેપારની સ્થિતિ સંકટ તથા ચિંતાની હતી.

દરમિયાન જર્મનીમાં બડાઇની વાતો થતી હતી. પૂર્વમાં રશિયન લાઇન ભાંગતી હતી, અને પશ્ચિમમાં બ્રિટિશ બળનો આધાર નબળો દેખાતો હતો; એટલે બર્લિનના રહેવાસીઓ ૧૯૧૫ના વસંતમાં ફરીને દીવાના થયા, અને દુનિયાના સામ્રાજ્યનાં સ્વપ્ન જોવા લાગ્યા. પેસ્ટોર લેબેલ નામે એક પ્રસિદ્ધ ઉપદેશકે લીપઝિકમાં કહેલું, કે :—

"જ્યારે આપણી અદ્‌ભુત સબમરીનો—કે જે ઇશ્વરનું વેર લેવાનાં સાધનો જેવી છે તે—હજારો નાપસંદ લોકોને દરિયાને તળિયે પહોંચાડે છે, ત્યારે આપણી ઊંડી કર્તવ્યનિષ્ઠાને લીધે આપણે આપણી જાતને મુબારકબાદી આપી શકીએ છીએ, અને કૃતજ્ઞતાથી ભરપૂર હૃદય પૂર્વક સંતુષ્ટ રહી શકીએ છીએ. આપણને જે કંઇ સાધનો મળે તેથી દુષ્ટોની આપણે સામે થવું જોઇએ; તેમની વેદનાઓથી આપણને આનંદ થવો જોઇએ; તેમની નિરાશાની ચીસોથી જર્મન હૃદયો પિગળવાં જોઇએ નહીં."

ભવિષ્યમાં માણસજાતની સલામતી સ્થાપિત કરવા સારૂ આવી બધી વસ્તુઓ નોંધાવી જોઇએ, અને યાદદાસ્તમાં રખાવી જોઇએ.

સબમરીનોથી સત્યાનાશ વાળવાની પદ્ધતિ જર્મનીએ ૧૯૧૫ના ફેબ્રુઆરીમાં શરૂ કરી; અને પ્રથમ એમ જણાવવામાં આવ્યું, કે બ્રિટિશ નૌકા વચલાં સામ્રાજ્યોને ભૂખે મારવા

ધારે છે, તેનો એ જવાબ છે. હકીકત એ હતી, કે જેવી રીતે અમેરિકન નાગરિકોનું ખૂન કરનાર કોઈ પણ પ્રજાની સાથે વિગ્રહમાં ઉતરતાં પ્રેસિડન્ટ વિલ્સનને બીક લાગ્યા કરી છે, તેમ બ્રિટિશ પરદેશખાતાની ઑફિસને પણ બીક રહેલી. જર્મની અમેરિકા, સ્કેંડિનેવિયા અને હૉલેંડની સાથે જે ગંજાવર વેપાર ચલાવતી હતી, તેમાં આડે આવતાં બ્રિટિશ સરકારને બીક હતી, કે રખેને એ તટસ્થ દેશોમાં જે ધનવાન વર્ગોની સર્વોપરિ સત્તા છે, તેઓ આપણી અથવા આપણાં મિત્ર રાજ્યોની સાથે વિગ્રહમાં ઉતરે, અથવા આપણને સામાનની તથા ખાસ કરીને દારૂગોળાની ના પાડીને અશક્ત કરે. જ્યારે જર્મનીએ બિનલડાયક માલ અને માણસો લઈ જનારી આગબોટો સાથે સબમરીનની લડાઈ શરૂ કરી, ત્યારે અમેરિકનો તેને નિર્ધૂમ દારૂ બનાવવા સારૂ ચરબી અને રૂ પૂરાં પાડતા હતા, અને બાલ્કનો તથા તટસ્થ બંદરો દ્વારા પુષ્કળ ખોરાકની વસ્તુઓ તેને મળતી હતી. જર્મન લોકોને મુશ્કેલી માત્ર એ હતી, કે વસ્તુઓના ભાવ ચડી ગયા હતા.

બ્રિટિશ સરકારે પોતાના નૌકાબળનો ઉપયોગ નરમાશથી કરેલો એટલુંજ નહીં, પણ આપણા લડાઇ સંબંધી લાભોનો તેમાં ભોગ પણ આપેલો. વિગ્રહ શરૂ થયો ત્યારે લિબરલ સરકાર તરફથી ડાઇનેમાઇટ, નાઇટ્રો-ગ્લિસરીન, તોપો અને બંદૂકોના ગોળા, વગેરેમાં જોઇતા કાચા માલના વેપારની મના કરવામાં આવેલી નહીં. સંયુક્ત પ્રધાનમંડળ બંધાયું, ત્યારે સુદ્ધાં તેના એક પણ સભાસદને સાયન્સનું એટલું જ્ઞાન નહોતું, કે જેથી તે કયો માલ લડાઈને લગતો છે, તે જાણી શકે. ઉદાહરણ તરીકે, એટર્ની-જનરલ સર એફ. ઇ. સ્મિથે નવા પ્રધાનમંડળના આશ્ચર્યકારક અજ્ઞાનનો પાછળથી એમ કહીને બચાવ કરવા યત્ન કરેલો, કે "ડુક્કરની ચરબી, તેલ, વગેરે પદાર્થોને લડાઇના લગતા પદાર્થોની યાદીમાં ગણ્યા નથી, કારણકે નાઇટ્રો-ગ્લિસરીનની બનાવટમાં તેમનો ઉપયોગ નવીન છે." આ નવીન ઉપયોગને સુમારે પચાસ વરસ થયાં છે! સરકારે અનાજ તથા લડાઈનો કાચો માલ બંને તટસ્થ બંદરો દ્વારા જર્મનીમાં જવા દીધેલ છે, કદાચ એવું માનીને, કે ખરચ વધવાથી જર્મનો ધીમે ધીમે એની મેળે નબળા પડશે.

બ્રિટનમાં મજબૂત માણસો લડાઈમાં જવાને લીધે મજૂરોની ખોટ હતી, અને તેથી બંદરોમાંથી માલ ઉતરતાં ઘણી વાર લાગતી. પરિણામ એ થયેલું, કે જ્યારે પહેલાં એક વહાણ અમુક મુદતમાં ત્રણ મુસાફરી કરી શકતું, ત્યારે હવે તે બેજ મુસાફરી કરી શકે એવું થયું: એટલેકે વાહનશક્તિમાં ૩૩ ટકા ઘટાડો થયો. વળી, બ્રિટિશ નૌકા અને સેનાએ લડાઇના કામ માટે લગભગ ૨,૦૦૦ આગબોટો ઉપયોગમાં લીધી, અને તેની સાથે જર્મનીનાં વેપારી વહાણો દુનિયાનો વેપાર ચલાવતાં ઓછાં થયાં, એટલે નૂર અતિશય ચડી ગયાં. બાકીનાં આપણાં વેપારી વહાણો હાથમાં લઇને નૂરને માપમાં રાખવાની આપણી સરકારની હિંમત ચાલેલી નહીં. પરિણામ એ આવ્યું, કે આપણા વેપાર ઉપર પણ ભાર વધવા માંડયો. એ ભાર વધારીને જર્મન વેપારના જેવી સ્થિતિમાં બ્રિટિશ વેપારને મૂકી દેવા સારૂ સબમરીનનું સત્યાનાશ શરૂ થયું.

જર્મન લોકો અનાજની મુશ્કેલીમાં છે, એ માત્ર બહાનું હતું. ખરો ઉદ્દેશ આપણાં વહાણોનાં નૂર ચડાવવાનો હતો. સરકારે દરિયાઇ માર્ગે મોકલાતા માલનો વીમો ઉતારવાની પ્રજાકીય યોજના કરી, તેથી પણ પુરતો લાભ થયો નહીં; કારણકે, જોકે સરકારના દર ઓછા હતા, છતાં તેથી આયાત અને નિકાસના વેપારના ખરચમાં વધારો થતો.

દર વધતા ગયા. ૨૦૦ થી ૩૦૦ સુધી બ્રિટિશ આગબોટો તટસ્થ રાજ્યોને વેચવામાં આવી, અને તે કંઇક અંશે સબમરીનની ધાસ્તીમાંથી બચવા સારૂ. તે સાથે નવી આગબોટો બાંધવાનું કામ મોળું પડયું, સાધારણ વખતમાં જેટલી બંધાય છે તેથી અર્ધી પણ ન બંધાઇ. આ બધાં કારણોથી નૂર ઉપરનો અંકુશ ઓછો થયેલો.

૧૯૧૪ માં બ્રહ્મદેશમાંથી ગ્રેટ બ્રિટન સુધી ચોખા પહોંચાડતાં ખરચ એક ટને ૨૧ શિલિંગ ૯ પેન્સ થતો. ૧૯૧૫ ની આખરે એક ટન લઇ જવાના ૧૫૦ શિલિંગ પડવા લાગ્યા. કલકત્તાથી એક ટન શણ લઇ જવાનો ખરચ ૧૮ શિલિંગ હતો, તે ચડીને ૧૫૨ શિલિંગ ૬ પેન્સ થયો. આર્જેન્ટાઇન ઘઉં લઇ જવાનું નૂર સાધારણ વખતમાં ટને ૧૮ શિલિંગ હતું, તે જર્મન સબમરીનોનો ત્રાસ શરૂ થયો ત્યારે ૧૫૦ શિલિંગ સુધી પહોંચ્યું.

જર્મન સબમરીનોએ આ સ્થિતિ પયદા કરી એમ આપણે ન કહીએ, છતાં તેણે તે ઘણી મુશ્કેલ કરી મૂકી, એમાં તો કશો શક નથી. એ રીતે જર્મનો સફળ થયા છે, એમ કબૂલ કરવું જોઇએ. બ્રિટનમાં ખોરાક મોંઘો થયો, લગભગ દરેક વસ્તુ મોંઘી થઇ.

ઘણા મહિના સુધી આપણી સરકારે વસ્તુઓને ગબડવા દીધી. ૧૯૧૫ માં કુલ બ્રિટિશ ટનેજને ૯૯૭, ૯૯૨ ટનનું નુકસાન થયું. વળી, ૧૯૧૪ માં નવાં વહાણો કુલ ૧,૩૬૦,૦૦૦ ટનનાં તૈયાર થયેલાં; પણ ૧૯૧૫ માં માત્ર ૬૫૦,૦૦૦ ટનનાં થયાં. ૫૦૦ કરતાં વધારે ટનનાં જે વહાણોનું બ્રિટનને નુકસાન થયું, તે વધીને સબમરીનો, સુરંગો, વગેરે રાક્ષસી શસ્ત્રો વડે એ સંખ્યા ૩૧૭ વહાણની થઇ. ઘરનાં પાણીમાં અને ભૂમધ્ય સમુદ્રમાં સબમરીનો કામ કરતી, તે ઉપરાંત ઉત્તર અને દક્ષિણ અમેરિકાથી યૂરપ તરફ આવતી આગબોટમાં ઘણા ભડકા અને ધડાકા થયેલા. વરસની દરમિયાન ૩૨૧ બ્રિટિશ વહાણો અને ૨૧૨ પરદેશી વહાણો તો જર્મનીએ સીધી રીતે ડુબાવી દીધાં છે, પણ એ ઉપરાંત આગોથી બીજું ઘણું નુકસાન થયું છે: ૫૦૦ ટન કરતાં વધારે મોટાં કુલ ૭૨૬ વહાણોનો નાશ જર્મનીએ કર્યો છે, કે જેની કિંમત સુમારે ૪૫ કરોડ રૂપિયા ગણવામાં આવેલ છે.

બ્રિટિશ સરકારે જ્યારે વિગ્રહના કામકાજ માટે દેશનાં લગભગ અર્ધા વહાણો લઇ લીધાં, ત્યારે તટસ્થ રાજ્યો પાસેથી તેણે નવાં વહાણો પણ ખરીદી લેવાં ઘટતાં હતાં. તે વખતે એ આપણને સસ્તામાં મળી શકયાં હોત. તેને બદલે આપણે તટસ્થ રાજ્યોને સેંકડો વહાણ વેચ્યાં. ડાર્ડનલ્સમાં જે ઘણાં વહાણો રોકાયાં, તેને લીધે પણ દેશને ઘઉં અને બીજી વસ્તુઓ મળવામાં અંતરાય થયો.

શરૂઆતમાં તો સબમરીનોએ એક પછી એક વિજય મેળવીને બ્રિટિશોને તથા ફ્રેંચોને ચકિત કરેલા. પણ બ્રિટિશ નૌકાએ છેવટે તેમાં પણ જર્મનોને હરાવ્યા.* સર જૉન જેલિકોના હાથ નીચે છેવટે ૩,૦૦૦ વહાણો હતાં; અને તેમની જીતો બહાર પાડવામાં આવી નથી.

છતાં લુસિટેનિયા ડુબાવ્યા પછી દુશ્મનને કેટલીક સારી જીતો મળેલી, એમાં શક નથી. ૧૯૧૫ના મેની ૧૩ મી તારીખે એક તુર્કી વિનાશક વહાણુ કોઇ જર્મન નૌકાધિકારીની સરદારી નીચે અંધારામાં ડાર્ડનલ્સમાં દાખલ થયું, અને તેણે "ગોલિએથ" નામે એક બ્રિટિશ લડાયક વહાણને ટોર્પીડો મારીને ડુબાવ્યું. માણસો અને અમલદારો મળીને કુલ ૭૫૦ માણસોમાંથી ૨૫૦ કરતાં ઓછાં બચ્યાં. ગોલિએથ જોકે ૧૫ વરસનું જૂનું વહાણુ હતું, છતાં તોપના ગોળા ફેંકવામાં ઘણું ઉપયોગી હતું, કારણકે તેના ઉપર ચાર બાર-ઇંચિયા અને બાર છ-ઇંચિયા તોપો હતી. એમ દેખાય છે, કે જાણે ડાર્ડનલ્સના કાફલાએ કંઇક બેદરકાર રહીને બચાવની પુરતી તૈયારીઓ કરેલી નહીં.

એજ અરસામાં એવી અફવા ચાલી, કે જર્મનોએ ઘણી મજબૂત નવી સબમરીનો બનાવી છે, અને તે ઉત્તર સમુદ્રમાંથી ભૂમધ્ય સમુદ્રમાં આવે છે. હકીકતમાં લૉર્ડ ફિશરે ડાર્ડનલ્સમાં સબમરીનો આવવી જોઇએ એવી વકી ઘણા મહિનાઓથી રાખી હતી. એ ચડાઇની મુશ્કેલીઓ સમજીનેજ કદાચ તેણે તેને નાપસંદ કરી હશે. પણ જ્યારે પ્રધાનમંડળે એ સાહસ કરવાનુંજ ઠરાવ્યું, ત્યારે લૉર્ડ ફિશરે મુશ્કેલીના વખત માટે તૈયારીઓ કરવા માંડી; અને સબમરીનને પહોંચી વળે એવાં નવાં શસ્ત્રો યોજવા માંડ્યાં. પણ દરમિયાન લેફ્ટેનંટ વૉન હર્સિંગની સરદારી નીચે એકજ જર્મન સબમરીને દેખાડી આપ્યું, કે આપણા કાફલાને કેટલી ઇજા કરી શકાય. તેનાં બધાં પરાક્રમો અહીં બતાવવાનો અવકાશ નથી. મેની ૨૫મી તારીખે સાડાદસ વાગ્યે તેણે "ટ્રાયમ્ફ" (=ફત્તેહ) નામના એક મોટા લડાયક વહાણને ટોર્પીડો મારી ડુબાવ્યું. આઠ મિનિટમાં તે ઊંધું વળી ગયું. પાસે બીજાં વહાણો હોવાથી માણસનું નુકસાન બહુ ન થયું; પણ વહાણુ પોતે ૧૯૦૪માં બાંધેલું હતું, તથા ઉપર ચાર દસ-ઇંચિયા અને ચૌદ સાડાસાત-ઇંચિયા તોપો હતી, તેથી ઘણું કિંમતી હતું. વિગ્રહની શરૂઆતમાં તેણે સિંગતાઉની ચડાઇમાં ભાગ લીધો હતો, અને ત્યાંથી તે સ્વેઝની નહેરમાં આવેલું, કે જ્યાં તે તુર્કો ઉપર પોતાની તોપો છોડી શકે. પણ ત્યાં તેની પુરતી જરૂર ન હોવાથી તે ડાર્ડનલ્સના કાફલામાં જોડાયું, અને આલ્બિયનની સાથે ગોળા ફેંકીને તેણે પ્રવેશના કિલ્લાઓને ચૂર્ણ કર્યા. ડાર્ડનસના કિલ્લા ઉપર ગોળા ફેંકતાં તેનું તૂતક ભેદાયું, અને તોપના ઓરડામાં આગ થઇ; પણ સારે નસીબે બીજા તુર્કી ગોળાથી ન્હાવાના ઓરડાના નળ તૂટયા, અને તેથી આગ ઓલાઇ ગઇ. છેવટે ઉપર લખ્યા પ્રમાણે તેનો નાશ થયો.

પણ એ કરતાં પણ વધારે નુકસાન હજી થવાનું હતું. બે દિવસ પછી એજ સબમરીન પાછી આવી. "મેજેસ્ટિક" નામે ૧૮૯૫માં બંધાયેલું અને ચાર બાર-ઇંચિયા તથા બાર

* કેવી રીતે હરાવ્યા, એનો કંઇક હેવાલ અમે હવેના અંકમાં આપશું.

છ-ઇંચિયા તોપવાળું એક વહાણ ઑસ્ટ્રેલેશિયન લશ્કરને મદદ કરી રહ્યું હતું. તેના બચાવ માટે બાર વિનાશક વહાણો આસપાસ ગોઠવાયાં હતાં. પણ સબમરીનના જર્મન અમલદારે ચોકીમાંથી પસાર થઇને તેને એવી ટોર્પીડો લગાવી, કે તે તરત ડૂબી ગયું.

આ બનાવથી ફ્રેંચ નૌકાસેનાપતિ ઍડમિરલ ડી રોબેકને લાગ્યું, કે ભૂમધ્ય સમુદ્રની ચડાઇની સાથે વહાણોનો ઉપયોગ કરવામાં સલામતી નથી. એકજ હોડી, એક સારા અમલદાર અને ત્રીસ માણસોની મદદથી, બ્રિટન અને ફ્રાન્સે તુર્કી સલ્તનતની સામે જે અનેક હથિયારબંધ વહાણોને એકઠાં કર્યા હતાં, તેમને ન્હસાડી શકી.

બે મહિના સુધી દુશ્મનને આરામ રહ્યો, પણ જુલાઇમાં લૉર્ડ ફિશરની યોજનાનાં નવાં વહાણો ભૂમધ્ય સમુદ્રમાં દાખલ થયાં. તેમાં "મૉનિટર" નામનાં વહાણો હતાં, તેના ઉપર બે ચૌદ-ઇંચિયા તોપો હતી; અને તેની રચના એવી હતી, કે ટોર્પીડો તેને તોડી શકે નહીં.

જર્મનોએ રિશ્વત આપીને ઘણા ગ્રીકોને પોતાના પક્ષમાં કરી લીધા હતા, અને તેથી સબમરીનોને જોઇતાં સાધનો મળતાં. ઇંગ્લંડ જતી કેટલીક ગ્રીક આગબોટોને માર્ગમાં જર્મન સબમરીનો મળેલી, અને તેમણે તેમને તેલ પૂરૂં પાડેલું, એવું માનવાને કારણ છે.

હવે લશ્કરોને લઇ જનાર વહાણો ઉપર હુમલા શરૂ થયા. ૧૯૧૫ ના સપ્ટેંબરની ૧૪ મી તારીખે "રૉયલ એડવર્ડ" નામે એક મોટા બ્રિટિશ વહાણને ડુબાવવામાં આવ્યું, અને તેમાં ૧,૦૦૦ સિપાઇઓ માર્યા ગયા. પાંચ દિવસ પછી "રમઝાન" નામે એક બીજા વહાણની એજ દશા થઇ; અને ૩૦૦ માણસોનું નુકસાન થયું. ઑકટોબરની ૨૬ મી તારીખે હિંદી લશ્કરને લઇ જનાર "માર્કવેટ" નામે વહાણને ટોર્પીડો લાગી, અને ૧૦૦ જીવની હાનિ થઇ. બીજી પણ ઘણી આગબોટોની એજ દશા થઇ.

બ્રિટિશ અને ફ્રેંચ કાફલાઓ જર્મન અને ઑસ્ટ્રિયન સબમરીનોને હરાવી શકયા નહીં. કેટલીક સબમરીનોનો નાશ કરવામાં આવ્યો; છતાં બ્રિટિશો, ફ્રેંચો અને ઇટાલિયનો મળીને પણ દરિયાને સાફ કરી શકયા નહીં.

લડાઇના તાર.

—ıoı—

બ્રિટિશ પ્રધાનમંડળ.

લંડન, ૨૦ મી એપ્રિલ.

ઑફિશ્યલી જાહેર થાય છે, કે પ્રધાનમંડળમાં સમાધાન થઇ ગયું છે. પાર્લામેન્ટની બંને સભાઓની ખાનગી બેઠકમાં સરકારની દરખાસ્તો રજુ થશે.

ફ્રાન્સમાં રુશિયન લશ્કર.

પારિસ, ૨૦ મી એપ્રિલ.

એક ચૂંટી કાઢેલું રુશિયન લશ્કર આજે માર્સેલ્સમાં ઉતર્યું છે. જનરલ જૉફ્રેએ તેને આવકાર આપ્યો છે. રુશિયનો પશ્ચિમ મોખરા ઉપર ફ્રેંચોની સાથે રહીને લડવા સારૂ આવ્યા છે.

ગ્રીકોનાં ખુન.

લંડન, ૨૦ મી એપ્રિલ.

સાલેનિકાથી તાર છે, કે ૧૧ મી એપ્રીલે આડ્રિયાનોપલ, સ્મર્ના, અને કોન્સ્ટન્ટિનોપલમાં ઘણા ગ્રીકોનાં ખૂન કરવામાં આવ્યાં છે. આડ્રિયાનોપલમાં તુર્કો અને બલ્ગેરિયનોએ એકઠા થઇને કામ કર્યું છે.

મિ. હેન્ડરસનની દરખાસ્ત.

લંડન, ૨૨ મી એપ્રિલ.

પ્રધાનમંડળે છેવટે મિ. આર્થર હેન્ડરસનની દરખાસ્ત સ્વીકારી છે, એમ જણાવવામાં આવે છે. એ એવી છે કે જો દર અઠવાડિયે ૧૫,૦૦૦ નવા સિપાઇઓ દાખલ ન થાય, તો ૭ અઠવાડિયાં પછી બળાત્કારનો કાયદો કરવો.

વર્ડુનની લડાઇ.

પારિસ, ૨૨ મી એપ્રિલ.

મ્યુઝની પશ્ચિમે તોપના પુષ્કળ ગોળા છોડ્યા પછી જર્મનોએ બે વાર હુમલા કર્યા, પણ તે આપણી તોપોની આગથી પાછા વાળવામાં આવેલ છે. મ્યૂઝની પૂર્વે આપણી પહેલી અને બીજી લાઇન ઉપર ભયંકર ગોળા ફેંકવામાં આવ્યા છે. બીજે બધે શાંતિ છે.

આફ્રિકામાં જર્મન ક્રૂરતા.

કેપટાઉન, ૨૨ મી એપ્રિલ.

જર્મન નૈર્ઋત્ય આફ્રિકામાં બ્રિટિશ કેદીઓ તરફના વર્તનની તપાસ માટે નિમાયેલા કમિશનના રિપોર્ટથી મોટો હાહાકાર થયો છે. એમ દેખાય છે, કે કેદીઓને જાણીબૂજીને ભૂખે મારવામાં આવેલ છે, અને જર્મનોએ કપડાં ન આપ્યાથી માણસોને અર્ધ નગ્ન સ્થિતિમાં ચીંથરામાં અને કાકરોમાં જવું પડ્યું છે. એકથી બીજે ઠેકાણે લઇ જતાં બ્રિટિશ અમલદારોને બેડીઓ નાંખેલ છે, અને એકને ૭ મહિના સુધી એક ગલીચ ઓરડીમાં પૂરી રાખેલ છે. સિવિલિયન સ્ત્રીપુરુષોને અને બાળકોને સાધારણ તુરંગમાં ગોંધવામાં આવ્યાં છે. જનરલ બોથાએ શહેનશાહી સરકારને આ ક્રૂરતાના કરનારાઓનાં નામ આપેલાં; પણ સરકારે વેર લેવાની પોતાની ઇચ્છા નથી, એમ જાહેર કર્યું છે.

રાજાજીનો સંદેશો.

લંડન, ૨૪ મી એપ્રિલ.

ગાલ્લીપોલીમાં ઉતર્યાની સંવત્સરીને દિવસે નામદાર રાજાજીએ ઑસ્ટ્રેલિયાના ગવ્હર્નર-જનરલને તથા ન્યૂઝીલેંડના ગવ્હર્નરને નીચે પ્રમાણે સંદેશો મોકલ્યો છે:—

"ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેંડમાં મારા લોકોને કહેજો, કે ગાલ્લીપોલીના વીરોને માન આપવામા આજ હું તેમની સાથે જોડાઉં છું. તેમણે સર્વોપરિ હેતુથી મારા સિપાઇઓ અને ખલાસીઓની સાથે બહાદુરીથી લડતાં લડતાં પોતાના પ્રાણ આપ્યા છે. તેમનાં શૌર્ય અને ધૈર્યથી બ્રિટિશ સેનાને નવી કીર્ત્તિ મળી છે. જેઓ તેમને માટે વિલાપ કરતાં હોય, તેમણે એ ખાતરીથી આશ્વસિત થવું ઘટે છે, કે તેઓ વ્યર્થ મરી ગયા નથી; બલ્કે તેમના સ્વાર્પણથી મારા લોકો પરસ્પર વધારે સંબદ્ધ થયા છે, અને શહેનશાહતનાં બળ તથા યશમાં વધારો થયો છે."

જર્મનોની હાર.

પારિસ, ૨૫ મી એપ્રિલ.

મ્યૂઝની પશ્ચિમે ફ્રેંચોએ જર્મનોને સજ્જડ હાર ખવરાવી છે. મૉર્ટ હૉમ આગળ આપણા નવા મોરચાઓ ઉપર દુશ્મને બે વાર હલ્લો કર્યો, પણ તે નિષ્ફળ ગયેલ છે. છેવટે પ્રવાહી આગનો પુષ્કળ ઉપયોગ કરીને હુમલો કર્યા છતાં તેઓને ઘણા નુકસાન સાથે હઠી જવું પડ્યું છે.

જર્મન કિનારા ઉપર તોપના ગોળા.

આમ્સ્ટર્ડામ, ૨૬ મી એપ્રિલ.

બર્લિનથી એક તારમાં જણાવવામાં આવે છે, કે બ્રિટિશ વહાણોના એક મજબૂત કાફલાએ જર્મનીના કિનારા ઉપર તોપના ગોળા ફેંક્યા છે.

બ્રિટિશ કિનારા ઉપર તોપના ગોળા.

લંડન, ૨૬ મી એપ્રિલ.

વિગ્રહખાતાની ઑફિસ તરફથી જાહેર થાય છે, કે ગઇ કાલે સવારે ચાર ઉપર દસ મિનિટે લોઝટૉફ્ટ અને યારમડ ઉપર જર્મન વહાણોએ તોપના ગોળા ફેંક્યા છે. મારો અર્ધો કલાક સુધી ચાલ્યો છે. જર્મન તોપો મોટી હોવા છતાં નુકસાન પ્રમાણમાં થોડું થયું છે. ચાળીસેક મકાનોને ઘણું તથા બસેંકને થોડું નુકસાન થયું છે. ચાર માણસો માર્યાં ગયાં છે, અને ત્રણને ગંભીર તથા નવને થોડી ઇજા થઇ છે.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૯ મી મે, ૧૯૧૬. [અંક ૨૩.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૯ મી મે ૧૯૧૬.

સબમરીનના સંકટની સામે બ્રિટનની લડત.

ભૂમધ્ય સમુદ્રમાં સબમરીનના સંકટથી ચિંતા થતી રહી, અને કેટલીક આગબોટોને સ્વેઝની નહેર છોડીને કેપને માર્ગે જવાની ફરજ પડી, છતાં ઘરનાં પાણીઓમાં બ્રિટનોની સબમરીનો સામેની લડત વધારે તીવ્ર થતી ગઇ. બ્રિટિશોએ જે જીતો મેળવી, અને જેથી બ્રિટન દુકાળ અને હારથી છૂટું રહ્યું, તેની વિગતો સંબંધી માહિતી હજી આપી શકાય તેમ નથી. સબમરીનોની સામે બ્રિટને જે ગુપ્ત સાધનો વાપર્યાં છે, તેનો હેવાલ કોઇ પણ દિવસ પ્રગટ થશે કે કેમ, એ શંકાસ્પદ છે. દુઃખદાયક અનુભવથી મેળવેલું જ્ઞાન દુશ્મનની જાણ માટે પ્રસિદ્ધ થવાનો સંભવ ઘણો ઓછો છે.

લુસિટેનિયાના વિનાશ પછી સબમરીનનો નાશ કરવાની કળાનો અભ્યાસ આવેશથી ચાલવા માંડ્યો. ડાર્ડનલ્સ અને બાલ્ટિકમાં સબમરીનોનો ઉપયોગ કરવાથી અમલદારો તે કેટલું કરી શકે તે સારી રીતે સમજતા હતા; તેથી જેનો પોતે ઉપયોગ કરતા હતા તેની સામે થવાના રસ્તા તેઓ શોધી શકેલા. સાયન્સ જાણનારા માણસોની મદદ માગવામાં આવી; અને તેથી ઘણી જાતની વિલક્ષણ યોજનાઓ તૈયાર થઇ. લડત ચલાવવા સારૂ સેંકડો ન્હાનાં વહાણો કાફલામાં ઉમેરવામાં આવ્યાં; અને નૌકાસેવાનાં માણસો પુરતાં ન હોવાથી ઘણા માછીઓને રાખી લેવામાં આવ્યા.

આપણા લડાયક નાવિકોમાં માછીઓ સૌથી ઓછા અનુભવી હતા. પ્રથમ તેમણે સુરંગો દૂર કરીને બંદરના માર્ગ સાફ રાખવાનું કામ હાથમાં લીધું. તેઓ એવા હિંમતવાન નીવડ્યા, કે ડાર્ડનલ્સમાં અને એજિયન કિનારા ઉપર દુશ્મનની તોપોનો મારો છતાં તેમણે સુરંગો દૂર કરવાનું કામ અચ્છી રીતે બજાવ્યું. દુશ્મનનાં વહાણો ડુબાવવાના કામમાં પ્રથમ તેઓ ભાગ લઇ શકેલા નહીં. પણ સંજોગો એવા થયા, કે એ લોકોજ છેવટે ભયંકર સંહારકો બની ગયા. સબમરીનના નાશની કળા તેમણે એટલી ખીલવી, કે જર્મન નૌકાના પરમ સમર્થ નાવિકોને પણ છેવટે તેમની બીક લાગવા માંડી.

આપણા કિનારા પાસેનો કેટલોક મહત્ત્વનો પ્રદેશ તેમને સુપ્રત થયેલો. તેઓ હમેશાં અમુક પ્રકારનાં મોજાંની તપાસ કરતા. કોઇ ૮૦૦ ટનની સબમરીન ગમે તેટલી ઊંડાઇએ ચાલતી હોય, તોપણ તેથી પાણીની સપાટી ઉપર અમુક વિલક્ષણ મોજું પયદા થાય છે; અને માછીઓની કેળવાયેલી આંખો એ મોજાંને અસાધારણ ઝડપથી ઓળખી કાઢતી. તેઓ હુમલો કરવામાં શી પદ્ધતિ વાપરતા તે હાલ સમજાવી શકાય તેમ નથી. પણ એટલું કહેવામાં હરકત નથી કે, તેઓ જે કોઇ સબમરીનને નીચે જોતા તે ફરી ઉપર આવી શકતી નહીં. તે મોટી પોલાદની માછલી ઉપર આવીને પોતાનાં હથિયારો વાપરી શકે, તે પહેલાં કોઇક પ્રકારની જાળમાં ફસાઇ જતી: અને જાળ જેમ તેની આસપાસ વીંટાતી, તેમ ઉપર મોજાંઓમાં થઇને કંઇક આવતું, અને લોઢાની માછલીના બે કકડા કરતું. કશી લડાઇ થતી નહીં.

સબમરીનના નાશને લગતી એક રીતની વાત કરવામાં તો કશી હરકત નથી. વિલિયમ ડુડિલિયર કરીને એક શોધકે તે શોધી કાઢી છે, અને તેનું બયાન એક અમેરિકન માસિકમાં પ્રગટ થયું છે. તે એક એવી યાંત્રિક યોજના છે, કે જેથી પૂરેપૂરી હેઠળ ચાલતી સબમરીન ક્યાં છે, તે વીશ માઇલની ત્રિજ્યામાં જાણી શકાય છે. યંત્રમાં એક સૂક્ષ્મશ્રાવક હોય છે, કે જે ડુબેલી સબમરીન જે વીજળીની મોટરોથી ચાલે છે તેના અવાજને પકડે છે: અને અંદર એક અવાજની ગળણી હોય છે, કે જે પાણીમાંથી આવતા બીજા બધા અવાજોને દૂર રાખે છે. આની મદદથી સબમરીન ક્યાં છે, તે પકડી શકાય છે.

ઇંગ્લિશ સામુદ્રધુનીમાં થઇને લશ્કરો અને સરસામાનના ગંજાવર જથ્થા મોકલાયા, ત્યારે જર્મન સબમરીનોમાંથી બચવાને કઇ પદ્ધતિઓ વપરાઇ હતી, તે સંબંધી કશી ખાસ ખબર બહાર પડી નથી. આપણે એટલુંજ જાણીએ છીએ, કે જેમ જેમ વિગ્રહ આગળ ચાલતો ગયો, તેમ તેમ એ બચાવ વધારે મજબૂત થતો ગયો છે. એંગ્લિયા નામના ઇસ્પિતાલ વહાણને સુરંગ લાગેલી, તેને વિરલ વિપત્તી ગણી શકાય. દુશ્મનોએ એવી ખબર ચલાવી છે, કે ફ્રેંચ અને બ્રિટિશ નૌકાધિકારીઓએ પોલાદની ગંજાવર જાળીઓથી સાંકડા દરિયાઓને બંધ કરેલા, કે જે કોઇ કોઇ વાર ચાળીસ માઇલ લાંબી હતી; અને તેમાં દુશ્મનની સબમરીનો અટવાઇ જતી, તથા ખલાસીઓ છેવટે હવા વગર મુંઝાઇને મરી જતા. દુશ્મને આપેલું બયાન નીચે પ્રમાણે છે:—

"ડોવરથી સામેના ફ્રેંચ કિનારા સુધી એક જાળી નાંખવામાં આવેલ છે, અને બીજી વેમાઉથની પાસે પૉર્ટલેન્ડ બિલથી તે કેપ લા હેગ સુધી. આ બે જાળીઓની વચ્ચે ૧૫૦ માઇલ કરતાં વધારે અંતર છે, કે જે લઇ જવાને તથા લાવવાને માટે પુરતું છે. આઇરિશ સમુદ્રના બચાવને માટે પણ એવીજ ગોઠવણ છે.

"વેપારનાં વહાણો અને મિત્ર રાજ્યોનાં લડાયક વહાણોને માર્ગ આપવા માટે આ જાળીઓમાં એવા દરવાજા કર્યા છે, કે જે ગમે ત્યારે ઉઘાડી અને બંધ કરી શકાય છે. આ

માર્ગો માત્ર બ્રિટિશ નૌકાખાતાને માલુમ છે, અને વારંવાર બદલવામાં આવે છે. સબમરીનો પાણીની નીચે ૩૦૦ ફુટ સુધી ઉતરી શકે છે, તેટલા માટે આ જાળીઓ દરિયાના તળિયા સુધી પહોંચાડવામાં આવેલ છે, અને ખાડી કયાંય ૨૯૫ ફુટ કરતાં વધારે ઊંડી નથી.

"જાળીના ઉપલા છેડા બોયાંની સાથે જડવામાં આવેલ છે, અને ઉપલા તથા નીચલા બન્ને છેડાને લંગર નાંખેલું હોય છે, એટલે તોફાન કે ભરતીઓટમાં કશો ફેરફાર થતો નથી. લંગરની સાંકળો પણ એટલી ટુંકી રાખી છે, કે પાણીની સપાટીથી બોયાં થોડા ફુટ નીચે રહે છે, એટલે પાણીની ઉપર કે નીચે સબમરીનોને એ જાળીઓ દેખાતી નથી. જો કોઇક જાળીમાં આવી પડે છે, તો તે ગુંચવાઈ જાય છે, અને છુટી શકતી નથી."

ન્હાની જાળીઓનો ઉપયોગ સપાટી ઉપર ચાલતાં બ્રિટિશ અને જર્મન બંને જાતનાં વહાણોએ કરેલો છે. યૂ ૧૭ નામની એક જર્મન સબમરીનના નિયામક લેફટેનંટ વેનિંગરે ઇંગ્લંડના પૂર્વ કિનારા પર પોતે જાળીઓમાંથી કેમ બચ્યો, તેનો સવિસ્તર હેવાલ લખ્યો છે. એક દિવસ તે પોતાનું સ્થાનક છોડીને નિકળ્યો, અને ઉત્તર સમુદ્રમાં દાખલ થયો. પેરિસ્કોપ-માંથી જોતાં તેને દેખાયું, કે એક લાલ બોયું તેની હોડીની પાછળ લાગેલું છે. દસ મિનિટ પછી ફરીને જોતાં તેટલેજ અંતરે તે બોયું તેને દેખાયું. તે જમણી તરફ ચાલ્યો, અને ડાબી તરફ ચાલ્યો, પણ બોયું તો તેની પાછળજ ચાલ્યું આવતું હતું. તે પાણીમાં ઊંડો ઉતર્યો, અને ફરી એકદમ ઉપર આવ્યો, તો બોયું ઉપર સપાટી પર તરતું હતું. તેની હોડીએ બોયાની સાંકળ પકડી હતી, અને તે સાથે સાથે ઘસડાતી હતી. એક ન્હાની બ્રિટિશ હોડીએ બોયાની વિચિત્ર મુસાફરીનું અવલોકન કર્યું હતું, તથા દોરડાં વગરના તારનો સંદેશો અપાયા જતો હતો.

વેનિંગરે જાહેર કર્યું છે, કે જર્મન સબમરીનોના શિકાર માટે બ્રિટિશો સૂક્ષ્મશ્રાવક યંત્રનો ઉપયોગ કરતા હતા; કારણકે તેના પોતાના શ્રાવક યંત્રથી જણાયેલું, કે બે આગબોટો પાસે આવે છે. થોડાજ વખત પછી તેણે જોયું કે પાંચ બ્રિટિશ ટોર્પીડો-હોડીઓ ઉત્તર તરફથી આવે છે. જર્મન અમલદારે પ્રથમ પોતાની હોડીની ગતિ વધારી, અને અગ્રેસર હોડી પર હુમલો કરવાનો વિચાર કર્યો. પણ તેણે જોયું, કે તેઓ મારો કરવાને સજ્જ થઇને અર્ધ-વર્તુલાકારમાં ગોઠવાય છે; એટલે હુમલાનો વિચાર પડતો મૂકીને તેણે ઊંડી ડુબકી મારી, તથા તળિયે ચાલવા માંડ્યું. અચાનક એમ લાગ્યું, કે તેની હોડીને કંઇક અકસ્માત થયો છે. તે ઉપર નીચે જવા લાગી; અને સુકાનના સંચામાં કંઇ બગાડો થયો હોય એવું થોડી વાર દેખાયું.

પણ વેનિંગરે શોધી કાઢ્યું, કે દરકત સંચાને નહીં પણ હોડીનેજ થઇ છે. એક ટોર્પીડો હોડીએ તેનાથી આગળ જઇને એક પોલાદની જાળી પાણીમાં નાંખી હતી. યૂ. હોડી તે જાળીમાં પેઠી હતી, અને છુટાય નહીં એવી રીતે ગુંચવાઇ ગઇ હતી.

રૂશિયન શહેનશાહબાનુ પોતાના લશ્કરી લેબાસમાં.

Colonel-In Chief of Russian Lancers: the EMPRESS of Russia.

ગ્રાન્ડ-ડચેસ ઑલ્ગા પોતાના લશ્કરી લેબાસમાં.

Colonel-In-Chief of Russian Hussars: the Grand-Duchess OLGA.

દોઢ કલાક સુધી જાળીએ સબમરીનને પોતાની સાથે ઘસડ્યા કરી; અને વેનિંગરે ઉપર તથા નીચે જઇને છૂટવાને ઘણી મહેનત કરી, પણ તે નિષ્ફળ ગઇ. એટલે તેણે હોડીનું વજન બને તેટલું વધારવાને અને જાળી તોડી નાંખવાનો યત્ન કરવાનો ઠરાવ કર્યો. તે ચાલ્યો ત્યારે ૭ ટન પાણી તેણે ભરી લીધું હતું. હવે તેણે બધાં ટાંકાં ભરાય તેટલાં ભરી લીધાં; અને નીચે ઉતર્યો. નીચે તે ૧૮ કલાક સુધી રહ્યો. પણ જ્યારે તે ઉપર આવ્યો, ત્યારે તેને જણાયું કે ધ્રુવયંત્ર અને સુકાન કામ કરતાં નથી. વળી, ટોર્પીડો-હોડીઓ ઉપર તેની રાહ જોતી જણાઇ. એટલે તે ફરીને દરિયાને તળિયે ગયો, અને ત્યાં ૭ કલાક રોકાયો. એટલા વખતમાં તેણે સુકાનને દુરસ્ત કર્યું; અને ધ્રુવયંત્ર પણ સમાર્યું. ફરી એક વાર તેણે પેરિસ્કોપ ઊંચું કર્યું, કે તરત એક ચંચળ ટોર્પીડો-હોડી તેના તરફ આવતી જણાઇ. ફરી તે તળિયે ગયો, બે કલાક થોભ્યો, અને રાતને વખતે જાળની બહાર નિકળી ગયો.

લેફ્ટેનન્ટ વૉન હર્સિંગને પણ ભૂમધ્ય સમુદ્રમાં એવોજ કંઇ અનુભવ થયેલો માલુમ પડે છે.

બ્રિટિશ સબમરીન હોડીઓ પણ જર્મન જાળીઓમાં સપડાયેલી છે. એક વાર એક બ્રિટિશ સબમરીન જર્મન જાળમાં ફસાઇ ગઇ, અને ગૂંચવણી તોડી નાંખવા સારૂ સપાટી ઉપર આવી. ઉપર આવી કે તરત એક હવાઇ બૉંબ નીચે પડ્યો. જાળની ઉપર એક ઝેપ્પેલિન રાહ જોતું હતું, અને દોરડાં વગરના તારના સંદેશા મોકલી તે બ્રિટિશ હોડીને પૂરી કરવા સારૂ જર્મન વિનાશક વહાણોને બોલાવી રહ્યું હતું. બૉંબમાંથી બચીને ગૂંચવાયેલી સબમરીન સંભાળથી અને ધીમે ધીમે નીચે ઉતરી, કે જેથી કરીને જાળ તેની આસપાસ વધારે વીંટાય નહીં.

જાળમાંથી છૂટવા સારૂ અમલદારે કંઇ કંઇ મહેનત કરી; અને આખરે છૂટી કરીને તે પોતાની હોડીને છેક તળિયે લઇ ગયો. હવે ન્હાસી જઇને બીજી સબમરીનોને ખબર આપવી, કે ઝેપ્પેલિને બોલાવેલાં વિનાશક વહાણો આવે ત્યાં સુધી રાહ જોઇ તેમના પર હુમલો કરવો, તેનો તેને વિચાર થઇ પડ્યો. એ બન્ને કામ કરવાનો તેણે નિશ્ચય કર્યો. જ્યારે તેના શ્રાવકયંત્રથી તેણે જાણ્યું કે ચાર વિનાશક વહાણો ઉપર તેને શોધે છે, ત્યારે તેણે જે વહાણ સૌથી પાસે હતું તેની નિકટ જઇને એક ટોર્પીડો લગાવી તેનો નાશ કર્યો. ફરી ડુબકી મારીને તે થોભ્યો, અને બીજા વિનાશકના અવાજની રાહ જોવા લાગ્યો. ફરી સબમરીન ઊંચી આવી, અને બીજા વિનાશકનો તેણે સંહાર કર્યો. અને પાછી જ્યાં બીજી સબમરીનો સાથે એકઠાં થવાનું હતું, ત્યાં જઇને તેણે સાવચેતી આપી.

સબમરીનોને શોધવામાં વિમાનોએ સારી સેવા બજાવી છે.

૧૯૧૫ના ઑગસ્ટની ૨૬મી તારીખે સ્કવૉડ્રન-કમાન્ડર બિગ્સવર્થ, કે જેણે રામ્સગેટ પર ચડી આવેલા ઝેપ્પેલિન પર બૉંબ નાંખીને પ્રખ્યાતિ મેળવી હતી, તેણે ઓસ્ટેન્ડ પાસે એક

જર્મન સબમરીન દીઠી. તે ઉપર લાઇનમાં આવવા પ્રયાસ કરતો હતો, ત્યાં પેલી ચુ હોડીએ તેના પર તોપ છોડી, અને કિનારા પરના તોપખાનાએ પણ ગોળીઓ છોડવા માંડી. પણ ઘણી શાંતિ અને કુશળતા વાપરીને સ્કવૅાડ્રન-કમાન્ડર બિગ્સવર્થ ૫૦૦ ફુટ સુધી નીચે ઉતર્યો, અને એવા આબાદ બૉંબ ફેંકયા, કે તેમણે પોતાનું કામ બરાબર રીતે બજાવ્યું.

૧૯૧૫ના નવેંબરની ૨૮ મી તારીખે ફ્લાઇટ-લેફ્ટેનંટ વ્હાઇની તથા ફ્રેંચ લેફ્ટેનંટ કૉન્ટ ડી સિંકેએ મળીને બેલ્જિયન કિનારાની પેલી તરફ એક દુશ્મન સબમરીનને દીઠી. લેફ્ટેનંટ વ્હાઇનીએ ભોમિયા તરીકે પોતાનું વિમાન ચુ હોડીની ઉપર બરાબર લાઇનમાં આણ્યું, અને કૉન્ટ ડી સિંકેએ બૉંબ નાંખ્યા, જેથી તે હોડીનો નાશ થયો.

બીજી વાર આપણી પોતાની એક સબમરીન, કે જે જર્મનના કિનારાની પાસે ડુબેલી હતી, તેને હવા લેવા માટે ઉપર આવતાં જણાયું, કે એક ઝેપ્પેલિન રાહ જોઇ રહ્યું છે. વિમાન એટલું બધું નીચે ઝૂકી રહ્યું હતું, કે બ્રિટિશ અમલદારને આકાશ પણ દેખાયું નહીં. વિમાને ઝટપથી બૉંબ નાંખ્યા, પણ સારે નસીબે ઇ હોડી વિમાનના છેડા નીચે આવી ગઇ. પવન એવો ફૂંકતો હતો, કે વિમાની પોતાના વહાણને સબમરીનની બરાબર ઉપર લાવી શકેલો નહીં. દરમિયાન સબમરીનના એક ખલાસીએ તેના પર તોપ છોડી, અને થોડું નુકસાન થતાં ઝેપ્પેલિન ન્હાસી ગયું.

(આ મહત્ત્વનો ઇતિહાસ આવતા અંકમાં પૂરો કરવામાં આવશે.)

લડાઇના તાર.

ગ્રીસ અને મિત્ર રાજ્યો.

ઍથન્સ, ૨૮ મી એપ્રિલ.

સર્બિયન લશ્કરને લઇ જવા માટે રેલવેનો ઉપયોગ કરવા દેવાની ગ્રીક સરકારે ના પાડી છે. સર્બિયન પ્રધાને સરકારની મુલાકાત લઇને જણાવ્યું છે, કે ગ્રીસે પોતાના ભાઇબંધને સરલતા ન કરી આપવાથી સર્બિયન સરકારને ઘણું ખોટું લાગ્યું છે.

કુત-અલ-અમારા પડયું.

લંડન, ૨૯ મી એપ્રિલ.

કુત દુશ્મનને શરણ થયેલ છે. ૧૪૩ દિવસ સુધી ધૈર્ય અને શૌર્યથી ટકાવ કર્યા પછી જનરલ ટાઉનશેન્ડને પોતાનો સરસામાન ખલાસ થતાં દુશ્મનને શરણ થવું પડ્યું છે. તોપો અને દારૂગોળાનો તે પહેલાં નાશ કરવામાં આવેલ છે. લશ્કરમાં ૨,૯૭૦ બ્રિટિશો તથા ૬,૦૦૦ હિંદીઓ છે.

આયર્લેંડમાં તોફાન.

સિમલા, ૨૭ મે.

નામદાર વ્હાઇસરૉયને સેક્રેટરી ઑફ સ્ટેટ તરફથી નીચે પ્રમાણે સંદેશો મળ્યો છેઃ—

"શુક્રવાર તા. ૨૧મી એપ્રિલે એક જર્મન સબમરીન અને ડચ વેપારી વહાણના દેખાવનું એક જર્મન વહાણ આયર્લેંડના પશ્ચિમ કિનારા તરફ દેખાયાં હતાં. સબમરીનમાંથી સર રૉજર કેસમેન્ટ ઉતર્યો, જેને પકડીને લંડન ટાવરમાં કેદ કરવામાં આવેલ છે. બીજા વહાણને ડુબાવવામાં આવેલ છે. તા. ૨૪મીએ ડબ્લિનમાં ખૂબ તોફાન થયું હતું. સિન ફેનિયનોએ પોસ્ટ ઑફિસનો કબજો લઇને તારનાં દોરડાં તોડ્યાં હતાં. સિટી હૉલ, લિબર્ટી હૉલ, અને બીજાં મકાનોનો બળવાખોરોએ કબજો લીધો હતો. દેશમાં બીજે ઠેકાણે પણ બળવો ફેલાયો હતો. આખા આયર્લેંડમાં "માર્શલ લૉ" જાહેર થયો છે. બળવાખોરોનો આગેવાન જેમ્સ કોનેલી માર્યો ગયો છે, અને પીઅર્સ કરીને એક બીજો આગેવાન શરણે થયો છે. અત્યાર સુધી ૭૦૭ કેદીઓ પકડાયા છે."

આયર્લેંડમાં તોફાનની શાંતિ.

લંડન, ૧ લી મે.

મધ્ય ડબ્લિનમાં બધા બળવાખોરો શરણ થવા માંડ્યા છે. આગેવાનો તમામ તાબે થઇ ચૂકયા છે. કેદીઓમાં કાઉન્ટેસ માર્કિસ વિકઝ નામે એક તોફાની બાઇ છે. પ્રાંતોમાં પણ બળવાખોરો તાબે થતા જાય છે. ગઇ કાલે ડબ્લિનમાં ૧,૦૦૦ કેદીઓ હતા, જેમાંથી ૪૮૯ને રાત્રે ઇંગ્લંડ મોકલવામાં આવેલ છે.

ફરજિયાત લશ્કરી નોકરી.

લંડન, ૨૭ મે.

આજે આમની સભામાં મિ. એસ્કિવથે જણાવ્યું, કે લશ્કરમાં નવી ભરતી કરવા સંબંધી એક ખરડો સરકાર તરફથી આવતી કાલે રજુ થશે, કે જેમાં ફરજિયાત લશ્કરી નોકરીની દરખાસ્ત છે. કૂત શરણે થયું, તે સંબંધી બોલતાં તેણે જણાવ્યું, કે એ બનાવ દુઃખદાયક હોવા છતાં લશ્કરી દૃષ્ટિથી બહુ મહત્ત્વનો નથી. મોટા વિગ્રહોમાં એવા મામલાઓ હમેશાં બનતા આવ્યા છે. દેશને જો સરકાર ઉપર વિશ્વાસ ન હોય, તો ભલે બીજા માણસો શોધાય.

વર્ડૂનની લડાઇ.

પારિસ, ૨૭ મે.

મૉર્ટ-હૉમની આસપાસ તોપના ગોળા પડ્યા કરે છે. સાંઝને વખતે ડુઓમોન્ટની દક્ષિણ-પૂર્વમાં ફ્રેંચોએ હુમલો કરીને ૫૦૦ મીટરની લંબાઇમાં દુશ્મનની જગ્યા પડાવી છે, અને ઘણા કેદીઓ પકડ્યા છે.

રૂમાનિયન લોટ.

લંડન, ૨ જી મે.

એક બ્રિટિશ સિંડિકેટે રૂમાનિયામાં પરદેશ મોકલવાનો જેટલો લોટ હતો, તેટલો ખરીદી લીધો છે. મધ્ય રાજ્યો તે ખરીદવાને બહુ ઉત્સુક હતાં; અને તુર્કી લોટ વગર હેરાન છે.

તુર્કીમાં જર્મન અમલદારનું ખુન.

બુખારેસ્ટ, ૨ જી મે.

ફીલ્ડ-માર્શલ વૉન ડર ગોલ્ટ્ઝને અલી અબદલા નામે એક એનેટોલિયન અમલદારે ગોળીએ દીધા છે. તુર્કો જર્મનાથી ઘણા અસંતુષ્ટ છે; અને કોન્સ્ટન્ટિનોપલ ખાતે જુવાન તુર્કોના મંડળમાં ફાટ પડી છે.

બળવાખોરોને સઝા.

લંડન, ૩ જી મે.

રાજ્યરક્ષાના કાયદા પ્રમાણે કોર્ટ માર્શલથી આઇરિશ બળવાખોરોની તપાસ ચાલે છે. તેમની સઝા ચોકસ થશે, કે તરત પ્રજાને ખબર અપાશે. જેમના કેસ તરત ચાલશે નહીં તેમને ઇગ્લંડ મોકલવામાં આવશે. સ્ત્રીઓના કેસ ઉપર વિચાર ચાલે છે.

આજે આમની સભામાં મિ. એસ્કિવથે જાહેર કર્યું, કે પીઅર્સ, કલાર્ક તથા મૅક ડોનાઘ નામે બળવાખોરોને ગોળીએ મારવામાં આવેલ છે. બીજા ત્રણને ત્રણ વરસ કેદની સઝા થઇ છે.

મિ. બિરલે રાજીનામું આપ્યું છે.

લશ્કરી નોકરીનો ખરડો.

લંડન, ૩ જી મે.

આજે આમની સભામાં મિ. એસ્કિવથે લશ્કરી નોકરીનો ખરડો દાખલ કર્યો છે. અઢારથી એકતાળીસ સુધીના ઉમરના તમામ પુરુષોને લશ્કરી નોકરી ફરજિયાત કરવાની દરખાસ્ત છે. બે વાર વાંચન થઇ ગયું છે.

નિવેદન.

આજના અંકની સાથે લશ્કરી લેબાસમાં સજ્જ થયેલાં નામદાર રુશિયન શહેનશાહણાનુ તથા તેની પુત્રીનો એક સુંદર સંયુક્ત ફોટોગ્રાફ અમે અમારા વાંચનારાઓને ભેટ આપીએ છીએ.

ભાવનગર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૧૬ મી મે, ૧૯૧૬. [અંક ૨૪.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૧૬મી મે ૧૯૧૬.

સબમરીનના સંકટની સામે બ્રિટનની લડત.

(ગયા અંકથી ચાલુ.)

બેશક સબમરીનની લડાઇમાં ઉપર વર્ણવાયા તેવા પ્રસંગો વિરલ હતા. સાધારણ રીતે તો બચાવ માટેની મહેનત કઠણ, એકસરખી, અને થકવનારી હતી. "પેરિસ્કોપ" નજરે પડે એ તો મોટો બનાવ લાગતો.

ઘણી બ્રિટિશ ન્હાની હોડીઓને માત્ર એટલું કામ કરવાનું હતું, કે તટસ્થ આગબોટો ઉપર દેખરેખ રાખવી, દુશ્મને પાથરેલી નવી સુરંગોમાં થઇને તેમને દોરી જવી, અને એટલી તપાસ રાખવી, કે તેમાંથી કોઇ દુશ્મન સબમરીનને સાહિત્યો પૂરાં પાડે છે કે નહીં.

એક બ્રિટિશ નૌકાના અમલદારને જર્મન સબમરીનની સાથે લડવાની પ્રબળ ઇચ્છા હતી. તેને એક વેપારી આગબોટ સુપ્રત થયેલી, અને તેને તેણે ક્રુઝરના રૂપમાં ફેરવી નાંખીને "બારાલોંગ"નું નામ આપેલું. જર્મન સબમરીનો જ્યાં કામ કરી રહી હતી, તેવા એક સ્થાનમાં તે અમલદાર મહિનાઓ સુધી રહેલો, એવી આશાથી, કે દુશ્મન તેના વહાણ ઉપર હુમલો કરશે: પણ દુશ્મનને તેના વહાણનો દેખાવ ગમેલો નહીં, અને તેટલા માટે તેનાથી દૂર રહેલા. પછી તેણે પોતાની તોપો સંતાડવાની યોજના કરેલી, અને વહાણ નિર્દોષ મુસાફરીનું હોય એવો દેખાવ થયેલો. ૧૯૧૫ના ઑગસ્ટની ૧૯મી તારીખે જ્યારે "એરેબિક" નામની મોટી બ્રિટિશ ઉતારૂઓની આગબોટને ટોર્પીડો મારી ડુબાવવામાં આવી, ત્યારે બારાલોંગનો ઉપરી પોતાના વહાણને એ ખૂનની જગ્યા પાસે લઇ ગયો. દરમિયાન, "નિકોસિયન" નામે એક બીજી બ્રિટિશ આગબોટ લશ્કરી અશ્વો અને તેમની સંભાળ રાખવાને બારેક અમેરિકન પશુરક્ષકોને લઇને ક્વીન્સટાઉનથી ૬૦ માઇલની અંદર આવી પહોંચી. જે જર્મન સબમરીને આગલી આગબોટનો નાશ કર્યો હતો, તેણે એ નિકોસિયન તરફ પણ ટોર્પીડો છોડી; પણ તેથી બહુ ઇજા થઇ નહીં. એટલે સબમરીને તેના પર ગોળા ફેંકવા માંડ્યા. સાતેક ગોળા પડ્યા, તે પછી બ્રિટિશ કમાન અને ખલાસીઓ એક હોડીમાં બેસીને આગબોટને છોડી ગયા.

પણ અમેરિકન પશુરક્ષકોએ બીજી હોડીમાં બેસવાની ના પાડી, કારણકે તેમને નિકોસિયન હજી સલામત લાગતી હતી. તે અણીએ બારાલોંગ નિકોસિયનની પાછળ આવી પહોંચી. તે બેડોળ જેવી લાગતી હતી, અને અકૃત્વા પ્રમાણે અમેરિકન વાવટો ઉડાવી રહી હતી. સબમરીનના અમલદારને એવું લાગેલું, કે એનો સહેલાઈથી શિકાર થશે. તેની પાસે એકજ ટોર્પીડો બાકી રહેલી દેખાય છે, અને તે ૫૦૦ શેરનું શસ્ત્ર અશક્ત વહાણ ઉપર વાપરવાની તેણે ઇચ્છા કરી નહીં. એટલે તેણે એક હોડીમાં એક ટુકડીને બોંબ લઇને એ પશુઓના વહાણનો નાશ કરવાને મોકલી. પણ જેવા તે હોડીના માણસો નિકોસિયનની બાજુમાં પહોંચ્યા, કે બારાલોંગે પોતાનું ખરૂં સ્વરૂપ પ્રગટ કર્યું. ઉપલું ખોટું આચ્છાદન દૂર થયું, તોપો દેખાઇ, અને એરેબિકના નાશ કરનાર ઉપર બે ગોળા છૂટ્યા. બારાલોંગના ખલાસીઓને સબમરીન ઉપર વધારે રીસ એ કારણથી ચડી હતી, કે પશુઓના વહાણના ખલાસીઓ બીજી હોડીમાં ઉતરતા હતા, ત્યારે પણ સબમરીનનો પ્રહાર ચાલુ હતો. સબમરીને બારાલોંગ ઉપર પણ ઘા કર્યો, છતાં તે ખાલી ગયો. બારાલોંગના ખલાસીઓએ હવે સબમરીનના તૂતક ઉપર ગોળીઓનો વરસાદ વરસાવ્યો; અને સબમરીનના માણસો મિનારા તરફ ન્હાસી જવા લાગ્યા. સબમરીન મોટી અને નવી હોઇને ૩૦૦ ફુટ લાંબી હતી. તેના ઉપરની બે તોપ બારાલોંગની તોપો કરતાં પણ જરા મોટી હતી. છતાં લડાઇ સાડીચાર મિનિટમાં પૂરી થઈ. સબમરીન ચીરાઇને ડુબી ગઇ.

સબમરીન ડુબવા માંડી, એટલે જર્મન અમલદાર અને તેના ખલાસીઓ બીજી હોડીમાં બેસીને નિકોસિયન તરફ ચાલ્યા. તેમનો ઇરાદો પશુઓના વહાણ ઉપર ચડીને તાબે થવાની નિશાની તરીકે ધોળો વાવટો ચડાવવાનો હશે. આટલે સુધી બંને પક્ષના હેવાલ મળતા આવે છે. પણ છેલ્લા દેખાવ સંબંધી જર્મન સરકારે એક વિચિત્ર વૃત્તાંત પ્રગટ કર્યો છે; અને જણાવ્યું છે, કે જર્મન ખલાસીઓ પાણીમાં ગડમથલ કરતા હતા, ત્યાં બારાલોંગના ખલાસીઓએ તેમનાં ખૂન કર્યાં છે. હકીકત એ હતી, કે અમેરિકન ખચ્ચરવાળાઓએજ સબમરીનના ખલાસીઓને પૂરા કરેલા. એ પશુરક્ષકોએ જર્મન ખલાસીઓને બોંબ લઇને આવતા જોયા હતા, અને પાસે બંદુકો ન હોવાથી ભઠ્ઠીના શળિયા લઇને તેઓ સજ્જ થયેલા. એ શળિયા ત્રણ ફુટ લાંબા અને માણસનાં કાંડાં જેટલા જાડા હતા. જર્મનો શંકા વગર ચડવા માંડ્યા. તેઓ ચડી રહ્યા, કે તરત અમેરિકનો તેમના પર તૂટી પડ્યા. પોતાનાં શસ્ત્રો વાપરવાનો તેમને વખતજ મળ્યો નહીં. બીજી હોડીના માણસો આવ્યા, તેમની પણ એજ દશા થઇ.

નીચે આપેલા મિ. બાલ્ફોરના કાગળથી સબમરીનોની જર્મનોની લડત ઉપર સારો પ્રકાશ પડશે:—

"જમીન ઉપરની જર્મનીની લશ્કરી પદ્ધતિઓ અને તેના ઉદ્દેશો સંબંધી ઘણું લખાયેલું છે; દરિયા ઉપર તેની પદ્ધતિઓ અને તેના ઉદ્દેશો સંબંધી એટલું બધું લખાયલું નથી. છતાં એ બંનેનો એવો નિકટ સંબંધ છે, કે એકથી ભિન્ન રાખીને બીજાને સમજી શકાય તેમ નથી.

"ઈ. સ. ૧૯૦૦ માં બ્રિટનની સામે એક કાફલો તૈયાર કરવાની રાજનીતિ જર્મનીએ પહેલવહેલી જાહેર કરી; અને તેની રાજ્યલોભની દૃષ્ટિએ એ રાજનીતિ બરાબર જોઇએ તેવી હતી. તેનો ઉદ્દેશ દુનિયા ઉપર આધિપત્ય મેળવવાનો હતો; અને દુનિયાના આધિપત્યની સામે રાણી એલિઝાબેથના વખતથી આજ સુધી બ્રિટિશ કાફલાએ હમેશાં પાકો અને પૂરેપૂરો બચાવ કર્યો છે.

"જર્મનો આ હકીકતથી સારી રીતે વાકેફ હોવા જોઇએ: કારણકે બ્રિટિશ કાફલા વગર મહાન્ ફ્રેડરિકને પોતાના દુશ્મનોને શરણે થવું પડયું હોત; અને બ્રિટિશ કાફલા વગર નેપોલિયનની ધુરામાંથી પ્રશિયા પણ ભાગ્યેજ છૂટી શકયું હોત. દરિયા ઉપરની છૂટ સંબંધી ગમે તે ધારવામાં આવે, પણ જમીન ઉપર જે છૂટ છે, તે મોટે ભાગે બ્રિટિશ વહાણો અને બ્રિટિશ નાવિકોને લીધે છે.

"પણ એક મોટો કાફલો તૈયાર કરવામાં પૈસાની સાથે વખતની પણ જરૂર પડે છે, અને જર્મન રાજપુરુષો તે જાણતા હતા. છતાં નૌકા સંબંધી પોતાની રાજનીતિથી તરત જે લાભ થવાના તે તેમનું લક્ષ્ય હતું.

"તેમણે એમ ગણના કરેલી, કે બ્રિટનના કરતાં સંખ્યામાં ઉતરતો પણ જો મજબૂત કાફલો હોય, તો તે બ્રિટિશ કાફલાને અશક્ત બનાવી શકે, કારણકે કોઇ પણ બ્રિટિશ સરકાર એવા વિગ્રહમાં પડવાનું પસંદ કરે નહીં, કે જે પરિણામે તેના કાફલાને કોઇ ત્રીજી સત્તાના કરતાં ઉતરતો બનાવે. નૌકા સંબંધી બિલની પ્રખ્યાત પ્રસ્તાવનામાં આ રાજનીતિનો સ્પષ્ટ જોકે સાવચેતીથી ઉપયોગ થયેલો છે. એ ઉમેરવાની કશી જરૂર નથી, કે જર્મન નૌકા-મંડલની ધારણાઓ એ કરતાં પણ વધારે લોભની હતી.

"છતાં અત્યાર સુધી જર્મન સરકારની કે જર્મન નૌકામંડળની કોઇની યોજના કંઇ સફળ થઇ નથી. બ્રિટિશ લડાયક કાફલો તેર મહિના પહેલાં હતો તે કરતાં વધારે મજબૂત થયો છે, અને વિગ્રહ આગળ ચાલતાં એ ક્રિયા ચાલતી બંધ પડશે એમ માનવાને કશું કારણ નથી. ખરે, એ ખુલ્લું છે કે ઍડમિરલ ટર્પિટ્ઝ અને જર્મન સરકારનો પણ છ મહિનાની લડાઇ પછી એવોજ અભિપ્રાય થયેલો. તેમણે જોયું કે જૂની રાજનીતિ નિષ્ફળ નીવડી છે, અને નવીનો પ્રયોગ થવો જોઇએ. ડ્રેડનૉટો અને ક્રૂઝરો જ્યારે ફાવી નહીં, ત્યારે સબમરીનો ફાવશે એમ તેમણે ધારેલું દેખાય છે.

* * * *

"હું કંઇ આગમ ભાખવાની શક્તિ ધરાવતો નથી. ભવિષ્યને માટે હું કશું અભિમાન કરતો નથી. પણ ભૂતકાળને માટે હું ખાતરીથી બોલી શકું તેમ છું; અને તમને એ જાણીને આનંદ થશે, કે જર્મન સબમરીનોને આપણે ઘણું નુકસાન કરી શકયા છીએ, પણ બ્રિટિશ વેપારી વહાણોનો ટનેજ વિગ્રહ શરૂ થયો ત્યારે હતો તે કરતાં હાલ વધારે છે.

"એટલું ખરૂં કે લડાઈની આ પદ્ધતિથી ઘણાં નિર્દોષ માણસો, પુરુષો તેમજ સ્ત્રીઓ અને બાળકો, પક્ષકારો તેમજ તટસ્થો, લૂંટાયેલ અને મારી નંખાયેલ છે. છતાં નિર્દોષોનેજ ખમવું પડ્યું છે એમ નથી. અપરાધીઓનો પણ ઘણો ભોગ અપાયો છે. કેટલાક બચાવાયા છે, અને વિગ્રહના કેદીઓ છે. પણ સબમરીનનું સ્વરૂપજ એવું છે, કે ઘણી વાર ખલાસીઓ સુદ્ધાં હોડીની સાથેજ નાશ પામે છે; અને જેઓ તેમને એ અપ્રતિષ્ઠિત કામ પર મોકલે છે તેઓ ખાલી રાહ જોઇ રહે છે.

"યુનાઇટેડ સ્ટેટ્સ તરફ જર્મનીનું વલણ જે ફરેલું જણાય છે, તેનો ખુલાસો આ છે. માણસો પૂછે છે, કે લુસિટેનિયાનો નાશ થયો, અને મરદ, ઓરત, તથા છોકરાં મળીને ૧,૧૦૦ કરતાં વધારે માણસો મરણ પામ્યાં, ત્યારે જર્મનીમાં હર્ષ થયેલો; અને એરેબિકના નાશની ખબરથી એવું કશું થયેલું નહીં, તેનું કારણ શું?

"શું કારણ એ છે, કે વચલા મહિનાઓમાં યુનાઇટેડ સ્ટેટ્સ વધારે પ્રબળ અને જર્મની નિર્બળ થયેલ છે? કે શું પ્રેસિડન્ટના વલણમાં ફેર પડ્યો છે? કે શું સ્ટેટના સેક્રેટરીની દલીલોથી વધારે અસર થઇ છે? કે શું કાયદા વિરુદ્ધ ક્રૂરતાની સામે છેવટે જર્મન અભિપ્રાયે બળવો કર્યો છે?

"નહીં. કારણ બીજે સ્થળે શોધવું જોઇએ. કારણ એ છે, કે સબમરીન સંબંધી રાજનીતિના ઘડનારાઓને તેનાં પરિણામની તુલના કરવાનો વખત મળ્યો છે, અને જે કર્મો મે મહિનામાં માત્ર અપરાધનાં હતાં, તે સપ્ટેંબરમાં મૂર્ખાઇનાં દેખાયાં છે."

બ્રિટિશોએ કેટલી જર્મન સબમરીનોને ડુબાવી, તેનો ચોકસ આંકડો આપવામાં મુશ્કેલી છે. વિનાશનું કામ પાણીની નીચે ઊંડે થતું હોવાથી આપણા માણસો હમેશાં કહી શકતા નહીં, કે દુશ્મનનો નાશ થયો છે કે કેમ. કોઇ વાર સપાટી ઉપર પરપોટા અને તેલ દેખાતાં, અને એથી નાશનો ઠીક પુરાવો મળતો; અને કોઇ વાર ગૂંગળાઇ મરેલા નાવિકો સાથે સબમરીન જાળીમાં ગૂંચવાયેલી માલુમ પડતી. પણ ઘણી વાર શંકા રહેતી. જર્મનોએ કદાચ બ્રિટનને બેદરકાર બનાવીને ફૂલાવવાને એવી અફવા ચલાવેલી, કે ૧૯૧૫ના સપ્ટેંબર સુધીમાં ૪૦ કરતાં વધારે સબમરીનોને ડુબાવવામાં આવેલ છે. એવો રિપોર્ટ થયેલો, કે ૧૯૧૫ના ઑક્ટોબર સુધીમાં ૧૬ સબમરીનોનો તોપો અને બીજાં સાધારણ સાધનોથી નાશ થયેલો; અને ૨૭ સબમરીનો બ્રિટિશ જાળોમાં અટવાઇ પડેલી.

રૂશિયનોએ પણ ૨ જર્મન સબમરીનોને બાલ્ટિકમાં ડુબાવી હતી, અને વિગ્રહ શરૂ થયો ત્યારે જર્મની પાસે સુમારે ૫૦ સબમરીનોજ તૈયાર અથવા લગભગ તૈયાર હતી, એટલે ઉપલા આંકડા જો સાચા હોય, તો તેની પાસે માત્ર પાંચેક જ હોડીઓજ રહેવી જોઇએ. અર્થાત્, એ ગણના હસી કાઢવા જેવી છે. એટલું કબૂલ કરીએ, કે ૧૯૧૪ના ઑગસ્ટ અને ૧૯૧૫ના

ઑકટોબર વચ્ચે જર્મનીએ સારી નવી સબમરીનો બાંધેલી હોવી જોઇએ, તોપણ પંદર મહિનામાં તેમને ૪૫ સબમરીનોનો નાશ થયેલો અટકળવામાં ભૂલ થવાનો સંભવ છે. ૧૯૧૫ ના મે મહિનામાં તેણે ૨ હોડીઓ ભૂમધ્ય સમુદ્રમાં મોકલેલી; સપ્ટેંબરમાં ૨ હોડીઓ કાળા સમુદ્રમાં કામ કરવા સારૂ બલ્ગેરિયાને આપેલી; અને નવેંબરની ૨૭ તારીખે એક મજબૂત કાફલો ભૂમધ્ય સમુદ્રમાં મોકલેલો. તે સાથે બ્રિટિશ પાણીઓમાં બ્રિટિશ આગબોટોની સામે લડત જારી રહેલી. છતાં ઘણી સબમરીનોનો નાશ થયેલો, એમાં તો કશું શંકા રાખવા જેવું નથી.

કેટલીક સબમરીનોએ સુરંગો નાંખવાનું કામ કરેલું; અને તેથી આપણા કાફલાને તથા વેપારી આગબોટોને પુષ્કળ ત્રાસ થયેલો. રાતને વખતે તેઓ આ કામ કરતી હોવાથી તેમને પકડવાનું મુશ્કેલ હતું.

૧૯૧૫ ના ઑકટોબરની ૪ થી તારીખે બ્રિંડીસી બંદરમાં "બેનેડેટ્ટો બ્રિન" નામે એક જરા જૂનું લડાયક વહાણ અંદર ધડાકો થઇને નાશ પામેલું. તે વખતે એવી અફવા ચાલી હતી, કે કોઇક ખુબસૂરત ઓરતને એક મોહિત અમલદારે આખું વહાણ ફરીને બતાવ્યું હતું; અને દરેક બાબતમાં અજ્ઞાનનો ડોળ કરીને એ બાઇએ તે અમલદારને એટલો અસાવધ બનાવી દીધેલો, કે તે એક ન્હાનું સરખું યંત્ર કોઇક ઠેકાણે ચપળતાથી મૂકી શકેલી.

કપ્તાન પર્સિયસ નામે એક કુશળ જર્મન નૌકાધિકારીએ બર્લિનના એક વર્તમાનપત્રમાં લખેલા નીચેના શબ્દોથી અમે આ વિષયને સમાપ્ત કરશું:—

"એ સૌના સ્મરણમાં હશે, કે સબમરીનની લડાઇ સંબંધી ફેબ્રુઆરીની શરૂઆતમાં ઊંચી આશા રાખવામાં આવતી હતી. ઘણા માણસો એમ માનતા હતા, કે જે રીતે બ્રિટિશ કાફલાએ આપણી પરદેશની આયાત બંધ કરી છે, તેમ સબમરીનોથી આપણે બ્રિટનની પણ એવીજ સ્થિતિ કરી શકશું. વેપારની સામે આપણી લડત માટે જે ઘટે તે કરતાં ઊંચી આશાઓ બંધાયલી, તે માટે આપણાં કેટલાંક વર્તમાનપત્રો જવાબદાર છે. અમે તો ફરી ફરીને ખામોશની સલાહ આપી છે. ખામોશ કેટલી આવશ્યક હતી, તે આટલી સાદી વાતથી હવે સ્પષ્ટ છે—જે વાત ગુપ્ત રાખવામાં અપ્રમાણિકપણું છે—કે વેપાર વિરુદ્ધ આપણી સબમરીનોની લડતનું પરિણામ ઘણું થોડું આવ્યું છે. બ્રિટિશોને ખરાબ નાવિકો એક બાળકથીજ ગણી શકાય. તેઓ પોતાનો બચાવ કેમ કરવો તે જાણે છે, અને ઘણા પ્રકારનાં સાધનો તેમણે તૈયાર કર્યાં છે. ટોર્પીડો મારવા માટે દુશ્મનનાં વહાણોની પાસે જવાનું આપણી સબમરીનો માટે વધારે વધારે મુશ્કેલ થતું જાય છે. લગભગ ચમત્કારિક કુશળતા હોય, તોજ બધી જાળોથી બચીને સફળ હુમલો કરી શકાય છે."

લડાઇના તાર.

—ioi—

સામાન્ય સ્થિતિ.

વર્ડુનના પ્રદેશમાં જર્મનો હજી હુમલા કર્યા કરે છે, પણ ફાવતા નથી. આગબોટોના નાશની રમત હજી ચાલુ છે. ઝેપ્પેલિનોનો ત્રાસ વિરુદ્ધનાં શસ્ત્રો વધારે પ્રબળ થવાને લીધે ઓછો થયો છે. મિત્ર રાજ્યો જોરથી હુમલો કરવાનાં હતાં તેની શરૂઆત દેખાતી નથી. બર્લિનમાં તોફાનો થયાં છે, અને સુલેહની વાતો બહાર આવે છે; પણ બંને પક્ષનો આગ્રહ હજી કાયમ છે, અને બંને પક્ષની ખુવારી થયા કરે છે.

મિ. લૉઇડ જ્યોર્જનો આગ્રહ.

લંડન, ૪ થી મે.

ફરજિયાત લશ્કરી નોકરીના ખરડાનું બીજી વાર વાંચન થતાં મિ. લૉઇડ જ્યોર્જે કહ્યું છે, કે "ખરડો મંજૂર કરવાને કેટલાક કારભારીઓ બીજાના કરતાં વધારે નાખુશ હતા; પણ જેઓ તૈયાર હતા તથા જેઓ નાખુશ હતા, તે બધાને એવું લાગ્યું છે, કે તે વગર ચાલી શકે તેમ નથી. * ફરજિયાત નોકરી થવાથી મજૂર વર્ગમાં ખળભળાટ હશે એમ કહેવું હસવા જેવું છે. પ્રાથમિક સદ્ગુણોમાં વર્ગના ભેદ નથી; અને દેશભક્તિ સૌથી મોટામાંનો એક છે."

બળવાખોરોને સજા.

લંડન, ૪ થી મે.

તપાસણીના પરિણામ તરીકે નીચેના સિન ફેનરોને ગોળીએ દેવામાં આવેલ છે:—જે. પ્લેન્કેટ, ઇ. ડેલી, એમ. ઓ' હેન્રીહાન, અને ડબ્લ્યુ. પીઅર્સ. ઉપરાંત બીજા પંદર સિન ફેનરોને મોતની સજા થયેલી, પણ સેનાધિપતિએ તે ફેરવીને દસ વરસની સખ્ત કેદની સજા કરેલ છે. વધારે તપાસણી હજી ચાલે છે.

ગ્રીક શહેરનો ફ્રેંચ કબજો.

ઍથન્સ, ૫ મી મે.

ફ્રેંચોએ ફ્લોરિનાનો કબજો લીધો છે. મોનેસ્ટિર ખાતેની ઑસ્ટ્રિયન કોન્શુલેટનો સેક્રેટરી ઍથન્સથી પાછો આવતો હતો, તેને તેમણે પકડ્યો છે. ઍથન્સ ખાતેના ઑસ્ટ્રિયન એલચીએ તે માટે વાંધો ઉઠાવ્યો છે. ફ્લોરિના ગ્રીકોસર્બિયન સરહદથી દસ માઇલ દૂર છે, અને મોનેસ્ટિરની દક્ષિણે ૨૦ માઇલ છે.

રુશિયન સેનાપતિની તપાસ.

પિતૃગ્રેડ, ૬ ઠ્ઠી મે.

રુશિયાના માજી વિગ્રહખાતાના પ્રધાન જનરલ સુખોમલિનોફ ઉપર અધિકારના દુરુ-

પયોગનો, અપરાધ ગણાય તેવી બેદરકારીનો, સત્ય છુપાવવાનો અને રાજ્યદ્રોહનો આરોપ મૂકાયેલ છે. સેન્ટ પીટર અને સેન્ટ પૉલના કિલ્લામાં તેને કેદ કરેલ છે. એક સેનેટર કેસની તપાસણી કરે છે.

આઇરિશ બળવાખોરો.

લંડન, ૭ મી મે.

અત્યાર સુધી તોફાનમાં સંડોવાયેલા ૧૯૦ સિવિલિયનોને ડબ્લિનમાં દફનાવેલ છે. મજૂરોની તંગીને લીધે ઘણાને કફન વગર કપડાં અને ધાબળામાં દાટવા પડ્યા છે. ગઇ રાત્રે ૧,૦૦૦ વધારે કેદીઓને ઇંગ્લંડ મોકલવામાં આવેલ છે, એટલે દેશનિકાલ થયેલાની સંખ્યા ૨,૦૦૦ થાય છે.

વર્ડુનની લડાઇ.

પારિસ, ૮ મી મે.

મ્યૂઝના ડાબા કાંઠા ઉપર નં. ૩૦૪ ની ટેકરી પાસે બે દિવસથી તોપોનો સખત મારો ચાલતો હતો, તે પછી આજે ૩૦૪ ની ટેકરી અને મૉર્ટ હૉમ વચ્ચે જર્મનોએ મજબૂત હુમલો કર્યો છે. ટેકરીની પૂર્વે ઘણા પ્રયત્ન પછી તેઓ એક ખાઇમાં પેસી શકયા છે. બીજે બધે ઠેકાણે તેમને નુકસાન સાથે હઠી જવું પડ્યું છે. જમણે કિનારે પણ તેમણે હૉડ્રોમોન્ટ જંગલ અને ડુઓમોન્ટ કિલ્લાની ૫૦૦ વાર લંબાઇની જગ્યા પડાવી છે.

કૉકેસસમાં રુશિયન ઘસારો.

પિત્રોગ્રેડ, ૯ મી મે.

અર્ઝિંગાનમાં રુશિયન મોરચાઓ ઉપર તુર્કોએ સખત હુમલા કર્યા છે. ઘણું નુકસાન ખમ્યા પછી સાંજે તેઓ નરમ પડ્યા છે. રુશિયનો દિયરબેકર અને બગદાદની દિશામાં ધસતા જાય છે.

વિમાનોની સેવા.

લંડન, ૧૦ મી મે.

આમની સભામાં મિ. ટેનન્ટે જાહેર કર્યું, કે ૧૧ મી અને ૨૯ મી એપ્રિલ વચ્ચે બ્રિટિશ વિમાનોએ કૂતમાં ૧૯,૮૦૦ શેર ખોરાક ઉપરાંત પુષ્કળ દવાઓ અને બીજાં સાધનો નાંખેલ છે. એકજ વિમાનનું નુકસાન થયું છે.

ભાવનગર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૨૩ મી મે, ૧૯૧૬. [અંક ૨૫.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વ્હેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૨૩મો મે ૧૯૧૬.

યુનાઇટેડ સ્ટેટ્સ અને વર્તમાન મહા વિગ્રહ.

'I, Woodrow Wilson, President of the United States of America, do designate Sunday, the fourth day of October next, a day of prayer and supplication, and do request all God-fearing persons to repair on that day to their places of worship, there to unite their petitions to Almighty God that, overruling the counsel of men, setting straight the things they cannot govern or alter, taking pity on the nations now in the throes of conflict, in His mercy and goodness showing a way where men can see none, He vouchsafe His children healing peace again and restore once more that concord among men and nations without which there can be neither happiness nor true friendship, nor any wholesome fruit of toil and thought in the world: praying also to this end that He forgive us our sins, our ignorance of His holy will, our wilfulness and many errors, and lead us in the paths of obedience to places of vision and to thoughts and counsels that purge and make wise.' *

WOODROW WILSON.

* "હું, વુડરો વિલ્સન, અમેરિકાનાં યુનાઇટેડ સ્ટેટ્સનો પ્રેસિડન્ટ, આવતા રવિવાર તારીખ ૪થી ઑક્ટોબરને પ્રાર્થના અને પ્રણિપાતનો દિવસ ઠરાવું છું. અને તમામ ઈશ્વરથી ડરનારા માણસોને વિનંતી કરું છું, કે તે દિવસે તેમણે પોતપોતાને ઉપાસનાને સ્થાને જવું. અને ત્યાં સર્વશક્તિમાન ઈશ્વરને સૌએ સાથે એવી અરજ કરવી, કે માણસોની ઇચ્છાનું અતિક્રમણ કરીને, જે વસ્તુઓને તેઓ શાસી કે ફેરવી શકતા નથી તેમને સીધી કરીને, હાલ વિગ્રહના વેદનામાં પડેલા પ્રજાઓ પર દયા લાવીને, જ્યાં માણસો કશો માર્ગ દેખી શકતા નથી ત્યાં પોતાની દયા અને ભલાઇથી માર્ગ દેખાડીને, તે પોતાનાં બાળકોને ફરી ઉપશામક શાંતિ આપવાની કૃપા કરે, અને માણસો તથા પ્રજાઓમાં તે સંપ પાછો લાવે, કે જે વગર

અર્વાચીન બધી પ્રજાઓ, કે જેઓ ઉદ્યોગ સંબંધી મોટા ફેરફારો અનુભવ્યા છતાં પ્રજાસત્તાક રૂપ રાખી રહેલ છે, તેમની માફક યુનાઇટેડ સ્ટેટ્સ પણ વસ્તુતાએ ધનસત્તાક છે. લોકો પ્રજાસત્તાક રાજ્યમાં વસતા કહેવાય છે ખરા, છતાં રાજ્ય ઉપર એક ન્હાના, સમર્થ, અને કંઇક હૃદયહીન વર્ગનો અંકુશ છે, કે જે વર્ગના હાથમાં રેલવેઓ, આગબોટો, કોલસા અને લોઢાની ખાણો, તથા મોટાં કારખાનાંના ઘણાખરા શેરો છે, અને જે ખોરાકની કિંમતો ચોકસ કરવામાં મોટો ભાગ લે છે. ઇ. સ. ૧૮૯૨ની મોટી હડતાલમાં ધનાઢ્ય મહાજનોએ મજૂર વર્ગની સત્તા તોડી પાડી, તે પછી અમેરિકન મજૂરોને પરાધીન રહેવું પડ્યું છે.

છતાં થીઓડોર રૂઝવેલ્ટ પ્રમુખ થયા પછી ધનાઢ્યોની સત્તા ઓછી થવા લાગી છે; અને પ્રજાસત્તાક લાગણી સંબંધી જે ઊંડી હીલચાલ સ્પષ્ટ કરવાને તેણે યત્ન કરેલો, તેનેજ લીધે પ્રેસિડન્ટ ટૉમસ વુડરો વિલ્સનની આશ્ચર્યકારક ચડતી થઇ છે. વર્તમાન મહા વિગ્રહ શરૂ થયો, ત્યારે રૂઝવેલ્ટ અને વિલ્સનના હાથ નીચે ધનાઢ્યોની વિરુદ્ધ બે મંડળો કામ કરી રહ્યાં હતાં. ન્યૂસપેપરો, નાટકશાળાઓ, તમાશાઓ, દેવળો, અને ઉપદેશકો ઉપર પણ ધનાઢ્યોનો અંકુશ હતો. સ્વતંત્રતાના હિમાયતીઓનો આધાર માત્ર કેટલાંક સાપ્તાહિક વર્તમાનપત્રો અને સચિત્ર માસિકો ઉપર હતો, કે જેમનો કિંમત ઓછી હોવાને લીધે ઘણો ફેલાવો થતો હતો. આમાંનાં કેટલાંક સાપ્તાહિકો અને માસિકોની જાહેરખબરોના વિભાગ ઉપર ધનાઢ્યોએ દબાણ કરેલું ખરૂં; પણ છેવટે તેઓ પુરતી જાહેરખબરો મેળવીને પોતાની લડત જારી રાખી શકેલાં.

વિગ્રહ શરૂ થયો ત્યારે એવી ગણના કરવામાં આવી હતી, કે યુનાઇટેડ સ્ટેટ્સમાં ટ્યૂટન જાતનાં સુમારે ૧ કરોડ ૧૦ લાખ માણસો છે, જેમાં જર્મનીમાં જન્મેલાં ૨૫ લાખનો અને ઑસ્ટ્રિયા-હંગરીમાં જન્મેલાં સુમારે ૨૦ લાખ માણસોનો સમાવેશ થાય છે. ઍંગ્લો-કેલ્ટિક જાતોનાં માણસો સુમારે ૭ કરોડ હતાં, જે મુખ્યત્વે કરીને ઇંગ્લિશ, આઇરિશ, અને સ્કૉટિશ જાતનાં હતાં, અને તેમાં સ્કેન્ડિનેવિયન, ઇટાલિયન, પ્રાચીન ફ્રેંચ, ડચ અને સ્પૅનિશ તત્ત્વોનું મિશ્રણ હતું. કેટલાક આઇરિશો હજી બ્રિટિશથી અતિશય વિરુદ્ધ હતા; અને જોકે મિ. રેડમન્ડે તથા વેસ્ટમિન્સ્ટર ખાતેના તમામ પ્રજાકીય પક્ષે વિગ્રહ દરમિયાન બ્રિટિશ પક્ષની સાથે કામ કરવાનું કબૂલ કરેલું, તોપણ કેટલાક આઇરિશ-અમેરિકનો બેલ્જિયમ તથા ઉત્તર ફ્રાન્સના વિનાશકોના પક્ષમાં ભળેલા.

ન્યૂ યૉર્ક, ચિકાગો, તથા બીજાં મહત્ત્વનાં સ્થાનકોના જર્મન-જ્યૂઇશ શરાફો જર્મનીના જર્મન-જ્યૂઇશ શરાફોની સાથે સંબંધમાં હતા. બ્રિટન, બેલ્જિયમ અને ફ્રાન્સે રુશિયાની સાથે

સુખ કે સાચી મિત્રતા હોઇ શકે નહીં, તેમ દુનિયામાં પ્રયાસ અને વિચારનું કશું સારૂં ફળ આવે નહીં: વળી એમ પણ પ્રાર્થના કરવી, કે તે આપણાં પાપોને, તેની પવિત્ર ઇચ્છાના આપણા અજ્ઞાનને, આપણા હઠને અને ઘણી ભૂલોને માફ કરે, અને અધીનતાના માર્ગોમાં આપણને દર્શનનાં સ્થાનો તરફ દોરે, તથા એવા વિચારો અને ઉપદેશો તરફ, કે જે આપણને વિશુદ્ધ કરીને ડાહ્યા બનાવે."

વુડરો વિલ્સન.

જે લડાઇની એકસંપી કરી, તેથી પ્રથમ અમેરિકાના લગભગ બધા જ્યૂઈશ શરાફો મિત્ર રાજ્યોની સામે રહેલા; કારણકે જ્યૂઓ રુસિયાની અતિશય વિરુદ્ધ હતા.

જર્મન લાભને માટે કામ કરવામાં યુનાઇટેડ સ્ટેટ્સની અંદર જર્મન જ્યૂઓ જર્મન ક્રિશ્ચિયનોથી ચડી ગયા છે. જર્મન એલચીખાતાને ગુપ્ત સેવા માટે સારામાં સારા માણસો હામ્બર્ગ-અમેરિકા લાઇનના અમલદારોએ પૂરા પાડયા છે; અને તેમણે પ્રજાના જાહેર મત ઉપર અસર કરવાને કંઇ કંઇ યુક્તિઓ વાપરી છે. કેટલાક પ્રસિદ્ધ લેખકો, કે જેઓ કાંતો પૈસા સંબંધી મુશ્કેલીને લીધે અથવા બીજાં કારણોથી ગમે તે રીતે વધારે પૈસા પયદા કરવા રાજી હતા, તેમને ભભકાદાર મકાનોમાં રાખવામાં આવેલા, કે જેમાં બેઠાને તેઓ બ્રિટનને ગાળો લખી શકે. મિ. મેડોક્સ બ્રાઉન નામે એક સમર્થ ઇંગ્લિશ લેખકે આ હકીકત બહાર પાડી છે. ન્યૂ યૉર્કમાં મેડિસન સ્ક્વેરમાં એક બેંચ ઉપર તે લેખક સાધારણ કપડાંમાં ઉદાસ જેવો થઇને બેઠો હતો; અને હર બાલિનના કોઇ એજંટે તેને બ્રિટિશો વિરુદ્ધ લેખ લખે તો સારી રકમ આપવાનું કહેલું.

મેક્સિકોમાં તેલ ઘણું નિકળે છે. તેણે એ વેપાર બ્રિટિશ મૂડીની મદદથી ખિલવવાનો વિચાર કર્યો. અમેરિકાની તમામ પેટ્રોલિયમની પયદાશનો જેની પાસે ઇજારો હતો, તે રૉકફેલર વગેરે ધનાઢ્યોને બીક લાગી. જે મેક્સિકનોએ બ્રિટિશ કંટ્રાકટરોને તેલના સંબંધમાં સગવડો આપી હતી, તેમને અધિકાર પરથી દૂર કરવાને એ ધનાઢ્યોએજ મેક્સિકોમાં આંતર વિગ્રહ સળગાવેલો, એમ કહેવામાં આવેલ છે. બ્રિટિશ સરકાર તટસ્થ રહી, બ્રિટિશ લાભો તથા બ્રિટિશ જાનોનો ભોગ અપાયો, અને મેક્સિકન સેનાઓએ પરસ્પરનો સંહાર કર્યો. પણ પ્રેસિડન્ટ વુડરો વિલ્સનને લીધે સ્થિતિ ઘણી બગડી નહીં. એ ગૃહસ્થને પોતાના દેશની આર્થિક વ્યવસ્થા સુધારીને તેને ધનાઢ્યોની સત્તામાંથી મુક્ત કરવા સારૂ નીમવામાં આવ્યો હતો, અને તે બીજો અબ્રાહમ લિંકન નિકળ્યો. ધનસત્તાક પક્ષે તોફાન જગાવ્યું હતું, એટલે તેણે વચ્ચે પડવાની જરૂર બતાવવાનો ઘણો યત્ન કર્યો. તેમ જો થયું હોત, તો મેક્સિકો તેની કિંમતી ખાણો અને તેલના ઝરાઓ સહિત ખાલસા થયું હોત. એટલાં બધાં અમેરિકન સ્ત્રી પુરુષોનાં ખૂન થયેલાં, કે લોકોને રીસ ચડેલી; અને છેવટે થીઓડોર રૂઝવેલ્ટે પણ લડવાની ઇચ્છા પ્રગટ કરેલી. પણ પ્રેસિડન્ટ વિલ્સને વિગ્રહ કરવાની ના પાડી, અને જનરલ કારેન્ઝાની મહેનતથી તોફાન હળવે હળવે શમી ગયું. મેક્સિકો સ્વતંત્ર રહ્યું.

પ્રેસિડન્ટ વિલ્સનને માટે આ મોટી ફત્તેહ છે; અને અમેરિકન પ્રજાઓના ભાવી વિકાસમાં તેની મહત્ત્વની અસર થવાનો સંભવ છે. વસ્તુતાએ આ એક શાંત અને મજબૂત મનના વિચારકની એકલા હાથની લડાઇ હતી, કે જેને યુનિવર્સિટીમાંથી એક મોટી શહેનશાહતનાં વિષમ કામકાજનો નિયામક થવાને બોલાવવામાં આવ્યો હતો. તેની મેક્સિકન રાજનીતિથી બ્રિટિશ તથા ફ્રેંચ સરકારો સાથેનો યુનાઇટેડ સ્ટેટ્સનો સંબંધ હતો તે કરતાં બેહતર થયો. છતાં તેણે મિત્ર રાજ્યોને કશી મદદ આપેલી, એમ કહી શકાતું નથી. તેમ કરવાથી પોતાના દેશને લાભ છે, એવું તેને લાગેલું નહીં.

A Wounded French Ambulance Dog being Bandaged.

ફ્રેંચ સારવારખાતાના એક જખમી કૂતરાને ડાક્તર પાટો બાંધે છે.

Lakshmi Art, Bombay

દરમિયાન દુશ્મન પક્ષનાં પત્રોએ એવો બુમાટ ઉઠાવ્યો, કે મિત્ર રાજ્યોને દારૂગોળો પૂરો પાડવાની મના થવી જોઇએ. સેક્રેટરી ઑફ્ સ્ટેટ મિ. બ્રાયન જેવા સુલેહના હિમાયતીને પોતાના દેશને જણાવવાની ફરજ પડી, કે હથિયારો અને લડાઇના બીજા સામાનનો નિકાસ કાયદેસર છે. "લડનાર પક્ષોને દારૂગોળો પૂરો પાડવાની મના કરવાનો સરકારને અધિકાર નથી. પ્રજાઓ વચ્ચેના કાયદાના કે સ્થાનિક નિયમોના આધારથી તટસ્થ રાજ્યોની દારૂગોળાના વેપારને સંકુચિત રાખવાની ફરજ છે, એવું કદાપિ સિદ્ધ થયું નથી. જર્મની અને ઑસ્ટ્રિયા આ દેશમાંથી લડાઇનાં સાહિત્યો ન મેળવી શકતાં હોય, તેથી કંઇ યુનાઇટેડ સ્ટેટ્સની એવી ફરજ થતી નથી, કે મિત્ર રાજ્યોને માટે ખુલ્લી બજાર બંધ કરવી. આ દેશની બજારો સમાન હકથી આખી દુનિયાને માટે ખુલ્લી છે—દરેક પ્રજાને માટે, લડતા પક્ષોને માટે તેમજ તટસ્થોને માટે."

વિગ્રહ પહેલાં અમેરિકન ઉદ્યોગોની સ્થિતિ ઘણી ખરાબ હતી. મંદી કેવળ કુદરતી કારણોને લીધે કદાચ નહીં થયેલી હોય. અમેરિકન ધનાઢ્યોને થીઓડોર રૂઝવેલ્ટ તથા વુડરો વિલ્સનની આગેવાની નીચે ચાલતી આર્થિક સુધારાની હીલચાલોથી ધાસ્તી લાગી હતી. આ બે ઉદ્ધારકો ભિન્ન ભિન્ન પદ્ધતિઓ વાપરવા છતાં મોટા ઉદ્દેશમાં એક હતા. તેઓ ઇજારાવાળાઓની અતિશય સત્તાને નિયંત્રિત કરવા ઇચ્છતા હતા; અને મોટા વેપારને માટે તેમજ ન્હાના વેપારને માટે રેલવેનાં નૂર અને તેટલાં ઓછાં રાખવાને મથતા હતા. કેટલાક ઇજારાઓ વેપારની ખિલવણીમાં પ્રતિબંધ કરતા હોવાથી તેમને તોડવાની તેઓની ઇચ્છા હતી.

પ્રેસિડેન્ટ વુડરો વિલ્સને ન્યૂ જર્સીમાં નામના મેળવી હતી. તેનામાં એવી કંઇ શાંત તીક્ષ્ણતા હતી, કે ધનાઢ્યોને તેની ધાસ્તી રહેતી, અને ચૂંટણી કરનાર વર્ગને માન ઉત્પન્ન થતું; અને જ્યારે રૂઝવેલ્ટે જૂના રિપબ્લિકન પક્ષમાં ફાટ પાડી, ત્યારે એ ફાટમાં થઇને વુડરો વિલ્સન પ્રેસિડેન્ટ થઇ શકેલો. જો જૂના રિપબ્લિકનો રૂઝવેલ્ટનું મહત્ત્વ ઓછું કરી શકયા હોત, તો તેઓ ડેમોક્રેટિક પક્ષનાં સડેલ તત્ત્વોની સાથે ભળી જઇને ઉદ્ધારકોને હરાવી શકયા હોત. પણ રૂઝવેલ્ટ એવો સમર્થ આદમી હતો, કે તેને દબાવી કે અવગણી શકાય એમ નહોતું. લાગણીના જ્વાળામુખી જેવો તે અમેરિકન જીવનની દૃષ્ટિમર્યાદા ઉપર નિરંતર સળગતો રહ્યો છે; અને તે આફ્રિકાનાં જંગલોમાં શિકાર માટે ગયેલો, ત્યારે પણ તેના દેશી ભાઇઓના વિચારોએ તેનું અનુસરણ કર્યું છે. વુડરો વિલ્સન એટલો ભયંકર દેખાયલો નહીં, કારણકે તેનામાં બીજા ઉદ્ધારકના જેવું લાગણીનું બળ નથી; પણ મોટા ઉદ્યોગોના માલેકો તેને પેલાના કરતાં પણ વધારે વિઘાતક ગણે છે. તે એક વિચારમસ્ત આદમી છે.

બેશક, જ્યારે પ્રેસિડેન્ટ વિલ્સને કોંગ્રેસમાં પોતાની સત્તા વિસ્તારી, ત્યારે મોટાં ઔદ્યોગિક મંડળોમાં ઘણી ધાસ્તી ફેલાયેલી. અને જ્યારે તેના માણસો રેલવેઓ અને આગબોટો ઉપર પ્રજાના લાભ માટે અંકુશ મૂકવાનો યત્ન કરવા લાગ્યા, મોટાં ટ્રસ્ટો તોડવા માંડ્યા, અને નૂર ઓછાં કરવા લાગ્યા, ત્યારે ધનાઢ્યોએ પણ સખ્ત પગલાં લેવાનો ઠરાવ કર્યો. પોતાના

નફો થોડો વખત ઓછા કરીને પણ મોટા ઉદ્યોગોમાં આડે આવવામાં શું જોખમ છે તે કર્મકાર વર્ગને સમજાય તેવી તેઓ તજવીજ કરવા માંડ્યા. બેરોજગાર લોકોની સંખ્યા વધવા માંડી, એક પછી એક રેલવેએ દીવાળાં કાઢવા માંડ્યાં, અને ચોતરફ વેપાર ઓછો થયો. વિગ્રહને લીધેજ પ્રેસિડન્ટ અને ઉદ્ધારક પક્ષનો બચાવ થયેલો, એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

૧૯૧૪ માં યુનાઇટેડ સ્ટેટ્સમાં પાક બહુ સારો ઉતર્યો હતો; અને ઘોડાઓ, જીનો, બૂટો, મોટર ગાડીઓ, માંસના ડબ્બાઓ, કાપડ, રૂ, દવાઓ, યાંત્રિક ઓજારો, વિમાનો તથા દારૂગોળાની અતિશય માગણીને લીધે અમેરિકન શેઠિયાઓ કે કર્મકારો કરી શકે તે કરતાં વધારે કામ તેમને મળ્યું હતું. રેલવેઓની સ્થિતિ નઠારી હતી તે પણ સુધરી. ખર્ચ બાદ કરતાં રેલવેઓનું ઉત્પન્ન ૧,૦૦,૦૦,૦૦,૦૦૦ ડૉલર કરતાં વધારે થયેલું, કે જેટલું કોઇ પણ વાર થયેલું નથી.

રૂઝવેલ્ટ અને વિલ્સન બંનેને લાગેલું, કે દેશની આબાદી ઉદ્ધારક પક્ષને અનુકૂળ છે. પણ રૂઝવેલ્ટનો અભિપ્રાય એવો હતો, કે મિત્ર રાજ્યોનો પક્ષ કરવામાં યુનાઇટેડ સ્ટેટ્સને નુકસાન નથી. બીજી તરફ પ્રેસિડન્ટ વિલ્સન વિચાર અને ક્રિયા બંનેમાં તટસ્થ રહેલ છે. સિદ્ધાંતોની જે દૃઢતાથી તે સમર્થ ઉદ્ધારક થઇ શકેલો, તેનેજ લીધે તે શાંતિનો પણ એક મુખ્ય જાળવનાર નીવડ્યો. તે એકાંતને ચાહનારો આદમી હતો; અને પોતાના વિચારો તેણે અભ્યાસમંદિરમાં દૃઢ કર્યા હતા. તે પોતાની પ્રેરણા જીવનના કોઇ વિશાળ અને વિવિધ અનુભવમાંથી નહીં, પણ જ્ઞાનના સ્વર્ગસ્થ ગુરુઓ પાસેથી પ્રાપ્ત કરતો હતો. આ પ્રકારના માણસો દેખીતા શાંત અને વ્યવહારથી અનભિજ્ઞ લાગવા છતાં લોઢાના જેવા મજબૂત થઇ શકે છે.

જર્મન ઉદ્યોગો ઘણાખરા લડાઇના કામની વસ્તુઓ બનાવવામાં લાગી ગયા હતા, અને બ્રિટિશ કાફલાએ જર્મનીનો નિકાસ લગભગ બંધ કર્યો હતો, એટલે દુનિયાની બજારો અમેરિકનો માટે ખુલ્લી હતી. ખાસ કરીને દક્ષિણ અમેરિકામાં યુનાઇટેડ સ્ટેટ્સના નિકાસ કરનારાઓ માટે સારો અવકાશ હતો. જર્મનીનો પરદેશી વેપાર બંધ થયો હતો; પણ બ્રિટન, ફ્રાન્સ અને બેલ્જિયમથી તેનો લાભ લઇ શકાય એવું નહોતું. આ સ્થિતિનું એક પરિણામ એ આવ્યું, કે અમેરિકાનાં વેપારી વહાણોમાં ઘણો વધારો થયો. યૂરપમાં વિગ્રહના ૧૧ મહિના પછી અમેરિકાનાં વેપારી વહાણોનો ટનેજ બ્રિટિશ સિવાય બીજી કોઇ પણ બે પ્રજાઓના જેટલો થયેલો. ૧૯૧૫ના જૂનની ૩૦ મી તારીખ સુધીમાં નોંધાયેલું ટનેજ અમેરિકન ઇતિહાસમાં અગાઉ વધારેમાં વધારે જે થયેલું તે કરતાં ત્રણગણું હતું. સુમારે ૫૨૩,૬૦૦ ટનનાં પરદેશમાં બંધાયેલાં વહાણો અમેરિકન વાવટા નીચે આવેલાં; અને પરદેશના વેપાર માટે નોંધાયેલાં વહાણોમાં ૭૯૫,૩૧૧ ટનનો વધારો થયેલો. વિગ્રહ આગળ ચાલતો ગયો, તેમ તેમ અમેરિકનોને લાગતું ગયેલું, કે સુલેહ થશે ત્યાં સુધીમાં તેઓ જર્મની કરતાં ચડી જશે, અને બ્રિટનની સાથે પણ હરીફાઇ કરી શકશે.

૧૯૧૫ ના જાન્યુઆરીની ૩૦ મી તારીખે મુખ્ય મુખ્ય ૫૮ જર્મન-અમેરિકનોએ વૉશિંગ્ટનમાં એક મંડળની સ્થાપના કરી, અને તેનો ઉદ્દેશ "સાચી અમેરિકન તટસ્થતા"નો જાહેર કરવામાં આવ્યો. આમાં કેટલાક કોંગ્રેસના સભાસદો પણ હતા, કે જેઓ મિત્ર રાજ્યોને દારૂગોળો મોકલવાની મના કરવાના પક્ષમાં હતા, અને કેટલાક બ્રિટનની સાથે વિગ્રહ સળગાવવાને મથી રહ્યા હતા.

આ મંડળ ઉપર પૂર્વનાં સ્ટેટોનાં વર્તમાનપત્રોએ સખત ટીકા કરેલી; અને કેટલાંકે "જર્મની અને હવેનો વિગ્રહ" નામે બર્નહાર્ડીના પુસ્તકમાંથી નીચેનો ફકરો ઉતારી બતાવેલો:—

"આપણા પ્રત્યક્ષ લાભની ખાતર પારકા દેશમાં જર્મનો નભવાને મહેનત કરતા હોય તેમને મદદ કરવાની અને પોતાની પ્રજા તરફ તેમને વફાદાર રાખવાની ફરજમાંથી આપણે ખસી શકીએ નહીં. પારકા દેશોમાં છૂટાંછવાયાં જર્મન મંડળો આપણા વેપારને ઘણો લાભ કરે છે, કારણકે તેઓ પોતાની પિતૃભૂમિમાંથી માલ મંગાવવાનું વધારે પસંદ કરે છે. પણ જેમ અમેરિકામાં આપણને માલુમ પડવા લાગ્યું છે, તેમ એક રાજકીય બળ તરીકે પણ તેઓ આપણને ઉપયોગી થઇ શકે. જર્મન અમેરિકનોએ આઇરિશોની સાથે રાજકીય મૈત્રી કરી છે, અને આ સંયુક્ત મંડળની યુનાઇટેડ સ્ટેટ્સમાં એટલી સત્તા છે, કે જેની ત્યાંની સરકારને ગણના કરવી પડશે."

લડાઇના તાર.

—:o:—

<u>આઇરિશ બળવાની તપાસનું કમિશન.</u>

લંડન, ૧૦ મી મે.

આમની સભામાં મિ. એસ્કિવથે જણાવ્યું, કે આઇરિશ બળવા સંબંધી તપાસના કમિશનમાં લૉર્ડ હાર્ડિંજ પ્રમુખ થશે, અને તેની સાથે મિ. જસ્ટિસ શીયરમેન તથા સર મેકેન્ઝી ચામર્સ કામ કરશે.

<u>વર્ડુનની લડાઇ.</u>

પારિસ, ૧૩ મી મે.

જર્મનો હુમોમોન્ટ કિલ્લા ઉપર વ્યર્થ હુમલા કર્યા કરે છે, દરમિયાન ફ્રેંચોએ મ્યૂઝની પશ્ચિમે પોતાની લાઇનો લગભગ બેથિનકોર્ટ પ્રદેશથી મૉર્ટ હૉમ સુધી વિસ્તારી છે. નં. ૩૦૪ ની ટેકરીના બચાવમાં ઉપયોગી થાય તેવો એક ટેકરો તેમણે પડાવ્યો છે; અને આગળ વધતા જાય છે.

<u>રશિયન જીત.</u>

પિત્રોગ્રેડ, ૧૧ મી મે.

બગદાદની દિશામાં કસરી શિરીનનો રશિયનોએ કબજો લીધો છે; દારૂગોળો તથા ખોરાક હાથ કરેલ છે; અને દુશ્મનની પાછળ પડીને ત્રણ તોપો પડાવી છે. (કસરી શિરીન બગદાદથી ૧૦૦ માઇલ દૂર છે.)

આર્મીનિયનોનાં ખૂન.

પિત્રૂગ્રેડ, ૧૩ મી મે.

ત્રેબિઝોંડમાં આર્મીનિયનોની તુર્કોએ જે કતલ ચલાવી છે, તે અત્યાર સુધીની તેમની બધી ક્રૂરતાથી ચડી જાય છે. ૧૯૧૫ ના જૂલાઇમાં તેમને બહાર કાઢવાનું શરૂ થયું હતું, કે જ્યારે જુવાન તથા આબરૂદાર સેંકડો આર્મીનિયનોને રાજ્યદ્રોહના તથા રુશિયનોને મદદ આપવાના અપરાધ માટે પકડવામાં આવ્યા હતા. તેમને હોડીઓમાં ચડાવીને દરિયામાં ડુબાવવામાં આવેલ છે. બીજાઓને એક પાસેના ગામડામાં મોકલવામાં આવ્યા હતા, જ્યાં સ્ત્રીઓની લાજ લૂટાઇ છે, અને બાળકોને કાપી નાંખ્યાં છે. બાકીનાને અર્ઝરૂમ મોકલ્યા હતા, અને આખે રસ્તે બાળકો તથા ગૈડાનાં મુડદાં પડ્યાં હતાં. બચેલાં છોકરાંને હાલ રુશિયન પરોપકારી સભાઓ એકઠાં કરે છે.

તુર્ક પ્રધાનોનાં રાજીનામાં.

ઍથન્સ, ૧૬ મી મે.

તુર્ક પ્રધાનમંડળમાં ગંભીર મતભેદ થયો છે. શેખ-ઉલ-ઇસ્લામ મૂસા કાઝિમે અને ન્યાયખાતાના પ્રધાન ઇબ્રાહિમ બેએ રાજીનામાં આપ્યાં છે.

હિંદી વિક્રમને વિક્ટોરિયા ક્રૉસ.

સિમલા, ૧૬ મી મે.

લાન્સ નાયક લાલા (૪૧ મી ડોગ્રા પલટન) ને અસાધારણ બહાદુરીને માટે તથા બે બ્રિટિશ અમલદારોને બચાવવા માટે વિક્ટોરિયા ક્રૉસની એનાયત થઇ છે.

વિમાનીઓનું વિક્રમ.

પારિસ, ૧૮ મી મે.

વર્ડુન પ્રદેશમાં વિમાનીઓએ સારૂં વિક્રમ બતાવ્યું છે. આખા દિવસમાં થઇને ૩૩ હવાઇ લડાઇઓ થઇ છે. ત્રણ જર્મન વિમાનોને પાડવામાં આવેલ છે. બધાં ફ્રેંચ વિમાનો સલામત પાછાં ફર્યાં છે. સેડન પાસે દારૂગોળાના કારખાના ઉપર તેમણે ૧૫ મોટા બોંબ નાંખ્યા છે; ડેઝેન્નીસ ખાતેની ડેપો ઉપર ૧૫; સેડનના રેલવે સ્ટેશન ઉપર ૫ અને મેટ્ઝ-સેબ્લોન્સના સ્ટેશન ઉપર ૨૪. જર્મન વિમાનીઓએ પણ લૂનવિલ, એપિનલ અને બેલ્ફોર્ટ પર હુમલા કર્યા છે, પણ તેથી ઝાઝું નુકસાન થયું નથી.

નિવેદન.

આજના અંકની સાથે ચાલુ વિગ્રહમાં પશુઓ પણ કેવી સેવા કરે છે, અને તેમની કેવી સેવા થાય છે, તે બતાવનાર એક ફોટોગ્રાફ અમે અમારા વાંચનારાઓને ભેટ કરીએ છીએ.

ભાવનગર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૩૦ મી મે, ૧૯૧૬. [અંક ૨૬.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,

ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની

આજ્ઞાથી પ્રસિદ્ધ થતું

અને

વિના મૂલ્યે વહેંચાતું

સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૩૦મી મે ૧૯૧૬.

પશ્ચિમમાં મિત્ર સેનાઓના મોટા નાયકો.

"अस्माकं तु विशिष्टा ये तान्निबोध द्विजोत्तम ॥
नायका मम सैन्यस्य संज्ञार्थं तान्ब्रवीमि ते ॥"

श्रीमद् भगवद्गीता.

"હે દ્વિજોત્તમ! હવે આપણામાં જેઓ તેમના કરતાં પણ ચઢિયાતા છે, તેમને ધ્યાનમાં લ્યોઃ જે મારા સૈન્યના નાયકો છે, તેમનાં નામ હું તમને પિછાન માટે ગણાવું છું."

શ્રીમદ્ ભગવદ્ગીતા.

પાછલા કેટલાંક વરસથી લડાઇનાં હથિયારોમાં ઘણો ફેરફાર અને સુધારો થયો છે; અને તેથી લડાઇનું સ્વરૂપ ફરી ગયું છે. પણ તેથી માણસોની જરૂર ઓછી થઇ નથી, બલકે વધી છે. હથિયારોનો ઉપયોગ કરવામાં માણસોની આવશ્યકતા છે; અને ઉપયોગ થઇ રહ્યા પછી વિનાશનું કામ પૂરું કરવાને પણ તેમનો ખપ પડે છે. વળી, જેમ માણસો આવશ્યક છે, તેમ સેનાપતિઓ સુદ્ધાં આવશ્યક છે. અર્વાચીન લડાઇઓમાં સેનાપતિઓની જવાબદારી પહેલાંના કરતાં વધી છે. અચાનક સંકટ આવે ત્યારે એક ન્હાની ભૂલથી, સહેજસાજ વિલંબથી, કે જરા શિથિલતાથી દેશને હજારો કિંમતી જીવની હાનિ થાય છે, લડાઇમાં હાર મળે છે, અને દેશનું નસીબ જોખમમાં આવી પડે છે. સેનાપતિઓમાં બુદ્ધિ, તાલિમ અને અનુભવ એ ત્રણેય હોવાની જરૂર છેઃ અને તેમના કામમાં એ બધા ગુણોનો પૂરેપૂરો ખપ પડે છે. તેઓ એવા માણસ હોવા જોઇએ, કે જેઓ ત્વરાથી વિચાર અને ક્રિયા કરી શકે; જેઓ હાનિથી ગભરાય નહીં અને જીતથી ફૂલાય નહીંઃ જેઓ ક્યારે જીવોનું બલિદાન આપવું અને ક્યારે રક્ષણ કરવું તે જાણતા હોય; અને ક્યારે સલાહ સ્વીકારવી તથા ક્યારે ન સ્વીકારવી તે સમજતા હોય.

પ્રથમ આપણે મહા વિગ્રહના પહેલા વરસમાં બ્રિટિશ સેનાપતિઓના કામ તરફ દૃષ્ટિ કરીએ.

૧૯૧૪ અને ૧૯૧૫માં બ્રિટિશ સેનાપતિઓને જેટલું મોટું કામ સુપ્રત થયેલું તેટલું અગાઉ કદાપિ થયેલું નહીં. પહેલા વરસનીજ વાત કરીએ, તો સર જૉન ફ્રેંચ ઉપરાંત ચાર

બીજા બ્રિટિશ સેનાપતિઓ હતા, કે જેમના હાથ નીચે ઑસ્ટરલિટ્ઝ આગળ નેપોલિયનની પાસે તથા વૉટરલૂ આગળ વેલિંગ્ટનની પાસેના કરતાં બમણાં માણસ હતાં.

સર જૉનના પોતાના કામની તો બ્રિટિશ ઇતિહાસમાં કોઇની સાથે સરખામણી થઇ શકે તેમ નથી. વેલિંગ્ટન કે માર્લબરો કોઇના હાથ નીચે એકી વખતે ૧,૦૦,૦૦૦ માણસો નહોતાં; પણ ફ્રેંચના હાથ નીચે તેથી ઓછામાં ઓછાં સાતગણાં હતાં.

ફ્રેંચ સેનાપતિઓનું કામ આ કરતાં પણ ઘણું મોટું હતું. એક વખત એવો હતો, કે જ્યારે બ્રિટિશ એક સિપાઇને બદલે ફ્રેંચ વીસ સિપાઈઓ યુદ્ધક્ષેત્ર ઉપર હતા: પણ ધીમે ધીમે આ પ્રમાણ ઘટતું ગયું, અને ૧૯૧૫ ના ઉન્હાળામાં એક અને ચારનું રહેલું. આ પ્રમાણે જનરલ જોફરેનું કામ સર જૉન ફ્રેંચના કરતાં ચારગણું મોટું હતું; અને તેના હાથ નીચેના કેટલાક સેનાપતિઓની પાસે લગભગ સર જૉન ફ્રેંચના જેવડાં લશ્કરો હતાં. નેપોલિયન અને તેના માર્શલો ઇતિહાસમાં હમેશાં આગળ રહેશે: પણ જોફરે અને તેના સેનાપતિઓનું કામ વધારે મોટું છે. દુનિયા એ કામની પરીક્ષા હવે પછી કરી શકશે.

પશ્ચિમની રંગભૂમિમાં જોફરે અને ફ્રેંચ કરતાં કોઇ ચડિયાતા માણસો નહોતા; અને જર્મનોને અંદર ગણીએ તોપણ આ ખરૂં છે. કારણકે, જોકે પૂર્વમાં હિંડનબર્ગ અને મેકેનસન હતા, છતાં પશ્ચિમમાં ઉપલા બેની સાથે મૂકી શકાય એવો એક પણ જર્મન સેનાપતિ નહોતો.

જોસફ જેકીઝ સીઝેર જોફરે પાઇરીનીઝમાં પર્પિગનાન પાસે રાઇવસૉલ્ટીઝ નામે એક ન્હાના સ્થળમાં ઇ. સ. ૧૮૫૨ ના જાન્યુઆરીની ૧૨ મી તારીખે જન્મ્યો હતો, અને તેટલા માટે સર જૉન ફ્રેંચ કરતાં આઠ મહિને મોટો હતો. જ્યારે ફ્રેંકો-પ્રશિયન વિગ્રહ સળગ્યો, ત્યારે તે લશ્કરી તાલિમ લેતો હતો; અને પારિસના બચાવો સુધારવામાં તેણે મદદ કરેલી. પારિસના ઘેરાને વખતે તે તોપખાનાની સાથે હતો, અને શહેર તાબે થયું તે પછી તે ફરીને લશ્કરી પાઠશાળામાં ગયેલો. ૧૮૭૨ માં તે એન્જીનિયરોની એક પલટનમાં લેફ્ટેનન્ટ થયો, અને ફૉન્ટેનેબ્લોમાં થોડો તોપખાનાનો અનુભવ લીધા પછી તે કપ્તાન થયો, તથા પારિસની નવી કિલ્લેબંધીના કામમાં રોકાયો.

પરદેશની નોકરીનો પહેલો અનુભવ તેને ઇન્ડો-ચાઇનામાં મળેલો. તેની પહેલી પત્નીના ગુજરી જવા પછી ૧૮૮૪ માં તે હાનોઇ ગયો. એ પ્રદેશ ફ્રેંચોના હાથમાં નવો આવ્યો હતો, અને જોફરે એન્જીનિયરોના દળનો વડો હતો. ત્યાં તે ચાર વરસ રહ્યો. ફ્રાન્સ પાછો ફર્યો તે પછી તેણે ફૉન્ટેનેબ્લોમાં કિલ્લેબંધી સંબંધી વ્યાખ્યાનકાર તરીકે કામ કર્યું, અને ૧૮૯૨ માં તે સુદાન ગયો, કે જ્યાં તેણે સેનેગાલથી નાઇજર સુધી રેલવે બાંધી.

કિલ્લેબંધીના કામમાં તે પ્રવીણ ગણાતો હોવાથી કર્નલ જોફરેને ૧૮૯૫ માં માડાગાસ્કર જવાનું થયું, કે જ્યાં ડીએગો-સ્વારેઝ પાસે અમુક કિલ્લેબંધી કરવાની હતી; અને ત્યાંથી પાછો

આવતાં તે બ્રિગેડિયર-જનરલ નિમાયો. તેણે ફરીને લગ્ન કર્યું, અને અધિકારમાં ઝડપથી આગળ વધ્યો. પ્રથમ તે તોપખાનાના એક વિભાગનો ઉપરી હતો, પછી વિગ્રહના પ્રધાનમંડળમાં એન્જીનિયરિંગનો ડિરેક્ટર થયો, અને તે પછી એક વિભાગનો સેનાપતિ નિમાયો. ૧૯૦૯ માં તે બીજા નંબરના લશ્કરનો સેનાપતિ થયો; અને ૧૯૧૦માં ઉપલી વિગ્રહસભાનો સભાસદ નિમાયો. ૧૯૧૧ માં જોફરે ૫૯ વરસનો થયો, અને સરકારે તેને જનરલ સ્ટાફનો ઉપરી અને કાઉન્સિલનો વાઇસ પ્રેસિડન્ટ બનાવ્યો. ફ્રાન્સમાં આ જગ્યા ઉપર જે હોય તે વિગ્રહ સળગતાં સેનાધિપતિ થાય છે. ત્રણ વરસ સુધી તે લશ્કરની નવી વ્યવસ્થાના કામમાં રહ્યો, ત્યાં વિગ્રહ જાહેર થયો. તરત ફ્રાન્સની સેનાઓના સેનાધિપતિ તરીકે તેનું નામ બહાર પડ્યું.

હવે તેની જિંદગીની કસોટી આવી. આ કિલ્લેબંધીનો અભ્યાસી, શાંત અને મોટી ઉમરનો આદમી દુનિયાની સર્વોપરિ લશ્કરી સત્તાનાં તૈયાર લશ્કરોને પાછાં વાળી શકશે કે કેમ, એ સવાલ ૧૯૧૪ના ઑગસ્ટમાં ફ્રેંચો અને બીજાઓ પૂછતા હતા. જવાબ ઇતિહાસના પૃષ્ઠ ઉપર નોંધાઇ ચૂકયો છે. બેશક બેલ્જિયન સરહદ ઉપર એકઠાં થયેલાં જર્મન લશ્કરોના બળથી જોફરેને આશ્ચર્ય થયેલું, અને ખરેખર તેના કેટલાક સેનાપતિઓ અણીને વખતે ધાર્યું કામ ન આપી શકયા: જેથી પરિણામ એ આવ્યું કે ફ્રાન્સનો ઘણો ભાગ વેરાન થયો, અને લડાઇ શરૂ થયા પછી એક મહિનાની અંદર પારિસ પોતે ગંભીર સંકટમાં આવી પડ્યું.

જોફરેનો ફોટોગ્રાફ અમારા વાંચનારાઓએ જોયો છે; એટલે તેનું વદન અને રૂપ પરિચિત હોવાં જોઇએ. તેનામાં અડગ ધૈર્ય છે.* તેણે પોતાની સેનામાંથી અયોગ્ય સેનાપતિઓને દયા વગર દૂર કર્યા, અને તેને પારિસ માત્ર થોડા માઇલ રહ્યું ત્યાં સુધી હઠવા દીધી. એ હીલચાલમાં ઘણું જોખમ હતું. ઘણાનું એવું ધારવું હતું કે તેણે વળીને વહેલું લડવું જોઇતું હતું. પણ તે લડેલો નહીં. મુખ્ય વાત એ હતી કે લાંબે સુધી હઠી જવા છતાં સેનાની નીતિ ઉતરેલી નહીં; અને જ્યારે પારિસ આગળ એકઠા થયેલા બાકીના સિપાઇઓ આવ્યા, ત્યારે સેનાધિપતિ જબ્બર ફટકો લગાડવા શક્તિમાન થયો.

સપ્ટેંબરની ૫ મી તારીખે જોફરેએ પોતાનો હુમલો કરવાનો ઇરાદો સર જૉન ફ્રેંચને જણાવ્યો, અને ૬ ઠ્ઠી તારીખે તેનો પ્રખ્યાત હુકમ બહાર પડ્યો. "આપણે માત્ર એક કામ કરવાનું છે: દુશ્મન ઉપર હુમલો કરીને તેમને હઠાવવા." તેણે ઘણી રાહ જોઇ હતી, પણ છેવટે ધારેલી ઘડી આવી પહોંચી હતી. માર્ન ઉપર જર્મનોએ માર ખાધો, એઇન સુધી તેમને હઠી જવું પડ્યું, અને પછી ખાઇઓની લડાઇ ચાલી.

---

* મરમાનો—"चलन्ति गिरयः कामं युगान्तपवनाहताः।
कृच्छ्रेऽपि न चलत्येव धीराणां निश्चलं मनः॥"
અર્થ:—"યુગાન્તના પવનો ઉંઠે ત્યારે પર્વતો પણ ખુશીથી ચળી જાય છે; પણ ધીર પુરુષોનું નિશ્ચળ મન સંકટમાં પણ ચળતું જ નથી."

જોફ્રેની સેવાની તુલના અહીં કરવાની જરૂર નથી. પણ એક વાત અહીં કહેવી જોઇએ, કે ઘણી નિરાશાઓ અને આફતો છતાં સેનાનો અને પ્રજાનો તે વિશ્વાસ ટકાવી રહેલ છે. મુખ્ય પ્રધાન અને પ્રધાનમંડળો બદલાયેલ છે, પણ બીજા સેનાધિપતિનો કોઇએ વિચાર કર્યો નથી.

સર જૉન ફ્રેંચનું ચરિત્ર આ સામાહિકમાં અગાઉ આવી ગયું છે.

જોફ્રેના હાથ નીચેના સેનાપતિઓમાં સૌથી વધારે પ્રસિદ્ધ ફૉક કરીને છે, અને વિગ્રહના પહેલા વરસનું બારીક અવલોકન કરનાર એક ટીકાકારે લખ્યું છે, કે "યૂરપનો પહેલો સિપાઇ ગણી શકાય એવી તેની સેવા છે." ફર્દિનંદ ફૉક ૧૮૫૧ માં જન્મ્યો હતો, અને ૧૮૭૦-૭૧ ના વિગ્રહમાં લડેલો. વિગ્રહ પૂરો થતાં તેણે ફૉન્ટેનેબ્લોમાં લશ્કરી નોકરી માટે અભ્યાસ કરવા માંડ્યો, અને થોડી વારમાં એક તોપખાનાની પલટનમાં લેફ્ટેનંટ થયો. ૧૮૯૬ થી ૧૯૦૧ સુધી તે એક લશ્કરી પાઠશાળામાં પ્રોફેસર હતો; અને તેનાં કેટલાક વ્યાખ્યાનો છપાયેલાં છે. ૧૯૦૩ માં તે કર્નલ થયો, અને ચાર વરસ પછી જનરલ નિમાયો.

વિગ્રહની પહેલી લડાઇઓ પછી જોફ્રેએ કેટલીક નવી સેનાઓ તૈયાર કરી હતી. તેમા એક નવમી સેના કહેવાતી હતી, તેની સરદારી તેણે ફૉકને આપી. ફૉકની ઉમર ૬૩ વરસની હતી, અને ૧૮૭૧ પછી તેણે કોઇ પણ યુદ્ધક્ષેત્ર જોયું નહોતું. છતાં તેણે થોડી વારમાં બતાવી આપ્યું, કે જે પાઠ તેના બ્રિટિશ સાથીઓ દક્ષિણ આફ્રિકામાં અને હિંદની સરહદ ઉપર શીખ્યા હતા, તે તેણે અભ્યાસમંદિરમાં ભણી લીધા હતા.

નવી સેનાએ માર્નની લડાઇમાં કામ કર્યું. સપ્ટેંબરની ૬ ઠ્ઠી તારીખે તેને સેઝેન પાસે જર્મનોની સાથે લડાઇ ચાલી. બે કે ત્રણ દિવસ ભયંકર લડત ચાલ્યા બાદ પાછીની હીલચાલ પણ ફૉકનેજ સુપ્રત થઇ. તેણે એવી ખુબીથી કામ કર્યું, કે પ્રશિયનોને એઇન સુધી હઠી જવું પડ્યું. ૧૧ મી તારીખે ફૉકે ચેલોન્સમાં પ્રવેશ કરેલો. પાછળથી ઇપ્રની લડાઇમાં અને બીજે ઘણે પ્રસંગે જનરલ ફૉકે ઘણી કુશળતા બતાવીને પોતાની કીર્ત્તિમાં ઉમેરો કર્યો છે.

બીજો જાણવા લાયક ફ્રેંચ સેનાપતિ જનરલ પૉ કરીને છે. મેરે ઓગર જેરૉલ્ડ પૉ ૧૮૪૮ માં જન્મ્યો હતો, અને ફ્રાંકો-પ્રશિયન વિગ્રહમાં તેણે ભાગ લીધો હતો. તે અધિકારમાં ક્રમે ક્રમે ચડેલો છે, અને સિપાઇઓ તેને અતિશય ચાહે છે. ૧૯૧૩ માં ૬૫ વરસની ઉમર થતાં તે નોકરીથી છૂટો થયો હતો; પણ વિગ્રહ સળગતાં તેને પાછો બોલાવીને પૂર્વની સરહદ ઉપર મોકલવામાં આવ્યો છે.

જનરલ મૉરિસ સારેલની પણ અમારા વાંચનારાઓએ પિછાન કરવી જોઇએ. સાલોનિકામાં નિમાયા પછી આ દેશમાં પણ તેનું નામ જાણીતું થયું છે. જ્યારે જોફ્રે માર્નની લડાઇની યોજના કરતો હતો, ત્યારે સારેલનું લશ્કર વર્દુનની દક્ષિણે હતું, અને તેને તેણે તે કિલ્લા તથા મ્યૂઝની લાઇનનો બચાવ કરવાની આજ્ઞા કરેલી. પહેલાં તો તે થોડો પાછો પડ્યો, પણ પછી વારંવાર જંગલી હુમલા થયા છતાં તેની સેના તૂટી નહીં, અને તેની દૃઢતાથી બીજી સેનાઓને એટલી મદદ મળી, કે માર્નની લડાઇમાં ફત્તેહ થઇ.

એઈનની લડાઈમાં સારેલના દળ ઉપર જર્મનોએ એથી પણ વધારે સખ્ત હુમલા કર્યા, પણ વર્ડુનની આસપાસની ટેકરીઓમાં ફ્રેંચ એંજીનિયરોએ કેટલાક જબ્બર પ્રતિબંધો તૈયાર કર્યા હતા, અને તેમની મદદથી તે પોતાના કરતાં મોટી સેનાના હુમલાને હઠાવી શકેલો. એક બે વાર જર્મનો જીતશે એમ પણ લાગેલું, છતાં ૧૯૧૪ ના ઑક્ટોબરની ૩ જી તારીખે હઠી જવું પડ્યું, તે પછી તેમણે એ પ્રયાસ ફરી કર્યો નહીં.

આખા શિયાળામાં સારેલે વર્ડુનનો બચાવ કરી રાખ્યો. પોતાની ખાઇઓ ધીમેધીમે આગળ લઇ જઇને માર્ચમાં તે હુમલો કરવાની સ્થિતિમાં આવી ગયો. પણ તેનાથી બહુ આગળ ચલાયું નહીં. જૂન અને જૂલાઈમાં જર્મન યુવરાજની સેના સામે ફરી તેને બચાવ કરવો પડ્યો. ૧૯૧૫ ના પાછલા ભાગમાં બલ્ગેરિયાના વિગ્રહમાં ભળવાથી અને ગ્રીસના ખસી જવાથી બાલ્કનોની સ્થિતિ ભયંકર થઇ પડી. બ્રિટન અને ફ્રાન્સે સર્બિયાને મદદ મોકલવાનો નિશ્ચય કર્યો, અને એ રંગભૂમિમાં સર્વોપરિ અધિકાર જનરલ સારેલને સોંપવામાં આવ્યો. તેના હાથ નીચે મિત્ર સેનાઓ સર્બિયનોને મદદ કરવા ચાલેલી, પણ છેવટે તેમને સાલોનિકા પાછું આવવું પડ્યું, અને એ સ્થાનને તેમણે મજબૂત કર્યું.

બીજા એક જનરલ દુબેલ કરીને છે, અને એક ડી કેસલનો કરીને, કે જે સેનાધિપતિના સ્ટાફનો ઉપરી થયેલ છે. પણ કિં બહુના?

'अन्ये च बहवः शूरा मदर्थे त्यक्तजीविताः ॥
नानाशस्त्रप्रहरणाः सर्वे युद्धविशारदाः ॥"

श्रीमद् भगवद्गीता.

અર્થ:—"બીજા પણ બહુ શૂરાઓ મારી ખાતર જીવિતનો ત્યાગ કરીને આવ્યા છે: જાતજાતનાં હથિયારવાળા અને બધાજ લડાઇમાં કુશળ."

શ્રીમદ્ ભગવદ્ગીતા.

ફ્રાન્સમાં સુલેહના વખતમાં લશ્કરી કામકાજ ઉપર દેખરેખ રાખવાને એક કાઉન્સિલ છે, જે વિગ્રહખાતાની ઉપલી કાઉન્સિલ કહેવાય છે. આ સભાનો પ્રમુખ વિગ્રહખાતાનો પ્રધાન હોય છે, અને વ્હાઇસ પ્રેસિડન્ટ જનરલ સ્ટાફનો ઉપરી હોય છે. બીજા દસ સભાસદો બધાજ સેનાપતિઓ હોય છે, અને વહિવટ એવો છે, કે લડાઇના વખતમાં સ્ટાફનો ઉપરી સેનાધિપતિ થાય છે, અને બીજા સેનાપતિઓ તેના હાથ નીચે કામ કરે છે. વિગ્રહના વખતમાં સેનાધિપતિને પોતાના કામમાં સંપૂર્ણ સ્વતંત્રતા છે. તે પોતાના સેનાપતિઓ કાઉન્સિલમાંથી તેમજ તેની બહારથી પસંદ કરી શકે છે.

લડાઇના તાર.

—:o:—

સામાન્ય સ્થિતિ.

ઑસ્ટ્રિયનો કંઇક વધારે જાગ્રત જણાય છે, અને ઇટાલિયનોને થોડે અંશે હઠી જવું પડયું છે. બ્રિટિશ મોખરા ઉપર લાંબા વખતથી ન્હાની ન્હાની મારામારીઓજ ચાલ્યા કરે છે. વર્ડુન પ્રદેશમાં જર્મનો હજી મહેનત કર્યા કરે છે, અને માણસોનો ઘણો ભોગ આપે છે, પણ ફ્રેંચો તેમને ફાવવા દેતા નથી. રુશિયન મોખરા ઉપર લડાઇ કંઇક થંડી લાગે છે. મેસોપોટેમિયામાં રુશિયનો આગળ વધે છે. આગબોટો ડુબાવવાનું અને બોંબ ફેંકવાનું હજી બંધ પડયું નથી. સપાટી ઉપર રહેલા જોનારાઓને મિત્રરાજ્યોનો વિજય હજી દેખાતો નથી. પણ ઊંચાણ ઉપરથી જોનારાઓ કહે છે કે, ઉદયકાળ પાસે છે, કે જ્યારે "रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातम्"—રાત જશે, અને સારૂં પ્રભાત થશે.

આઇરિશ કમિશન.

લંડન, ૧૮ મી મે.

આઇરિશ બળવાની તપાસ કરનાર કમિશનની આજે પહેલી બેઠક થઇ છે. લૉર્ડ હાર્ડિંજે જણાવ્યું, કે તોફાનો જેવી બાબતોમાં માહિતી મેળવવાની ઑફિશ્યલ પદ્ધતિ શી છે, તેની પોતે તપાસ કરવા ચાહે છે. સર મેથ્યુ નેથાનની પહેલા સાક્ષી તરીકે તપાસ થઇ છે. તેણે જણાવ્યું, કે ૧૮૦,૦૦૦ નેશનેલિસ્ટ વૉલંટિયરોમાંથી ૧૧,૦૦૦ કરતાં વધારે તોફાનમાં ભળ્યા નથી.

વર્ડુનની લડાઇ.

પારિસ, ૧૯ મી મે.

વર્ડુન આગળ જર્મનોએ ફરીને સખત હુમલા શરૂ કર્યા છે, પણ તેમનું કશું વળતું નથી. સાંઝને વખતે આવોકોર્ટ જંગલ અને નં. ૩૦૪ ની ટેકરી ઉપર ભયંકર હલ્લો થયો હતો; પણ મૉર્ટ હૉમની દક્ષિણે થોડી જગ્યા પડાવવા ઉપરાંત તેનું બીજું કશું પરિણામ આવ્યું નથી.

જર્મન આગબોટોનો નાશ.

સ્ટૉકહોમ, ૧૯ મી મે.

બાલ્ટિકમાં ચેતવણી આપ્યા પછી ત્રણ મોટી જર્મન આગબોટોને ટૉર્પીડો મારીને ડુબાવવામાં આવેલ છે. ડુબાવનાર સબમરીન રુશિયન હતી એમ મનાય છે. એક આગબોટના કપ્તાનને કેદ કરવામાં આવેલ છે. ચાર જર્મનો ખોવાયા છે, અને ચારને ઇજા થઇ છે.

મેસોપોટેમિયા.

લંડન, ૨૧ મી મે.

જનરલ લેક જણાવે છે, કે ટાઇગ્રિસના જમણા કિનારા ઉપર બેથાઇ એસ્સાની જગ્યા

દુશ્મને ખાલી કરી છે. રુશિયન સ્વારો જનરલ ગૉરિંજની સાથે થઇ ગયા છે. રુશિયનો મોસલની દિશામાં વધતા જાય છે.

વર્દુનની લડાઇ.

પારિસ, ૨૨ મી મે.

વર્દુનની આગળ સખત લડાઇ હજી ચાલ્યા કરે છે. મ્યૂઝની પશ્ચિમે પાયદળની મારામારી ચાલુ છે. આવેકોર્ટ જંગલમાં ફ્રેંચ બોંબ ફેંકનારાઓએ અમુક જીત મેળવી છે. મૉર્ટ હોમની પશ્ચિમે ભયંકર ઝપાઝપી થઇ છે. પણ જર્મન હુમલા ઘણા નુકસાન સાથે પાછા વાળવામાં આવે છે.

પારિસ, ૨૩ મી મે.

જર્મનો હવે ૧૫ માઇલના મોખરા ઉપર હુમલો કરી રહ્યા છે, પણ આપણી લાઇન બધેય અખંડિત રહેલ છે. મ્યૂઝને બંને કાંઠે આખી રાત મારામારી ચાલ્યા કરી છે. ૩૦૦ કરતા વધારે કેદીઓ પકડાયા છે.

મિ. એસ્કિવથ અને આયર્લેંડ.

લંડન, ૨૫ મી મે.

આજે સાંઝે મિ. એસ્કિવથ આયર્લેંડના સંબંધમાં બોલનાર હોવાથી આમની સભામાં ઘણી ભીડ થઇ હતી. મિ. એસ્કિવથે જણાવ્યું, કે સરકારની પહેલી ફરજ વ્યવસ્થા જાળવવાની તથા અવ્યવસ્થા દાબી દેવાની છે. એટલી આનંદની વાત છે, અને તે માટે ઘણો પુરાવો છે, કે આઇરિશ પ્રજાના મોટા ભાગની બળવાખોરો તરફ દિલસોજી નથી. સાવચેતીની ખાતર માર્શલ લૉ જારી છે, પણ તે થોડા વખતમાં દુર કરી શકાશે. નવી વ્યવસ્થા સ્થાપવા સારૂ મિ. લૉઇડ જ્યૉર્જ સરકારની વિનંતી ઉપરથી જુદા જુદા આગેવાનોની સાથે મસલહત ચલાવે છે.

ફરજિયાત લશ્કરી નોકરી.

લંડન, ૨૫ મી મે.

ફરજિયાત લશ્કરી નોકરીના ખરડાને નામદાર રાજાજીએ બહાલી આપી છે. એટલે જૂનની ૨૪ મીથી એ કાયદો અમલમા આવશે.

ઇટાલિયનો જરા હઠે છે.

રોમ. ૨૫ મી મે.

એક અઠવાડિયા સુધી લડીને દુશ્મનને ઘણું નુકસાન કર્યા પછી ઇટાલિયનો બચાવની મુખ્ય લાઇન સુધી હઠી ગયા છે, અને ત્યાં તાજા હુમલાની રાહ જુએ છે. મુખ્ય લાઇનનો થોડો ભાગ ખાલી કરવો પડ્યો છે, કારણકે દુશ્મનનું તોપખાનું બહુ પાસે આવી ગયું હતું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૬ ઠ્ઠી જૂન, ૧૯૧૬. [અંક ૨૭.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વેહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૬ ઠ્ઠી જૂન ૧૯૧૬.

વિગ્રહના વખતમાં રેલવેનો ઉપયોગ.

રેલવે દાખલ થઇ ત્યારથી વિગ્રહના વખતમાં સિપાઇઓ તથા સરસામાન ફેરવવા માટે તેનો સૌથી પ્રબળ સાધન તરીકે સ્વીકાર થતો આવ્યો છે; અને અર્વાચીન લડાઇમાં એક નવા સાધન તરીકે વપરાતાં તેણે લડાઇના સ્વરૂપમાં પણ અમુક અંશે ફેરફાર કર્યો છે.

તોપણ, જોકે રેલવેનો વિવિધ અને ઘણો ઉપયોગ થઇ શકે છે, છતાં ઘણા દુઃખદાયક અનુભવથી એ હકીકત સિદ્ધ થયેલી છે, કે શાંતિના વખતમાં બરાબર વ્યવસ્થા કરેલી હોય, ત્યારેજ લડાઇના વખતમાં રેલવે બરાબર કામ આપી શકે છે.

આ કારણથી, ખાસ કરીને યુનાઇટેડ સ્ટેટ્સના આંતર વિગ્રહ પછી, લડાઇમાં ઉપયોગી થાય તેવી રેલવેની વ્યવસ્થાની યોજનાઓ યૂરપના તમામ આગેવાન દેશોમાં દાખલ થયેલી છે; અને ૧૯૧૪ માં વિગ્રહ સળગ્યો ત્યારે રેલવેના અધિકારીઓ લશ્કરી અધિકારીઓની જરૂર પ્રમાણે કામ કરવાને સજ્જ હતા. જર્મની અને ઑસ્ટ્રિયાની માફક બ્રિટન અને ફ્રાન્સમાં પણ એવી વ્યવસ્થા હતી, જોકે જર્મનીએ કરેલી તૈયારીઓ ઘણી વધારે હતી.

રેલવેનું મહત્ત્વ સૌથી પહેલાં જર્મનીને વધારે સમજાયેલું માલુમ પડે છે. છેક ૧૮૪૨ માં જર્મનીમાં એવી રેલવેઓ તૈયાર કરવાની યોજના ઘડાઇ હતી, કે જેથી પ્રસંગ આવે ત્યારે ફ્રાન્સ અને રૂશિયા બંનેની સાથે લડાઇ કરી શકાય.

એ યોજના માત્ર કાગળ ઉપર રહેલી નહીં, કારણકે એજ વરસમાં ફ્રેંચ ચેમ્બરમાં મોશોં માર્શલે બતાવેલું, કે કોલોન, મેયેન્સ અને મેનહીમથી મેટ્ઝ અને સ્ટ્રાસબર્ગની વચ્ચે ફ્રેંચ સરહદ સુધી જર્મની નવી લાઇનો તૈયાર કરે છે, એટલે તેના ઇરાદા માટે શંકા રહેતી નથી.

ઑસ્ટ્રો-પ્રશિયન અને ફ્રાંકો-પ્રશિયન વિગ્રહમાં જર્મનીએ પોતાની રેલવેઓનો વધારે ઉપયોગ કરેલો, અને મળેલા અનુભવથી સુધારાઓ પણ દાખલ કરેલા.

૧૮૭૦-૭૧ ના વિગ્રહ પછી ફ્રાન્સે પોતાના ઇશાની બચાવો મજબૂત કરવા સારૂ રેલવે બાંધીને તથા કિલ્લાઓ રચીને એટલી બધી પ્રવૃત્તિ દેખાડી, કે ૧૮૯૬ માં જર્મનીએ બેલ્જિયન

સરહદ ઉપર રેલવે બાંધવા માંડી. ૧૯૦૮ પછી એ કામ એટલું ધમધોકાર ચાલ્યું, કે જર્મની ગમે ત્યારે બેલ્જિયમમાં અસંખ્ય લશ્કર ઉતારીને તેને હરાવી શકે, અથવા ફ્રાન્સ ઉપર હુમલો કરી શકે, એવી વ્યવસ્થા બની ગઈ.

રુશિયા, રુશિયન પોલાંડ, અને ઑસ્ટ્રિયાની દિશામાં એવીજ રેલવેઓ તૈયાર થઇ; અને હૉલેંડની સરહદ ઉપર પણ હુમલો કરી શકાય એવી ગોઠવણ થઇ. દેશની અંદરની રેલવેઓમાં પણ ૧૮૪૨ ની યોજના પ્રમાણે ફેરફારો થયેલા.

વિગ્રહોપયોગી રેલવેમાં અને સાધારણ રેલવેમાં કેટલોક ભેદ છે: (૧) વિગ્રહોપયોગી રેલવેઓ સાધારણ વેપારને માટે નહીં, પણ ખાસ વિગ્રહમાં ખપ લાગે તે રીતે બાંધવામાં આવે છે; અને (૨) તેટલા માટે તેમાં પુષ્કળ સાઇડિંગની સગવડ, લાંબાં પ્લૅટફૉર્મો, અને બીજી ખાસ અનુકૂળતાઓ હોય છે, કે જેથી લશ્કરો, ઘોડાઓ, તોપો, અને દારૂગોળા વગેરે સામાન સહેલાઇથી ઉતારી શકાય. આ ઉપરથી સ્પષ્ટ થશે, કે રેલવે અમુક સરહદની દિશામાં અથવા તેની પડોસમાં હોય તેથીજ તે વિગ્રહોપયોગી ઠરતી નથી.

દુનિયાનું સામ્રાજ્ય મેળવવાને જર્મનીએ ખાસ કરીને ત્રણ બાબતો ઉપર ધ્યાન આપેલું: (૧) રેલવે, (૨) વેપાર, અને (૩) વધારે પ્રબળ નૌકા. રેલવેના સાધનથી તે કાંતો પારકા દેશોની અંદર પેસી શકે, અથવા તેની નજદીક લશ્કરો એકઠાં કરીને તેને દબાવી શકે; વેપારીઓ તેના રાજકીય ઉદ્દેશોમાં મદદ આપી શકે; અને નૌકા આગળ ઉપર જ્યારે બ્રિટનની સાથે વિરોધ સળગે ત્યારે લડી શકે. આ ત્રણેય બાબતોમાં રેલવેનું મહત્ત્વ સૌથી વધારે હતું.

બગદાદ રેલવે, કે જેને જર્મનીમાં જર્મન લાઇન ગણવામાં આવે છે, તેથી નીચેના લાભ મેળવવા ધાર્યા હોય એવું દેખાય છે: (૧) નાણાં સંબંધી અને બીજા વ્યવહારોને લીધે તુર્ક સરકાર વધારે દબાણમાં આવે; (૨) એશિયાઇ તુર્કી વસ્તુતાએ જર્મન સ્ટેટ બની જાય: (૩) યૂરપની રેલવેઓની મદદથી હામ્બર્ગ અને બર્લિનથી ઇરાની અખાત સુધી સીધા વ્યવહારની લાઇન થાય; (૪) એ અખાત સુધી ગ્રેટ બ્રિટનનું દરિયાનું બળ નિરર્થક થાય; (૫) ધીમે ધીમે મેસોપોટેમિયા અને ઇરાન બંને જર્મન શહેનશાહતની સાથે જોડી શકાય; અને (૬) ઇરાની અખાતને મથાળે એવો એક મોરચો માંડી શકાય, કે જ્યાં જર્મની અને તુર્કીમાંથી લશ્કરો અને દારૂગોળો પહોંચતાં હિંદના દરવાજા સુધી ધમકી આપી શકાય, ઑસ્ટ્રેલિયાના વેપારને જોખમમાં અણાય, અને દૂરની પૂર્વમાં વધારે જીતો મેળવવાની યોજનાઓ બની શકે.

બગદાદ રેલવેના પશ્ચિમના ફાંટાઓ હજાઝ રેલવેની સાથે જોડી દઇને સ્વેઝની નહેરના પૂર્વ કિનારા સુધી પહોંચાવવામાં જર્મનીનો એવો ઇરાદો હતો, કે (૧) એલેક્ઝાન્ડ્રેટામાં એક એવું મોટું બંદર બનાવવું, કે જે ભૂમધ્ય સમુદ્ર ઉપર દરિયાઇ સત્તા વાપરી શકે, અને તેની તથા રેલવેની મારફત થતા વેપાર ઉપર અંકુશ રાખી શકે; (૨) આખા સીરિયાને દબાણમાં લાવી શકાય; અને (૩) છેવટે ઇજિપ્ત જીતીને બ્રિટિશ શહેનશાહતમાં ફાચર નાંખી શકાય.

રેલવેના સાધનથીજ આફ્રિકા ખંડ જીતવાનો પણ જર્મનીનો ઇરાદો હતો. અને તે માત્ર કાગળની વાત નહોતી. કેટલીક રેલવે લાઇનો તૈયાર થઇ ચૂકી હતી, અને કામ કરતી હતી; તથા બીજીની યોજના થયેલી હતી. નૈઋત્ય આફ્રિકાની રેલવેઓની મદદથી જર્મન લશ્કરો અને બોઅર લોકો મળીને બ્રિટિશ દક્ષિણ આફ્રિકાને જીતી લેશે એવી ધારણા હતી.

જર્મન પૂર્વ આફ્રિકન રેલવે, કે જે હિંદી મહાસાગરનો ટાંગાનીકા સરોવરના કિનારા સાથે સંબંધ કરે છે, તેના દ્વારા નીચે પ્રમાણે લાભ મેળવવાની આશા રાખેલી દેખાય છે: (૧) બ્રિટિશ પૂર્વ આફ્રિકા પર ચડાઇ કરવી; (૨) બેલ્જિયન કોંગોમાં છેવટે જર્મનીનું આધિપત્ય લાવવું; અને (૩) જર્મન નૈઋત્ય આફ્રિકામાંથી આવતાં લશ્કરો સાથે મળીને રોડીસિયાનો કબજો લેવો.

ઉપરાંત, જર્મન કામેરૂનની ઉત્તરની રેલવે ચાડ સરોવર સુધી લઇ જવાની હતી, કે જ્યાંથી સુદાન ઉપર તથા ઉત્તર આફ્રિકાના ફ્રેંચ મુલક ઉપર અંકુશ રાખી શકાય; તથા આખરે સહરાના રણમાં જર્મન રેલવે કાઢીને ચાડ સરોવરને અલ્જીરિયા તથા ભૂમધ્ય સમુદ્ર સાથે જોડી શકાય. પણ આ લાઇન બહુ આગળ વધેલી નહીં.

જો ઉપલી બધી યોજનાઓ પાર પડી હોત, તો દુનિયા આફ્રિકાને જર્મન શહેનશાહતના રૂપમાં જોઇ શકત, એટલુંજ નહીં, પણ જર્મન માલેકીની અથવા જર્મન અંકુશની સંતત રેલવે લાઇનો પ્રથમ હામબર્ગથી કોન્સ્ટન્ટિનોપલ સુધી, અને ત્યાંથી એક દિશામાં ઇરાની અખાત સુધી તથા બીજી દિશામાં કેરો અને કેપ સુધી સ્થાપિત થાત.

પણ વિગ્રહ સળગ્યો ત્યારે બોઅર લોકોએ બળવો ન કર્યો, અને જનરલ બોથાના લશ્કરે જર્મન નૈઋત્ય આફ્રિકા જીતી લીધું, એટલે જર્મન જીતની બધી યોજનાઓ ઊંધી વળી. નૈઋત્ય આફ્રિકાની રેલવેઓમાં જર્મનીએ ૮૦,૦૦,૦૦૦ પૌંડ કરતાં વધારે નાણાં ખરચ્યાં હતાં, તે વિજયી બ્રિટિશ સેનાએ જપ્ત કરી, એટલુંજ નહીં, પણ તેમનો પોતાની હીલચાલને માટે ઉપયોગ કર્યો, તથા દક્ષિણ આફ્રિકાના યૂનિયનની રેલવેઓની સાથે તેમને જોડી દીધી.

મહા વિગ્રહ શરૂ થયો ત્યારે જર્મનીએ બેલ્જિયન સરહદ તરફ અને ઉપર જે રેલવેઓ તૈયાર કરી હતી, તેથી ફ્રાન્સ ઉપર ચડાઇ કરવાને લશ્કરો એકદમ એકઠાં થયેલાં. પણ જોકે આ રેલવેઓને લીધે બેલ્જિયન મુલકમાં પુષ્કળ લશ્કર ઝડપથી આવી શક્યું, છતાં બેલ્જિયનોએ લિએજ આગળ જે વીરત્વથી ભરેલો ટકાવ કર્યો તેની તેમણે વકી રાખેલી નહીં.

રેલવેની દૃષ્ટિથી જોતાં બેલ્જિયમના ટકાવથી મિત્ર રાજ્યોને અતિશય લાભ થયો, કારણકે જોકે બેલ્જિયમ અને લક્ઝેમ્બર્ગની સરહદનું જર્મનીએ ઑગસ્ટની ૩ જી તારીખે ઉલ્લંઘન કરેલું, તોપણ ૨૪ મી તારીખ સુધી ફ્રેંચ સેના ઉપર હુમલો કરવાની તેને તક મળેલી નહીં એટલા વખતમાં તો ફ્રેંચ લશ્કર તૈયાર અને એકત્ર થઇ ચૂક્યું હતું; તથા બ્રિટિશ મદદનીશ લશ્કરનો પણ કેટલોક ભાગ સાથે થઇ શક્યો હતો.

ગુરખા પિમ: નામદાર રાણીજીએ અર્પેલ ફુલ સાથે.

With the Flower given him by the Queen the Gurkha PIM

ગુરખા બાલવીર, જેની સાથે નામદાર રાજાજીએ વાતચિત કરેલી.

A Gurkha "boy" Soldier with whom The King talked: BAL

૧૮૭૦-૭૧ ના ફ્રાંકો-પ્રશિયન વિગ્રહમાં એવું બનેલું ખરૂં, કે લશ્કરી સામાન વગેરે રેલવે મારફત લઇ જવામાં અવ્યવસ્થા થયેલી, અને દેશની હાર થઈ તેમાં એ અવ્યવસ્થા એક મુખ્ય કારણ હતું. પણ તે પછીનાં વરસોમાં ફ્રાન્સે એ વ્યવસ્થા ઘણી સુધારી હતી, તેમજ રેલવેમાં પણ વધારો કર્યો હતો.

દુશ્મનના પહેલા હુમલાને ખાળવાને સરહદ ઉપર લશ્કર મોકલવાનું કામ ૧૯૧૪ના જૂલાઇની ૩૧ મી તારીખે રાત્રે નવ વાગે શરૂ થયું; અને ઑગસ્ટની ૩ જી તારીખે બપોરે પૂરું થયું. બાકીનાં બીજાં લશ્કરોને સજ્જ કરવાનું ઑગસ્ટની ૨ જીએ શરૂ થયેલું, તથા મોખરા ઉપર મોકલવાનું તા. ૫ મીએ બપોરે શરૂ થઇને ૧૯ મીએ પૂરૂં થયેલું. એ બે તારીખો વચ્ચે લગભગ ૪,૫૦૦ લશ્કરી ટ્રેનો દોડાવવામાં આવેલી.

આ ઉપરાંત ફ્રેંચ રેલવેઓને બીજું પણ ઘણું કામ કરવાનું હતું. બુલોન, નાન્ટેઝ, અને સેન્ટ નેઝેર આગળ બ્રિટિશ લશ્કરના અમલદારો અને માણસો ઉતરી ચૂક્યા હતા, તેમને મૉન્સ પહોંચાડવાના હતા. ફક્ત એજ કામને માટે ૪૨૦ ટ્રેનો દોડાવવી પડેલી. આફ્રિકાથી માર્સેલ્ઝ ઉતરેલ ૬૦,૦૦૦ ફ્રેંચ લશ્કરને મોખરા પર લઇ જવાની તજવીજ કરવાની હતી; અને હિંદથી આવતા લશ્કરને પણ ત્યાંજ પહોંચાડવાનું હતું. અધૂરામાં પૂરૂં, ફ્રેંચ સરકારની બેઠક પારિસથી બોર્ડો લઇ જવી પડેલી; અને સંગ્રહસ્થાનના કેટલાક કિંમતી નમુના પણ ફેરવવા પડેલા. વસ્તીની ન્હાસભાગ ચાલુ હતી તે તો જૂદી.

ઑકટોબરમાં આખા બ્રિટિશ લશ્કરને કેલે ઉપર ચડાઇ અટકાવવા સારૂ પશ્ચિમ બેલ્જિયમ તરફ ફેરવવું પડ્યું, ત્યારે પણ ફ્રેંચ રેલવેઓએ મોટી સેવા બજાવેલી. કુલ ચાલવાનું ૧૮૦ માઇલ હતું, જે માટે ૬૦૦ કરતાં વધારે ટ્રેનો દોડાવવી પડેલી, અને સુમારે ૧૬,૮૦૦ ગાડીઓ તથા વૅગનોનો ઉપયોગ થયેલો. દુશ્મનની આંખ આગળ આ મોટી હીલચાલ ફત્તેહમંદીથી સોળ દિવસમાં થઇ શકેલી.

ગ્રેટ બ્રિટનમાં લડાઇના વખતમાં ઉપયોગી થાય તેવા રેલવે સંબંધી બંદોબસ્તનો વિચાર છેક ૧૮૬૦થી થતો આવ્યો છે. ૧૮૭૧ના લશ્કર સંબંધી કાયદાના નિયમ પ્રમાણે દેશની તમામ રેલવેનો અથવા તેમાંની ગમે તેનો દેશના સંકટને વખતે કબજો લેવાનો સરકારને હક છે; અને રેલવેના ડિરેકટરો, અમલદારો, અને નોકરોને ફરમાન છે, કે તેમણે રાજ્યની સેવાને માટે રેલવેના ઉપયોગના સંબંધમાં સેક્રેટરી ઑફ સ્ટેટના હુકમ પ્રમાણે ચાલવું જોઇએ.

પણ આ પ્રમાણે રેલવેઓનો કબજો લેવાય, તો જેને આ કામ સુપ્રત કરી શકાય તેવું અધિકારી મંડળ છેક ૧૯૧૨ સુધી હયાતીમાં ન હતું. તેટલા માટે એ વરસમાં એક રેલવે કાર્યભારી કમિટી નિમાઇ, કે જેમાં આગેવાન રેલવે કંપનીના મેનેજરો સભાસદો હતા, અને સર હર્બર્ટ વૉકર, લંડન અને નૈર્ઋત્ય રેલવે કંપનીનો જનરલ મેનેજર, પ્રમુખ હતો. ૧૮૭૧ ના કાયદાનો બરાબર અમલ થઇ શકે તેટલા માટે યોજનાઓ કરવાનું પ્રથમ આવી કમિટીને સોંપવામાં

આવે છે. ૧૯૧૪નો વિગ્રહ શરૂ થયો, ત્યારે ગ્રેટ બ્રિટનની તમામ રેલવેનો અધિકાર સરકારે હાથમાં લીધો, અને એ અધિકાર રેલવે કાર્યભારી કમિટી દ્વારા વાપરવાનું જાહેર કર્યું. કમિટીએ પોતાનું કામ ઘણી સારી રીતે બજાવ્યું છે.

લશ્કરને સજ્જ થવાનો હુકમ ૪થી ઑગસ્ટે બહાર પડ્યો; સરકારે રેલવેઓને ૬૦ કલાકની મુદ્દત આપી, કે એટલા વખતમાં ૩૫૦ ટ્રેનો તૈયાર કરવી, અને દરેકમાં સરાસરી ૩૦ ડબા રાખવા. ૪૮ કલાકમાં રેલવે કંપનીઓએ બધી તૈયારીઓ કરી લીધી.

લશ્કરને સાઉધામ્પટન પહોંચાડવાને ગ્રેટ બ્રિટનના દરેક ભાગમાંથી તેમજ સ્કૉટલેંડ અને વેલ્સના દૂરના ભાગોમાંથી લશ્કરી ટ્રેનો દોડી છે; પણ એક પણ પ્રસંગે લશ્કરને ટ્રેન માટે થોભી રહેવું પડ્યું નથી, અને દરેક ટ્રેન, અપવાદ વગર, નીમેલે વખતે સાઉધામ્પટન પહોંચી છે. ૧૭ મી તારીખે લશ્કર ફ્રાન્સમાં ઉતરી ચૂક્યું; અને ૨૨ મી તારીખે લડાઇમાં થોડોક ભાગ પણ લીધો. જો બ્રિટિશો એ અણીએ ફ્રેંચોની કુમકે ન પહોંચ્યા હોત, તો જર્મનો પારિસ સુધી આવી શક્યા હોત, અને વિગ્રહનું રૂપ ઘણું વધારે ગંભીર થાત. આ સેવાને માટે અમીરોની સભામાં લૉર્ડ કિચનરે રેલવે કંપનીઓને ધન્યવાદ આપ્યો છે.

કામકાજ વધી જતાં કેટલીક કંપનીઓને પોતાનાં પ્લૅટફૉર્મો લાંબાં કરવાં પડ્યાં છે, નવાં સાઇડિંગો નાંખવાં પડ્યાં છે, ભારે તોપો માટે ખાસ વાહનો બાંધવાં પડ્યાં છે, અને માલ ચડાવવા તથા ઉતારવા સારૂ વધારે સંચાઓ સંપડાવવા પડ્યા છે; પણ આ બધી જરૂરો ઘણી ઝડપથી પૂરી પાડવામાં આવેલ છે.

રુશિયાની સરહદ ઉપર જર્મનોએ પુષ્કળ રેલવેઓ બાંધી હતી; અને રુશિયાની પોતાની ઘણી થોડી હતી. પણ જે લાભ તેને બેલ્જિયમ, લક્ષેમ્બર્ગ, અને ફ્રાન્સમાં હતો, તે રુશિયામાં નહોતો. આ ત્રણેય દેશોની રેલવેઓ જર્મની તથા ઑસ્ટ્રિયાના જેટલા માપની—એટલે ૪ ફુટ ૮½ ઇંચની—છે. પણ પોતાના દેશ પર ચડાઇને મુશ્કેલ કરવા સારૂ રુશિયાએ ૫ ફુટનું માપ પસંદ કર્યું છે, અને રુશિયન પોલાંડમાં પણ એ માપ છે.

આ અડચણ મટાડવાને જર્મનોએ અગાઉથી સ્લીપરો ઉપર રેલ જડી રાખેલ છે, અને તે સાધારણ રસ્તા ઉપર ઝડપથી નાંખી શકાય છે. એમ કહેવામાં આવેલ છે, કે ચાર રેલવે પલટનો ૭૦ માઇલ લાંબી લાઇન બે અઠવાડિયાંમાં નાંખી શકે છે; પણ જરૂર હોય, અને મજૂરોની સંખ્યા વધારવામાં આવે, તો કામ એક અઠવાડિયામાં પણ થઇ શકે છે.

વિગ્રહમાં જે કારણોથી રેલવેઓનો ઉપયોગ આવશ્યક છે, તેજ કારણોથી દુશ્મનની ચડાઇ અટકાવવાને, તેમનો વ્યવહાર બંધ કરવાને, અથવા તેમને પાછળ પડતા અટકાવવાને રેલવેઓનો નાશ પણ આવશ્યક છે. ચાલુ વિગ્રહમાં રેલવે લાઇનોને નુકસાન કરવાને વિમાનોનો ઘણો ઉપયોગ થયેલો છે; અને તેમણે રેલવે સ્ટેશનોને તથા ખાસ કરીને જંક્શનોને ઘણું નુકસાન પહોંચાડ્યું છે. છતાં બંને પક્ષમાં દુરસ્ત કરવાની તૈયારીઓ એટલી પૂર્ણ છે, કે બહુ હરકત આવતી નથી.

ફ્રાન્સને આ બાબતમાં મદદ કરવા સારૂ બ્રિટન તરફથી પુષ્કળ પૂલ બાંધનારાઓ, અને રસ્તો બાંધનારાઓ, અને બીજા કામદારોને મોકલવામાં આવેલ છે; તેમજ પુષ્કળ સરસામાન પણ પૂરો પડાયો છે.

વાંચનાર એટલું જોઇ શકશે, કે રેલવે સંબંધી જર્મનીની તૈયારીઓ ઘણી વધારે હોવા છતાં ફ્રાન્સ અને બ્રિટનની વ્યવસ્થા પણ સંતોષકારક હોવાથી એ દેશોને ધારેલી હાનિ થઇ શકી નથી.

લડાઇના તાર.

ટાઇરોલમાં લડાઇ.

લંડન, ૨૬ મી મે.

જો કોઇ પણ ઠેકાણે અસાધારણ લડાઇ ચાલતી હોય, તો તે અત્યારે ટાઇરોલમાં ચાલે છે. મોટા તોપના ગોળા પહાડોની બાજુઓમાં પડીને મોટા ખાડા પાડે છે, ખડકો ચીરાઇ જાય છે, અને જંગલો સહિત પહાડના કકડાઓ તૂટીને નીચેની ખીણોમાં પડે છે. આવી સ્થિતિમાં ઇટાલિયનો સામે થઇ શકે છે એ વિલક્ષણ છે. જેવું ઑસ્ટ્રિયન પાયદળ હલ્લો કરવા લાગે છે, કે જાણે જાદુઇ રીતે ખડકોમાંથી ઇટાલિયનો ધસી આવે છે, અને સેંકડો દુશ્મનોને ઘાસની માફક વાઢી નાંખે છે. ઇટાલિયનો જરા પણ નરમ પડ્યા જણાતા નથી.

બલ્ગેરિયનો ગ્રીસમાં.

સાલોનિકા, ૨૮ મી મે.

૨૫,૦૦૦ બલ્ગેરિયનો રૂપેલ ઘાટ પાસે સરહદ ઓળંગ્યા છે, અને સ્ટ્રુપાના કિલ્લાનો તેમજ ડેમિર હિસ્સારના સ્ટેશન તથા પૂલનો તેમણે કબજો લીધો છે. ગ્રીકો સામે થયા સિવાય ચાલ્યા ગયા છે. ગુરુવારે જર્મન અને બલ્ગેરિયન અમલદારો રૂપેલ આગળ ગ્રીક કમાન્ડરને મળ્યા હતા; અને વિગ્રહ ખતમ થયે કિલ્લો પાછો સોંપવાનું કબૂલ કર્યું હતું.

હિંદી વિક્રમની તારીફ.

લંડન, ૨૯ મી મે.

જનરલ હેગે પોતે અધિકાર હાથમાં લીધો ત્યારથી અત્યાર સુધીની પશ્ચિમ મોખરા ઉપરની બ્રિટિશ પ્રવૃત્તિનું અવલોકન લખી મોકલ્યું છે. તેમાં તે ફ્રાન્સમાં હિંદીઓએ બજાવેલી સેવાની તારીફ કરે છે. જે પ્રકારની લડાઇથી તેઓ પરિચિત નહોતા, તે પ્રકારની લડાઇમાં તેમણે એક વરસ સુધી બહાદુરીથી અને કિંમતી કામ કર્યું છે. તેમના જવા માટે જનરલ હેગ દિલગીરી બતાવે છે, પણ તેને ખાતરી છે કે, જેવી સેવા તેમણે ફ્રાન્સમાં બજાવી છે તેવીજ તેઓ જ્યાં હશે ત્યાં બજાવશે.

બ્રિટિશ મોખરો.

લંડન, ૨૯ મી મે.

છેલ્લા ચોવીશ કલાકમાં દુશ્મનની તોપોએ આપણા મોખરા ઉપર ખાસ કરીને લા બાસી નહેર અને આરસ વચ્ચે જબ્બર મારો ચલાવ્યો છે.

સ્વેઝની નહેરનું મહેસૂલ.

લંડન, ૨૯ મી મે.

સ્વેઝની નહેર સંબંધી રિપોર્ટથી જણાય છે, કે ૧૯૧૪ ની ઉપજ સાથે સરખાવતાં ૧૯૧૫ માં ૧૦,૭૫,૭૨૫ પૌંડ ઓછી ઉપજ આવી છે.

પૂર્વ આફ્રિકામાં જીત.

લંડન, ૩૦ મી મે.

બ્રિગેડિયર-જનરલ નૉર્થીએ દુશ્મનને ન્યૂલેંગનબર્ગ ખાલી કરવાની ફરજ પાડીને તેનો કબજો લીધો છે. પુષ્કળ દારૂગોળો, ખોરાક, અને બીજો સામાન હાથ પડેલ છે.

સર્બિયન સેના.

લંડન, ૩૦ મી મે.

સર્બિયન લશ્કર કોર્ફુમાંથી સાલોનિકામાં આવી ચૂક્યું છે, એવી જાહેરાત ફ્રેંચ નૌકાખાતા તરફથી આપવામાં આવેલ છે.

બાલ્કનમાં હીલચાલ.

સાલોનિકા, ૩૦ મી મે.

મહત્વનાં બલ્ગેરિયન લશ્કરો ઝાંથી તેમજ નેવરોકોપ આગળ એકત્ર થતાં જણાવવામાં આવે છે. ડોઇરન સરોવરની પાસેના પોરોજ નામે ગામનો ફ્રેંચોએ કબજો લીધો છે.

વર્ડુનની લડાઇ.

પારિસ, ૩૧ મી મે.

વર્ડુનની લડાઈ અગાઉના કરતાં પણ વધારે સખ્ત ચાલે છે. મૉર્ટ હૉમ અને ક્યૂઝની વચ્ચે રાતદિવસ ભયંકર મારામારી ચાલુ છે. જર્મનોએ બે દિવસ સુધી ગોળાઓ ફેંક્યા કર્યા છે. પણ હલ્લો કરતાં તેમને બધેજ હઠવું પડ્યું છે. મ્યૂઝની ડાબી બાજુએ એવોકોર્ટ અને નં. ૩૦૪ ની ટેકરીના પ્રદેશમાં પણ તોપોનો પ્રચંડ માર છે. છતાં જર્મનો જે થોડી ઝમીન લે છે, તે ફ્રેંચો તરત પાછી પડાવે છે.

પારિસ, ૧ લી જૂન.

મૉર્ટ હૉમ ઉપર પ્રચંડ હુમલો કરવામાં આવેલ છે; અને ડુઓમોન્ટ કિલ્લાની પશ્ચિમે તથા પૂર્વે તોપોની ભયંકર મારામારી થઇ છે.

નિવેદન.

આજના અંકની સાથે નામદાર રાજાજી અને રાણીજીએ જેમના પર મહેરબાની બતાવેલી, તે જખમી ગુરખા પિમ અને બાલના ફોટોગ્રાફ અમે અમારા વાંચનારાઓને ભેટ કરીએ છીએ.

ભાવનગર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૧૩ મી જૂન, ૧૯૧૬. [અંક ૨૮.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૨૩મી જૂન ૧૯૧૬.

વિગ્રહના વખતમાં ફ્રાન્સનું આંતર જીવન.

એક પ્રખ્યાત ઇંગ્લિશ લેખકે લખ્યું છે: "પોતાની વિષમ કસોટીના વખતમાં શૂરવીર ફ્રેંચ પ્રજાએ જે અસાધારણ ધૈર્ય બતાવ્યું છે, તેની તારીફ કર્યા વગર આપણાથી રહી શકાતું નથી; અને એ જોઇને આપણને લગભગ આશ્ચર્ય થાય છે." અને, ખરેખર, કસોટી બીજાઓ ધારી શકે તે કરતાં વધારે વિષમ છે.

શું બલાત્કારે આપણને વિગ્રહમાં ઘસડવામાં આવશે? આ પ્રશ્ન બધાં ફ્રેંચ મંડળોમાં ચિંતા સાથે પૂછાતો હતો: પણ પ્રાંતોમાંની વસ્તીના મોટા ભાગને એવું લાગતું હતું, કે તોફાન પસાર થઇ જશે. દરેક માણસને વધારે ઓછી સ્પષ્ટતાથી વિગ્રહથી જે પાયમાલી થવાની તેની કલ્પના આવતી; અને જાણી બૂજીને રાજ્યના ધુરંધરો એવી ખુવારીમાં ઝંપલાવે, એ તેમને માનવા સરખું લાગતું નહીં.

જ્યારે ઓસ્ટ્રિયા અને સર્બિયા વચ્ચે સંબંધ તૂટ્યો, ત્યારે લોકો સમજ્યા કે વિગ્રહ માત્ર સ્થાનિક રહેશે નહીં, અને બ્રિટિશ તથા ફ્રેંચ કારભારીઓના પ્રયાસ વ્યર્થ નીવડ્યા છે. પછી ધીમે ધીમે સુલેહ ટકવાની આશા ઓછી થતી ગઇ; અને લોકોની નિરાશાનું પહેલું પરિણામ એ આવ્યું, કે વ્યવહારમાંથી સોનું ઓછું થઇ ગયું. ખરીદીઓમાં અને ૧૫૦ ફ્રાંકની નોટો વટાવવામાં મુશ્કેલી પડવા લાગી. તરત નાણાવટીઓ વગેરેએ માગણી કરી, કે ૨૫ ફ્રાંકની નોટો ચાલુ કરવી જોઇએ.

આખા ફ્રાન્સમાં સંદેહના એ છેલ્લા દિવસો શાંતિ અને ગંભીરતામાં પસાર થયેલા. જુલાઇની ૩૧ મી તારીખે સાંજે સેનેટરો અને મુખ્ય મુખ્ય ડેપ્યુટીઓ જોરેની આગેવાની નીચે બુર્બોન મહેલમાં એકઠા થયા, અને કોઇ પણ રીતે સુલેહ જાળવી શકાય એમ છે કે નહીં, તેની ચર્ચા કરવા લાગ્યા. પણ તેમને એવી નોંધ કરવી પડી, કે કશું બની શકે તેમ નથી.

તેજ સાંજે એક દીવાનાએ જોરેનું ખૂન કર્યું. પ્રજામાં હાહાકાર થઇ ગયો. જોરે એક સમર્થ આદમી હતો; ફ્રાન્સની અંદર લોકોમાં તેની ઘણી પ્રતિષ્ઠા હતી, અને પરદેશમાં પણ તેની આબરૂ સારી હતી. દરેક પક્ષને એમ લાગેલું, કે એ વખતે તેના મરણથી ફ્રાન્સને જે હાનિ

થઇ તે કોઇથી પૂરી શકાય એવી નથી. આગલી સાંજે "મનુષ્યતા" નામના પોતાના પત્રમાં તેણે પ્રજાકીય સંપની ઉમદા હિમાયત કરી હતી, અને જણાવ્યું હતું, કે એ ક્ષણથી સવાલ રાજનીતિનો નહીં પણ દેશની હયાતીનો છે. તેના મરણથી એક પ્રતિષ્ઠિત કારકીર્દીનો અકાલે અંત આવ્યો, અને તે એવી અણીએ, કે જ્યારે તે દેશભક્તિના રણશિંગડા જેવો થવાનો હતો, અને જ્યારે પોતાના વકતૃત્વથી તે દેશના બચાવ માટે એક સાધન બની શકત.

ક્ષણભર એવી ચિંતા રહેલી, કે સોશ્યલિસ્ટો પોતાના આગેવાનનું વેર લેવાને પ્રતિકાર કર્યા વગર રહેશે નહીં. પણ દીવાનાના કૃત્યને માટે કોણ જવાબદાર થઇ શકે? રીપબ્લિકના પ્રેસિડન્ટે જૌરેની પત્નીને પત્ર લખીને જ્યારે દેશમાં સંપની અગાઉના કરતાં વધારે જરૂર હતી તેવે વખતે એ ધિક્કારવા લાયક હુમલા માટે પોતાની દિલગીરી ઝાહેર કરેલી.

કશા પણ પક્ષ કે વિચારના ભેદ વગર આખા ફ્રાન્સે પોતાના એ મહાન્ નાગરિકને માન આપ્યું. એક લેખકે લખ્યું, કે "પહેલી વાત પ્રજાના બચાવની છે. જૌરેનું ખૂન થયું છે. ફ્રાન્સનું આપણે ખૂન કરશું નહીં." જૌરેના મૃત શરીર ઉપર "પવિત્ર સંપ"ના કરારને મ્હોર કરવામાં આવી.

અગાઉથી ધારી શકાય તે પ્રમાણે સંખ્યાબંધ અને પરસ્પર વિરુદ્ધ અફવાઓ ચાલવા લાગી, અને લોકો તે માની લીધા વગર સાંભળવા માંડ્યા. તેઓ એમ માનતા હતા કે, ફ્રાંકો-બેલ્જિયન સરહદ ઉપર કિલ્લાઓ એવા છે, કે ચડાઇ કરનાર તેમને વટાવી શકશે નહીં; પણ તેમને માલુમ નહોતું, કે થોડાં વરસ અગાઉ પાર્લમેન્ટ અને સરકારની સંમતિથી એક કિલ્લાનું મહત્ત્વ ઓછું કરવામાં આવ્યું હતું, અને બીજાઓને સાધનહીન કરવામાં આવ્યા હતા.

રવિવાર તા. ૧ લી ઑગસ્ટને રોજ સાંજના ચાર વાગ્યે લશ્કરને સજ્જ થવાના હુકમો ફ્રાન્સમાં સર્વત્ર ચોડવામાં આવ્યા. ફરજિયાત લશ્કરી નોકરીના દેશમાં લશ્કર તૈયાર થતાં શી સ્થિતિ થાય છે તેની આપણને કલ્પના આવવી મુશ્કેલ છે. એથી કરીને સામાજિક જીવનની *બધી વ્યવસ્થા તૂટી જાય છે; અને પ્રજાકીય ઉદ્યોગો છિન્નભિન્ન થઇ જાય છે.* દરેક ફ્રેંચ શહેરીને વીસ વરસની ઉમર થતાં ત્રણ વરસ સુધી લશ્કરી ફરજો બજાવવી પડે છે. તે પછી ૪૮ વરસની ઉમર થાય ત્યાં સુધી લશ્કરી અધિકારીઓ તેને ચાહે ત્યારે બોલાવી શકે છે. દરેક માણસને એક ન્હાની લશ્કરી ચોપડી આપવામાં આવે છે, જેમાં લશ્કરની અંદર તેની પદવી બતાવેલી હોય છે. લશ્કરને સજ્જ થવાનો હુકમ મળે ત્યારે શું કરવું, એ સંબંધી પણ એ ચોપડીમાં સૂચનાઓ લખેલી હોય છે. સૂચનાઓ બહુ સ્પષ્ટ અને સાદી હોય છે. પ્રથમ સિપાઇ, કમિશન વગરના અમલદાર, કે અમલદારનું નામ હોય છે; પછી તેની પલટનની ડેપો જે શહેરમાં હોય તેનું નામ આવે છે; અને તે પછી હુકમ બહાર પડે કે પહેલે, બીજે, ત્રીજે, ... દસમે, અથવા બારમે દિવસે તેણે પોતાની ડેપોમાં હાજર થઇ જવું જોઇએ, એવી સૂચના હોય છે. આપેલે દિવસે માણસ નિકળે છે, રેલવે ઉપર ડેપોના શહેર સુધી તેને મફત પાસ મળે છે, અને ત્યાં તેને હથિયારબંધ તથા સાધનસંપન્ન કરવામાં આવે છે.

આ પ્રમાણે ઑગસ્ટના પહેલા દિવસોમાં લાખો દ્ધૈયો સજ્જ થયા. તેમની પદવી કે ધંધો ગમે તે હોય, છતાં તવંગર અને ગરીબ, શહેરના અને ગામડાના, સૌ પોતપોતાની ડેપોએ પહોંચ્યા, અને લડવા માટે તૈયાર થયા. નાજુાનદી અને વેપારી, ઇંજનેર અને કારખાનાવાળા, લેખક અને ચિત્રકાર, વકીલ અને ડાક્તર, મજૂર અને ખેડુત, બાઇડી તથા છોકરાં પાછળ મૂકીને દેશનું રક્ષણ કરવા ચિધાવ્યા. કેટલા બધા ત્યાંથી ફરી આવશેજ નહીં!

આ બધી હીલચાલ સંપૂર્ણ શાંતિથી, ક્રમાનુસાર અને નિયમ પ્રમાણે બની ગઇ. થોડા દિવસોમાં ડેપોએ આ સમૂહોને સજ્જ કર્યા, અને સરહદ ઉપર જઇને તેઓ પલટનોમાં જોડાયા.

સિવિલિયનો માટે દરેક લાઇન ઉપર ગાત્ર ચાર ટ્રેનની વ્યવસ્થા રહી. એ ટ્રેનો દરેક સ્ટેશને રોકાતી, પણ લશ્કરની જરૂર પ્રમાણે તેમના વખતમાં ફેરફાર થઇ શકતો, અને ક્વચિત બિલકુલ ચાલતી નહીં. માલમાં માત્ર જલદી નાશ પામે તેવો માલ મોકલવામાં આવતો, જેમા મુખ્યત્વે કરીને વસ્તીના ખોરાકનો સમાવેશ થતો.

બધા વેપારો અને ઉદ્યોગો થોડી વાર બંધ પડ્યા. બેંકો, પેઢીઓ અને કારખાનાંના મેનેજરોને પોતાનું કામ છોડીને જવું પડ્યું. ઘણી પેઢીઓને બારણાં બંધ કરવાં પડ્યાં.

પારિસ અને પ્રાંતોનાં બીજાં મોટાં શહેરોમાં ઘણાખરા ન્હાના દુકાનદારોએ દુકાનો બંધ કરીને નોટિસ ચોડી હતી, કારણકે તેમને તેમના મદદનીશો સાથે લશ્કરમાં જવું પડ્યું હતું. પણ આજે ઘણી દુકાનો પાછળથી તેમની ઓરતોએ ચલાવી છે.

ગામડાંઓમાં ખેડુતો અને મજૂરોના એકદમ જવાથી ખેતીના કામને નુકસાન થાય એવું હતું. છતાં અહીં પણ સ્ત્રીઓએ સારી સેવા બજાવી છે. પતિઓ, પુત્રો અને ભાઇઓને વિદાયગિરી આપ્યા પછી તેમણે સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી ખેતરોમાં કામ કર્યું છે. ડોશીઓએ નવો ઉત્સાહ બતાવ્યો છે; અને ન્હાની છોકરીઓએ રમતો છોડીને મહેનતમાં ભાગ લીધો છે.

ઑગસ્ટની ૨ જી તારીખે પ્રેસિડન્ટે એવું જાહેરનામું બહાર પાડ્યું, કે આખું ફ્રાન્સ ઘેરાની સ્થિતિમાં છે. ઇંગ્લંડના કાયદા પ્રમાણે એમ થઇ શકતું નથી; ત્યાં સર્વોપરિ અધિકાર હમેશાં સિવિલ અમલદારોના હાથમાં રહે છે; અને ઘણી લડતો કરીને લોકોએ એ હક મેળવ્યો છે. ફ્રાન્સની સ્થિતિ જૂદી છે. દેશ નામમાં પ્રજાસત્તાક છે; પણ ઘણી સંસ્થાઓ રાજાને શોભે તેવી છે. બધી સત્તા સરકારના હાથમાં છે, અને તેનો તે પાર્લામેન્ટના ઓછા-વધતા અંકુશ સાથે અમલ કરે છે. ઘેરાની સ્થિતિને લીધે બંદોબસ્ત રાખવા વગેરેનું કામ સિવિલ અમલદારોના હાથમાં નિકળીને લશ્કરી અમલદારોના હાથમાં આવે છે. તેઓ દિવસે કે રાતે ગમે તે ઘરની જપ્તી લઇ શકે છે; હથિયારો અને દારૂગોળો જ્યાં હોય ત્યાંથી જપ્ત કરી શકે છે; અને તોફાન થવાની બીક હોય ત્યારે વર્તમાનપત્રો તથા સભાઓ બંધ કરી શકે છે.

ટૂંકામાં, ઈનસાફનું કામ લશ્કરી અદાલતોને સુપ્રત થાય છે; અને વ્યક્તિની સ્વતંત્રતા એટલા વખતને માટે તિરોહિત રહે છે. લશ્કરી ગવ્હર્નરોના ઠરાવો ઉપર અપીલ નથી.

એટલું કબૂલ કરવું જોઇએ, કે લશ્કરી સત્તાએ પોતાના અધિકારનો કદાપિ દુરુપયોગ કર્યો નથી. ખાસ કરીને વર્તમાનપત્રો અને દારૂના વેચાણ ઉપર જે અંકુશ મૂકાયેલો, તે વસ્તીના મોટા ભાગને પસંદ પડ્યો છે.

વિગ્રહ શરૂ થયો, ત્યારે વર્તમાનપત્રો ચમકાવે એવી ખબર આપવામાં એકબીજાંની સાથે હરીફાઇ કરતાં હતાં. સવારના દસ વાગ્યાથી તે રાતના મોડે સુધી દર કલાકે ખાસ આવૃત્તિઓ બહાર પડતી; અને વેચનારાઓ બૂમો પાડીને લોકોનું ધ્યાન ખેંચતા. મોટાં દૈનિક પત્રો પણ મુશ્કેલીમાં હતાં, કારણકે જે જાહેર ખબરો ઉપર તેમની આવકનો મુખ્ય આધાર હતો, તેના કરારો બંધ પડેલા. લોકોમાં ખોટી અફવાઓ ફેલાતી હતી. આ સ્થિતિ સુધારવાને લશ્કરી અધિકારીઓએ દિવસમાં ત્રણ વાર ઓફિશ્યલ ખબરો આપવાનો ઠરાવ કર્યો; અને વર્તમાનપત્રો શેરીઓમાં બૂમ પાડીને ન વેચાય, કે તેમાં ચમકાવે એવી વાતો ન આવે, તેનો બંદોબસ્ત કર્યો. કોઇ પણ વર્તમાનપત્રની એક દિવસમાં એકથી વધારે આવૃત્તિ ન નિકળે, અને તે હમેશાં ઠરાવેલે કલાકેજ બહાર પડે, એવી વ્યવસ્થા થઇ.

ઉપરાંત, દરેક છાપું, દૈનિક, સાપ્તાહિક, અથવા માસિક (પુસ્તકો અને ચોપાનિયાં સહિત) લશ્કરી અધિકારીની દૃષ્ટિ નીચે પસાર થવું જોઇએ, એમ ઠરેલું. એ પરીક્ષકના હુકમ પ્રમાણે ન વર્તનારને સખત સજા થતી.

લશ્કરી અધિકારીઓએ દારૂ વેચનારાઓ ઉપર પણ હુમલો કરેલો. પીઠાં ખોલવાના કલાકો મુકરર થયેલા. ખાવાના વખત સિવાય સિપાઇઓને દારૂ વેચવાની મના થયેલી; અને સ્ત્રીઓને માટે બિલકુલ મના કરવામાં આવેલી.

ચાળીસ વરસથી દારૂના વેપારના સંબંધમાં પાર્લમેન્ટ નિર્બળતા બતાવતી આવી હતી; અને તેમાં નવાઇ નહીં, કારણકે તેઓ ચૂંટણીના કામમાં મોટા એજંટો હતા, અને પાર્લમેન્ટના ઘણા મેંબરો તેમને લીધેજ ચૂંટાવા પામતા હતા. દારૂની બદી સામે પુષ્કળ લડતો થયેલી, પણ પાર્લમેન્ટે પ્રજાને ઝેર આપનારાઓના સંબંધમાં કશાં પગલાં લીધેલાં નહીં. એથી ઉલટું, દારૂ વેચનારાઓને કેટલીક ખાસ સગવડો મળેલી.

પણ લશ્કરી અધિકારીઓ તેમના દબાણમાં નહોતા. પ્રથમજ તેમણે "એબસિંથી"નો અટકાવ કર્યો. પારિસના લશ્કરી ગવ્હર્નર ગેલિએનીના એક હુકમથી એબસિંથીના વેચાણની બિલકુલ મના કરવામાં આવી. પ્રાંતોમાં પણ એ પ્રમાણે થયું. ઉપલા વર્ગોના અનુમોદનથી એ ભયંકર બદી દેશમાંથી દૂર થઇ.

ફ્રેંચોને દુશ્મનના જબ્બર જોરની તથા હથિયાર અને સંખ્યામાં સરસાઇની ખબર નહોતી. તેઓ લડનાર માણસની કિંમત વધારે સમજતા હતા, અને માત્ર સાધનની પ્રમાણમાં અવગણના

કરતા. આ ભૂલને માટે તેમને ઘણું સહન કરવું પડ્યું. મશીન ગનો સામે લશ્કરોનું સાહસ શી રીતે ફાવી શકે? પાસે આવતા પહેલાં વાઢી નાંખે ત્યાં શું બની શકે? ગમે એવી વીરતા હોય, પણ જ્યાં ગોળાઓનો વરસાદ વરસે, ત્યાં તે કેમ ટકી શકાય?

દર રોજ ફ્રેંચોને વિગ્રહના ગાંભીર્યની વધારે વધારે ખાતરી થતી ગઈ. શરૂઆતના દિવસોનો આવેશ દૂર થયો, અને ધીમે ધીમે સ્વસ્થતા વગરની શાંતિ ફેલાઈ. ઑફિશ્યલ સમાચારો એટલા સંક્ષિપ્ત બહાર પડતા, કે લોકોને સારી આશા રહેલી. પ્રથમ લોરેન અને આર્ડેનીઝ નાનો બહાર પડેલી. એટલે મૉન્સ અને ચાર્લેરોઇની લડાઇઓ સંબંધી લોકોને કશી ખબર નહોતી. અફવાઓ ચાલ્યા કરતી, પણ તેમાં એટલી અતિશયોક્તિ હતી, કે ઘણા લોકો તે માનતા નહીં. પણ આખરે માઠી ખબર જાહેર કર્યા સિવાય ચાલ્યું નહીં.

(આ મહત્વનો વિષય આવતા અંકમાં પૂર્ણ કરવામાં આવશે)

લડાઇના તાર.

—:૦:—

સામાન્ય સ્થિતિ.

લૉર્ડ કિચનરના અચાનક મૃત્યુથી બ્રિટિશ શહેનશાહતને તથા બ્રિટનને મોટી ખોટ પડી છે; પણ વિગ્રહમાં તેથી કશો ફેર પડવાનો નથી. જર્મનો હજી વર્ડુન પાસે મહેનત કર્યા કરે છે. ગેલીશિયામાં રશિયનો ઓસ્ટ્રિયનો ઉપર જીત મેળવતા જાય છે. તેમની દારૂગોળાની મુશ્કેલી ઓછી થયેલી દેખાય છે. એશિયા માઇનરમાં પણ તેઓ ઠીક આગળ વધતા જણાય છે. પણ હજી દુશ્મન ઉપર તે યાદ કરે એવો ઘા પડ્યો નથી. ઘણાં પડશે, ઘણાં પડશે, એવી રાહ જોવાય છે.

પશ્ચિમની સરહદ.

પારિસ, ૨૭ જૂન.

મ્યૂઝની ડાબી બાજુએ મૉર્ટ હોમ અને એવોકોર્ટના પ્રદેશમાં અવારનવાર ગોળા પડ્યા કરે છે. મ્યૂઝની જમણી બાજુએ તોપનો જબરો મારો ચલાવ્યા પછી થીયોમોન્ટ ખેતરથી ચોક સુધી જર્મનોએ હુમલો કર્યો હતો. કેટલાક નિષ્ફળ હુમલા પછી થીયોમોન્ટ કિલ્લાની અને ચાર ઝાડવાળી વચ્ચે આવેલી પહેલી લાઇનની ખાઇઓ સુધી તેઓ આવી શક્યા છે. બીજી બધી જગ્યાએ તેમને મશીન ગનની આગથી હઠાવવામાં આવેલ છે. બપોર પછી કેટલાક જર્મન વિમાનોએ બાર લે ડકના ખુલ્લા શહેર ઉપર બોંબ નાંખ્યા છે, જેથી બે માણસો અને ચાર છોકરાં સહિત સાત સિવિલિયન મરણ પામેલ છે; તથા ૯ માણસો અને અગિયાર છોકરાં સહિત પચીસને ઈજા થઇ છે.

તુર્કી અને રૂશિયા.

પિત્રોગ્રેડ, ૨ જી જૂન.

કાઓગા બઝાર આગળ રૂશિયન મધ્યબિંદુને ભેદવાને તુર્કો મથી રહ્યા છે. એ ગામ અર્ઝરૂમની નૈર્ઋત્યમાં ૫૦ માઇલ પર આવેલું છે, અને મુશથી પણ તેટલુંજ દૂર છે. એવી ગણના થાય છે, કે જર્મનો તથા ઑસ્ટ્રિયનો મળીને દુશ્મનોની કુલ સંખ્યા ૪૦,૦૦૦ છે. કોન્સ્ટન્ટિનોપલ, માસીડોનિયા, સીરિયા અને ગાલ્લીપોલીમાંથી લશ્કરો આવેલ છે. જર્મનો વારંવાર એશિયા માઇનરમાં મદદ મોકલ્યા કરે છે.

મોટું નૌકાયુદ્ધ.

લંડન, ૫ મી જૂન.

જટલેંડની પેલી તરફ મેની ૩૧ મી તારીખે બ્રિટિશ કાફલાનો આખરે જર્મન કાફલાની સાથે ભેટો થયો છે. થોડાજ વખતમાં જર્મન કાફલાને ન્હાસી જઈને આશ્રય લેવો પડ્યો છે. ધૂમસને લીધે બરાબર લડાઇ થઇ શકી નથી. જર્મનોને બ્રિટિશ કરતાં વધારે નુકસાન થયું છે. તેમનાં બે લડાયક વહાણો, બે ડ્રેડનૉટ ક્રૂઝરો, બે હળવી ક્રૂઝરો, ઓછામાં ઓછાં નવ વિનાશક વહાણો અને એક સબમરીનનો નાશ થયેલ છે, એમ માનવાને કારણ છે. બ્રિટિશના ૩૩૩ અમલદારો માર્યા ગયા છે.

રૂશિયન જીત.

પિત્રોગ્રેડ, ૫ મી જૂન.

પ્રિપેટથી રૂમાનિયા સુધીના આખા મોખરા ઉપર ગઇ કાલે લડાઇ ચાલી છે. આપણી ઘણે ઠેકાણે જીત થઇ છે. ૧૩,૦૦૦ કેદીઓ અને કેટલીક તોપો પકડાયેલ છે. આપણી તોપો દુશ્મનના મોરચાઓના ચૂરા કરે છે, અને પછી પાયદળ આગળ વધીને કબજો લે છે.

લૉર્ડ કિચનર.

લંડન, ૬ ઠ્ઠી જૂન.

ક્રૂઝર હેમ્પશાયર ઑર્કનીની પેલી તરફ રાતના સુમારે આઠ વાગ્યે ટૅર્પીડો અથવા સુરંગથી ડુબાવવામાં આવેલ છે. લૉર્ડ કિચનર અને તેના બધા સાથીઓ ડુબી ગયા છે. તપાસ કરવા છતાં કોઇ પણ માણસ બચેલ જણાતો નથી. લૉર્ડ કિચનરને નામદાર ઝારે આમંત્રણ કર્યું હતું, અને કેટલાક મહત્ત્વના સવાલોની ચર્ચા થવાની હતી. તેના ડુબી જવાથી આખી પ્રજામાં હાહાકાર થયેલ છે. તે લંડન છોડીને ગયેલ છે, એવી લોકોને ખબર નહોતી. આખી દુનિયામાંથી દિલગીરીના સંદેશા આવ્યા છે.

જર્મન ચાન્સેલરનું ભાષણ.

લંડન, ૬ ઠ્ઠી જૂન.

શહેનશાહી પાર્લમેન્ટમાં જર્મન ચાન્સેલરે કહ્યું છે, કે "અમે યૂરપની ભયંકર વ્યથા

કમી કરવા ચાહતા હતા; પણ દુશ્મનોએ વિગ્રહનો નકશો સ્વીકારવાની ના પાડી છે. અમારે છેવટના વિજય સુધી લડવું જોઇશે, અને અમે લડશું. અમને મોતની, શયતાનની, કે દુશ્મન અમારા દેશમાં મોકલવા ઇચ્છે છે તે ભુખની કશી ધાસ્તી નથી. કેટલીક વસ્તુઓની ખેંચ છે, પણ તે અમે સહી શકશું; અને દુશ્મન અમારી આર્થિક મુશ્કેલીઓ પર આધાર રાખે છે તેમાં છેતરાશે."

વિગ્રહના નકશા તરફ નજર કરતાં ચાન્સેલરની દૃષ્ટિ બેલ્જીઅમ, ત્રેબિઝોંડ, જર્મન પૂર્વ આફ્રિકા, અને ખોવાયેલાં જર્મન સંસ્થાનો પર પડી જણાતી નથી.

વિગ્રહખાતાની ઓફિસ.

લંડન, ૭ મી જૂન.

મિ. એસ્કિવથે તરતને માટે વિગ્રહખાતાની ઓફિસનો ચાર્જ સંભાળી લીધો છે.

ગેલીશિયામાં જીત.

પિત્રોગ્રેડ, ૮ મી જૂન.

અત્યાર સુધીમાં પ્રિપેટ-રૂમાનિયન મોખરા ઉપર ૪૦,૦૦૦ કેદીઓ, ૯૦૦ અમલદારો, ૭૭ તોપો અને ૧૩૪ મશીન ગનો પકડાયેલ છે. નામદાર ઝારે જનરલ બ્રુસીલોફને તાર કરીને વોલીનિયા, ગેલીશિયા, અને બુકોવિનાની જીતો માટે લશ્કરને શાબાશી આપેલ છે. ત્રણ દિવસની લડાઇમાં ઓસ્ટ્રિયનોને ૧૦૦,૦૦૦ માણસનું નુકસાન થયેલું હોવું જોઇએ, એમ ધારવામાં આવે છે.

વોક્સનો કિલ્લો.

પારિસ, ૮ મી જૂન.

વોક્સનો કિલ્લો પાયમાલ થયો છે, અને તેનો કબજો લેવામાં દુશ્મનને અતિશય ભોગ આપવો પડ્યો છે. કિલ્લાની જમણી અને ડાબી બાજુની ખાઇઓ આપણા કબજામાં છે; અને તેના પરના હુમલા પાછા હઠાવવામાં આવેલ છે.

વિગ્રહખાતાનો નવો પ્રધાન.

લંડન, ૮ મી જૂન.

નૌકાધિકારીઓ હેમ્પશાયરને ટોર્પીડો વાગી હોય એમ માનતા નથી. હવા બહુ તોફાની હતી; અને એ સ્થળમાં સારી ચોકી રહે છે. લૉર્ડ કિચનર પાછળ કોઇ સિવિલિયન વિગ્રહખાતાનો પ્રધાન નિમાવો જોઇએ, એમ વર્તમાનપત્રો આગ્રહ કરે છે. મિ. લૉઇડ જ્યોર્જનું નામ સૌથી વધારે વાર આપવામાં આવે છે. મિ. ચર્ચિલ અને લૉર્ડ ડર્બીનાં નામ પણ ચર્ચાય છે. લૉર્ડ ફ્રેંચને એ જગ્યા માટે કહેવામાં આવેલ છે, એવી અફવા પાયાદાર નથી.

ભાવનગર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૨૦ મી જૂન, ૧૯૧૬. [અંક ૨૯.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વેહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ર૦મી જૂન ૧૯૧૬.

વિગ્રહના વખતમાં ફ્રાન્સનું આંતર જીવન.

(ગયા અંકથી ચાલુ.)

સરકારને એવી ધાસ્તી રહેલી જણાય છે, કે ખરી ખબર આપવાથી લોકોમાં ગભરાટ થશે. શું એ ધાસ્તી સાચી હતી? કેટલાક લોકોએ સરકારના ડહાપણની તારીફ કરેલી; અને બીજાઓએ ઠપકો આપેલો. પણ જ્યારે આપણે વિચારીએ છીએ, કે પરમ સંકટના વખતમાં આખી પ્રજા દિવસમાં બે વાર ઑફિશ્યલ સમાચારની ચારપાંચ લીટીઓથી પણ સંતુષ્ટ રહેલી, ત્યારે બધી દુઃખદાયક હકીકત જણાવવામાં આવી હોત, તો તે પણ તે સહી શકત, એમ માન્યા વગર રહેવાતું નથી. આ અવિશ્વાસથી ફ્રેંચ પ્રજાને માઠું લાગેલું, એમ માનવાને કારણ છે.

જ્યારે લોકોને માલુમ પડયું, કે દુશ્મન પારિસથી માત્ર ૮૦ માઈલ દૂર સુધી પહોંચી ચૂકેલ છે, ત્યારે જે લાગણી થયેલી, તેનું વર્ણન આપી શકાય તેમ નથી. સારે ભાગ્યે બેજ દિવસ પહેલાં બધા પક્ષના આગેવાનોનું એક સંયુક્ત પ્રધાનમંડળ નિમાયું હતું, અને લોકોને તેમના પર વિશ્વાસ હતો.

માર્નની લડાઈની પહેલાંનું પખવાડિયું જેમણે પારિસમાં ગાળેલું, તેઓ પોતાનો અનુભવ કદાપિ ભૂલશે નહીં. સૌને ખબર હતી, કે જર્મનો પાણીના પૂરની માફક પારિસ ઉપર ધસતા આવે છે. સૌને એ પણ ખબર હતી, કે પારિસના બચાવો વિગ્રહ શરૂ થયો ત્યારે સારી સ્થિતિમાં નહોતા, અને ત્રણ સપ્તાહમાં બરાબર દુરસ્ત થાય, એ સંભવિત નહોતું. બેલ્જિયન શહેરોની દુર્દશાથી એ સિદ્ધ થયું હતું, કે ગમે તેવા કિલ્લાઓ પણ જર્મનોને શહેરમાં પ્રવેશ કરતાં અટકાવી શકે એવું નહોતું. ત્યારે શું પારિસની પણ એજ દશા થવાની?

વસ્તી તોપણ શાંત રહેલી. કેટલાક પ્રપંચી માણસોએ આગેવાન સેનાપતિઓ ઉપર આક્ષેપો કરેલા, પણ પ્રજાએ તે તરફ ધ્યાન આપેલું નહીં. દરમિયાન ઉત્તરમાંથી અને પૂર્વમાંથી ન્હાસેડુઓ શહેરમાં ભરાતા હતા, અને બિનલડાયક વસ્તી ઉપર દુશ્મને ગુજારેલા જુલ્મની વાતો ચલાવતા હતા. ખરાબમાં ખરાબ સ્થિતિને માટે તૈયારીઓ કરવામાં આવી. જે કોઈ પ્રાંતોમાં પોતાની જાગિરો ઉપર કે સગાંવહાલાં સાથે રહી શકે એવું હતું, તે બધાને જવાનું

કહેવામાં આવેલું. જે ગાડીઓ લશ્કરની શોધમાં પશ્ચિમ અથવા દક્ષિણ તરફ દોડતી હતી, તેમાં હજારો માણસો રવાના થયેલાં.

એ અરસામાં રૂશિયનોના ધસારાની વાત સાંભળીને ઘણા નિરાશ માણસો ઉત્તેજિત થયેલા; અને એથી પણ વધારે બળ બ્રિટનના સાથે જોડાવાથી મળેલું. લોકોને ખાતરી હતી, કે જો બ્રિટન વિગ્રહથી અલગ રહેવાની ભૂલ કરશે, તો જર્મની સહેલાઇથી ફ્રાન્સને કચરી નાંખી શકશે. પણ જો બ્રિટિશ કાફલો જર્મનોને ઉત્તર સમુદ્રમાં આવતા અટકાવશે, અને ફ્રાન્સના કિનારા સુરક્ષિત રહેશે, તો લશ્કર દુશ્મનોને પહોંચી વળવાની આશા રાખી શકશે. તેટલા માટે, જ્યારે બુધવાર તા. ૫ મી ઑગસ્ટની સ્હવારે વર્તમાનપત્રોએ જાહેર કર્યું, કે કોલકરારોને માન અપાવવા સારૂ બ્રિટને ઇનસાફની સમશેર હાથમાં લીધી છે, ત્યારે આખા ફ્રાન્સમાં પરમ આનંદ થયેલો. "ઇંગ્લંડ આપણી સાથે છે," એ શબ્દો માણસોના પરસ્પર આવકારમાં બોલાવા માંડેલા. એ શબ્દોનો અર્થ એ હતો, કે ફ્રેંચ કાફલો ભૂમધ્ય સમુદ્રમાંથી આવી પહોંચશે, તે પહેલાં ફ્રેંચ બંદરો ઉપર તોપના ગોળા પડશે નહીં; અને જર્મન લશ્કર ફ્રેંચ કિનારા ઉપર ઉતરી શકશે નહીં.

બ્રિટન વિગ્રહમાં જે પ્રકારનો ભાગ લેનાર હતું, તેની કદાચ ફ્રેંચોને બરાબર કલ્પના નહીં હોય. એટલી તો ફ્રાન્સમાં દરેક માણસને ખબર હતી, કે આખી દુનિયામાં બ્રિટિશ કાફલો સૌથી ચડિયાતો છે, અને જો જર્મન કાફલો તેની સાથે જંગમાં ઉતરશે તો થોડા વખતમાં નાશ પામશે. પણ જેવા બ્રિટિશો હેલિગોલાંડની પડોસમાં દેખાયા, કે જર્મન વહાણો ડહાપણ વાપરીને કિયલની નહેરમાં પેસી ગયાં. તેઓ એટલાં અદૃશ્ય થયાં, કે બ્રિટિશ કાફલાને થોડાં લૂંટારૂ વહાણોના ત્રાસથી દરિયાને સાફ કર્યા પછી માત્ર ઉત્તર સમુદ્રની દેખરેખ રાખવાનું કામ કરવાનું રહ્યું, અને જ્યાં જર્મન મનવારો છુપાઇ હતી તેના દર પાસે ચોકી કરવાનું.

બ્રિટન અને ફ્રાન્સના વતનીઓનો પરસ્પર સદ્ભાવ વધતો ગયો. સેંકડો વરસથી પરસ્પર લડતા પડોસીઓ હવે એકબીજાના સદ્ગુણોની કદર કરવા લાગ્યા. ધિ "ટાઇમ્સ" માં ફ્રેંચ વિક્રમ સંબંધી એક લેખમાલા પ્રગટ થઇ, અને તેનું ફ્રેંચમાં ભાષાંતર થઇને હજારો નકલો ખપી ગઇ. એ લેખોના કર્તાએ કહેલું, કે "ફ્રેંચો ઉદાર છે, અને બીજાઓના સારા ગુણોની તારીફ કરવાને હમેશાં તૈયાર છે; પણ આપણે આપણા તરફથી કહેવું જોઇએ, કે મોટામાં મોટા પ્રયત્નો તેમણે કર્યા છે."

વેદના અને નિરાશા જેવી વસ્તુઓનું માપ કરવું મુશ્કેલ છે. આશાના થોડા દિવસો પછી છેક માર્નની લડાઇ સુધી ફ્રેંચ પ્રજાને હારનું ભૂત દેખાતું હતું, અને સર્વનાશની ધાસ્તી ધમકી આપતી હતી. ખાસ કરીને પારિસે કેટલીક ઘડીઓ બહુ વિષમ પસાર કરેલી. જિંદગી જાણે અટકી ગઇ લાગતી હતી: બધી હીલચાલ જાણે બંધ થઇ જણાતી હતી. લશ્કરને તૈયાર થવાનો હુકમ બહાર પડયો, ત્યારથી મોટર ગાડીઓ તો સેનાને સુપ્રત થઇ હતી; એટલે શેરીઓમાં એક

પણ દોડતી નહોતી. ટ્રામવે અને રેલવેની ગાડીઓ માણસોની અછતને લીધે ઓછી ચાલતી, અને રાતના નવ વાગ્યે અટકી જતી. નાટકશાળાઓ, સિનેમાઓ, અને ગમ્મતનાં સ્થાનો બંધ હતાં. પીઠાં આઠ વાગ્યે અને વીશીઓ નવ વાગ્યે બંધ કરવા હુકમ હતો. સંગ્રહસ્થાનો પણ ખુલ્લાં નહોતાં, અને તેમાંની કિંમતી વસ્તુઓ રક્ષણને માટે છેક ટલૂઝ સુધી લઇ જવામાં આવી હતી.

જ્યારે જર્મન વિમાનો પારિસ ઉપર આવતાં, અને થોડા બૉંબ ફેંકતાં, ત્યારે કોઇ ગભરાતું નહીં. ઘણા લોકો સાંજે ખાસ અનુકૂળ જગ્યાઓએ જઇને તેમની રાહ જોતા. બૉંબ નાંખતાં નાંખતાં વિમાનીઓ એવા સંદેશા પણ નાંખતા, કે "અમે થોડા વખતમાં આવીએ છીએ."

સાંજે ફરવા જનારાઓએ કેટલીક સાંજ સુધી એક વિલક્ષણ દેખાવ જોયેલો. રાત પડતી, કે પારિસની દક્ષિણથી ઉત્તર તરફ જે પહોળા રસ્તાઓ ચાલે છે, તેમાં થઇને પલટનોની હારની હાર નિકળતી. મોરોકો અને આલ્જીરિયાનાં આફ્રિકન લશ્કરો રાતેજ પારિસમાં થઇને ચાલતાં.

જોફ્રેની યોજના નિષ્ફળ નીવડે તો પારિસમાં કેદ થવું ન પડે, એ વિચારથી સરકારે બહાર જવાની તૈયારી કરી હતી; અને પ્રધાનોએ પોતાના માણસો તથા દસ્તાવેજોને બોર્દો મોકલી આપ્યા હતા. પ્રધાનો રવાના થયા, પછી બીજે દિવસે પારિસના નવા મિલિટરી ગવર્નર જનરલ ગેલિએનીએ સેના તથા વસ્તીને સંબોધીને નીચેનું જાહેરનામું બહાર પાડેલું:—

"પ્રજાકીય બચાવને નવું બળ આપવા સારૂ સરકારના અમલદારોએ પારિસ છોડી દીધું છે. ચડાઇ કરનારની સામે પારિસનો બચાવ કરવાને મને હુકમ મળ્યો છે. આ હુકમ હું છેવટ સુધી બજાવીશ."

રીપબ્લિકના પ્રેસિડન્ટની અને સૌ પ્રધાનોની સહીથી બહાર પડેલા જાહેરનામામાં નીચે પ્રમાણે શબ્દો લખેલા હતા:—

"કાયમની કે થોડા વખતની સુલેહ વગર, અટક્યા વગર અને શિથિલ થયા વગર, દેશની આબરૂની ખાતર તથા જે હકનું ઉલ્લંઘન થયેલ છે તેના બદલાની ખાતર ઉઠાવેલો પવિત્ર વિગ્રહ જારી રહેશે. મિત્ર રાજ્યોની સેનાઓનું મંત્ર એ હોવું જોઈએ, કે 'ટકી રહો અને લડ્યા કરો.' ટકી રહો અને લડ્યા કરો, દરમિયાન દરિયા ઉપર દુશ્મનના સંબંધોને તોડવામાં બ્રિટન આપણને મદદ કરશે. ચાલો આપણે સૌ આ ભવ્ય કાર્યોને ઘટે તેવા થઈએ. છેવટનો વિજય આપણે પ્રાપ્ત કરશું. આપણે તે અટલ નિશ્ચયથી, સહનશીલતાથી, અને લડ્યા રહેવાથી પ્રાપ્ત કરશું. જે પ્રજા નાશ પામવા ઇચ્છતી નથી, અને જે જીવવાની ખાતર દુ:ખથી કે ભોગ આપવાથી ખંચાતી નથી, તેને વિજયની ખાતરી છે."

પારિસ ઘણું ખાલી થઇ ગયું, પણ વસ્તી હિંમતમાં રહી. આફ્રિકન લશ્કર યોગ્ય વખતે આવી પહોંચ્યું હતું, અને લડાઇમાં સામિલ થયું હતું. કિલ્લાઓની તોપોના અવાજ સંભળાતા હતા, પણ તે પૂર્વના પવનથી ધમકાઇ આવતા પડઘા માત્ર હતા. ધીમે ધીમે લોકોની ચિંતા પરાકાષ્ઠાએ પહોંચી.

An Officer's Experiment in Dog-Traction for Machine Guns.



કૂતરાથી હંકાતી મશીન ગનનો પ્રયોગ.

Lakshmi Art, Byculla, Bombay

૧૧ મી તારીખે ખબર આવી, કે "ફ્રાંકો-બ્રિટિશ લશ્કરો માર્ન ઓળંગી ગયાં છે;" અને ૧૨ મી તારીખે જનરલ જોફરેએ પોતાની સેનાને હુકમ આપતાં જણાવ્યું, કે "છેલ્લા પાંચ દિવસથી જે લડાઇ ચાલે છે તેનો અંત ફત્તેહમાં છે." ૧૩ મી તારીખે ઓફિશ્યલ સમાચાર આવ્યા, કે "જર્મનો ફ્રાંકો-બ્રિટિશ લશ્કર આગળથી હઠતા જાય છે, અને એ લશ્કર એઇનના નીચલા પ્રવાહ સુધી પહોંચ્યું છે."

આખા ફ્રાન્સને આ ખબરથી શાંતિ થઇ; અને પારિસમાં તો સૌને ઉત્સવ જેવું લાગ્યું. પારિસ બચ્યું; પણ દુશ્મનો હજી ફ્રાન્સની ભૂમિ ઉપરજ હતા. પછી ક્રમે ક્રમે આરટોઇ, ઇસેર અને ઇપ્રની લડાઇઓ થઇ; અને પશ્ચિમ મોખરા ઉપર ફત્તેહની જર્મનોને જે આશા હશે તે ધૂળધાણી થઇ.

ખપી ગયેલા માણસોની યાદીઓ બહાર પડી નથી; પણ શહેરોમાં અને ગામડાંમાં, પારિસમાં અને પ્રાંતોમાં, શોકના પોશાકમાં મળતાં આદમીઓ ઉપરથી એમ કહી શકાય છે, કે ફ્રાન્સમાં એવું એક પણ ઘર નહીં હોય, કે જેણે કોઇક પ્રિયજનનો ભોગ ન આપેલ હોય. શરૂઆતના મહિનાઓની ગંભીરતા આવી બધી હાનિઓથી ટકી રહેલ છે, એટલુંજ નહીં, પણ લોકો ફત્તેહ મળે ત્યાં સુધી વિગ્રહને લંબાવવાને ઉત્તરોત્તર વધારે આગ્રહી થતા ગયેલ છે.

જિંદગીનો બહારનો દેખાવ પણ ફરી ગયો છે. ફેશનની ફિશિયારી અદૃશ્ય થઇ છે. ફ્રેંચ ઓરતોની સુંદરતાની લાગણી નષ્ટ થઇ નથી, પણ હવે તે સાદાઇમાં પ્રગટ થઇ છે. બધા સામાજિક ઉત્સવો બંધ પડયા છે. બધા જુવાન અને પુખ્ત વયના માણસો જ્યારે લશ્કરમાં હોય, અને જ્યારે એટલાં બધાં માતપિતાઓ, ભાઇઓ તથા બહેનો, અને પત્નીઓ તથા અદરાયેલીઓએ પોતાના પ્રિયજનને ખોયા હોય, ત્યારે આનંદ થઇ પણ શી રીતે શકે?

ખાઇઓની લડાઇ શરૂ થઇ, તે પછી લશ્કરને અવારનવાર રજા પણ મળવાની સગવડ થઇ શકેલી. પારિસમાં એક પછી એક થોડી નાટકશાળાઓ ખુલ્લી થઇ, અને સ્થિતિ કરુણ છતાં કેટલાંક ફારસો પણ ફરીને શરૂ થયાં. રજા ઉપર આવેલા અમલદારો અને સિપાઇઓએ ગમ્મતનાં સ્થાનોને ઉત્તેજન આપવા માંડયું. બ્રિટિશ લશ્કરની સાથે દુભાષિયા તરીકે કામ કરનાર એક ફ્રેંચ ગૃહસ્થે ૧૯ મહિનાની નોકરી પછી એક અઠવાડિયાની રજા લીધેલી, તેની છ રાત તેણે નાટકશાળામાં ગાળેલી, અને પોતાના કુટુંબની સાથે ગાળવા સારૂ માત્ર એક રાત રાખેલી!

એક વિમાની અમલદાર, જેને પોતાના સંચા સાથે પારિસની પાસે એક છાવણીમાં આવવું પડેલું, અને જેને બીજી સ્હવારે ઉડી જવાનું હતું, તેણે પણ પ્રસંગનો લાભ લઇને શહેરમાં રાત ગાળવાનું ઠરાવેલું!

જરા સાજા થયેલા જખમી સિપાઇઓના આનંદ માટે ખાસ ખેલોની યોજના થયેલી; અને એ પ્રવૃત્તિ ધીમે ધીમે પ્રાંતોનાં શહેરોમાં પણ ચાલવા લાગેલી.

વિગ્રહની શરૂઆતમાં, માર્ન સુધી હઠી જવું પડ્યું હતું ત્યારે, ડાકટરી વ્યવસ્થા માટે ગંભીર ચિંતા થતી હતી. લડાઈઓની ખુવારી એવી હતી, અને તોપો તથા મશીન ગનોથી માણસો એટલાં બધાં ઘવાઈ જતાં હતાં, કે મોખરા ઉપર અને પાછલા ભાગમાં એમ્બ્યુલન્સની ગોઠવણો તેને પહોંચી વળે તેવી નહોતી. પછી જ્યારે જર્મનોની હાર થઈ, અને મોખરા ઉપરનું કામ ઓછું થયું, ત્યારે વૈદકી સેવાની ઝડપથી નવી વ્યવસ્થા થયેલી. પહેલેથીજ રેડ ક્રૉસની મદદ સારી હતી. તેની શાખાઓ ફ્રાન્સનાં ન્હાનામાં ન્હાનાં શહેરોમાં હતી; અને તેમને કેટલાક વોલંટિયરોની તથા જખમીઓની સારવારમાં વધતીઓછી કેળવાયેલી બાનુઓની મદદ હતી. વિગ્રહ શરૂ થયો ત્યારથી સુમારે ૧,૬૦૦ મકાનો તેમણે ઉપયોગમાં લીધાં હતાં—ઇસ્કૂલો, કૉલેજો, નિશાળો, ન્હાની મોટી હોટેલો, અને ખાનગી ઘરો, જેમાં તેમણે થોડા દિવસમાં ૧૦૦,૦૦૦ પથારીઓની ગોઠવણ કરેલી. સામુદ્રધુનીથી પાઇરિનીઝ અને રિવિએરા સુધી ફ્રાન્સની ઓરતો જખમીઓની સેવામાં દાખલ થયેલી. ઘણી લડાઈના પ્રદેશમાં અને જે શહેરો પર તોપના ગોળા પડતા હતા ત્યાં પણ હતી; અને કેટલીકે વાત્સલ્યની સેવામાં પોતાના જાન પણ ખોયેલા.

લડાઈને લીધે નિરાધાર થયેલાં કુટુંબોનાં બાળકો માટે એક અનાથાશ્રમ ખોલવાની સૂચના એક બાઈએજ કરેલી. એ સૂચનાનો ઘણા ઉત્સાહથી સ્વીકાર થયેલો. રીપબ્લિકના પ્રમુખે, સેનેટ તથા ચેમ્બરના પ્રમુખોએ, સરકારના બધા અમલદારોએ, અને પારિસના તથા પ્રાંતોના બધા આગેવાન માણસોએ એ યોજનાને આશ્રય આપેલો: અને પાર્લમેન્ટે પણ રાજ્ય તરફથી અમુક મદદ આપવાનું નક્કી કરેલું.

"ધર્મમાતાઓ"ના સુંદર વિચારનું માન પણ સ્ત્રીઓનેજ ઘટે છે. મોખરા ઉપર લડનાર સિપાઈઓમાં કેટલાક એવા હતા, કે જેમને કુટુંબો નહોતાં: અને બીજા એવા હતા, કે જેમને તેમના પ્રાંતો પર ચડાઈ થવાને લીધે કુટુંબની કશી ખબર મળતી નહોતી. કેટલીક ઉદાર બાનુઓ આવા સિપાઈઓની "ધર્મમાતાઓ" થયેલી; અને તેમને ન્હાની ન્હાની ભેટો મોકલવા લાગેલી. આ યોજનાનું ઇંગ્લંડમાં પણ અનુકરણ થયેલું છે.

પ્રાંતોમાં અને ન્હાનાં શહેરોમાં બાખરી બનાવવાનું કઠણ કામ પણ સ્ત્રીઓએ ઉપાડી લીધેલું. સત્તર વરસની એક છોકરીએ ભઠ્ઠી ઉપર પોતાના બાપ અને ભાઈની જગ્યા લઈને અમુક આખા વિભાગને બાખરી પૂરી પાડેલી. પ્રેસિડેન્ટ પ્વાંકારે એ છોકરીને લખેલો એક કાગળ તમામ વર્તમાનપત્રોમાં પ્રગટ થયેલો. બીજી એક સોળ વરસની છોકરીએ એકલાં ૫૦ એકર જમીન ખેડેલી, વાવેતર કરેલું, અને પાક પણ ઉતારેલો.

ઉપલી થોડી દષ્ટાંતોથી જણાશે, કે ફ્રાન્સે આ પ્રસંગે અસાધારણ ધૈર્ય અને વીરત્વ બતાવેલ છે. દઢતા અને સ્વાર્પણમાં તેની જોડી જડવી મુશ્કેલ છે. આપણા દેશને આવી વાતોમાંથી ઘણું શીખવાનું છે. અફસોસની વાત એટલી છે, કે પ્રતનજ દહ આપણે તો પ્રાપ્ત કરવાનું છે.

લડાઇના તાર.

—:o:—

<u>હેમ્પશાયરનો નાશ.</u>

લંડન, ૧૦ મી જૂન.

ઑર્કનીથી આબર્ડીન આવેલાં વહાણો પરના માણસો જણાવે છે, કે લૉર્ડ કિચનર સોમવારે સાંઝે સાત વાગ્યે સ્કૉટલંડની ઉત્તરમાંથી રવાના થયો હતો. ટાપુઓના ખડકવાળા કિનારા ઉપર પવન ફૂંકતો હતો. અકસ્માત સાંઝે આઠ વાગ્યે બનેલો, અને એક ચોકીદાર વહાણે એક કલાક પછી રિપોર્ટ કરેલો, કે તેણે તે લડાયક વહાણમાં આગ લાગેલી દીઠી હતી. વીસેક મિનિટમાં તે ડુબી ગયેલું. આગ દીઠા પછી કિનારા પરના લોકોએ ચાર હોડીઓ પણ ઉતારેલી જોયેલી, પણ તે ખડકો સાથે અથડાઇને નાશ પામેલી. બચેલા બાર માણસોવાળો એક તરાપો પાછળથી હાથ લાગ્યો છે. નાશ સુરંગથીજ થયેલો એમ હવે માનવામાં આવે છે.

<u>રુશિયન વિક્રમ.</u>

પિત્રોગ્રેડ, ૧૦ મી જૂન.

રુશિયનો ઑસ્ટ્રિયનોની પાછળ પડ્યા છે. તાર્નોપલ પાસેની ટેકરીઓ માટે સખત લડાઇ થઇ છે. સ્ટ્રિપાના પૂર્વ કિનારા ઉપર એક મજબૂત સ્થાનક આપણા હાથમાં આવ્યું છે. લુકઝાકસનો આપણે કબજો લીધો છે. ૧,૨૪૦ અમલદારો, ૭૧,૦૦૦ માણસો, ૯૪ તોપો અને ૧૬૭ મશીન ગનો આપણા હાથમાં પડેલ છે. ત્રેબિઝોંડની પશ્ચિમે તુર્કોએ સજડ હાર ખાધી છે. ૧૦૦ માઇલ સુધીમાં ઑસ્ટ્રિયન લાઇન ભેદાઇ છે. સ્ટિર અને સ્ટ્રિપા ઉપર ૧૯૧૫ના સપ્ટેંબર પછી જે ઝમીન ખોવાઇ હતી તે બધી પાછી રુશિયનોએ મેળવી લીધી છે.

<u>વર્ડુનમાં જર્મનીને નુકસાન.</u>

પારિસ, ૧૨ મી જૂન.

વર્ડુનમાં જર્મનીએ આપેલા ભોગની સંખ્યા હવે લગભગ દસ લાખની થઇ છે, એમ જણાવવામાં આવે છે.

<u>રૂમાનિયામાં ચળવળ.</u>

લંડન, ૧૩ મી જૂન.

ઑસ્ટ્રો-હંગેરિયન એલચી એકાએક બુખારેસ્ટ છોડી ગયો છે. તે રજા ઉપર ગયો કહેવાય છે. આખા દેશમાં લોકો ઉશ્કેરાયેલા છે. બલ્ગેરિયાએ સરહદ બંધ કરી છે, કે જેથી લશ્કરની હીલચાલ ગુપ્ત રહી શકે.

<u>કરમાનમાં બ્રિટિશ લશ્કર.</u>

લંડન, ૧૪ મી જૂન.

તેહેરાનથી ખબર આવે છે, કે સર પર્સી સાઇકની ટુકડીએ ૧૨ મી જૂને કરમાનમાં પ્રવેશ કર્યો છે, અને તેને સારો આવકાર મળ્યો છે.

મિ. એસ્ક્વિથનું ભાષણ.

લંડન, ૧૪ મી જૂન.

આજે લેડીએક આગળ ભાષણ કરતાં મિ. એસ્કિવથે લૉર્ડ કિચનરની અસાધારણ દેશ-સેવાની તારીફ કરી છે. વધારામાં તેણે જણાવ્યું, કે વર્તમાન સ્થિતિ ઉત્તેજક છે. રુશિયન ધસારો પરમ કીર્તિપ્રદ છે. ઇટાલિયનો ઑસ્ટ્રિયનો સામે સારો ટકાવ કરી રહ્યા છે, અને દિન પ્રતિદિન વધારે પ્રબળ થતા જાય છે. વર્ડુન પાસે ફ્રેંચોએ જે વીરત્વ બતાવ્યું છે તે સર્વોપરિ છે. મિત્ર રાજ્યોનો સહકાર વધારે પૂર્ણ થતો જાય છે.

રુશિયન ધસારો.

પિત્રુગ્રેડ, ૧૫ મી જૂન.

આખા મોખરા ઉપર રુશિયનો ઑસ્ટ્રિયનોને રૂમાનિયન સરહદ તરફ હઠાવતા જાય છે. ઝેરનોવિટ્ઝના પૂલકિલ્લા માટે મારામારી ચાલુ છે. ડબનો ઉપરાંત તેની પશ્ચિમમાં અને નૈર્ઋત્યમાં કેટલાંક ગામડાં રુશિયનોએ પડાવ્યાં છે. દુશ્મનનો ગભરાટ એટલો બધો છે, કે એક ન્હાના પ્રદેશમાં ૧૭,૬૧૮ કેદીઓ અને ૨૯ તોપો પકડાયેલ છે. સામાન એટલો બધો મળ્યો છે, કે તેની હજી યાદી થઈ શકી નથી. કોવેલની દિશામાં ધસારો ચાલુ છે, અને એ સ્થળ થોડા વખતમાં જિતાશે, એવી વકી છે.

ઇટાલિયન મોખરો.

રોમ, ૧૫ મી જૂન.

સોમવારે સાંઝે પોસિના મોખરા ઉપર ઑસ્ટ્રિયન હુમલા ઘણા નુકસાન સાથે હઠાવવામાં આવેલ છે. એડિજેથી બ્રેન્ટા સુધી મંગળવારે દુશ્મને તોપના ગોળા ફેંકયા છે; અને તેને બરાબર જવાબ આપવામાં આવેલ છે. ઉપલી બોઇટે ઉપર ઇટાલિયનોએ જિતેલાં મથકો પાછાં લેવાના પ્રયાસો વ્યર્થ નીવડ્યા છે.

બાલ્ટિકમાં યુદ્ધ.

પિત્રુગ્રેડ, ૧૫ મી જૂન.

૧૩ મી તારીખે રાત્રે આપણી ટોર્પીડો હોડીઓએ જર્મન વહાણો ઉપર હુમલો કર્યો છે. જર્મનીનાં ૧૩ વેપારી વહાણ હતાં, અને તેમના રક્ષણ માટે ત્રણ વિનાશક વહાણો અને એક ક્રુઝર સાથે ચાલતાં હતાં. રુશિયન સબમરીનો અને વિનાશકોએ બે રક્ષક વહાણોને તથા એક ક્રુઝરને ડુબાવેલ છે, અને ખલાસીઓને કેદ કરેલ છે.

નિવેદન.

આજના અંકની સાથે ફતરાથી દોરાતી મશીન ગનના સફળ પ્રયોગનો એક ફોટોગ્રાફ અમે અમારા વાંચનારાઓને ભેટ આપીએ છીએ.

જામનગર સરકારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૨૭ મી જૂન, ૧૯૧૬. [અંક ૩૦.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વેહેંચાતું
સાપ્તાહિક પત્ર.

મંગળવાર, ૨૭ મી જૂન ૧૯૧૬.

જર્મનીના અપરાધો.

"ખુદાકા બાદશાહ કહું તુઝકો, અય સનમ!
ઇકરાર કરકે કિયા ઓર ઇન્કાર ફિર મુકર ગયા!"

અર્થ:—"હે મૂર્તિ! તને તો હું ખુદાઓનો રાજા કહીશ, કારણકે કબૂલ કરીને તરત તું નાકબૂલ કરે છે."

વ્યક્તિઓ તેમજ પ્રજાઓ પોતાનાં વચન પાળવાને બંધાયલી છે. બે વાર, ૧૮૩૯માં અને ૧૮૭૦માં, પ્રશિયાએ બેલ્જિયમની તટસ્થતા જાળવવાનીજ નહીં પણ તે રક્ષિત સુદ્ધાં કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. જ્યારે જર્મન ચાન્સેલરે "કાગળનો ટુકડો" કહીને એ પ્રતિજ્ઞાની છેક અવગણના કરી, ત્યારેજ દુનિયાએ જાણ્યું, કે જર્મની એક સુધરેલો દેશ નથી, પણ જંગલી છે.

"જિન દિલ કિમારખાનેમેં બુતસે લગા ચુકે,
વોહ કાબતૈન છોડકે કાબેકો જા ચુકે!"

અર્થ:—"જેમણે પોતાનું હૃદય જુગારખાનામાં પ્રિય મૂર્તિને અર્પણ કરેલ છે, તેઓ બે કાબા (જુગાર રમવાના બે પાસા અથવા પગની બે ઘૂંટી) નો ત્યાગ કરીને એક કાબાની પાસે જઈ રહ્યા!"

છતાં ત્યારે પણ જર્મન જંગલીપણું પૂરેપૂરું પ્રગટ થએલું નહીં. વધારે ક્રૂરતા તો પાછળથી પ્રગટ થવાની હતી. માનુષી કે દૈવી કોઈ પણ કાયદાની જર્મનોને દરકાર નથી, અને માત્ર પોતાના રાજ્યકર્તાઓના હુકમની દરકાર છે, એમ તો પાછળથી જણાઈ આવ્યું.

"મગરૂર હૈ, ગફલત હૈ, દીવાનગી હૈ:
નતીજા હર તરહ ઉનકી હાલત બુરી હૈ!"

અર્થ:—"અભિમાન છે, બેભાની છે, ગાંડપણ છે: મતલબ કે દરેક રીતે તેઓની સ્થિતિ બૂરી છે."

બેલ્જિયમ ઉપરની ચડાઇમાં, ફ્રાન્સ ઉપરની ચડાઇમાં, દરિયા ઉપર, હવામાં, અને મોખરા ઉપર જર્મનોએ જે અપરાધો કર્યા છે, તે અત્યાર સુધીમાં સાબિત થઇ ચૂકેલ છે. સર્વાંગે એટલું ફલિત થાય છે, કે જર્મનીના રાજ્યકર્તાઓને અને વસ્તીના મોટા ભાગને આપેલાં વચન પાળવાની લેશ માત્ર દરકાર નથી, સ્થાપિત સિદ્ધાંતોની પરવા નથી, અને ક્રિશ્ચિયન ધર્મની કશી ગણના નથી. જાણીબૂજીને તેમણે તમામ અપરાધ કર્યા છે. અમે આ પ્રસંગે પુરાવા રજુ કરશું, કે જેથી એ વિષયમાં કોઇને શંકા રહેવા પામે નહીં.

સૌથી પ્રબળ પુરાવો જર્મનીના દુશ્મનો તરફથી નહીં, પણ જર્મનીના પોતાના તરફથી મળે છે; અને તેનું ફ્રેંચ, બ્રિટિશ તથા બેલ્જિયન સરકારોએ નીમેલી અદાલતોએ તપાસેલા બીજા પુરાવાથી સમર્થન થાય છે.

એક કમિશન વગરના જર્મન અમલદારની નોટબુકમાં નીચે પ્રમાણે લખેલું મળી આવેલ છે:—

"૧૫મી ઑક્ટોબર, ૧૯૧૪.—બિલીમાંથી બિનલડાયક વસ્તીને તો બહારજ હાંકી કાઢી હતી, અને ફેરવી શકાય તેવી બધી વસ્તુઓ કાંતો લઇ જવામાં અથવા નિરુપયોગી બનાવવામાં આવી હતી. આ પ્રમાણે લડાઇ ચલાવવી એ ચોખ્ખું જંગલીપણું છે. આપણે રુશિયનોને તેમના વર્તન માટે ઠપકો આપીએ, તેથી મને આશ્ચર્ય થાય છે—ફ્રાન્સમાં આપણું પોતાનું વર્તન તેથી વધારે ખરાબ છે. વારંવાર અને ગમે તે બહાનાથી બાળી મૂકવાનું અને લૂટનું કામ ચાલે છે. પણ ઈશ્વર ન્યાયી છે અને બધું જુએ છે. ઈશ્વરની ચક્કીઓ ધીમે ધીમે દળે છે, પણ તે અતિશય ઝીણું દળે છે."

બેલ્જિયન તટસ્થતાનું ઉલ્લંઘન બાજુએ રાખીને આપણે જર્મનીએ કરેલી બીજી પ્રતિજ્ઞાઓ તરફ દૃષ્ટિ કરીએ, કે જે પ્રતિજ્ઞાઓ તેણે દુનિયાનાં બીજાં સુધરેલાં અને સ્વતંત્ર રાજ્યોની સાથે લીધેલી છે, અને જે હેગની સમિતિઓમાં નોંધાયેલી છે.

"પ્રજાઓ વચ્ચેનો કાયદો" એ પદ આપણે વારંવાર સાંભળીએ છીએ, પણ તેનો અર્થ અસ્પષ્ટ છે. પ્રજાઓ વચ્ચેના કાયદાનો એવો કોઇ પણ "કોડ" નથી, કે જેને આપણે આંગળી ચીંધી શકીએ. રિવાજો ધીમે ધીમે બંધાઇ ગયા છે, અને પ્રસંગોપાત્ત કોલકરારોમાં લખાયેલા છે, કે જે પ્રમાણે સૌ વર્તે છે. છૂટી છૂટી પ્રજાઓએ પરસ્પરના સંબંધમાં અમુક નિયમો પ્રમાણે વર્તવાની પણ પ્રતિજ્ઞાઓ લીધેલી છે; છતાં આ રિવાજો અને કોલકરારો પ્રમાણે વર્તવાની સૌને ફરજ પડે, એવું કશું બહારનું બંધન નથી.

"અમન આલમમેં કાયમ હો, ખલલ આએ ન સિહ્હતમેં :
યેહ્ હય મકસદ મઝહબકા, શરીઅત ઇસકો કહતે હ્યં!"

અર્થ:—"દુનિયામાં શાંતિ પથરાય, અને આરોગ્યને હાનિ ન પહોંચે: એજ ધર્મનો હેતુ છે, અને એનેજ ધર્મનું ધોરણ કહે છે."

હેગ સમિતિઓની સ્થાપના એટલા માટે કરવામાં આવી હતી, કે બધાં સુધરેલાં રાજ્યો પરસ્પર વ્યવહારમાં અમુક નિયમોને અનુસરવાની પ્રતિજ્ઞા લે. તેમાં બે ખાસ ઉદ્દેશો હતા: એક એ, કે પ્રજાઓ વચ્ચેના કજિયાનું લડાઇ વગર સમાધાન થાય; અને બીજો એ, કે કદાચ લડાઇ થાય તોપણ લડનાર પક્ષોને તથા તટસ્થોને તેથી ઓછામાં ઓછું નુકસાન થાય.

આ કરારો ઉપર જૂદાં જૂદાં રાજ્યોના પ્રતિનિધિઓએ સહી કરેલી છે, અને તે પ્રમાણે ચાલવાને સૌ બંધાયેલા છે; જોકે કોઇ ન ચાલે, તો તેને શાસન કરવાની કશી વ્યવસ્થા નથી.

સ્પષ્ટ નિયમોના સામાન્ય સ્વીકારના દાખલા તરીકે ૧૮૫૬ની પારિસની જાહેરાતને બતાવી શકાય, કે જેની અંદર દરિયાઇ લડાઇને લગતા કેટલાક સવાલોનું નિરાકરણ કરવામાં આવેલું; અને ૧૮૬૪ની જિનીવાની સમિતિને, કે જેની અંદર બિમાર અને જખમીઓ સંબંધી અમુક નિયમોનો સ્વીકાર થયેલો. પણ રૂશિયાના ઝારે ૧૮૯૯માં પહેલી હેગ સમિતિ મેળવી, ત્યાં સુધીમાં દુનિયાનાં આગેવાન રાજ્યોમાં પણ બધાંએ એ નિયમોનો સ્વીકાર કરેલો નહીં.

એ સમિતિમાં લશ્કરોને ઓછાં કરીને તથા કજિયાનું સમાધાન પંચોને સોંપવાનું ઠરાવીને વિગ્રહની ધાસ્તી ઓછી કરવાનો યત્ન થયેલો, તથા લડાઇ ચાલે ત્યારે દયાળુ પદ્ધતિઓ વાપરવાનો. એ સમિતિમાં ૨૬ સ્વતંત્ર રાજ્યોના પ્રતિનિધિઓ હાજર હતા. તે વખતે સ્થાપિત થયેલા નિયમોનું રૂસો-જાપાની અને દક્ષિણ આફ્રિકન વિગ્રહોમાં લડતા પક્ષોએ અનુસરણ કર્યું છે.

"દો બડે મક્કાર ઇસ મજલિસમેં આએ નાગહાન:
એક ઉનમેં ચોર ઝાહિર એક ઝાહિર પાસબાન!"

અર્થ:—"એ સભામાં અચાનક બે મહા પ્રપંચી આવી ચડ્યા, જેમાંના એકનો દેખાવ ચોરનો અને બીજાનો દેખાવ ચોકીવાળાનો હતો."

૧૯૦૭માં બીજી હેગ સમિતિ થઇ, તેમાં ૪૪ સ્વતંત્ર રાજ્યોના પ્રતિનિધિઓ હાજર હતા; અને પહેલી સમિતિના નિયમોનો વિસ્તાર કરીને તેની ચૌદ કલમ કરવામાં આવેલી. નિકારાગુઆ સિવાય તમામ રાજ્યોના પ્રતિનિધિઓએ તે પર સહી કરેલી; અને એ રાજ્યોની સરકારોએ તે મંજૂર રાખેલી. જર્મની, રૂશિયા, ફ્રાન્સ, ઇટલી, ગ્રેટ બ્રિટન, બેલ્જિયમ, અને જાપાન એ સૌએ કરાર કબૂલ કરેલા; તુર્કી અને બલ્ગેરિયાએ નહીં.

કરારોમાં એવું સામાન્ય રીતે લખેલું હતું, કે લડતા બધા પક્ષોની સંમતિ હશે તોજ તેમનું અનુસરણ આવશ્યક ગણાશે. તુર્કીની શામિલગિરીનું બહાનું બનાવીને એ નિયમોનું અનુસરણ આવશ્યક નથી, એમ પાછળથી જર્મનીએ જણાવ્યું છે.

૧૯૦૭ની સમિતિની પાંચમી કલમ જમીન ઉપર લડાઇ થાય ત્યારે તટસ્થોના હકો અને ધર્મો સંબંધી છે. તેની બીજી પેટાકલમમાં લખેલું છે, કે લડનાર પક્ષોએ લશ્કર કે લશ્કરી

સામાન તટસ્થ રાજ્યના મુલકમાં થઇને લઇ જવાં નહીં. પેટાકલમ પાંચમીમાં લખ્યું છે, કે તટસ્થ રાજ્યે બીજી પેટાકલમમાં દર્શાવેલી બાબતો પોતાના મુલકમાં થવા દેવી નહીં. પેટાકલમ દસમીમાં જણાવ્યું છે, કે કોઇ પણ તટસ્થ રાજ્ય પોતાની તટસ્થતાનો ભંગ અટકાવવા સારૂ હથિયાર ઉપાડશે, તો તે પણ અનુચિત ગણાશે નહીં.

તેટલા માટે બેલ્જિયમે જર્મન લશ્કરને પોતાના મુલકમાં ચાલતું અટકાવવા સારૂ હથિયાર ઉપાડ્યાં, તેમાં તેનો હક હતો, એટલુંજ નહીં, પણ તેમાં તો તેણે પોતાની ફરજ અદા કરી છે. આમ છતાં, પેટાકલમ ૧૦ ની અવગણના કરીને જર્મનીએ તેને દુશ્મન ગણેલ છે, અને તેની સાથે લડાઇ કરી છે.

"નહીં વોહ કૌલકા સચ્ચા ગર ઉસને કૌલ દે દે કર—
ગર ઉસને હાથ મેરે હાથ પર મારા તો ક્યા મારા!"

અર્થ:—"તે વચનનો સાચો નથી: કદી તેણે વચન આપી આપીને મારા હાથ પર હાથ માર્યો, તેથી શું થયું?"

તટસ્થ મુલકનું ઉલ્લંઘન કર્યું, એ પહેલો અપરાધ હતો. તે પછી બેલ્જિયમને દુશ્મન ગણીને તેના તરફ જે વર્તન ચલાવ્યું, તે બીજો અપરાધ થયો. પણ આ બે અપરાધો તો જર્મનીની અપરાધપરંપરાના પ્રારંભ માત્ર હતા.

૧૯૦૭ ની સમિતિની ચોથી કલમ ઝમીન ઉપરની લડાઇને લગતા કાયદા અને રિવાજોની છે. તેની પૂરવણીમાં કેટલાક નિયમો આપેલા છે. નિયમોની ૨૩ મી પેટાકલમમાં એવું લખેલું છે, કે સામા પક્ષની પ્રજાને તેના પોતાના દેશની સામે લડાઇમાં ઉતારવાની મના કરવામાં આવે છે; તેમજ જે માણસ હથિયાર છોડીને શરણે આવ્યો હોય, તેને મારી નાંખવાની અથવા જખમી કરવાની મના છે; અને લડાઇના કામ માટે આવશ્યક હોય, તે સિવાય દુશ્મનની મિલકતને ઝૂંટવી લેવાની અગર તેનો નાશ કરવાની મના છે.

૨૫ મી પેટાકલમમાં અરક્ષિત શહેરો, ગામડાં, અને મકાનો પર ગોળા છોડવાની મના કરી છે. ૪૬ મી પેટાકલમમાં આગ્રહ પૂર્વક જણાવ્યું છે, કે કુટુંબની આબરૂ, કુટુંબના હકો, વ્યક્તિનું જીવન, અને ખાનગી મિલકત—એમની રક્ષા થવી જોઇએ. ૪૯ મી પેટાકલમમાં એવું લખ્યું છે, કે દુશ્મનના મુલકનો કબજો લેવાયો હોય, ત્યારે જો કબજો લેનાર નાણાં ઉઘરાવે, તો તેનો ઉપયોગ માત્ર લશ્કરની જરૂરોને માટે અથવા મુલકનો કારભાર ચલાવવામાં થવો જોઇએ. ૫૦ મી પેટાકલમમાં જણાવ્યું છે, કે છૂટાછવાયા માણસોનાં કૃત્યોની ખાતર આખી વસ્તીને નાણાંની રકમ આપવાની કે એવી કોઇ સર્વસામાન્ય સજા કરવી જોઇએ નહીં.

૫૨ મી પેટાકલમમાં કહ્યું છે, કે કબજો લેનાર લશ્કરની જરૂરો માટે જે જોઇએ તે સિવાય, સ્થાનિક અધિકારીઓ અથવા વસ્તીની પાસેથી માલ કે નોકરી માગવી જોઇએ નહીં. માગણી દેશનાં સાધનોના પ્રમાણમાં કરવી જોઇએ. માલ લેવામાં આવે તો બનતાં સુધી તરત તેનાં

ઇટાલિયન મોખરો.

લંડન, ૧૮મી જૂન.

ઍસિઆગોની નૈઋત્યમાં આપણી લાઇન ભેદવાને દુશ્મને પ્રબળ પ્રયત્નો કર્યા છે, જે બધા ઘણા નુકસાન સાથે પાછા હઠાવવામાં આવેલ છે. ફ્રેન્ઝેલા અને માર્કેસિના નદીઓ વચ્ચે આપણું પાયદળ આગળ ધસતું જાય છે, જોકે મુલક જંગલી છે, તથા દુશ્મનની તોપોનો મારો જબ્બર છે. ઇટાલિયન મોખરા ઉપરથી દુશ્મનો કશું લશ્કર બીજે મોકલી શકયા નથી; અને હુમલો વધતો જશે, ત્યારે તેમ કરવાનું વધારે મુશ્કેલ થશે.

ઇટાલિયન પ્રધાનમંડળ.

રોમ, ૧૯મી જૂન.

ઇટલીમાં બધા પક્ષોનું નવું સંયુક્ત પ્રધાનમંડળ નિમાયું છે. સેન્યોર બોસેલ્લી મુખ્ય પ્રધાન થયો છે. બેરન સોનિનો પરદેશખાતાના પ્રધાન તરીકે કાયમ રહ્યો છે. સેન્યોર કૅલોરિંગો અને જનરલ મોરોન અનુક્રમે સંસ્થાનોના અને વિગ્રહખાતાના મંત્રીઓ નિમાયા છે.

હિંડનબર્ગની હાર.

પારિસ, ૨૧મી જૂન.

સ્મૉર્ગોનની દક્ષિણે જનરલ વૉન હિંડનબર્ગના લશ્કરે સજ્જડ હાર ખાધી છે, એમ જણાવવામાં આવે છે. ડ્વિના ઉપરના તેના મોખરા ઉપર મુખ્ય મુખ્ય ઠેકાણે રૂશિયનો તોપના ગોળા ફેંકી રહ્યા છે.

ગ્રીક પ્રધાનમંડળનું રાજીનામું.

ઍથન્સ, ૨૧મી જૂન.

ગ્રીક પ્રધાનમંડળે રાજીનામું આપ્યું છે, અને રાજાએ મિ. ઝાઇમિસને બોલાવેલ છે. એમ મનાય છે કે સ્કૉલોડિસ મંડળના કોઇ મેંબરો ઝાઇમિસના મંડળમાં ભળશે નહીં. ઝાઇમિસ મિત્ર રાજ્યોનો પક્ષકાર ગણાય છે. તે ત્રણ વાર મુખ્ય પ્રધાન થયેલ છે; અને ગ્રીસની નેશનલ બેંકની તેણે બહુ સારી વ્યવસ્થા કરી કહેવાય છે.

વર્ડુનની લડાઇ.

પારિસ, ૨૨મી જૂન.

મ્યુઝની ડાબી બાજુએ મોર્ટહોમની દક્ષિણમાં આપણે તા. ૧૫મીએ પકડેલી ખાઇઓ પાછી લેવાને દુશ્મને કરેલા હુમલા નિષ્ફળ ગયા છે. જમણી બાજુએ નં. ૩૨૦ની ટેકરીના પ્રદેશમાં આખો દિવસ ગોળા ફેંકયા પછી જર્મનોએ વૉક્ષ કિલ્લાની પશ્ચિમ અને દક્ષિણમાં બે વાર હુમલો કર્યા હતા; પણ તેમાં તેઓ ફાવ્યા નથી.

લંડનમાં સરકારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૪ થી જુલાઇ, ૧૯૧૬. [અંક ૩૧.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વ્હેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૪ થી જુલાઇ ૧૯૧૬.

જર્મનીના અપરાધો.

(ગયા અંકથી ચાલુ.)

આગસ્ટની ૨૫ મી તારીખે એજ બ્યુલોએ નામૂરમાં કાઢેલા જાહેનામામાં નીચેનાં વાકયો જોવામાં આવે છે:—

"આજના ચાર વાગ્યા પહેલા બેલ્જિયન અને ફ્રેંચ સિપાઇઓને વિગ્રહના કેદી તરીકે તુરંગ આગળ રજુ કરવા. જે શહેરીઓ આ હુકમને તાબે થશે નહીં, તેમને જર્મનીમાં જીવિત પર્યંત સખ્ત મજુરી સાથે કેદની સઝા કરવામાં આવશે. જર્મન ચોકીદારો હરેક શેરીનો કબજો લેશે, અને હરેક શેરીમાંથી દસ માણસને સાનમાં લઇને તેમના પર નઝર રાખશે. જો શેરીમાં કંઇ પણ તોફાન થશે, તો દસ સાનમાં લીધેલા માણસોને ગોળીએ દેવામાં આવશે."

એ જોવાનું છે, કે ઝિંદગી સુધી સખ્ત મજુરીની સઝા ફ્રેંચ અથવા બેલ્જિયન સિપાઇઓને છુપાવવા સારૂ નહીં, પણ તેમને ન ફસાવવા માટે થવાની હતી! અને જે તોફાનોમાં સાનમાં લીધેલા માણસો ભાગ લઇ શકે એમ નહોતું, તેનેજ સારૂ તેમને ગોળીએ દેવાના હતા!

હવે જુઓ લેફ્ટેનંટ જનરલ નીબરે ઑગસ્ટની ૨૭ મી તારીખે વેવરના બર્ગોમાસ્ટરને લખેલો કાગળ:—

"૧૯૧૪ ના ઑગસ્ટની ૨૨ મી તારીખે જનરલ બ્યુલોએ વેવર શહેરને ફરમાવ્યું છે, કે સપ્ટેંબરની ૧ લી તારીખ સુધીમાં ૧,૨૦,૦૦૦ પૌંડ ભરી આપવા; કે જેથી પ્રજાઓના હક તથા લડાઇના રિવાજો વિરુદ્ધ જર્મન લશ્કર ઉપર ઓચિંતો હુમલો કરીને તેમણે જે દુષ્ટતા બતાવી છે, તેનું પ્રાયશ્ચિત્ત થાય. જો આપેલી મુદતમાં નાણાંનું ભરણું નહીં કરવામાં આવે, તો કશા પ્રધ્ધ ભેદ વગર વેવર શહેરનો આગ લગાડીને નાશ કરવામાં આવશે, અને અપરાધીની સાથે નિર્દોષને પણ સહન કરવું પડશે."

વેવરના કોઇ પણ રહેવાસીએ જર્મનો ઉપર ગોળીબહાર કર્યો, એમ સાબિત કરવાને કશો પુરાવો આપવામાં આવેલો નહીં. બેશક એક જર્મન સિપાઇને ગોળી લાગેલી ખરી, પણ

તે તો જર્મન ગોળી હતી. એક જર્મને બીજા જર્મનને ગોળી મારી, તે માટે વેવર શહેરના ઉપર ૧,૨૦,૦૦૦ પૈંડનો દંડ; અને દસ દિવસમાં રકમ ભરી ન આપે, તો શહેરના નાશની સજા!

હવે આપણે અરક્ષિત શહેરો ઉપર ગોળા ન ફેંકવાની, અને દેવાલયો, દવાખાનાંઓ વગેરેને બચાવવાની ફરજ જર્મનીએ શી રીતે અદા કરી છે, તે જોઇએ.

એટલું ખરૂં, કે એવી ઇમારતોનો નાશ કરવાને ગોલ્ટ્ઝે કે બ્યૂલોએ જાહેરનામાં કાઢેલાં નહીં; પણ લૂવાંનો એક દાખલો એટલું બતાવવાને બસ છે, કે એવા નાશને સર્વોપરિ અધિકારની સંમતિ મળેલી.

૧૯૧૪ ના ઑગસ્ટની ૨૬ મી તારીખે લૂવાંનો કબજો એક જર્મન ટુકડીના હાથમાં હતો. આન્ટવર્પ ઉપર ધસતાં જર્મન લશ્કરોને એક હાર ખમવી પડી હતી, અને તેઓ લૂવાં તરફ પાછાં વળતાં હતાં. સાંઝે એવી અફવા ચાલેલી, કે બેલ્જિયન લશ્કર શહેર ઉપર હુમલો કરે છે. અવ્યવસ્થામાં જર્મનો એકબીજા ઉપર ઘા કરવા લાગ્યા; અને તેમના મનમાં એવો વિચાર ભરાઇ ગયો, કે સિવિલિયન વસ્તી ઘા કરે છે. લોકોએ તો પોતાનાં હથિયારો જીવનારાઓને સોંપી દીધાં હતાં, એટલે એ બને તેવું નહોતું: જોકે એ સંભવિત છે, કે છૂટેછવાયે સ્થળે કોઇ કોઇએ હથિયારો છુપાવ્યાં હશે.

પરિણામ એ આવ્યું, કે કેટલાક કલાકો સુધી લૂવાં ઉપર ગોળા પડ્યા; અને પછી જાણી-બૂજીને શહેરને આગ લગાડવામાં આવી. સેન્ટ પીટરનું દેવાલય, યુનિવર્સિટીનાં મકાનો, અને યુનિવર્સિટીની લાઇબ્રેરીનો નાશ થયો. જાણીબૂજીને નાશ કરવામાં આવેલો ન ગણીએ, તોપણ એટલું તો ચોકસ છે, કે તેમને બચાવવાને કશો યત્ન કરવામાં આવેલો નહીં.

જવાબદાર અધિકારીના હુકમ વગર તોપના ગોળા છૂટી શકયા ન હોત. જર્મનીએ આ પ્રમાણે હેગ સમિતિમાં પોતે કરેલી પ્રતિજ્ઞા તોડી છે. બહાનું માત્ર એ અપાયું છે, કે એક અથવા વધારે સિવિલિયનોએ જર્મન સિપાઇઓ ઉપર ઘા કરેલા. એ વાત સાબિત થયેલી નથી, પણ માની લેવામાં આવેલ છે. અને કદાચ અમુક અંશે એ વાત સાચી હોય, તોપણ આખી વસ્તી ઉપર જવાબદારી સાબિત થાય, એટલે અંશે તે સાચી હોવાનો સંભવ નથી.

ઇંગ્લંડ ઉપર ઝેપ્પેલિનોએ હુમલા કરેલા, તેથી એવું ફલિત થાય છે, કે તેમના વિચાર પ્રમાણે ઇંગ્લંડમાં કોઇ પણ અરક્ષિત શહેર કે ગામડું નથી, અને તેટલા માટે ગમે તે શહેર કે ગામડા ઉપર વાજબી રીતે બૉંબ નાંખી શકાય. અથવા તેઓ એવી દલીલ કરી શકે, કે દરેક શહેર અથવા ગામડું દારૂગોળો બનાવવાને અગર છાવણી તરીકે વાપરી શકાય; અને તેટલા વાસ્તે તેનો નાશ પણ થઇ શકે.

સમિતિની નવમી કલમમાં દરિયાઇ લશ્કર ગોળા ફેંકે તેનું વિવેચન છે. ૧ લી પેરા-કલમ અરક્ષિત બંદરો, શહેરો, ગામડાં, વગેરે પર ગોળા ફેંકવાની મના કરે છે; પણ ૨ જી

પેટાકલમમાં કેટલાક અપવાદો આપ્યા છે, જેમકે લશ્કરી મકાનો, દારૂગોળા અને હથિયારોનાં સંગ્રહસ્થાનો, વગેરે.

સમિતિની ચોથી કલમની ૨૮ મી પેટાકલમમાં લખ્યું છે, કે જ્યારે કોઇ શહેર અથવા સ્થાન છાપો મારીને લેવામાં આવે, ત્યારે પણ તેને લૂટી લેવાની મના છે.

છાપો મારીને શહેર લેવામાં આવે ત્યારે સિપાઇઓને લૂટ કરતાં અટકાવવામાં હમેશાં મુશ્કેલી નડે છે. જ્યારે બ્રિટિશોએ બાડાજોઝ અને કયૂડાડ રૉડ્રિગો છાપો મારીને લીધેલાં, ત્યારે સિપાઇઓ હાથમાં રહેલા નહીં. પણ ઘણાખરા મજબૂત સેનાપતિઓ લૂટને અટકાવતા આવ્યા છે; અને જેમણે જાણીબૂજીને તેની રજા આપી હોય છે. તેઓ શતકો સુધી કલંકિત ગણાયા કર્યા છે.

ચોથી કલમની ૨૩ મી પેટાકલમમાં ઝેર અથવા ઝેરી હથિયાર વાપરવાની અને નિરર્થક વધારે દુઃખ થાય એવી વસ્તુઓના ઉપયોગની મના છે. છતાં જર્મનોએ જર્મન પશ્ચિમ આફ્રિકામાં પાણીમાં ઝેર નાંખેલું છે, અને યૂરપમાં ઝેરી હવાનો ઉપયોગ કર્યો છે; એટલુંજ નહીં, પણ માણસોને અસહ્ય કષ્ટ થાય એવી હવાઓ વાપરી છે.

ફ્રેંચોએ એ પ્રમાણે કર્યાથી પોતાને કરવું પડ્યું છે, એ બચાવમાં બિલકુલ સત્ય નથી. પાછળથી પ્રવાહી આગનો પણ તેમણે ઉપયોગ કર્યો છે. આ ભયંકર પદાર્થોના ઉપયોગની તૈયારીઓ વિગ્રહ પહેલાં કરી રાખી હતી, એમ સિદ્ધ કરવાને પુરતાં પ્રમાણો છે; અને જર્મન વર્તમાનપત્રોએ લડાઇની એ રાક્ષસી પદ્ધતિઓની તારીફ કરી છે!

હવે આપણે બીજા પણ થોડા પુરાવો સાંભળીએ. લશ્કરોની આગળ સિવિલિયનોને ચલાવવા, કે જેથી મરે તો પહેલા તેઓજ મરે, એ વર્તનને આપણે "હરામખોરી" સિવાય બીજું કશું નામ આપી ન શકીએ. જર્મનોએ એ હરામખોરી કરી છે, એમ ૧૯૧૪ ના ઑકટોબરની ૭ મી તારીખે "ન્યૂએસ્ટ નાખરિખ્તન" નામે મ્યૂનિકના એક વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેલા લેફ્ટેનંટ એબર્લિન નામે બવેરિયન અમલદારના કાગળથી સાબિત થાય છે.

૨૩ મી ઑગસ્ટે એક બ્રિટિશ સિપાઇ જણાવે છે, કે ધસી આવતા જર્મનો ઓરતો અને છોકરાંઓને પોતાની આગળ ચલાવતા હતાઃ—

"તેઓ તેમને ધક્કા મારીને ચલાવતા હતા, અને જે ઓરતો અને બાળકોએ ચાલવાની ના પાડેલી તેમને ગોળીએ દેતા મેં તેમને દીઠા. અત્યાર સુધી અમને એવો હુકમ હતો, કે બંદૂક ન વાપરવી; પણ જ્યારે અમે ઓરતો તથા છોકરાંને ગોળીએ દેવાતાં દીઠાં, ત્યારે મારા સારજંટે કહ્યું, કે 'આ અસહ્ય છે,' અને અમને હુકમ આપ્યો, કે 'બહાર કરો.'"

બ્રિટિશ સિપાઇઓએ એવા બીજા સાત બનાવ જોયેલા, અને તેમનો પુરાવો લૉર્ડ બ્રાઇસના કમિશનના રિપોર્ટમાં નોંધાયેલો છે.

THE QUEEN OF ROUMANIA.

રૂમાનિયાની રાણી.

KING FERDINAND OF ROUMANIA.

રૂમાનિયાનો રાજા ફર્ડિનંડ.

Lakshmi Art, Byculla, Bombay

નિરંકુશ પશુપણાના ઘણા દાખલા જર્મન નોટબુકોમાંથી મળી આવ્યા છે. અસલ દસ્તાવેજો ફ્રેંચ, બ્રિટિશ તથા બેલ્જિયન સરકારોના કબજામાં છે. તેમના રિપોર્ટોમાં કેટલાકના ફોટોગ્રાફો પ્રસિદ્ધ થયા છે. ૧૯૧૪ના ઑગસ્ટની ૨૭મી તારીખે જનરલ સ્ટેંગરની ટુકડીના એક સિપાઇએ પોતાની નોટબુકમાં નીચે પ્રમાણે લખેલું:—"અમને એવો હુકમ મળ્યો છે, કે જખમી અગર બિનજખમી—જે કોઇ ફ્રેંચો હાથમાં પડે, તે બધાને ગોળીએ દેવા. કોઇને પણ કેદ કરવા નહીં."

લડાઇના એક કેદીએ નીચેના હેવાલ પર સહી કરી છે:—

"એક ઘરમાંથી અમારા ઉપર ગોળીબહાર થયો હતો. અમે બલાત્કારે ઘરમાં પેઠા, અને તેની ઝડતી લેવાનો અમને હુકમ હતો; પણ અમે માત્ર બે ઓરતો તથા એક બાળકને દીઠાં. મારા સાથીઓ બોલ્યા, કે એ બે ઓરતોએ ગોળી છોડી છે, અને અમે કેટલીક પિસ્તોલ જોઇ ખરી. પણ એ ઓરતોને બહાર કરતાં મેં દીઠેલી નહીં. અમે તેમને કહ્યું, કે 'તમને કશી ઇજા થશે નહીં,' કારણકે તેઓ છાતીફાટ રોતી હતી. અમે ઓરતોને ઘર બહાર લઇ ગયા, અને ઉપરી પાસે લાવ્યા. ઉપરીએ તેમને ગોળીએ દેવાનો હુકમ કર્યો. મા મરણ પામી, એટલે ઉપરીએ બાળકને ગોળીએ દેવાનું ફરમાવ્યું, કારણકે દુનિયામાં તેને એકલું રાખી શકાય નહીં. બાળકની આંખે પાટા બાંધવામાં આવ્યા. મેં જે લખ્યું છે તે સાચું છે. મેં પોતે તેમાં ભાગ લીધેલો, તે એટલાજ માટે કે કમાન્ડન્ટ કાસ્ટેંડિક અને કપ્તાન ડલ્ટિગને અમને હુકમ આપેલો. દેખાવ જોતાં મને ત્રાસ થયેલો. મારી આંખમાં આંસુ હતાં."

એક બવેરિયન સિપાઇની નોટબુકમાં નીચે પ્રમાણે લખેલું છે:—

"ઑગસ્ટની ૧૮મી કે ૧૯મીની રાતે જર્મન લશ્કરે સેન્ટ મૉરિસનું આખું ગામ બાળી મૂક્યું, કારણકે લશ્કર ઉપર કોઇએ ગોળી છોડી હતી. અમારા માણસોએ એકએક કદમને અંતરે ઉભા રહીને ગામને ઘેરી લીધું, કે જેથી કોઇ બહાર નિકળી શકે નહીં. પછી ઉલાનોએ એક પછી એક ઘરને આગ લગાડી. કોઇ પુરુષ, સ્ત્રી કે બાળકથી બહાર નિકળી શકાયું નહી. કોઇએ નિકળવાને યત્ન કર્યો, તો તેને ગોળીએ દીધાં. ગામડાની સાથે બધાં રહેવાસીઓ નાશ પામ્યાં."

૧૯૧૪ના ઑગસ્ટની ૧૨મી તારીખે એક કમિશન વગરના અમલદારે લખેલું:—

"તમે પાયમાલ કરેલાં ગામડાં જુઓ, ત્યારેજ તમને આપણા સિપાઇઓના ત્રાસની કલ્પના આવે. એક પણ ઘર રહેવા પામ્યું નથી. હુકમથી ગોળીએ દીધેલાં સ્ત્રીપુરુષોના ઢગલેઢગલા તમે જુઓ છો. હું લોકોને માટે દિલગીર છું. કદાચ તેઓ ગેરવાજબી રીતે લડતા હશે, છતાં તેઓ માત્ર પોતાના દેશનો બચાવ કરે છે. જખમીઓના અવયવો કાપવાનું દર રોજ ચાલ્યા કરે છે."

ઓઝમેથી, ૩૦ સપ્ટેમ્બર.

"એક ભયંકર લોહીનું સ્નાન. ગામડું બાળી મૂક્યું. દુંચીને બળતાં ઘરોમાં ફેંકવામાં આવ્યા. બધા સિવિલિયનોને બીજાઓની સાથે બાળી મૂક્યા."

બ્રેમન.

"અમે બધા મરેલાને દફનાવ્યાં લગભગ સાઠ હતાં. અંદર કેટલાક ઘરડા મર્દો અને કેટલીક વરડી ઓરતો હતાં. એક ઓરત તો બાળકને જન્મ આપી રહી હતી. ત્રાસદાયક દેખાવ. ત્રણ બાળકો, મા સાથે, અને મા મરેલાં"

જર્મનીના એક ત્રાસથી બ્રિટિશોને તથા તટસ્થોને પણ નુકસાન થયું છે. સબમરીનો કશા નિયમો પાળતી નથી. પહેલાં એ વાત સર્વમાન્ય જેવી હતી, કે વેપારી વહાણોને ખાસ અપવાદરૂપ સ્થિતિ વગર ડુબાવાય નહીં, અને તે પણ ઉતારૂઓ તથા ખલાસીઓના જાન બચાવવા માટે વ્યવસ્થા થઇ શકે ત્યારેજ. પણ જર્મન સિદ્ધાંત પ્રમાણે સબમરીન કોઇ પણ વેપારી વહાણને—તે તટસ્થનું હોય તોપણ—ડુબાવી શકે છે; કારણકે તે તટસ્થનુંજ છે એવી સબમરીનને ખાતરી થઇ શકે નહીં, અને તેટલા માટે તે તટસ્થનું નથી, એવું માની લઇ શકાય. સબમરીન તેને પકડીને જર્મન બંદરમાં લઇ જઇ શકે નહીં; તેટલા માટે તે તેને ડુબાવી શકે. સબમરીન પર ગોળા છૂટે તો તેને તળિયે જવું પડે: તેટલા માટે તેને પોતાની સલામતી માટે ગોળા ન છૂટે એવું કરવાનો હક છે. સબમરીન પોતે ઉતારૂઓ તથા ખલાસીઓને લઇ શકે નહીં: તેટલા માટે તેમની સલામતીનો વિચાર કરવાની તેની ફરજ નથી.

બીજી તરફ, વિગ્રહના વીસ મહિના પછી બ્રિટિશ લડાયક વહાણોએ એક પણ સિવિલિયનનું મરણ નિપજાવ્યું નથી; બલકે જર્મન નૌકાના લગભગ ૨,૦૦૦ માણસો તેમણે બચાવ્યા છે. જર્મન લડાયક વહાણોએ સેંકડો સ્ત્રીઓ તથા છોકરાંને અને બિનલડાયક પુરુષોની વળી વધારે સંખ્યાને ડુબાવેલ છે. બ્રિટિશોએ એક પણ તટસ્થનું મરણ થવા દીધું નથી, અને એક પણ દરિયાઇ વહાણ પર હુમલો કર્યો નથી.

એવા પુષ્કળ પુરાવો છે, કે ઓરતોને અવશ્ય કરીને ગાળો દેવામાં આવેલ છે, બાળકોની રૂબરૂ માતાઓની લાજ લૂંટાઇ છે, દીકરીઓ પર માતાઓની સમક્ષ બળાત્કાર કરવામાં આવેલ છે, વસ્ત્રો પડતા માટે પાદરીઓ અને બાપોનાં ખૂન થયાં છે. અવયવો કાપી નંખાયા છે, અને પકડનારાની સામે થવા માટે અથવા બળાત્કાર પછી ઓરતો ઠાર કરાઇ છે.

આ બધા ભયંકર અપરાધોથી જર્મનીનું નામ ઇતિહાસમાં હમેશાંને માટે કલંકિત થયું છે. લેખક બીજી પ્રજાઓ પણ છેક દૈવી અને નિર્દોષ નથી; છતાં રાક્ષસી ગુણો તેમનામાં આટલે અંશે વિકસિત થયેલા દેખાયા નથી.

લડાઇના તાર.

—ાાા—

અરબસ્તાનની સ્વતંત્રતા.

કેરો, ૨૨ મી જૂન.

પશ્ચિમ અને મધ્ય અરબસ્તાનની કોમોની મદદથી મક્કાના શરીફ સાહેબે અરબસ્તાનને તુર્કીથી સ્વતંત્ર જાહેર કર્યું છે. લડત જૂનની ૯ થી શરૂ કરવામાં આવી હતી, અને ઘણી ફત્તેહમંદ નીવડી છે. મક્કા, જેદ્દા અને તાઇફમાં તુર્કી ચોકીદારો તાબે થયા છે. માત્ર તાઇફમાં બે ન્હાના કિલ્લા હજી ટકાવ કરી રહ્યા છે. જેદ્દામાં ૧,૪૫૦ લશ્કર અને ૬ તોપો કબજ થયેલ છે. મક્કા અને તાઇફની સંખ્યાઓ હજી જણાયેલી નથી. મદીનાને ઘેરો ઘાલવામાં આવેલ છે. હજ્જતના બધા રસ્તા શરીફના હાથમાં છે.

રૂશિયન વિક્રમ.

પિત્રુગ્રેડ, ૨૩ મી જૂન.

દ્વિન્સકની દક્ષિણે ઘણે ઠેકાણે જર્મનોએ વ્યર્થ હુમલા કર્યા છે. ઓગિન્સ્કી નહેરને માર્ગે તા. ૨૧ મીથી સખત લડાઇ શરૂ થઇ છે, અને હજી ચાલે છે. એક પણ બાજુથી નહેર ઓળંગી શકાઇ નથી. ઓસ્ટ્રિયન સેનાપતિ સ્ટેગલમેન મરણતોલ જખમી થયો છે. જનરલ બ્રુસિ-લૉફના આખા મોખરા ઉપર દુશ્મનને ફ્રાન્સ તથા ઇટલીમાંથી કુમક મળ્યા કરે છે. બુખોવિનામાં ધસારો જારી છે. રેડૉટ્ઝ અને વેસનિટ્ઝની પશ્ચિમે ગુરાહુમોરા સ્ટેશનનો આપણે કબજો લીધો છે. આ પ્રમાણે સમગ્ર બુખોવિનામાં રૂશિયનો કાર્પેથિયન સુધી પહોંચ્યા છે.

બાલ્કન કાવાદાવા.

લંડન, ૨૩ મી જૂન.

ઍથન્સથી તાર છે, કે મિ. સ્કૌલૌડિસે ઑસ્ટ્રિયા અને જર્મનીને મદદ માટે પૂછયું હતું; પણ તે ન મળવાથી તેણે રાજાને જણાવ્યું, કે સામે થઇ શકાશે નહીં. રાજા કોન્સ્ટન્ટાઇનને ઘણો ગુસ્સો ચડ્યો છે, છતાં તેને સ્કૌલૌડિસનું રાજીનામું સ્વીકારવું પડ્યું છે, અને મિ. ઝાઇમિસને બોલાવવો પડ્યો છે.

વર્ડુનની લડાઇ.

લંડન, ૨૫ મી જૂન.

વર્ડુનની લડાઇના ૧૨૫ મા દિવસે જર્મનોએ અત્યાર સુધીના કરતાં સૌથી વધારે સંખ્યામાં હુમલો કર્યો છે. ન્હાનામાં ન્હાના લાભ માટે તેઓ ઘણો ભોગ આપે છે. ઉદાહરણ તરીકે, ફ્લુરી ગામમાં પ્રવેશ પાસેનાં થોડાં ઘરોના કબજા સારૂ તેમણે ભયંકર નુકસાન સહન કર્યું છે. ગમે તેટલું નુકસાન થાય તોપણ વર્ડુન પડાવવાનો જર્મનોનો ઇરાદો જણાય છે.

દ્વિના ઉપર દુશ્મનના હુમલા.

પિતૃગ્રેડ, ૨૬ મી જૂન.

રુશિયનોએ દ્વિના મોખરા ઉપરના જર્મન હુમલા પાછા વાળેલ છે, અને સ્ટિર નદી ઉપર ચારટોરિસ્કનો કિલ્લો બે ભારે તોપો સાથે હાથ કર્યો છે. ચોકીદારોને સંગીનોથી વાળી નાંખ્યા છે. સ્વિનિસ્કીની નૈઋત્યમાં હલ્લો કરીને દુશ્મન આપણી ખાઈઓના કેટલાક ભાગ સુધી પહોંચ્યા હતા; પણ તેમનાથી નુકસાન ખમાયું નહીં, એટલે આખી લાઇન ઉપર તેઓ પાછા હઠ્યા છે. આઠસો માણસો, જેમાં અર્ધા જર્મન હતા તે, કબજે થયા છે. ખાઈઓ મુડદાંથી અને સંગીનોથી કપાયેલા જખમીઓ વડે ભરાઈ ગઈ છે. રુશિયનોએ રેડઝિવિલોફની ઉત્તરે દુશ્મનોની પહેલી લાઇન ભેદી છે. દુશ્મનો ન્હાસે છે તેથી ઘણો માલ રુશિયનોના હાથમાં પડે છે. ભયંકર લડાઇ પછી તેમણે ૨,૦૦૦ કેદીઓ સાથે ક્રિપોલંગ સર કર્યું છે. આથી બુખોવિનાનો કબજો પૂરો થાય છે.

બલ્ગેરિયન બંદરો પર ગોળા.

સાલોનિકા, ૨૬ મી જૂન.

મિત્ર રાજ્યોના કાફલાઓએ પોર્ટો લાગોસ, ડેડીઆગેચ્ચ અને બીજાં બંદરો ઉપર ગોળા ફેંકયા છે.

ઇટાલિયન જીત.

રોમ, ૨૬ મી જૂન.

ઑફિસ્યલી જાહેર થાય છે, કે ઑસ્ટ્રિયનો ટ્રેન્ટિનોમાં પાછા હઠી જવા માંડ્યા છે. અને ઇટાલિયનોએ કેટલાંક મહત્ત્વનાં સ્થાનકો હાથ કર્યાં છે. તેઓ જોરથી દુશ્મનની પાછળ પડ્યા છે. ગોંગટો, એશિઆગો, અને મૉન્ટ કેંગિઓના કિલ્લાઓ ઑસ્ટ્રિયનોને ખાલી કરવા પડ્યા છે.

ગયતાની જાહેરખબર.

લંડન, ૨૮ મી જૂન.

એક ઑસ્ટ્રિયન લશ્કરી હુકમ હાથ આવેલ છે, જેમાં છેવટે નીચેના શબ્દો છે:—

"સારો દારૂ અને ખુબસૂરત ઓરતો ઇટલીમાં આપણી રાહ જુએ છે."

નિવેદન.

આજના અંકની સાથે રૂમાનિયાનાં રાજરાણીનો એક સુંદર સંયુક્ત ફોટોગ્રાફ અમે અમારા વાંચનારાઓને ભેટ આપીએ છીએ.

ભાવનગર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૧૧ મી જૂલાઇ, ૧૯૧૬. [અંક ૩૨.

। यतो धर्म स्ततो जयः ।

શ્રી ફાર્બસ ગુજરાતી સભા. મુંબઈ-૪.

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વેંહેચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૧૧ મી જૂલાઇ ૧૯૧૬.

વિગ્રહમાં સ્ત્રીઓનું સર્વોપરિ કામ.

લંડનમાં "વાટરલૂ પ્લેસ" કરીને સ્થાનમાં ફ્લોરેન્સ નાઇટિંગેલનું બાવલું છે, તે વિગ્રહના વખતમાં સ્ત્રીઓ જે સર્વોપરિ સેવા બજાવી શકે છે, તેનું જોનારને સ્મરણ આપે છે. વર્તમાન કાલમાં રણમાં ઘાયલ થનારાઓની સંખ્યા અગાઉના કરતાં બહુ વધારે આવે છે, અને એમની સારવાર એ સ્ત્રીઓની મોટી વિગ્રહસેવા છે.

લશ્કરી ઉપચાર મંડલમાં જે થોડી ઉપચારિકાઓ (નર્સો) રહે છે, તે તો વિગ્રહના વખતને માટે બહુ થોડી છે: પણ તેમની આસપાસ વધારે સંચિત થાય છે. તેમને સૌથી વધારે મદદ બ્રિટિશ રેડ ક્રોસ સોસાયટી તથા યારૂશાલેમના સેન્ટ જૉનના ઑર્ડર તરફથી મળે છે, કે જેમણે લડાઇના પ્રદેશમાં અને બીજી ઇસ્પિતાલોમાં કામ કરવાને હજારો વોલંટિયર ઉપચારિકા પૂરી પાડેલ છે. એ ઉપરાંત સ્વેચ્છાથી મદદ આપનારી ટુકડીઓ છે, કે જેની ઉપચારિકાઓ દેશમાં જુદે જુદે સ્થળે આવેલી સેંકડો ઇસ્પિતાલોમાં સેવા કરે છે. પણ આટલાથી બસ નથી. ક્રિમીયન વિગ્રહ પછી સ્ત્રીઓ ડાકતરી વગેરે ધંધાઓમાં પણ દાખલ થવા લાગી છે; અને હાલ સ્ત્રીડાકતરો સર્વત્ર જોવામાં આવે છે. ફ્રાન્સની કેટલીક સૌથી સારી ઇસ્પિતાલોમાં માત્ર સ્ત્રી-ડાકતરો કામ કરે છે

બિમાર અને જખમીઓની સારવારમાં પુરતી સ્ત્રીઓ રોકાયા પછી પણ બ્રિટનમાં એવી ઘણી સ્ત્રીઓ રહેલી, કે જેઓ જર્મન જંગલીઓની સામે કોઇક કામ કરવાને ઉત્સુક હતી. તેઓ સમજતી હતી, કે વિગ્રહ માત્ર સિપાઇઓ કે પુરુષોનોજ નહીં, પણ આખી પ્રજાઓનો છે; અને બ્રિટનની સ્ત્રીઓને જર્મન સ્ત્રીઓની સામે કામ કરવાનું છે. સારે નસીબે ઘણું ઉપયોગી કામ કરવાનું હતું: અને તેમાંથી એકબે પ્રકારનો આ પ્રસંગે ઉલ્લેખ કરી શકાશે.!

બ્રિટને મહા વિગ્રહમાં એકલાં ઝંપલાવ્યું નહોતું. મિત્ર રાજ્યોમાં જેઓ મદદની જરૂરમાં હતાં, તેમના તરફ તેને ફરજો બજાવવાની હતી. જખમીઓને મદદ આપવામાં બ્રિટિશ સ્ત્રીઓએ કશો જાતિભેદ પાળેલો નહીં; અને તેમણે જેવી ફ્રેંચોની તેવીજ દુશ્મનની પણ સેવા કરેલી. કેટલીએક બેલ્જિયનો અને સર્બિયનોની મદદે ગયેલી, કે જેમને આ પ્રકારની મદદની ખાસ જરૂર હતી.

એક મિત્ર રાજ્યના સંબંધમાં વિશેષ કરવા જેવું હતું. બેલ્જિયમ વેરાન થવાથી હજારો ઓરતો અને બાળકો ઘર વગરનાં થઇ ગયાં હતાં, અને તેમને માટે ઇંગ્લંડ સિવાય બીજું કોઇ અનુકૂળ સ્થાન નહોતું. હજારો માણસો છેક નિર્ધન સ્થિતિમાં બ્રિટનમાં આવેલાં; અને તેમને માટે મકાન, ખોરાક તથા પોશાકની વ્યવસ્થા કરવામાં વોલંટિયર સ્ત્રીઓની એક મોટી સેનાનો ઉપયોગ થયેલો. એ કામ તેમણે બરાબર બજાવ્યું; અને થોડા વખતમાં દરેક શહેર અને ઘણાં ગામડાંમાં બેલ્જિયનોનાં સંસ્થાનો વસેલાં, તથા તે તે પ્રદેશની સ્ત્રીઓએ તેમને માટે બંદોબસ્ત કરેલો.

એકંદરે લગભગ ૩૦૦,૦૦૦ માણસો માટે વ્યવસ્થા થયેલી. ઘણી ભૂલો થયેલી, અને શરૂઆતમાં અવ્યવસ્થા પણ બહુ હતી; છતાં લૉર્ડ ગ્લૅડસ્ટન તથા ઑનરરી જનરલ સેક્રેટરી મિ. મૅાડમ્લે ધીમે ધીમે સારો બંદોબસ્ત કરી શકેલા. સ્થાનિક કમિટીઓની સંખ્યા લગભગ ૨,૦૦૦ થયેલી; અને તેમને ૨૦થી માંડીને ૫,૦૦૦ પર્યંત ન્હાસેડુઓ માટે ગોઠવણ કરવાની હતી. લગભગ ૩૦,૦૦૦ ખાનગી માણસોએ પણ આશ્રય આપેલો.

વળી, રણક્ષેત્ર ઉપરના બ્રિટિશ સિપાઇઓને જોકે ખાવાપીવાનું સારૂં મળતું હતું, છતાં તેમને વારંવાર સંકટો સહન કરવાં પડતાં. તેમને આરામ તથા સગવડની વસ્તુઓ પૂરી પાડવાને પણ ઘણી સ્ત્રીઓ કામે લાગેલી; અને મોજાં તથા ઢાંકણો વગેરેથી ઘણું કરીને ઘણા જાનનો બચાવ થયેલો.

પણ રણક્ષેત્ર પર કામ કરનારાના કરતાં પણ વધારે સંકટમાં દુશ્મનના હાથમાં પડેલા બ્રિટિશ કેદીઓ હતા. એમને સુદ્ધાં ભૂલી જવામાં આવેલા નહીં. ડેવનશાયર હાઉસમાં લેડી ઍાડ્સ અને તેની સહચરીઓએ જર્મનીમાં જે કેદીઓ હતા, તેમને પાર્સલો મોકલવાનું કામ ઉપાડી લીધેલું. દરેક પાર્સલનો પાંચ શિલિંગ ખર્ચ થતો, અને પોસ્ટ ઑફિસ તે મફત મોકલી આપતી. તેમાં પાંઉ, મુરબ્બો, ચા, દૂધ, સાકર, સાબુ, તમાકુ, વગેરે ઉપયોગી વસ્તુઓ મૂકવામાં આવતી; અને પેકિંગનું કામ એવા અનુભવી હાથથી થતું, કે પાર્સલો સારી સ્થિતિમાં પહોંચવાની ખાતરી રહેતી.

ઉપરાંત, ઘણા ધંધાઓમાં પુરુષોને બદલે સ્ત્રીઓને દાખલ થવું પડેલું. જે ધંધાથી તેઓ માહિતગાર હતી, તે સિવાય નવા ધંધાઓમાં પણ તેઓ ઉત્સાહથી જોડાયેલી. ગાડીઓ હાંકવાનું, ટિકેટો આપવાનું, કાગળો પહોંચાડવાનું અને દારૂગોળો બનાવવાનું કામ પણ તેમણે ઉપાડી લીધેલું; અને એ રીતે હજારો વધારે માણસો લશ્કરમાં જઇ શકેલા.

શહેનશાહબાનુ રાણી મેરી અને રાજમાતા એલેક્ઝાંડ્રા નિરંતર દયાનાં કર્મોમાં રોકાયલાં રહ્યાં છે; બેલ્જિયનોની રાણી વારંવાર ફ્લેન્ડર્સની ઇસ્પિતાલોમાં જોવામાં આવેલ છે; અને રુશિયન શહેનશાહબાનુ તથા તેની કુંવરીઓએ "પ્રીતિની બહેનો"નાં કપડાં પહેરીને સેવા બજાવી છે.

છે, કે "મને લોહીના છાંટા ઉડે: મારાં કપડાં ખરાબ થાય." માત્ર "થરમોમીટર" મૂકવાનું તે પોતાનુ' કામ સમજે છે.

ભદ્રાબાઇ પોતાને "લેડી" માને છે. ગાદી વગર અને રબર ટાયરની ગાડી વગર બિચારીથી ચાલી શકાતું નથી. પોતાને પગાર ઉપરાંત ગાડી મળે, તે માટે તે ખૂબ ખટપટ કરે છે. ચાળાચસ્કાથી ફવાશે એમ ધારીને એ પ્રયોગ પણ તે અજમાવે છે, પણ કશું વળતું નથી.

ભદ્રાબાઇ દરદીઓને પાટા બાંધતાં આનાકાની કરે છે. દેશી લોકોને હાથ અડકાડતાં પણ ખંચાય છે. ન્હાની ન્હાની વાતોમાં જે જૂઠું બોલે છે, તે મોટી વાતોમાં પણ કેમ નહીં બોલતી હોય? જે પરમેશ્વરથી ડરતી નથી, તે બીજા કોનાથી ડરશે?

આળસ અને મગરૂબી અને અદેખાઇથી બાઇસાહેબ છલાછલ ભરેલાં છે. તમે તેને વાળનાં ગુંચળાં છોડતાં અને પાછાં વાળતાં જુઓ, તો ચકિત થાઓ. દાંતિયા પણ તેને "એકદમ ફેશનેબલ" જોઇએ છીએ. દેશી દાંતિયાને તે તુચ્છ ગણે છે: જર્મન બનાવટજ તેને પસંદ પડે છે. ચકચકિત પૉલિશમાં તણાઇ જઇને તે ગમે તે કિંમત આપતાં અચકાતી નથી. સાધારણ રીતે તેની બધી ખરીદીઓ માત્ર દેખાવની હોય છે; સંગીન અને સારી વસ્તુઓની તેને બિલકુલ કદર નથી.

ભદ્રાબાઇને "ઇન્સલ્ટ" (=અપમાન) થતાં વાર લાગતી નથી. જ્યારે ને ત્યારે તે "ઇન્સલ્ટ"ની ફરિયાદ કરે છે; અને રાજીનામું આપવા તૈયાર થઇ જાય છે. મિજાજ ક્યાંય સમાતો નથી, પણ આવડત અતિશય ઓછી છે. કમ અક્કલ અને કમ આવડતમાંથી સ્વાભાવિક રીતે કમનસીબ ફલિત થાય છે. આખરે ભદ્રાબાઇને રાજીનામું આપવું પડે છે, અને તે રખડી પડે છે. તેની છેવટની સ્થિતિ સંબંધી સહેલાઇથી કલ્પના થઇ શકશે.

આવી છેક ખરાબ નર્સો દેશમાં ઘણી નહીં હોય, એવી અમે આશા રાખીએ છીએ. અને તોપણ આવું અસંતોષકારક ચિત્ર આલેખવાની અમને જરૂર લાગી છે, તે એટલા માટે કે દેશમાં આજકાલ બહારની ટાપટીપ ઉપર જોઇએ તે કરતાં વધારે ધ્યાન અપાતું જોવામાં આવે છે. સાદાઇનો મોટો સદ્દગુણ દેશમાંથી ધીમે ધીમે દૂર થવા લાગ્યો છે, એ એક પાયમાલીની નિશાની છે. "ઢમ ઢોલ ને માંહે પોલ" લગભગ સર્વત્ર નજરે પડે છે. તુલસીદાસજીએ કહ્યું છે, તેમ:—

" सुन खगेश कलि कपट हठ, दंभ द्वेष पाखंड ॥
काम क्रोध लोभादि मद, व्यापि रहे ब्रह्मांड ॥ "

અર્થ:—"સાંભળો, ગરુડજી! કલિયુગમાં કપટ, હઠ, દંભ, દ્વેષ, પાખંડ, કામ, ક્રોધ, લોભ વગેરે અને મદ આખી દુનિયામાં વ્યાપ્ત છે."

લડાઇના તાર.

—:o:—

<u>બ્રિટિશ હુમલો.</u>

લંડન, ૧ લી જુલાઇ.

બ્રિટિશોએ ફ્રેંચોની સાથે રહીને સોમની ઉત્તરમાં હુમલો શરૂ કર્યો છે. સોળ માઇલના મોખરા ઉપર જર્મનીના આગલા બચાવો તેમણે તોડ્યા છે. લડાઇ હજી ચાલુ છે. આપણા જમણા હાથ ઉપર ફ્રેંચ ધસારો પણ સંતોષકારક રીતે ચાલે છે. જર્મનોની પહેલી લાઇન આપણે પડાવી છે, અને ઘણા કેદીઓ પકડ્યા છે.

<u>રુશિયન જીત.</u>

પિત્રુગ્રેડ, ૧ લી જુલાઇ.

કોલોમીઆ, કે જે બુકોવિનામાં સૌથી મહત્ત્વનું રેલવેનું મધ્યબિંદુ છે, તે આપણા હાથમાં આવેલ છે. નિએસ્ટરની દક્ષિણે આપણે દુશ્મનની પાછળ પડ્યા છીએ. ઓબર્ટિન શહેર અને પાસેનાં ગામડાં તાબે થયાં છે.

<u>ફ્રિકોર્ટ કબજે કર્યું.</u>

લંડન, ૨ જી જુલાઇ.

આજે બપોર પછી બે વાગ્યે ફ્રિકોર્ટ આપણે કબજે કર્યું છે. એંકર અને સોમ વચ્ચે ૮૦૦ કેદીઓ પકડાયા છે. કુલ સંખ્યા ૩,૫૦૦ની થઇ છે.

<u>ફ્રેંચોનો ધસારો.</u>

પારિસ, ૩ જી જુલાઇ.

સોમની દક્ષિણે ગઇ સાંજે અને આખી રાત મારામારી ચાલ્યા કરી છે, જેનું પરિણામ આપણા લાભમાં છે. જર્મનોની બીજી લાઇનમાં આપણે ખાઇઓની બે લાઇન પડાવી છે, તથા અર્ડેકોર્ટ નામે ગામડું કબજે કર્યું છે.

લંડન, ૪ થી જુલાઇ.

સોમની ઉત્તરે કશી પાયદળની લડાઇ થઇ નથી. દક્ષિણે ફ્રેંચોની જીત જારી છે. બ્વા ડી મેરાકોર્ટની પૂર્વે ચાપિત્રે જંગલ અને ફ્રુસુલેરીસનું ગામડું આપણે જીતી લીધેલ છે, અને વધારે દક્ષિણે એસ્સેવિલર્સ પર છાપો માર્યો છે. એસ્સેવિલર્સની દક્ષિણે એસ્ટ્રીસની પડોસમાં એક જર્મન મથક આપણે પડાવ્યું છે; અને બપોર પછી બસકોર્ટ તથા ફ્લૉકોર્ટ હાથ કરેલ છે. બિનજખમી કેદીઓની સંખ્યા ૮,૦૦૦ કરતાં વધારે છે. સાત તોપખાનાં કબજે થયેલ છે.

<u>પૂર્વમાં સખ્ત લડાઇ.</u>

પિત્રુગ્રેડ, ૪ થી જુલાઇ.

રિગાથી કૉકેસસ સુધીના તમામ મોખરા ઉપર સખ્ત લડાઇ ચાલે છે. સ્ટિર તથા સ્ટોખોડ નદીઓ વચ્ચે, અને બકઝાકસ અને સ્મૉર્ગનની દક્ષિણે દુશ્મનના મોટા હુમલા પાછા હઠાવવામાં આવેલ છે; તથા ૨,૩૦૦ કેદીઓ અને ઘણી તોપો હાથમાં આવેલ છે. બેરેનો-વિચ્ચીની વાયવ્યમાં એક મોટી લડાઇ થઇ છે. રૂશિયનોએ ૫૦ અમલદારો, ૧,૦૦૦ માણસો

તથા ૪ તોપો પકડેલ છે. લડાઈ ચાલુ છે. ડન્નો અને ઓકલ વચ્ચે નીચલી લિપા ઉપર જર્મનોને હઠાવવામાં આવેલ છે, અને ૧,૦૦૦ માણસો તથા ૫ મશીનગન પકડાયેલ છે.

બ્રિટિશો જરા આગળ વધે છે.

લંડન, ૫ મી જૂલાઇ.

સર ડગલસ હેગ જણાવે છે, કે ગઇ કાલે આખો દિવસ આપણા દક્ષિણ મોખરા ઉપર લડાઈ ચાલ્યા કરી છે. બાકીના ભાગમાં કેટલેક ઠેકાણે આપણે આગળ ચાલ્યા છીએ. ગઇ કાલે ફ્રિકોર્ટની નજીક એક આખી જર્મન પલટન તાબે થયેલ છે. લા બોઇસેલમાં છેલ્લા ૨૪ કલાકમાં ભયંકર લડાઇ ચાલી છે, અને બોંબ ફેંકાયા છે. સ્થાન આપણા કબજામાં છે.

ફ્રેંચો ૧૯ ગામડાં પડાવે છે.

પારિસ, ૫ મી જૂલાઇ.

આપણે ૧૯ ગામડાં, ૮,૫૦૦ કેદીઓ, ૧૦ તોપખાનાં અને પુષ્કળ મશીનગનો હાથ કરેલ છે. નુકસાન બહુ ઓછું થયું છે, એ પ્રતાપ આપણી આગનો છે. ફ્રેંચો પેરોનની નજીક જઇ પહોંચ્યા છે, અને જર્મનો ત્યાંનો પૂલકિલ્લો મજબૂત કરવામાં રોકાયા છે.

હાથોહાથની લડાઇ.

લંડન, ૫ મી જૂલાઇ.

જનરલ હેગ જણાવે છે, કે એંકર અને સોમ નદીઓ વચ્ચે હાથોહાથની લડાઇ ચાલે છે; અને ૫૦૦ વધારે કેદીઓ પકડાયા છે.

ઇટાલિયન ધસારો.

રોમ, ૫ મી જૂલાઇ.

એડિગે અને બ્રેન્ટા નદીઓ વચ્ચે ઇટાલિયન ધસારાને રોકવાને દુશ્મન વ્યર્થ મહેનત કર્યા કરે છે. ઇટાલિયન પાયદળે એસ્ટિકોમાં જીત મેળવી છે, અને ગ્રેલ્યુજિઓ પહાડનું શિખર જીતી લીધું છે. કેમ્પેલની ખીણમાં પણ દુશ્મનને હઠી જવું પડયું છે.

બ્રિટિશ ધસારાની મંદતાનાં કારણો.

લંડન, ૫ મી જૂલાઇ.

બ્રિટિશ ધસારાની મંદતાનાં કારણો ફ્રાન્સ તરફથી જાહેર કરવામાં આવ્યાં છે. જર્મનો ફ્રેંચ હુમલાની નહીં પણ માત્ર બ્રિટિશ હુમલાની વકી રાખતા હતા; અને ફ્રેંચો તો વર્ડુનથી થાકી ગયા હશે એમ સમજતા હતા. તેટલા માટે તેમણે પોતાનાં સારામાં સારાં લશ્કરો બ્રિટિશોની સામે રોકેલાં છે. આ કારણથી ફ્રેંચ પેપરો બ્રિટિશ વિક્રમની અને ખાસ કરીને લા બોઇસેલની જીતની તારીફ કરે છે.

સોમની ઉત્તરમાં ફ્રેંચ ધસારો.

પારિસ, ૬ ઠ્ઠી જૂલાઇ.

ફ્રેંચોએ સોમની ઉત્તરે ફરીને ધસારો શરૂ કર્યો છે; અને કર્લૂની પૂર્વમાં બીજું જર્મન મથક હાથ કર્યું છે. સોમની દક્ષિણે જર્મનના હુમલા પાછા હઠાવવામાં આવેલ છે; અને છેવટે તેમને એસ્ટ્રીમમાંથી હાંકી કાઢયા છે. વર્ડુન ઉપર માત્ર અવારનવાર ગોળા પડયા છે.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૧૮ મી જુલાઇ, ૧૯૧૬. [અંક ૩૩.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૧૮ મી જૂલાઇ ૧૯૧૬.

હવાની લડાઇમાં જર્મનીનું પ્રાધાન્ય.

૧૯૧૫ ના માર્ચની આખરથી ૧૯૧૬ ના માર્ચની આખર સુધી બ્રિટિશ હવાઇ સેનાની સ્થિતિ ખરાબ હતી. ૧૯૧૫ ના મેમાં તોપો અને દારૂગોળા સંબંધી ખામીઓ જાહેર થઇ, તે પછી વરસની આખર સુધીમાં લડાયક બળ એટલું વધી શક્યું, કે દારૂગોળા ખાતાના નવા પ્રધાને જાહેર કરેલું, કે જ્યારે જર્મનો દર રોજ ૨૫૦,૦૦૦ ગોળા બનાવતા હતા, ત્યારે બ્રિટનમાં માત્ર ૫,૦૦૦ બનતા હતા. ૧૯૧૫ ના મેમાં ગ્રેટ બ્રિટન અને જર્મનીમાં બનતાં વિમાનોનાં એંજિનોનું શું પ્રમાણ હતું, તે હજી બતાવી શકાય તેમ નથી; પણ જ્યારે બધી હકીકતો જાહેર થશે, ત્યારે ઘણું કરીને એમ માલુમ પડશે, કે દારૂગોળાની જૂની કમિટીએ ફ્લેન્ડર્સમાં બ્રિટિશ તોપખાનાંને મદદ કરવાને જેટલું કર્યું હતું, તે કરતાં પણ "રૉયલ એરક્રાફ્ટ ફૅક્ટરી" અને "નેશનલ ફિઝિકલ લૅબરેટરી" એ નૌકા અને ભૂમિસેનાના વિમાનીઓને વિજયી કરવાને ઓછું કામ કર્યું હતું.

બ્રિટિશ વિમાનોની ખામીઓનાં કારણ ઘણાં હતાં, અને અમલદારોની સંકુચિત વૃત્તિ તેમાં મુખ્ય કારણ હતું. વિગ્રહની શરૂઆતમાં બ્રિટિશ નૌકા તથા સેના પાસે જે કંઇ સારૂં તત્ત્વ હતું, તે મિ. વિન્સ્ટન ચર્ચિલને લીધે હતું. ખાનગી વિમાન બનાવનારાઓના કેટલાક સંચાના ગુણોની કદર કરીને તેણે તેમને પોતાનું કામ આટોપી લેતા અટકાવ્યા હતા; અને ૧૯૧૪ ના ઑગસ્ટમાં તેઓ વિમાનીઓને કેટલાક સારા સંચા સંપડાવી શકેલા. એક જર્મન રિપોર્ટ પ્રમાણે માર્નની લડાઇમાં જે મુશ્કેલીનો વખત પૂરો થયો, ત્યાં સુધીમાં હવામાં બ્રિટનનું થોડા વખતનું પ્રાધાન્ય બે વિકર્સની તોપોવાળા સંચાઓને લીધેજ હતું. તે વખતે બ્રિટન પાસે માત્ર ૩૦ લડાયક એરોપ્લેન, ૧૨ નૌકા સંબંધી એરોપ્લેન તથા ૨૦ સીપ્લેન મળીને કુલ ૬૨ સંચા હતા. આ સંચાઓનાં ઘણાંખરાં એંજિનોની સરાસરી આવરદા માત્ર છ કલાકની હતી!

લડાઇ પહેલાં કેટલાંક વરસથી બ્રિટનના આગેવાન વિમાનીઓ તોપોવાળા સંચાઓની માગણી કરી રહ્યા હતા, કે જેની કિંમત સ્પષ્ટ સમજાતી હતી. પણ સરકારી વિમાની કારખાનું, તેને સલાહ આપનારી કમિટી, તથા રાજકીય પ્રાકૃતિક પ્રયોગશાળા અને તેના ગણિતિકો, તાર્કિકો, તથા સંખ્યાબંધ અમલદારોએ લડવૈયા વિમાનીઓને જોઇતા સંચા પૂરા પાડેલા નહીં.

તેમજ આ માણસો, કે જેમને મોટી રકમો મળતી હતી, અને જેમની પાસે પ્રયોગો કરવાને અસાધારણ સગવડો હતી, તેમણે જર્મન મોટરોની સાથે હરીફાઇ કરી શકે એવાં હવાઇ એંજિનો બ્રિટિશ સેના તથા નૌકાને સંપડાવેલાં નહીં. "લીલા એંજિન"ના નામથી ઓળખાતું એક બ્રિટિશ એંજિન એવું હતું ખરૂં, કે જે સુધારાઇને હવાઇ કામને માટે વપરાઇ શકયું હોત; પણ તે એક ખાનગી શોધ હતી, એટલે બધાં ખાનગી વિમાનોના જેવી તેની દશા થયેલી, અને સરકારી વિમાની કારખાનાએ તેનો સ્વીકાર કરેલો નહીં. વિગ્રહખાતાની ઑફિસ પાસે વેચાણ માટે રુજુ થતા બધા ખાનગી સંચાઓના સરકારી ઇન્સ્પેકટર તરીકે આ અમલદારોએ અમુક વખત કામ કરેલું. પણ તેમણે એટલા બધા સંચાઓની અવગણના કરેલી, (જે પાછળથી ઉપયોગી માલુમ પડેલા,) કે વિગ્રહખાતાની ઑફિસને પણ છેવટે પોતાને જોઇતાં સંચા તથા એંજિનો માટે પોતાના ખાસ ઇન્સ્પેકટરો નીમવાની ફરજ પડેલી.

સેનામાં કે નૌકામાં અનુભવી વિમાનીઓનેજ હમેશાં અધિકાર સોંપાયેલો નહીં. ૧૯૧૬ના ફેબ્રુઆરીની ૧૬મી તારીખે મિ. એલિસ ગ્રિફિથે આમની સભામાં કહેલું, કે:—

"આપણી હવાઇ સેનામાં ૭ બ્રિગેડિયર-જનરલો છે, તેમાં લડાઇની શરૂઆતથી માત્ર એક માણસ મોખરા ઉપર ઉડેલ છે. ઉડવાના લગભગ કશા અનુભવ વગર માણસોને સ્કવૉડ્રન-કમાન્ડરની પદવીએ મૂકી દેવામાં આવે છે. એક માણસ, કે જે ૧૯૧૫ના ડીસેંબરમાં ઉડતાં શીખેલ છે, તે અત્યારે આપણી ઉડતી સેનાના એક વિંગ-કમાન્ડર તરીકે કામ કરે છે."

૧૯૧૫ના પાછલા ભાગથી ૧૯૧૬ની વસંત સુધીમાં સારા સારા બ્રિટિશ વિમાનીઓ માર્યા ગયા અથવા કેદ પકડાયા, અને તે મુખ્યત્વે કરીને એટલા માટે, કે તેમના સંચાઓ ઉતરતી બનાવટના હતા. કેટલાકનો એવો અભિપ્રાય છે, કે જો સરકારી વિમાની કારખાનું અને તેના અમલદારોની હયાતી હોતજ નહીં, તો બ્રિટિશો હવામાં પ્રાધાન્ય ટકાવી શકયા હોત. લડાઇની શરૂઆતનાં અઠવાડિયામાં એ પ્રાધાન્ય મળેલું, તે માન્ચેસ્ટરના મિ. એ. વી. રો, શેફીલ્ડ અને બેરોના મેસર્સ વિકર્સ અને મૅકિસમ, બ્રિસ્ટલના સર જયોર્જ વ્હાઇટ, તથા બીજા ખાનગી બનાવનારાઓના સંચાને લીધે હતું. એ સંચાઓના સારા અંશોની જર્મનોએ તરત નકલ કરેલી; પણ બ્રિટનને નસીબે સરકારી વિમાની કારખાના ઉપરજ આધાર રાખવાનું લખેલું હતું. જર્મનોએ સારા ફ્રેંચ સંચાઓની પણ નકલ કરેલી; અને ખાનગી કારખાનાંનો અતિશય વિકાસ કરેલો. બાર ઇંચિયા હાવિટ્ઝરવાળા પ્રખ્યાત ઑસ્ટ્રિયન બેરન સ્કોડાએ વિએના પાસે એક મોટું વિમાની કારખાનું ઉઘાડેલું; અને ફૉકર નામે એક ડચ વિમાનીએ જર્મનીમાં "મોરેન" સંચાઓ બનાવવાનું માથે લીધેલું.

જર્મનીને ખપ પણ મોટો હતો. જર્મન વિમાનીઓને પૂર્વમાં રૂશિયનોની સામે, પશ્ચિમમાં ફ્રેંચોની સામે, તથા બેલ્જિયમના કિનારાની આસપાસ બ્રિટિશો સામે કામ કરવાનું હતું. જર્મન શોધકોને બ્રિટન, ફ્રાન્સ, બેલ્જિયમ, તથા રૂશિયાનાં શોધક ભેજાં સામે લડવાનું હતું. ઇટલીએ વિગ્રહમાં ઝંપલાવ્યું, એટલે ઑસ્ટ્રિયાને તેની વ્યવસ્થામાં રોકાવું પડ્યું; અને પહેલી હવાઇ

લડાઇનો ભાર મોટે ભાગે જર્મની ઉપર આવી પડ્યો. શરૂઆતમાં બ્રિટિશોને જર્મન વિમાનીઓ સામે માત્ર ત્રીશ માઇલના મોખરા પર લડવાનું હતું; પણ જર્મનોને ફ્રાન્સ, રૂશિયા, બ્રિટન અને બેલ્જિયમની સામે એક હજાર માઇલના મોખરાની રક્ષા કરવાની હતી. બેલ્જિયમની ગણના કરવાની જરૂર છે, કારણકે એ પ્રજામાં શોધક એંજીનિયરો અને કુશળ કારીગરો છે; અને જોકે તેમની ખાણો અને તેમનાં કારખાનાં ખોવાયાં હતાં, તોપણ તેમની બુદ્ધિ અને કારીગિરી દુશ્મનની સામે કામ કરવાને સમર્થ હતી.

૧૯૧૫ના મે મહિનામાં બ્રિટનની સ્થિતિ એવી હોવી જોઇતી હતી, કે તે ૧,૫૦૦ માઇલના સંયુક્ત મોખરા ઉપર હવામાં પ્રાધાન્ય મેળવવા સારૂ ફ્રાન્સ અને રૂશિયાને મદદ કરી શકે; પણ તેને બદલે ત્રીશ માઇલના મોખરા ઉપર પોતાના વિમાનીઓને ટકાવી રાખવા સારૂજ તેને ફ્રેંચ વિમાન બનાવનારાઓની મદદ લેવી પડેલી.

બીજી તરફ જર્મનીએ વિમાનોમાં પ્રાધાન્ય મેળવવાને સારા પ્રયોગો કરેલા. તેના સાયન્સ જાણનારા માણસો ખાનગી બનાવનારાઓને મદદ આપતા હતા; અને એ બનાવનારાઓની તથા મોખરા ઉપરના વિમાનીઓની વચ્ચે આવીને અંતરાય કરવાને તેમનું કોઇ સરકારી જર્મન વિમાની કારખાનું નહોતું.

જર્મનોનું ખાસ બળ તેમનાં હવાઇ એંજિનોને લીધે હતું. એ એંજિનો બ્રિટિશના કરતાં ઘણાં સારાં હતાં, અને જર્મનીના જેવી સારી મોટરો બનાવતાં બ્રિટનને લગભગ એક વરસ લાગ્યું. જર્મનોમાં કંઇ ખાસ વધારે શોધક શક્તિ હતી એવું દેખાયું નથી; પણ જર્મન વિમાન બનાવનારાઓની ફત્તેહ તેમની સરકારે વિગ્રહના વખતમાં અને તે પહેલાં તેમને જે ઉત્તેજન આપેલું, તેને લીધે, અને સરકારી બ્રિટિશ વિમાની કારખાનાના અમલદારોએ શોધક બ્રિટિશ એંજીનિયરોને જે નહીં આપેલું, તેને લીધે થયેલી.

સરકારી બ્રિટિશ વિમાની કારખાનાએ પોતાની પ્રતિષ્ઠાની ખાતર આખરે એક પકડાયેલા જર્મન એંજિનની નકલ કરવાનો પ્રયત્ન કરેલો. જર્મન મોટરકાર કંપનીએ એંજિનની બનાવટમાં અમુક ખાસ પોલાદ વાપર્યું હતું. બ્રિટનના શેફીલ્ડના પોલાદ બનાવનારાઓ, કે જેઓ જર્મનો તથા અમેરિકનો બંનેથી ચડિયાતા છે, તેઓ એવુંજ પોલાદ જલદી બનાવી શકયા હોત. પણ સરકારના વિમાની અમલદારોને એ ખાનગી બનાવનારાઓ પર આધાર રાખવાનું રુચેલું નહીં. તેમણે એ પોલાદનું પૃથક્કરણ કર્યું; અને તેના પરિણામ પ્રમાણે એક એંજિન તૈયાર કર્યું, પણ તે ફત્તેહમંદ નીવડ્યું નહીં.

બ્રિટનના વિલંબને લીધે હવાની લડાઇનો બધો ભાર ફ્રાન્સ ઉપર આવી પડ્યો. ફ્રેંચો વિમાન બનાવવામાં જર્મનો જેવાજ કુશળ હતા; પણ તેમના મુખ્ય ઔદ્યોગિક પ્રદેશો દુશ્મનના હાથમાં હતા, અને બધા જુવાન માણસો લડાઇની લાઇનમાં રોકાયલા હતા. માત્ર જ્યારે જનરલ જોફ્રે કેટલાક મોટી ઉમરના પરણેલા માણસોને છૂટા કરી શકયો, ત્યારેજ ફ્રાન્સનાં

PARLIAMENT HOUSE, OTTAWA.



પાર્લામેન્ટ હાઉસ, ઓટાવા.

Lakshmi Art, Byculla, Bombay

લડાયક કારખાનાં વધારે વિમાનો બનાવી શકેલાં. ફ્રેંચોએ ફ્રેંચ ભાષા બોલનાર સ્વિત્ઝરલેંડનાં ઘડિયાળ બનાવનાર પરગણાં તરફથી પણ અમુક મદદ મેળવેલી જણાય છે, કે જેમાં સૂક્ષ્મ ધાતુ-કામમાં ટેવાયેલા લાખો માણુસો વસે છે. પણ ઘણા ઘડિયાળ બનાવનાર ગોળાઓના કામમાં રોકાયલા હોવાથી કેટલાંક વિમાની કારખાનાંમાં બીજા કામદારોનો ઉપયોગ થયેલો. પરિણામે કેટલાક ફ્રેંચ સંચાઓ ઉતરતા થવા લાગેલા; અને એવા સંચાઓમાંજ બ્રિટનના કેટલાક સર્વોપરિ વિમાનીઓએ પોતાના જાન ખોયેલા.

ફ્રેંચોના ઉપર કામનું દબાણ ઘણું હતું. તેમના સર્વોપરિ માણસોમાંથી પૅાલહાન જેવા કેટલાએક થોડા સંચાઓ સાથે સર્બિયામાં હતા; જ્યાં તેઓ ઑસ્ટ્રિયનો સાથે લડતા હતા તથા સર્બિયનોને કેળવતા હતા. પછી ૧૯૧૫ ના ઉન્હાળામાં પહેલા વર્ગના કેટલાક ફ્રેંચ વિમાનીઓ ઘણા સારામાં સારા નવી જાતના સંચાઓ સાથે ઇટલીમાં ગયેલા, અને ત્યાં તેમણે આલ્પ્સની હવાઇ લડાઇઓમાં ઇટલીએ પોતાના સંચા અને વિમાનીઓને વધાર્યા, ત્યાં સુધી તેને મદદ કરેલી. એજ અરસામાં બ્રિટિશ નૌકાના નવા અધિકારીઓએ મિ. વિન્સ્ટન ચર્ચિલની પદ્ધતિ છોડી દીધી, અને હ્રાઇનના પ્રદેશમાં તથા કોન્સ્ટન્સના સરોવર ઉપરના ઝેપ્પેલિનના આશ્રયો ઉપર ચડાઇ કરવાનું માંડી વાળ્યું. ફ્રેંચોએ એ કામ પણ ઉપાડી લીધું, એટલુંજ નહીં, પણ દૂર જર્મનીના મુલક ઉપર બોંબની ઘણી ચડાઈઓ ગોઠવીને તેને વિસ્તાર્યું. રુશિયાને લગભગ બધા સંચા ફ્રેંચ કારખાનાંએજ પૂરા પાડેલા, લડાઇ પહેલાં એક હજાર એરોપ્લેન તથા કેટલાક કુશળ વિમાનીઓ આપીને, તથા પૂર્વ મોખરા ઉપર સંગ્રામ વધારે જામતો ગયો, તેમ નવા અને મજબૂત નમૂના મોકલી આપીને. રુશિયનોના જૂના સંચાઓનો ઝડપથી નાશ થતો હતો, અને હવામાં કામ કરવાને તેમને ફ્રાન્સ જેટલા પયદા કરી શકે તેટલાની જરૂર હતી. પણ ફ્રાન્સના સૌથી સમર્થ માણસો ખાઇઓમાં હતા, અને મુખ્ય કોલસાની ખાણો દુશ્મનના હાથમાં હતી, એટલે તેનાથી રુશિયાની બધી જરૂર પૂરી પડાય તેમ નહોતું. છતાં તેણે બન્યું તેટલું કરેલું. આ પ્રમાણે રુશિયા, ઇટલી અને સર્બિયાની માગણી તો હતીજ, ત્યાં ગ્રેટ બ્રિટને પણ ફ્રાન્સ પાસે વિમાનોની માગણી કરેલી.

જર્મનીને માત્ર તુર્કોને મદદ કરવાની હતી, અને આગળ ચાલતાં બલ્ગેરિયનોને; કારણકે ઑસ્ટ્રિયા તો સ્કોડાનાં મોટાં કારખાનાં તથા બીજી ખાનગી સંસ્થાઓની મદદથી ગેલીશિયન અને ઇટાલિયન મોખરા ઉપર જોઇએ તેટલા સંચા બનાવવાને શક્તિમાન હતું.

બ્રિટનમાં હવાઇ રાજનીતિનો સુધારો છેવટે વિમાનીઓની પોતાની હીલચાલથીજ શરૂ થયેલો. મિ. પેમ્બરટન-બિલિંગ, કે જે એક જાણીતો વિમાન બનાવનાર હતો, અને જે સરકારી હવાઇ સેનામાં દાખલ થયો હતો, તેણે ફ્લાઇટ કમાન્ડર તરીકેનું પોતાનું કમિશન છોડી દીધું, અને તે ૧૯૧૬ ના માર્ચની ૧૦ મી તારીખે પાર્લમેન્ટનો મેંબર નિમાયો. મિ. પેમ્બરટન-બિલિંગે હવાઇ અમલદારો ઉપર ટીકા શરૂ કરી; અને ઑક્સફર્ડના લડાઇ સંબંધી ઇતિહાસના પ્રોફેસર મિ. સ્પેન્સર વિલ્કિન્સને તેને ટેકો આપ્યો. મિ. સ્પેન્સર વિલ્કિન્સનનો એક પુત્ર હવાઈ સેનામાં

એક અમલદાર હતો, તથા માર્યો ગયો હતો. સરકારી વિમાની કારખાનાએ વિરૂદ્ધમાં લીધેલા ભાગ સંબંધી તેણે નીચે પ્રમાણે કહેલું:—

"મિ. પેમ્બરટન-બિલિંગે મોખરા ઉપર આપણા માણસોને અપાયલા સંચાઓ વિષે બોલતાં સખ્ત શબ્દો વાપર્યા છે. સંચાઓને માટે તે કહે છે, કે 'તેમાં બેસતી વેળાએ આપણો દરેક વિમાની જાણતો હતો, કે જો પાછું સલામત આવી શકાશે તો તે પોતાના નસીબથી અથવા કૌશલ્યથી બની શકશે, બાકી સંચાથી તો તેને કશી મદદ મળવાની નથી.' એ વાત સાચી છે, અને મોખરા ઉપરના વિમાનીઓની સાથે જેમને નિકટ પરિચય થયો છે તે સૌ એ જાણે છે."

આગબોટ "પર્શિયા" માંથી સારે નસીબે બચેલા લૉર્ડ મોન્ટેગુએ પણ અમીરોની સભામાં બ્રિટિશ હવાઇ સેનાના સંબંધમાં એક સખ્ત ભાષણ કરેલું; પણ તરત તેની નવી હવાઇ કમિટીમાં લૉર્ડ ડરબીના મદદનીશ તરીકે નીમણુક થઇ; અને બોલવાનો પ્રસંગ બંધ થયો. તોપણ ૧૯૧૬ના માર્ચની ૨૧ મી તારીખે આમની સભામાં મિ. પેમ્બરટન-બિલિંગે એ કમિટીના મુખ્ય માણસોની પાત્રતા પર સ્પષ્ટ અને સખ્ત ટીકા કરેલી:—

"હું એમ પૂછવા ચાહું છું, કે હવાઇ સેનાનાં નસીબનો નિર્ણય કરવા માટે લૉર્ડ ડરબીમાં શી લાયકી છે? એ માનવંતા અમીર શું કરી શકશે? જૂદા જૂદા માણસો તેને જે બાબત પર સલાહ આપશે, તે બાબતમાં તે પોતે તો, હું કહેવાને દિલગીર છું, કે કશુંજ જાણતા નથી. * * * તેના મદદનીશ લૉર્ડ મોન્ટેગુએ સરકાર પર ટીકા કરી હતી, અને તેનું શું પરિણામ આવ્યું? ચોવીસ કલાકની અંદર તેના ગળામાં દોરડું પડયું, અને તેને કમિટીમાં બેસવાનું કહેવામાં આવ્યું. બીજા ચોવીસ કલાકમાં તેને કબૂલ કરવું પડયું, કે દેશના લાભની ખાતર પોતાને ઘણી બાબતો કહેવાનું મન તો છે, પણ કમનસીબે પોતાના હોઠ સીવી લેવામાં આવેલ છે.

"પછી કમિટી ઉપર એક જનરલ સ્ટાફના બહાદુર અમલદાર છે. વિમાનો સંબંધી તેમના ખાસ જ્ઞાનની મને કશી ખબર નથી. તે ઘણું હશે, પણ ૧૯૦૪થી વિમાનવિદ્યાની સાથે મારે નિસબત છે, અને મેં તો એમનું નામ એ સંબંધમાં કદાપિ સાંભળ્યું નથી.

"એક બીજા સભાસદ ઍડમિરલ વૉન લી કરીને છે, કે જે એક સમર્થ તથા બહાદુર અમલદાર હોઇને જેણે પોતાની આખી ઝિંદગી દરિયાના ઉમદા ધંધામાં ગાળી છે, અને એ ધંધામાં હું માનું છું કે તેણે ઘણી ઊંચી નામના મેળવી છે. પણ જેવા તે નૌકાના અધિકારી તરીકે લાયક અને સમર્થ છે, તેવાજ તે વિમાનવિદ્યાના વિષયમાં બાળકના જેટલા અજ્ઞાન છે. એ નૌકાધિકારી તરફથી આ દેશ એવી આશા રાખે છે, કે હવામાં દુશ્મનોને કેમ હરાવવા, એ સવાલનો તે નિકાલ કરી શકશે. * * *

"કમિટી કયારે મળે છે? મારી ખબર પ્રમાણે છેલ્લાં ૭ અઠવાડિયાંમાં તે ૭ વાર મળી છે. આનો અર્થ એ થાય છે, કે પાંચ અઠવાડિયાં કરતાં વધારે વખત સુધી વિચારવાની

અથવા રાહ જોવાની રાજનીતિનું અનુસરણ થયું છે. હવાના આ અતિ મહત્ત્વના સવાલના સંબંધમાં જેની નીમણુંક થાય તેમણે ૭ દિવસમાં એક વાર નહીં પણ દર રોજ મળવું જોઇએ, અને જો જરૂર હોય તો આખો દિવસ બેસવું જોઇએ, અને હવાઇ સત્તા તરીકે આપણે ત્રીજા વર્ગની સ્થિતિમાં આવી ગયા છીએ તેનો ઉપાય કરવો જોઇએ."

(આ મહત્ત્વનો વિષય આવતા અંકમાં પૂરો કરવામાં આવશે.)

લડાઇના તાર.

—:૦:—

સામાન્ય સ્થિતિ.

મિત્ર રાજ્યોનો હુમલો શરૂ થઇ ચૂક્યો છે. દુશ્મનને બંને બાજુથી ભીંસવા માંડયો છે. હજી ઘણું આગળ વધાયું નથી. પણ ધીમે ધીમે વધાશે, એ વખતની રાહ જોવાય છે.

બ્રિટિશ વિગ્રહખાતાનો નવો પ્રધાન.

લંડન, ૫ મી જૂલાઇ.

ઓફિસ્યલી જણાવવામાં આવે છે, કે મિ. લૉઇડ જ્યોર્જ વિગ્રહખાતાનો સેક્રેટરી ઑફ સ્ટેટ નિમાયેલ છે; અને સર એડવર્ડ ગ્રેને અર્લ બનાવવામાં આવેલ છે.

બ્રિટિશ હુમલા.

લંડન, ૭ મી જૂલાઇ.

જનરલ હેગ જણાવે છે, કે આજ પ્રભાતથી આલબર્ટની પૂર્વના કેટલાક પ્રદેશમાં સખ્ત હુમલા આપણે શરૂ કર્યા છે. એંકર નદી પાસે અને ફ્રિકોર્ટની ઉત્તરે આપણી નવી ખાઇઓ ઉપર જર્મનોએ પણ હલ્લો કર્યો છે. એંકર અને મોંટોબાનની વચ્ચેના આખા મોખરા ઉપર સખત લડાઇ ચાલે છે. ઓવિલે, લા બ્વાસ્સેલ, અને કોંટલમેસનની પડોસમાં આપણે કેટલીક ઉપયોગી જીત મેળવી છે; પણ થીપવાલની વાયવ્યમાં દુશ્મને ૨૦૦ વાર ખોયેલી જમીન પાછી લીધી છે. *થીપવાલની નૈર્ઋત્યનો હુમલો આપણે કચરી નાંખ્યો છે.*

રુશિયન ધસારો.

પિત્રુગ્રેડ, ૯ મી જૂલાઇ.

ચાર્ટોરિસ્ક અને કોવેલની વચ્ચે એક નવી લાઇન આપણા હાથમાં આવી છે. મેનીએવિચ્ચીનું સ્ટેશન તાબે થયું છે, અને ત્યાં ૨,૦૦૦ કેદીઓ પકડાયા છે. કોસેકોએ હુમલો કરીને ઑસ્ટ્રિયનોને કાપી નાંખ્યા છે, અને ૬૦૦ કેદી પકડયા છે. જનરલ બ્રાસ્સિલોફનાં લશ્કરો સ્ટોખોડની નજીક પહોંચતાં જાય છે, અને સામે થતા દુશ્મનોને સર્વત્ર ધૂળ ભેળા કરે છે. બેરનોવિચ્ચીની પૂર્વમાં જનરલ એવર્ટના મોખરા ઉપર ફરીને ભયંકર લડાઇ શરૂ થઇ છે. રુશિયનોએ ડેલેટિનનો કબજો લીધો છે.

ફ્રેંચ ધસારો.

પારિસ, ૧૦ મી જૂલાઇ.

બારલ્યૂ અને લેમેસનેટની વચ્ચેની ખાઇઓની લાઇન આપણે પડાવી છે, અને બીજા

૯૫૦ બિનજખમી કેદીઓ પકડ્યા છે. સોમની ઉત્તરમાં રાત શાંત હતી. ચૅટનકોર્ટ, ફ્લુરી અને લાલાફુરી ઉપર ગોળાનો વરસાદ ચાલુ છે. બિઆકીસનો કબજો મહત્ત્વનો છે. તેથી ફ્રેંચો પેરોનથી એક માઇલ સુધી પહોંચ્યા છે. પેરોન એક અતિશય મહત્ત્વનું સ્થાન છે.

બ્રિટિશ મોખરો.

લંડન, ૧૧ મી જુલાઇ.

જનરલ હેગ જણાવે છે, કે બપોર પછી અને છ હુમલા નિષ્ફળ ગયા પછી ઘણા માણસોને ભોગે જર્મનો ટ્રોન્સ જંગલમાં પેસી શકયા છે. જંગલમાં મારામારી ચાલુ છે. વધારે પશ્ચિમમાં આપણે મામેઝ જંગલમાં પેસારો કર્યો છે, જ્યાં દુશ્મનના મજબૂત બચાવથી આપણું અત્યાર સુધી કશું ચાલતું નહોતું. ઓવિલે તથા લા બ્વાસ્સેલની પૂર્વમાં પણ આપણે અમુક જગ્યા કબજે કરી છે. આપણા પાયદળે છાપો મારીને કોંટલમેસન પાછું પડાવ્યું છે. મામેઝ જંગલનો મોટો ભાગ આપણા કબજામાં આવ્યો છે.

ટાંગાનો કબજો.

લંડન, ૧૧ મી જુલાઇ.

જનરલ સ્મટ્સ જણાવે છે, કે ૭ મી તારીખે ટાંગાનો કબજો લેવાયો છે. દુશ્મન જરા સામે થયા હતા, પણ જળાશયનો નાશ કર્યા પછી શહેર છોડી ગયા છે.

બ્રિટિશ જીત.

લંડન, ૧૧ મી જુલાઇ.

દસ દિવસ અને રાત લડત ચાલ્યા પછી આપણાં લશ્કરોએ ૧૪,૦૦૦ વારના મોખરા ઉપરની દુશ્મનના બચાવની આખી પહેલી લાઇન કબજે કરી છે.

લંડન, ૧૨ મી જુલાઇ.

ટ્રોન્સ જંગલને માટે અતિશય સખત લડાઇ થઇ છે. ૭ કલાકની હાથોહાથની લડાઇ પછી લગભગ આખું જંગલ કબજે થયું છે; અને જર્મનોને ન્હાસવું પડયું છે.

કોકેસસમાં રુશિયન જીત.

પિટ્રોગ્રેડ, ૧૩ મી જુલાઇ.

અર્ઝરૂમની પશ્ચિમે રુશિયનોએ મહામાતમ શહેર છાપો મારીને કરી લઇ લીધું છે, કે જેને હટી જતા તુર્કોએ આગ લગાડી હતી. છેલ્લા અઠવાડિયામાં રુશિયનોએ ૧૦૭ અમલદારો, ૧,૯૮૪ માણસો અને પુષ્કળ તોપો હાથ કરી છે.

નિવેદન.

આજના અંકની સાથે કાનડામાં ઓટ્ટાવાનું પાર્લામેન્ટ હાઉસ, કે જે કેટલાક વખત પહેલાં કોઈ હરામખોરે આગ ફેંકીને બાળી મૂકયું હતું, તેનો એક ફોટોગ્રાફ અમે અમારા વાંચનારાઓને ભેટ આપીએ છીએ.

ભાવનગર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૨૫ મી જૂલાઇ, ૧૯૧૬. [અંક ૩૪.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વહેંચાતું
સાપ્તાહિક પત્ર.

મંગળવાર, ૨૫ મી જૂલાઇ ૧૯૧૬.

હવાની લડાઇમાં જર્મનીનું પ્રાધાન્ય.

(ગયા અંકથી ચાલુ.)

એક બીજા વધારે ભેદક ભાષણમાં મિ. પેમ્બરટન-બિલિંગે કહેલું, કે નિર્માલ્ય સંચાઓ ઉપર કામ કરવાનો હુકમ થવાથી આપણા ઘણા વિમાનીઓનાં ખૂન થયાં છે, જોકે તે વખતે આપણી પાસે દુનિયાની અંદરના સારામાં સારા સંચાઓ હતા. સરકારી વિમાની કારખાનાના નમૂના પ્રમાણે ઘણા સરકારી કંટ્રાકટરો હલકા સંચાઓ બનાવી રહ્યા હતા, તેને ઉદ્દેશીને તે એ પ્રમાણે બોલેલ જણાય છે; કારણકે ખાનગી બ્રિટિશ વિમાન બનાવનારાઓ ત્યારે પણ આલ્બેટ્રોસ અને ફૉકરને ટક્કર મારે એવા સંચાઓ તૈયાર કરતા હતા. મિ. પેમ્બરટન-બિલિંગના આરોપથી આમની સભામાં ઘણો ખળભળાટ થયેલો; પણ પાર્લમેન્ટના તે વિમાનીએ લંડન શહેરની એક મોટી જાહેર સભામાં ૧૯૧૬ ના માર્ચની ૨૭ મી તારીખે ફરીને ખૂનનો આરોપ મૂકેલો, અને સરકારને કહેવું પડેલું, કે એ બાબતમાં તપાસ કરવા સારૂ એક કમિટી નીમવામાં આવશે.

મિ. પેમ્બરટન-બિલિંગના કહેવા પ્રમાણે બ્રિટિશોએ ૪૧૫ વિમાનીઓ તથા નિરીક્ષકો ખોયેલા—૧૫૦ માર્યા ગયેલા, ૧૬૦ જખમી થયેલા, અને ૧૫૦ ખોવાયેલા. એમાંના ઘણાને એવા સંચાઓ ઉપર ગોળી લાગેલી, કે જેમની ગતિ કલાકમાં માત્ર ૬૮ માઇલની હતી, જ્યારે ફૉકર અને બીજા જર્મન વિમાનોની ગતિ કલાકે ૧૧૦ માઇલની હતી. મોટાં ઝેપેલિનો પણ કેટલાંક બ્રિટિશ વિમાનો કરતાં તો વધારે ગતિવાળાં હતાં. આમ છતાં બ્રિટિશ વિમાનીઓએ પણ સારૂં કામ કરી બતાવેલું, એમાં કશો શક નથી.

જર્મનીમાં પણ એ અરસામાં વિમાની સેના જોઇએ તેવી નહોતી, પણ ત્યાં ખામી માનુષોની હતી. ઇમ્મલમેન અને બોલ્કે જેવા વિમાનીઓ વિરલ હતા. સાધારણ જર્મનમાં પુરતું સાહસ નહોતું; એટલે એ સેનાના ઘણા માણસો સ્કાંડિનેવિયાની સરહદમાંથી ચૂંટેલા હતા. અને ૧૯૧૬ ની વસંતમાં તેને ફરીને વ્યવસ્થિત કરવામાં આવેલી.

૧૯૧૫ ના એપ્રિલમાં જર્મન અમલદારોએ પશ્ચિમ મોખરા ઉપરથી વિમાનોને ઓછાં કરેલાં, કે જેથી તેઓ રશિયનો સામે વધારેનો ઉપયોગ કરી શકે. બ્રિટિશ અને ફ્રેંચ વિમાનીઓની

સામે માત્ર બચાવ પુરતી વ્યવસ્થા રહેલી; એટલે દુશ્મનનાં વિમાનો આપણી ખાઇઓ ઉપર દેખાતાં નહીં. આ ઉપરથી બ્રિટિશો અને ફ્રેંચો બંને એમ માની બેસવા લાગ્યા, કે પોતે હવાનું પ્રાધાન્ય પાછું મેળવ્યું છે; પણ હકીકત એ હતી, કે દુશ્મનો જેમ તોપોમાં તેમ વિમાનોમાં પણ મિત્ર રાજ્યોથી ચડિયાતા હતા, અને પશ્ચિમમાં તેનું જોર ઓછું લાગતું હતું, તે એટલાજ માટે, કે પૂર્વમાં તે એકત્ર થયું હતું.

રૂશિયન સેના એ વખતે વિમાનોની સગવડ બાબત ખરાબ સ્થિતિમાં હતી. વિગ્રહ શરૂ થયો, ત્યારે રૂશિયાની પાસે ૧૦૦ વિમાનીઓ તથા ૧,૦૦૦ સંચાઓ છે, એમ કહેવાતું હતું. પણ તેના સંચાઓ જૂની ઢબના અને ધીમા હોઇને નિર્માલ્ય હતા; જોકે વિમાનીઓ સારા હતા. તેમનામાં લડાઇઓ જીતવામાં જે જોઇએ છીએ તે હિંમત, અને સાહસ અને કુશળતા હતાં. ૧૯૧૫ ના માર્ચમાં તેમાંના એકે જંગલમાં માર્ગ શોધી કાઢીને ઘેરાઇ ગયેલા એક આખા લશ્કરનો પૂર્વ પ્રશિયામાં બચાવ કરેલો, એમ કહેવાતું હતું. અને ફરી ૧૯૧૫ ના મે માસમાં જ્યારે ડિમિટ્રિએફનું લશ્કર ડુનાજેક ઉપર ભાંગી ગયું, ત્યારે તેના કાર્પેથિયન સુધી પહોંચેલા એક વિભાગનો એક વિમાનીએજ ભયંકર મુશ્કેલીઓમાંથી બચાવ કર્યો હતો.

પણ રૂશિયન વિમાનીઓ માત્ર હિંમતથી પોતાના જૂના સંચાઓની ખામીઓનો બદલો વાળી શકે એવું નહોતું. કાર્પેથિયનની લડાઇઓમાં વિલક્ષણ પહાડી પવનોને લીધે તેમને ઘણી હાનિ થઇ હતી. શિયાળામાં અતિશય ટાઢને લીધે બહુ ઊંચે ઉડવાનું બને તેવું નહોતું; ૬૦૦૦ ફુટની ઊંચાઇ સારી ગણાતી, અને જેમ દુશ્મનના તોપ ફોડનારાઓ નિશાન તાકવામાં સુધરતા ગયા, તેમ રૂશિયન સંચાઓ વધારે નાશ પામવા લાગ્યા. અને ત્યારે એક અણધારી બાબતથી સ્થિતિ વિષમ થઇ પડી. વિમાનો મોટા પ્રમાણમાં ફ્રાન્સ પાસેથી ખરીદ કરવાને લીધે વિમાનના કામમાં કેળવાયેલા કારીગરોની સંકટના વખતમાં ખામી આવી. જૂના સંચાઓને રણભૂમિ ઉપર દુરસ્ત કરવા સારૂ પણ જોઇએ તેટલા માણસો નહોતા.

આ સ્થિતિ હતી, ત્યાં ૧૯૧૫ ના એપ્રિલની આખરે દુશ્મનોએ આલ્બેટ્રોસ અને બીજાં ઝડપથી ચાલતાં બે એંજિનો તથા તોપોવાળાં નવાં વિમાનો દાખલ કર્યાં. ખાસ કરીને ડુનાજેક મોખરા ઉપર રૂશિયન સેનાને આંખ રહી નહીં, અને મેકેનસન એવો ભયંકર ફટકો તૈયાર કરી તથા મારી શકયો, કે જેથી આશ્ચર્ય થયેલું.

દુશ્મનની મોટી તોપોનું જોર તો વધારે હતુંજ, અને હવામાં તેના પ્રાધાન્યથી તેની સંહારક શક્તિ ઘણી વધી હતી. રૂશિયનોને હઠી જવું પડયું, તેમાં તેઓની સ્થિતિ આંધળા માણસો દૂરબીનની દૃષ્ટિશક્તિવાળાઓ સામે લડે તેવી હતી. જનરલ એલેક્સિએફને આખરે રાતને વખતે પોતાનાં લશ્કરોને જંગલોમાં છુપાવવાની ફરજ પડેલી, કે જેથી વિમાનમાં બેઠેલા જર્મન નિરીક્ષકો તેઓ કયાં છે, તે જાણી શકે નહીં. ૧૯૧૬ ના જાન્યુઆરીમાં પણ રૂશિયનો કારીગરોની અને મજબૂત સંચાઓની ખામી પૂરી કરી શકેલા નહીં એટલા વખતમાં તેમણે કુશળ અને સાહસિક

સલામતીની ખાતર ગમે તે ખૂણામાં જઇને હું છુપાઇ શકત. આ કંઇ મારા એકલાનો અનુભવ નથી. એ સ્થિતિમાં આવી પડેલ દરેક માણસનો એવોજ અનુભવ છે. એક માણસ એક હોટેલના સપાટ છાપરા ઉપર હતો, ત્યાં ત્રીસ વારની અંદર એક બોંબ આવીને પડયો. એ માણસ એક સિપાઇ હતો, અને તેણે કહેલું, કે 'હું ફ્રાન્સની ખાઇઓમાં જઇ આવ્યો છું. ગોળીઓના વરસાદમાં પણ હું રહેલો છું, પણ જ્યારે આ ગોળો મારી પાસે પડયો, અને સામો જવાબ આપવાની મારામાં શક્તિ નહોતી, ત્યારે મને જે નિર્બળતાનો અનુભવ થયેલો, તેવો અગાઉ કદાપિ થયેલો નહીં.'

"તેટલા માટે જ્યારે નામદાર મેંબર સાહેબો બોલવાને ઉભા થાય, ત્યારે મારે તેમને એટલુંજ કહેવાનું છે, કે અમને બીકણ ન સમજશો. હું તમને કહું છું, કે ન્યૂ કેસલથી ઇસેકસ સુધી અને છેક દક્ષિણ પર્યંત પૂર્વ કિનારા પરના લોકો તમે કે જે પશ્ચિમ કિનારા ઉપર છો તેના જેવાજ બહાદુર છે. નૌકાખાતા તરફથી મને વચન મળ્યું, તે પછી થોડા દિવસોમાં એક તોપ આવેલી, અને તે અમારા શહેરમાં એક ઠેકાણે મૂકાયેલી, તથા રાત દિવસ એ તોપ ઉપર લશ્કરી પહેરો રહેલો. અમે બધા ધારતા હતા, કે એ તોપ શહેરના બચાવ માટે હશે; પણ અમને પાછળથી માલુમ પડ્યું, કે તોપ તો માત્ર દેખાવની અને ખોટી હતી. કંઇ મશ્કરી કરવા સારૂ તો એ વ્યવસ્થા થયેલી નહીં. શું ત્યારે તે જર્મનોને એમ જણાવવા થયેલી, કે બચાવનો બંદોબસ્ત બરાબર છે? એમ હોઇ શકે, જોકે હું ધારૂં છું કે એ બહુ સંભવિત નથી. મને તો લાગે છે, કે લોકોની ધાસ્તી, અને શંકા અને ચિંતા દૂર કરવા સારૂ એ પ્રમાણે થયું હશે. જો એ ઉદ્દેશ માટે એમ કરવામાં આવ્યું હોય, તો એવી ઠગાઇ આપણા લશ્કરી અધિકારીઓએ કરવી ઘટતી નથી, અને જનરલ સ્ટાફે તેની મંજૂરી આપી તે અનુચિત થયું છે."

સર આલ્ફ્રેડ મેલ્ડરના ભાષણથી એક ફેરફાર થયેલો. વિગ્રહ ઑફિસની એક સબકમિટી તરીકે એક જોઇન્ટ કમિટી નિમાયેલી, અને લૉર્ડ ડરબી પ્રમુખ થયેલો. લૉર્ડ મોન્ટેગુ પાછળથી તેનો આસિસ્ટંટ નિમાયેલો. પણ લૉર્ડ ડરબી વિમાન સંબંધી રાજનીતિમાં બ્રિટિશોની નિર્બળતાનો ઢાંકપિછોડો કરે એવો આદમી નહોતો. ૧૯૧૬ ના એપ્રિલના બીજા અઠવાડિયામાં એ બંનેએ કમિટીમાંથી રાજીનામાં આપેલાં; કારણકે કમિટીના હાથમાં કશી સત્તા નહોતી. બર્મિંગહામ ખાતે ૧૨ મી એપ્રિલે ત્યાંના લૉર્ડ મેયરના પ્રમુખપણા નીચે ભાષણ આપતાં લૉર્ડ મોન્ટેગુએ કહેલું, કે:—

"મને કહેવા દો, કે અહીં તમે પાસેમાં પાસેના ઝેપેલિનના સ્થાનથી ભાગ્યે ૩૦૦ માઇલ દૂર વસો છો, અને જેમ ડોવરમાં કે યારમાઉથમાં હો તેમજ અહીં તમારા પર હુમલો થઇ શકે તેમ છે. ઉદ્યોગી ઇંગ્લંડનો એવો કોઇ પણ ભાગ નથી, કે જ્યાં ઝેપેલિન ઉડીને વિનાશ વરસાવી ન શકે. પ્રદેશ જેમ વધારે મહત્ત્વનો હોય, તેમ તેના પર ચડાઇ થવાનો સંભવ વધારે છે. આ વિગ્રહમાં બચાવની શક્તિ એટલી બધી છે, કે મારાઇને તેણે મોટે ભાગે બંધ

પાડી છે. આનું એકજ પરિણામ આવી શકે. દરિયા ઉપર લડાઇને સબમરીનોના પ્રદેશમાં જવું પડશે, અને પૃથ્વી ઉપર હવામાં. લડાઇને નવા માર્ગો લેવાની ફરજ પડશે, અને હજી આપણે તેની શરૂઆતમાં છીએ.

"આજે આપણા કાફલાની આંખો તરીકે કામ કરી શકે એવાં વિમાનો આપણી પાસે નથી. જે કાફલો તમારી હીલચાલ ૭૦ થી ૮૦ માઇલ દૂરથી જોઇ શકે, તે જેની પાસે એવી આંખો ન હોય તેના કરતાં ઘણું વધારે કામ કરી શકે. એ બાબત પહેલેથી ન જોવામાં આપણા રાજ્યકર્તાઓએ બેદરકારી બતાવી છે, એમ કહ્યા વગર ચાલતું નથી. * * *"

લડાઇના તાર.

—:o:—

જર્મનોની વધારે હાર.

લંડન, ૧૪ મી જૂલાઇ.

લોંગેવાલ અને બેઝેંટિન-લે-ગ્રેન્ડનાં ગામડાં કબજે થયાં છે. ટ્રોન્સ જંગલમાંથી દુશ્મનને દૂર કરવામાં આવ્યા છે. દુશ્મનો છૂટથી તાબે થતા જાય છે. એક પલટનનો કમાન્ડર અને તેનો સ્ટાફ કેદ થયેલ છે. બેઝેંટિન-લે-પીટિટ છાપો મારીને લઇ લેવામાં આવ્યું છે. ઓવિલેની આસપાસ લડાઇ ચાલે છે, અને તે આખું આપણા હાથમાં આવેલ છે. લશ્કર ઉત્સાહમાં છે. લડાઇ શરૂ થઇ ત્યારથી ૧૦,૦૦૦ કેદીઓ આપણે પકડેલ છે.

લંડન, ૧૬ મી જૂલાઇ.

બે જંગલો કબજે કરીને બેઝેંટિન-લે-ગ્રેન્ડની ઉત્તરે જર્મનોની ત્રીજી લાઇન આપણે ભેદી છે. લોંગેવાલની પૂર્વમાં ડેલવિલનું આખું જંગલ આપણે હાથ કર્યું છે, અને દુશ્મનના બધા હુમલાને પાછા હઠાવેલ છે. ઘોડેસ્વારોનો ઉપયોગ કરવાનો ૧૯૧૪ થી માંડીને હાલજ પહેલો પ્રસંગ મળ્યો છે. બેઝેંટિન-લે-પીટિટની પશ્ચિમે એજ નામનું આખું જંગલ આપણે પડાવ્યું છે. ઓવિલેથી પૂર્વમાં આગળ ચાલીને પોઝિએરીસની હદ સુધી આપણે પહોંચી ચૂકયા છીએ. છેલ્લા ૨૪ કલાકમાં ૨,૦૦૦ કેદીઓ પકડાયા છે.

આરબોનો બળવો.

કેરો, ૧૫ મી જૂલાઇ.

મક્કાના બાકીના કિલ્લાઓ શરીફને તાબે થયા છે. ૨૮ અમલદારો, ૧,૧૦૦ માણસો, ૪ તોપો અને પુષ્કળ દારૂગોળો હાથમાં આવેલ છે. હવે મક્કામાં તુર્કોની કશી નિશાની નથી.

રૂશિયન જીત.

પિતૃગ્રેડ, ૧૬ મી જૂલાઇ.

રૂશિયનોએ છાપો મારીને બેબર્ટ લીધું છે. આર્મીનિયામાં એ એક મહત્ત્વનું સ્થાન છે. મુશની નૈૠત્યમાં તુર્કો જોરથી સામે થવા છતાં લડાઇનું પરિણામ આપણા પક્ષમાં આવતું જાય છે.

ઇટાલિયન જીત.

રોમ, ૧૬ મી જુલાઇ.

પોસિના પાસે સખ્ત લડાઇ ચાલે છે. ઘણી ગાજવીજ અને તોફાન છતાં બોરકોલા અને બોઇટે ખીણુની દક્ષિણે આપણે આગળ ચાલ્યા છીએ. તોફાના પાસે દુશ્મને પાછો હુમલો કરેલો, તે હઠાવવામાં આવેલ છે.

દુશ્મનના પ્રયત્નો.

લંડન, ૧૯ મી જુલાઇ.

લોંગેવાલ અને ડેલવિલ જંગલમાં કેટલીક જગ્યા દુશ્મને પાછી લીધી હતી, તે ફરીને તેમની પાસેથી પડાવવામાં આવેલ છે. બંને ઠેકાણે હજી સખ્ત લડાઇ ચાલે છે. ગિલેમોન્ટની દિશામાં વૉટરલૉટ ખેતર ઉપર હુમલો કરવાને ઘણા જર્મનો એકઠા થયા હતા, તેમને વિખેરી નાંખવામાં આવેલ છે.

રૂશિયન ધસારો.

પિટ્રોગ્રેડ, ૧૯ મી જુલાઇ.

રૂશિયનો નીચલી લિપા ઉપર દુશ્મનને હઠાવતા જાય છે; અને સ્ટિર તથા લિપાના સંગમથી ઉત્તર તરફ મજબૂત બચાવોના દસ માઇલનો તેમણે કબજો લીધો છે. રૂશિયાના દક્ષિણાદા મોખરા ઉપર હવે માત્ર ૨૦૦,૦૦૦ ઑસ્ટ્રિયનો છે, એમ જણાવવામાં આવે છે.

આગબોટોનો નાશ.

લંડન, ૧૯ મી જુલાઇ.

વિલ્ટન હૉલ અને ઇવેંજેલિસ્ટેરિયા નામે બ્રિટિશ આગબોટો, એંજેલો નામે ઇટાલિયન આગબોટ, તથા વિલ ડી રૂઓં નામે ફ્રેંચ આગબોટ, ડુબાવવામાં આવેલ છે. ઉપરાંત, વર્જીનીયા નામે બ્રિટિશ આગબોટને ટોર્પીડો વાગેલ છે.

બ્રિટિશ હુમલો.

લંડન, ૧૯ મી જુલાઇ.

જણાવવામાં આવે છે, કે બ્રિટિશ પ્રયત્નો માત્ર ગોમકોર્ટ-સોમ મોખરાને વળગી રહેશે નહીં, અને બ્રિટિશ તોપો બાકીના ૭૦ માઇલ ઉપર ગર્જના કરી રહી છે, અને જર્મનોને જંપ આપતી નથી. પકડાયેલી જર્મન તોપોની સંખ્યા હવે ત્રણ આંકડાની થઇ છે.

ફ્રાન્સમાં વધારે રૂશિયનો.

પારિસ, ૨૦ મી જુલાઇ.

વધારે રૂશિયનો ફ્રાન્સમાં બ્રેસ્ટ આગળ ઉતર્યા છે. તેઓ પ્રથમ શિક્ષણ લેવાની છાવણીમાં જશે, અને ત્યાંથી મોખરા ઉપર રવાના થશે.

ભાવનગર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૧ લી ઑગસ્ટ, ૧૯૧૬. [અંક ૩૫.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૧ લી ઑગસ્ટ ૧૯૧૬.

વિગ્રહના વખતમાં હિંદી વિક્રમની સેવા.

" स्वधर्ममपि चावेक्ष्य न विकम्पितुमर्हसि ॥
धर्म्याद्धि युद्धाच्छ्रेयोऽन्यत्क्षत्रियस्य न विद्यते ॥
यदृच्छया चोपपन्नं स्वर्गद्वारमपावृतम् ॥
सुखिनः क्षत्रियाः पार्थ लभन्ते युद्धमीदृशम् ॥

શ્રીમદ્ ભગવદ્‌ગીતા.

અર્થ:—"વળી સ્વધર્મ તરફ જોઇને પણ તને ડગવું ઉચિત નથી, કારણકે ક્ષત્રિયને માટે ધર્મયુદ્ધના કરતાં બીજું કશું વધારે કલ્યાણકારક નથી. દૈવેચ્છાથી આવી મળેલું અને સ્વર્ગના ખુલ્લા દ્વારરૂપ આવું યુદ્ધ, હે અર્જુન! સુખી ક્ષત્રિયોનેજ મળે છે."

ઇ. સ. ૧૯૧૪ માં જ્યારે હિંદી લશ્કરને પહેલવહેલું ફ્રાન્સમાં મોકલવામાં આવ્યું, ત્યારે એ પગલાના ડહાપણ સંબંધી ઘણાને શંકા રહેલી; અને ઘણાને તેથી ઘટે તે કરતાં વધારે આશા બંધાયલી. શંકાશીલોએ કહેલું, કે યુરોપીઅનો સામે કાળા માણસોને લડવા દેવામાં ડહાપણ નથી. દક્ષિણ આફ્રિકાના વિગ્રહમાં હિંદી લશ્કરને ભાગ લેવા દીધેલો નહીં, તે એમ કહીને, કે એ તો ગોરા લોકોનો વિગ્રહ છે. એ ટીકાકારો એમ ડરતા હતા, કે ગોરા લોકોની સાથે યુરપનાં શહેરો અને ગામડાંમાં જો હિંદીઓ ભેળાશે, તો પૂર્વમાં ગોરાઓની પ્રતિષ્ઠાને તેથી હાનિ થશે.

બીજાઓની એવી ધારણા હતી, કે યુરપમાં હિંદી લશ્કરના આવવાથી કંઇક અદ્દભુત વિક્રમ પ્રગટ થશે. તેમણે કહેલું, કે હિંદના જેવા લડવૈયા દુનિયામાં બીજે કયાંય નથી. ગુરખાઓ, રાજપુતો, ડોગ્રાઓ અને પઠાણો સેંકડો વરસથી લડાઇને પોતાનો ધંધો ગણતા આવેલ છે. મરવાનો તેમને કશો હિસાબ નથી. ભૂત કાલમાં ગોરાં લશ્કરોએ તેમને હરાવેલા, તે માત્ર હથિયારો વધારે સારાં હોવાને લીધે. યુરપનાં હથિયારોથી સજ્જ થતાં તેઓ દેખાડી આપશે, કે લડવૈયા કેવા હોય.

૧૯૧૫ ની વસંત સુધીમાં માલુમ પડ્યું, કે જેમ શંકાશીલોની ધાસ્તીઓ ખોટી હતી, તેમ પક્ષકારોની મોટી આશાઓ પણ ખોટી હતી. ગોરાઓની પ્રતિષ્ઠા બિલકુલ ઓછી થઇ નથી. હિંદી લશ્કરના માણસોનું વર્તન નિયમિત અને સંતોષકારક દેખાયું છે. મોટી તોપો, હવાની લડાઇ, વગેરેથી હિંદી સિપાઇઓને યુરોપીઅન બળનો અગાઉના કરતાં વધારે સારો ખયાલ આવ્યો છે. હિંદીઓએ પોતાની બહાદુરી બતાવી આપી છે, અને યુરોપીઅન સિપાઇઓની સાથે રહીને લડવાની શક્તિ સિદ્ધ કરી છે. યુરોપીઅન અમલદારો આગેવાન હોય, ત્યારે તેમણે કોઇ પણ કામમાં પાછી પાની કરી નથી. હુમલાઓમાં વારંવાર તેમણે અસાધારણ શૌર્ય પ્રગટ કર્યું છે.

બીજી તરફ, એ ખરૂં છે, કે અર્વાચીન યાંત્રિક લડાઇનું સ્વરૂપ હિંદી સ્વભાવને અતિશય સખ્ત લાગ્યું છે. હાથોહાથની લડાઇનેજ હિંદીઓ લડાઇ ગણતા આવ્યા છે. દુશ્મન પર હુમલો કરવાનો હોય, તો સાહસમાં કોઇ તેમનાથી ચડે તેમ નથી. પણ આ વિગ્રહમાં બીજા પ્રકારના ગુણો આવશ્યક હતા. દિવસોના દિવસો અને સમાહોના સમાહો સુધી સિપાઇને અદૃશ્ય મૃત્યુના રાજમાર્ગોમાં ઉભા રહેવાનું હતું. પહેલેથી છેલ્લે સુધી મોખરાની ખાઇઓમાં રહેનારાઓના પણ મોટા ભાગને એકેય જર્મનનો રૂબરૂ ભેટો થયેલો નહીં. વળી, હિંદી લશ્કર માત્ર સ્વારોનું અને પાયદળનું હતું, તોપખાનાનું નહીં.

વિગ્રહના પહેલા વરસમાં હિંદીઓએ ૨૨,૯૩૫ માણસો ખોયા છે; અને તેમાંના ૧૭,૩૮૫ પશ્ચિમ મોખરા ઉપર મરાયા અગર જખમી થયા હતા. પણ આટલી બધી હાનિ સહન કરવામાં તેમની બહાદુરી તથા આજ્ઞાધીનતાની પૂરેપૂરી કસોટી થયેલી. એક તો લડાઇ નવા પ્રકારની હતી, અને વળી હવાની સ્થિતિ અતિશય પ્રતિકૂળ અને સખ્ત હતી. અઠવાડિયાંનાં અઠવાડિયાં સુધી તેમને કાદવવાળી ખાઇઓમાં ભરાઇ રહેવું પડેલું. તેમના લડાયક ગુણો પ્રગટ કરવાની તેમને થોડીજ તકો મળેલી; પણ જે મળેલી તેમનો તેમણે પૂરેપૂરો ઉપયોગ કરેલો.

હિંદી પલટનના જીવનમાં બ્રિટિશ અમલદારનો ભાગ મોટો હોય છે. હિંદી સિપાઇઓ તેને એવી રીતે પોતાને વડીલ અને આગેવાન ગણે છે, કે જેવી રીતે ગોરા સિપાઇઓ ગોરા અમલદારને ગણી શકે નહીં. બ્રિટિશ અમલદારોએ પણ વિગ્રહમાં અસાધારણ શૌર્ય બતાવ્યું છે. પલટનનો લગભગ દરેક અમલદાર પોતાના માણસોને દોરતાં માર્યો ગયેલ છે.

ઘણા અમલદારો માર્યા જવાથી એક ગંભીર પરિણામ આવેલું. સિપાઇઓનો અમલદારો પર ઘણો આધાર હતો. જે અમલદારોને તેઓ જાણતા હતા તેમની સાથે તેઓ ગમે તે કરવાને શક્તિમાન હતા. પણ અમલદારો વગર કોઇ વાર તેઓ ભરવાડ વગરનાં ઘેટાંની સ્થિતિમાં આવી પડતા. એમની ભાષા સમજનાર નવા અમલદારો મેળવવાનું ઝડપથી બની શકે એમ નહોતું.

ઇપ્રની બીજી લડાઇમાં હિંદીઓએ સારી સેવા બજાવેલી, અને ઘણા માણસો કામ આવી ગયેલા. લાહોરના વિભાગને એક ભયંકર અનુભવ થયેલો. શનિવાર તા. ૨૪ મી એપ્રિલ ૧૯૧૫ ને રોજ દસ મિનિટની નોટિસથી જર્મન હુમલો પાછો વાળવાનું તેમને પ્રાપ્ત થયું,

૩૩ માઇલની ઝડપથી કુચ કરાવીને તેમને ઇપ્રની ઉત્તરે આણવામાં આવ્યા, અને થોડા કલાકના આરામ પછી સોમવારે સ્હવારે તેઓ લડવાના વ્યૂહમાં ગોઠવાયા. તેમને એક ટેકરી ઉપર ૧,૨૦૦ વારના ખુલ્લા પ્રદેશ પર હલ્લો કરવાનો હતો. એક અમલદાર પાછળથી લખે છે, કે:—

"વાત ખૂન કરવા જેવીજ હતી. જર્મનો પાસે અસંખ્ય મશીનગનો હતી, તથા મોટી તોપોનો પાર નહોતો; અને અમારી લાઇનની પાછળ પાંચ માઇલ સુધીમાં આખા પ્રદેશ પર ગોળાઓનો વરસાદ વરસતો હતો. પરિણામ એ આવ્યું, કે આખા વિભાગમાંથી ૬૦ ટકા આદમીઓ માર્યા ગયા; અને ૧૨,૦૦૦ માણસોમાંથી માત્ર ૫,૦૦૦ જીવતા રહ્યા. અમે જર્મનોની છેક પાસે તો પહોંચી શકયા નહીં, પણ થોડેક પહોંચી શકયા, તેમને એક ટેકરી ખાલી કરવાની ફરજ પાડી, ઘણાને સ્વધામ મોકલી આપ્યા, તથા ખાઇઓ ખોદીને પડ્યા, અને અત્યાર સુધી એ લાઇન આપણાજ કબજામાં છે."

આ સાહસિક ધસારાથી બીજા ત્રણ બ્રિટિશ વિભાગો ઘેરાઇ જતા બચેલા. આ અમલદારની પલટનના ૩૧ અમલદારોમાંથી માત્ર ૪ બચ્યા. બાકીના માર્યા ગયેલા, જખમી થયેલા, અથવા માંદા પડેલા. ઇપ્ર આગળજ હિંદીઓને ભયંકર ઝેરી હવાનો પણ અનુભવ થયેલો.

બંગાળાના ગવર્નરના બૉડીગાર્ડના કપ્તાન સ્મિથ એક શીખ ટુકડીની પોતે કુમક કરેલી તેનું સારૂં વર્ણન આપે છે. આ માણસોના એક સિવાય બધા અમલદારો ખપી ગયા હતા; અને કમર સુધી બરફના જેવા થંડા પાણીવાળી એક ખાઇમાં તેઓ હતા. ડીસેંબર મહિનો ચાલતો હતો, અને ત્રણ દિવસ તથા રાત સુધી તેઓ ત્યાં લગભગ કશા ખોરાક વગર પડ્યા હતા. ખાઇમાં ચાલતાં તેણે કેટલાક માણસોની સાથે વાત કરી, જેમાંનો દરેક ટાઢથી ભૂખરો થયેલ અને કમર નીચેથી ઠરી ગયેલ હતો. તેઓ બધા એકજ બોલ બોલતા હતા:—"સાહેબ, અમે હરી ફરી શકતા નથી, પણ ગોળીબહાર કરી શકશું. તમારા માણસોને લઇ જાઓ; અમે મરશું ત્યાં સુધી અહીં રહેશું." એ બધાને પરાણે લઇ જવામાં આવ્યા, અને ૩૬ કલાકમાં તેઓ પાછા આવેલા.

મીરતના સવારોની સાથે કામ કરીને પાછા ફરતાં બારિયાના નામદાર મહારાજા સાહેબે કહેલું, કે:—

"હિંદી લશ્કરો આનંદમાં અને ખુશમિજાજમાં છે, અને શહેનશાહતની લડાઇ લડવાની તક મળવા માટે મગરૂર છે. ખાઇઓની જિંદગીને હવે તેઓ ટેવાઇ ગયેલ છે, અને હું મારા અનુભવથી કહી શકું છું, કે તેઓ વીરત્વથી લડે છે. હિંદી લશ્કરના માણસોની સાથે વાતચિત કરવાનો મને પ્રસંગ મળ્યો છે, અને મેં જોયું છે, કે તેઓ પરમ ઉલ્લાસમાં છે; અને તેમને માટે ઇસ્પિતાલ વગેરેની જે ગોઠવણો કરવામાં આવેલી છે, તેથી અતિશય પ્રસન્ન છે. શહેનશાહ રાજાજી જ્યોર્જ અને રાણીજી મેરી હિંદી લશ્કરના આરામ માટે ઘણી કાળજી રાખે છે; અને લૉર્ડ કિચનર તથા સર જૉન ફ્રેંચની પણ એવીજ લાગણી છે. હિંદી સિપાઇઓને

Russian Ladies seeking to know the fate of beloved ones in the field.

રૂશિયન બાનુઓ લડાઈમાં ગયેલા પોતાના પ્રિયજનોનાં નસીબ જોવરાવે છે.

Lakshmi Art, Byculla, Bombay

દુશ્મનના ભેટાનો લેશ પણ ડર નથી, છતાં ખાઇઓની લડાઇમાં તેઓ પોતાનું પાણી બતાવી શકતા નથી. ગુરખાઓ, સીખો, રાજપુતો, મરાઠાઓ, તથા મુસલમાનો સૌ એકજ પ્રાણથી પ્રેરિત છે,—અર્થાત્, આ મહાન્ વિગ્રહમાં શહેનશાહતની સેવા કરવી, અને શહેનશાહ રાજાજીની કીર્તિમાં વધારો કરવો. બ્રિટિશો તથા ફ્રેંચો સંબંધી તેમને સારો અભિપ્રાય બંધાયો છે; અને ફ્રેંચો તેમના તરફ ઘણાં માયાળુપણાથી અને લાગણીથી વર્ત્યા છે."

પછીનો ઉન્હાળો હિંદી લશ્કરોએ ખાઇઓમાં અને તેમની પાછળ નિત્યના કામમાં ગાળેલો. કેટલાંક અઠવાડિયાં સુધી પ્રમાણમાં શાંતિ રહેલી; અને પછી ૧૯૧૫ ના સપ્ટેંબરની ૨૫ મી તારીખે પૂર્ણ તૈયારી કરીને બ્રિટિશોએ લૂસ ઉપર હુમલો કર્યો. એ લડાઇમાં પણ હિંદીઓએ બ્રિટિશોની સાથે લડીને સારૂં પરાક્રમ બતાવેલું.

૧૯૧૪–૧૫ ના શિયાળાના અનુભવથી સિદ્ધ થયું હતું, કે ફ્લેંન્ડર્સનાં ટાઢ અને શરદી હિંદીઓને અતિશય સખ્ત લાગે છે. સાલોનિકા અને ઇજિપ્ત જેવાં બીજાં સ્થળોમાં તેમની સેવાની જરૂર હતી; અને એ સ્થાનોની હવા તેમને વધારે અનુકૂળ હતી. એટલે ૧૯૧૫ ના ડીસેંબરમાં હિંદી લશ્કરને ફ્રાન્સથી લઇ જવામાં આવેલું. વિદાય થયા પહેલાં શહેનશાહ રાજાજીના પ્રતિનિધિ તરીકે પ્રિન્સ ઑફ વેલ્સ તરફથી તેમને નીચે પ્રમાણે સંદેશો મળ્યો હતો:—

"અમલદારો, કમિશન વગરના અમલદારો, અને હિંદી લશ્કરના સિપાઇઓ:

"એક વરસ પહેલાં મેં તમને હિંદુસ્તાનમાંથી બોલાવ્યા હતા, કે જેથી કરીને તમે મારી શહેનશાહતની સલામતી માટે તથા મારૂં આપેલું વચન પાળવા સારૂ બેલ્જિયમ અને ફ્રાન્સનાં રણક્ષેત્રો ઉપર લડી શકો. તમારી ફરજની લાગણીમાં, હિંમતમાં, અને વીરતામાં મેં તે વખતે જે વિશ્વાસ બતાવ્યો હતો, તેની યોગ્યતા તમે તે પછી ઉમદા રીતે સાબિત કરી આપેલ છે.

"હવે મને બીજાં કાર્યક્ષેત્રમાં તમારી સેવાની જરૂર પડી છે; પણ તમે ફ્રાન્સ છોડીને જાઓ તે પહેલાં, જેણે મારી સેનાની સાથે લડાઇનાં દુઃખો અને સંકટો સહન કરેલ છે, તે મારા વહાલા અને બહાદુર પુત્ર પ્રિન્સ ઑફ વેલ્સને હું તમારી પાસે મોકલું છું, કે તે મારા નામથી તમારી સેવાઓ માટે તમારો ઉપકાર માને, અને તમારી પાસે મારો સંતોષ જાહેર કરે.

* * * * *

"ઊંડામાં ઊંડા રસથી મેં તમારી સ્થિતિઓનું અવલોકન કર્યું છે, અને તમારાં પરાક્રમો અભિમાન તથા સંતોષથી નિહાળ્યાં છે. ઘણા બહાદુર અમલદારો તથા સિપાઇઓની હાનિ માટે હું તમારી સાથે શોક કરૂં છું. પોતાના રાજાની આબરૂને વાસ્તે તથા મારી શહેનશાહતની સલામતી સારૂ એક ધર્મયુદ્ધમાં તેમણે સંકોચ વગર પોતાના પ્રાણ આપ્યા છે, એ હકીકતથી જેમ પહેલાં તમને મગરૂબી લાગતી હતી, તેમ હવે આશ્વાસન લાગવા દો. તેઓ બહાદુર સિપાઇઓ તરીકે મરણ પામ્યા છે, અને તેમના સ્વાર્પણનું મને હમેશાં ઉપકાર સાથે સ્મરણ રહેશે.

"જે આબરૂદાર કર્મ તમે કરી બતાવ્યાં છે, તે માટે યોગ્ય અભિમાન સાથે તમે ફ્રાન્સ છોડી જાઓ છો; અને મને પૂરેપૂરો વિશ્વાસ છે, કે જે બીજાં કાર્યક્ષેત્રોમાં તમે જાઓ છો, ત્યાં પણ તમારાં સિદ્ધ શૌર્ય અને અનુભવથી બીજા વિજયો મેળવવામાં તમે ભાગ લેશો.

"ઈશ્વરને મારી પ્રાર્થના છે, કે તે તમને સુખી કરે, અને તમારી રક્ષા કરે, અને જ્યારે છેવટનો વિજય પ્રાપ્ત થાય, ત્યારે દરેકને સલામતીથી તેને પોતાને ઘેર પહોંચાડે, કે જ્યાં તમારા પોતાના લોકોમાં તમે માનપૂર્વક સત્કાર પામો."

હિંદી લશ્કરને ફ્લેન્ડર્સમાં મોકલ્યાં, તે એક મોટો પ્રયોગ હતો. એ સફળ થયેલો કે નહીં? મિ. જી. વેલેન્ટાઇન વિલિયમ્સ કરીને એક લેખક, કે જેને ફ્લેન્ડર્સમાં ઘણા મહિના સુધી હિંદીઓનો અભ્યાસ કરવાનો પ્રસંગ મળ્યો હતો, તે નીચે પ્રમાણે જવાબ આપે છે:—

"હિંદી લશ્કરે બ્રિટિશ પક્ષની મોટી અને અમૂલ્ય સેવા બજાવી છે. પહેલા માણસો આવ્યા ત્યારે એવો વખત હતો, કે દરેક માણસની જરૂર હતી; અને જેવી તેમની સંખ્યા પૂરી થઇ, કે આપણી લાઇનનો પોતાનો ભાગ તેમણે ઉપાડી લીધો, અને મજબૂતીથી પકડી રાખ્યો. હિંદીઓને ખાઇઓની લડાઇની દરેક વાત નવી હતી, અને સાહસના જે ગુણોથી પોતાના દેશની ઘણી આકરી લડાઇઓમાં તેમણે કીર્તિ મેળવેલી, તે પ્રગટ કરવાનો મહિનાઓ સુધી તેમને કશો પ્રસંગ મળેલો નહીં. પણ પોતે ઉત્તમ નિશાન તાકનાર છે, એમ તેમણે બતાવેલું; અને ચોકીના કામમાં એવી સિફત અને કુશળતા પ્રગટ કરેલી, કે જેથી ઘણી કિંમતી માહિતી મળેલી. * * * હિંદીઓને પોતાને માટે તેમજ શહેનશાહતને માટે હિંદી લશ્કરને યૂરપમાં મોકલવામાં આવ્યું એ મોટું સાહસ હતું, અને ઘણી રીતે મહા વિગ્રહનો એ સૌથી વિલક્ષણ બનાવ છે. ભવિષ્યની તો ભગવાનને ખબર, પણ આ લેખકની માફક જેમણે બ્રિટિશ અને હિંદી વિક્રમોને રણક્ષેત્ર ઉપર સાથે જોયેલ છે, તેમને એક વાત તો સ્પષ્ટ થયેલીજ છે; અને તે એ છે, કે હિંદી સિપાઇ અને તેના બ્રિટિશ આગેવાનો વચ્ચે જે સ્નેહ અને માનની ગ્રંથિઓ હતી, તે આ વિગ્રહથી વધારે દૃઢ થયેલ છે."

ગાલીપોલી ઉપરની ચડાઇમાં હિંદી લશ્કરે પૂરેપૂરો ભાગ લીધેલો. બ્રિટિશો પહેલવહેલા ઉતર્યા, ત્યારથીજ હિંદી પાયદળ અને તોપખાનું સાથે હતાં. એક બ્રિટિશ ટુકડી ૧૮ દિવસ અને રાતથી લડ્યા કરતી હતી, તેને સ્થાને મેની ૧૯ મી તારીખે હિંદી પાયદળની ૨૯ મી બ્રિગેડ દાખલ થઇ. દુશ્મનની જમણી બાજુ દરિયામાં ધસી આવેલી એક ઊંચી સીધી ટેકરી પર હતી; અને ત્યાંથી મશીનગનો વાપરીને તેઓ આપણા હુમલાની ડાબી બાજુને તોડી નાંખતા હતા. તુર્કોને એ જગ્યાએથી કાઢવાને બે વાર પ્રયત્ન કરવામાં આવ્યા હતા, પણ તે બંને નિષ્ફળ નીવડ્યા હતા. છેવટે ગુરખાઓ પર એ કામ આવી પડ્યું. તેઓ એ સ્થાનક પડાવી શક્યા, એટલુંજ નહીં, પણ બ્રિટિશ લાઇનમાં સુમારે ૫૦૦ વારનો વધારો કરી શક્યા.

(આ મહત્ત્વનો વિષય આવતા અંકમાં પૂરો કરવામાં આવશે.)

લડાઇના તાર.

—:o:—

સામાન્ય સ્થિતિ.

પૂર્વ અને પશ્ચિમ બંને મોખરાઓ ઉપર દુશ્મનને હઠવું પડે છે. હજી ધસારાનો વેગ જરા મંદ લાગે છે, પણ એ મંદતામાં ડહાપણ છે. મેસોપોટેમિયામાં અને સાલોનિકા પાસે હજી સંતોષકારક ચિહ્નો દેખાતાં નથી. પણ રૂશિયનો સારૂં જોર બતાવતા જાય છે; અને બ્રિટિશો તથા ફ્રેંચો સાવધ રહીને બનતું કામ કરે છે. શરૂઆતમાં જેટલો વિલંબ થાય છે, તેટલો આગળ ચાલતાં થવાનો સંભવ નથી.

રૂશિયન ધસારો.

લંડન, ૨૨ મી જૂલાઇ.

જર્મનો પણ કબૂલ કરે છે, કે રૂશિયનો દ્વિના નદી ઓળંગ્યા છે. રિગા મોખરા ઉપર કેટલાક વખતથી તેઓ પુષ્કળ કામ કરે છે, એમ વાત બહાર આવે છે. જર્મન ખાઇઓની ત્રણ લાઇન તથા ઘણા કેદીઓ અને તોપો તેમણે કબજે કરેલ છે.

બ્રિટિશ હુમલો.

લંડન, ૨૩ મી જૂલાઇ.

પોઝિઅેરીસથી ગિલેમોન્ટ સુધી આખા મોખરા ઉપર સખત લડાઇ ચાલે છે. પોઝિઅેરીસ પાસેના બહારના જર્મન બચાવો ઑસ્ટ્રેલિયનો અને ટેરિટોરિયલોએ મધ્ય રાત્રિ પછી તરત ચડાઇ કરીને કબજે કરેલ છે. ગામડામાં જર્મનો ઘણી મશીનગનોથી સામે થયા છે. સવારમાં એક વાર આખું લોંગેવાલ ફરી પડાવ્યું હતું, પણ તેમાંથી ઉત્તરાદો છેડો જર્મનોએ પાછો લીધેલ છે. એજ પ્રમાણે ગિલેમોન્ટના બહારના ભાગો પણ બે વાર હાથમાં પડેલ છે, અને પાછા ગયેલ છે.

રૂશિયન પરદેશખાતાની ઓફિસ.

પિતૃગ્રેડ, ૨૩ મી જૂલાઇ.

રૂશિયન પરદેશખાતાના પ્રધાન મિ. સેઝેનોફે રાજીનામું આપ્યું છે. તેની જગ્યાએ મિ. સ્ટર્મર નિમાયેલ છે, જે મુખ્ય પ્રધાન પણ છે. મિ. સેઝેનોફને તબીયત નાદુરસ્ત હોવાના કારણથી રાજીનામું આપવું પડ્યું છે.

રૂશિયન વિક્રમ.

પિતૃગ્રેડ, ૨૪ મી જૂલાઇ.

ચાર દિવસની સંતત લડાઇ પછી રિગા મોખરા ઉપર મારામારી જરા ઓછી થઇ છે. રૂશિયનો જીતેલાં સ્થાનોને મજબૂત કરવામાં રોકાયા છે; અને જર્મનો કુમક આવી પહોંચવાની રાહ જુએ છે. રૂશિયનોએ જર્મનોને ઇકસકલથી રિગાના અખાત સુધી હઠાવ્યા છે. કેટોનં પ્રદેશમાં તેઓ પશ્ચિમ તરફ બાર માઇલ આગળ ચાલ્યા છે.

ફ્રેંચોની જીત.

લંડન, ૨૫ મી જૂલાઇ.

સોમની ઉત્તરે અને એસ્ટ્રીસના ગામની દક્ષિણે ફ્રેંચોએ એક તોપખાનું કબજે કર્યું છે. ૨૦ મી જૂલાઇ પછી સોમની પેલી તરફ તેમણે ૬૦ કરતાં વધારે મશીનગનો પડાવી છે. થિએમોન્ટની પશ્ચિમે એક મજબૂત સ્થાન પાયદળે જીતી લીધું છે, અને ૫ મશીનગનો તથા ૪૦ કેદીઓ પકડેલ છે.

ડોવરની ચોકી.

લંડન, ૨૫ મી જૂલાઇ.

તા. ૩જી ડીસેમ્બર ૧૯૧૫ થી ડોવરની ચોકી સંબંધી એક રિપોર્ટ પરથી જણાય છે, કે છેલ્લા ૭ મહિનામાં લડાઇનાં વહાણો ઉપરાંત ૨૧,૦૦૦ વેપારી વહાણો ચોકીને માર્ગે પસાર થયાં છે, અને તેમાંથી માત્ર ૨૧ ખોવાયાં અથવા ગંભીર ઇજા પામ્યાં છે. ચોકીનાં વહાણોમાંથી ચાર ટકા જેટલાં ડુબી ગયાં છે, અને ૭૭ જાનની ખુવારી થઇ છે.

પોઝિએરીસની જીત.

લંડન, ૨૬ મી જૂલાઇ.

આખું પોઝિએરીસ આપણા હાથમાં આવેલ છે. ગામની પશ્ચિમે આપણે આગળ ચાલ્યા છીએ, અને બે મજબૂત ખાઇઓ કબજે થયેલ છે. પોઝિએરીસ ઊંચાણ પર આવેલું હોઇને તોપો ગોઠવવા માટે બહુ અનુકૂળ છે, અને તેટલાજ માટે જર્મનોએ એટલા જોરથી અટકાવ કરેલો. અત્યાર સુધીમાં બ્રિટિશો અને ફ્રેંચોએ મળીને ૨૬,૨૩૩ કેદીઓ પકડેલ છે. માલ પણ ઘણો હાથ આવેલ છે, જેમાં ૧૪૦ તોપોનો સમાવેશ થાય છે.

અર્ઝિંગાનની જીત.

લંડન, ૨૬ મી જૂલાઇ.

ઑફિશ્યલી જણાવવામાં આવે છે, કે રૂશિયનોએ અર્ઝિંગાન જીતી લીધું છે.

ફ્રેંચ ધસારો.

પારિસ, ૨૭ મી જૂલાઇ.

એસ્ટ્રીસની પૂર્વમાં આપણે આગળ વધ્યા છીએ. સોયેકોર્ટની હદ પાસે સારી ઝપાઝપી થઇ છે. નં. ૩૦૪ ની ટેકરી ઉપર તથા ફ્લૂરી અને લા લૉફી ઉપર તોપોનો મારો થયો છે. થિએમોન્ટની પશ્ચિમે પણ આપણે આગળ ચાલ્યા છીએ.

નિવેદન.

આજના અંકની સાથે મોખરા ઉપરના પ્રિય જનોનાં નસીબ જોવરાવતી રૂશિયન બાનુઓનો એક ફોટોગ્રાફ અમે અમારા વાંચનારાઓને ભેટ કરીએ છીએ.

ભાવનગર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૮ મી ઑગસ્ટ, ૧૯૧૬. [અંક ૩૬.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૮ મી ઑગસ્ટ ૧૯૧૬.

વિગ્રહના વખતમાં હિંદી વિક્રમની સેવા.

(ગયા અંકથી ચાલુ.)

" हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम् ॥
तस्मादुत्तिष्ठ कौन्तेय युद्धाय कृतनिश्चयः ॥
सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ॥
ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि ॥ "

श्रीमद् भगवद्गीता.

અર્થ:—"જો હણાયો, તો સ્વર્ગ પામીશ; અથવા જો જીત્યો, તો પૃથ્વીનો ઉપભોગ કરીશઃ તેટલા માટે હે અર્જુન! લડવા માટે નિશ્ચય કરીને ઉભો થા. તેટલા માટે સુખદુઃખને, લાભાલાભને અને હારજીતને સમાન કરીને યુદ્ધમાં જોડાઇ જા; એ રીતે તને પાપ વળગશે નહીં."

શ્રીમદ્ ભગવદ્ગીતા.

જૂનની ૪ થી તથા ૫ મી તારીખે તુર્કી મથકો ઉપરના હુમલામાં સીખ પાયદળની ૧૪ મી પલટને આગેવાન ભાગ લીધો હતો. હિંદુસ્તાનના સેનાધિપતિ સર બોચામ્પ ડફને સર આયેન હૅમિલ્ટને આ પલટનના વિક્રમનું સારૂં વર્ણન આપેલ છે. જ્યારે દુશ્મનની ખાઇઓ ઉપરનો મુખ્ય હુમલો નિષ્ફળ નીવડ્યો, ત્યારે બે ટુકડીઓ પાછી ફરેલી નહીં. બધા બ્રિટિશ અમલદારો અને ૪૫ ટકા જેટલા માણસો ખપી ગયા, ત્યાં સુધી તેમણે લડ્યા કર્યું. લડાઇ શરૂ થઇ, ત્યારે ૧૫ બ્રિટિશ અમલદારો, ૧૪ હિંદી અમલદારો, તથા ૫૧૪ સિપાઇઓ વગેરે હતા. બીજી સવારે બિનજખમી આદમીઓમાં માત્ર ૩ બ્રિટિશ અમલદારો, ૩ હિંદી અમલદારો, તથા ૧૩૪ સિપાઇઓ રહેલા. આટલા બધા નુકસાન પછી પણ સીખો નરમ પડેલા નહીં. સર આયેન હૅમિલ્ટને લખેલું, કે "આ ફાંકડી પલટને અતિશય શૌર્ય બતાવ્યું છેઃ એક તસુ પણ જગ્યા છોડી નથી, અને એક પણ રખડતો આદમી પાછો આવેલ નથી." બ્રિટિશ સિપાઇઓને પણ સીખોનું આ વીરત્વ જોઇને તેમને માટે માન ઉત્પન્ન થયેલું.

ઑગસ્ટની શરૂઆતમાં એન્ઝૅકની ઉત્તરે જે ભયંકર લડાઇ થયેલી, તેમાં પણ હિંદી લશ્કર બ્રિટિશની સાથે હતું. સારી બેરની પાસે પહોંચવામાં હિંદીઓએ ન્યૂઝીલૅન્ડરોની સાથે કામ કરેલું; અને એક ન્યૂઝીલૅન્ડનો અમલદાર, મેજર ઓવરટન, રાતને વખતે હિંદી ટુકડીને દોરતાં મરણ પામેલો. તે પછી સુવલાના અખાતની લડાઇમાં પણ હિંદીઓએ એક ફત્તેહમંદ હુમલો કરીને પોતાનું પાણી બતાવી આપેલું.

દરમિયાન ઇરાની અખાતના પ્રદેશમાં સ્થિતિ બદલતી હતી, અને હિંદીઓ તેમાં મુખ્ય ભાગ લેવાના હતા. હિંદી સરકારે બગદાદ છૂતી લઇને તુર્કીને ફટકો લગાડવા યત્ન કર્યો. તુર્કી વિગ્રહમાં જોડાયું, તે પછી થોડે દિવસે ૧૯૧૪ ના નવેંબરમાં હિંદી લશ્કર ઇરાની અખાતમાં શાત-અલ-આરબના મુખ પાસે પહોચ્યું, અને ત્યાં ઉતર્યું. તુર્કીનું વલણ શંકા પડતું હતું, એમ જાણીને હિંદી સરકારે ઑક્ટોબરમાં એક આખી બ્રિગેડ જનરલ ડેલેમેનની સરદારી નીચે બેહરીન ટાપુઓમાં મોકલી આપી હતી, કે જે વખત આવતાં તરત ઘા કરી શકે. નવેંબરની ૬ ઠ્ઠી તારીખે આ બ્રિગેડે ફાઓ લીધું, તથા પછી તરત બસરાનું મહત્ત્વનું શહેર કબજે કર્યું. પાછળથી સખ્ત લડાઇ થઇ, અને દુશ્મનના હુમલા વારંવાર હઠાવવામાં આવ્યા. વધારે લશ્કર સાથે જનરલ સર એ. એ. બૅરેટ નવેંબરની ૧૨ મી તારીખે આવી પહોંચ્યો, અને લશ્કર આગળ ચાલ્યું. એક પછી એક શહેર પર હુમલો થતો ગયો, અને તે કબજે થતાં ગયાં.

જનરલ ગૅરિંજની સરદારી નીચેની લડાઇમાં હિંદીઓએ મોટો ભાગ લીધો. જૂલાઇની શરૂઆતમાં, જ્યાં હોકીકેનો યુફ્રેટીસ સાથે સંગમ થાય છે, ત્યાંથી સુમારે અઢી માઇલ ઉપર આ સેનાપતિનું લશ્કર સ્થાપિત થયું હતું. જૂલાઇની ૫ મી તારીખે આ લશ્કર મેજર-જનરલ મેલિસની સરદારી નીચે દુશ્મન પર હુમલો કરવાને આગળ વધ્યું. માણસોમાં પંજાબીઓ અને ગુરખાઓ મુખ્ય હતા. દેશમાં ચોતરફ રેલ આવેલી હોવાથી કેટલુંક લશ્કર સ્થાનિક હોડીઓમાં રવાના થયેલું. સામે ૧,૦૦૦ તુર્કો તથા ૨,૦૦૦ આરબો હતા; અને તેમની પાસે ૪ તોપ હતી. આપણા લશ્કરે ૧૩૦ કેદી પકડ્યા, ૪ તોપો હાથ કરી, અને દુશ્મનનું સ્થાનક કબજે કર્યું. આપણા ૨૬ માણસો માર્યા ગયા, અને ૮૫ જખમી થયા. જૂલાઇની ૨૫ મી તારીખે નાસિરિયેહ કબજે થયું, તેમાં પણ હિંદીઓએ સારો ભાગ લીધો. એ લડાઇમાં સુબેદાર મેજર અજબખાન અને ૭૬ મી પંજાબી પલટનના ૨૦ માણસો કર્યા નદીમાં પડેલા, અને આગ વરસતી હોવા છતાં તરીને બીજી બાજુએ પહોંચેલા. નદી ૨૫૦ વાર પહોળી હતી, અને પ્રવાહ જોરાવર તથા ઊંડો હતો. તેઓ એક હોડી લઇને પાછા આવ્યા, અને તેમાં બેસી બેસીને માણસો બીજે કિનારે ઉતર્યાં, કે જ્યાંથી માટીના એક મજબૂત કિલ્લા પર હુમલો કરવાનો હતો.

મેસોપોટેમિયા ઉપરાંત હિંદી લશ્કરે ૧૯૧૫-૧૬ માં ઇજિપ્તમાં, સ્વેઝની નહેર ઉપર, એડનમાં તથા પૂર્વ આફ્રિકામાં કામ કરેલું છે.

વિગ્રહ શરૂ થયો તે પહેલાં જર્મન સરકારે હિંદમાં તોફાનો કરાવવાને માટે કેટલીક ગોઠવણો કરી રાખી હતી. જર્મનીએ ધારેલું પરિણામ તો આવેલું નહીં; પણ સિંગાપુર,

લાહોર, કલકત્તા તથા રંગૂનમાં ન્હાનાં મોટાં તોફાનો થયેલાં ખરાં. એ તોફાનોની પણ થોડી નોંધ આ પ્રસંગે લેવી આવશ્યક છે.

સિંગાપોરમાં તોફાન.

સિંગાપોરમાં હિંદી પાયદળે ખુલ્લો બળવો કરેલો. ઇ. સ. ૧૯૧૫ ના ફેબ્રુઆરીની ૧૫ મી તારીખે, જ્યારે સિંગાપોરની યુરોપીઅન વસ્તીના કેટલાક માણસો બાગમાં સાંઝની હવા ખાતા હતા, ત્યારે જૂદે જૂદે ઠેકાણેથી બંદુકના અવાજ શરૂ થયા, અને કેટલાક યુરોપીઅનો મરણતોલ જખમી થઇને પડ્યા. સ્થાનિક વોલંટિયરો બનતી ત્વરાથી સજ્જ થયા. બંદરમાં એક આગબોટ હતી, તેમાંથી પણ કેટલાક માણસો ઉતર્યા. દોરડાં વગરના તારના સંદેશા ચોતરફ મોકલવામાં આવ્યા, કે એક હિંદી પલટને બળવો કર્યો છે, અને જ્યાં યુરોપીઅન મળે છે ત્યાં તેને ગોળીએ મારે છે.

બહાર બંગલાઓમાં કેટલાક યુરોપીઅનો બાઇડીઓ અને છોકરાં સાથે રહેતા હતા. બીજા કેટલાક સાંઝનો વખત હોવાથી ગાડીઓ અથવા મોટરોમાં ફરવા ગયા હતા. આમાંના કેટલાકનાં બળવાખોરોએ ઓચિંતાં ખૂન કર્યાં. અમલદારો તથા સિવિલિયનો પર કશી સાવચેતી વગર ગોળીઓ છૂટી. એ આખી રાત મારામારી ચાલુ રહી.

કેટલાંક પરદેશી વહાણો નજીક હતાં, તેના ખલાસીઓને મદદ માટે બોલાવવામાં આવ્યા. જોહોરના સુલતાને પોતાના લશ્કરનો ઉપયોગ કરવાની ઇચ્છા જણાવી. કેટલાક જાપાની રહેવાસીઓ વોલંટિયર તરીકે એકત્ર થયા. ફેબ્રુઆરીની ૧૭ મી તારીખે અણીને વખતે ઍડમિરલ હેગ્વેટે એક ફ્રેંચ લશ્કર પણ મદદ માટે ઉતાર્યું. ફ્રેંચોના આવવાથી તોફાન શમી ગયું.

સિંગાપોરમાં પરહેજ કરેલા કેટલાક જર્મનોની ઉશ્કેરણીથીજ બળવો થયેલો, એમાં કશો શક નથી. બળવો શરૂ થયા પછી થોડાજ વખતમાં બળવાખોરોએ જર્મન કેદીઓની છાવણીનો કબજો લીધેલો; અને તેમને છોડી મૂકેલા. આમાંના ઘણાખરા કેદીઓ તરત પાછા પકડાયેલા; અને જે થોડા સિંગાપોર પાસેના એક ડચ ટાપુમાં પહોંચેલા, તેઓ ત્યાં કેદ થયેલા.

બળવાખોર પલટનના કુલ માણસો ૮૧૮ હતા. ફેબ્રુઆરીની ૧૫ મીએ લડાઇ શરૂ થયેલી; પણ ૧૮ મીની સ્હવાર સુધીમાં સ્થિતિ ઠીક થઇ ગઇ. માર્ચની ૧ લી સુધીમાં નહીં પકડાયેલા બળવાખોરોની સંખ્યા ૬૨ થી વધારે નહોતી. બાકીના ઘણાખરા શરણ થયા, અને ૫૬ માર્યા ગયા, જખમી થયા, અથવા ડૂબી ગયા. સારે નસીબે તેમની પાસે દારૂગોળો થોડોજ હતો, અને તે જલદી પૂરો થયેલો.

લાહોરનું કાવતરૂં.

લાહોરનું કાવતરૂં વિગ્રહ શરૂ થયા પહેલાં અમુક વખત અગાઉ અમેરિકામાં રચવામાં આવ્યું હતું. હરદયાળ કરીને એક જુવાન એ બળવાખોરોનો આગેવાન હતો. હરદયાળ એક

વિદ્યાર્થી હતો, અને કેટલોક વખત તેણે ઈંગ્લંડમાં રહીને ઑક્સફર્ડમાં અભ્યાસ કર્યો હતો, તથા પંજાબ સરકાર તરફથી તેને સ્કૉલરશિપ મળતી હતી. ઈંગ્લંડમાં રહ્યો તે અરસામાં તેને બ્રિટિશો તરફ અતિશય તિરસ્કાર ભરાયો હતો. ઈંગ્લંડથી તે અમેરિકા ગયેલો, અને ત્યાં તેણે પોતાની યોજનાઓ વ્યવસ્થિત કરી. ૧૯૧૪ ના ઉન્હાળામાં તેણે હિંદીઓની એક મોટી સંખ્યા એકત્ર કરી, અને સરકારની સામે લડવાને માટે તેને હિંદ પાછી મોકલી આપી. પાછા વળતાં પૂર્વમાંથી બીજા કેટલાક હિંદીઓ તેમની સાથે જોડાયા. પંજાબમાં પહોંચ્યા પછી તેઓ જૂદે જૂદે સ્થળે વિખેરાઇ ગયા; અને દરેક જાતનાં તોફાન કરવા લાગ્યા. કેટલાએકે લશ્કરીઓને બ્રિટિશ રાજ્ય તરફ બેવફા બનાવવાનો યત્ન કર્યો. હથિયારો એકઠાં કરવામાં આવ્યાં; ધાડાં પડવાં શરૂ થયાં; અને રેલવેઓ, પૂલો, વગેરે ઉપર છૂટાછવાયા હુમલા થવા માંડ્યા. લોકોને એમ જણાવવામાં આવેલું, કે બ્રિટિશ સરકાર તો જર્મની સામે લડવા સારૂ દેશને ખાલી કરીને જાય છે, અને તે વધારે વાર રાજ્ય કરી શકે તેમ નથી. ૧૯૧૫ ના ફેબ્રુઆરીની ૨૧ મી તારીખે એક સાથે બળવો જગાડવાનું ઠરેલું.

પોલિસને લાગેલું, કે કંઇક મોટું તોફાન છે ખરૂં. કાવતરાખોરોની યોજનાઓ તો ગુપ્ત રહેલી, પણ બળવો શરૂ થવાનો હતો તેને આગલે દિવસે બળવાખોરોની છાવણી ઉપર હુમલો થયો. લાહોરમાં ઘણા માણસોની તપાસ ચાલી. સેંકડો માણસો અપરાધી માલુમ પડ્યા; અને તમામને મોતથી માંડીને ૭ મહિના સુધીની કેદની સજા થઇ.

રંગૂન અને કલકત્તાનાં છમકલાં.

રંગૂનમાં તમામ યુરોપીઅનોનાં ખૂન કરવાનું એક કાવતરૂં પકડાયું હતું, પણ તેની કશી વિગતો બહાર આવી નથી. એક આખી દેશી પલટનને કેદ કરવામાં આવેલી, પાંચ આગેવાનને ગોળીએ દીધેલા, અને બાકીના માણસોને એક દૂરના ટાપુમાં મોકલવામાં આવેલા. કલકત્તામાં પણ એવુંજ થોડું તોફાન થયેલું.

દેશ સમસ્તની વફાદારી.

ઉપલા છૂટાછવાયા બળવાના દાખલાથી દેશ સમસ્તે દાખવેલી વફાદારીને ઔર વધારે પ્રકાશ મળે છે. હિંદી રાજાઓએ શહેનશાહતની સેવા માટે પોતાનાં દ્રવ્યનો ઉદાર ઉપયોગ જારી રાખેલ છે. ૧૯૧૫ ના સપ્ટેંબરમાં બહાર પડેલી તેમની બક્ષેશોની એક યાદીમાં નીચે પ્રમાણે વિગતો માલુમ પડે છે:—ગ્વાલિયરના નામદાર મહારાજા સાહેબ તરફથી રૂ. ૧ લાખ દારૂગોળા-ખાતાના પ્રધાનને; ભાવનગરના નામદાર મહારાજા સાહેબ તરફથી દારૂગોળા બનાવવાને એક કારખાનું તથા જખમી સિપાઇઓની સારવાર માટે એક ઇસ્પિતાલ; ધારનાં નામદાર રાણી

સાહેબ તરફથી જખમીઓ માટેના રાણીજીના ફંડમાં રૂ. ૧૦,૫૦૦; સાંગલીના દરબાર સાહેબ તરફથી મોટર એમ્બ્યુલન્સ ખરીદવા માટે રૂ. ૩૦,૦૦૦; નેપાલના મુખ્ય પ્રધાન તરફથી દારૂગોળો બનાવવા સારૂ ૩૪૦ નેપાલી કારીગરો; કોલ્હાપુરના નામદાર મહારાજા સાહેબ તરફથી મોટર એમ્બ્યુલન્સો માટે અમલદારોએ ભરેલા રૂ. ૩૯,૦૦૦; મણિપુરના રાજાસાહેબ તરફથી ૪ મોટર ગાડીઓ; નામદાર જૂનાગઢ દરબાર તરફથી ૩ હથિયારબંધ વિમાનો; ખારિયાનાં નામદાર મહારાજા સાહેબ તરફથી જખમી હિંદીઓ માટે એક ઇસ્પિતાલ; મોરબીના નામદાર ઠાકોર સાહેબ તરફથી દારૂગોળો બનાવવા સારૂ કારખાનાં; રેવાના મહારાજા તરફથી એક બીજું વિમાન; બિકાનેરનાં નામદાર મહારાજા અને મહારાણી તરફથી "રીલીફ" ફંડો માટે રૂ. ૧૫,૦૦૦.

લૉર્ડ હાર્ડિંજ, કે જેની વાઇસરૉય તરીકેની કારકીર્દી અર્વાચીન ઇતિહાસમાં સૌથી પ્રકાશિત તરીકે નોંધાયેલી રહેશે, તે ૧૯૧૬ ના એપ્રિલમાં લંડન પહોંચેલા. બધા પૂછનારાઓને તેણે જણાવેલું, કે "હિંદમાં સંપૂર્ણ શાંતિ છે."

પછીના મહિનામાં પ્રસિદ્ધ થયેલી એક વાતચિતમાં હિંદના સેક્રેટેરી ઑફ સ્ટેટ મિ. ચેમ્બરલેને કહેલું, કે હિંદુસ્તાને ચિંતા કરાવવાને બદલે ખરી જરૂરને વખતે શહેનશાહતને સારી મદદ આપેલ છે:—

"જ્યારે જર્મનો ગમે તેમ કરીને કેલે સુધી પહોંચવાને મથી રહ્યા હતા, તે મુશ્કેલ દિવસોમાં ઇપ્રની મોટી લડાઇમાં મદદ આપવા સારૂ તેણે લશ્કર મોકલ્યું હતું. એ ઉપરાંત ઇજિપ્ત, ગાલ્લીપોલી, પૂર્વ આફ્રિકા, મેસોપોટેમિયા, ઇરાન અને ચીન સુધી પણ તેણે લશ્કર મોકલેલ છે. હિંદી સવારોની ૨૧ પલટનો તથા પાયદળની ૮૬ બેટેલિયનો હિંદની સરહદની બહાર અત્યારે શહેનશાહતની લડાઇઓ લડી રહેલ છે. આ સૌને સંપૂર્ણ સાધનસંપન્ન કરીને મોકલવામાં આવેલ છે; અને ખાલી પડતી જગ્યાઓ પૂરવામાં આવતી જાય છે. વળી, હિંદના લોકોએ, સિપાઇઓ તથા મહારાજાઓ, ગામડિયાઓ તથા ઊંચી કેળવણી પામેલા માણસો, સૌએ મદદ આપેલ છે, કારણકે તેમને ખાતરી છે, કે આ વિગ્રહમાં બ્રિટન ન્યાય તથા સત્યની ખાતર લડે છે. શહેનશાહતની મદદમાં હિંદે જે સેવા બજાવેલ છે, તે વિગ્રહના ઇતિહાસમાં સૌથી વિલક્ષણ બનાવોમાંનો એક છે. વિગ્રહ શરૂ થયો, કે તરત દેશી રાજયોના રાજ્યકર્તાઓએ શહેનશાહ-રાજાજી તરફ ભક્તિભાવ પૂર્વક વફાદારી પ્રગટ કરવામાં આગેવાની બતાવી છે. હિંદની સરહદની પેલી તરફથી પણ મદદ આવી છે. ઇરાની અખાત ઉપર કોવીટ તથા બેહરીનના ઠાકોરોએ હિંદી ફંડોમાં ફાળો આપ્યો છે. ટિબેટના ડેલાઇ લામાએ નૈર્ઋત્ય આફ્રિકામાં જનરલ બોથાની ફત્તેહોની વાત સાંભળીને લ્હાસા આસપાસની ટેકરીઓ ઉપર વાવટા ચડાવ્યા હતા; અને અફઘાનિસ્તાનના અમીર સુદ્ધાંએ પોતાની મિત્રતા તથા વફાદારી બતાવી આપી હતી."

લડાઇના તાર.

—101—

સામાન્ય સ્થિતિ.

જર્મનોના અપરાધ ઓછા થતા નથી. હજી તેઓ તટસ્થોની અને બીજી આગબોટો ડુબાવ્યાજ જાય છે; અને ઇંગ્લંડની બિનલડાયક વસ્તી ઉપર બૉંબ ફેંકવાનું બંધ પડયું નથી. કપ્તાન ફ્રાયટના ખૂનથી જર્મની તરફના તિરસ્કારમાં ઘણો વધારો થયો છે. પૂર્વ અને પશ્ચિમના સામટા દબાણથી દુશ્મનનું જોર કંઇક નરમ પડેલું જણાય છે. પ્રેસિડન્ટ પ્વાંકારના સંદેશામાં જણાવ્યા પ્રમાણે સૂર્યનો ઉદય થઇ ચૂકયો છે; અને છેવટનો વિજય બહુ દૂર નથી.

બ્રિટિશ ધસારો.

લંડન, ૨૮ મી જૂલાઇ.

પોઝિએરીસ તથા બૅઝેંટિન–લે–પીટિટની ઉત્તરે એક મહત્ત્વની ખાઇમાંથી ૨૦૦ વાર જેટલી જગ્યા આપણે કબજે કરી છે. દુશ્મને ફરી હુમલામાં તે હાથ કરેલી; પણ આપણે તેમને હઠાવીને દક્ષિણાદો છેડો પાછો લઇ શકયા છીએ. લોંગેવાલનો ઉત્તરાદો ભાગ પણ પાછો આપણા હાથમાં આવેલ છે. જૂલાઇની ૧ લી તારીખ પછી બ્રિટિશોએ સોમ ઉપર ૨૪ ચોરસ માઇલ જેટલી ઝમીન પડાવી છે, અને તેને મજબૂત કરી છે.

લંડન, ૨૯ મી જૂલાઇ.

લોંગેવાલમાં દુશ્મનના છેલ્લા આશ્રયો આપણે કબજે કર્યા છે. કેદીઓ પુષ્કળ પકડાયા છે. પોઝિએરીસની પાસે આખો દિવસ હાથોહાથની લડાઇ ચાલી છે. બીજે ઠેકાણે તોપોનો મારો જારી રહ્યો છે. ડેલ્વિલ જંગલ પાછું પડાવવાના દુશ્મનના યત્નો નિષ્ફળ નીવડ્યા છે. ત્યાં આગળ સખત મારામારીમાં તેમની બેત્રણ પલટનોનો ખોરફૂટો થઇ ગયો છે.

રુશિયન જીત.

પિત્રૉગ્રેડ, ૨૮ મી જૂલાઇ.

સ્લોનિઓવકા તથા બોલ્હુરોવકા નદીઓની આખી લાઇન ઉપર દુશ્મનોએ હાર ખાધી છે. રુશિયનોએ બ્રોડીનો કબજો લીધો છે. લુત્સકની પશ્ચિમે દુશ્મનનો આખો મોખરો તૂટી ગયો છે. ૯,૦૦૦ માણસો, ૨ જનરલો અને ૪૯ તોપો આપણા હાથમાં પડેલ છે.

સર્બિયન લશ્કર.

સાલોનિકા, ૨૮ મી જૂલાઇ.

એવું જાહેર થાય છે, કે ગ્રીક સરહદમાં વેડેનાની ઉત્તરે સારી મારામારી પછી સર્બિયન લશ્કરે બલ્ગેરિયનોને પાછા હઠાવ્યા છે.

એકત્ર હુમલો.

પારિસ, ૧ લી ઑગસ્ટ.

મિત્ર રાજ્યોએ ડેલ્વિલ જંગલથી કલેરી ગામની નદી સુધીના આઠ માઇલના મોખરા ઉપર હુમલો કર્યો છે. જર્મનો મરણિયા થઇને લડે છે, કારણકે સ્થાનકો કેટલાં મહત્ત્વનાં છે, તે તેઓ સમજે છે. કોમ્બલ્સથી પેરોન સુધીની રેલવે ઘણે ઠેકાણે તૂટી ગઇ છે.

વિગ્રહની સંવત્સરી.

પારિસ, ૧ લી ઑગસ્ટ.

જનરલ જોફ્રે સેનાને એક ઉશ્કેરનારો સંદેશો મોકલતાં કહે છે, કે "સિપાઇઓ! બે વરસથી તમે દુશ્મનની બધી યોજનાઓ ઊંધી વાળી છે, ખાસ કરીને વર્દુન આગળ. તે વખત ચાલ્યો આવે છે, કે જ્યારે ચોતરફની ભીંસથી જર્મનીનું લડાયક બળ ચૂર્ણ થઇ જશે." પ્રેસિડન્ટ પ્વાંકાર કહે છે, કે "તમારી સબૂરીનાં ફળો મિત્ર રાજ્યો હવે એકઠાં કરવા લાગ્યાં છે. રુશિયનો હારેલા ઑસ્ટ્રિયનોની પાછળ પડે છે; અને જર્મનો પર એક સાથે પૂર્વ અને પશ્ચિમમાંથી હુમલા થાય છે. આકાશમાંથી વાદળાં વિખેરાયાં છે, અને સૂર્ય ઊંચે ચડતો જાય છે. હજી સખ્ત લડાઇ લડવાની છે, પણ મિત્ર રાજ્યોની શ્રેષ્ઠતા સિદ્ધ થઇ ચૂકી છે."

રુશિયન ધસારો.

પિત્રગ્રેડ, ૩ જી ઑગસ્ટ.

રુશિયનો સ્ટોખોડ ઓળંગી ગયા પછી કોવેલ તરફ દસ માઇલ આગળ ચાલ્યા છે. કોવેલ-સાર્ની રેલવેની ઉત્તરમાં જર્મનો હુમલા કરશે, તેની જનરલ લેશ બરાબર ખબર લેશે, એમ માનવામાં આવે છે. આ પ્રદેશમાં લડાઇ પાંચ માઇલના મોખરા ઉપર ચાલે છે, પણ સ્ટોખોડ અને તુરિયા નદીઓ વચ્ચેની જગ્યા ભીની હોવાથી લશ્કરોને જલદી ફેરવી શકાતાં નથી. રસ્તાઓની મુશ્કેલીને લીધે જર્મનો પણ મોટી તોપોનો બરાબર ઉપયોગ કરી શકતા નથી.

દુશ્મનના મુલકમાં ખોરાકની તંગી.

લંડન, ૩ જી ઑગસ્ટ.

જર્મની તથા ઑસ્ટ્રિયામાં ખોરાક અને બીજી વસ્તુઓ ઓછી થતી જાય છે. મુસાફરો જણાવે છે, કે સારામાં સારી હોટેલોમાં પણ ખોરાકની વસ્તુઓ પુરતી નથી. એલચીઓને પણ પરદેશથી ખોરાક મેળવવો પડે છે. બર્લિનના અમેરિકન એલચીને કોપનહેગનથી માલ મોકલવામાં આવે છે. વ્હિયેના મ્યુનિસિપૅલિટીને અઢાર મહિના પહેલાં ૧૦,૦૦૦ માણસને ખવરાવવું પડતું હતું, તે હવે ૫૪,૦૦૦ને ખવરાવવું પડે છે.

સેનાધિપતિ હિંડનબર્ગ.

આમ્સ્ટર્ડામ, ૩ જી ઑગસ્ટ.

બર્લિન અને વ્હિયેનામાં ઑફિશ્યલી જાહેર થયું છે, કે પૂર્વના રણક્ષેત્રમાં રુશિયનોએ ધસારો કર્યાથી જર્મન તથા ઑસ્ટ્રિયન બંને સેનાઓ એકત્ર કરવામાં આવેલ છે, અને માર્શલ હિંડનબર્ગ સંયુક્ત સેનાઓનો અધિપતિ નિમાયેલ છે.

ફ્રેંચોની જીત.

પારિસ, ૪ થી ઑગસ્ટ.

સ્યૂઝની જમણી બાજુએ થિઓમોન્ટ–ફ્લુરી મોખરા ઉપર હુમલા જારી રહ્યા છે; અને એ બે બિંદુઓ વચ્ચેની બધી ખાઇઓ આપણે કબજે કરી છે. ફ્લુરીનું ગામ પણ ફરી જિતાયું છે.

ભાવનગર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૧૫ મી ઑગસ્ટ, ૧૯૧૬. [અંક ૩૭.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વેહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૧૫ મી ઑગસ્ટ ૧૯૧૬.

ગોળીઓનો આઘાત અને મગજના વ્યાધિઓ.

લડનાર માણસ ઉપર લડાઇની જે અસર થાય છે, તેનું માપ કરવું હમેશાં મુશ્કેલ છે; અને એમ કહેવું ઘણું કરીને ખરૂં છે, કે શારીરિક, માનસિક, અને નીતિ સંબંધી તમામ અસરનું કદાપિ માપ થયેલું નથી. છતાં બધા ભૂત કાલના વિગ્રહોમાં કેટલાંક મોટાં પરિણામો જોવામાં આવેલાં છે.

આ પરિણામો મુખ્યત્વે કરીને શારીરિક હતાં, અને કોઇ મોટી ઇસ્પિતાલમાંથી છૂટેલા દરદીઓની જેમ નોંધ થાય, તેમ તેમની નોંધ થયેલી. માનસિક અસર કાંતો મહત્ત્વની નહોતી, અથવા સમજવામાં આવતી નહોતી. બેશક કેટલાક સિપાઇઓની માનસિક શક્તિ નષ્ટ થતી, પણ જખમીઓના પ્રમાણમાં એવા સિપાઇઓની સંખ્યા ઘણી થોડી રહેતી; અને માંદાઓના પ્રમાણમાં એટલી બધી થોડી રહેતી, કે તેની અવગણના થઇ શકતી. આ પ્રમાણે મરકી વગેરે ઉપદ્રવોની જે નોંધો રહેલી છે, તેમાં લડનાર માણસના મન તરફ થોડુંજ ધ્યાન અપાયલું દેખાય છે.

વર્તમાન મહાવિગ્રહમાં ડાક્તરી કામની વ્યવસ્થા એટલા સારા પાયા ઉપર આવી શકી છે, કે દરદીઓનાં દરદનો અભ્યાસ થઇ શકે છે. ઝેરી જખમોનો સારો અભ્યાસ થયેલો છે; અને મોટા ગોળાઓ ફાટવાથી જ્ઞાનતંતુઓના જે વ્યાધિઓ થઇ આવે છે, તે તરફ પણ ઘણું ધ્યાન અપાયું છે.

શરૂઆતથી જોવામાં આવ્યું છે, કે આ વ્યાધિઓ વારંવાર થઇ આવે છે, અતિશય વિવિધ હોય છે, તથા અતિશય સખત પણ હોય છે. ઘણાખરા ડાક્તરોને તેમનો બિલકુલ અનુભવ નહોતો. એમ જોવામાં આવેલું, કે માણસો બિલકુલ ઇજા થયા વગર પણ મરી શકે છે; અને ચામડી પર એક ઉઝરડો પણ ન હોય, તે છતાં માણસ પોતાની બધી શક્તિઓ ખોઇ બેસે છે.

લડાઇના આ નવા અને ભયંકર તત્ત્વની માર્નની લડાઇને વખતે દુનિયાને ખબર પડેલી. એવી વાતો ચાલેલી, કે ખાઇઓમાં મરેલા માણસો ઉભા રહેલા જોવામાં આવેલા, જેમનો દેખાવ એવો હતો, કે જાણે બધી શક્તિઓ અક્ષત હોય. આ મરેલા માણસોનાં શરીરો જીવતા માણસોના જેવી સ્થિતિઓમાં હતાં; અને ઘણી વાર જીવતાઓને વાતચિતના પ્રયત્ન પછીજ માલુમ પડતું, કે તેઓ મરેલા છે.

આ અફવા પહેલી ચાલી, ત્યારે એવો ખુલાસો અપાયલો, કે એ માણસો કોઇક નવા પ્રકારની ગોળીથી મૂર્છિત થયેલા હશે. મૃત્યુનું કારણ શારીરિકને બદલે માનસિક હશે, એવી કોઇને કલ્પના આવેલી નહીં. પણ ધડાકા સાથે ફૂટતી ગોળીઓની અસર સંબંધી અનુભવ ઝડપથી વધતો ગયો. આઘાતની સ્થિતિવાળા ઘણા માણસો ડાકતરો પાસે આવતા ગયા, કે જેઓ બધી રીતે અતિશય જખમીના જેવા દેખાતા હતા, અને છતાં જેમના શરીર પર એક પણ જખમ જોઇ શકાતો નહોતો.

અવલોકનથી થોડા વખતમાં માલુમ પડ્યું, કે મગજનો આઘાત સૌ માણસને સરખો થતો નથી, એટલુંજ નહીં, પણ એકજ માણસને જૂદે જૂદે વખતે અને જૂદી જૂદી સ્થિતિઓમાં જૂદો જૂદો થાય છે. ધડાકાનું જોર, ગોળાઓના વરસાદમાં સિપાઇ રહેલો હોય તેનો વખત, હવાની સ્થિતિ, માણસનું પોતાનું આરોગ્ય, તેનો ખોરાક, તેની ઊંઘ, અને તેનો ઇતિહાસ, એ સૌ તત્ત્વોથી અસરમાં ફેર પડે છે.

વધારે અવલોકનથી સ્પષ્ટ થયું, કે આઘાત અનુભવી સિપાઇના કરતાં બિનઅનુભવીને અને નીરોગી ઇતિહાસના માણસોના કરતાં રોગી ઇતિહાસના માણસોને વધારે થાય છે. એમ પણ જણાયું, કે જે લશ્કર ફત્તેહમંદ અને સારી આશાઓવાળું હોય, તેના કરતાં જે નિરાશ અને થાકેલું હોય, તેના સિપાઇઓને આઘાત વધારે થાય છે. આ પ્રમાણે વૈદ્યકની રૉયલ સોસાયટીની આગળ એક વ્યાખ્યાનમાં મેજર મૉટે કહેલું, કે "૧૯૧૬ માં ગોળીઓના આઘાતના જે વ્યાધિઓ થયા છે, તે ૧૯૧૫ ની વસંતના જેવા સખ્ત નથી." તેણે ઉમેરેલું, કે "આનું કારણ મને એ લાગે છે, કે ખાઇઓની જિંદગીમાં આગલી સાલમાં જે મગજનું દબાણ અને ધાસ્તી હતાં, તે આ સાલમાં નથી. આપણા સિપાઇઓને લાગ્યું છે, કે સંખ્યામાં અને તોપખાનાના બળમાં દુશ્મનનું પ્રાધાન્ય દૂર થયું છે. ધાસ્તીના દબાણને ઠેકાણે આશાનો ઉલ્લાસ દાખલ થયેલ છે."

તોપોના ઘણા ધડાકાથી અથવા માણસની નજીક ગોળો ફૂટવાથી વ્યાધિ શરૂ થતો, જોકે એ પ્રકારનો ઇતિહાસ હમેશાં મળી શકતો નહીં. કોઇ કોઇ વાર માણસ ગોળીથી દટાઇ જતો. એવા દટાવાના દાખલામાં સ્મરણશક્તિનો લોપ થઇ જતો, અને દરદીને આઘાત પહેલાંની બાબતોનું પણ વિસ્મરણ થતું. પણ જ્યાં કશી શારીરિક હાનિ ન થતી, ત્યાં આઘાતના વખત પછીનીજ સ્મૃતિ લુપ્ત થતી. તરતની અસરમાં લગભગ હમેશાં ભાન ભૂલવાની સ્થિતિ થતી. એ સ્થિતિ કાંતો લાંબા વખત સુધી અથવા ટૂંકા વખત સુધી રહેતી. વિકાર બુદ્ધિમાં થતો, પણ મગજની જે શક્તિઓથી માણસ પોતાનો બચાવ કરી શકે છે તેમાં નહીં. ડા. મૉટ એક અમલદારનો દાખલો આપે છે, કે જેની ટુકડી એક જંગલમાં ખાઇ ખોદીને પડી હતી. અમલદાર પોતે અમુક કામ માટે રસ્તામાં ગયો, અને ત્યાં તેની નજીકમાં એક મોટો ગોળો પડ્યો, અને ફૂટ્યો. તે વખતે સવારના સુમારે બે વાગ્યા હતા, અને આસપાસ છેક અંધારૂં હતું. સાડાચારના સુમારમાં અજવાળું થયું, અને અમલદારને માલુમ પડ્યું, કે પાસેના ખેતર-

માંથી કોઇ બે સ્ત્રીઓ આવી તેને ઘોડા પરથી નીચે ઉતારે છે. ગોળો ફૂટ્યો, અને આ બનાવ બન્યો, તેની વચ્ચેની કશી વિગતોનું તેને સ્મરણ રહેલું નહીં.

આવી સ્થિતિમાં કોઇ વાર યાદદાસ્ત બિલકુલ ગુમ થઇ જતી. સિપાઇને પોતાનું નામ સાંભરતું નહીં; પોતે કોણ છે, અને એ સ્થિતિમાં શી રીતે આવ્યો, એટલું પણ તે કહી શકતો નહીં. નજીકનાં સગાંઓ તેને મળવા આવતાં, તો ઘણી વાર તે તેમને ઓળખી શકતો નહીં; અને જેમ બીજી બધી દુનિયા તરફ તેમ તેમના તરફ પણ બેદરકાર દેખાતો. આઘાત પહેલાં તેના જે કંઇ શોખ હોય તે લુપ્ત થઇ જતા. દાખલા તરીકે, એક સિપાઇને તેનું પોતાનું નામ લખીને બતાવવામાં આવેલું, પણ તે તે ઓળખી શકેલો નહીં; તેમજ વરસની કઇ મોસમ ચાલે છે, તે તે કહી શકેલો નહીં. તેને જે કંઇ કહેવામાં આવતું તે તેને યાદ રહેતું નહીં; એટલે ભૂત કાલના બનાવોની માફક ચાલતા બનાવોની પણ તેને વિસ્મૃતિ થયેલી.

બીજો એક માણસ સારો ગાનાર હતો. ડાક્તરે તેને ગાવાનું કહ્યું. તે ગાઇ શક્યો નહીં, એટલે ડાક્તરે "ગૉડ સેવ ધિ કિંગ"ની સિસોટી શરૂ કરી. દરદીએ ઊંચું જોયું, અને ગાયન પૂરું કર્યું. પછી એક બીજું ગાયન ઉપાડવાને તેને આમંત્રણ થયું, અને તે પણ શરૂ થયા પછી તેણે પૂરું કર્યું. એ વખતથી તેના હાવભાવમાં ફેરફાર થયો—તેનું ખોવાયેલું મન જાણે કે પાછું જડ્યું. પછી તે પિયાનો પણ બજાવવા લાગ્યો.

બનાવો અને માણસોની યાદદાસ્તના કરતાં સંગીતની યાદદાસ્ત વહેલી પાછી આવે છે, એમ માલુમ પડ્યું છે.

કેટલીક વાર એક કલાકમાં માણસો મૂંગા થઇ જતા; અને તે છતાં ઘણા મૂંગાઓને પાછી એકાએક વાચા આવતી. એક માણસને તેના સોબતીઓએ એક સ્લિપર વતી મારમાર કરીને એટલો પજવ્યો, કે છેવટે તે પુકાર કરી ઉઠ્યો, અને સાજો થયો. બીજા એક દાખલામાં માણસ મૂંગો રહેલો, પણ રસ્તામાં એક બાળક ચગદાઇ જશે એમ લાગવાથી તેને ચેતવવાને તે બોલી ઉઠયો, અને ત્યારથી તેને વાચા આવેલી. ત્રીજા એક દાખલામાં એક સગાના મૃત્યુના અણધાર્યા સમાચારથી માણસને ફરી બોલવાની શક્તિ મળેલી.

અંધાપાના દાખલા એથી પણ વધારે વિલક્ષણ હતા. એવા માણસો માલુમ પડ્યા છે, કે જેમની આંખો દુરસ્ત અને મગજ સારાં હતાં, જેઓ સારી રીતે સાંભળી તથા બોલી શકતા હતા, અને તોપણ જોઇ શકતા નહોતા. છતાં આ માણસોમાં પણ ઘણા ફરી અચાનક દૃષ્ટિ પ્રાપ્ત કરતા. એક વાર એક ઉપચારિકા સહવારના બે વાગ્યે આવા એક માણસના ખાટલા પાસે ગઇ, અને બોલી, કે "હવે તમે જોઇ શકો છો." પેલો દરદી, કે જે લાંબા વખત સુધી છેક આંધળો રહ્યો હતો, તેણે જવાબ આપ્યો, કે "હા, હવે મને બરાબર દેખાય છે." તેણે દૃષ્ટિ ફરી પ્રાપ્ત કરી. બીજો એક માણસ તેની મા તેને ઇસ્પિતાલમાં મળવા આવી ત્યાં સુધી કશું દેખી શકતો નહોતો. માના અવાજથી તેની આંખ ઉઘડી ગઇ, અને તે દેખવા લાગ્યો.

The King-Emperor's Tea and Variety Entertainment to Wounded Soldiers at Buckingham Palace.

શાહેનશાહ રાજાજીએ જખમી સિપાઇઓને બકિંગહામ મહેલમાં આપેલી ચા વગેરેની મેજબાની.

Lakshmi Art, Byculla, Bombay

કેટલાક માણસો અચાનક બહેરા થઇ જતા; અને ફરી અચાનક સાંભળવા લાગતા.

આ બધા દાખલાઓમાં બોલવાના, જોવાના કે સાંભળવાના અવયવોમાં કશો વિકાર માલુમ પડતો નહીં. તેમ ઇન્દ્રિયોની અસરો મગજ સુધી ન પહોંચતી, એમ પણ નહીં; કારણકે કેટલાક દાખલામાં આંધળો માણસ એટલું જોઇ શકતો, કે બહાર કંઇક દુનિયા છે, પણ શું છે તે તે સમજી શકતો નહીં. એજ રીતે બહેરા માણસને ઘણી વાર એમ લાગતું, કે શબ્દો બોલાય છે, જોકે એ શબ્દોમાંથી કશા અર્થનું તે ગ્રહણ કરી શકતો નહીં.

વળી, વાચા બંધ થવાના બધા દાખલામાં માણસ પોતાને જે કહેવાની ઇચ્છા હોય, તે લખી શકતો ખરો. આવા એક માણસે લખેલું, કે "તમે વાત કરો છો તે બધી હું સાંભળું છું અને સમજું છું, અને મારે શો જવાબ આપવો તે પણ હું જાણું છું, છતાં શબ્દો હું બોલી શકતો નથી."

એવા દાખલા બહાર આવેલા છે, કે જેમાં મગજના એક ભાગને અમુક ઇજા થવાથી એક ભાષાનું જ્ઞાન ભૂલાયું છે, પણ બીજી ભાષાનું રહ્યું છે—એક ઇંગ્રેજ ફ્રેંચ બોલી શકતો નહોતો, પણ ઇંગ્લિશ બોલી શકતો હતો.

આ પ્રકારના દરદીઓને માટે એક ખાસ ઇસ્પિતાલ ખોલવાનું માન લૉર્ડ નદ્સફૉર્ડને ઘટે છે. ઇ. સ. ૧૯૧૪ ના નવેંબરની ૪ થી તારીખે તેણે "ધિ ટાઇમ્સ" માં નીચે પ્રમાણે લખેલું:—

"આપણા બહાદુર સિપાઇઓમાં એવા કેટલાક છે, કે જેમને માટે કંઇક વ્યવસ્થા થવાની અતિશય જરૂર છે, છતાં અદ્યાપિ થઇ શકેલ નથી. તેઓ સખ્ત માનસિક અને જ્ઞાનતંતુઓના આઘાતથી વ્યથા ભોગવે છે. જો તેમના પર યોગ્ય ધ્યાન આપી શકાય, તો તેઓ સાજા થઇ શકે. જો તેઓ સાજા નહીં થાય, તો જીવિત પર્યંત કંગાલિયતમાં રીબાયા કરશે. જો લંડનમાં અને દેશમાં તેમને માટે કોઇ શાંત મકાનો મળી શકે, તો તેમની મફત સેવા કરવાને કેટલાક વૈદ્યો તૈયાર છે. આ યોજનાને વિગ્રહખાતાની ઑફિસ તરફથી બહાલી અને મદદ મળેલી છે."

ઇસ્પિતાલ શરૂ કરવાને ૧૦,૦૦૦ પૌંડની જરૂર હતી, તે ઉપલી અપીલથી થોડી વારમાં મળી ગયા. લૉર્ડ રેન્ડલના વસિયતનામાના ટ્રસ્ટીઓ તરફથી "પેલેસ ગ્રીન"નું મકાન મળી ગયું, અને ત્યાં બનતી ત્વરાએ કામ શરૂ કરવામાં આવ્યું. વિગ્રહખાતાની ઑફિસ તરફથી પણ દેશની બીજી ઇસ્પિતાલોમાં એવા દરદીઓની સારવાર માટે અમુક વ્યવસ્થા થઇ.

૧૯૧૫ ના મેમાં લૉર્ડ નદ્સફૉર્ડે "ધિ ટાઇમ્સ"માં ફરીને લખ્યું, કે:—

"પેલેસ ગ્રીનના મકાનમાં ૧૦૦ અમલદારો રહી ગયા છે, અને થોડા અપવાદ સિવાય તે બધા આઘાતની અસરમાંથી સાજા થયા છે."

દરદીઓને પ્રથમ શાંત ઓરડાઓમાં રાખવામાં આવતા. આવશ્યક લાગતું ત્યારે તેને અંધારા કરવામાં આવતા, અને કશો ઘોંઘાટ કે ગડગડાટ થવા દેવામાં આવતો નહીં. આ શાંત વાતાવરણમાં મગજને આરામ મળતો; ભયંકર સ્વપ્નાં ધીમે ધીમે બંધ પડતાં; અને દરદીને ઊંઘ

આવવી શરૂ થતી. ઉપરાંત, પ્રથમ ધીમે ધીમે અને પછી વધારે વધારે બહારની દુનિયાની સાથે પણ સંબંધ શરૂ થતો.

દરમિયાન સાજા થવામાં મદદ કરે તેવા ભિન્નભિન્ન પ્રયાસો પણ કરવામાં આવતા. કેટલાક દાખલામાં આરામની સ્થિતિ વધારવાને "હિપ્નોટિઝમ" નો પ્રયોગ કરવામાં આવેલો; અને એ સ્થિતિમાં પોતાને શા વિચારો વ્યથા આપે છે, તે દરદીઓએ જણાવેલું. છતાં કેટલીક વાર તેથી માઠી અસર પણ થતી. દરદીઓને પોતાના દુઃખદાયક અનુભવો તાજા થતા, અને એ તેમનાથી સહન થતું નહીં.

સાજા થયા પછી ઘણા માણસો ફરી મોખરા પર ગયેલા, અને ઘણા ઘર આગળ સાધારણ કામકાજમાં પડેલા. થોડાજ કેસોમાં અશક્તિ કાયમ રહેલી.

લશ્કરના ડાકતરોએ કહેલું, કે સિપાઇને અમુક નિર્ણીત વખતથી વધારે ખાઇઓમાં રાખવો જોઇએ નહીં; અને તે લડાઇની લાઇન છોડે, કે તેને પુરતો આરામ અપાવો જોઇએ. આ ઉપરથી આરામની છાવણીઓની સ્થાપના થયેલી. એ છાવણીઓમાં દાખલ થતાં સિપાઇઓ તરત ઉંઘમાં પડતા. કેટલાક તો આગલું સાટું વાળવાને ૧૨, ૧૫ અને ૨૪ કલાક સુધી પણ ઉંઘતા. એથી તેમનો ઘણો થાક ઉતરી જતો, અને તનમનમાં નવી શક્તિ ભરાતી.

ઉંઘ લીધા પછી તેઓ હમામખાનાંઓમાં જતા. હમામખાનાના એક અમલદારે ૧૯૧૫ ના જાન્યુઆરીમાં લખેલા નીચેના કાગળથી તેના કામની સારી કલ્પના આવશે:—

"ગઇ કાલથી મને એક નવું કામ સુપ્રત થયું છે. જ્યારે ખાઇઓમાંથી ટુકડી આવે છે, ત્યારે માણસો કાદવથી ખરડાયેલા અને મેલા હોય છે. અમારૂં કામ તેમને ન્હવરાવવાની વ્યવસ્થા કરવાનું છે. તેઓ પચાસ પચાસની સંખ્યામાં સાથે આવે છે. તેઓ બીજા માળ પર જઇને એક મોટા ઓરડામાં કપડાં ઉતારે છે; અને પછી ભોંયતળિયે ગરમ પાણીથી ભરેલાં ૫૦ પીપ રાખ્યાં છે, ત્યાં ન્હાવા આવે છે. ત્યાં તેઓ ન્હાય છે, અને પછી ઉપર જઇને કોરા થાય છે. દરમિયાન તેમનાં ઉતારેલાં કપડાં લઇ લેવામાં આવે છે, ગોઠવાય છે, ફાટી ગયાં હોય તેનો નાશ કરાય છે, અને બાકીનાં ૨૦૦ વાર દૂર એક બીજું મકાન છે, ત્યાં મોકલાય છે. એ મકાનમાં ૨૪ ધોબણો એ કપડાં ધુએ છે. સિપાઇઓને પ્રથમ નવાં સાફ કપડાં અપાય છે, અને આગળ જતાં ધોબણોએ ધોયેલાં કપડાં અપાય છે, તથા એ પ્રમાણે ચાલ્યા કરે છે. અમે કાલે સ્હવારે આઠ વાગ્યે કામ શરૂ કરશું, અને બિલકુલ ખમ્યા વગર સાંઝના પાંચ સુધી તે જારી રહેશે: દર રોજ અમારે ૨,૦૦૦ માણસોને પૂરા કરવા પડે છે. તમે કલ્પી શકશો, કે અમે બહુ રોકાયલા છીએ. અમારે આખું મકાન ઘસીને સાફ કરવું પડે છે, પીપોને ધોવાં પડે છે, અને અમને ૨,૦૦૦ ટુવાલ, ૫૦૦ શેર સાબુ, ૫૦૦ જોડ પાટલૂન, ખમીસ, મોજાં, વગેરે મળે છે. એટલે તમે જોઇ શકશો, કે કામ મોટું છે."

લડાઇના તાર.

જર્મન ક્રૂરતા.

લંડન, ૩જી ઑગસ્ટ.

ફ્રેંચ સરકારે એક પીળું પુસ્તક બહાર પાડ્યું છે, કે જેમાં લિલ, રૂબે, અને ટર્કોઇંગમાંથી જર્મનો ૨૫,૦૦૦ માણસોને પોતાની લાઇનની પાછળ કામ કરવા સારૂ ઉપાડી ગયેલ છે, તેનું વિગતવાર વર્ણન આપેલું છે. કુટુંબોને પરાણે છૂટાં પડતાં જે દુઃખો થયેલાં, તેનું મિ. બ્રાયન્ડ લેહક ચિત્ર આપે છે. એ માણસોને પગાર કે ખાવાનું કશું મળતું નથી; અને તેમને નિર્દય રીતે મારવામાં આવે છે. લશ્કરને માટે રાંધનારીઓ તરીકે તથા અમલદારોને માટે નોકર તરીકે જે સ્ત્રીઓને પકડવામાં આવેલ છે, તેમની સ્થિતિ ત્રાસદાયક છે.

સ્વેઝની નહેરની પૂર્વમાં લડાઇ.

લંડન, ૫ મી ઑગસ્ટ.

ત્રીજી તારીખની મધરાતથી ૧૪,૦૦૦ તુર્કોના એક લશ્કરે પૉર્ટ સૈદની પૂર્વે રોમાની પાસે સાતથી આઠ માઇલના મોખરા ઉપર આપણાં મથકો ઉપર હલ્લો કરેલ છે. આપણી કિલ્લેબંધી પર કશી અસર થઇ શકી નથી. ૪૦૦ થી ૫૦૦ સુધી કેદીઓ પકડાયા છે. ટિનાના અખાતમાંથી બ્રિટિશ લડાયક વહાણોએ કિંમતી મદદ આપેલ છે. લડાઇ હજી જારી છે.

લંડન, ૬ ઠ્ઠી ઑગસ્ટ.

જનરલ મરે જણાવે છે, કે તેણે ૪ થી અને ૫ મી તારીખે રોમાની પાસે દુશ્મનને હાર ખવરાવીને ઘણું નુકસાન કર્યું છે. ૨,૫૦૦ બિનજખમી કેદીઓ પકડાયા છે, જેમાં કેટલાક જર્મનો પણ છે. ચાર પહાડી તોપો અને કેટલીક મશીનગનો હાથમાં આવેલ છે.

બ્રોડી પાસે સખ્ત લડાઇ.

પિતૃગ્રેડ, ૬ ઠ્ઠી ઑગસ્ટ.

બ્રોડીની દક્ષિણે સખ્ત લડાઇ ચાલે છે. ગ્રેબેંકા અને સેરેથ નદીઓ ઉપરની લડાઇમાં રૂશિયનો જીતે છે; અને તેમણે બે ગામડાં, એક જંગલ તથા એક ટેકરી છાપો મારીને લીધેલ છે. એક ગામની અંદર દરેક ઘરમાંથી દુશ્મનને કાઢવા પડ્યા છે. દુશ્મને પાછા ૯ હુમલા કર્યા, પણ તે બધા નિષ્ફળ નીવડ્યા છે. ૧૨,૦૦૦ કેદીઓ પકડાયા છે, અને વધારે હજી આવતા જાય છે.

"ફત્તેહની ખાતરી."

પારિસ, ૭ મી ઑગસ્ટ.

જનરલ જોફ્રેએ એક વાતચિતમાં જણાવ્યું છે, કે દુશ્મનો હવે નિર્બળતાનાં ચિહ્નો બતાવે છે, અને છેલ્લા સંચયો વાપરી નાંખતા દેખાય છે. ફત્તેહની હવે ખાતરી છે. કુલ જર્મન લશ્કરનો ⅔ ભાગ હજી પશ્ચિમ મોખરા ઉપર છે.

રૂશિયન જીત.

પિતૃગ્રેડ, ૮ મી ઑગસ્ટ.

નિએસ્ટરની દક્ષિણે રૂશિયનોએ એક મોટી જીત મેળવી છે, અને ૧૬ માઇલ ઉપર

દુશ્મનનો મોખરો તોડયો છે. કેદીઓમાં ૨,૦૦૦ જર્મનો છે. દુશ્મનો ગભરાટમાં ન્હાસવા લાગ્યા છે; અને રૂશિયનો તેમની પાછળ પડયા છે. કેટલીક તોપો પણ હાથમાં આવી છે.

પિત્રોગ્રેડ, ૯ મી ઑગસ્ટ.

નિએસ્ટરની દક્ષિણે દુશ્મનની પાછળ પડતાં રૂશિયનોએ નિઝનિઑફ શહેર અને ૭ ગામડાં છાપો મારીને લીધાં છે. દુશ્મને પૂલો અને દારૂગોળો બાળી મૂકેલ છે. એકંદરે રૂશિયનોએ આ ભાગમાં ૧૦૦ ચોરસ માઇલ જેટલો પ્રદેશ કબજે કર્યો છે.

<u>બ્રિટિશ ધસારો.</u>

લંડન, ૯ મી ઑગસ્ટ.

ગઇ રાત્રે બ્રિટિશો ટ્રોન્સ જંગલથી પૂર્વમાં આગળ વધ્યા છે; અને ગિલેમોન્ટના સિમાડા ઉપર લડાઇ ચાલે છે. પોઝિએરીસની ઉત્તરે અને પૂર્વે દુશ્મને ફરીને હુમલા કર્યા નથી, પણ એ મોખરા ઉપર તેમજ બીજે તોપોનો મારો ચાલુ છે. ગિલિમોન્ટની નૈર્ઋત્યમાં આપણી લાઇન ૪૦૦ વાર આગળ વધી છે.

<u>ઇટલીની મોટી જીત.</u>

રોમ, ૯ મી ઑગસ્ટ.

ઇટાલિયનો ગોરિઝિયામાં પેઠા છે; અને અત્યાર સુધીમાં તેમણે ૧૦,૦૦૦ કેદીઓ પકડયા છે. ગોરિઝિયામાં ઑસ્ટ્રિયનોની પૂરેપૂરી હાર થઇ છે; અને પુષ્કળ લડાઇનો સામાન પડતો મૂકીને તેઓ ભાગ્યા છે. સવારો આઇસોન્ઝોની પેલી બાજુ સુધી પાછળ પડયા છે. ટોલ્મિનોની દક્ષિણથી સમુદ્ર સુધીની આખી ઑસ્ટ્રિયન આઇસોન્ઝો લાઇન ઇટાલિયનોએ કબજે કરી છે.

<u>વધારે રૂશિયન જીત.</u>

પિત્રોગ્રેડ, ૧૦ મી ઑગસ્ટ.

સ્ટેનિસ્લૉની દક્ષિણે ક્રિવ્લિનનું મોટું રેલવે જંકશન રૂશિયનોએ જીતી લીધું છે. દુશ્મન અવ્યવસ્થામાં હઠી જવા માંડ્યા છે.

<u>ફ્રેંચ ધસારો.</u>

પારિસ, ૧૦ મી ઑગસ્ટ.

હેમ વુડના પ્રદેશમાં આપણે આગળ ચાલ્યા છીએ. ફ્લૂરી અને ચેપિટર ઉપર તોપના ગોળા પડયા કર્યા છે, તે સિવાય મ્યૂઝ ઉપર શાંતિ રહેલ છે. સોમ ઉપર ત્રણ જર્મન વિમાનોને નીચે પાડવામાં આવેલ છે. ફ્રેંચ વિમાનીઓએ સોમ ઉપર અને વર્ડુન આગળનાં રેલવે સ્ટેશનો ઉપર ૪૦૦ બોંબ ફેંકયા છે.

નિવેદન.

આજના અંકની સાથે નામદાર શહેનશાહ રાજાજીએ જખમી સિપાઇઓને બકિંગહામ મહેલમાં આપેલી મેજબાનીનો એક ફોટોગ્રાફ અમે અમારા વાંચનારાઓને ભેટ આપીએ છીએ.

ભાવનગર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૨૨ મી ઑગસ્ટ, ૧૯૧૬. [અંક ૩૮.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૨૨ મી ઑગસ્ટ ૧૯૧૬.

ઇજિપ્તનો બચાવ અને રણની લડાઈઓ.

"અભી તો ખેલ સમઝે હો, મગર ઇક દિન બતા દેંગે:
કિયામત ઇસ્કો કહતે હૈં, કિયામત ઐસી હોતી હય."

અર્થ:—"હાલ તો તમે રમત સમજો છો, પણ કોઇ દિવસ દેખાડશું, કે જુઓ, મહાસંકટના દહાડા આને કહે છે, અને મહાસંકટના દિવસ આવા હોય છે."

૧૯૧૫ ના ફેબ્રુઆરીમાં સ્વેઝની નહેર ઉપર તુર્કોનો હુમલો નિષ્ફળ નીવડ્યો, તે પછી પેલેસ્ટાઇનમાં દુશ્મનના લશ્કરની બધી પ્રવૃત્તિ બંધ પડી. જોકે જેમલ પાશા તુર્કી લશ્કરનો નામનો ઉપરી હતો, છતાં ખરેખરો ઉપરી બેરન ક્રેસેનસ્ટાઇન હતો. તેણે પાછળથી કહેલું, કે નહેર ઉપરની ચડાઇ માત્ર અવલોકન કરવા પુરતી હતી, અને જ્યારે એમ માલુમ પડ્યું, કે નહેર ઉપર ઘણાં બ્રિટિશ વહાણો ચોકી કરે છે, અને ઇજિપ્તમાં ધસારો થઇ શકે તેમ નથી, ત્યારે તેનું કર્તવ્ય પૂરૂં થયેલું. જર્મન કમાન્ડરને જણાયેલું, કે જો ઇજિપ્ત જિતી શકાય તેટલું મોટું લશ્કર સ્વેઝની નહેર પાસે પહોંચાડવું હોય, તો સીરિયન રેલવે બીરશેબા સુધી વધારવી જોઇએ, તથા રણમાં મોટાં એંજીનિયરિંગ કામ હાથમાં લેવાં જોઇએ.

પ્રખ્યાત જર્મન રેલવે એંજીનિયર મેસનર પાશા રણમાં રેલવે લંબાવવા ચાહતો હતો, પણ તેને સાધનો મળેલાં નહીં. બધી તુર્કી લાઇનો પાયમાલ સ્થિતિમાં હતી, ખાસ કરીને શહેનશાહતના એશિયાઇ પ્રદેશમાં રસ્તા ઘણા ખરાબ થવા માંડ્યા હતા, તથા ઘણાં એંજિનોના બોઇલરોમાં કાણાં પડવા માંડ્યાં હતાં. ઇરાની અખાતમાંથી બ્રિટિશ ધસારો થયો, અને રૂશિયાએ આર્મીનિયામાં ચડાઇ કરી, તેને લીધે મેસનરને પોતાના ઘણાંખરાં બધાં સાધનો એશિયા માઇનર અને બગદાદની લાઇનોમાં વાપરવાની ફરજ પડેલી. બગદાદની લાઇન તે થોડી લંબાવી શકેલો જણાય છે; પણ પાટા, ડબ્બા તથા સારાં એંજિનોની ખામીને લીધે તે ઇજિપ્ત તરફ ફત્તેહની લાઇન બાંધી શકેલો નહીં. જ્યારે વિગ્રહ પૂરો થશે, ત્યારે આપણને ઘણું કરીને એમ માલુમ પડશે, કે તુર્કોની નાલાયકી, બેદરકારી, તથા રિશ્વતખોરીની અડચણો છતાં મેસનરે બહુ સરસ કામ કરેલું. પેલેસ્ટાઇનના માર્ગ વગરના રણમાં તેણે લાકડાંના સારા ચીલા બાંધેલા, કે જેના

ઉપર તોપો વધારે સહેલાઇથી ચલાવી શકાય; પણ આ રીતે જંગલોનો નાશ કર્યા પછી, તથા પેલેસ્ટાઇન અને ઇજિપ્તની વચ્ચે પાણીના નળ નાંખ્યા તથા કુંડ બાંધ્યા પછી પણ ઇજિપ્તને ધાસ્તી લાગે તેટલી તૈયારી થઇ શકેલી નહીં.

બ્રિટિશોએ ડાર્ડનલ્સ પર ચડાઇ કરી, તથા મેસોપોટેમિયાને ધાસ્તી લગાડી, તેથી સ્વેઝની નહેરની સામેનું દબાણ ઓછું થયેલું. તુર્કીએ બહાર પાડેલી ઓફિશ્યલ ખબર પ્રમાણે દક્ષિણ અરબસ્તાનમાંથી આવેલ યેમેન લશ્કરને પણ ઇજિપ્તની સરહદ ઉપરથી ગાલ્લીપોલી મોકલવામાં આવેલું, કે જ્યાં તે એન્ઝાક લશ્કરની સામે થઇ શકે. ૧૯૧૫ ના માર્ચના છેલ્લા અઠવાડિયામાં સ્વેઝ પાસે થોડી ઝપાઝપી થયેલી. સ્વેઝની સામે અલ કુબ્રી કરીને જગ્યામાં તે વખતે દુશ્મનનું સુમારે ૧,૦૦૦ લશ્કર હતું.

"દાનએ રેગ વ તલવારકે પાનીકે સિવા,
ઉન ગરીબોંકો નઝર આયા ન દાના પાની."

અર્થ:—"રેતીના દાણા અને તરવારના પાણી સિવાય તે બાપડા પરદેશીઓને દાણા કે પાણી કશું મળ્યું નહીં."

માર્ચની ૨૩ મી તારીખે સ્હવારમાં જનરલ સર જી. યંગહસ્બંડની સરદારી નીચે એક હિંદી-બ્રિટિશ લશ્કરે હુમલો કરીને તુર્કોને હરાવ્યા, કે જે જનરલ ટ્રોમરની સરદારી નીચે હતા, એમ બોલાતું હતું. ૧૨,૦૦૦ સીરિયનો, તુર્કો તથા આરબોને રણમાં થઇને બીરશેબા સુધી હઠી જતાં ઘણું સહન કરવું પડ્યું જણાય છે. જર્મન વ્યવસ્થાપકો હોવા છતાં ખોરાક વગેરે પૂરો પાડનાર તુર્કી ખાતું છેક નિષ્ફળ નીવડ્યું; હઠી જતા લશ્કરની ઉપર રણનાં ગીધો તરવરતાં હતાં; અને પાણી સુધી પહોંચાયું, ત્યાં સુધીમાં ઘણા માણસો પડીને મરી ગયા. માર્ચના એ અનુભવે બતાવી આપ્યું, કે જર્મન એંજીનિયરો ૧,૦૦૦ કરતાં વધારે માણસોને અનુકૂળ મોસમમાં પણ પાણી પૂરૂં પાડવાને શક્તિમાન નહોતા. તુર્કી લશ્કરની સાથે રહેલા બર્લિનના એક ખબરપત્રીના જણાવ્યા પ્રમાણે ઘણા કુવાઓનું પાણી ખારૂં હતું, અને કોઇ વાર અંદર પેટ્રોલિયમની વાસ આવતી. છતાં તડકો એટલો સખ્ત લાગતો હતો, કે સિપાઇઓ તરસની આગ બુઝાવવા સારૂ ગમે તેવા કુવા પાસે પહોંચી જતા, અને વધારે ચોકખા પાણી માટે રાહ જોયા વગર ખારૂં પાણી પણ પી જતા. ખારૂં પાણી પીનાર લશ્કરની વેદનાનું વર્ણન આપવાની જરૂર નથી; એટલુંજ કહેવું બસ છે, કે જે લશ્કર નહેર પડાવી લેવા સારૂ આવ્યું હતું, તે રણમાં પાછું પડતાં છેક નકામું બની ગયું.

"તગદીરકે લિખ્ખે કો મિટાયા નહીં જાતા:
બેચારોંકો ચારા ભી મોયસ્સર નહીં આતા!"

અર્થ:—"નસીબના લેખને ભૂંસાડી શકાતો નથી: બિચારાઓને ઘાસચારો પણ મળતો નથી."

બ્રિટિશ કમાન્ડર જનરલ મૅક્સવેલે દુશ્મન પર કશો હુમલો કર્યો નહીં. કુદરતજ જ્યારે દુશ્મનની વિરુદ્ધ કામ કરતી હતી, ત્યારે પોતાના માણસોને રણની તરસના જોખમમાં નાંખવાનું તેને યોગ્ય લાગેલું નહીં. આપણા ચોકીદાર સવારો જે નહેરમાંથી તેમને તાજું પાણી મળતું હતું, તેથી થોડા માઈલ કરતાં વધારે દૂર ફરવા જતા નહીં. પણ એક ફ્રેંચ ક્રૂઝરે ૧૯૧૫ના એપ્રિલમાં અલ અરિશ અને ગાઝા આગળની દુશ્મનની છાવણીઓ ઉપર તોપના ગોળા ફેંકેલા. એજ વખતે બ્રિટિશ વિમાનોએ પણ રણ ઉપર છેક અલ અરિશ સુધી કામ કરેલું, દુશ્મનના તંબુઓ ઉપર બોંબ ફેંકેલા, અને લશ્કરની હીલચાલો જાણી લીધેલી. બિકાનેરના ઊંટ-સવારોએ બ્રિટિશ વિમાનોની સાથે કામ કરીને તુર્કી ચોકીદારોને રંજાડેલા પણ ખરા; છતાં ૧૯૧૫ના ઉન્હાળામાં અને પાનખરમાં કશું મહત્ત્વનું કામ થયેલું નહીં. રણમાં શિયાળાનાં ઝરણો સૂકાઈ ગયાં, અને માત્ર બાળી મૂકતા પત્થરના પડ રહ્યા: પાણી બધેથી ઓછું થઈ ગયું, અને જે થોડી લીલોતરી હતી, તે કરમાઈ જવા લાગી; એટલે દુશ્મનને ઘાસચારા માટે પણ તંગી પડે એવું થયું.

"અદૂમ પહોંચાયે સબ સામાન મેં મેરી હલાકતકે,
મગર અપના ફાયદા કુછ સોચકે દેખા નહીં ઉસને!"

અર્થ:—"મારો નાશ કરવાનાં તમામ સાધન એકઠાં કર્યાં હતાં, પણ પછી તેણે પોતાનો કંઈ લાભ વિચારી જોયો નહીં."

મેસનર બીરશેબામાં સખ્ત કામ કરી રહ્યો હતો. ઇહુમીઆનાં પાણી પ્રથમ સેમેન્ટના મોટા કુંડોમાં સંચિત કરીને નળની લાઇનોથી તે દક્ષિણના રણમાં મોકલવાને યત્ન કરતો હતો. ૨,૦૦૦ જર્મનો એ કામ પર લાગેલા કહેવાતા હતા, અને સ્યૂએઝના શહેરથી પૂર્વે ૧૦૦ માઇલ પર આવેલા હસ્સાના કરીને રણની વચ્ચે આવેલા લીલોતરીવાળા સ્થાન સુધી તેઓ પહોંચ્યા હતા. અહીં સિનાઇ દ્વીપકલ્પમાંથી આવતાં કેટલાંક શિયાળુ ઝરણને એક મોટા કુંડમાં એકઠાં કરવામાં આવ્યા હતાં, અને તેના બચાવ માટે મજબૂત વ્યવસ્થા થઈ હતી. હસ્સાનાનો કુવો એવે સ્થાને હતો, કે બ્રિટિશ વિમાનીઓ તે પર બોંબ ફેંકી શકે; છતાં તેવો કશો હુમલો કરાયલો નહીં. કમાન્ડરે વિચારેલું, કે ઉત્સાહી જર્મન એંજીનિયરોને નિરુત્સાહી કરવાની, અને તેમની બધી મહેનત વ્યર્થ છે એમ બતાવી આપવાની, કશી ઉતાવળ નથી. હવાઇ હુમલાને લીધે જો તેમણે એ કામ છોડી દીધું હોત, તો તેઓ ડાર્ડેનલ્સ, ફ્લૅન્ડર્સ, અથવા બગદાદના પ્રદેશમાં કંઈક બહેતર કામમાં રોકાઈ જાત. સિનના રણમાં પ્રયાસ કરવામાં તેમને આનંદ હતો, અને આપણને કશું નુકસાન નહોતું, તેટલા માટે વિમાનીઓ બોંબ ફેંકવાને બહુ ઉત્સુક હોવા છતાં તેમને અંકુશમાં રાખવામાં આવેલા.

શિયાળા સુધી બન્ને પક્ષમાં કશું બને તેમ નહોતું. બ્રિટિશોએ પાણીના નળો રણમાં પહોંચાડ્યા, રેલવેઓ બાંધી, અને રણમાં સૌથી આગળના મોરચાઓ સુધી મોટરો માટે રસ્તા

કર્યા. નહેર ઉપર જ્યારે પહેલો હુમલો થયેલો, અને રણમાં થઇને દુશ્મન થોડુંજ લાવી શકેલા, ત્યારે ભૂમધ્ય સમુદ્ર અને હિંદી મહાસાગરની વચ્ચેના મહત્ત્વના જળમાર્ગની ા લડાયક વહાણોએ રક્ષા કરી હતી. એ વહાણોમાંનાં ઘણાંએ પાછળથી ડાર્ડનલ્સની માં ભાગ લીધેલો. પણ ઝમીન પરની લડાઇમાં નૌકાબળનો આ ઉપયોગ માત્ર થોડા ને માટેનો હતો. જ્યારે તુર્કોને નહેર પાસેથી હઠાવવામાં આવ્યા, તે પછી બ્રિટિશ ારે જળમાર્ગની પૂર્વે ઘણે છેટે નવા લડાયક બચાવો બાંધ્યા. મોઝિસનો કુવો, કે જે નાં બાર ઝરણો અને ખજૂરીઓની કુંજ માટે પ્રખ્યાત છે, તેનો ફ્લાન્ડર્સથી આવેલી એક પલટને કબજો લીધો; અને ત્યાંથી ઉત્તરમાં દસ માઇલ દૂર જેબેલ મર કરીને ટેકરી છે, એક જિબ્રાલ્ટરના જેવી બનાવવામાં આવી.

"ખંદને હાલતે ઇનકાર વો કરતે હી રહે,
અપની હિંમતકે મૈં સદકે મુઝે પહોંચાહી દિયા!"

અર્થ:—"તેઓ તો વિઘ્નો નાંખતા અને ના કહેતાજ રહ્યા, પણ હું મારી હિંમત પર ન છું, કે તેણે મને પહોંચાડ્યો."

પહેલાં તો રણની રેતીમાં ખાઇઓ બનાવવાનું કામ ઘણું મુશ્કેલ લાગેલું. રેતીનાં તોફાનોથી કામ વારંવાર નકામું થતું. તોપો માટે કરેલા ખાડા ધૂળથી પૂરાઇ જતા; અને ખાઇ- દિવાલો તોફાનથી ઉડતી રેતીના દબાણને લીધે પડી જતી. પણ એંજીનિયરોએ આખરે નવા પ્રકારની ખાઇઓ બનાવવાની હિકમત શોધી, અને તે રણનાં તોફાનોમાં ટકી શકી. ુના મજૂરો દ્વારા રસ્તા બનાવવાનું અને રેલવે નાંખવાનું કામ ચાલ્યું; પણ બધાં નાં કામ લશ્કરીઓએ તૈયાર કર્યાં. ઇજિપ્તને માટે એવા બચાવો તૈયાર થયા, કે જેવા ઉના કોઇ ફેરોની કલ્પનામાં પણ આવેલા નહીં.

જ્યારે શિયાળો આવ્યો, ત્યારે જર્મન સ્ટાફને ફરી વધારે પ્રબળ હુમલો કરવાને અવકાશ જો કદાચ જનરલ જોફ્રેએ સાલોનિકા આગળ ફ્રાંકો-બ્રિટિશ લશ્કર રાખ્યું ન હોત, તો જર્મન અને ઑસ્ટ્રિયન લશ્કર પેલેસ્ટાઇનમાં આવત, અને સિનના રણ ઉપર ચડાઇની યાલ બની શકત. ફીલ્ડમાર્શલ ગોલ્ટ્ઝે એલેપ્પો પાસે એક સારૂં લશ્કર એકઠું કર્યું હતું, ત્યાંથી તે બગદાદ તરફ કે ઇજિપ્ત તરફ ગમે ત્યાં જઇ શકે એવું હતું. પણ જનરલ શેન્ડ ટાઇગ્રિસ ઉપર આગળ વધ્યો, તેથી ગોલ્ટ્ઝના સંચયની દિશા ચોકસ થઇ; અને ાનિકા આગળ પડેલાં ફ્રાંકો-બ્રિટિશ લશ્કરને લીધે જર્મન અને ઑસ્ટ્રિયન લશ્કરથી ઇજિપ્તમાં ય એવું રહ્યું નહીં. બીજી તરફ, જેમલ પાશાએ આગ્રહ કર્યો, કે ૨૫,૦૦૦ જર્મન લશ્કર સીરિયામાં આવે, તો તે નહેર ઉપર બીજો હુમલો કરી શકે. એટલી કુમક જો ન આવે, તો આગળ વધવાની ના પાડી. વર્ડુન આગળ જે બનાવો બન્યા તેને લીધે, તથા રુશિયનો ર્ઝરૂમ અને ત્રેબિઝોંડ ઉપર ધસી આવ્યા તે કારણથી, જેમલને ટયૂટન કે તુર્ક લશ્કર મોકલી

બીજો રશિયન ફ્રન્ટ.

પિટ્રોગ્રેડ, ૧૨ મી ઑગસ્ટ.

ટ્રેબિઝોન્ડની નૈઋત્યમાં ૨૦ માઇલ પર આવેલું મેડવૉનો નામે મહત્વનું શહેર રશિયનોએ જીતી લીધું છે. ઝ્લિપાની આખી લાઇન તેમના હાથમાં આવી છે. ૩૫ માઇલના મોખરા ઉપર તેઓ ૪ થી ૮ માઇલ સુધી આગળ વધ્યા છે.

જર્મનોની ત્રીજી લાઇન.

લંડન, ૧૩ મી ઑગસ્ટ.

સોમની ઉત્તરે ફ્રેંચોએ હાર્ડકોર્ટની પૂર્વથી બારકોર્ટની સામે સોમ સુધીની જર્મનોની ત્રીજી લાઇન પર હુમલો કર્યો છે, અને તમામ ખાઇઓ અને કિલ્લેબંધીઓ પડાવી લીધી છે.

ઇટાલિયન ફ્રન્ટ.

રોમ, ૧૩ મી ઑગસ્ટ.

કાર્સો પ્રદેશમાં હુમલો કરીને ઇટાલિયનોએ બધાં મજબૂત સ્થાનકો હાથ કર્યાં છે, તથા ૬,૫૬૫ કેદીઓ અને કેટલીક તોપો પકડેલ છે.

બ્રિટિશ દારૂગોળો.

લંડન, ૧૫ મી ઑગસ્ટ.

આમની સભામાં મિ. મોન્ટેગ્યુએ જણાવ્યું છે, કે વિગ્રહ શરૂ થયો ત્યારે આપણી પાસે જેટલી મોટી તોપો હતી, તે કરતાં બમણી હાલ દર મહિને તૈયાર થાય છે. દર અઠવાડિયે જે મશીનગનો તૈયાર થાય છે, તેની સંખ્યા દારૂગોળાનું ખાતું સ્થપાયા પછી સોળગણી વધી છે; અને મોટા ગોળાનું ઉત્પન્ન સાડગણું થવા માંડ્યું છે. ૧૯૧૫ ની શરૂઆતમાં થતી હતી, તે કરતાં આઠગણી વધારે મોટી તોપો હાલ તૈયાર થાય છે.

બ્રિટિશ પ્રસારો.

લંડન, ૧૮ મી ઑગસ્ટ.

ગિલેમોન્ટથી પૂર્વમાં અને દક્ષિણ-પૂર્વમાં આપણી લાઇન આગળ વધી છે. પોઝિઍરીસ આગળ દુશ્મને પાછા હુમલા કર્યા હતા, પણ તે બધા નિષ્ફળ ગયા છે. આપણી તોપો તથા મશીનગનોએ દુશ્મનને ટકવા દીધા નથી.

બાલ્કન ઉપર ચડાઇ.

સાલોનિકા, ૧૮ મી ઑગસ્ટ.

પુષ્કળ તોપનો મારો ચલાવ્યા પછી ફ્રેંચોએ ડોરિયન સરોવરની દક્ષિણનાં બલ્ગેરિયન સ્થાનકો હાથ કર્યાં છે, અને સર્બિયન મુલકની અંદર ડોલ્ઝેલી ગામ પાસે ફ્રુર્ગાગિરિ નામે ટેકરી છે, તેનો કબજો લીધો છે. બલ્ગેરિયનોને ઘણું નુકસાન થયું છે.

ભાવનગર દરબારી છાપખાનું

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૨૯ મી ઑગસ્ટ, ૧૯૧૬. [અંક ૩૯.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૨૯મી ઑગસ્ટ ૧૯૧૬.

ઇજિપ્તનો બચાવ અને રણની લડાઈઓ.

(ગયા અંકથી ચાલુ.)

"ધૂર્તા હય મુઝકો જો હય દેખતા:
હુસ્ન ભી મેરા બલાએ જાં હુવા!"
"એક ન એક આરિઝા રહા હમકો:
ઘમ ગયે દસ્ત તો બુખાર આયા!"

અર્થ:—"જે કોઇ મને જુએ છે, તે ઘુરીને જુએ છે; રૂપ પણ મારા જીવ માટે એક મહાદુઃખ થઇ પડ્યું."

"અમને એક નહીં ને એક રોગ તો રહ્યોજ. હાથધોણું મટ્યું, તો તાવ આવ્યો."

એ અરસામાં ઇજિપ્તને એક જુદીજ અને અણધારી દિશામાંથી ધાસ્તી લાગવા માંડી હતી. પશ્ચિમની સરહદ, કે જ્યાંથી લિબીઆ અને સહરાનાં રણ શરૂ થાય છે, ત્યાં એક નવો દુશ્મન ઉભો થયો હતો. તેનાં ભૌતિક સાધનો ઓછાં હતાં, પણ તેનો ગુપ્ત અધિકાર એવા પ્રકારનો હતો, કે તેને એક પ્રબળ શત્રુ માન્યા વગર ચાલે તેમ નહોતું. એ શત્રુ તે શેખ સનુસી હતો, કે જે વિલક્ષણ અને ભેદભરેલો આદમી આફ્રિકાના ઉત્તર કિનારાની સાથે જેમને સંબંધ હતો, તે સર્વ યુરોપીઅન રાજ્યોને લાંબા વખતથી ચિંતા કરાવતો હતો.

સનૂસી સંપ્રદાયનું આધુનિક ઇસ્લામમાં એટલું મહત્ત્વ છે, કે તેના સ્થાપનારનો તથા તેના વંશનો થોડો ઇતિહાસ અમે આ પ્રસંગે આપવો આવશ્યક ધારીએ છીએ.

સનૂસી કુટુંબ.

"ખુદાકી શાન ગદા બાદશાહ બનતે હૈં:
જો બેપનાહ થે આલમપનાહ બનતે હૈં!"

અર્થ:—"ઈશ્વરની કળાથી ભિખારી રાજા થાય છે: જેમને ઉભા રહેવાનો આશરો નહોતો, તેઓ જગતને આશ્રય આપનાર થાય છે."

સંપ્રદાયનો સ્થાપનાર સૈયદ અથવા સીદી (=પ્રભુ) મોહમ્મદ બિન અલી અસ સનૂસી અલ ખત્તાબી અલ હસની અલ ઇદ્રીસી અલ માહજરી, કે જે સાધારણ રીતે શેખ અસ સનૂસી કહેવાય છે, તે અલ્જીરિયામાં મોસ્તેગેનમ આગળ જન્મ્યો હતો, અને એક પ્રખ્યાત ફકીરના નામ ઉપરથી અસ સનૂસી કહેવાતો હતો. તેના જન્મની તારીખો જૂદી જૂદી આપવામાં આવેલી છે: જેવી કે ૧૭૯૧, ૧૭૯૨, ૧૭૯૬ અને ૧૮૦૩. તે બની સીદી અબદલ્લા નામની આરબ કોમનો વંશજ હતો, અને પયગમ્બર સાહેબની પ્રખ્યાત બેટી બીબી ફાતેમા સુધી તેની વંશાવલિ લઇ જવામાં આવેલ છે. જુવાનીમાં કેટલાંક વરસ તેણે ફેઝમાં ગાળેલાં, અને ત્યાં ઈશ્વર સંબંધી વિદ્યાનો અભ્યાસ કરેલો. સુમારે ત્રીસ વરસનો થયો, ત્યારે તે મોરોક્કો છોડીને અલ્જીરિયાના સહરા પ્રદેશમાં મુસાફરી કરવા લાગ્યો*, તથા દીનનો ઉદ્ધાર કરવા સારૂ ઉપદેશ આપવા માંડ્યો. અલ્જીરિયાથી તે તુનીસિયા અને ત્રિપોલીમાં ગયો, જ્યાં તેના ઘણા અનુયાયીઓ થયા. ત્યાંથી તે કેરો ગયો, કે જ્યાં અલ અઝહરના ઉલેમા તેનું શિક્ષણ નવીન માનીને તેની સામે થયા. ઇજિપ્ત છોડીને સનૂસી મક્કે ગયો, અને ત્યાં તે મોહમ્મદ બિન ઇદ્રીસ અલ ફસીહ, કે જે મોરોક્કોમાં સ્થપાયેલા ખઝીરાઇ નામે બંધુમંડળનો વડો હતો, તેની સાથે શામિલ થયો. અલ ફસીહના મૃત્યુ પછી સનૂસી ખઝીરાઇની એક શાખાનો વડો થયો, અને ૧૮૩૫ માં મક્કા પાસે અબૂ કુબ્બેસમાં તેણે પોતાનો પહેલો મઠ સ્થાપ્યો. અરબસ્તાનમાં હતો ત્યારે સનૂસીએ વાહાબીઓને મુલાકાત આપેલી, અને એ મંડળની સાથેના સંબંધને લીધે મક્કાના ઉલેમા તેના તરફ શકની નજરથી જોતા થયેલા. પણ સનૂસીને સૌથી સમર્થ મદદગાર મક્કામાંજ મળી ગયો. મહમ્મદ શરીફ વાદાઇનો એક શાહજાદો હતો, કે જે ૧૮૩૮ માં પોતાના દેશી રાજ્યનો સુલતાન થયેલો. મધ્ય સુદાનમાં એ રાજ્ય મુસલમાનોની અંદર સૌથી જોરાવર છે. મક્કામાં વિરોધ વધતો જવાથી સનૂસીએ ૧૮૪૩ માં એ શહેર છોડ્યું, અને તે સાઇરેનૈકામાં જઇને રહ્યો, કે જ્યાં દર્ના પાસેના પહાડોમાં તેણે ઝાવિયા બૈઝા એટલે ધોળો મઠ બાંધ્યો. ત્યાં તે મધ્રિબિન સાથે નિકટ સંબંધમાં હતો; અને ત્રિપોલી તથા મોરોક્કોના ઘણા નિવાસીઓ તેના અનુયાયી થયેલા. વાદાઇના સુલતાનની સાથે પણ તેને નિકટ સંબંધ હતો, અને તે પોતાના રાજ્યમાં સનૂસી મતનો પ્રચાર થાય એમ ચાહતો હતો. તુર્કીના સુલતાનને એવું લાગેલું, કે સનૂસીનો અધિકાર જો બહુ વધી જશે, તો ઇસ્લામના ખલીફા તરીકે તેની પોતાની પદવીને કદાચ હાનિ થશે. તુર્કો પોતાના પર દબાણ કરી ન શકે એવી કદાચ ઇચ્છાથી સનૂસી ૧૮૫૫ માં જરાબબ કરીને સિવાથી ૩૦ માઇલ દૂર આવેલા એક ન્હાના શાદ્વલમાં જઇને રહ્યો.

---

* સરખાવો:—"અહલે જૌહરકો વતનમેં રહને દેતા ગર ફલક,
લાલ કયોં કસ રંગસે આતા બદખશાં છોડ કર?"

અર્થ:—"જો સ્વર્ગ ગુણવંતોને દેશમાં રહેવા દેતું હોત, તો માણેક આવા રંગઢંગથી બદખશાન છોડીને પરદેશમાં શા માટે આવત?"

"મુબારક બાગ તુઝકો અય સેહ્‌ન અય બાગબાં અપના!
ઉઠા કર લે ચલે અબ હમ ચમનસે આશિયાં અપના!"

અર્થ:—"એ માળી! તને તારી વાડી મુબારક રહો: અમે તો હવે વાડીમાંથી અમારો માળો લઇ જઇએ છીએ."

અહીં તે ૧૮૫૯ અથવા ૧૮૬૦ માં મૃત્યુ પામ્યો. તેને બે દીકરા હતા: એક મોહમ્મદ શરીફ, કે જે ૧૮૪૪ માં જન્મ્યો હતો; અને બીજો અલ મેહદી, કે જે ૧૮૪૫ માં જન્મેલો. વારસાનો હક બીજા દીકરાને મળેલો. એવી વાત ચાલે છે, કે ન્હાનો દીકરો બધી બાબતમાં મોટાના કરતાં આગળ નિકળતો હોવાથી બાપે તેમની પ્રાણપરીક્ષા કરવાનો ઠરાવ કરેલો. જરાબગમાં તમામ ઓલિયાની સમક્ષ તેણે બન્ને દીકરાને એક ઊંચા તાડ ઉપર ચડવાનું ફરમાવેલું; અને પછી અલ્લાહ અને તેના પયગંબરના કસમ આપીને કહેલું, કે ત્યાંથી ઝમીન પર ભુસ્કો મારો. ન્હાનો એકદમ કૂદી પડયો, અને ઝમીન ઉપર સહીસલામત પહોંચ્યો; પણ મોટાએ ભુસ્કો મારવાની ના પાડી. આ પ્રમાણે ઈશ્વરેચ્છાને પોતાનો પ્રાણ સમર્પિત કરવામાં ન ડરનાર અલ મેહદીને મોહમ્મદ શરીફનો જન્મનો હક મળ્યો. મોહમ્મદે પોતાની સ્થિતિ કશી ફરિયાદ વગર સ્વીકારી લીધેલી જણાય છે. ૧૮૯૫ માં તેનું મૃત્યુ થયું, ત્યાં સુધી તેણે પોતાના ભાઈની નીચે મંડળમાં જે પદવી મુખ્ય કારભારીની હતી તેનું કામ કરેલું.

"કિસીકા કંદા નગીનેપે નામ હોતા હય:
કિસીકી ઉમ્રકા લબરેઝ જામ હોતા હય:
યહાંકા કામ યહી હય. તુ યાદ રખ. ગાફિલ!
કિસીકા કૂચ કિસીકા મકામ હોતા હય!"

અર્થ:—"કોઈને રાજ્ય મળવાથી તેના નામની મોહરો ખોદાય છે; તો કોઈનો ઝિંદગીનો પિયાલો છલકાઇ જાય છે. એ ગફલતમાં પરેલા! યાદ રાખ, અહીં તો એવાંજ કામ બન્યા કરે છે, કે કોઇ જાય છે ને કોઇ આવે છે."

સનૂસી અલ મેહદી તેનો બાપ મરણ પામ્યો ત્યારે માત્ર ચૌદ વરસની ઉમરનો હતો, એટલે પ્રથમ તે તેના બાપના મિત્રો ઇમરાન રીફી વગેરેના હાથ નીચે રહેલો. તેના પિતાની માફક તેની પણ પવિત્રતા અને ઉદારપણું માટે કીર્તિ થયેલી, અને તેની ઝિંદગી સંબંધી જેટલું જણાયલું છે, તે એ સદ્ગુણોનો પુરાવો આપે છે. વાદાઈનો સુલતાન મોહમ્મદ શરીફ ૧૮૫૮ માં મરણ પામ્યો હતો, પણ તેના અનુગામીઓ સુલતાન અલી (કે જેણે ૧૮૭૪ સુધી રાજ્ય કરેલું) અને સુલતાન યુસુફ (જેણે ૧૮૭૪ થી ૧૮૯૮ સુધી રાજ્ય કરેલું) સનૂસી તરફ એવાજ સદ્ભાવવાળા હતા. સનૂસી અલ મેહદીના હાથ નીચે સંપ્રદાયના ઓલિયા ફેઝથી ડમાસ્કસ સુધી અને કોન્સ્ટન્ટિનોપલથી હિંદ સુધી પહોંચ્યા. હિજાઝમાં સંપ્રદાયના અનુયાયીઓ ઘણા હતા. આમાંના ઘણાખરા દેશોમાં સનૂસીઓ બીજાં મુસલમાન મંડળોના કરતાં કંઇ વધારે સત્તાવાળા

WOMEN AS FIRE-FIGHTERS IN WAR-TIME.

વિગ્રહના વખતમાં આગની સામે લડવાનું કામ કરનારી બાઈઓ.

હતા એમ નહીં, પણ પૂર્વ સહરામાં અને મધ્ય સુદાનમાં તેમની સ્થિતિ જૂદી હતી. ઇજિપ્તની પશ્ચિમ સરહદથી માંડીને દક્ષિણમાં દાર્ફુર, વાદાઇ, અને બોર્નુ સુધી; પૂર્વમાં બિલ્મા અને મર્ઝુક સુધી; તથા ઉત્તરે ત્રિપોલીના કિનારા સુધી સનૂસીના જેટલી સત્તા બીજા કોઇ પણ શેખની નહોતી, અને તેણે એક મુલકના રાજાના જેટલો અધિકાર મેળવ્યો હતો. સિવાથી વાદાઇ સુધીનાં બધાં શાદ્વલો—કુફ્રા, બોર્કુ, વગેરેમાં સનૂસીઓ વસ્યા હતા, ખેતી કરતા હતા, તથા ત્રિપોલી અને બિનઘાઝી સાથે વેપાર ચલાવતા હતા. રણના જંગલી બદ્દીઓ કાયદાને અને નિયમને તાબે થયા હતા. પણ પૂર્વ સહરા અતિશય વિસ્તીર્ણ હોવા છતાં (સુમારે ૫,૦૦,૦૦૦ ચોરસ માઇલ) અતિશય વેરાન અને ઓછી વસ્તીવાળો પ્રદેશ છે, અને સંપ્રદાયની દૃષ્ટિએ વધારે મહત્ત્વ વાદાઇની દરબારમાં શેખની જે પ્રતિષ્ઠા હતી તેનું હતું.

જોકે તેના બાપે તેને અલ મેહદીનું નામ આપ્યું હતું, તોપણ ન્હાના સનૂસીએ પોતે મેહદી હોવાનો કદાપિ દાવો કર્યો હોય, એમ બતાવવાને પુરાવો નથી. તેના કેટલાક અનુયાયીઓ તેને મેહદી ગણતા, એટલું ખરૂં. પણ જ્યારે પેલો ડોંગાલીઝ મોહમ્મદ અહમદ પૂર્વ સુદાનમાં ઇજિપ્તવાસીઓની સામે થયો, અને પોતાને મેહદી કહેવરાવવા લાગ્યો, ત્યારે સનૂસીને બેચેની થયેલી. તેણે વાદાઇ મારફત મોહમ્મદ અહમદ પાસે એક દૂતને મોકલ્યો, કે જે અલ ઓબીદની લૂટ પછી થોડે વખતે ૧૮૮૩ માં મેહદીની છાવણીએ જઇ પહોંચ્યો. સર રેજિનાલ્ડ વિંગેટ લખે છે:—

"સનૂસી પ્રતિનિધિને નીતિ તથા ઉદ્યોગની કેળવણી મળેલી હોવાથી તેને આસપાસ ખૂનરેજી તથા લૂટ જોતાં ત્રાસ થયો. તેને એવી શ્રદ્ધા હતી, કે દુનિયા એવા મેહદીથીજ દ્વિજ બની શકશે, કે જેની આગ્રહી ધાર્મિકતાથી બીજાઓ નિર્દોષ અને નિયમિત જીવન જીવવાને પ્રેરાય. કોઇ પણ પ્રમાણિક ઉદ્યોગમાં આબરૂ છે, અને માણસે સંયમ રાખતાં શીખવું જોઇએ, એ પ્રકારના વિચારોથી વાદાઇના પ્રતિનિધિનું મન ભરાયલું હતું."

જે ઉદાર વિચારો વિંગેટ તેના દૂતને આરોપે છે, તે શેખ સનૂસીના પોતાના પણ હતા, એમ માનવાને કારણ છે. જોકે મોહમ્મદ અહમદે તેને બે વાર લખી જણાવ્યું, કે પોતાના મોટા ચાર ખલીફામાંથી એક તેણે થવું, છતાં તેની સાથે કશી નિસબત ન રાખવાનો તેણે ઠરાવ કર્યો. બીજા કાગળમાં મેહદીએ સનૂસીને આગ્રહ કરેલો, કે કાંતો ઇજિપ્ત ઉપર હુમલો કરવો, અથવા સુદાનમાં તેની સાથે જોડાવું. એક પણ કાગળનો સનૂસીએ જવાબ આપેલો નહીં; અને તેણે વાદાઇ, બોર્નુ, તથા પાસેનાં રાજ્યોના લોકોને ચેતવણી આપેલી, કે એ નવા ફંદમાં ફસાવું નહીં*. ૧૮૯૦ માં મેહદીના પક્ષવાળાઓ દાર્ફુરથી ધસી

* સરખાવો:—"દિખાકે નુકરઇ મુબાક ચોટીમેં વો કહતે હૂંય:
બચે રહયે જરા ઇનસે યે કાલે કોડિયાલે હૂંય!"

અર્થ:—"ચોટલીમાં રૂપેરી મોબાક દેખાડીને તેઓ કહે છે, કે જરા આનાથી દૂર રહેજો: આ કાળા કોડિયાળા નાગ છે."

આવતા હતા, તેમને વાદાઈની સરહદ ઉપર અટકાવવામાં આવેલા, કારણકે સુલતાન યુસુફ સનૂસીના ઉપદેશને માનતો હતો.

શેખ સનૂસી અલ મેહદીની કીર્તિ આખરે એટલી વધી, કે તુર્કોનું તેના તરફ ધ્યાન ખેંચાયું. ત્રિપોલીના ઘણા ભાગમાં અને બિનઘાઝીમાં શેખની સત્તા તુર્કી સુબાઓના કરતાં વધારે હતી, અને જોકે અબ્દુલ હમીદ ક્રિશ્ચિયનોની વિરુદ્ધની સંસ્થા તરીકે તેને સત્કારતો હતો, તોપણ પોતાની પદવીને જોખમમાં લાવે તેવો નવો મેહદી ઉત્પન્ન થાય તેમાં રાજી નહોતો. ૧૮૮૯ની આખરે બિનઘાઝીના પાશાએ કેટલાક લશ્કરની સાથે જરાબબ આગળ શેખ સનૂસીને મુલાકાત આપેલી. આ બનાવથી શેખને જોખમનો સંભવ દેખાયેલો, અને ૧૮૯૪માં તે જરાબબ છોડીને પોતાની છાવણી કુફરાના શાદ્વલમાં જોફ પાસે લઇ ગયો, જે સ્થાન એટલું દૂર હતું, કે તેના પર ઓચિંતો હુમલો થઇ શકે નહીં. આ અરસામાં સનૂસી સંપ્રદાય ઉપર એક નવું સંકટ દેખાવા લાગ્યું હતું. ફ્રેંચો કોંગોમાંથી ધસીને વાદાઇની પશ્ચિમની અને દક્ષિણની સરહદ ઉપર ચડી આવતા હતા. ૧૮૯૮માં સમાધાન કરાવનાર તરીકે, તથા ફ્રેંચ ધસારાથી જોખમમાં આવતાં બધાં રાજ્યોને સંયુક્ત કરવાના આશયથી, સનૂસીએ રાબાહ ઝુબેર અને બાગિર્મીના સુલતાન વચ્ચે સમાધાન કરવાનો યત્ન કરેલો; પણ એ બંને દરબારો સનૂસી સંપ્રદાયના ન હોવાથી શેખનો યત્ન નિષ્ફળ નીવડેલો. આગલા વરસની આખરમાં સુલતાન યુસુફની વિનંતી ઉપરથી શેખે વાદાઇમાં પોતાના કાયમ પ્રતિનિધિ તરીકે એક એલચીને રાખ્યો હતો. યુસુફ પછી ૧૮૯૮માં ઇબ્રાહિમ વાદાઇની ગાદી પર આવ્યો, અને તે શેખની સલાહ પોતાને પસંદ ન હોય એવું બતાવવા લાગ્યો. વાદાઇના ઇતિહાસમાં કપ્તાન જૂલિયન લખે છે, કે શેખે તેટલા માટે વાદાઇના લોકોને તમાકુ પીવાની તથા મેરિસ્સા નામનો દેશી દારૂ વાપરવાની મના કરી. સુલતાન ઇબ્રાહિમે જવાબ આપ્યો, કે લોકો મેરિસ્સાને માટે લડવાને તથા મરવાને તૈયાર છે; અને મેરિસ્સા છોડવાના કરતાં તેઓ સનૂસી મત છોડવાનું વધારે પસંદ કરશે. શેખે પોતાનો આગ્રહ છોડી દીધો, અને જાહેર કર્યું, કે પોતાની પ્રાર્થનાઓના જવાબમાં અલ્લાહે ધાર્મિક વાદાઇવાસીઓને માટે અપવાદ કરવાની કૃપા કરી છે. ઇબ્રાહિમ ૧૯૦૦માં મરણ પામ્યો, અને તેના અનુયાયીઓ પાછા શેખની અસર નીચે આવ્યા. શેખે ફરી પોતાની છાવણી બદલી; તેણે કુફરા છોડીને ગેરૂમાં નિવાસ કર્યો. એ સ્થાન દાર ગોરેનમાં આવેલું છે, કે જે વાદાઇનો એક પશ્ચિમનો પ્રાંત છે. અહીં તેનો પરમ પૂજ્યભાવથી સત્કાર થયેલો. તેણે એક દુર્ગ ઉપર ઝાવાઇ બાંધ્યો, અને તેની કિલ્લેબંધી કરી. એ સ્થાન પસંદ કરવામાં તેનો ઉદ્દેશ ફ્રેંચ ધસારાને અટકાવવાનો હશે, એમ જણાય છે. પણ જૂલિયન બતાવે છે તેમ સનૂસીનું એ પગલું બહુ મોડું લેવાયું હતું. ૧૯૦૦ના એપ્રિલમાં રાબાહ ફ્રેંચોના હાથથી કપાઇ ગયો હતો; અને બાગિર્મીનો તેમણે કબજો લીધો હતો. છતાં શેખે ફ્રેંચોને કાનેમનો કબજો લેતાં અટકાવવાને યત્ન કરેલો. એ પ્રદેશ ચાદ સરોવરથી ઉત્તર-પૂર્વમાં આવેલો છે, અને તેની ઉત્તર તથા પૂર્વ તરફની સરહદ સહરાની સાથે જોડાયલી છે, કે જેને સનૂસીઓ પોતાનો ખાસ મુલક સમજતા હતા.

કાનેમમાં બીર લુલાલી પાસે એક ઝાવાઇ બાંધવામાં આવેલો. સનૂસીઓએ ત્યાં પુષ્કળ ચોકીદારો રાખેલા; અને પછી ફ્રેંચો સાથે વિગ્રહ થયેલો. ૧૯૦૨ ના જાન્યુઆરીમાં ટેટાર્ડની સરદારી નીચેની એક ફ્રેંચ ટુકડીએ સખ્ત લડાઇ પછી બીર લુલાલીનો કબજો લીધો. કાનેમ જવાથી શેખ સનૂસીને બહુ ખોટું લાગ્યું, અને ૧૯૦૨ ના મેની ૩૦ મી તારીખે તે મરણ પામ્યો. તેના પછી તેનો ભત્રીજો અહમદ અલ શરીફ શેખની ગાદી પર આવ્યો, અને તે પોતાની છાવણી પાછી કુફરા પાસે લઇ ગયો.

શેખ સનૂસી અલ મેહદીના શરીર ઉપર વિલક્ષણ નિશાનીઓ હતી, એમ કહેવાય છે. તેની આંખો આસમાની હતી, એક હાથ બીજા કરતાં લાંબો હતો, અને ખભાઓ વચ્ચે કંઇક ભેદભરેલી નિશાની હતી.

(આ મહત્ત્વનો ઇતિહાસ આવતા અંકમાં પૂરો કરવામાં આવશે.)

લડાઇના તાર.

સામાન્ય સ્થિતિ.

મેસોપોટેમિયા સિવાય બધા મોખરા ઉપર મિત્ર રાજ્યોનું જોર વધતું જાય છે. જર્મન કાફલાને લડયા વગર ન્હાસવું પડયું છે. જર્મન સિપાઇઓને ખાનપાનની પણ મુશ્કેલી હોય એમ બતાવનારા કાગળો પકડાયા છે. તેઓ પાછા હુમલા કરે છે, પણ તે ઉત્સાહ વગરના હોવાથી ફાવતા નથી. ઇટાલિયનો ઑસ્ટ્રિયા સામે ઠીક આગળ વધે છે. હરામી હૂનોની બધી હુશિયારી છતાં તેમને ચોતરફથી હઠવું પડે છે. મિત્ર રાજ્યોનો છેવટનો વિજય નજીક આવતો જાય છે.

બ્રિટિશ ધસારો.

લંડન, ૧૮ મી ઑગસ્ટ.

પોઝિએરીસથી સોમ સુધી આખા મોખરા ઉપર લડાઇ ચાલી છે. બ્રિટિશો ગિંચી અને ગિલેમોન્ટ તરફ આગળ વધ્યા છે, અને ૨૦૦ કેદી પકડાયા છે. ગિંચી અને ગિલેમોન્ટની દિશામાં કેટલાંક મજબૂત મથકો આપણે પડાવ્યાં છે. આપણી જમણી બાજુ પર ફ્રેંચો પણ આગળ વધ્યા છે.

બલ્ગેરિયનોની હાર.

લંડન, ૨૦ મી ઑગસ્ટ.

સ્ટ્રુપાના પૂર્વ કિનારા ઉપર બલ્ગેરિયનોએ સ્ટારચિસ્ટા અને લિસાના ગ્રીક કિલ્લાઓનો કબજો લીધો છે. પશ્ચિમ કિનારા પરના હુમલા પાછા હઠાવવામાં આવેલ છે. ફ્લોરિનાથી આગળ વધતા બલ્ગેરિયનોને મોનેસ્ટિરની દક્ષિણે સર્બિયનો સાથે ભેટો થયો છે. મોનેસ્ટિરથી કાવાલા સુધી આખી લાઇન પર લડાઇ ચાલે છે. ડોઇરનની પડોસ સિવાય બીજે બધે બલ્ગેરિયનો હુમલા કરે છે, પણ તેમને અટકાવવામાં આવે છે.

રશિયન ધસારો.

પિટ્રોગ્રેડ, ૨૨ મી ઑગસ્ટ.

આપણે સ્ટોખોડના પ્રદેશમાં આગળ ચાલ્યા છીએ. ૧૮ મી અને ૧૯ મી તારીખે આપણે ૧,૩૫૦ કેદી પકડ્યા છે, તથા ૧૮ મશીનગન અને બીજો લશ્કરી સામાન હાથ કર્યો છે. જેબ્લોનિટ્ઝા ઘાટની દક્ષિણ-પૂર્વમાં ૨૫ માઈલ પર જેબ્લોનિટ્ઝા ગામ આપણે કબજે કર્યું છે. (ગેલીશિયામાંથી કાર્પેથિયનમાં થઈને હુંગરીમાં જવાના જે બે મહત્ત્વના ઘાટ છે, તેમાંનો એક જેબ્લોનિટ્ઝા છે.)

ફ્રેંચ ધસારો.

પારિસ, ૨૨ મી ઑગસ્ટ.

ફ્લેરીની સરહદમાં આપણે આગળ ચાલ્યા છીએ; અને એસ્ટ્રીસની નૈર્ઋત્યમાં તથા સોયેકોર્ટની પૂર્વે કેટલીક ખાઈઓનો કબજો લીધો છે. સોમની ઉત્તરે મોખરાના મોટા ભાગ ઉપર તોપોનો મારો ચાલુ છે. ૨૦ મી તારીખે ગિલેમોન્ટની દક્ષિણે જે જંગલ આપણે પડાવ્યું છે, તેમાં બીજી બે તોપો પણ હાથ આવી છે.

મિ. લૉઈડ જ્યોર્જનું ભાષણ.

લંડન, ૨૨ મી ઑગસ્ટ.

આમની સભામાં ભાષણ કરતાં મિ. લૉઈડ જ્યોર્જે વિગ્રહ સંબંધી સ્થિતિનું અવલોકન કરીને તે સંતોષકારક છે એમ જાહેર કર્યું છે. મેસોપોટેમિયા સિવાય બીજે બધેય બાજી મિત્ર રાજ્યોના હાથમાં આવી છે. "હું ધારું છું, કે દૂરની દૃષ્ટિમર્યાદામાં મિત્ર રાજ્યો હવે અંતને જોઈ શકે તેમ છે. હજી જે કામ કરવાનું રહ્યું છે, તેમાં સંસ્થાનો તથા શહેનશાહતનાં તમામ સાધનોની જરૂર પડશે, એટલે તેનું મહત્ત્વ ઓછું સમજવું, એ ભૂલ છે; પણ જો મિત્ર રાજ્યો વફાદારીથી સાથે કામ કર્યા કરશે, તો વિજયની મને ખાતરી છે."

રુમાનિયાનું વલણ.

આમ્સ્ટર્ડૅમ, ૨૫ મી ઑગસ્ટ.

બર્લિનના એક પેપરનો ખબરપત્રી જણાવે છે, કે રૂમાનિયા વિગ્રહને માટે તૈયાર થાય છે; અને બુખારેસ્ટમાં જે મસલહત ચાલે છે, તેમાં હિંડનબર્ગ મુખ્ય ભાગ લે છે.

રશિયન જીત.

પિટ્રોગ્રેડ, ૨૪ મી ઑગસ્ટ.

રશિયનોએ મુશનો ફરીને કબજો લીધો છે, અને ૨,૩૦૦ કેદીઓ પકડ્યા છે.

નિવેદન.

આજના અંકની સાથે વિગ્રહના વખતમાં આગની સામે લડવાનું કામ કરનારી બ્રિટિશ બાઈઓનો એક ફોટોગ્રાફ અમે અમારા વાંચનારાઓને ભેટ આપીએ છીએ.

જાવનજી દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૫ મી સપ્ટેંબર ૧૯૧૬. [અંક ૪૦.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વેહેંચાતું
સામાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૫ મી સપ્ટેંબર ૧૯૧૬.

ઇજિપ્તનો બચાવ અને રણની લડાઇઓ.

(ગયા અંકથી ચાલુ.)

૧૯૧૫ના ઑગસ્ટમાં એક ફ્રેંચ ટોર્પીડો-બોટ, કે જે ત્રિપોલીના કિનારાની દેખરેખ રાખતી હતી, તેને ગ્રીક વાવટો ઉડાવનાર એક વહાણની સાથે ભેટો થયો. તેમાં કેટલાક તુર્કી અમલદારો હતા, જર્મન સોનાના ૪,૦૦૦ પૌંડ હતા, અને બીજી બક્ષેશો સાથે એક નકશીદાર દાબડો હતો, કે જેમાં જર્મન શહેનશાહે આરબી ભાષામાં લખેલો એક કાગળ હતો. કાગળમાં નીચે પ્રમાણે લખેલું હતું:—

"અલહમ્દુલિલ્લાહ! શાર્લમેનના વારસ શહેનશાહ વિલિયમ તરફથી અલ્લાહના એલચી તથા ઇસ્લામના રક્ષક પ્રખ્યાત શેખ સનૂસી તરફ. અમે અલ્લાહની બંદગી કરીએ છીએ, કે તે અમારાં લશ્કરને ફત્તેહ ભણી દોરે. અમારી ઇચ્છા એવી છે, કે જે મુલક સાચા માનનારાઓ તથા તેમના ઉપરીનો છે, તેમાંથી તારા બહાદુર લડવૈયાઓ બધા કાફરોને દૂર કરે. આ ઉદ્દેશ માટે અમે તારા તરફ હથિયારો, નાણું, તથા લડાઇના અનુભવી આગેવાનોને મોકલીએ છીએ.* આપણુ બંનેના દુશ્મનો તારી આગળથી ન્હાસવા માંડશે. આમીન!"

વિલિયમ.

પ્રોટેસ્ટંટ અને કૅથલિક ક્રિશ્ચિયનો ઉપર રાજ્ય કરનાર એક શહેનશાહ એક મુસલમાન ધર્માચાર્યને આવો કાગળ લખે, તે વિલક્ષણ છે. જે કાફરોને તે સનૂસીના હાથથી નિર્મૂલ થયેલા જોવા ચાહે છે, તે ઇજિપ્ત, ત્રિપોલી, ટ્યૂનિસ, અલ્જીરિયા, તથા મોરોક્કોમાં વસતા પ્રોટેસ્ટંટ, કૅથલિક અને બીજા ક્રિશ્ચિયનો છે!†

---

* સરખાવો:—"દિલ દિયા, દીન દિયા, માલ દિયા, જાન દિયા:
અપની મકદૂર મુવાફિક તુઝે સુલતાન દિયા!"

અર્થ:—"દિલ, ધર્મ, ધન, પ્રાણ અર્પણ કર્યાં. હે છત્રપતિ! અમારા ગજા માફક તને આપ્યું."

† સરખાવો:—"અપનોંસે અદાવત ઉનકો ગૈરોંસે હૈ ઉલ્ફત:
સૂરતકે તો ઇન્સાન હૈં યે શૈતાન બ સીરત!"

અર્થ:—"પોતાનાઓ સાથે તેમને દુશ્મની છે, અને પારકાઓ સાથે પ્રીતિ છે: તેઓ દેખાવે મનુષ્ય અને લક્ષણે શૈતાન છે."

પણ શેખ સનૂસીનો તે વખતે ઇજિપ્ત પર ચડાઇ કરવાનો વિચાર નહોતો. જે ટોળીઓ તેણે એકઠી કરી હતી, તેમને ત્રિપોલીમાં ઇટાલિયનો સાથે લડવામાં પુરતું કામ હતું; અને બ્રિટિશોની સામે થવાય તે પહેલાં તેમને વધારે તોપો, મશીનગનો, અને દારૂગોળાની જરૂર હતી. જ્યાં આગળ ઇજિપ્તની સરહદ ત્રિપોલીની સાથે જોડાય છે, ત્યાં સોલમના અખાતના કિલ્લામાં બ્રિટિશોની અબ્બાસ તથા અબ્દુલ મુનઈમ નામે બે આગબોટો હતી; અને જોકે તેની અંદરની તોપો ન્હાની તથા જૂની હતી, તોપણ તેને પૂરી પડે એવી તોપો રણમાં થઇને લાવવાને સનૂસીઓ શક્તિમાન નહોતા.

૧૯૧૫ના નવેંબરની ૫ મી તારીખે એક ઑસ્ટ્રિયન સબમરીને તારા નામે એક બ્રિટિશ હથિયારબંધ વેપારી વહાણને ટોર્પીડો મારી. કપ્તાન ગ્રૅટકિન વિલિયમ્સ એ વહાણનો ઉપરી હતો, અને ઉતારૂઓમાં ઘણાખરા વેલ્સવાસીઓ હતા. દસ હોડીઓમાંથી માત્ર ત્રણ નિકળી શકી, અને સબમરીને તેના માણસોને કેદી તરીકે સનૂસીઓને સોંપ્યા. ૧૮૦ માઇલ સુધી તેમને લિબીઆના રણમાં ચલાવવામાં આવ્યા. થોડા ખોરાક ઉપર રાખેલા છતાં તેમને ગુલામોની માફક કામ કરવાની ફરજ પાડવામાં આવેલી, ગેંડાના ચામડાના કોરડાનો તેમના પર માર પડેલો, અને બિમાર થતાં કૂતરાઓની માફક તેમને ખાઇઓમાં મરવા સારૂ પડતા મૂકવામાં આવેલા.

કંઇ પણ કુમક મોકલી શકાય એવું નહોતું, કારણકે જે સબમરીને તારાને ડુબાવી, તેણેજ અબ્બાસને પણ ગોળા મારીને ડુબાવેલી, અને બીજી બોટને એટલું નુકસાન કરેલું, કે તેને કિનારે જવું પડેલું. પછી સબમરીને સોલમમાં ૫૦ ગોળીઓ છોડી, અને તે પછી એક મોટી આગબોટ કિનારે પહોંચાડી. એ આગબોટમાં ૨૦૦ કે ૩૦૦ તુર્કી સિપાઇઓ, કેટલાક જર્મન તથા તુર્કી અમલદારો, થોડી તોપો, તથા પુષ્કળ દારૂગોળો હતાં. માણસો તથા દારૂગોળો સનૂસીઓની છાવણી પાસે ઉતારવામાં આવ્યાં, અને પછી નવેંબરના બીજા સપ્તાહમાં સરહદ ઉપર મેજર વ્હાઇટના ન્હાના લશ્કર ઉપર હુમલો કરવામાં આવ્યો.

હુમલો નવા ઉતરેલ લશ્કરે કરેલ જણાય છે. અન્વર પાશાનો ભાઇ નૂરી બે તેમનો નાયક હતો, અને કેટલાક બદ્દીઓ પણ તેમની સાથે હતા. હુમલાને સખત રીતે પાછો વાળવામાં આવેલો, અને ઇજિપ્તના એક દેશી વર્તમાનપત્રે પ્રગટ કરેલા સંદેશામાં શેખ સનૂસીએ જણાવેલું, કે હુમલો તેના હુકમ વિરુદ્ધ કરવામાં આવેલ છે, કે તે બ્રિટિશ પ્રજા સાથેની પોતાની મિત્રતા તોડવાને રાજી નથી, અને ઇજિપ્તના મુલક પર ચડાઇ કરનાર કોમને સજા કરવામાં આવશે. સ્થિતિ આટલા માટે અસ્પષ્ટ રહી; અને જનરલ મેકસવેલ, કે જે બ્રિટિશ તથા ઇજિપ્તના લશ્કરનો ઉપરી હતો, તેણે સનૂસીઓની પરીક્ષા કરવાનો નિશ્ચય કર્યો.

સોલમમાં જે બ્રિટિશ લશ્કર હતું, તે પાસેમાં પાસેના રેલવે સ્ટેશનથી દૂર હતું. તેટલા માટે એ લશ્કર સોલમમાંથી ફેરવીને માતૃહમાં આણવામાં આવ્યું, કે જે સ્થાન રેલવેથી સુમારે ૪૨ માઇલ દૂર હતું, અને ત્યાં સુધી સારો મોટરનો માર્ગ હતો. માતૃહની આસપાસનો મુલક બહુ કિંમતી હતો. રણની સીમા ઉપરની રેતાળ જમીનમાં મકાઇનો પાક પુષ્કળ ઉતરતો; અને

બદ્દી વસ્તીનો તેના પર મુખ્ય આધાર હતો. જો સનૂસીઓ ઇજીપ્ત પર ચડાઇ કરવા ધારતા હશે, તો પ્રથમ એ મકાઇનાં ખેતરોનો કબજો લેશે એવી ધારણા હતી. રણમાં વિમાની સેનાના અમલદારો ચોકી કરતા હતા, જેમણે જોયેલું, કે સફેત ઝબ્બાવાળા આરબો ત્રિપોલીમાંથી અને દક્ષિણના રણમાંથી એકઠા થાય છે, તથા ધીમે ધીમે પૂર્વ તરફ કુચ કરે છે.

"ચલી આતી હૂંય નઝ્રે ધૂમસે દરબારે કાતિલ હય:
કિસીકા સર હથેલી પર કિસીકા હાથમેં દિલ હય!"

અર્થ:—"કતલ કરનાર માશુકે દરબાર ભર્યો છે, તે પ્રસંગે ધૂમધામથી નજરાણામાં કોઇ પોતાનું માથું હથેલી પર તો કોઇ હૃદય હાથમાં લાવીને અર્પણ કરે છે."

થોડા વખતમાં સ્થિતિ ગંભીર છે એમ માલુમ પડેલું, કારણકે બદ્દીઓ હજારોની સંખ્યામાં ધસી આવતા હતા. કેટલીક ન્હાની ઝપાઝપ્પીઓ પછી નાતાલને દિવસે મોટી લડાઇ થઇ; એ લડાઈમાં ન્યૂઝીલેંડના સિપાઇઓએ તથા શીખોએ સારૂં પરાક્રમ કરી બતાવ્યું. દુશ્મનનો ઘણો માલ બ્રિટિશોના હાથમાં પડ્યો; અને અંધારૂં થતાં તેઓ ન્હાસવા લાગ્યા.

૧૯૧૬ ના જાન્યુઆરીની ૨૨ મી તારીખે બીજી લડાઇ થઇ. નૂરી બે અને જાફર પાશા સનૂસીઓ તથા બદ્દીઓના નાયક હતા. એ લડાઇમાં આરબો પણ સારી રીતે લડ્યા, છતાં છેવટે તેમને હઠી જવું પડ્યું.

ત્રીજી લડાઇ ફેબ્રુઆરીની ૨૫ મી તારીખે સાંજે શરૂ થઇ, અને બીજા દિવસ સુધી ચાલ્યા કરી. એ લડાઇમાં સવારોએ ઘણું સારૂં કામ કર્યું. જાફર પાશા, નેહાદ બે, સામી બે, મુસબાશી સનૂસી, અબ્દલ્લા મુલાઝિમ અહમદ મુખતાર, અને બીજા મુખ્ય મુખ્ય અમલદારો કેદ પકડાયા; અને નૂરી બે માર્યો ગયો. ફરી એક વાર દુશ્મનો હઠી ગયા.

હજી છેલ્લા એક ઘાની જરૂર રહી. માર્ચની ૯ મી તારીખે જનરલ લુકિનની ટુકડીએ પાછી કુચ શરૂ કરી. ટુકડી ન્હાની હતી, તોપણ ઘોડાં તથા માણસોને માટે પાણીની મુશ્કેલી હતી. આગળ ચાલતાં માર્ચની ૧૪ મી તારીખે વિમાનીઓએ ખબર આપી, કે સોલમની પશ્ચિમે બીર વેર પાસે જે છાવણી હતી, તે સનૂસીઓ ખાલી કરી ગયા છે. વેસ્ટમિન્સ્ટરનો ડ્યુક, કે જે કવચવાળી મોટર ગાડીઓનો ઉપરી હતો, તેને હુકમ થયો, કે યોગ્ય સાહસ કરીને હઠી જતા દુશ્મનની પાછળ પડવું. ડ્યુકની ટુકડીમાં નવ કવચવાળી મોટર ગાડીઓ, એક મશીનગનવાળી ખુલ્લી ગાડી, અને ૩૨ માણસો હતાં. ડ્યુકે એટલું સાહસ કર્યું, કે તેને યોગ્ય કહી ન શકાય. ટુકડી બીર વેર પાસેની દુશ્મનની છાવણીમાં થઇને પસાર થઇ, અને પછી જે જૂનો માર્ગ રણમાં થઇને ઇજિપ્તની સરહદની પશ્ચિમે ૯૦ માઇલ દૂર ત્રિપોલીના કિનારા પરના તોબ્રુક શહેર સુધી જાય છે, તેમાં દાખલ થઇ. માર્ગની સપાટી વરસો થયાં ખડબચડી થઇ ગઇ હતી, પણ વરસાદથી ભીની થયેલી રણની રેતીના કરતાં મોટરવાળાઓને એ માર્ગ બહુ સારો લાગ્યો. તેઓ કલાકે ૩૫ માઇલની ઝડપથી ચાલવા લાગ્યા, કે જે ઝડપ લિબીઆના રણમાં વીજળીના

જેવી ગણી શકાય. બીર વેરથી વીસેક માઇલ ઉપર અસીસાના કુવાઓ પાસે સનૂસી લશ્કર પાણી લેતું હતું, ત્યાં તેઓ અર્ધા કલાકમાં આવી પહોંચ્યા. પાછલા ચોકીદારોએ ગાડીઓ સામે ગોળીઓ છોડી તે નકામી ગઇ. અને પછી ૩૨ બ્રિટનો તથા સુમારે ૬,૦૦૦ સનૂસીઓ, બદ્દીઓ, તુર્કો અને જર્મનો વચ્ચે લડાઇ જામી.

દુશ્મનો છાવણી વીંખી નાંખવાની તૈયારીમાં હતા. ઊંટો ઉપર સામાન લાદેલો હતો, અને પાયદળ કુચ કરવા લાગ્યું હતું. બે તોપો તેની જગ્યાએથી ચલાવવામાં આવી હતી, પણ એક ત્રીજી તોપ તથા બે મશીનગનો પાછલા લશ્કરના બચાવ માટે રાખેલી હતી. કેટલાક તુર્કો એ તોપ તથા બંદૂકો પાસે ગયા, અને પહેલી મોટર નજરે પડી કે તેના પર બહાર કરવા લાગ્યા. દુશ્મનની પહાડી તોપના ગોળા માથા ઉપર થઇને પસાર થયા, એટલે વેસ્ટમિન્સ્ટરના ડ્યૂકે પોતાની ટુકડીને લાઇનમાં ગોઠવાઇને હુમલો કરવાનો હુકમ આપ્યો. દસ ગાડીઓ રસ્તા ઉપર ગોઠવાઇ ગઇ, અને દુશ્મનો સુમારે ત્રણસો વાર દૂર રહ્યા. બ્રિટિશ મશીનગનના માણસોએ દુશ્મનનાં સ્થાનકોનો નાશ કરવા માંડયો; અને પછી બે ગાડીઓ રસ્તા પર રહીને બહાર કરતી રહી, અને બાકીની આઠ પાયદળની માફક હુમલો કરવા ઉપડી. મશીનગનના અમલદારોને ઉતાવળે અને બરાબર નિર્ણય કરવાનો હતો; તથા હાંકનારાઓને પહાડી તોપ ફોડનાર તુર્કી અમલદારના ઇરાદા પર ધ્યાન આપવાનું હતું. પણ આ અમલદાર હુમલો કરનાર એક પણ ગાડી પર ઘા પહોંચાડી શકયો નહીં. તેના દસ શેરના ગોળા અગ્નિરથોના શિખર પર થઇને સુમારે બે માઇલ દૂર ફાટતા હતા. તુર્કી તોપવાળાઓ એક પણ ગાડી પર બરાબર ઘા પહોંચાડી શકયા નહીં. દરમિયાન, બ્રિટિશ મશીનગનો ભયંકર ઘાણ વાળતી હતી. તોપખાનાના તુર્કી અમલદારો અને માણસો લગભગ બધા માર્યા ગયા; અને પછી મશીનગન સનૂસી લશ્કર ઉપર ચાલવા માંડી. સિપાઇઓ બિલકુલ નિરંકુશ થઇને બધી દિશામાં ન્હાસતા હતા. ઘણા આરબો એવું માનનારા હતા, કે મોતનો ભયંકર વરસાદ વરસાવતી કવચવાળી મોટરગાડીઓ માનવી હથિયાર જેવી નહીં પણ ત્રાસદાયક જાદુઇ બલાઓ હતી, કે જેને કશાથી અટકાવી શકાય નહીં. શું તેઓ તુર્કી પહાડી તોપો અને મશીનગનોમાંથી બચી નહોતી? ગાડીઓ રણક્ષેત્રમાં અહીં તહીં ઘૂમવા લાગી, અને લડવા ઇચ્છતી ટોળીઓને વિખેરવા લાગી. ખાસ કરીને તુર્કી અમલદારોને તેઓ શોધતી, કારણકે તેમને પકડવાનું કામ સૌથી વધારે મહત્ત્વનું હતું.

"ફિર બેખુદીમેં ભૂલ ગયા રાહે કુએ યાર:
જ઼ર એકસે પૂછતા હું કે જાઉં કિધરકો મૈં?"

અર્થ:—"બેભાનીમાં ફરી માશુકની ગલીનો રસ્તો હું ભૂલી ગયો: અને દરેક માણસને પૂછતો ફરૂં છું, કે હું કઇ બાજુએ જાઉં?"

ઘણાખરા બદ્દીઓ પોતાની રાઇફલો ફેંકી દઇને કઇ દિશામાં પોતે જાય છે તેની પણ દરકાર કર્યા વગર ન્હાસવા લાગ્યા. દુશ્મનનો એક અમલદાર ગભરાયેલો નહીં, અને તેણે ૫૦

લાદેલાં ઊંટ લઇ જવાને ઘણો પ્રયાસ કર્યો. પણ એ પશુઓ છાવણી છોડીને જતાં હતાં, ત્યાં બ્રિટિશ મશીનગનોએ તેમના ઉપર એવો મારો ચલાવ્યો, કે તેનું પરિણામ ભયંકર આવ્યું. એ કમનસીબ પ્રાણીઓ ઉપર પેટ્રોલ અને બોંબનો ભાર હતો; અને મોટા ધડાકા સાથે તેઓ આકાશ સુધી ઊંચાં ઉડ્યાં. સાત માઇલ સુધી બ્રિટિશો દુશ્મનની પાછળ પડ્યા; પણ પછી પેટ્રોલ ખૂટી જવાની ધાસ્તીથી એ કામ માંડી વાળવું પડયું. ત્રણ ગાડીઓ લૂટ તથા કેદીઓની ચોકી માટે રણ ઉપર રહી, અને બાકીની વધારે પેટ્રોલ લેવા માટે સોલમ ગઇ. ત્રણ પહાડી તોપો, નવ મશીનગનો, પુષ્કળ ગોળાઓ, ૩૦૦,૦૦૦ કાર્ટ્રિજો, ખોરાક, ઊંટો, ખચ્ચરો, વગેરે ઘણો માલ પકડાયો. બ્રિટિશોનો માત્ર એક અમલદાર માથામાં જરા જખમી થયો. દુશ્મનોના ત્રીશ તુર્કી અમલદારો માર્યા ગયા અથવા જખમી થયા. તોપો અને દારૂગોળો જવાથી દુશ્મન વધારે લડાઇ કરી શકે એવું રહ્યું નહીં.

ધીમે ધીમે બદ્દીઓ શરણે આવવા લાગ્યા. તેઓ મરકીના અને દુકાળના દુઃખથી હેરાન થતા હતા. લડાઇના વખતમાં બિલકુલ મકાઇનો પાક થઇ શકયો નહોતો; અને આરબોને કંદમૂળ તથા ગોકળગાયો ખાઇને નિર્વાહ કરવો પડ્યો હતો. તેઓ ભૂખથી પીડાતા આવતા ગયા; અને બ્રિટનના સિપાઇઓ પોતાનો ખોરાક તેમની સાથે વહેંચી લેવા લાગ્યા. દરમિયાન શેખ સનૂસીને કુફરાના શાદ્વલમાં દરિયાને કિનારેથી મદદ મળતી બંધ થઇ; અને ફ્રેંચ, ઇટાલિયન, તથા બ્રિટિશ લશ્કરો તેના સ્થાનની આસપાસ ફરી વળ્યાં.

પહેલાં તો હઠી જવાનો એક માર્ગ ખુલ્લો હતો. ૧૯૧૬ ના ફેબ્રુઆરીમાં દાર્ફરનો સુલતાન, કે જે લડાઇના સ્થાનથી ૧,૦૦૦ માઇલ દૂર હતો, તે સનૂસીનો અને તુર્કોનો ખુલ્લી રીતે પક્ષ કરવા લાગ્યો હતો. દાર્ફર એ એંગ્લો-ઇજિપ્તક સુદાનની સર્વથી પશ્ચિમમાં આવેલું રાજ્ય છે. તે સહરાની ઉત્તરની સરહદની લગોલગ કુફરાના શાદ્વલથી દક્ષિણે ચારસેંક માઇલ સુધી આવેલું છે. દાર્ફર ૧૮૮૩ માં જૂઠા મેહદીના મુલકમાં ભેળવાયું હતું, પણ વસ્તીના શીદીઓ તથા આરબોને દરવેશોનો અમલ પસંદ ન પડવાથી તેઓ સ્વતંત્રતા માટે લડ્યા કરતા હતા; અને ૧૮૯૮ માં ઓમ્ડરમેનની જીત થઇ ત્યારે દેશની સાથે છૂટા થયેલા. તે વખતે દાર્ફરના લોકો બ્રિટિશના પક્ષમાં હતા, એટલે તેમના સરદાર અલી દિનારને મેહદીના તુરંગમાંથી છૂટો કરી સુલતાન બનાવવામાં આવેલો. સુદાનની એંગ્લો-ઇજિપ્તક સરકારને તે ૫૦૦ પોંડ ખંડણી ભરતો હતો.

ખાસ કરીને આગલા સનૂસીના ઉપદેશથી દાર્ફરનો દરબાર પંદર વરસથી મેહદી અને ખલીફા તથા તેના દરવેશો સાથે લડ્યા કરતો હતો. ૧૯૧૬ ના જાન્યુઆરીમાં નવા શેખે સુલતાનને ખાર્ટૂમ પર ચડાઇ કરવાને ઉશ્કેર્યો હતો. અલ ફેશર, કે જે દાર્ફરની રાજધાની છે, તે ખાર્ટૂમની પશ્ચિમે સુમારે ૫૦૦ માઇલ દૂર પહાડોમાં આવેલી છે. પ્રજામાં સુમારે ૪૦ લાખ કાબરા ચહેરાના શીદીઓ અને બદ્દીઓ છે, જેઓ માટીનાં અને ઘરૂનાં ઝૂંપડાંઓમાં વસે છે; અને દેશનો વિસ્તાર ગ્રેટ બ્રિટનના કરતાં વધારે છે. પણ દેશમાં અસંખ્ય પહાડો અને સૂકી

નદીઓની નીકો હોવાથી, તથા સપાટી છથી સાત હઝાર ફુટ ઊંચી હોવાને લીધે, દાર્ફરના મુલકની કુદરતી મજબૂતી ઘણી છે.

અલી દિનારને માત્ર બચાવ ઉપર રહેવાથી સંતોષ નહોતો. ૧૯૧૬ના ફેબ્રુઆરીમાં તેણે પોતાની રાજધાનીથી પૂર્વમાં ૧૦૦ માઇલ પર આવેલા એક મોટા પહાડ પાસે લશ્કર એકઠું કર્યું. તેનો ઇરાદો કોર્ડોફાન પર ચડાઇ કરવાનો હતો, કે જ્યાં પહેલાં મેહદીનો બળવો થયેલો, અને જેમાં પાંચેક લાખ આરબો તથા હબસીઓ વસે છે. તેની સામે બ્રિટિશ સરદાર કર્નલ કેલીએ ખારટૂમની નૈર્ઋત્યમાં ૩૦૦ માઇલ દૂર નાહૂદ પાસે લશ્કર એકઠું કર્યું; અને દુશ્મનની રાજધાની તરફ ચાલવા માંડ્યું. મેની ૨૧ મી તારીખે એ લશ્કર દાર્ફર રાજધાનીની ઉત્તરે બાર માઇલ પર આવેલા બેરિંજિયા કરીને ગામ પાસે આવી પહોંચ્યું.

"ખુદાકે ફઝલસે અબ આન તો પહોંચે હુંય કરીબ:
આજ યા કલમેં હમેં હોતી હુય અબ ફત્હ નસીબ!"

અર્થ:—"ઈશ્વર કૃપાથી હવે નજીક તો આવી પહોંચ્યા છીએ. હવે આજકાલમાં અમને જય મળે છે."

બીજે દિવસે લડાઇ થઇ. આરબો અને હબસીઓએ મોતની દરકાર કર્યા વગર સારી બહાદુરી બતાવી; પણ મશીનગનો અને સંહારનાં નવાં સાધનો આગળ તેમનું કશું ચાલ્યું નહીં. વિમાનોએ ઉપરથી બોંબ નાંખીને જંગલી તથા અજ્ઞાન લડવૈયાઓને ભડકાવ્યા, અને તેઓ ન્હાસવા લાગ્યા. ૧૯૧૬ ના મેની ૨૩ મી તારીખે કર્નલ કેલીએ રાજધાનીનો કબજો લીધો; અને સુલતાન અલી દિનાર થોડાં માણસો સાથે પશ્ચિમ તરફ ભાગી ગયો.

લડાઇના તાર.

દુશ્મનના વ્યર્થ હુમલા.

પારિસ, ૨૬ મી ઑગસ્ટ.

મોરીપસની દક્ષિણે નં. ૧૨૧ ની ટેકરી ઉપર દુશ્મને કરેલો સખ્ત હુમલો નુકસાન સાથે પાછો વાળવામાં આવેલ છે. ફ્લૂરી અને એપ્રેમોન્ટના જંગલની સામેના જર્મન હુમલા પણ છેક નિષ્ફળ નીવડ્યા છે. ગઇ કાલથી આપણે ૩૫૦ કેદીઓ પકડ્યા છે. બાર જર્મન વિમાનોને પાડવામાં આવેલ છે.

ઇટલી અને જર્મની.

આમ્સ્ટર્ડામ, ૨૭ મી ઑગસ્ટ.

બર્લિનમાં જણાવવામાં આવે છે, કે ઇટાલિયન સરકારે સ્વિસ સરકાર દ્વારા જર્મનીને

ચેતવણી આપી છે, કે ઑગસ્ટની ૨૮ મી તારીખથી ઇટલી પોતાને જર્મનીની સાથે વિગ્રહની સ્થિતિમાં ગણશે.

રૂમાનિયાનો જંગમાં પ્રવેશ.

લંડન, ૨૮ મી ઑગસ્ટ.

બર્લિનથી એક તારના સંદેશામાં જણાવવામાં આવે છે, કે રૂમાનિયાયે ઑસ્ટ્રિયા સામે વિગ્રહ જાહેર કર્યો છે.

જર્મનીનો જવાબ.

બર્લિન, ૨૮ મી ઑગસ્ટ.

ઑફિશ્યલી ખબર આપવામાં આવે છે, કે જર્મનીએ રૂમાનિયા સામે વિગ્રહ જાહેર કર્યો છે.

સબમરીનોનો શિકાર.

લંડન, ૨૮ મી ઑગસ્ટ.

મિ. આલ્ફ્રેડ નોઇસ બ્રિટિશો જે રીતે સબમરીનોનો શિકાર કરે છે તેનું વર્ણન કરતાં જણાવે છે, કે એ કાફલામાં હાલ ૩,૦૦૦ વહાણો છે, અને કામ કરનારાઓની સંખ્યા ૧૦૦,૦૦૦ની છે, જેમાંના ઘણાખરા માછીઓ છે. દેશની પાસેનાં પાણીઓમાં સબમરીન આવવાની ખબર પડતાં ૨૫ મિનિટમાં તેને પોલાદની જાળીમાં પકડી શકાય છે, કે જેમાંથી તે છૂટી શકતી નથી. મિ. નોઇસે એક સો માઇલ લાંબી જાળ જોયેલી છે. ચેતવણી મળતાં તેનું રૂપ અને સ્થાનક તરત બદલી શકાય છે.

રૂમાનિયન શહેરો પર તોપના ગોળા.

લંડન, ૩૦ મી ઑગસ્ટ.

વર્સિઓરોવા, ટર્નુ સેવેરિન, અને ગૂર્ગેવો ઉપર ઑસ્ટ્રિયનોએ તોપનો મારો ચલાવ્યો છે.

રૂમાનિયાની હંગરી પર ચડાઇ.

લંડન, ૩૦ મી ઑગસ્ટ.

રૂમાનિયન લશ્કરે ઑસ્ટ્રો-હંગેરિયન સરહદનું ઉલ્લંઘન કર્યું છે, અને કેટલાંક મહત્ત્વનાં સ્થાનો કબજે કર્યા છે.

રૂમાનિયામાં રૂશિયન લશ્કર.

લંડન, ૩૧ મી ઑગસ્ટ.

રૂશિયન લશ્કર રૂમાનિયામાં દાખલ થયું છે, અને ચોતરફથી તેનો ઘણો સત્કાર થયેલ છે. રૂમાનિયાના પસારાથી ઑસ્ટ્રિયનો હઠતા જાય છે.

ભાવનગર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૧૨ મી સપ્ટેંબર, ૧૯૧૬. [અંક ૪૨.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,

ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની

આજ્ઞાથી પ્રસિદ્ધ થતું

અને

વિના મૂલ્યે વ્હેંચાતું

સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૧૨ મી સપ્ટેંબર, ૧૯૧૬.

આર્મીનિયન પ્રજાનો સંહાર.

ઇ. સ. ૧૯૧૫ ની શરૂઆતમાં તુર્કીની શહેનશાહતમાં વીસ લાખ કરતાં વધારે આર્મીનિયનો વસતા હતા. વરસની આખરે તેમાંના કું કાંતો તેમનાં શહેરો અને ગામડાંમાં કત્લ થયેલા, અથવા દેશનિકાલ થયેલા. દેશનિકાલ થયેલામાંથી પચાસ ટકા કરતાં પણ ઓછા તેમને માટે મુકરર કરેલાં સ્થાનો સુધી પહોંચેલા. બાકીના માર્ગમાં જુલમ અથવા થાકથી મરણ પામેલા, અને જેઓ મુસાફરીના અંત સુધી પહોંચેલા તેઓમાંથી પણ ઘણાની ભૂખ, શરદી અને દર્દથી થોડી વારમાં એ દશા થયેલી.

આર્મીનિયનો કોણ છે? અને તેમનો તુર્કોની સાથે કેવા પ્રકારનો સંબંધ છે?

આર્મીનિયનો એક પૂર્વની વિખેરાઇ ગયેલી અને ઉતરી પડેલી પ્રજા છે. એ એક ક્રિશ્ચિયન પ્રજા છે, અને તેની સ્વભાષામાં બાઇબલનું ભાષાંતર થયેલું છે; પણ ઇ. સ. ૩૮૭ થી આર્મીનિયાનું કોઇ પણ સંયુક્ત રાજ્ય નથી. પ્રાચીન આર્મીનિયન રાજ્યની એકજ નિશાની રહેલી છે, તે આર્મીનિયનોનો મોટો ધર્મગુરુ છે, કે જે રૂશિયન કૉકેસસની અંદર આવેલા એચ્ચમિઆડ-ઝિનના મઠમાં રહે છે. ૧૩૭૫ પછી તો આર્મીનિયન પ્રજાના એક ભાગે પણ રાજકીય સ્વતંત્રતા દીઠી નથી. એ સાલમાં ન્હાના આર્મીનિયાને મુસલમાન સત્તાને તાબે થવાની ફરજ પડેલી. વચ્ચેની બધી સદીઓમાં આર્મીનિયન લોકો પર પરદેશીઓ રાજ્ય કરતા હતા, અને મોટે ભાગે તેઓ પ્રતિકૂળ હતા. છતાં યાહુદીઓની માફક તેઓ આપત્તિથી ઉત્તેજિત થયેલા માલુમ પડે છે. ૧૯૧૫ સુધીમાં તો તેઓ આખી દુનિયા પર ફેલાયલા હતા, કલકત્તા અને સિંગાપોરથી ન્યૂ યૉર્ક અને કેલીફોર્નિયા સુધી; અને જ્યાં જ્યાં તેઓ વસ્યા છે, ત્યાં ત્યાં આબાદ થયા છે. છતાં પ્રજાનો મોટો ભાગ તુર્કી અને રૂશિયન શહેનશાહતોમાંજ વાસ કરી રહ્યો હતો.

જે પ્રાંતો ખાસ આર્મીનિયન કહેવાય છે, અને છ વિલાયતના નામથી ઓળખાય છે, તે યુફ્રેટીસની પશ્ચિમે એનેટોલિયન દ્વીપકલ્પમાં દૂર સુધી વિસ્તરે છે. પણ કોન્સ્ટન્ટિનોપલની પડોસમાં સુદ્ધાં ઘણા આર્મીનિયનો હતા. રાજધાનીની વસ્તીમાંજ સુમારે ૧૫૦,૦૦૦ આર્મીનિયનો હતા; અને માર્મોરાના સમુદ્રના પૂર્વ અને દક્ષિણ કિનારા પરના એશિયાના પ્રદેશોમાં બીજા લગભગ તેટલા હતા. કોઇ પણ મુલક ખાસ તેમના કબજામાં નહોતો. તેમના મૂળ

સ્થાનમાં પણ કુર્દ જાતના ભરવાડો વસીને પોતાનાં પશુઓને ચરાવતા હતા. એનેટોલિયન દ્વીપકલ્પની અંદર શહેરો અને ગામડાંમાં તેઓ તુર્કી શહેરીઓ તથા ખેડુતો સાથે ભેળાયલા હતા. માત્ર સિલીસિયાના પહાડોમાં અને રૂશિયન તથા ઇરાની સરહદ તરફ આવેલા વાન સરોવર પાસેના પ્રદેશમાંજ તમામ વસ્તી આર્મીનિયન હતી.

આ પ્રમાણે, ૧૯૧૫ માં, આર્મીનિયનો તુર્કી શહેનશાહતની કુલ વસ્તીના $\frac{1}{10}$ કરતાં વધારે નહોતા; પણ તેમની સંખ્યાના પ્રમાણમાં તેમનું મહત્ત્વ વધારે હતું. તેઓ બુદ્ધિમાન તથા વ્યવહારકુશળ તેમજ ઉત્સાહી અને ઉદ્યોગી હતા. પશ્ચિમ યૂરપની સાથે વધારે સંસર્ગમાં આવવાથી તથા પ્રાચીન સંસ્કાર ગંભીર હોવાથી તેઓ તેમના મુસલમાન પડોસીઓ કરતાં વધારે સુધરેલ હતા.

કોન્સ્ટન્ટિનોપલમાં મોટા વેપારીઓ તેમના વર્ગમાંથી હતા; પ્રાંતોના શહેરોમાં તેઓ મુખ્ય નાણાવટીઓ તથા દુકાનદારો હતા; અને સાધારણ રીતે તમામ કુશળ કારીગિરીનું કામ તેમના હાથમાં હતું. જૂદાં જૂદાં સ્થાનના કેટલાક સાક્ષીઓ લગભગ સરખા શબ્દોમાં જણાવે છે, કે "હવે આર્મીનિયનો જતાં કોઇ ડાકતર, રસાયની, વકીલ, લુહાર, કુંભાર, રંગરેજ કે વણકર રહેલ નથી."

૧૯૧૨ ના બાલ્કન વિગ્રહ પછી તુર્કીના તાબાની કેટલીક ક્રિશ્ચિયન પ્રજાઓ સ્વતંત્ર થયેલી; પણ આર્મીનિયનોએ કદાપિ રાજકીય સ્વતંત્રતા માટે યત્ન કર્યો નથી. ૧૮૭૮ માં જ્યારે રૂશિયાએ તુર્કીને હરાવ્યું, અને ઘણી બાલ્કન વસ્તીઓ તુર્કીના અમલમાંથી છૂટી થઇ, ત્યારે આર્મીનિયનોએ માત્ર છ વિલાયતોનો કારભાર સુધારવા માટે માગણી કરેલી; અને ૧૯૧૩ માં તુર્કી ઝમીનદોસ્ત થયું, ત્યારે પણ તેમણે એ કરતાં વધારે કશું માગેલું નહીં. આ મધ્યમ રાજનીતિના પ્રેરક પ્રજાકીય લાભના હેતુઓ હતા. એશિયાઇ તુર્કીમાં સર્વત્ર છવરાયેલા હોવાથી તેઓ આખી શહેનશાહતનો લાભ લઇ શકે તેવું હતું; અને વસ્તીમાં કોઇ પણ ભાગ એવો નહોતો, કે જેમાંથી સ્વતંત્ર રાજ્ય બનાવી શકાય.

૧૮૭૮ ની સાલમાં આર્મીનિયનોએ કારભાર સુધારવાની પહેલી માગણી કરી, ત્યારથી તુર્કી સરકારે તેમને દબાવી દેવાના પ્રયત્નો આદર્યા હતા. સુલતાન અબ્દુલ હમીદે, જે કુર્દ જાતિઓનાં તેના પુરોગામી મહમૂદે ઘણી મહેનતથી ૫૦ વરસ પહેલાં હથિયારો લઇ લીધાં હતાં, તેમને ફરી હથિયારબંધ કરવાનો વિચાર કર્યો; અને તેમને તેમના પડોસી આર્મીનિયનોનો માલ તથા તેમની ઓરતોની લાજ લૂટવાની છૂટ આપી. આ રાજનીતિથી આર્મીનિયનોમાં બળવાની હીલચાલ શરૂ થઇ; અને પાંચ વરસમાં બંને પક્ષ વચ્ચે એટલી દુશ્મની વધી, કે અબ્દુલ હમીદ શહેનશાહતનાં મુખ્ય મુખ્ય સ્થાનોમાં આર્મીનિયનોની કત્લ ચલાવવાને શક્તિમાન થયો. કોન્સ્ટન્ટિનોપલની શેરીઓમાં ખુલ્લી રીતે કત્લનું કામ ચાલ્યું. યૂરપનાં રાજ્યો પરસ્પરની અદેખાઇથી એટલાં અશક્ત હતાં, કે ૧૮૭૮ માં બર્લિનમાં કારભારના સુધારાની થયેલી સરત જેમ પળાવી શકેલાં નહીં, તેમ ૧૮૯૪-૯૬ નાં ખૂનો પણ અટકાવી શકયાં નહીં. આ કત્લમાં

સુમારે ૧૦૦,૦૦૦ માણુસો માર્યા ગયાં; અને પછી પરદેશ જવાથી આર્મીનિયનોની વસ્તી ઓછી થઇ.

૧૮૯૪-૯૬ માં અબ્દુલ હમીદે જે કામ કરેલું, તેની ૧૯૧૫ માં તરુણ તુર્કોએ પૂર્ણાહુતિ કરી. તરુણ તુર્કોએ ૧૯૦૮ માં જ્યારે સુલતાનને પદભ્રષ્ટ કરેલો, ત્યારે તો આર્મીનિયનોએ આશા રાખેલી ખરી, કે બેહતર દિવસનો ઉદય થાય છે. તરુણ તુર્કોએ પશ્ચિમ યૂરપના બધા રાજકીય વિચારોનો સ્વીકાર કર્યો હતો. તેઓ ફ્રેંચ રેવોલ્યૂશનની "સ્વતંત્રતા, સમાનતા, અને બંધુતા" નો ઉપદેશ કરતા હતા; તેમણે પાર્લમેન્ટનું બંધારણ કર્યું હતું; અને આર્મીનિયન બળવાખોર મંડળીઓ આનંદથી "પાર્લમેન્ટરી પાર્ટી" ઓ જેવી બની ગઇ હતી. પણ તરુણ તુર્કોના પ્રોગ્રામની એક બીજી બાજુ હતી. ફરજિયાત લશ્કરી નોકરી પ્રથમ મુસલમાનોનીજ હતી; અને હવે તે ક્રિશ્ચિયન વસ્તીને પણ લાગુ કરવામાં આવી. વળી બીજો સિદ્ધાંત શહેનશાહતની તમામ વસ્તીને તુર્ક સંસ્કાર આપવાનો હતો, જેની ખાતર પાર્લમેન્ટમાં એવી દરખાસ્ત મૂકવામાં આવેલી, કે બધી હાઇસ્કૂલોમાં બળાત્કારે તુર્કી ભાષાનો ઉપયોગ કરાવવો. ૧૯૧૨ માં જ્યારે બાલ્કન વિગ્રહ સળગ્યો, ત્યારે નવા કાયદા પ્રમાણે આર્મીનિયનોને હથિયાર લેવાં પડેલાં; અને આર્મીનિયન તથા તુર્કની પિતૃભૂમિની ખાતર તેઓ એવી સારી રીતે લડેલા, કે તુર્કી અમલદારોને તેમની તારીફ કરવી પડેલી. ૧૯૧૩ માં તરુણ તુર્કોએ છ વિલાયતના સુધારાનો સવાલ હાથમાં લીધેલો; પણ જ્યારે તે સરકારે પોતાના દેશને મહા વિગ્રહમાં ઝંપલાવ્યો, ત્યારે બધી આશા ધૂળધાણી થઇ ગઇ.

વિગ્રહમાં દાખલ થતાં તરુણ તુર્કોને એવી આશા હશે, કે રુશિયા, ઇરાન તથા ગ્રેટ બ્રિટન પાસેથી મુલક પડાવી શકાશે, અને તેથી બાલ્કન વિગ્રહમાં થયેલી હાનિનો બદલો મળી જશે. પણ પરિણામ જૂદું આવવા લાગ્યું. જેમ જેમ તેઓ મોખરા ઉપર હારતા ગયા, તેમ તેમ તેમણે આર્મીનિયનો ઉપર વધારે જુલમ કરવા માંડ્યો. વિગ્રહ જાહેર થયો ત્યારથીજ તેમનાં દુઃખ શરૂ થયાં, કારણકે વીસ અને પિસ્તાળીશ વરસની વચ્ચેના બધા તુર્ક શહેરીઓને સજ્જ થવાનો હુકમ મળેલો, અને થોડીજ વારમાં અઢાર અને પચાસની વચ્ચેનાને. ૧૯૦૮ નો લશ્કરી નોકરીનો કાયદો પસાર થયા પહેલાં જેમની કેળવણી લેવાની ઉમર વીતી ગઇ હતી, અને જેઓ વાર્ષિક કર આપે ત્યાં સુધી કાયદા પ્રમાણે છૂટા રહેવા જોઇતા હતા, તે બધાને પણ બોલાવવામાં આવ્યા. વળી લશ્કરી ઉપયોગ માટે ખાનગી મિલકત કબજામાં લેવાનું શરૂ થયું, અને તેનો ભાર પણ બીજા શહેરીઓના કરતાં આર્મીનિયનો ઉપર વધારે પડ્યો, કારણકે તેઓ દેશના મુખ્ય વેપારીઓ અને દુકાનદારો હતા.

પણ આ બધાં પગલાં એવાં છે, કે જે લશ્કરી જરૂર માટે ભરવામાં આવેલાં, એવો બચાવ થઇ શકે. ૧૯૧૪ ના ઑક્ટોબરના પાછલા ભાગમાં જ્યારે વિગ્રહ જાહેર થયો, ત્યારે આર્મીનિયનોના પાર્લમેન્ટના મેંબરોનું એક કૉન્ફરન્સ અર્ઝરૂમમાં ભરાયું હતું. તરુણ તુર્કોએ એ કોંગ્રેસની આગળ કેટલીક દરખાસ્તો રજુ કરવા સારૂ પ્રતિનિધિઓ મોકલેલા. દરખાસ્તોની

ઇન્દોર લાન્સર્સ.　　ભરતપુર લાન્સર્સ.　　ભાવનગર લાન્સર્સ.　　ભાવલપુર લાન્સર્સ.



બિકાનેર ઊંટસવાર.　　નભા લાન્સર્સ.　　પતિયાળા લાન્સર્સ.　　કપુરથલા લાન્સર્સ.

મતલબ એ હતી, કે વિગ્રહ ચલાવવામાં તમામ આર્મીનિયન પ્રજાએ તુર્કી સરકારની સાથે ભાગ લેવો જોઇએ. એવી સૂચના થયેલી, કે આર્મીનિયન આગેવાનોએ રુશિયન કૉકેસિયા ઉપર ચડાઇ કરવામાં ભાગ લેવા સારૂ આર્મીનિયન વૉલંટિયરોની ટુકડીઓ ઉભી કરવી જોઇએ; અને બદલામાં તેમને રુશિયન મુલકના એક મોટા ભાગમાં તુર્કના છત્ર નીચે "હોમરૂલ" આપવામાં આવશે. આર્મીનિયનોએ આ દરખાસ્તો સ્વીકારી નહીં. તેમને રુશિયા સાથે કશી તકરાર નહોતી. તેમણે તુર્કી રૈયત તરીકે પોતાની ફરજ બજાવવાની તત્પરતા દેખાડી; પણ કશું વધારે કરવાની સાફ ના પાડી. ત્યારે તો વાત એટલે અટકી.

રુશિયન આર્મીનિયનોએ પોતાની સરકારની સેવા માટે વૉલંટિયરોની ટુકડીઓ ઉભી કરી હતી. તુર્કોને મારવામાં ભાગ લેવા સારૂ કેટલાએક આર્મીનિયનો ખાસ ન્યૂ યૉર્કથી આવીને જોડાયા હતા. તુર્કી લશ્કરે માર પણ ખૂબ ખાધો હતો. એટલે તેનું વૈર લેવા માટે તુર્કી સરકારે પોતાના તાબાના આર્મીનિયનોને સતાવવાનો નિશ્ચય કર્યો.

તેમનાં હથિયાર લઇ લેવાનું પગલું પહેલું હતું. જેઓ લશ્કરમાં જોડાયા હતા, તેમને લડવૈયાઓની પલટનોમાંથી દૂર કરીને મજૂર બનાવવામાં આવ્યા; અને પ્રાંતો ઉપર હુકમ નિકળ્યા, કે આર્મીનિયનોનાં હથિયાર મૂકાવી દેવાં. દરેક શહેરમાં આગેવાનોને એકદમ કેદ કરીને તુરંગમાં નાંખવામાં આવ્યા. સ્થાનિક ગવ્હર્નરોએ જાહેર કર્યું, કે પ્રાંતના આર્મીનિયનોના ખાનગી કબજામાં અમુક બંદૂકો છે એમ મનાય છે, અને તે અમુક તારીખ સુધીમાં સરકારને હવાલે કરવી. જો એ પ્રમાણે કરવામાં નહીં આવે, તો પ્રથમ જે માણસો તુરંગમાં છે તેમને તથા પછી તમામ આર્મીનિયનોને સખ્તમાં સખ્ત સજા થશે.

આર્મીનિયનો પોતાનાં હથિયાર આપી દેવાને બહુ નારાજ હતા. તેમને યાદ હતું, કે ૧૯૦૮ તથા ૧૮૯૪-૯૬ ની કત્લ પહેલાં પણ એવીજ માગણી કરવામાં આવી હતી. પણ ધર્મોપદેશકો તથા રાજકીય આગેવાનોનો એવો વિચાર હતો, કે સરકાર સાથે વિરોધ કરવો નહીં. એકે એક ગામમાં આગેવાનોએ સભા ભરીને સરકારના હુકમ માટે શાં પગલાં લેવાં તેનો વિચાર કર્યો. એક ઠેકાણે આર્મીનિયનો પોતે નિર્ણય કરી ન શકયા, તેથી તુર્કી આગેવાનોને સાથે મસલહત ચલાવવા આમંત્રણ થયેલું. તુર્કોએ તેમને ખાતરી આપી, કે હથિયારો આપી દેવાથી તેમને કશી હાનિ ન થાય તેની તેઓ પોતે ખબર રાખશે. કદાચ એ તુર્કો પોતાના વચનમાં સાચા હશે, પણ એ દાખલામાં એવું બન્યું, કે ગવ્હર્નરે હથિયારોનો ફોટોગ્રાફ પડાવીને કોન્સ્ટન્ટિનોપલ મોકલી આપ્યો, અને પૂછાવ્યું, કે આર્મીનિયનો બળવો કરવાની તૈયારીમાં છે, માટે સરકારનો શો હુકમ છે? સરકારે તારથી જવાબ આપ્યો, કે તમને યોગ્ય લાગે તે કરો; એટલે હવે પછી વર્ણન આપવામાં આવશે તે પ્રકારનો ત્રાસદાયક જુલ્મ શરૂ થયો. કેટલાક દાખલામાં સ્થાનિક કારભારીઓએ કોન્સ્ટન્ટિનોપલથી મળેલી ક્રૂર સૂચનાઓનો અમલ કરવાની ના પણ પાડેલી; તો એવા અમલદારોને સ્થાને સત્વર વધારે આજ્ઞાધીન નોકરો નિમાયેલા.

આર્મીનિયનો પ્રથમ હથિયાર છોડવાને નારાજ હતા, પણ એક વાર તેમણે એ પ્રમાણે કરવાનો નિશ્ચય કર્યો, એટલે તેઓ સરકારને સોંપવા માટે હથિયારો મેળવવા ચિંતા કરવા લાગ્યા. ૧૯૦૮ માં તેમને હથિયારો રાખવાની રજા મળી, તે પછી તેઓ પુરતાં વસાવી શકયા નહોતા; અને સ્થાનિક અધિકારીઓ માગણી કરતા હતા તે સર્વાળો ઘણો મોટો હતો. ઘણે ઠેકાણે તુરંગમાં નાંખેલા સાનના માણસો ઉપર ત્રાસદાયક ઝુલ્મ કરવામાં આવ્યો. એક જર્મન મિશનરીના સાક્ષ્ય પ્રમાણે તેમના પગ પર એટલા બધા ફટકા પડેલા, કે પગનો માવો થઇ ગયેલો; તેમના વાળ ખૂંચી કાઢવામાં આવેલા; અને નખ મૂળથી ઉખાડી નંખાયેલા. આવી વેદના સહન કર્યા પછી હેરાન થયલાઓ જોઇતાં હથિયારો મેળવવાને આગ્રહી પ્રયત્નો કરવા લાગ્યા; કોઇ આર્મીનિયન મિત્ર પાસે વધારે હથિયાર હોય તે તેઓ ખરીદવા લાગ્યા; અને તુર્કી પડોસીઓ પાસેથી પણ ઘણી મોટી કિંમતે હથિયારો લેવામાં આવ્યાં. આ તુર્કી હથિયારો અમલદારોને સુપ્રત કરવામાં આવ્યાં, અને બીજાઓની સાથે તેમના પણ ફોટોગ્રાફ લેવાયા. આ બધા ફોટોગ્રાફોનું એક આલ્બમ બનાવીને તુર્કી સરકારે બહાર પાડ્યું, કે જેથી આર્મીનિયન પ્રજા સામે તેમના ભૂત અને ભાવી અપરાધો માટે બહાનું બતાવાય.

૧૯૧૫ ની વસંતની શરૂઆત સુધીમાં આ પ્રમાણે હથિયારો લઇ લેવાયાં. હવે સરકારની બીજી યોજના અમલમાં મૂકવાનો વખત આવ્યો. તરુણ તુર્કોએ તમામ આર્મીનિયન વસ્તીને દેશનિકાલ કરવાનો ઠરાવ કરી રાખ્યો હતો. એ પ્રકારની યોજના પૂર્વના દેશોમાં પરંપરાથી ચાલી આવી છે, પણ તરુણ તુર્કોને તેનું સ્મરણ આપનાર બર્લિનનો ડા. રૅરબાખ કરીને ભૂગોળશાસ્ત્રી હતો. ડા. રૅરબાખે જૂદી જૂદી જાતિઓના સ્વભાવ અને સામર્થ્યનો ખાસ અભ્યાસ કર્યો હતો. નકશા ઉપરથી તે બતાવી શકયો હતો, કે એનેટોલિયન દ્વીપકલ્પના ઓસમાનલી તુર્કો તથા ઇરાનની ઉત્તર-પૂર્વની તથા રુશિયન કૉકેસિયાની તુર્કી બોલતી વસ્તીઓની વચ્ચે આર્મીનિયનો વસતા હતા. જો આર્મીનિયનોને ત્યાંથી દૂર કરવામાં આવે, તો તમામ તુર્કી બોલનાર વસ્તીઓ એકત્ર થાય. ડા. રૅરબાખની યોજના એવી હતી, કે આર્મીનિયનોને બગદાદ રેલવેની લગોલગ મેસોપોટેમિયામાં વસાવવા, કે જેથી રેલવે આબાદ થાય, અને મેસોપોટેમિયાની સ્થિતિ તેઓ સુધારી શકે.

આ યોજના પ્રગટ કરવામાં ડા. રૅરબાખની કશી ખરાબ દાનત હોય એવું લાગતું નથી; પણ અન્વર પાશા અને તલાટ બેના હાથમાં તેનું સ્વરૂપ ફરી ગયું. એક વાર આર્મીનિયનોનું નિર્ગમન શરૂ થશે, તો પછી તેમની કેવી દશા થશે, એ તેઓ સારી રીતે સમજતા હતા. દેશનિકાલની ક્રિયા શરૂ થયા પછી એક વરસે તલાટ બેએ બર્લિનના એક ખબરપત્રીને જણાવેલું, કે "આર્મીનિયામાં જે દુઃખદાયક બનાવો બન્યા છે, તેથી રાત્રે મને બરાબર ઊંઘ આવતી નથી. નિર્દોષ અને અપરાધી આર્મીનિયનો વચ્ચે કશો ભેદ ન રાખવા માટે અમને ઠપકો આપવામાં આવ્યો છે; પણ ભેદ રાખવાનું કામ છેક અશક્ય છે, કારણકે આજે જેઓ નિર્દોષ હોય તેઓ કાલે અપરાધી થઇ શકે." તુર્કીમાં વસતા એક અમેરિકને એક વાર એક સ્થાનિક ગવર્નરને

કહેલું, કે "તમે જ્યારે આ સ્થિતિમાં આર્મીનિયનોને દેશનિકાલ કરો છો, ત્યારે તેમાંના કોઇ પણ ઠરાવેલે ઠેકાણે પહોંચશે નહીં." પેલા અમલદારે તોછડો જવાબ આપી દીધો, કે "ત્યારે બીજા શા માટે અમે દેશનિકાલ કરીએ છીએ, એમ તમે ધારો છો?"

સર્વત્ર ત્રાસ વ્યાપી ગયો. બહારની દુનિયાને કશું જણાવાય તેવું નહોતું. કોઇ પણ માણસ કાગળમાં રાજકીય કે લશ્કરી બનાવો સંબંધી લખે, તો તેને કેદમાં નાંખવામાં આવતો; અને જેના પર કાગળ લખ્યો હોય, તેની પણ એજ દશા થતી. કોઇ પણ આર્મીનિયનને પ્રાંતની સરહદ બહાર મુસાફરી કરવાની, કાગળ લખવાની, કે તાર કરવાની રજા નહોતી. હથિયારો અપાઇ ગયાં, તે છતાં સાનમાં લીધેલા માણસો તુરંગમાં જારી રહેલા. એ માણસો રાજ્યને જોખમમાં નાંખે તેવા તરુણો નહોતા; તરુણોમાંના ઘણાખરા તો મજૂરોની પલટનોમાં હતા. આ લોકો તો વેપારીઓ, ધર્માચાર્યો તથા પ્રોફેસરો હતા; અને આર્મીનિયનોને લાગેલું, કે પ્રજાકીય સંકટને વખતે તેમના આગેવાનોને લઇ લેવામાં આવેલ છે. એપ્રિલ સુધીમાં બધી તૈયારી થઇ ચૂકી; અને એપ્રિલની ૮ મી તારીખે ઝેતૂનના શહેરમાંથી દેશનિકાલ વસ્તીનું પહેલું વળાવું શરૂ થયું.

(આ કરુણ ઇતિહાસ આવતા અંકમાં જારી રાખવામાં આવશે.)

લડાઇના તાર.

<u>રૂમાનિયન ધસારો.</u>

લંડન, ૧લી સપ્ટેંબર.

ત્રણ દિવસમાં ઑસ્ટ્રિયનો રૂમાનિયનોની આગળથી વીસ માઇલ હઠી ગયા છે. ધસારો ચાર જૂદે જૂદે ઠેકાણેથી શરૂ થયો છે. બધા ઘાટને માટે સખ્ત લડાઇઓ થઇ છે. બ્રાસ્સોમાંથી વસ્તીનાં ૨૦,૦૦૦ માણસો નાઠાં છે. ૭ ૭ મિનિટે ઉપડતી ગાડીઓમાં તેઓ વિદાય થયાં છે.

<u>ગિલેમોન્ટની જીત.</u>

લંડન, ૪થી સપ્ટેંબર.

આજે જમણા હાથ તરફ ફ્રેંચોની સાથે રહીને આપણે દુશ્મનના ઉપર જૂદે જૂદે ઠેકાણે હુમલો કર્યો છે; અને ગિંચીનો થોડો ભાગ તથા આખું ગિલેમોન્ટ કબજે કરેલ છે. સેંકડો કેદીઓ પકડાયા છે.

<u>ગ્રીસ પાસે મિત્ર રાજ્યોની માગણી.</u>

લંડન, ૪થી સપ્ટેંબર.

ગઇ કાલે બ્રિટિશ અને ફ્રેંચ એલચીઓએ ગ્રીક સરકારને એક યાદી આપી એવી માગણી કરી છે, કે ટપાલ અને તારનાં ખાતાં મિત્ર રાજ્યોને હવાલે કરવાં જોઇએ, કારણકે એ દ્વારા

દુશ્મનને ખબર પહોંચાડવામાં આવે છે. દુશ્મનના એજંટોને તથા તેમના ગ્રીક મળતિયાઓને દૂર કરવાને પણ પગલાં લેવાં આવશ્યક છે. ગ્રીક સરકાર આ માગણીઓનો સ્વીકાર કરશે, એમ મનાય છે.

<u>પૂર્વ આફ્રિકામાં જીત.</u>

લંડન, ૪ થી સપ્ટેંબર.

સોમવારે સવારે નવ વાગ્યે દાર-અસ-સલામ તાબે થયું છે. દાર-અસ-સલામ અને મ્રોગોરો બંને પૂર્વ આફ્રિકામાં જર્મન છાવણીનાં શહેરો હતાં; અને જનરલ સ્મટ્સના લશ્કરે બંને જિતી લીધાં છે.

<u>કોંબલ્સનો ઘેરો.</u>

પારિસ, ૫ મી સપ્ટેંબર.

કોંબલ્સનું શહેર, કે જેને જર્મનોએ એક કિલ્લા જેવું બનાવી દીધું છે, તેને હવે દક્ષિણમાંથી ફ્રેંચોએ તથા ઉત્તરમાંથી બ્રિટિશોએ ઘેર્યું છે. અત્યાર સુધીમાં ફ્રેંચ મોખરા ઉપરજ ૧૪ તોપો અને ૬૦ મશીનગનો પકડાયેલ છે. બે દિવસમાં મિત્ર રાજ્યોએ ઓછામાં ઓછા ૬,૦૦૦ કેદી પકડ્યા છે.

<u>ફ્રેંચ ધસારો.</u>

લંડન, ૭ મી સપ્ટેંબર.

ફ્રેંચ ધસારાથી ચૉલનેઝ લગભગ ઘેરાઇ ગયું છે. જૂલાઇની ૧ લી તારીખથી બ્રિટિશો અને ફ્રેંચોએ ૨૯ ફ્રેંચ ગામોને છૂટાં કર્યાં છે.

<u>રૂષિયન જીત.</u>

લંડન, ૭ મી સપ્ટેંબર.

રૂષિયનોએ હાલિકઝ-સેમિકોવ્ટસે-ચોડનિકી રેલવે લાઇનનો કબજો લીધો છે, અને હાલિકઝ શહેર ઉપર ગોળા ફેંકયા છે. હાલિકઝમાં આગ લાગી છે. જનરલ ત્ચેરબેત્ચેફે દુશ્મનને અનેક મજબૂત સ્થાનકોમાંથી હાંકી કાઢેલ છે, અને પશ્ચિમ તરફ ધસ્યો જાય છે.

નિવેદન.

આજના અંકની સાથે હિંદનાં જૂદાં જૂદાં રાજ્યોના કેટલાક લાન્સરોનો એક સુંદર સંયુક્ત ફોટોગ્રાફ અમે અમારા વાંચનારાઓને ભેટ આપીએ છીએ.

ભાવનગર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૧૯ મી સપ્ટેંબર, ૧૯૧૬. [અંક ૪૨.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૧૯ મી સપ્ટેંબર, ૧૯૧૬.

આર્મીનિયન પ્રજાનો સંહાર.

(ગયા અંકથી ચાલુ.)

ઇ. સ. ૧૩૭૫ માં છેલ્લુ આર્મીનિયન રાજ્ય નાશ પામ્યું, ત્યારથી તુર્કીની શહેનશાહત નીચે સિલીસિયાની પહાડી વસ્તીએ ઝેતૂનમાં પોતાનું સ્વરાજ્ય બહાદુરીથી ટકાવી રાખ્યું હતું. ૧૮૯૪-૯૬ ની કતલમાં ઝેતૂનને એક તુર્કી લશ્કરે ઘેરો ઘાલ્યો હતો; અને અબ્દુલ હમીદની એવી યોજના હતી, કે તેનો પૂરેપૂરો નાશ કરવો. પણ તેણે ૭ મહિના સુધી પોતાનો બચાવ કર્યો, અને પછી બીજા રાજ્યો વચ્ચે પડવાથી સરકાર સાથે સમજુત કરી. તુર્કી ચોકીદારો ન રાખવાની અને તુર્કી લશ્કરમાં પોતાના તરફથી ભાગ ન આપવાની છૂટ કાયમ રહી. ઝેતૂન પહાડોની અંદર એક મજબૂત સ્થાનમાં આવેલું છે; અને ઝેતૂનીઓએ પોતાના બચાવ માટે તરત તૈયારીઓ કરેલી. પણ તુર્કી અમલદારોએ તેમને તેમના ધર્માચાર્ય મારફત ખબર આપી, કે જો તેઓ સામે થશે, તો મેદાનમાં વસતા તેમના અરક્ષિત બંધુઓને સજા કરવામાં આવશે; પણ જો તેઓ ચોકીદારોને સ્વીકારશે, અને હથિયારો આપી દેશે, તો તેમને કે તેમના બંધુઓને કશી અડચણ થશે નહીં. ઝેતૂનના આગેવાનો તમામ શહેનશાહતના આર્મીનિયન આગેવાનોની માફક બને ત્યાં સુધી સુલેહ જાળવવાને ઉત્સુક હતા. એટલે દરખાસ્ત સ્વીકારવામાં આવી, અને તુર્કી લશ્કર આવવા લાગ્યું.

સિપાઇઓને સારા ઉતારા અપાયાં, તેમનો સત્કાર થયો, અને કોઇ પણ કારણથી આર્મીનિયન આગેવાનો પોતાની રાજનીતિથી ચલિત થયા નહીં. હથિયારો માટેની તપાસ ભયંકર રીતે ચાલેલી, અને માણસોના પગ ઉપર ક્રૂરતાથી ફટકા પડેલા; મારાશનો ગવ્હર્નર હેદર પાશા આવી પહોંચેલો, અને કેટલાક આર્મીનિયન આગેવાનોને કેદ કરીને લઇ ગયેલો; એલેપ્પોથી ફખરી પાશા ત્રણ જર્મન અમલદારોની સાથે કામ કેમ ચાલે છે તે જોવા સારૂ આવેલો; અને ઝેતૂનના જુવાન આદમીઓને તેમની સ્વતંત્રતાની અવગણના કરીને સિપાઇ બનાવીને લઇ જવામાં આવેલા. આખરે ઝેતૂન તથા આસપાસનાં ગામડાંઓના ૧૫,૦૦૦ જુવાનોમાંથી ૨૫ ને રીસ ચડી. તેઓ લશ્કર છોડીને એક પાસેના મઠમાં ભરાઇ બેઠા; તુર્કી લશ્કરમાં તોપખાના સાથે ૫,૦૦૦ માણસો હતાં, તેમણે એ સ્થાનક પર હુમલો કર્યો, જેમાં

તેમને નુકસાન સાથે પાછા હઠી જવું પડયું; અને બળવાખોરો રાતમાં ન્હાસી ગયા. આ બનાવ એપ્રિલની ૭ મી તારીખે બન્યો, અને ૮ મી તારીખે દેશનિકાલ કરવાનું શરૂ થયું. ઝૈતૂનીઓને દક્ષિણ તરફ લઇ જવામાં આવ્યા; મુહાજિરો તૈયાર હતા તેમને તેમનાં મકાનોમાં વસાવવામાં આવ્યા; અને શહેરનું નામ ઝૈતૂન બદલીને સુલેમાનલુ પાડવામાં આવ્યું. ઝૈતૂન-માંથી દેશનિકાલ થયલાઓને માર્ગમાં ઘણા સાક્ષીઓએ જોયા હતા. સિલીસિયન મેદાનના કોઇ શહેરમાં એક સ્વિસ શિક્ષક હતો, તેણે ટોળેટોળાં વિદાય થતાં દીઠેલાં. એ વખતે પણ તેમની દશા બૂરી હતી; મુસાફરી માટે ખોરાક કે કપડાં બનાવવાનો તેમને વખત મળ્યો નહોતો; અને પગે ચાલીને પહાડો ઉતરતાં તેઓ થાકી ગયા હતા. ઘરડાં સ્ત્રીપુરુષો માર્ગ ઉપર પડી જતાં હતાં; કેટલાંક છોકરાં બિલકુલ કપડાં વગરનાં હોઇને ટાઢથી હડબડતાં હતાં; પોલિસો તેમને ચાબખા મારીને ચલાવતા હતા; મુસલમાન વસ્તીને તેમના પર લેશ પણ દયા નહોતી; અને સ્થાનિક આર્મીનિયનો અમલદારોના ત્રાસને લીધે કશી મદદ આપી શકતા નહોતા. સિલીસિયાના મેદાનમાંથી બગદાદ રેલવેને માર્ગે તેમને મોકલવામાં આવેલા. અર્ધાને એનેટોલિયાના ખારા રણમાં સુલતાનિયા કરીને એક વેરાન જગ્યા છે, ત્યાં મોકલવામાં આવેલા. ત્યાં આવ્યા ત્યારે તેમની પાસે નહોતું કશું ખાવાનું કે નહોતો કશો આશ્રય, તેમ ટોળાંમાં એવા કોઇ મજબૂત માણસો નહોતા, કે જે અક્કલ અથવા મહેનતથી કંઇ ઉપાય કરી શકે; ઘણાંખરાં માણસો લશ્કરને માટે ઉપાડેલા પુરુષોનાં કુટુંબનાં હતાં, કે જેમને આધાર આપવાને સરકાર બંધાયલી હતી; છતાં સરકારે તેમના ખોરાક, પોશાક તથા મકાન માટે કશો બંદોબસ્ત ન કર્યો, એટલુંજ નહીં, પણ કોનિયા પ્રાંતની આર્મીનિયન વસ્તી તેમને કશી મદદ મોકલે તેનો અટકાવ કર્યો. તેઓ અતિશય થાકેલા, તથા પોતાના સમશીતોષ્ણ પહાડોમાંથી એકદમ અપરિચિત નઠારી હવામાં આવેલા, એટલે દર રોજ દસ દસ બાર બાર મરવા લાગ્યા. કેટલાક વખત પછી એ પ્રદેશમાં એક આલ્બેનિયન અમલદાર નિમાયલો, જેને તેમની સ્થિતિ જોતાં ત્રાસ થયેલો; અને એ અમલદારના આગ્રહથી તેમને માટે કંઇક વધારે વ્યવસ્થા થયેલી. આખરે તેમને સૌને દક્ષિણ-પૂર્વનાં જંગલોમાં તેમના બીજા શહેરીઓની સાથે થવાને ચલાવીને લઇ જવામાં આવેલા. આ બીજા ઝૈતૂનીઓને પ્રથમથી દક્ષિણ-પૂર્વ તરફ મોકલવામાં આવ્યા હતા, તેઓ ૧૯ મી એપ્રિલે એલેપ્પોમાં થઇને પસાર થયેલા, અને એલેપ્પોથી ગાડીને માર્ગે ૭ દહાડાની મુસાફરીથી પહોંચાય એટલે દૂર દેર-અલ-ઝોર કરીને સ્થાન છે, ત્યાં તેમને મોકલવામાં આવેલા.

શ્વેસ્ટર મોહરિંગ કરીને એક જર્મન મિશનરી બાઇ, કે જે એજ અરસામાં બગદાદથી એલેપ્પો જતી હતી, તેણે ઝૈતૂનીઓના આ છેલ્લા ત્રાસદાયક પ્રવાસનું વર્ણન એક જર્મન મિશનરી વર્તમાનપત્રમાં લખ્યું છે. દેશનિકાલોને પ્રથમ તેણે દેર-અલ-ઝોરમાંજ જોયેલા; શહેર આખું તેમનાથી ભરાઇ ગયું હતું, તેઓ ખુલ્લી જગ્યામાં પડ્યા હતા, અને અસહ્ય તાપથી બચવાને કયાંય છાયાવાળી જગ્યા મળે, તે માટે વ્યર્થ તપાસ કરતા હતા. દેર-અલ-ઝોર તથા એલેપ્પોની વચ્ચે તેને એક પછી એક કુચ કરતા વળાવાની સાથે ભેટો થયો હતો. રસ્તો એક

વેરાન પત્થરવાળા પ્રદેશમાં થઇને ચાલતો હતો, અને તાપ અતિશય સખ્ત પડતો હતો. પ્રવાસીઓ તરસથી સૂકાઇ જતા હતા, અને યુફ્રેટીસ નદી ડાબી તરફ કેટલાક માઇલ દૂર રહેવાથી તેનું પાણી પી શકાય એવું નહોતું. ઓફિસની ભાષામાં સુલતાનિયાને ખેતીનું સંસ્થાન કહેવામાં આવ્યું હતું; વસ્તુતાએ, સુલતાનિયા અને ડેર-અલ-ઝોર બંને મોટાં કબરસ્તાન હતાં, કે જ્યાં જેઓ જીવતા પહોંચતા તે બધા અવશ્ય મરવાના હતા.

ઝેતૂનના રહેવાસીઓ દેશનિકાલ થયા પછી આસપાસનાં પહાડી શહેરો તથા ગામડાંઓનો વારો આવ્યો; પણ સિલીસિયામાં થયેલું વર્તન ઉત્તર અને ઉત્તર-પૂર્વમાં થયેલા વર્તનના કરતાં બેહતર હતું. આ સુધરેલા સિલીસિયન પહાડોમાં ક્રિશ્ચિયન અને મુસલમાન વસ્તી વચ્ચે સારો સંબંધ હતો, અને અધિકારીઓના હુકમથી બંને પક્ષને લગભગ સરખું માઠું લાગેલું. એક અમેરિકન બાનુ, કે જે એક ડુંગરી શહેરમાં બધો વખત હાજર હતી, તે એક કુર્દ ઠાકોરને તેના આર્મીનિયન મિત્રને દેશનિકાલનો હુકમ મળતાં આંસુ આવેલાં, તેનું વર્ણન આપે છે. પાસેનાં બે ગામડાંમાં મુસલમાન વસ્તીએ પોલિસની બિલકુલ પરવા કર્યા વગર આર્મીનિયનોનો ત્રણ મહિના સુધી બચાવ કરેલો, અને પછી બહુ દબાણ થવાથીજ તેમને જવા દીધેલા. પણ એપ્રિલ પૂરો થયો, તે પહેલાં ઉત્તર-પૂર્વની સરહદ ઉપર એવા બનાવો બન્યા, કે સ્થિતિ એકદમ ખરાબ થઇ ગઇ.

તુર્કીની અંદર આર્મીનિયન વસ્તી સિલીસિયા પછી વાનના પ્રદેશમાં સૌથી વધારે હતી. વાન શહેર, કે જે એજ નામના સરોવરના પૂર્વ કિનારા પર આવેલું છે, અને જે પ્રાંતની રાજધાની છે, તે આર્મીનિયન ઇતિહાસની યાદગિરીઓથી ભરપૂર છે. તેના કિલ્લા ઉપર આરારાત રાજાઓના લેખ છે, કે જેઓ અગાઉ આસીરિયનોની સાથે લડેલા. મધ્ય કાલમાં વાનમાં સ્વતંત્ર આર્મીનિયન રાજાઓ રાજ્ય કરતા હતા. શહેરના આર્મીનિયન વિભાગની મધ્યમાં અમેરિકન પ્રોટેસ્ટંટ મિશનનાં મકાનો હતાં, કે જેમાં અમેરિકન મિશનરીઓ, ડાકતરો તથા શિક્ષકો પોતાનાં કુટુંબો સાથે રહેતા હતા, આર્મીનિયનોમાં કામ કરતા હતા, અને સરકારી અમલદારોની સાથે પણ સારા સંબંધમાં હતા. ૧૯૧૫ ના બધા ત્રાસદાયક બનાવો બન્યા, ત્યારે આ મિશનરીઓ વાનમાં હાજર હતા. તેઓ ઘેરો સહન કરવામાં સાથે હતા, ટાઇફસના ભોગ થઇ પડેલા, અને બચેલા તેમણે હઠી જવામાં ભાગ લીધેલો. મિસ ગ્રેસ હિગ્લી નૅપ કરીને એક કુમારિકાએ યુનાઇટેડ સ્ટેટ્સમાં પોતાનો તે વખતનો અનુભવ પ્રસિદ્ધ કર્યો છે, તે પરથી એ બનાવોની આપણને ખબર મળે છે.

વાનનો પ્રદેશ સરહદની પાસે હતો, એટલે સિલીસિયા તથા વધારે પશ્ચિમના મુલક કરતાં ત્યાં પહેલેથીજ વધારે સખ્તાઇ હતી. ૧૯૧૪ ના ઑગસ્ટમાં જર્મનીએ રશિયા સામે વિગ્રહ જાહેર કર્યો, ત્યારથીજ એ પ્રદેશ ઘેરાની સ્થિતિમાં મૂકાયો હતો; અને બે મહિના પછી જ્યારે તુર્કીએ પોતે વિગ્રહમાં ઝંપલાવ્યું, ત્યારથી ત્યાં માલ અને માણસો મેળવવાનું વધારે સખ્તાઇથી ચાલ્યું હતું. ૧૯૧૪ ના ડીસેંબરની આખરે વાન આગળ એકઠું થયેલું તુર્કી લશ્કર સરહદ ઓળંગીને

આઝરબૈજાનના ઇરાની પ્રાંતમાં ચાલવા લાગ્યું, કે જે પ્રાંત ૧૯૦૬ ના રાજકીય તોફાન પછી રૂષિયન લશ્કરના કબજામાં રહ્યો હતો. આઝરબૈજાનના પશ્ચિમના ભાગમાં ઉર્મિયા નામે સરોવર આવેલું છે, અને તે સરોવરની તથા સરહદની વચ્ચે નેસ્ટોરિયનો વસે છે. નેસ્ટોરિયનો પણ એક પ્રાચીન ક્રિશ્ચિયન પ્રજા છે, અને ભાષા તથા સિદ્ધાંતમાં આર્મીનિયનોથી ભિન્ન હોવા છતાં એ બંને પડોસીઓ વચ્ચે સારો સંબંધ ચાલ્યો આવેલ છે. રૂષિયનોએ આઝરબૈજાનમાં થોડુંજ લશ્કર રાખ્યું હતું, એટલે તુર્કો જેમ આગળ ધસતા ગયા, તેમ રૂષિયનો હઠી ગયા; અને છેવટે સાલ્મસ તથા ઉર્મિયા હાથ કર્યા પછી તુર્કોએ તાબ્રિઝનો પણ થોડા વખત માટે કબજો લીધો.

તુર્કોએ નેસ્ટોરિયનોની સાથે જે વર્તન ચલાવ્યું, તે પરથી વાનના આર્મીનિયનો તરફ પણ તેઓ કેવું વર્તન ચલાવશે, તે જોઇ શકાતું હતું. હજારો નેસ્ટોરિયનો રૂષિયન લશ્કરની પાછળ રહીને ઉત્તર તરફ ન્હાસી જવા લાગ્યા. રૂષિયા તથા ઈરાનની સરહદ પર આવેલા જીલ્ફા કરીને સ્થાન સુધી પહોંચવાની તેમની ધારણા હતી. એ યાત્રા ખરેખર ભયંકર હતી: અતિશય ઠંડીમાં અને કાદવમાં થઇને તેમને સાત દિવસ સુધી ચાલવાનું હતું; બાળકો તેમનાં માબાપથી છૂટાં પડી ગયાં હતાં, ઘરડાં સ્ત્રી પુરુષો માર્ગમાં મરણ પામતાં હતાં, તથા બાળકો જન્મતાં હતાં; માર્ગનાં ગામડાંઓમાં દરેક ઝૂંપડું ન્હાસેડુઓથી ચીકાર ભરાયલું હતું, અને જેમને કશો આશ્રય મળેલો નહીં તેઓ બિલકુલ આચ્છાદન વગર અર્ધ પિગળેલા બરફ ઉપર પડ્યાં હતાં. છતાં આ ન્હાસેડુઓની સ્થિતિ જેઓ પાછળ રહેલા તેમના કરતાં બેહતર હતી. તુર્કી અમલદારોએ ટેકરીઓની કુર્દ જાતિઓને ઉશ્કેરી હતી, અને એ જાતિના માણસો લૂટ કરવાને ઉત્સુક હતા. લોકોને ન્હાસવાનો વખત મળે તે પહેલાંજ કેટલાંક નેસ્ટોરિયન ગામડાં પર હલ્લો થયેલો, માણસોને કાપી નાંખવામાં આવેલા, અને સ્ત્રીઓને ઉપાડી જવામાં આવેલી; બાકીના આશ્રય માટે ઉર્મિયા શહેરમાં આવીને ભરાયલા. ઉર્મિયામાં અમેરિકન પ્રેસ્બિટીરિયન ચર્ચનું એક દવાખાનું હતું, અને તેને અંગે સ્ત્રીઓ, પુરુષો તથા બાળકો મળીને વીસેક માણસો વસતાં હતાં. એ માણસોએ આ વિષમ પ્રસંગે અસાધારણ વીરત્વ બતાવ્યું. તેમણે પોતાના કમ્પાઉન્ડને લગતા આસપાસના વીસેક કમ્પાઉન્ડ રાખી લીધા, અને દરવાજો માત્ર પોતાના મૂળ કમ્પાઉન્ડનો ખુલ્લો રાખ્યો. સુમારે ૧૭,૦૦૦ માણસોએ આ આશ્રમનો આશ્રય લીધો, અને અમેરિકનોએ એકદમ તેમના નિર્વાહનું કામ ઉપાડી લીધું. તેમણે શહેરના મુસલમાન ભઠિયારાઓ સાથે કંટ્રાકટ કર્યા, અને દર રોજ અર્ધો ટન રોટલી ખરીદીને વહેંચવા લાગ્યા. ન્હાસી ગયેલા તવંગર નેસ્ટોરિયનોએ તેમને જે નાણાં સોંપ્યાં હતાં, તેમાંથી તેમણે આ ખર્ચ કરવા માંડ્યો; એ નાણાં તેમણે એવી સરતેજ સ્વીકાર્યાં હતાં, કે તરત તેઓ તેને લોન તરીકે વાપરે, અને તેમને ખાતરી હતી કે ઉદાર અમેરિકનોની મદદથી તેઓ એ લોનનાં નાણાં પાછાં ભરી આપી શકશે. જ્યારે એ નાણાં ખૂટ્યાં, ત્યારે ભઠિયારાઓએ ઉધાર આપવાની ના પાડી, કારણકે તેમને ધાસ્તી હતી, કે જો રૂષિયનો પાછા આવશે, તો તેમનું કરજ પતશે નહીં. પણ અમેરિકનોએ ખોરાક મેળવવાની બીજી તજવીજ કરી, અને ભઠિયારાઓ સાથે પણ સમજુત કરી.

ચીકાર ભરાઇ ગયેલા કમ્પાઉન્ડોમાં જે સ્થિતિ હતી, તેનું વર્ણન આપી શકાય તેમ નથી. દેવળ, નિશાળના ઓરડાઓ, તથા પાસેનાં ઘરોમાં એકેએક ખૂણો માણસોથી ભરાયલો હતો. મિશનરીઓએ પાણી ચોકખું રાખવાને ભગીરથ પ્રયત્નો કરેલા, અને સ્વચ્છતા રાખવા સારૂ બનતા બધા ઉપાયો લીધેલા; છતાં ઘણાં માણસો ત્યાં આવ્યા પહેલાંજ બિમાર થયાં હતાં, અને પછી ટાઇફસ તાવ ફાટી નિકળ્યો, જેથી દર રોજ કોડીબંધ માણસો મરવા માંડ્યાં. માણસોનો ભરાવો વધતો ગયો, તેમ તેમ મરણનું પ્રમાણ ચઢતું ગયું; છતાં મિશનની દિવાલોની બહાર તુર્કો તથા કુર્દોનો એટલો ત્રાસ હતો, કે સૌ અંદરની મરકીનું જોખમ વહોરવાનું પસંદ કરતા હતા. અમેરિકનો પણ એક પછી એક ટાઇફસનો ભોગ થવા લાગ્યા. જે બાઇની ડાયરીમાં આ વિલક્ષણ બનાવોની નોંધ છે, તેમાં બે મહિનાનો ગાળો પડે છે, કારણકે તે અરસામાં તે માંદી પડીને ફરી સાજી થયેલી. નેસ્ટોરિયન શિક્ષકો અને તેમની સારવાર કરનારી બાઇબલ શિખવનારી બાઇઓ, દેશી વૈદ્યો તથા જે માણસોને સ્વચ્છતા રાખવાને તથા ખોરાક વહેંચવાને તૈયાર કર્યાં હતા તેઓ મરવા લાગ્યા, છતાં અમેરિકનો નાસિપાસ થયેલા નહીં. તેમણે ઇરાની સિવિલ ગવ્હર્નર સાથે, તુર્કી લશ્કરી અધિકારીઓ સાથે, અને કુર્દ તાલુકદારો સાથે સારો સંબંધ જાળવી રાખ્યો. કંઇ કંઇ સંકટમાંથી તેઓ નિર્વિઘ્ને પસાર થયા, અને આ બધો વખત તેઓ સ્તવન તથા પવિત્ર ભોજનની ઉપાસનાઓ કરતા રહ્યા, પરણવું હોય તેમને પરણાવતા ગયા, તથા મરેલાં માટે ક્રિયાઓ કરતા ગયા. વીસ અઠવાડિયાં સુધી અનેક કષ્ટ તેમણે સહન કર્યાં, તેમના ન્હાના મંડળમાંથી ઘણાં માણસો ઓછાં થયાં, અને છતાં તેમણે આશ્રિતોના મોટા ભાગને જીવાડ્યો. દરમિયાન આર્દાહન અને સારીકામિશની લડાઇઓ લડાઇ ચૂકી હતી. ૧૯૧૫ નો જાન્યુઆરી પૂરો થયા પહેલાં તો રૂશિયનો પાછા તાબ્રિઝમાં દાખલ થઇ ચૂકયા હતા; અને વાનની ઉત્તરની તથા પૂર્વની સરહદ ઉપર ફરીને દબાણ કરવા લાગ્યા હતા.

તુર્કી ગવ્હર્નરે સાલ્મસ ખાલી કર્યા પહેલાં બધા આર્મીનિયન તથા નેસ્ટોરિયન પુરુષોની કત્લ ચલાવી; અને સ્ત્રીઓની સામેની યોજના રૂશિયન લશ્કર જલદી આવી પહોંચ્યું, તેથીજ અમલમાં આવવાની રહી ગઇ. એ ગવ્હર્નર લડાઇમાં હાર્યાથી ખીજાઇ ગયો હતો, અને તેથી પોતાના તાબામાં રહેલા આર્મીનિયનો ઉપર બળતરા કાઢતો હતો. તે વાન પાછો ફર્યો, તે પછી થોડી વારમાં પ્રાંતના દક્ષિણના ભાગમાં શાદાખ તાલુકામાં મુસલમાનોએ તોફાન કર્યું, અને ગવ્હર્નરે વાન શહેરના ઇશખાન નામે આગેવાન આર્મીનિયનને દક્ષિણમાં જઇને બંને પક્ષ વચ્ચે સમાધાનનો યત્ન કરવા વિનંતી કરી. ઇશખાન ગવ્હર્નરની શુભેચ્છા ઉપર વિશ્વાસ રાખીને ઉપડ્યો, પણ પહાડોમાં ચાલતાં તેનું તથા તેના સાથીઓનું ખૂન કરવામાં આવ્યું. એજ અરસામાં પોલિસ સવારોએ એક ગામડામાં જુવાન આદમીઓની કત્લ ચલાવી, અને બીજા એક ગામના જુવાનો એ વાત સાંભળીને પોલિસ સવારોની સામે થયા. અમેરિકન મિશનરીઓએ ગવ્હર્નરને સમજાવવા યત્ન કર્યો, પણ તે નિષ્ફળ ગયો. તે બોલ્યો, કે "હું પ્રથમ શાદાખને તાબે કરીશ, અને પછી વાનને સઝા થશે. બળવાની એક નિશાની દેખાશે,

કે તરત હું વાનમાં એક પણ આર્મીનિયન મકાન રહેવા દઇશ નહીં, બધાં જમીનદોસ્ત કરીશ." ૧૯૧૫ ના એપ્રિલની ૨૦ મી તારીખે સ્હવારમાં ૭ વાગ્યે કેટલાક તુર્કી સિપાઇઓએ અમુક આર્મીનિયન ખેડુત સ્ત્રીઓને રંજાડી; બે જુવાન આર્મીનિયનો વચ્ચે પડયા, અને તુર્કોએ તેમને ગોળીએ દીધા; અને પછી તરત ગવ્હર્નરે શહેર ઉપર તોપ ચલાવી. ઘેરાયલા ભાગમાં સુમારે ત્રીશ હજાર આર્મીનિયનો હતા, જેમાંના બેથી ત્રણ હજાર હથિયારબંધ લડવૈયા હતા. આટલી સંખ્યાનો બચાવ કરવામાં અને તેમને ખોરાકી વગેરે પૂરી પાડવામાં આર્મીનિયનોએ વ્યવસ્થા કરવાની સારી શક્તિ બતાવી આપી. એક કામચલાઉ કારભારીમંડળની નીમણુક થઇ, અને બચાવ માટે તથા જોઇતો સામાન મેળવવા માટે કમિટીઓ યોજવામાં આવી. રાઇફલોને માટે પુષ્કળ દારૂગોળો તૈયાર કરવામાં આવ્યો, અને એક આર્મીનિયન પ્રોફેસરની સૂચના પ્રમાણે ત્રણ તોપો પણ તેમણે બનાવી.

અમેરિકન મિશન સ્ટેશન ઘેરાયલા ભાગની મધ્યમાં હતું. તેમણે તટસ્થતા જાળવી રાખી. તુર્કી તોપોનો મારો છતાં તુર્કોનું કશું ચાલ્યું નહીં; અને ઘેરો શરૂ થયા પછી ૩૧ દિવસે એટલે મેની ૨૧ મી તારીખે રૂષિયનો અને આર્મીનિયનોનું એક લશ્કર કશા પ્રતિરોધ વગર વાનમાં પેઠું, અને ચાર દિવસ પછી એક બીજા રૂષિયન લશ્કરે ઉર્મિયામાં પ્રવેશ કરીને નેસ્ટોરિયનોને છુટા કર્યા. રૂષિયન સેનાપતિએ આર્મીનિયનોએ સ્થાપેલું કામચલાઉ કારભારી-મંડળ કાયમ રાખ્યું. આ પ્રમાણે વાનનો બચાવ કરવામાં આર્મીનિયનો સફળ થયેલા; પણ તરુણ તુર્કોની સરકારે તેનું વૈર બાકીની તમામ વસ્તી ઉપર લીધું.

(આ કરુણ ઇતિહાસ આવતા અંકમાં પૂરો કરવામાં આવશે.)

લડાઇના તાર.

__સામાન્ય સ્થિતિ.__

પશ્ચિમમાં ફ્રેંચો અને બ્રિટિશો ધીમે ધીમે આગળ વધે છે. પૂર્વમાં રૂષિયન ધસારો ચાલુ છે. બાલ્કનમાં સર્બિયનો તથા મિત્ર રાજ્યોનાં લશ્કરો બલ્ગરોને દબાવવા લાગ્યાં છે. રૂમાનિયનો હંગરીમાં પેઠા છે, અને ઑસ્ટ્રિયનોને હઠાવે છે. ઇટાલિયનો પણ ઠીક કામ કરી રહ્યા છે. છતાં જર્મનોનું જોર હજી જોઇએ તેવું નરમ પડયું જણાતું નથી. હજી થોડા અઠવાડિયાં સુધી સ્થિતિમાં સ્પષ્ટ ફેરફાર થાય એવું લાગતું નથી.

__રૂમાનિયન ધસારો.__

લંડન, ૮ મી સપ્ટેંબર.

જર્મનો તથા બલ્ગેરિયનોના ઘણા દબાણથી સખ્ત લડાઇ પછી રૂમાનિયનોએ ટર્ટુકાઇ ખાલી કર્યું છે. હંગરીમાં તેમણે ઓર્સોવા નામે મહત્ત્વના લડાયક મથકનો કબજો લીધો છે. હાર્ગિટ ઉપર હુમલો થતાં ઑસ્ટ્રિયનો હઠી ગયા છે.

બ્રિટિશ મોખરો.

લંડન, ૧૦ મી સપ્ટેંબર.

જનરલ હેગ જણાવે છે, કે ગિંચીનું આખું ગામડું અને લ્યૂઝ જંગલ આપણા હાથમાં પડેલ છે. મોઝિઅરીસની ઉત્તર-પૂર્વમાં આપણે બીજી ૬૦૦ વાર જગ્યા પડાવી છે. હવામાં પણ ઘણી લડાઇઓ થઇ છે; અને આખા મોખરા ઉપર તોપનો મારો ચાલ્યા કર્યો છે.

હાલિકઝ આગળની સ્થિતિ.

પિત્રુગ્રેડ, ૧૦ મી સપ્ટેંબર.

દુશ્મનો હઠી ગયા પહેલાં હાલિકઝ આગળના કિલ્લાઓનો નાશ કરવા લાગ્યા છે. નિએસ્ટર ઉપરના મોટા પૂલને ઉડાવી દેવામાં આવેલ છે. ડાબો કિનારો રશિયનોના કબજામાં છે, અને તેઓ હઠી જતા દુશ્મનો ઉપર તોપો ચલાવે છે. બે ટ્રેનોનો નાશ કરવામાં આવ્યો છે.

બલ્ગર શહેરોમાં આગ.

બુખારેસ્ટ, ૧૧ મી સપ્ટેંબર.

રૂમાનિયનોએ વિડિન, લોમ પાલાંકા, અને રાહોવા ઉપર તોપોનો મારો શરૂ કર્યો છે, અને એ શહેરો આગમાં બળે છે.

ફ્રેંચ ધસારો.

પારિસ, ૧૩ મી સપ્ટેંબર.

મંગળવારે બપોરે ક્રોમ્બલ્સ અને સોમ વચ્ચે છ કિલોમિટરના મોખરા ઉપર ફ્રેંચોએ જબ્બર ધસારો કર્યો છે. જર્મનોની આખી પહેલી લાઇન માત્ર અર્ધા કલાકમાં પડાવવામાં આવેલ છે. તે પછી નં. ૧૪૫ ની ટેકરી, મારીએરીઝ જંગલ તથા બેથૂન-પેરોન માર્ગ સુધીની દુશ્મનની બધી ખાઇઓ કબજે થઇ છે. બુશાવેસનેનું ગામ છાપો મારીને લેવામાં આવ્યું છે.

ગ્રીસની વિષમ સ્થિતિ.

લંડન, ૧૩ મી સપ્ટેંબર.

૧૨ મી તારીખના ઍથન્સના એક સંદેશામાં જણાવવામાં આવે છે, કે મિ. ઝાઇમિસે રાજીનામું આપ્યું છે, જે હજી મંજૂર થયું નથી. ડિમિટ્રાકોપોલો મુખ્ય પ્રધાન થશે, એમ માનવામાં આવે છે; જોકે ૧૫ મી તારીખના એક તારથી જણાય છે, કે મિ. ડિમિટ્રાકોપોલોએ પ્રધાનમંડળ રચવાની ના પાડી છે.

ક્રોમ્બલ્સની સ્થિતિ.

લંડન, ૧૪ મી સપ્ટેંબર.

ક્રોમ્બલ્સ તથા પેરોન વચ્ચે બધો વ્યવહાર તોડી નાંખવામાં આવેલ છે. ક્રોમ્બલ્સ છેક અલગ પડી ગયું છે. ગઇ કાલે અને આજે મળીને ૨,૩૦૦ બિનજખમી કેદીઓ પકડાયા છે.

ભાવનગર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૨૬ મી સપ્ટેંબર, ૧૯૧૬. [અંક ૪૩.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,

ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની

આજ્ઞાથી પ્રસિદ્ધ થતું

અને

વિના મૂલ્યે વહેંચાતું

સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૨૬ મી સપ્ટેંબર, ૧૯૧૬.

આર્મીનિયન પ્રજાનો સંહાર.

(ગયા અંકથી ચાલુ.)

આર્મીનિયન પ્રજાનો આ સામટો સંહાર જૂદે જૂદે સ્થાને જૂદી જૂદી રીતે કરવામાં આવેલો. વાનથી દક્ષિણમાં અને નૈર્ઋત્યમાં, જ્યાં રુશિયનો જલદીથી આવી પહોંચવાની ધાસ્તી હતી, ત્યાં ક્રિશ્ચિયન વસ્તીની તરત કત્લ ચલાવવામાં આવેલી. વાનથી વાયવ દિશામાં કાળા સમુદ્ર સુધીનો પ્રદેશ, કે જે આર્દાહન અને સારિકામિશનાં રણક્ષેત્રોની પાસે હતો, પણ જ્યાં હજી રુશિયનો સરહદ ઓળંગી શકયા નહોતા, ત્યાં નામની દેશનિકાલની પદ્ધતિ વપરાયેલી, પણ રસ્તામાં પહેલી અનુકૂળ જગ્યાએ દેશનિકાલોનાં ખૂન કરવામાં આવેલાં. અને, છેવટે, એનેટોલિયાની પશ્ચિમની તથા કોન્સ્ટન્ટિનોપલની પડોસમાંની આર્મીનિયન વસ્તીને એનેટોલિયન અને બગદાદ લાઇનોને રસ્તે ખરેખર દેશનિકાલ કરવામાં આવેલી. આ ત્રણેય પ્રદેશો સંબંધી ક્રમશઃ વિવેચન કરવું ઠીક પડશે.

તુર્કી લશ્કર ઇરાન તરફથી પાછું હઠયું, ત્યારે દક્ષિણ-પૂર્વની કત્લ શરૂ થયેલી. જ્યાં બોહતાન અને ટાઇગ્રિસનો સંગમ થાય છે, તેની પાસે સેર્ટના આર્મીનિયનો ઉપર પહેલો ઘા પડ્યો. તે વખતે મે મહિનો ચાલતો હતો. તુર્કી ગવર્નરે તે પછી રુશિયનો વાનથી આવી પહોંચે તે પહેલાં બિટલિસનો કબજો લીધો, અને જૂનની ૨૫ મી તારીખે ત્યાં પણ આર્મીનિયનોનો સંહાર કર્યો. બિટલિસથી તે મૂશના મેદાન તરફ ઉપડ્યો. મૂશ બિટલિસની ઉત્તરે આવેલું છે, અને ત્યાં ગરીબ આર્મીનિયન ખેડુતોની વસ્તી છે. એક જર્મન મિશનરી તે વખતે એક આર્મીનિયન અનાથાશ્રમનો ઉપરી હતો, અને તે મૂશમાં બધા બનાવો બન્યા ત્યારે હાજર હતો. લોકોને જણાવવામાં આવેલું, કે સૌને સાથે બહાર ગામ મોકલી દેવામાં આવશે, અને સરકારી કચેરીમાં આવીને નામ નોંધાવી જવા સારૂ તેમને કેટલાક દિવસની મેહતલ આપવામાં આવેલી. પણ તે દિવસો પૂરા થયા નહોતા, ત્યાં તો શહેર ઉપર તોપના ગોળા પડવા શરૂ થયા; અને મેદાનનાં ગામડાંઓ ઉપર તુર્ક સિપાઇઓ ફરી વળ્યા. શેરીઓમાં સખ્ત લડાઇ ચાલ્યા પછી મૂશ શહેર છાપો મારીને લેવામાં આવ્યું. બિટલિસ પ્રાંતના એક પાસેના ભાગનો રહેવાસી, સાસૂનનો રૂપેન નામે એક આર્મીનિયન આગેવાન, કે જે પાછળથી રુશિયન લાઇનમાં

ન્હાસી ગયેલો, તે જણાવે છે, કે મૂશની બિનલડાયક વસ્તીને ટેકરીઓમાં તૈયાર કરેલી છાવણીઓમાં લઇ જવામાં આવેલી, અને ત્યાં ઓરતોને જીવતી બાળી મૂકવામાં આવેલી, તથા સિપાઇઓએ તેમનાં બાળકોને આગમાં તેમની પાછળ ફેંકેલાં, અને મશ્કરીમાં કહેલું, કે "આ રહ્યા તમારા સિંહો"! ગામડાંઓની દશા જૂદી થયેલી. એક ઓરત પોતાના બાળક સાથે પૂર્વ યુફ્રેટીસની ઉદીચ્ય બાજુ પર આવેલા ત્ચેમેશ-ગેટઝૅક નામે શહેરમાં દાખલ થયેલી, તેના વૃત્તાંત પરથી એ આપણે જાણીએ છીએ. જ્યારે પુરુષો કપાઇ ગયા, ત્યારે તુર્કોએ ગામડાંની ઓરતોને બાળકોની સાથે એકઠી કરેલી, અને તેમને વાયવ તરફ ચલાવેલી. તેઓ પૂર્વ યુફ્રેટીસ પાસે આવી પહોંચી, ત્યારે બીજાં બાર ગામડાંની દેશનિકાલ થયેલી ઓરતો તેમની સાથે થઇ. પછી સૌ નદીને કાંઠે કાંઠે પશ્ચિમ તરફ ચાલી. એક દિવસ તેઓ એક સ્થળે વિસામો લઇને નાસ્તો કરવાની તૈયારીમાં હતી, ત્યાં અચાનક આસપાસની ટેકરીઓમાંથી કુર્દ લોકો ઉતરી આવી તેમના પર તૂટી પડ્યા. પેલી સ્ત્રી પોતાના બાળક સાથે પાણીમાં પડી, અને તેણે જોયું, કે તેની સહચરીઓ કાંતો તેની આસપાસ ડૂબે છે, અથવા કુર્દોની ગોળીઓથી નાશ પામે છે. તે મજબૂત તરનારી હતી, અને તે પોતાના બાળકને લઇને સામે કાંઠે પહોંચી તથા બચી શકી. ત્ચેમેશ-ગેટઝૅકમાં જે માણસે તેને આશ્રય આપેલો, તેણે તેની વાત લખી લીધેલી; પણ બાળક થાકથી મરણ પામ્યું, અને પેલી સ્ત્રીને પણ પાછળથી તુર્કોએ પકડીને મારી નાંખી.

મૂશનું મેદાન અને ડાયરબેકર આગળની ટાઇગ્રિસની ખીણ વચ્ચે જે પહાડી મુલક આવેલો છે, તે સાસૂન પ્રદેશનો હવે વારો આવ્યો. સાસૂન ચાળીશ આર્મીનિયન પહાડી ગામડાંઓનું એક સ્વતંત્ર સંસ્થાન હતું, અને તેનું સ્વરાજ્ય ઝૈતૂનની માફક પ્રાચીન કાલથી ચાલતું આવ્યું હતું. સાસૂનની સ્વતંત્રતા તથા આબાદી તુર્કોને તથા કુર્દોને આંખના કણાની માફક ખટકતી હતી. ૧૮૯૪-૯૫ માં અબ્દુલ હમીદના હુકમથી સાસૂનીઓ ઉપર હુમલો થયો હતો, અને તેમની કત્લ ચાલી હતી; તથા ૧૯૧૫ ની વસંતમાં તરુણ તુર્કોની ઉશ્કેરણીથી કુર્દોએ તેમના પર ફરી હુમલો કર્યો. ડાયરબેકર તરફનાં નીચાણનાં ગામડાં મે મહિનાના પાછલા ભાગમાં ઉજડ કરાયાં, પણ ત્યાંના રહેવાસીઓ ડૂંગરાઓમાં ન્હાસી ગયા, અને ડુંગરી લોકો ટકાવ કરી રહ્યા. આખો જૂન મહિનો કુર્દો તેમને કશું કરી શકયા નહીં, અને તુર્કી સવારો તેમની મદદે આવ્યા તે પણ ફાવ્યા નહીં. પણ હવે મૂશથી પાયદળ અને તોપો આવી પહોંચ્યાં; ઘણુંખરા સાસૂની આગેવાનો, એક રૂપેન સિવાય, એકજ ગોળો ફાટવાથી મરણ પામ્યા, અને લડનારાઓ પહાડોમાં વધારે ઉંચે ચડતા ગયા. ઑગસ્ટની શરૂઆતમાં તેમના છેલ્લા સ્થાનમાં તેમને ઘેરી લેવામાં આવ્યા, અને ત્યાં ઑગસ્ટની ૫ મી તારીખે છેલ્લી લડાઇ થઇ. પુરુષો, ઓરતો અને બાળકો મરણિયાં થઇને લડ્યાં; તુર્કો તથા કુર્દો ઉપર ખડકો ગબડાવવા લાગ્યાં; તેમની સાથે હાથોહાથ લડવા લાગ્યાં; અને તેમને અટકાવી ન શકાય ત્યારે ટેકરીઓ પરથી પડતું મૂકવા માંડ્યાં, પણ દુશ્મનોએ શિખરનો કબજો લીધો; અને બિટલિસ, મૂશ તથા સાસૂનની શી દશા થઇ, તે કહેવાને રૂપેન એકલો જીવતો રહ્યો. વળી, વાનની દક્ષિણ-પૂર્વમાં હક્કિયારી તાલુકાની અંદર સાસૂનના આર્મીનિયનો જેવી ન્હાની ન્હાની નેસ્ટોરિયન જાતિઓ હતી, કે જે આસપાસના કુર્દોની

સામે પોતાની સ્વતંત્રતા અત્યાર સુધી જાળવી રહી હતી, તેમના પર પણ જૂનમાં હુમલો થયેલો, અને તેમાંની કેટલીકનો નાશ થયેલો; તથા બીજીએ લડતાં લડતાં ઇરાની સરહદ ઓળંગીને તથા રશિયન લાઇનમાં પહોંચીને સાલ્મસ તાલુકામાં પોતાના દુઃખી બંધુઓ હતા તેમની પાસે આશ્રય લીધેલો.

પણ તુર્કોએ વાનનો ફરી કબજો લીધો, ત્યારે સખતમાં સખત ફટકો પડેલો. જૂલાઇની આખર સુધીમાં તુર્કી લશ્કર ૪૦,૦૦૦ માણસોનું થયું હતું; તેમણે સરોવરના દક્ષિણ કિનારાની લગોલગ હુમલો કર્યો, અને એ મહિનાની છેલ્લી તારીખે રશિયન કમાન્ડરે શહેર ખાલી કરવાનો ઠરાવ કર્યો. વાનના આર્મીનિયનોએ દસ અઠવાડિયાં સ્વરાજ્ય ભોગવ્યું, તેનો ક્રૂર અંત આવ્યો. તમામ સિવિલિયન વસ્તી હઠી જતા લશ્કરની સાથે ચાલેલી, અને તેમની ન્હાસભાગનાં ભયંકર વર્ણનો તેમાં ભાગ લેનાર અમેરિકન મિશનરીઓએ તેમજ તેમને સરહદ પર લેવા આવનાર કૉકેસસના રશિયન આર્મીનિયનોએ લખેલાં છે. શિયાળામાં ઉર્મિયાથી જૂલ્ફા સુધીની મુસાફરી જેવી નેસ્ટોરિયનોને અસહ્ય થઇ પડી હતી, તેવીજ ઉન્હાળાની આ પહાડી મુસાફરી પણ થઇ પડી. રસ્તામાં ઘણા ત્રાસદાયક બનાવો જોવામાં આવેલા. એક માતાને પોતાના મરેલા બાળકને રસ્તામાં મૂકી દઇને ચાલ્યાં જવું પડ્યું હતું; બીજી માતાને એક ચાલી ન શકતા અને તેનાં કપડાંને વળગી રહેતા બાળકને પડતું મૂકવું પડ્યું હતું, કારણકે તેણે બે વધારે ન્હાનાં બાળકોને હાથમાં ઉપાડ્યાં હતાં, અને વધારે બોજો ઉપાડવાની તેનામાં તાકાત નહોતી; એક માણસ પોતાની ઓરત, છોકરાં તથા સરસામાનથી ભરેલા અને ભાંગી ગયેલા ગાડા સામે નજર કરી બેઠો હતો, તેનામાં વધારે ચાલવાની શક્તિ નહોતી, ગાડું અટકી પડ્યું હતું, અને થોભવામાં મોતનો ભય છે, એમ તે જાણતો હતો. ન્હાનાં બાળકોની સ્થિતિ સૌથી વધારે દુઃખદાયક હતી. ઘણાં ઉપડતી વખતેજ પોતાનાં માબાપથી વિખૂટાં પડી ગયાં હતાં, અને આમાંનાં ઘણાંખરાં માર્ગમાંજ થોડા વખતમાં મરણ પામ્યાં હતાં; પણ બીજાં થાકી જઇને પહાડોમાં પડ્યાં હતાં, અને રશિયન સરહદમાં આવેલા ઇગ્દિરથી સવારો તેમને શોધી લાવવા નિકળેલા. એક જોનાર એચ્ચમિઆડ્ઝિન શહેરમાં એક અનાથાશ્રમ તાકીદે ઉઘાડેલો, તેની પીડાઓનું વર્ણન કરે છે. એક મોટા ઓરડામાં નાગાં, ભૂખ્યાં, અને મા વગરનાં સેંકડો છોકરાં ખાલી ભોંયતળિયા પર પડ્યાં હતાં, અને તેમના મંદ આક્રંદથી શ્રોતાના કાન ભરાઇ જતા હતા. પણ કૉકેસિયાના આ અનાથાશ્રમોની સ્થિતિ તુર્કી સરકારે ઉઘાડેલા કહેવાતા અનાથાશ્રમોના કરતાં બેહતર હતી.

વાનના રેહવાસીઓએ ન્હાસી જવાનાં દુઃખો પસંદ કર્યાં, તે ઠીક કરેલું; કારણકે જ્યારે તુર્કી લશ્કર શહેરમાં ફરીને દાખલ થયું, ત્યારે તેમણે બાકી રહેલાં બધાં માણસોની કત્લ ચલાવી, મકાનો બાળીને જમીનદોસ્ત કરી દીધાં, અને વાનને બિટલિસ, મૂશ તથા સાસૂનની માફક ઉજડ કરવાનો ઠરાવ કર્યો. અને આ ઉદ્દેશમાં તેઓ સફળ થયા. એ મહિનો પૂરો થયો, તે પહેલાં તો રશિયનોએ તેમને ફરીને હાંકી કાઢ્યા; પણ પાયમાલી એવી પૂરી થઇ હતી, કે ફરી વસવાટનું કામ અતિશય ધીમે ચાલી શક્યું.

Polish peasant women and girls in national costume.

સ્વદેશી પોશાકમાં પોલાંડની ખેડુત વર્ગની ઓરતો અને છોકરીઓ.

દક્ષિણ-પૂર્વમાં જ્યારે ખુલ્લી કત્લ ચલાવવામાં આવતી હતી, ત્યારે ઉત્તરનાં કોડીબંધ આર્મીનિયન શહેરો અને ગામડાંમાં દેશનિકાલના બહાનાથી છેવટે એજ ક્રિયા ચાલતી હતી. દરેક સ્થળે પ્રથમ પુરુષ આર્મીનિયનોને એવો હુકમ મળતો, કે અમુક વખતે સરકારી મકાન આગળ હાજર થવું. માણસો એકઠા થતા, કે તરત તેમને શહેર બહાર લઇ જવામાં આવતા. મુસાફરી માટે કશી તૈયારી તેઓ કરી શકતા નહીં, કામકાજનો બંદોબસ્ત કરવાનો કે કુટુંબની રજા લેવાનો તેમને અવકાશ અપાતો નહીં, અને રસ્તામાં પહેલું એકાંત સ્થાન આવતું, ત્યાં તેમની કત્લ થતી. કેરેઝોંડના રહેવાસીઓનો મૂશના ગામડિયાઓની માફક ઘાત થયેલો: અપોરના તેઓ જ્યાં ઉતરેલા ત્યાં તેમને નદીમાં નાંખવામાં આવેલા, અને પછી તેમને ગોળીઓથી વીંધેલા. ત્રેબિઝોંડમાં રહેવાસીઓને ઓરતો અને બાળકો સહિત વહાણો ઉપર ચડાવવામાં આવેલા, અને પછી કાળા સમુદ્રમાં લઇ જઇને તેમને વામી નાંખેલા, તથા ડૂબતાઓ ઉપર ગોળીઓ છોડેલી. એંગોરામાં મુસલમાન ખાટકીઓને તથા ચમારોને છરા અને કુહાડા લઇને પૂર્વ તરફને રસ્તે આસી યોઝગાદ નામના ગામ સુધી મોકલેલા, અને ત્યાં આર્મીનિયનો આવતા ગયા, તેમ તેઓ તેમને ગ્રબેહ કરતા ગયા, કારણકે તુર્કી અમલદારોએ જણાવેલું, કે આર્મીનિયન્ન મુડદાંઓ માટે દારૂગોળો વાપરવાની કશી જરૂર નથી! આ પ્રમાણે છૂટા માણસોનો નિકાલ કર્યા પછી જેમને મહિનાઓ સુધી તુરંગમાં રાખી મૂકયા હતા, તેમનો પણ એજ પ્રમાણે નિકાલ કરવામાં આવેલો.

જેમના કામની સરકારને જરૂર હતી, તેવા થોડા કુશળ કારીગરોને બચાવવામાં આવેલા. ખારપટ અને અર્ઝરૂમમાં આવા દાખલા બનેલા; પણ અર્ઝરૂમમાં તો એ રીતે બચેલા માણસોનો તેમનું કામ પૂરૂં થતાં કુટુંબો સાથે સંહાર થયેલો. દરમિયાન, મોખરાની પાછળ જેઓ મજૂર તરીકે કામ કરી રહ્યા હતા, તેમની કત્લ ચાલી.

પુરુષો પૂરા થયા પછી ઓરતોનો વારો આવતો. કેરેઝોંડ અને ત્રેબિઝોંડમાં તેમને ડૂબાવવામાં અથવા કાપી નાંખવામાં આવેલી; પણ સાધારણ વહિવટ એવો રહેલો, કે તેમને દેશનિકાલ અથવા ઇસ્લામ ગમે તે એક પસંદ કરવાની છૂટ અપાતી. ઇસ્લામ સ્વીકારવો હોય, તો તેવી ઓરતને તુરત કોઇ મુસલમાનના જનાનખાનામાં દાખલ થવું પડતું; અને તેને માર્યા ગયેલા આર્મીનિયન ધણીથી કોઇ છોકરાં થયાં હોય, તો તેમને મુસલમાન તરીકે કેળવવાને સ્થપાયેલા સરકારી અનાથાશ્રમોમાં સોંપી દેવાં પડતાં. આવા આશ્રમો અગાઉ તુર્કી શહેનશાહતમાં હતાજ નહીં, એટલે તેમાં કેવી હરામખોરી ચાલતી હશે, તેની કોઇને ખબર નહોતી. એક ડેનિશ પરિચારિકાને તેના પ્રાંતના ગવ્હર્નરે આવો એક આશ્રમ જોવા જવાનું આમંત્રણ કરેલું. તેણે એક સારા મકાનમાં સુમારે ૭૦૦ આર્મીનિયન બાળકોને જોયેલાં; તેમની પાસે ખાવાનું પુરતું હતું, અને તેમની સંભાળ રાખવાને પુરતી આર્મીનિયન ઓરતો હાજર હતી. થોડા દિવસ પછી તે પાછી આવેલી, ત્યારે એ બધાં અનાથો ગુમ થયાં હતાં. શહેરથી છ કલાકે પહોંચાય તેટલે દૂર એક તળાવ હતું, ત્યાં એ બાળકોને રાતને વખતે લઇ જઇને

ડુબાવવામાં આવ્યાં હતાં. પાછળથી એજ આશ્રમમાં બીજાં માણુસો બાળક એકઠાં કરાયેલાં; અને એ ડેનિશ બાઇના ધારવા પ્રમાણે એમની પણ અગાઉના જેવીજ દશા થએલી સંભવે છે.

પુરુષોની કત્લ પૂરી થયા પછી દરેક આર્મીનિયન સ્થાનમાં એવો ઢંઢેરો પીટાતો, કે ઓરતો, વૃદ્ધો, બિમારો અને બાળકો—સૌને અમુક તારીખે દેર-અલ-ઝોર, અથવા દમાસ્કસ, અથવા મોસલ તરફ ચાલવાનું છે. પણ ઘણી વાર તેમને બિલકુલ વખત આપવામાં આવતો નહીં. કેટલીક વાર તેમને ઘરમાંથી હાંકી કાઢીને રસ્તે પાડવામાં આવતાં; સિલીસિયામાં ગેબેન કરીને ગામડું છે, ત્યાં એવું બનેલું, કે ઓરતો કોઇ ઝરા પાસે કપડાં ધોતી હતી, ત્યાંથી તેમને સીધી ઉપાડવામાં આવેલી. ઘેર જઇને પોતાનાં બાળકોને સાથે લેવાની કે કશી તૈયારી કરવાની તેમને રજા મળેલી નહીં; પણ સાધારણ રીતે એક અઠવાડિયાની અને કોઇ વાર એક પખવાડિયાની મહેતલ આપવામાં આવતી.

છેવટે એક પછી એક વળાવાં ચાલવા માંડતાં. કોઇમાં ૪૦૦-૫૦૦, તો કોઇમાં ૪,૦૦૦-૫,૦૦૦, માણસો હતાં. જે કોઇ ગામમાં તેઓ આવતાં, ત્યાં સરકારી ઉતારા પાસે તેમને ઉભાં કરવામાં આવતાં, કે જેથી મુસલમાન ગામડિયાઓ પોતાને ગમે તે ઓરત, છોકરી, કે છોકરાને લઇ શકે. દેશનિકાલને આગે રસ્તે ગામડાં આખાં આર્મીનિયન ગુલામોથી ભરેલાં હતાં. પોલિસ સવારોની સાથે રહેલાંના કરતાં તેમની સ્થિતિ સારી હતી. સવારો રાત્રે ગમે તેમને પોતાની સાથે સૂવાની ફરજ પાડતા; અને છેવટે તેમની વધારે દુર્દશા બની. અતિશય થાકથી અને પોલિસના જુલમથી ઘણી ઓરતો મરણ પામેલી.

એક વળાવાને એલેપ્પો જતાં યુફ્રેટીસની એક શાખા ઓળંગવાની આવેલી. પોલિસ સવારોએ ઓરતોને હુકમ કર્યો, કે કપડાં કાઢીને નદી ઉતરી જાઓ. તેમણે એકબીજીના હાથ પકડીને એ પ્રમાણે કર્યું. પણ પછી સવારોએ તેમનાં કપડાં પાછાં આપવાની ના પાડી; અને તેમને નાગા નાગાં ચાલવું પડ્યું. ઘણાં વળાવાં આ હાલતમાં એલેપ્પો પહોંચેલાં, કે જ્યારે સ્ત્રીઓ શરમથી બેવડી વળી ગએલી. કોઇ વાર આવી નાગી ઓરતોને રેલવેના ડબ્બાઓમાં પૂરવામાં આવતી; અને જ્યારે તેઓ ઉતરતી, ત્યારે મુસલમાન બદમાશો તેમની મશ્કરી કરતા.

ઝેઓર્ટમાં દેશનિકાલનું કામ શરૂ થયા પહેલાં એક બિશપ અને બીજા સાત આર્મીનિયન આગેવાનોને ફાંસીએ ચડાવવામાં આવેલા, અને બીજા પુરુષોની કત્લ ચાલેલી. ઝેઓર્ટના તુર્કી કમાન્ડન્ટ જે ઘરમાં રહેતો હતો, તે એક તવંગર આર્મીનિયન વિધવાનું હતું; અને કમાન્ડન્ટે તેને પોતાના રક્ષણ નીચે પાછળ રહેવાને સમજાવેલી. પણ તે બાઇએ પોતાનાં સગાંઓથી છૂટી પડવાની ના પાડી; અને તે પોતાની ઘરડી મા, આઠ વરસની એક દીકરી, અને ખાવા-પીવાની વસ્તુઓ ઉપાડવાને બળદ ઘોડા સાથે લઇને નિકળી. તેનો વૃત્તાંત નરકની કોઇ કથાના જેવો લાગે છે. "અમને ઘરથી નિકળ્યાં બે કલાક થયા હશે, એટલામાં ગામડિયાઓ અને લુટારાઓ અમને ઘેરી વળ્યા, અને અમારી પાસે જે હતું તે બધું લઇ લીધું. પોલિસ સવારોએ

મારા ઘોડા લઇને તુર્કોને વેચી દીધા. મારી પાસેનું નાણું તેમણે લીધું, મારી દીકરીના ગળામાંથી સોનાના કકડા ઉઠાવ્યા, અને બધો ખોરાક લૂટ્યો. પછી પંદર વરસની ઉમરના એક પછી એક પુરુષને લઇને તેઓ મારવા લાગ્યા, અને છ સાત દિવસમાં બધાને મારી નાંખ્યા. મારી બાજુએ બે ધર્માચાર્યને તેમણે મારી નાંખ્યા, જેમાંનો એક ૯૦ વરસ કરતાં વધારે ઉમરનો હતો. હરામખોરો બધી દેખાવડી ઓરતોને પોતાના ઘોડા ઉપર નાંખીને ઉઠાવી ગયેલા. મારી બહેનને આ પ્રમાણે તેઓ લઇ ગયા, અને તેને એક વરસનું એક બાળક હતું, તે તેમણે રસ્તે ફેંકી દીધું. એક તુર્કે તે ઉપાડી લીધું, અને તે કોણ જાણે કયાં તેને લઇ ગયો. મારી મા બિચારી ચલાયું ત્યાં સુધી ચાલી, અને પછી રસ્તામાં પડી ગઇ. રસ્તામાં પુષ્કળ માણસોનાં મુડદાં પડ્યાં હતાં. રાત્રે અમને ગામડાંમાં સૂવાની રજા મળતી નહીં, પણ ખુલ્લી જગ્યામાં પડવાની ફરજ પડતી. રાતને વખતે પોલિસ સવારો, લૂટારાઓ, અને ગામડિયાઓ, જે ત્રાસ ચલાવતા, તેનું વર્ણન અપાય તેમ નથી.”

લડાઇના તાર.

બ્રિટિશ ધસારો.

લંડન, ૧૫ મી સપ્ટેંબર.

થીપવાલની દક્ષિણ-પૂર્વમાં ૧,૦૦૦ વારના મોખરા ઉપરની દુશ્મનની ખાઇઓ આપણે કબજે કરી છે. બૂલોઝ જંગલમાં પણ આપણે ૨,૦૦૦ થી ૩,૦૦૦ વાર આગળ વધ્યા છીએ, અને ઘણા કેદીઓ પકડ્યા છે.

લંડન, ૧૬ મી સપ્ટેંબર.

સખ્ત લડાઇને અંતે કોમ્બલ્સ તથા પોઝિએરીસ-આપોમ વચ્ચેની બધી ઉંચી જમીન આપણે હાથ કરી છે. બૂલોઝ જંગલનો મોટો ભાગ, કલેર્સ, હાઇ વુડ, માર્ટિન-પુક અને કોર્સલેટ આપણા કબજામાં આવેલ છે. સુમારે ૨,૩૦૦ કેદીઓ પકડાયા છે.

બાલ્કનમાં જીત.

લંડન, ૧૫ મી સપ્ટેંબર.

વર્દારના ડાબા કાંઠા ઉપર બ્રિટિશોને બલ્ગેરિયનો તથા જર્મન પાયદળની સાથે સખ્ત લડાઇ થઇ છે. છેવટે બ્રિટિશો જીત્યા છે, અને તેમણે માકુકોવોનો કબજો લીધો છે. વર્દારના જમણા કાંઠા ઉપર પણ ફ્રેંચોએ દુશ્મનની ખાઇઓ પડાવી છે. ઑસ્ટ્રોવો સરોવરની પશ્ચિમે સર્બિયનોએ બલ્ગેરિયનોને હરાવ્યા છે, અને તેમણે ગોર્નિકેવોનો કબજો લીધો છે.

ગ્રીસનો નવો પ્રધાન.

ઍથન્સ, ૧૭ મી સપ્ટેંબર.

મિ. કેલોગેરોપૂલોસ ગ્રીસનો નવો પ્રધાન નિમાયો છે.

ઇટાલિયન જીત.

રોમ, ૧૮ મી સપ્ટેંબર.

ઇટાલિયનોએ મૉન્ટ કૉરિયલનું ૮,૦૦૦ ફુટ ઊંચું અને મજબૂત શિખર હાથ કર્યું છે. વાલ સુગાનામાં અને રાયો ફેલિઝોન ખીણમાં દુશ્મને કરેલા હુમલા નકામા ગયા છે.

માસીડોનિયામાં જીત.

સાલોનિકા, ૧૯ મી સપ્ટેંબર.

મિત્ર રાજ્યોએ ફ્લોરિનાનો કબજો લીધો છે. બલ્ગરો ફ્લોરિનાથી મોનેસ્ટિર તરફ પાછા હઠતા જાય છે, કારણકે ફ્રેંચો અને સર્વિયનોને હાથે તેમણે હાર ખાધી છે. સર્વિયનો બધે સ્થળે આગળ વધે છે. બલ્ગેરિયનો મોનેસ્ટિરમાંથી પણ ન્હાસવા લાગ્યા છે. મોનેસ્ટિર થોડા દિવસમાં પડશે, એવી ધારણા રખાય છે.

રૂમાનિયન જીત.

લંડન, ૨૦ મી સપ્ટેંબર.

બુખારેસ્ટથી ખબર મળે છે, કે કોન્સ્ટાન્ઝાથી કર્નાવોડા સુધીની રેલવેથી ૧૯ માઇલ દક્ષિણે ડોબ્રુજાના પ્રદેશમાં રૂમાનિયનોએ જીત મેળવી છે. દુશ્મનના મુખ્ય લશ્કર સાથે લડાઇ હજુ ચાલ્યા કરે છે.

હાલિકઝ માટે લડાઇ.

લંડન, ૨૧ મી સપ્ટેંબર.

જનરલ ત્ચેરબેત્ચેફનું લશ્કર ધીમે ધીમે આગળ વધ્યા કરે છે. રશિયનો હવે હાલિકઝ રેલવે સ્ટેશનથી થોડા સો વારજ દૂર છે. ઉત્તર તરફ વધારે ધસારો થતાં દુશ્મનને શહેર છોડવું પડશે. ૩૧ મી ઑગસ્ટ પછી આ લશ્કરે ૨૫,૦૦૦ કેદીઓ પકડ્યા છે, જેમાં ૮,૦૦૦ જર્મનો છે.

ઑસ્ટ્રેલિયામાં ફરજિયાત લશ્કરી નોકરી.

મેલબૉર્ન, ૨૧ મી સપ્ટેંબર.

પ્રતિનિધિઓની સભાએ ૧૨ વિરુદ્ધ ૪૭ મતથી ફરજિયાત લશ્કરી નોકરીનું બિલ પસાર કર્યું છે.

નિવેદન.

આજના અંકની સાથે સ્વદેશી પોશાકમાં સજ્જ થયેલી પોલાંડની ખેડુત વર્ગની સ્ત્રીઓ અને છોકરીઓનો એક ફોટોગ્રાફ અમે અમારા વાંચનારાઓને ભેટ કરીએ છીએ.

ભાવનગર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૩ જી ઑક્ટોબર, ૧૯૧૬. [અંક ૪૪.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૩૮ ઑક્ટોબર, ૧૯૧૬.

બ્રિટને આપેલો ભગીરથ ભોગ: ૧૯૧૪-૧૯૧૫.

It is not well to think of death unless we temper the thought with that of heroes who despised it.'

R. L. STEVENSON.

અર્થ:—"મૃત્યુ સંબંધી વિચાર કરવો એ ઠીક નથી, સિવાય કે જે વીરોએ તેને તુચ્છ ગણેલ છે, તેમનો વિચાર પણ આપણે સાથે કરીએ."

આર. એલ. સ્ટીવન્સન.

પોતાના દેશની ખાતર જેઓ પ્રાણ આપે છે, તેમની પ્રતિષ્ઠા બધા દેશોમાં હમેશાં થતી આવેલ છે. દુનિયાના સાહિત્યમાં આ વિષય ઉપર બે મહાન ભાષણો છે, અને તે દુનિયાના બે મહાન વક્તાઓએ કરેલાં છે. ક્રાઈસ્ટના જન્મ પહેલાં ચારસો ત્રીસ વરસ ઉપર પેરિક્લીઝે ઍથન્સના શહેરીઓ આગળ એક ભાષણ કરેલું, અને પેલીપોન્નીશિયન વિગ્રહમાં શહેરની સેવામાં જે વીરો ખપી ગયેલા, તેમના સંબંધી તે બોલેલો. મહાન ઇતિહાસકાર થુસીડિડીઝે એ આખું ભાષણ પોતાના ઇતિહાસમાં ઉતાર્યું છે, અને તેની અંદર એક ફકરો ખાસ યાદ રાખવા લાયક છે. પેરિક્લીઝે કહેલું, કે:—

"તેઓ સૌએ મળીને જે ભોગ આપેલ છે, તેનો બદલો દરેકને મળી ગયેલ છે; કારણકે તેમનામાંના દરેકની એવી તારીફ થયેલી છે, કે જે જૂની થનાર નથી, અને ઉમદામાં ઉમદા દરગાહ તેમને પ્રાપ્ત થયેલ છે—જેમાં તેમના દેહ મૂકવામાં આવેલ છે, તેની હું વાત કરતો નથી—પણ જેમાં તેમની કીર્તિ રહેલી છે, અને જે હમેશાં તથા દરેક યોગ્ય પ્રસંગે વચનમાં તથા કર્મમાં પ્રગટ થાય છે, તેની વાત કરૂં છું. કારણકે આખી દુનિયા પ્રખ્યાત માણસોની દરગાહ છે; તેમના પોતાના દેશમાં સ્તંભો તથા લેખોથી તેમની યાદગિરી જળવાય છે, એટલુંજ નહીં, પણ પારકા દેશોમાંએ તેમનું સ્મારક રહે છે, પત્થરમાં કોતરેલું નહીં, પણ માણસોનાં હૃદયમાં."

અમેરિકાના મોટામાં મોટા પ્રેસિડન્ટ અબ્રાહમ લિંકનના પણ આ વિષયમાં પેરિક્લીઝના જેવાજ વિચારો હતા. ૧૮૬૩માં તેણે ગેટિસબર્ગના રણક્ષેત્ર ઉપર એક કબરસ્તાનના સમર્પણની ક્રિયા કરેલી, અને એ પ્રસંગે પોતાના ભાષણમાં કહેલું, કે:—

"પ્રજા જીવી શકે તેટલા માટે અહીં જેમણે પોતાના પ્રાણ આપ્યા છે, તેમને માટે છેલ્લા આરામગાહ તરીકે ક્ષેત્રના અમુક ભાગને સમર્પિત કરવા સારૂ આપણે એકઠા થયા છીએ. આ પ્રમાણે આપણે કરીએ, તે યથાયોગ્ય અને બરાબર છે. પણ ઊંચી દૃષ્ટિથી જોઇએ, તો આ ભૂમિને આપણે સમર્પિત કરી શકીએ એમ નથી. જીવતા અને મરેલા જે બહાદુર માણસોએ અહીં યુદ્ધ કીધું છે, તેમણે તેને એવી પાવન કરેલ છે, કે તેમાં કશું કમીજાસ્તી કરવાનું આપણું ગજું નથી. આપણે અહીં જે કહેશું, તેની દુનિયા બહુ દરકાર કરશે નહીં, તેમ લાંબા વખત સુધી સંભારશે નહીં; પણ તેમણે અહીં જે કરી બતાવેલ છે, તે કદી ભૂલાશે નહીં. અહીં લડનારાઓએ જે કામ ઉમદા રીતે આગળ ચલાવ્યું છે, તે અપૂર્ણ કામને માટે સમર્પિત થવાનું આપણ જીવતાઓનું કર્તવ્ય છે."

આજે બ્રિટનમાં પેરિકલીઝ અને લિંકન જેવા વક્તાઓ નથી, પણ વીર પુરુષોએ પ્રાણ આપ્યા છે; અને તેઓ એથીનિયન અથવા અમેરિકન જેટલાજ માનપાત્ર છે. તેમણે પોતાના દેશની ખાતર જાન આપેલ છે; અને બ્રિટનની રક્ષા માટે લડતાં લડતાં તેઓ મરણ પામ્યા છે; એટલે તેમની બહાદુરી અને ભક્તિ માટે કોઇ પણ શબ્દો પુરતા નથી. વર્તમાન મહા વિગ્રહના પહેલા ૧૮ મહિનામાં જેઓ આ પ્રમાણે રણમાં સૂતા છે, તેમને માટે થોડા શબ્દો કહેવાને આ પ્રસંગે અમે પ્રવૃત્ત થઇએ છીએ.

મૃત્યુ સંબંધી આપણે શી રીતે વિચાર કરવો, એ બાબતમાં રૉબર્ટ લુઇ સ્ટીવન્સને આપણને યોગ્ય માર્ગ દેખાડયો છે. જે વીરોએ મૃત્યુને તુચ્છ ગણેલ છે, તેમના તરફ જોતાં દેશને માટે અપાયેલો ભોગ તેની મહત્તાનેજ વધારે છે.

દરેક વર્ગને અને લગભગ દરેક કુટુંબને વિગ્રહમાં ભોગ આપવો પડ્યો છે. એમર્સને કહ્યું છે, કે "સ્વતંત્રતા કદાપિ સસ્તી હોતી નથી"; અને ખરેખર બ્રિટનની સ્વતંત્રતા જાળવવાને જે જાનની હાનિ થઇ છે, તેની આગળ ધનની હાનિ કશા હિસાબમાં નથી.

સેનાપતિઓ જે હાનિનો હિસાબ કરે છે, તેમાં મરેલા, જખમીઓ, તથા ખોવાયેલા—સૌનો સમાવેશ થાય છે, કારણકે એ સૌ લશ્કરને માટે નહીં જેવા થાય છે. પણ મિત્રો તથા સગાંવહાલાંની દૃષ્ટિથી મરેલાઓ તથા જખમીઓ અને કેદ થયેલાઓ વચ્ચે અતિશય તફાવત છે. અમે એ દૃષ્ટિ રાખીને લખીએ છીએ, જોકે પ્રસ્તાવનામાં બધા પ્રકારની હાનિની વાત આવે છે. ડાક્તરોની કુશળતાને લીધે જખમીઓનો મોટો ભાગ સાજો થાય છે; અને સુમારે ૬૦ ટકા જેટલા માણસો ફરી લડાઇમાં ભાગ લઇ શકે છે.

બ્રિટિશ સેનામાં હાનિ સંબંધી રિપોર્ટનું કામ "એજ્યૂટન્ટ-જનરલ" કરીને એક અમલદારના હાથમાં રહે છે. તેના હાથ નીચેના માણસોને જૂદી જૂદી પલટનોમાંથી યાદીઓ મળે છે, અને લંડન મોકલાવ્યા પહેલાં તેની પરીક્ષા કરવામાં આવે છે. દરેક માણસને તેના નામ તથા અનુક્રમાંકથી ઓળખવામાં આવે છે, અને પછી તેની જે સ્થિતિ થઇ હોય તે નોંધાય છે. આ

તપાસેલી યાદીઓની ત્રીસ ત્રીસ નકલો હમેશાં વિગ્રહખાતાની ઑફિસ તરફ મોકલાય છે; અને નામો છાપામાં આવે, તે પહેલાં દરેકનાં નજીકનાં સગાંને તે સંબંધી ખબર અપાય છે.

૧૯૧૬ ના જાન્યુઆરીની ૨૮ મી તારીખે પાર્લમેન્ટમાં જણાવવામાં આવ્યું હતું, કે ૧૯૧૬ ના જાન્યુઆરીની ૯ મી તારીખ સુધીમાં બ્રિટનને કુલ હાનિ ૫૪૯,૪૬૭ માણસોની થઇ છે. આ સર્વાળાની વિગતો મહત્ત્વની હોવાથી અમે નીચે ઉતારીએ છીએ.

	અમલદારો.	માણસો.	કુલ.
મરેલા ...	... ૭,૮૦૧	... ૧૨૦,૩૩૭	... ૧૨૮,૧૩૮
જખમી ...	... ૧૪,૧૭૬	... ૩૩૯,૧૦૭	... ૩૫૩,૨૮૩
ખોવાયેલા અને કેદ થયેલા...	૨,૧૪૫	... ૬૫,૯૦૧	... ૬૮,૦૪૬
	૨૪,૧૨૨	૫૨૫,૩૪૫	૫૪૯,૪૬૭

ખોવાયેલામાંના ઘણાખરા જર્મનીમાં અથવા તુર્કીમાં લડાઇના કેદીઓ હતા. ડીસેંબરની ૧ લી તારીખે મિ. ટેનન્ટે જણાવેલું, કે જર્મનીમાં ૩૨,૦૦૦ લડાઇના કેદીઓ છે, અને સુમારે ૧૨,૦૦૦ તુર્કીમાં હતા.

આ સર્વાળામાં નૌકાની હાનિનો સમાવેશ થતો નથી, જેની સંખ્યા ૧૯૧૫ ના નવેંબરની ૫ મી તારીખ સુધીમાં ૧૨,૧૬૦ ની થયેલી. પણ તેમાં કાનડા, ઑસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલેંડ, તથા હિંદનાં લશ્કરોનો આંકડો આવી જાય છે.

મૉન્સની લડાઇ પછી એક વરસે, એટલે ૧૯૧૫ ના ઑગસ્ટની ૨૧ મી તારીખે, નૌકા સહિતની કુલ હાનિ ૩૮૧,૦૮૮ થયેલી; અને તેમાં શહેનશાહતના જૂદા જૂદા ભાગોનો ફાળો લગભગ બરાબર બતાવી શકાય છે. જૂલાઇની ૨૫ મી સુધીમાં "પાયોનિયર"ની ગણના પ્રમાણે હિંદીઓની કુલ હાનિ ૨૨,૯૩૫ થયેલી, જેમાંથી ૧૭,૩૮૫ પશ્ચિમ મોખરા ઉપર, ૩,૮૫૨ મેસોપોટેમિયા તથા પૂર્વ આફ્રિકામાં, અને ૧,૬૯૮ ગાલ્લીપોલીમાં થયેલી. આમાંથી ૧૬૬ અમલદારો તથા ૪,૭૩૨ માણસો મરણ પામેલા; તથા ૧૮,૦૩૭ જખમી થયેલા. ઑસ્ટ્રેલિયનોને પણ લગભગ એટલુંજ નુકસાન થયેલું. સપ્ટેંબરમાં તેમની હાનિનો ઓફિશ્યલ આંકડો ૧૯,૧૬૩ નો ઝાહેર થયેલો. આમાંથી ૪,૬૦૪ મરણ પામેલા; ૧૩,૨૧૦ જખમી થયેલા; અને બાકીના ખોવાયેલા અથવા કેદ થયેલા. પછીના ફેબ્રુઆરીની ૪ થી તારીખ સુધીમાં આંકડો ૨૪,૫૩૯ સુધી પહોંચેલો; જેમાંથી ૬,૫૯૫ મરણ પામેલા, તથા ૧૬,૦૭૮ જખમી થયેલા. ન્યૂ ઝીલેંડનો આંકડો લગભગ એ અરસા સુધીનો ૬,૧૩૮ થયેલો; જેમાંથી ૭૮ અમલદારો તથા ૧,૨૩૧ માણસો માર્યા ગયેલા, ૪૨૮૪ અમલદારો તથા માણસો જખમી થયેલા, અને ૫૪૫ ખોવાયેલા.

ઝેરી હવાનો અનુભવ થયા છતાં કાનડીઓને ઓછી હાનિ થયેલી. સપ્ટેંબરની ૩૦ મી સુધીમાં તેમની કુલ હાનિ ૧૧,૮૩૪ હતી. મરેલાઓની સંખ્યામાં ૧૨૯ અમલદારો તથા ૨,૪૩૫ માણસો હતા; જખમીઓમાં ૨૭૫ અમલદારો તથા ૬,૬૭૫ માણસો હતા; અને ખોવાયેલા તથા કેદીઓમાં ૬૦ અમલદારો તથા ૨,૨૬૦ માણસો હતા. ફેબ્રુઆરીની આખર સુધીમાં એ સંખ્યા ૧૩,૮૬૮ સુધી પહોંચેલી.

ઉપલા આંકડાઓમાં જે હિંદીઓનો છે, તે એક વરસ કરતાં જરા ઓછી મુદ્દતનો છે; અને બીજાઓનો એ કરતાં જરા વધારે મુદ્દતનો છે, પણ તફાવત બહુ મહત્ત્વનો નથી. શૂન્યાંત સંખ્યા વાપરીએ, તો એમ કહી શકાય, કે હિંદીઓએ ૨૩,૦૦૦ માણસો ખોયેલા; ઑસ્ટ્રેલિયા તથા ન્યૂ ઝીલેંડના લોકોએ ૨૫,૦૦૦; તથા કાનડીઓએ ૧૧,૦૦૦. આ ૫૯,૦૦૦ નો સર્વાળો ૩૯૧,૦૦૦ માંથી બાદ કરીએ, તો શહેનશાહી ભાગમાં બ્રિટનની સંખ્યા ૩૩૨,૦૦૦ની રહે છે. પાંચ મહિના પછી, એટલે ૧૯૧૫ની આખરે, આંકડા લગભગ નીચે પ્રમાણે હતા: ઑસ્ટ્રેલિયા અને ન્યૂ ઝીલેંડ, ૩૦,૦૦૦; હિંદ, ૨૬,૦૦૦; અને કાનડા, ૧૩,૦૦૦; તથા ગ્રેટ બ્રિટન, ૪૮૧,૦૦૦.

નૌકાનો ૧૨,૧૬૦ નો સર્વાળો ૮૦૨ અમલદારો તથા ૧૧,૩૫૮ માણસોનો બનેલો છે. આમાંના ઘણાખરા મરણ પામેલા છે—૫૮૯ અમલદારો તથા ૯,૯૨૮ માણસો. જખમીઓમાં ૧૬૧ અમલદારો તથા ૧,૧૨૦ માણસો હતા; અને ખોવાયેલામાં ૫૨ અમલદારો તથા ૩૧૦ માણસો.

એક વાત આ સ્થળે કહેવી જોઇએ. ૫૫૦,૦૦૦ કુલ સર્વાળો બરાબર તેટલી સંખ્યાનો નથી, કારણકે હાનિની યાદીઓમાં કેટલાક માણસો બે વાર અને થોડા ત્રણ વાર ગણાયેલ છે. કેટલાક માણસો એક વાર જખમી થયા હોય, તેઓ ફરી મોખરે જતાં કાંતો ફરી જખમી થાય છે, અથવા કદાચ મરણ પામે છે. એટલે ૫૫૦,૦૦૦ના સર્વાળાથી આપણે ૫૦૦,૦૦૦ માણસો સમજીએ, તો કદાચ ખોટું નથી.

અગાઉ બ્રિટને જે વિગ્રહોમાં ઝંપલાવ્યું છે, તેની હાનિઓના કરતાં આ હાનિ ઘણી વધી જાય છે. બોર વિગ્રહમાં ૭૦૧ અમલદારો તથા ૭,૦૯૧ માણસો મરણ પામ્યા હતા; ૧,૬૬૮ અમલદારો તથા ૧૯,૧૪૩ માણસો જખમી થયા હતા; અને એ ઉપરાંત ૯,૫૫૩ માણસો ખોવાયા હતા. એટલે એ વિગ્રહમાં હાનિનો કુલ સર્વાળો ૩૮,૧૫૬ થયો હતો, કે જે વર્તમાન મહા વિગ્રહના પહેલા વરસની હાનિનો $\frac{1}{10}$ ગણી શકાય. ક્રિમીયામાં બ્રિટનને ૪૫,૦૦૦ની હાનિ થયેલી, પણ આમાંના ઘણાખરા દુઃખ અને દરદથી મરણ પામેલા, અને માત્ર ૪,૭૨૯ કપાઇ ગયેલા, તથા સુમારે ૧૨,૦૦૦ જખમી થયેલા. વૉટરલૂમાં બ્રિટનના ૮,૦૦૦ કરતાં થોડા વધારે માણસો મરણ પામેલા તથા જખમી થયેલા; અને માલ્પ્લાકવેટમાં બ્રિટનો તથા ડચોએ સુમારે ૨૦,૦૦૦ ખોયેલા.

આ દુઃખદાયક વાર્તામાં એક હકીકત એવી છે, કે જે કેવળ સંતોષકારક છે. અગાઉના વિગ્રહોમાં તરવાર અને ગોળીથી જે હાનિ થતી, તે કરતાં ઘણી વધારે દર્દ અને મંદવાડથી

થતી. ક્રિમીયન વિગ્રહમાં જ્યારે રૂશિયનોએ એક બ્રિટનને મારેલો, ત્યારે બીજા ચાર દર્દથી મરેલા. બોઅર વિગ્રહમાં પણ દર્દથી મરેલાનું પ્રમાણ કુલ હાનિની સાથે સરખાવતાં મોટું રહેલું, કારણકે ૩૩૯ અમલદારો તથા ૧૨,૯૧૧ માણસો એ કારણથી મરણ પામેલા. વર્તમાન મહા વિગ્રહમાં એ હાનિ પ્રમાણમાં ઘણી થોડી રહેલ છે.

હાનિનું શું પ્રમાણ અમલદારો ઉપર પડે છે, એ સવાલ પણ વિચારવા જેવો છે. સિપાઇઓના કરતાં તેમની વધારે હાનિ થાય છે, એ વાત તો જાણીતી છે, પણ કેટલી વધારે? બાર વિભાગના લશ્કરમાં સાધારણ રીતે ૫,૭૦૦ અમલદારો તથા ૧૬૮,૦૦૦ માણસો હોય છે; એટલે ૨૯ૄ માણસે એક અમલદાર આવે છે. બીજી રીતે કહીએ, તો આખી સંખ્યામાં અમલદારો ૩·૩ ટકા હોય છે.

આપણે જે ૫૪૯,૪૬૭ ની સંખ્યાનો વિચાર કરીએ છીએ, તેમાં ૨૪,૧૨૨ અમલદારો હતા, અને ૫૨૫,૩૪૫ માણસો. આનો અર્થ એ થાય છે, કે તેમનું પ્રમાણ ૪·૧ ટકા હતું; અથવા દર ૨૨ માણસે એક અમલદાર જેટલું. પણ આ તો અર્ધી વાત થઇ. મરણ પામેલાઓમાં અમલદારોનું પ્રમાણ ઘણું વધારે હતું; અને ખોવાયેલાઓમાં ઘણું ઓછું. મરેલાઓમાં ૭,૮૦૧ અમલદારો તથા ૧૨૦,૩૩૭ માણસોનો સમાવેશ થાય છે, એટલે દર ૧૫ૄ માણસો દીઠ એક અમલદાર આવે છે; અને ખોવાયેલાઓમાં ૨,૧૪૫ અમલદારો તથા ૬૫,૯૦૧ માણસો હોવાથી દર ૩૦ૄ માણસો દીઠ એક અમલદાર આવે છે. જખમીઓમાં દર ૨૪ માણસ દીઠ એક અમલદાર દેખાય છે.

આ બધી હકીકતો ઉપરથી એક બે અનુમાન સ્પષ્ટ નિકળી શકે છે. એક તો એ, કે સિપાઇના કરતાં અમલદારને મરવાનો સંભવ લગભગ બમણો છે; જોકે જખમોની બાબતમાં બંને લગભગ સમાન છે. વળી, અમલદારો દોરાનાર નહીં પણ દોરનાર હોવાથી સિપાઇઓના જેટલી સહેલાઇથી શરણ થતા નથી. આ અનુમાનો એટલાં ખુલ્લાં છે, કે તેમને સિદ્ધ કરવાને આંકડાઓની જરૂર નથી; પણ એક વાત પ્રથમ દર્શને સમજાતી નથી. જખમી થયેલા અમલદારોની સંખ્યા પ્રમાણમાં સિપાઇઓના કરતાં બહુ વધારે નથી, પણ મરેલાઓનું પ્રમાણ લગભગ બમણું છે. ઘવાયેલા તરફ નજર કરીએ, તો જ્યારે એક અમલદાર ઘવાય છે, ત્યારે ૨૧ માણસ ઘવાય છે; પણ મરેલાઓ તરફ જોઇએ, તો એક અમલદાર મરે છે, ત્યારે માત્ર ૧૫ૄ માણસો મરે છે. બીજી રીતે બોલીએ, તો ઘવાયેલા અમલદારો જ્યારે ત્રણમાં એક મરે છે, ત્યારે માણસો માત્ર ચારમાં એક મરે છે. કારણ એ હોવું જોઇએ, કે અમલદારો વધારે બહાર પડતા રહેવાથી વધારે ઘવાય છે: અને છેક અશક્ત થાય, ત્યાં સુધી લડવાનું છોડતા નથી.

વધારેમાં વધારે હાનિ પશ્ચિમ મોખરા પર થયેલી છે, જોકે સંખ્યાના પ્રમાણમાં ગાલીપોલીમાં વધારે થયેલી. ૧૯૧૬ ના જાન્યુઆરીમાં જૂદી જૂદી રંગભૂમિઓમાં થયેલી હાનિના આંકડા મુખ્ય પ્રધાને આપ્યા છે. ૧૯૧૬ ના જાન્યુઆરીની ૯ મી તારીખ સુધી ફ્રાન્સ અને

ફ્લેન્ડર્સમાં કુલ હાનિ ૪૦૦,૫૧૦ થયેલી; ગાલ્લીપોલીમાં ૧૧૭,૫૪૯; તથા દુનિયાના બીજા ભાગોમાં ૩૧,૪૦૮. એજ તારીખે નૌકાની હાનિનો આંકડો સુમારે ૧૩,૦૦૦ ગણીએ, તો ખોટું નથી.

આ ૫૫૦,૦૦૦ ના સરવાળાથી દર મહિને ૩૨,૫૦૦ ની સરાસરી આવે છે, અથવા રોજના ૧,૦૦૦ થી કંઇક વધારે; પણ એ પ્રમાણે સરખું ચાલેલ નથી.

(આ મહત્ત્વનો ઇતિહાસ આવતા અંકમાં ચાલુ રાખવામાં આવશે.)

લડાઇના તાર.

—ı0ı—

ડોબ્રુજામાં ફત્તેહ.

બુખારેસ્ટ, ૨૨ મી સપ્ટેંબર.

રુશિયનો અને રૂમાનિયનોએ ડોબ્રુજામાં ફત્તેહ સાથે હલ્લો ચલાવ્યો છે. લડાઇ ૧૫ મીએ શરૂ થઇને ૨૦મીએ પૂરી થઇ છે. જર્મનો તથા બલ્ગેરિયનો હાર્યા છે, અને દક્ષિણ તરફ ન્હાસવા લાગ્યા છે.

જૂલાઇની ૧ લી પછી ૫૫,૮૦૦ કેદીઓ.

લંડન, ૨૩ મી સપ્ટેંબર.

શનિવારે પ્રગટ થયેલા એક પારિસના સંદેશા પરથી જણાય છે, કે જૂલાઇની ૧ લી પછી પકડાયેલા કેદીઓની કુલ સંખ્યા ૫૫,૮૦૦ છે, જેમાંથી ૩૪,૦૫૦ ફ્રેંચોએ પકડયા છે.

જર્મન હવાઇ હુમલો.

લંડન, ૨૪ મી સપ્ટેંબર.

લેંકેશાયર, પૂર્વનાં પરગણાં, તથા લંડન પ્રદેશ ઉપર બાર ઝેપ્પેલિનોએ બોંબ ફેંકયા છે. રાજધાનીના પ્રદેશમાં ઘણાં ન્હાનાં ઘરો તથા દુકાનોનો નાશ થયેલ છે; અને કેટલેક ઠેકાણે આગ લાગી છે. ૧૭ પુરુષો, ૮ સ્ત્રીઓ, તથા ૩ બાળકો માર્યાં ગયેલ છે; અને ૪૫ પુરુષો, ૩૭ ઓરતો, તથા ૧૭ બાળકોને ઇજા થઇ છે. બે ઝેપ્પેલિનોનો નાશ કરવામાં આવેલ છે.

ગ્રીસમાં બળવો.

લંડન, ૨૪ મી સપ્ટેંબર.

"ડેલી મેલ"ને ઍથન્સથી ખબર મળી છે, કે ગ્રીસનું રાજ્ય માત્ર નામમાં રહ્યું છે. ઍથન્સ તથા પેલોપોન્નીસસજ હાલ ઍથન્સની સરકારના હાથમાં રહેલ છે. બાકીના ભાગો કાંતો સ્વતંત્ર થયા છે, અથવા સંદિગ્ધ સ્થિતિમાં છે. સાલોનિકા, થાસોસ, લેમ્નોસ, કિઓસ, સેમોસ તથા માઇટિલીન ઉપર ઍથન્સનો અમલ રહ્યો નથી. એપિરસમાં સ્વતંત્રતાનું જાહેરનામું કાઢવામાં આવેલ છે.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૧૦ મી ઑક્ટોબર, ૧૯૧૬.

બ્રિટને આપેલો ભગીરથ ભોગ: ૧૯૧૪-૧૯૧૫.

(ગયા અંકથી ચાલુ.)

"Mothers of dear brave dead,
Whose fight is fought and won,
I thank you in the name
Of this, my tiny son—
Dimpled and sweet and fair
He lies upon my knee,
His rosy limbs outstretched
In baby ecstasy—

For him, for us they died,
Kept England undefiled,
Saving from worse than death
Maiden and wife and child.

Oh, mother hearts that ache,
My tears with yours are shed:
Take from my inmost soul
Thanks for your dear brave dead."

અર્થ:—"જેઓ લડત લડીને છૂટ્યા છે, એવા વહાલા બહાદુર સદ્‌ગતોની માતાઓ, આ મારા ન્હાના પુત્રના નામથી હું તમારો ઉપકાર માનું છું. ખંજનયુક્ત અને મધુર અને સુંદર તે મારા ગોઠણ ઉપર ઢળેલો છે, અને તેના ગુલાબી અવયવો બાલિશ ઉલ્લાસમાં લાંબા કરેલા છે. તેની ખાતર તથા અમારી ખાતર તેઓ મરણ પામેલ છે, અને તેમણે ઇંગ્લંડને અકલુષિત રાખેલ છે; તથા કન્યા, પત્ની અને બાળકોને મૃત્યુના કરતાં જે વધારે ખરાબ છે

તેમાંથી બચાવેલ છે. ઓ દુઃખિત માતૃહૃદયો, મારાં આંસુ તમારાંની સાથે ખરે છે. મારા આંતરતમ આત્મામાંથી તમારા વહાલા બહાદુર સદ્ગતો માટે ઉપકાર સ્વીકારજો."

મરેલાઓની તરફજ જોઇએ, તો દોઢ વરસમાં સુમારે ૧,૪૦,૦૦૦ માણસો માર્યા ગયા છે; જે શહેનશાહતની કુલ વસ્તી ૪૦,૦૦,૦૦,૦૦૦ નો બહુ ન્હાનો ભાગ છે. પણ આખું સત્ય આટલામાં આવી જતું નથી. ઉપલી સંખ્યાનો મોટો ભાગ—૧,૩૫,૦૦૦ ગોરા લોકો, બ્રિટનની ૪,૬૦,૦૦,૦૦૦ ની તથા કાનડા, ઑસ્ટ્રેલિયા અને ન્યૂ ઝીલેંડની ૧,૩૦,૦૦,૦૦૦ ની વસ્તીમાંથી, અથવા વધારે સ્પષ્ટતા કરીએ, તો એ વસ્તીના જુવાનોમાંથી આવેલ છે.

૧૯૧૧ ના વસ્તીપત્રક ઉપરથી જણાય છે, કે ૧૫ અને ૩૫ વરસ વચ્ચેની ઉમરના તે વખતે ઇંગ્લંડ અને વેલ્સમાં ૫૯,૮૯,૨૦૨ પુરુષો હતા. ૧૫ અને ૧૮ વચ્ચેના છોકરાઓની સંખ્યા જો આપણે ૩૫ અને ૪૦ વચ્ચેના પુરુષોની લગભગ બરાબર ગણીએ, તો આપણે કહી શકીએ, કે ૧૮ અને ૪૦ વચ્ચેના પુરુષોની સંખ્યા સુમારે ૬૦,૦૦,૦૦૦ ની છે. આ સર્વાળો ઇંગ્લંડ અને વેલ્સ માટેજ છે, તથા ઇંગ્લંડ અને વેલ્સના ૭૬ માણસો દીઠ સ્કૉટલંડ, આયર્લેંડ, કાનડા, ઑસ્ટ્રેલિયા, અને ન્યૂ ઝીલેંડના ૨૨ માણસો આવે છે, તેટલા માટે ૧૮ અને ૪૦ વચ્ચેના પુરુષોનો શહેનશાહતના એ ભાગોનો સર્વાળો ૩૬,૦૦,૦૦૦ નિકળે છે, તથા કુલ ૯૬,૦૦,૦૦૦ થાય છે. આ માણસોમાંથી ૧,૩૫,૦૦૦ મરણ પામેલ છે, એટલે પ્રમાણ ૭૧ માં ૧ નું છે.

આ રીતે જોતાં સર્વાળો મોટો નથી. બ્રિટને આપેલો ભોગ જર્મની અને ઑસ્ટ્રિયા, અથવા ફ્રાન્સ અને રુશિયાના કરતાં ઘણો થોડો છે. આટલી હાનિ તો શહેનશાહત લાંબા વખત સુધી સહી શકે તેમ છે.

હવે પ્રશ્ન તરફ બીજી રીતે જોઇએ. ૧૯૧૨ માં ઇંગ્લંડ અને વેલ્સમાં ૪,૪૫,૦૦૦ છોકરાઓ જન્મ્યા હતા. શહેનશાહતના બીજા ભાગોના પ્રમાણના ૨,૭૧,૦૦૦ ઉમેરીએ, તો કુલ સંખ્યા ૭,૧૬,૦૦૦ થાય છે. વિગ્રહના વરસમાં જન્મની સંખ્યા આથી બહુ ભિન્ન થવાનો સંભવ નથી, એટલે એમ કહી શકાય, કે એક વરસમાં લડાઇમાં થયેલાં મૃત્યુ—૭૫,૯૫૭—જન્મતા છોકરાઓનો લગભગ $\frac{1}{10}$ છે. એ રીતે પણ હાનિ અશક્ત કરી નાંખે તેટલી નથી.

એજ વરસમાં ઇંગ્લંડ અને વેલ્સમાં ૨,૫૦,૨૩૨ પુરુષો મરણ પામેલા, અને શહેનશાહતના બીજા ભાગોમાં સુમારે ૧,૫૩,૦૦૦ મરણ પામ્યા હશે. ૭,૧૬,૦૦૦ જન્મે, અને ૪,૦૩,૦૦૦ પુરુષો મરણ પામે, એટલે પુરુષોની વસ્તીમાં ૩,૧૩,૦૦૦ નો વધારો રહે છે. આ વધારાથી લડાઇની ખોટ એક વાર નહીં પણ ચાર વાર પૂરી પડે તેમ છે. આ આંકડાઓમાં દુશ્મનને દિલાસો મળે એવું કશું નથી.

છતાં આ આંકડાઓથી શોક કરતી પત્ની અથવા માતાને કશો સંતોષ થાય તેમ નથી. મુખ્ય હકીકત ઉભીજ રહે છે, કે ૧,૪૦,૦૦૦ તરુણ જિંદગીઓનો નાશ થયેલ છે, અને એ

કરતાં ઘણી વધારે સંખ્યા તેમનો શોક કરે છે. મજબૂતમાં મજબૂત, તનદુરસ્તમાં તનદુરસ્ત, તથા બહાદુરમાં બહાદુર જુવાનો માર્યા ગયા છે.

અર્વાચીન લડાઇમાં મુખ્ય હાનિ પાયદળને થાય છે, અને મહા વિગ્રહમાં પણ એ પ્રમાણે બન્યું છે. લગભગ ૯૦ ટકા નુકસાન ચોકીદારોને તથા લાઇનના પાયદળને થયેલ છે. સવારોને શરૂઆતમાં કામ કરવાના એક બે પ્રસંગો મળેલા, પણ ખાઇઓની લડાઇ ચાલ્યા પછી થોડાજ મળેલ છે; અને તોપખાનાનાં માણસોને તો અપવાદની સ્થિતિમાંજ વાગ્યું છે. ૧૯૧૫ના મેની ૧૭ મી તારીખે મોટામાં મોટી હાનિની યાદી પેપરોમાં પ્રસિદ્ધ થઇ હતી. તેમાં મરેલા, જખમી, તથા ખોવાયેલા મળીને ૪૦૦ કરતાં વધારે અમલદારોનાં નામ હતાં. એ સંખ્યાનું પૃથક્કરણ કરતાં જણાયલું, કે તેમાંથી ૧૦૦ મરણ પામ્યા હતા, તથા તેમાં ૮૯ પાયદળના અમલદારો હતા, ૮ તોપખાનાંના, ૧ એંજીનિયરોનો, ૧ વૈદ્યક ખાતાનો, તથા ૧૦૦ મો જનરલ લૉરી-કોલ હતો.

અમલદારોમાં પણ વધારે હાનિ ઉતરતા અધિકારોમાં થાય છે, અને ચઢિયાતા અધિકારોમાં ઓછી થતી જાય છે. સેનાપતિઓને સૌથી ઓછી હાનિ થયેલી છે; કર્નલો લાઇનની પાસે હોવાથી એટલા સલામત રહેલ નથી: કપ્તાનોને વધારે જખમો લેવાં પડ્યાં છે; અને લેફ્ટેનંટોને સૌથી વધારે. ઉપર જે ૧૦૦ મરણ પામેલા અમલદારોની વાત લખી, તેમાં ૧ જનરલ, ૨ કર્નલ, ૪ મેજર, ૧૯ કપ્તાન, અને ૭૪ લેફ્ટેનંટો હતા.

સોશ્યલિસ્ટો અને મજૂર પક્ષના આગેવાનોએ વિગ્રહમાં અમીરી કુટુંબોએ જે બહાદુરી બતાવી છે, અને ભોગ આપ્યો છે, તેની તારીફ કરી છે. હાલનાં પ્રજાસત્તાક રાજ્યોમાં જોકે અમીરોને માટે ઉપયોગી સ્થાન નથી, તોપણ તે શાંતિના વખતનેજ લાગુ પડે છે. વિગ્રહના વખતમાં તો અમીરી કુટુંબના પુરુષોએ વૈભવમાં ઉછર્યાં છતાં દુઃખો સહન કીધાં છે; અને સંકટ તરફ સ્તુતિપાત્ર બેદરકારી બતાવી છે.

આ બાબતની વિગતોમાં ઉતર્યા પહેલાં રાજકુટુંબે આપેલા ભોગની નોંધ લેવી ઘટે છે. ૧૯૧૪ના ઑક્ટોબરની ૨૭ મી તારીખે બૅટનબર્ગનાં પ્રિન્સેસ હેન્રીના ત્રણ દીકરાઓમાંનો સૌથી ન્હાનો પ્રિન્સ મૉરિસ લડાઇમાં લાગેલા જખમોને લીધે મરણ પામેલો. પ્રિન્સ મૉરિસ રાજા જ્યોર્જ અને કૅઝર બંનેનો સંબંધી થતો હતો; અને માત્ર ૨૩ વરસની ઉમરનો હતો, તથા એક લેફ્ટેનંટ તરીકે સેવા બજાવતો હતો.

પહેલા વરસમાં પાંચ અમીરો લડાઇમાં માર્યા ગયા છે, જેમાંના ત્રણ અમીરોની સભાના સભાસદ હતા, અને બાકીના બે આઇરિશ અમીર હતા. પાછળથી બીજા પણ ચાર અમીરો મરણ પામેલ છે.

અમીરાતના વારસોમાં ૪૮ માર્યા ગયા છે. લૉર્ડ હાર્ડિંજ જેવા ઘણા પ્રખ્યાત અમીરોના મોટા બેટાઓ કપાઇ ગયા છે. પણ અમીરી કુટુંબોમાં વારસોજ કપાયા છે એમ નથી; લગભગ હરેક કુટુંબે પોતાના કોઇક આદમીનો ભોગ આપેલો છે.

Indian Officers and Lord Kitchener.

હિંદી અમલદારો અને લૉર્ડ કિચનર.

Indian Lancers.

હિંદી લાન્સરો.

બ્રિટનમાં ૨૬ ડ્યૂક છે. એબરકોર્નના ડ્યૂકનો એક પુત્ર, લૉર્ડ જૉન હૅમિલ્ટન, કપાઇ ગયો છે; અને રિચમંડ તથા વેલિંગ્ટનના ડ્યૂકોના પણ પુત્રો મરાયા છે. જેમના પુત્રો મરાયા નથી, તેમના જમાઇઓ, બનેવીઓ, તથા બીજા સંબંધીઓ માર્યા ગયા છે. અર્લો, વાઇકાઉન્ટો, તથા માર્કિવસો અને બેરોનેટો સુદ્ધાંની એજ દશા થઇ છે.

આમની સભાને અમીરોની સભા જેટલી હાનિ થઇ નથી, પણ તે સુદ્ધાં છેક ખાલી ગયેલ નથી.

અહીં સુધી અમે વસ્તીના એક ન્હાના ભાગનીજ વાત કરી, પણ મધ્યમ સ્થિતિના લોકો તથા સાધારણ પ્રજાએ પણ કુલ સર્વાળામાં સારો ફાળો આપ્યો છે. બ્રિટનના બધા આગલા વિગ્રહોમાં સિપાઇઓ બે જૂદાજૂદા વર્ગમાંથી આવેલા હતા, અને બંને વર્ગો પ્રમાણમાં ન્હાના હતા. અમલદારો તવંગરોમાંથી અને થોડાં લડાયક સંસ્કારોવાળાં કુટુંબોમાંથી નિમાતા; અને સાધારણ સિપાઇઓ વધારે ગરીબ પણ સાહસિક લોકોમાંથી નિકળતા. મધ્યમ વર્ગના તેઓમાં બિલકુલ પ્રતિનિધિ નહોતા; અને આબાદ કારીગરોમાંથી પણ ઘણા થોડા હતા.

મહા વિગ્રહની શરૂઆતની હાનિ એ બે વર્ગો ઉપર પડેલી; પણ ૧૯૧૪ ના નવેંબરથી તેમાં ફેરફાર શરૂ થયો. મરનાર અમલદારોમાં કેવળ કર્નલો અને કપ્તાનોના દીકરાઓ ઉપરાંત બીજા ધંધાદારીઓનાં પણ નામ આવવા લાગ્યાં. પ્રથમ સાધારણ સિપાઇઓના મરણની ખાસ નોંધો પેપરોમાં લેવાતી નહીં, કારણકે એવી છેલ્લી સેવા બજાવી શકે તેવા મિત્રોવાળા એ સિપાઇઓ નહોતા; પણ હવે "ટાઇમ્સ" માં પણ કેટલાક સાધારણ સિપાઇઓનાં મરણની નોંધ પ્રગટ થવા લાગી.

૧૯૧૫ ના જૂલાઇમાં "લૉ સોસાયટી" ના પ્રમુખે જણાવેલું, કે ૬૭ સૉલિસિટરો અને ૩૫ આર્ટિકલ્ડ કલાર્કોએ પોતાના જાન આપેલ છે. જાન્યુઆરી સુધીમાં મરી ગયેલા સૉલિસિટરોની સંખ્યા ૧૩૧ સુધી પહોંચેલી; અને આર્ટિકલ્ડ કલાર્કોની ૭૬ સુધી. આ ઉપરાંત "ઇનર" અને "મિડલ ટેમ્પલ" ના ૬૫ બારિસ્ટરો તથા ૩૯ વિદ્યાર્થીઓની હાનિ થયેલી. નવેંબરમાં જાહેર થયેલું, કે લંડન પ્રદેશની કૌન્સિલ નીચેના ૪૯ શિક્ષકો માર્યા ગયા છે; અને બીજા પણ ઘણા શિક્ષકોએ એ પ્રમાણે પોતાના પ્રાણ આપ્યા છે.

હિસાબીઓ, એંજીનિયરો, અને કંઇ કંઇ ધંધાદારી માણસો પોતાનાં કામ છોડીને બ્રિટનની ખાતર લડવા ગયેલા; અને હાનિનાં પત્રકો ઉપરથી તેઓ કેવી સાહસિક રીતે લડેલા, તે માલુમ પડે છે. ધર્માચાર્યો પણ બચેલા નથી.

હમેશાં મરણની નોંધો વાંચનારને એક વાત દુઃખદાયક રીતે સ્પષ્ટ થવા લાગી. મરણ પામેલામાંથી ઘણા અતિશય તરુણ હતા, જેમને જિંદગી તો હજી હવે પછી ભોગવવાની હતી. આ બતાવવાને અમે "ટાઇમ્સ" માં આવેલી જૂદી જૂદી ૭ તારીખની મરણની નોંધો લઇશું. પહેલી ૧૯૧૪ ના સપ્ટેંબરની ૨૩ મી તારીખની નોંધ; બીજી અને ત્રીજી ઇપ્રની પહેલી લડાઇનાં પરિણામ પ્રગટ કરનારી ૪થી અને ૧૭મી નવેંબરની નોંધો; ચોથી નવ શાપેલની લડાઇ

પછી ૧૯૧૫ના માર્ચની ૨૦મીની નોંધ; પાંચમી નોંધ લાંબી ૧૫મી મેની નોંધ; અને છેલ્લી ૫મી ઑગસ્ટની. આમાંનાં ઘણુંખરાં નામ અમલદારોનાં છે, જોકે થોડાં સિપાઇઓનાં પણ છે.

એકંદરે ૭ પત્રકમાં થઇને ૧૮૯ નામ છે. આમાંથી ૪૧ને માટે કશી ઉમર અપાયલી નથી, એટલે ૧૪૮ બાકી રહે છે. આમાંથી ૪૭ અથવા બરાબર ⅓ જેટલા ૨૧ વરસ અથવા તેથી ઓછી ઉમરના હતા: બીજા ૩૬ માણસો ૨૧ તથા ૨૪ની વચ્ચેના હતા; અને બાકીના ૬૫ તેથી વધારે ઉમરના હતા. આ આંકડાઓને જો આપણે માર્ગદર્શક ગણીએ, તો માર્યા ગયેલા ૭,૮૦૦ અમલદારોમાંથી ૧,૯૫૦ માણસો ૨૧ વરસના અથવા તેથી ન્હાના હતા, અને બીજો ચતુર્થાંશ એ ઉપર અને ૨૫ અથવા ૨૬ની વચ્ચેનો હતો. પણ બરાબર આંકડાની જરૂર નથી; સાદી હકીકત સૌ જાણે છે.

આ ૭ યાદીઓ પરથી એક બીજી દુઃખદાયક વાત પણ માલુમ પડે છે. એકના એક દીકરા ઘણા મરણ પામેલા છે. ૧૮૯ નામમાંથી ૩૯નાં વર્ણનમાં એ પ્રમાણે લખેલું છે; અને આમાંથી છનાં માતપિતાને તો બીજું કશું સંતાન નહોતું. ૧૫મી મેએ મરણ પામેલાઓની જે યાદી "ટાઇમ્સ" માં પ્રગટ થઇ છે, તે ખાસ દિલગીર કરે તેવી છે. તેમાં ૫૦ નામ છે, અને તેમાંથી ૧૭ એકના એક દીકરાઓ છે. એક ઠેકાણે તો એવા પાંચનાં નામ સાથે આવ્યાં છે.

આનો અર્થ એ થાય છે, કે કેટલાંક નામીચાં કુટુંબોનું કશું નામનિશાન રહેશે નહીં. બીજા દાખલા એથી પણ વધારે ખરાબ છે, કારણકે ઘણાંમાં બે, ત્રણ, અને ચાર ભાઇઓ પણ માર્યા ગયા છે.

યુનિવર્સિટીઓએ સારી સેવા બજાવી છે. ૧૯૧૫ના જૂનમાં ઑક્સફર્ડે એક પત્રક બહાર પાડેલું, જેમાં ૭,૮૦૦ નામ હતાં, અને તેમાં ૩૦૦ મરેલા હતા. ઑગસ્ટની આખર સુધીમાં સર્વાળો ઘણું કરીને ૪૦૦ સુધી પહોંચ્યો હતો, અને પાછળથી તે ઘણો વધેલ છે. કેમ્બ્રિજ યુનિવર્સિટીએ ૪૯૦ મેંબરોનો ભોગ આપેલો એમ એક પ્રસંગે જાહેર થયું હતું. ૧૯૧૫ના નવેંબરની ૧લી પહેલાં લંડન યુનિવર્સિટીના ૨૫૦ મેંબરો માર્યા ગયા હતા; અને એજ અરસામાં લીડ્સે ૨૮ મરેલાની ખબર આપેલી.

વિક્ટોરિયા ક્રૉસ મેળવનારાઓમાંથી પણ ઠીક સંખ્યાના માણસો મરણ પામ્યા છે.

તવંગર માણસો પછાત રહ્યા નથી. લડાઇમાં પડનારાઓમાંના ઘણા મોટી દોલતવાળા હતા, પણ તે છોડીને તેઓ ફરજ બજાવવા આવેલા. એક કર્નલની મિલકત ૪,૦૦,૦૦૦ પૌંડ કરતાં વધારેની અંકાઇ હતી; અને એક કપ્તાનની ૩,૦૦,૦૦૦ કરતાં વધારે.

આટલી વાત તો એક બે અપવાદ વગર માત્ર ૮,૦૦૦ મરી ગયેલા અમલદારોની થઇ. પણ ૧,૨૦,૦૦૦ સાધારણ સિપાઇઓ તથા કમિશન વગરના અમલદારો પણ માર્યા ગયેલ છે, અને જોકે તેઓ તવંગર માણસો નહોતા, છતાં બહાદુરી અને પીરાઇમાં તેમના બરાબરિયા

નીવડેલ છે. સાધારણ રીતે તેઓ અમલદારોના કરતાં મોટાં કુટુંબો પાછળ મૂકી ગયેલ છે, અને તેમના ભરણપોષણ માટે કશી વ્યવસ્થા કરી શકેલ નથી.

લડાઇના તાર.

મિ. વેનિઝેલોસનું જાહેરનામું.

ઍથન્સ, ૨૯ મી સપ્ટેંબર.

એક કાનિયાના તારમાં ગ્રીસની કામચલાઉ સરકારનું જાહેરનામું, જે મિ. વેનિઝેલોસ અને ઍડમિરલ કૌન્ડૂરિઓટિસની સહીથી બહાર પડ્યું છે, તેની વિગતો આપેલી છે. તેમાં લખ્યું છે, કે "જો છેલ્લી ઘડીએ પણ રાજા પ્રજાકીય સેનાની આગેવાની લેશે, અને મિત્ર રાજ્યો તથા સર્બિયનોની સાથે રહીને બલ્ગરોને હાંકી કાઢશે, તો ઠીક છે. તેમ નહીં થાય, તો કામચલાઉ સરકાર પોતાની ફરજ અદા કરશે, અને દેશને પાયમાલીમાંથી બચાવશે."

શાહેનશાહતનો દૃઢ નિશ્ચય.

લંડન, ૨૯ મી સપ્ટેંબર.

એક અમેરિકન વર્તમાનપત્રીને જવાબ આપતાં મિ. લૉઇડ જ્યોર્જે જણાવ્યું છે, કે "શાહેનશાહતે હજી લડાઇ શરૂજ કરી છે. અમે એવા ભ્રમમાં નથી, કે વિગ્રહનો અંત પાસે છે; પણ એ અંત કેવો આવવાનો છે, એ બાબતમાં અમને લેશ પણ શંકા નથી. શાહેનશાહતનો દૃઢ નિશ્ચય છે, કે પ્રશિયાની લડાયક સત્તા તૂટી જાય, ત્યાં સુધી લડ્યા કરવું."

જર્મન ચાન્સેલરની બળતરા.

આમ્સ્ટર્ડામ, ૨૯ મી સપ્ટેંબર.

જર્મન પાર્લમેન્ટ આજ ઉઘડી. ચાન્સેલરે શરૂઆતથીજ ગ્રેટ બ્રિટન ઉપર આક્ષેપો શરૂ કર્યા, અને જણાવ્યું, કે બ્રિટનને લીધેજ ઇટલીએ જર્મની સામે વિગ્રહ જાહેર કર્યો છે. ઇટલી તથા રૂમાનિયાનો તિરસ્કાર કરતાં તેણે કહ્યું, કે રૂમાનિયા કશો ભોગ આપ્યા વગર તવંગર થવા નિકળ્યું છે.

ગ્રીક બળવો.

સાલોનિકા, ૩૦ મી સપ્ટેંબર.

કિઓસ અને બીજા બધા ટાપુઓ બળવામાં શામિલ થયા છે. સાલોનિકામાં પ્રજાકીય રક્ષણની કમિટી નિમાઇ છે, અને તેણે દુશ્મનને દેશમાંથી હાંકી કાઢવાને તમામ ગ્રીક પ્રજાને આમંત્રણ કર્યું છે. ઍથન્સથી ખબર મળે છે, કે ટાટોઇમાં રાજાના મહેલની ચોકી કરતા કમિશન વગરના અમલદારો તથા ૧૫૪ સિપાઇઓ સાલોનિકા ગયા છે. ગ્રીક સરકારે અમલદારો બળવાખોરો સાથે ભળી ન જાય, તે માટે અતિશય સખ્ત પગલાં લેવા માંડ્યાં છે.

બ્રિટિશ વિક્રમ.

લંડન, ૨ જી ઑકટોબર.

ઇઑકોર્ટ આપણા હાથમાં પડેલ છે. અત્યાર સુધીમાં ૩૦૦ કેદીઓ પકડાયા છે. કોર્સલેટની ઉત્તરે સખ્ત લડાઇ થઇ છે; પણ દુશ્મનને હઠી જવું પડ્યું છે.

રૂમાનિયનો ડાન્યુબ ઓળંગે છે.

બુખારેસ્ટ, ૩ જી ઑકટોબર.

દક્ષિણના મોખરા ઉપર રસ્ટચક અને ટર્ટુકાઇ વચ્ચે રૂમાનિયનો ડાન્યુબ ઓળંગ્યા છે. ડોબ્રુજામાં આખા મોખરા ઉપર તેમણે હુમલો કર્યો છે; અને દુશ્મનના મધ્યબિંદુને તથા જમણી બાજુને હઠાવેલ છે.

જર્મન ક્રાઉન પ્રિન્સ.

લંડન, ૩ જી ઑકટોબર.

જર્મન ક્રાઉન પ્રિન્સે એક અમેરિકન વર્તમાનપત્રીની સાથે વાતચિત કરતાં ખોટાં આંસુ પાડ્યાં છે, અને કહ્યું છે, કે પ્રવાહી આગ અને બીજાં એવાં શસ્ત્રો વાપરતાં જર્મન જનરલોને અતિશય ખેદ થાય છે!

બાલ્કનમાં જીત.

લંડન, ૪ થી ઑકટોબર.

જેનિકો કબજે થયેલ છે. બલ્ગેરિયનો ઉત્તર તરફ હઠતા જાય છે. સર્બિયનોએ સોવિચો લીધું છે; ફ્રેંચોએ પેટોરેક અને અર્બેમી હાથ કરેલ છે; તથા બ્રિટિશોએ સ્ટ્રુમાની પૂર્વે કાનિકોઇ જિતી લીધું છે.

ટ્રાન્સિલ્વેનિયામાં જીત.

લંડન, ૫ મી ઑકટોબર.

બુખારેસ્ટથી ઓફિશ્યલ ખબર આવે છે, કે ટ્રાન્સિલ્વેનિયાના મોખરા ઉપર રૂમાનિયનોએ જૂદા જૂદા પ્રદેશોમાં દુશ્મનને હરાવ્યા છે, અને ૨,૦૦૦ કેદીઓ પકડ્યા છે. ડોબ્રુજામાં તેમણે એક મજબૂત સ્થાનક હાથ કર્યું છે; અને ૭ તોપો, ૧,૦૦૦ ઉપર કેદીઓ, તથા ઘણો લશ્કરી સામાન કબજે કર્યો છે.

નિવેદન.

આજના અંકની સાથે "હિંદી અમલદારો અને લૉર્ડ કિચનર" તથા "હિંદી લાન્સરો"નો એક સંયુક્ત ફોટોગ્રાફ અમે અમારા વાંચનારાઓને ભેટ કરીએ છીએ.

ભાવનગર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૧૭ મી ઑક્ટોબર, ૧૯૧૬. [અંક ૪૬.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વેહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૧૭ મી ઑક્ટોબર, ૧૯૧૬.

ડબ્લિનમાં બળવો.

૧૯૧૬ ના આઇરિશ બળવાની પહેલી ગોળી સોમવાર તા. ૨૪ મી એપ્રિલને દિવસે બપોર પછી થોડી વારે છૂટી. ડબ્લિનનો કિલ્લો, કે જેને આયર્લેંડમાં શહેનશાહી અધિકારનું સ્થાનક ગણી શકાય, તેની આગળ તે છોડવામાં આવેલી; અને તેથી એક હથિયાર વગરના પોલિસનું મરણ થયેલું. આ બનાવને આખા બળવાનું એક સંક્ષિપ્ત રૂપ ગણી શકાય. પહેલેથીજ નિષ્ફળતા તેના નિર્માણમાં હતી. ડબ્લિનનો કબજો લેવાય, તેની સાથેજ આખા દેશમાં તોફાન જાગે, એવી મૂળ યોજના હતી. પણ બળવાખોરોનું લશ્કર જોઇએ તેટલું મોટું નહોતું; અને તે સજ્જ થાય, ત્યાં સુધીમાં રાજ્યના લશ્કરને અટકાવવાનો કંઇ ઉપાય નહોતો. હથિયારો અને દારૂગોળો બહારથી આવવાની બળવાખોરોને આશા હતી; પણ બળવો શરૂ થયા પહેલાં ત્રણ દિવસ ઉપર એ લશ્કરી સામાન લાવનાર વહાણને પકડવામાં આવ્યું હતું. એ વહાણ પકડાતાં બળવાખોરોની છાવણીમાં અવ્યવસ્થા થઇ ગઇ હતી. પ્રાંતોમાં તોફાન જગાવવાના હુકમો પહેલી ધાસ્તીમાં રદ કરવામાં આવેલા; અને જ્યારે બહુ મોડું થયું ત્યારે પાછા આપવામાં આવેલા. આ રીતે પુરતી તૈયારી વગર બળવો શરૂ થયેલો.

બળવાખોરોની સંખ્યા ૩,૦૦૦ કરતાં કંઇક ઓછી હતી. તોફાન થવાની અધિકારીઓને અગાડિથી કશી ખબર નહોતી. કિલ્લાની ચોકી કરવાને માત્ર ત્રણ સિપાઇઓ હતા, અને તેમની કાર્તુસો ખાલી હતી. ડબ્લિનના લશ્કરના ઘણા અમલદારો પાડોશમાં એક સરત થતી હતી તે જોવા ગયા હતા. હથિયાર વગરના સિપાઇઓ શેરીઓમાં ફરતા હતા, અને તેમના પર જે સંકટ ઝઝૂમતું હતું, તેનો તેમને લેશ પણ વહેમ નહોતો. પણ બળવાખોરોએ તોફાનની શરૂઆતથી ઠરાવ કર્યો હતો, કે હથિયારબંધ કે હથિયાર વગરના સિપાઇઓ તથા પોલિસોને તેઓ દેખાય કે તરત ગોળીએ દેવા. તોફાનને પહેલે દિવસે ઘણા સિવિલિયનો મરણ પામેલા, પણ ઘણાખરા દાખલામાં તેમના ઉપર જાણીજોઇને પ્રહાર થયેલો નહીં; કારણકે બળવાખોરોનું તોફાન માત્ર શહેનશાહી અધિકારના પ્રતિનિધિઓની સામે હતું. છુટાછવાયા સિપાઇઓ તથા પોલિસોને ઝડપથી શહેરના મધ્ય ભાગમાંથી ખસેડવામાં આવ્યા; અને બળવાખોરોએ તેનો કબજો લીધો. શહેરનાં બધાં ઊંચાં મકાનો તેમણે હાથ કર્યાં, અથવા હાથ કરવાની મહેનત કરી.

કિલ્લો તરત કબજે થઇ શકયો હોત, પણ તેમણે ફસાઇ જવાની ધાસ્તીથી તે ઉપર હુમલો ન કર્યો; અને પછી તો તેમાં પુષ્કળ ચોકીદારો આવી ગયા. પણ એક વર્તમાનપત્રની ઑફિસ કિલ્લાના ચોક ઉપર આવેલી હતી, તેમાં તેઓ ભરાયા; અને ત્યાંથી લશ્કર ઉપર બંદૂક ફોડવા તથા બૉંબ ફેંકવા લાગ્યા. એક બળવાખોર ટોળી કાઉન્ટેસ માર્કિએવિકઝની સરદારી નીચે સેન્ટ સ્ટીવનના ચોગાનમાં રહીને આસપાસના રસ્તા બંધ કરવા લાગી. બીજી ટોળીઓએ આસપાસની ઇમારતોનો કબજો લીધો, અને બચાવ માટે તૈયારીઓ કરવા માંડી.

દરમિયાન એક મોટા દળે જઇને જનરલ પોસ્ટ ઑફિસનો કબજો લીધો, અને કામ કરનારાઓને હાંકી કાઢ્યા. તારનો સંબંધ તોડવામાં આવ્યો. જનરલ પોસ્ટ ઑફિસમાં "આઇરિશ સ્વરાજ્યની કામચલાઉ સરકારના પ્રમુખ અને સેનાધિપતિ" પી. એચ. પીઅર્સે લશ્કરી છાવણી બનાવી. સપ્તાહના બાકીના દિવસોમાં ડબ્લિન બહારની દુનિયાથી બિલકુલ અળગું પડી ગયું. પણ ટેલિફોનની ઑફિસ કબજે ન કરવામાં બળવાખોરોએ ગંભીર ભૂલ કરી. એ ઑફિસ પર હુમલો કરવા આવેલ ટુકડીને એક ડોસીએ એમ કહીને ફરેબ આપેલી, કે મકાનમાં તો ઘણા સિપાઇઓ છે. હકીકતમાં અંદર માત્ર વીસેક કામ કરનાર બાઇઓ હતી, અને એ બાઇઓ હિંમતથી પોતાને સ્થાને ટકી રહી. ટેલિફોનને લીધે શહેનશાહી લશ્કરને ઘણી અનુકૂળતા થઇ પડી. રેલવે સ્ટેશનો માટે પણ બળવાખોરોએ બેદરકારી રાખી. દક્ષિણ તરફ ડબ્લિન તથા દક્ષિણ-પૂર્વની રેલવેનાં બંને સ્ટેશનો તેમણે કબજે કરેલાં; પણ એક બચાવને માટે નાલાયક લાગવાથી તરત તેમણે ખાલી કર્યું. બીજાં સ્ટેશનો સિપાઇઓના કબજામાં રહ્યાં. શહેરથી બહાર કેટલાક માઇલ દૂર તેમણે રેલવે લાઇનોનો નાશ કરવા યત્ન કરેલો, અને એ યત્નમાં એટલે અંશે સફળ થયેલા, કે સપ્તાહના બાકીના દિવસોમાં લશ્કરી ગાડીઓ સિવાય બીજી ટ્રેનો ડબ્લિન સુધી પહોંચી શકતી નહીં. સોમવારની સાંઝ સુધીમાં શહેરનો મધ્ય ભાગ બળવાખોરોના હાથમાં આવી ગયો; અને પરાંઓમાં પણ ઘણી મજબૂત જગ્યાઓનો તેમણે કબજો લીધો.

શહેરના મધ્ય ભાગમાં માત્ર એક જગ્યા ખડકના જેવી અડગ રહેલી. એ જગ્યા તે ટ્રિનિટી કૉલેજ હતી, અને બળવાના ઇતિહાસમાં તેના બચાવની વાત સૌથી વધારે યશસ્વી છે. ટ્રિનિટી કૉલેજ શહેરના મધ્ય ભાગમાં ઊંચાણ પર આવેલી છે; અને બળવો શમાવી દેવાની ક્રિયાઓ કરવાનું તે મહત્ત્વનું મથક થઇ પડેલી. કપ્તાન ઍલ્ટન કરીને એક સીનિયર અમલદાર, કે જે યુનિવર્સિટીનો એક "ફેલો" હતો, તેણે તરત બચાવનો બંદોબસ્ત કરેલો. દરવાજા બંધ થયેલા, અને આડી અડચણો નંખાયેલી; અને બારીઓમાં તથા છાપરાં ઉપર રેતીના કોથળા મૂકવામાં આવેલા. કદાચ આખા શહેરમાં ટ્રિનિટી કૉલેજ એજ એક એવી જગ્યા હતી, કે જ્યાં બળવાખોરોને મદદ આપવાને કોઇ બાતમીદાર હાજર નહોતો. એક વાર એક હિંમતવાન બાતમીદાર સિપાઇના વેશમાં ઘુસેલો ખરો, પણ તે બહાર જઇને બાતમી આપે તે પહેલાં પકડાઇ ગયેલો.

બાકીનું બધું શહેર મોગવારથી બુધવાર સુધી બળવાખોરોના કબજામાં રહ્યું. આ અરસામાં અને પાછળથી શેરીઓમાં લડાઇ ચાલી, તે દરમિયાન ડબ્લિનનું સામાજિક અને આર્થિક જીવન બિલકુલ બંધ પડેલું. ટ્રેન કે ટ્રામ શહેરમાં દોડતી નહીં. ગૅસ અને વીજળીની શક્તિના સંબંધો એક સાવચેતી તરીકે તોડવામાં આવેલા. ખોરાકની મુશ્કેલી પડવા લાગી, અને તે વિષમ થઇ પડત, ત્યાં બળવો બેસી ગયો. વસ્તુઓના ભાવ એકદમ ચડી ગયા; જોકે દુકાનદારોએ તે પોતાના લાભ માટે ખાસ ચડાવેલા નહીં. ઘણા ભાગમાં કશો અધિકાર ન હોવા છતાં લોકોની વર્તણુક બહુ નિયમિત રહેલી; અને લૂટ કરવાના પ્રસંગના પ્રમાણમાં લૂટ ઘણી થોડી થયેલી. ડબ્લિનને કયાંયથી કાગળો આવતા નહીં, અને એક સિવાય કશું વર્તમાનપત્ર મળતું નહીં. એ અપવાદ તે "આઇરિશ ટાઇમ્સ." તેનાં સાધનો એટલાં પૂરાં હતાં, કે બળવાના દિવસોમાં પણ તે બહાર પડ્યા કરતું.

તેની ઑફિસ ટ્રિનિટી કૉલેજ તથા નદીને પેલે પાર બળવાખોરોનાં સ્થાનકોની વચ્ચે આવેલી હતી; અને ત્યાં આસપાસથી ઘેરાયેલ છતાં છેક શુક્રવાર સુધી પેપર બહાર પડતું રહ્યું. ત્યાર પછી યાંત્રિક મુશ્કેલીઓને લીધે તે સોમવાર સ્હવાર સુધી બંધ રહેલું. પણ એ પેપરમાં જાહેરનામાં સિવાય બીજી કશી વાત લાવી શકાતી નહોતી. બળવો કેટલો ગંભીર નિવડશે તેની કોઇને ખબર નહોતી. પ્રાંતોની શી સ્થિતિ છે તેની કોઇને ખબર નહોતી. કંઇકંઇ તોફાનો થયાં છે, અને મોટાં લશ્કરો ડબ્લિન ઉપર ચડી આવે છે, એવી અફવાઓ ચાલેલી.

લશ્કરી અંકુશ છતાં વસ્તી ઘણી શાંત રહેલી. ઇંગ્લંડથી આવનાર લશ્કરને તેમણે સ્વાગત આપેલું; અને એ સિપાઇઓ, કે જેઓ એમ માનતા હતા, કે શહેરનો દરેક રહેવાસી દુશ્મન જેવો છે, તેમને આશ્ચર્ય થયેલું. ખોરાકની તંગી હતી; પણ કિંગ્સટાઉનથી આવનાર સિપાઇઓ સાથે લોકોએ ખાવાનું વહેંચી લીધેલું, અથવા પોતાનું બધું તેમને આપી દીધેલું. લડત સખ્ત ચાલતી હતી, તે છતાં પણ સ્ત્રીઓ તથા છોકરીઓ પરાંઓનાં ઘરોમાંથી બહાર જઇને સિપાઇઓને ખાવાપીવાનું આપી આવતી; અને જખમીઓને આશ્રયમાં લઇ જતી.

ઇંગ્લંડથી આવેલું લશ્કર પરાંઓમાં બુધવારે સ્હવારે પહોંચેલું. સિપાઇઓ થાકેલા હતા, તોપણ તેમને શેરીઓમાં લડવું પડેલું. તેમના આવ્યા પહેલાં ડબ્લિનના વોલંટિયરોએ પણ સારી સેવા બજાવેલી. એ વર્ગમાં લશ્કરી ઉમરથી આગળ ગયેલા ધંધાદાર માણસો હતા, અને હથિયાર વગર ડબ્લિનના પહાડોમાં ફરીને પાછા આવતાં તેમને બળવાખોરોએ ઘેર્યા હતા. તેમના ૬ માણસો મરણ પામેલા; તથા ૧૦ જખમી થયેલા. આખરે તેઓ "બેગર્સ બુશ બૅરૅકસ"માં પહોંચેલા; ત્યાંના ઘેરાયેલા ચોકીદારોમાં ૯ અમલદારો તથા ૮૧ માણસોની ભરતી કરેલી; અને કિંગ્સટાઉનથી લશ્કર આવી પહોંચ્યું, ત્યાં સુધી બૅરૅકસના બચાવમાં સારી મદદ કરેલી.

બુધવારે સરકારી લશ્કરે શહેરને ઘેરી લીધું; અને બળવાખોરોનું જોર નરમ પડવા માંડ્યું. તેમની સંખ્યા એટલી થોડી હતી, કે અંદર અંદર વ્યવહાર જાળવવાનું અશક્ય થઇ પડ્યું. જે સ્થાનકોનો તેમણે કબજો લીધો હતો, તેમાંજ તેઓ પૂરાઇ ગયા. પણ લડાઇ સખ્ત ચલાવવી પડી.

ગુરુવાર સુધીમાં સૅન્ટ સ્ટીવનનું ચોગાન બળવાખોરોને ખાલી કરવું પડ્યું. એ સ્થાન પસંદ કરવામાંજ તેમણે ભૂલ કરી હતી. ચોગાનના એક ખૂણા ઉપર શેલબોર્ન હૉટેલનું મોટું મકાન આવેલું હતું. આખા ડબ્લિનમાં એ હૉટેલ સૌથી વધારે નામીચી હતી; અને તેમાં રહેનારાઓને આખું અઠવાડિયું ઘેરાની સ્થિતિ ભોગવવી પડી હતી. બારીઓમાં બળવાખોરોએ પુષ્કળ ગોળીઓ છોડી હતી; પણ કશી હાનિ નોંધાયેલી નહીં. હૉટેલના છાપરા ઉપર અઠવાડિયાની શરૂઆતમાં સિપાઇઓની એક ન્હાની ટુકડીએ એક મશીનગન ચડાવી હતી; અને તેથી ચોગાનના ખૂણેખૂણા ઉપર પ્રહાર ચાલેલો. બળવાખોરોએ ઘણા નુકસાન પછી એ સ્થાન છોડી દીધું, અને સરજ્યનોની રૉયલ કૉલેજમાં તેઓ જઇને ભરાયા. શેલબોર્ન હૉટેલની મશીનગન ત્યાં પણ તેમના ઉપર ચાલુ રહેલી.

આ ચોગાન સાફ થયા પછી દક્ષિણ તરફથી આગળ વધવામાં સરકારી લશ્કરને બહુ હરકત નડી નહીં. પણ ઉત્તરની બાજુમાં સખ્ત લડાઇ ચાલી; અને એક ઠેકાણે એક સાંકડી શેરીમાં ૧૫૦ વાર આગળ વધતાં એક દિવસ અને એક રાત જેટલો વખત લાગ્યો. એથી પણ વધારે મારામારી પશ્ચિમમાં ચાલી. લગભગ અર્ધા માઇલના અંતર સુધી દરેક ત્રીજું ઘર એક કિલ્લા જેવું હતું; અને આગળ ચાલી શકાય તે પહેલાં તેને બંદૂક તથા બોંબથી તાબે કરવું પડતું. ગુરુવાર સુધીમાં તોપના ઉપયોગ પછી સરકારી ટુકડીઓ શહેરમાં દાખલ થઇ ગઇ; અને ટ્રિનિટી કૉલેજ સાથે વ્યવહાર શરૂ થયો.

અહીંથી પછી બળવાખોરોનાં છૂટાંછવાયાં સ્થાનકો સામે તથા જ્યાં તેમણે છાવણી કરી હતી તે પોસ્ટ ઑફિસ સામે લડત જારી રહી. એ લડતમાં તોપ તથા મશીનગનનો વધારે ઉપયોગ થયો.

દરમિયાન ગુરુવારે સાંજે મોટી આગ લાગી. તે કેવી રીતે શરૂ થઇ, તે હવે જાણી શકાય તેમ નથી. પણ તે શુક્ર અને શનિએ ફેલાતી ગઇ, અને છેક રવિવાર સુધી જારી રહી. લડાઇ ચાલતી હોવાને લીધે બંબાવાળાઓ થોડેજ ઠેકાણે અને થોડાજ વખત સુધી આગની સામે થઇ શકેલા. સૅકવિલ સ્ટ્રીટની પશ્ચિમની બધી બાજુ, જેમાં ૪૭ ઇમારતો હતી, તે બળી ગઇ. ત્યાં અને આસપાસની શેરીઓમાં થઇને કુલ ૨૩૦ મકાનોનો નાશ થયો. ૨ દેવળો, ૪ હૉટેલો, કેટલીક બેંકો, અને બીજી ઘણી મહત્ત્વની ઇમારતો ખાખ થઇ ગઇ.

શનિવાર, તા. ૨૯મી એપ્રિલે બળવાનો અંત આવ્યો. તે દિવસે બપોરે બળવાખોરોની છાવણીમાં પણ આગ લાગી. જેમ્સ કોન્નોલી કરીને આગેવાન બળવાખોર ગુરુવારે જખમી થયો હતો, અને તે અશક્ત થતાં બળવાખોરોની પ્રવૃત્તિ અટકી પડી. પી. એચ. પીઅર્સે પોસ્ટ ઑફિસમાં છેલ્લા કલાકો બળવાને વાજબી ઠરાવવા સારૂ લખવામાં ગાળ્યા. પોસ્ટ ઑફિસમાંથી છાવણી બદલીને તેઓ બીજે લઇ ગયા, અને ત્યાં એક સભા ભરી વિચાર કરવા લાગ્યા. અમુક સરતે તાબે થવાનો તેમણે યત્ન કર્યો, તે નિષ્ફળ ગયો; એટલે તેઓ કશી સરત વગર તાબે થવા લાગ્યા. શનિવારની રાત સુધીમાં ઘણાખરા બળવાખોરો શરણે આવી ગયા.

જાનમાલનું નુકસાન ઘણું થયું. સુમારે ૨૦ લાખ પાઉન્ડની મિલકતનો નાશ થયેલો; જોકે આ રકમમાં ચોરી અને લૂટથી જે ખોવાયલું તે દાખલ થયેલ નથી. સિપાઇઓ અને પોલિસોમાં ૧૨૫ માણસો માર્યા ગયા, અને ૪૦૫ જખમી થયા; અને સિવિલિયનોમાં ૧૮૦ માર્યા ગયા, તથા ૬૧૪ જખમી થયા. ઉપરાંત, ૧૫ બળવાખોરોને કોર્ટ માર્શલના હુકમથી ગોળીએ દેવામાં આવ્યા, અને ૧૦૦ કરતાં વધારેને જૂદી જૂદી મુદ્દત માટે મજૂરી સાથે કેદની સજા થઇ.

બળવાના જાહેરનામા ઉપર સહી કરનાર જે સાત માણસોને ગોળીએ દેવામાં આવેલા, તેમનાં નામ નીચે પ્રમાણે છેઃ—કલાર્ક, મૅકડરમૉટ, મૅકડોનાથ, પી. એચ. પીઅર્સ, ઇ. કેન્ટ, કોન્નોલી, અને જે. પ્લંકેટ.

સર રૉજર કેસમેન્ટની હકીકત પણ અહીંજ નોંધી લેવી જોઇએ. તે કેરીમાં ઉતર્યો, તે પછી ચણ અઠવાડિયે એટલે મેની ૧૫ મી તારીખે રાજ્યદ્રોહના અપરાધ માટે તેની તપાસ શરૂ થયેલી. બેઇલી નામનો કેદી, કે જે લિંબર્ગથી બર્લિન સુધી તેની સાથે ગયો હતો, અને વિલ્હેલ્મ્સહેવનથી કેરીના કિનારા સુધી સબમરીનમાં તેની સાથે આવ્યો હતો, તે તપાસમાં પણ તેની સાથેજ હતો. એવો સાદો અને સીધો પુરાવો પડેલો, કે કેસમેન્ટ એક બ્રિટિશ પ્રજાજન હતો; કે તે લિંબર્ગની છાવણીમાં આઇરિશ કેદીઓની પાસે ગયો હતો, અને ત્યાં તેણે તેમને બેવફા બનવાને તથા જર્મન હથિયારો અને સાધનો વડે ઇંગ્લંડની સામે લડવાને સમજાવ્યા હતા; અને કે એ યોજનાને અનુસરીને પુષ્કળ હથિયારો તથા દારૂગોળા સાથે તે આયર્લંડમાં ઉતર્યો હતો. બેઇલીએ એવો બચાવ કરેલો, કે પોતે નિર્દોષ એજન્ટ તરીકેજ કામ કર્યું હતું; અને તેથી જૂરીએ તેને છોડી મૂકેલો.

કેસમેન્ટને કોર્ટ પાસે બોલવાને બે વાર તક મળેલી, પણ બહુ ભાગે અસંબદ્ધ વાતો સિવાય તે કશું બોલેલો નહીં. તેણે કહેલું, કે પોતે જર્મન સોનું લીધું નથી, તેમ આઇરિશમેનને જર્મનોની સાથે અથવા જર્મનોની ખાતર લડવાનું કહ્યું નથી. તેણે જણાવેલું, કે "આઇરિશમેનને આયર્લંડ સિવાય બીજા કોઇ દેશ માટે લડવાનો હક નથી." છેવટે તેણે કહેલું, કે "હું આ બાબતો સંબંધી બોલું છું, તે એટલા માટે કે નહીં તો મારી પ્રતિષ્ઠાને હાનિ થવાનો સંભવ છે." બીજી વાર ભાષણ કરતાં તે બોલેલો, કે "ત્રીજા એડવર્ડનો કાયદો મને લાગુ પડી શકે નહીં, કારણકે આઠમા હેન્રીના વખત સુધી ઇંગ્લંડના રાજાઓનો આયર્લંડ ઉપર કશો અધિકાર નહોતો;" અને તેણે ઉમેરેલું, કે "હું આઇરિશમેન હોવાથી આ કોર્ટને હું પરદેશી ગણું છું." તેણે દલીલ કરેલી, કે આયર્લંડમાંજ પોતાના દેશ તરફ વફાદારી એક અપરાધ ગણાય છે. પણ કોર્ટને તેના અપરાધ સંબંધી કશી શંકા રહેલી નહીં.

પાર્લમેન્ટમાં થયેલી વિનંતીઓ ઉપરથી આઇરિશ બળવાનાં કારણોની તપાસ કરવાને એક રૉયલ કમિશન નિમાયેલું, અને લૉર્ડ હાર્ડિંજ તેનો પ્રમુખ થયેલો. લંડન અને ડબ્લિનમાં ઘણો પુરાવો સાંભળ્યા પછી કમિશને એકમત થઇને લખેલું, કે લૉર્ડ લેફ્ટેનન્ટનો મુખ્ય સેક્રેટરી

મિ. બિરલ જે કંઇ બન્યું છે તે માટે પહેલો જવાબદાર છે. મુખ્ય સેક્રેટરી અને અંડર સેક્રેટરીએ તરત રાજીનામાં આપેલાં.

લડાઇના તાર.

બાલ્કનમાં ધસારો.

લંડન, ૬ ઠ્ઠી ઑક્ટોબર.

કશા નુકસાન વગર નેવોલ્જેન આપણે કબજે કર્યું છે. તોપો શરૂ થતાં દુશ્મનો તે ખાલી કરી ગયા છે. મિત્ર રાજ્યોનાં લશ્કરો મોનેસ્ટિરથી માત્ર દસ માઇલ દૂર છે. બલ્ગેરિયન બચાવોને તોડવામાં આવેલ છે.

બ્રિટિશ વિક્રમ.

લંડન, ૮ મી ઑક્ટોબર.

કોર્સલેટથી ઉત્તરમાં અને ઉત્તર-પૂર્વમાં આપણે સારી પેઠે આગળ વધ્યા છીએ. આખું લે સાર્સ હવે આપણા હાથમાં છે. ૫૦૦ કરતાં વધારે કેદીઓ પકડાયા જાહેર થએલ છે.

સર્બિયન જીત.

સાલોનિકા, ૮ મી ઑક્ટોબર.

સખ્ત લડાઇ પછી સર્બિયનોએ પોનલૂની ઉત્તરનાં સ્થાનકો પડાવ્યાં છે; અને બલ્ગેરિયનોને ન્હાસવું પડ્યું છે. ડોબ્રોજોલિચમાં પણ સર્બિયનોએ પગપેસારો કર્યો છે.

નવ આગબોટો ડુબાવી.

ન્યૂ પૉર્ટ, ૯ મી ઑક્ટોબર.

ત્રણ જર્મન સબમરીનોએ અમેરિકન દરિયામાં બ્રિટિશ, ડચ, નૉર્વીજિયન તથા બીજી મળીને કુલ નવ આગબોટો ડુબાવી છે. આ ખબર સાંભળીને કેટલીક આગબોટો ચાલતી અટકી છે.

બાલ્કનમાં વધારે જીત.

લંડન, ૯ મી ઑક્ટોબર.

સ્ટ્રુપા મોખરા ઉપર ધસારો જારી છે, અને દુશ્મન બહુ સામે થતા નથી. વધારે ઉત્તરમાં આપણે બીજાં ત્રણ ગામડાં હાથ કર્યાં છે.

લંડન, ૧૦ મી ઑક્ટોબર.

સેરીઝથી પશ્ચિમે ચાર માઇલ ઉપર કેલેંડ્રાનો આપણે કબજો લીધો છે. ડોઇરન મોખરા ઉપર દુશ્મનની ખાઇઓ સામે તોપોનો મારો ચાલુ છે. કેલેંડ્રાના કબજાનો અર્થ એ છે, કે બલ્ગેરિયનોએ ડેમિર હિસ્સાર-સેરીઝ રેલવે છોડી દીધેલ છે.

લંડન, ૧૧ મી ઑક્ટોબર.

સાલોનિકાથી ખબર આવે છે, કે આપણે ટોપાલોવા તથા પ્રોસેનિકનો કબજો લીધો છે.

ઇટાલિયન જીત.

રોમ, ૧૬ મી ઑક્ટોબર.

જનરલ કેડોર્નો જણાવે છે, કે પાસુબિયો પહાડ ઉપર ઇટાલિયનોએ સારી જીત મેળવી છે. ગ્યૂલિયા મોખરા ઉપર દુશ્મનની મજબૂત લાઇન લેવાઇ છે, તથા ૮૬૧ કેદીઓ પકડાયા છે. કાર્સો મોખરા ઉપર હુમલો કરીને આસપાસની બધી ટેકરીઓ પડાવવામાં આવેલ છે.

આમની સભામાં મિ. એસ્ક્વિથનું ભાષણ.

લંડન, ૧૨ મી ઑક્ટોબર.

આમની સભામાં ભાષણ કરતાં મિ. એસ્ક્વિથે જણાવ્યું છે, કે "વિગ્રહનો ખર્ચ દર રોજ ૫૦ લાખ પૌંડ થાય છે. લશ્કરનો ખર્ચ જરા ઓછો થયો છે; અને દારૂગોળાનો જરા વધ્યો છે. બ્રિટિશો સોમના નવ માઇલના મોખરા ઉપર સાત માઇલ આગળ ચાલ્યા છે. બધા લાભ ટકી રહ્યા છે. દુશ્મનને ઘણું નુકસાન થયું છે. વર્ડુન પર હુમલો કરવાનું તેમણે લગભગ છોડી દીધું છે. સોમ ઉપર કુલ ૬૦,૪૭૪ કેદીઓ પકડાયા છે, અને ૩૦૪ તોપો તથા ૧,૦૩૦ મશીનગનો હાથ આવેલ છે. મેસોપોટેમિયામાં પણ મુશ્કેલીઓ છતાં કામ આગળ ચાલે છે. લશ્કરની તનદુરસ્તી સારી છે. સાલોનિકાથી મિત્ર રાજ્યોનાં લશ્કરોએ જે ધસારો શરૂ કર્યો છે, તેને સારી ફત્તેહ મળી છે; અને તેઓ મોનેસ્ટિરથી માત્ર આઠ માઇલ દૂર છે. કાટિયામાં તુર્કોની હારથી સ્વેઝની નહેર ઉપર હુમલાનો ભય દૂર થયો છે. વર્તમાન સમય નબળાં હૃદયનો કે થંડી સલાહોનો નથી. આટલું બધું સહન કર્યા પછી અંતે અપયશકારક સંધિ થાય, એવું કદાપિ બનશે નહીં."

મિ. લૉઇડ જ્યોર્જનો આગ્રહ.

લંડન, ૧૨ મી ઑક્ટોબર.

આમની સભામાં પોતે એક અમેરિકન વર્તમાનપત્રીને જે કહેલું તે સંબંધી મિ. હોલ્ટની ટીકાનો જવાબ આપતાં મિ. લૉઇડ જ્યોર્જે જણાવ્યું છે, કે "હું એક પણ શબ્દ પાછો ખેંચી લેવાનો નથી. મેં જે વિચારો દર્શાવ્યા છે, તે વિગ્રહ કમિટીના તથા પ્રધાનમંડલના છે. એ વિચારો પ્રગટ કરવાની આવશ્યકતા વખત જતાં સ્પષ્ટ થશે. અત્યારે વચ્ચે પડવાથી જર્મનીને ઘણો લાભ છે, અને આપણને ઘણી હાનિ છે."

મોટું જર્મન કબરસ્તાન.

લંડન, ૧૨ મી ઑક્ટોબર.

એમ જણાવવામાં આવે છે, કે થીપવાલનું એક મોટા જર્મન કબરસ્તાન તરીકે વર્ણન આપી શકાય. ઓછામાં ઓછાં ૧,૮૦૦ દુશ્મનનાં મુડદાં પડ્યાં છે, અને હાલ તોપના મારાને લીધે દૂર કરાય તેમ નથી. ગઇ કાલે સોમની દક્ષિણે ૧,૭૦૨ કેદીઓ પકડાયા છે.

ભાવનગર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૨૪મી ઑક્ટોબર, ૧૯૧૬. [અંક ૪૭.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વેંહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૨૪ મી ઑક્ટોબર, ૧૯૧૬.

બ્રિટનમાં ફરજિયાત લશ્કરી નોકરી.

૧૯૧૬ ની વસંતની શરૂઆતમાં, જ્યારે બધા મોખરાઓ ઉપર કામ બંધાઈ ગયલું લાગતું હતું, ત્યારે ગ્રેટ બ્રિટનના અંદરના સવાલો ઉપર દોસ્ત અને દુશ્મનનું ધ્યાન ખેંચાઇ રહ્યું હતું. કુંવારાઓને માટે ફરજિયાત નોકરીનો નિયમ, કે જે ૧૯૧૬ ના માર્ચની ૨ જી તારીખે અમલમાં મૂકાવાનો હતો, તેથી જર્મનીના જનરલ સ્ટાફને તથા લોકોને ફિકર થઇ પડી હતી. સંયુક્ત સરકારે મોડું મોડું અને નાખુશીથી એ પગલું ભર્યું હતું. લાંબા વખત સુધી દુશ્મને એમજ માની લીધું હતું, કે આર્થિક તથા બીજી મુશ્કેલીઓને લીધે બ્રિટનમાં કદાપિ ફરજિયાત લશ્કરી નોકરી જેવો મોટો ફેરફાર થઇ શકશે નહીં.

જર્મનોએ એવીજ ગણના કરી હતી, કે બ્રિટન પોતાનું બધું બળ નૌકામાં વાપરશે; પણ ભૂમિસેનામાં તો ચાલી આવેલી પરંપરા પ્રમાણે ઉતરતુંજ રહેશે. ૧૯૧૪ ના ઑગસ્ટમાં જે ન્હાનું લશ્કર હતું, તેને બદલે ૧૯૧૫ ના ઑગસ્ટમાં જ્યારે તે લગલગ વીસ લાખનું થયું, ત્યારે તેમને આશ્ચર્ય થયેલું.

દુશ્મને એવી આશા રાખી હશે, કે આટલાજ માણસોની સાથે તેમને લડવું પડશે. પણ ૧૯૧૫ ના જૂલાઇમાં લૉર્ડ ક્રૂના પ્રમુખપણા નીચે મળેલી એક "કેબિનેટ કમિટી"એ જાહેર કરેલું, કે અઠવાડિયે જે નવા સિપાઇઓ દાખલ થવા આવે છે, તેમની સંખ્યા લશ્કરને ટકાવી રાખવાને પુરતી નથી. ૧૯૧૫ ના સપ્ટેંબર સુધીમાં મિ. લૉઇડ જ્યોર્જને ખાતરી થયેલી, કે ફરજિયાત લશ્કરી નોકરી દાખલ કર્યા સિવાય વિગ્રહનો ફત્તેહમંદીથી અંત લાવી શકાય એવું નથી.

રૂશિયા ઉપર જે ભયંકર ઘા પડ્યા હતા, તેથી તેના જે મોટા લશ્કરે પ્રશિયા, ઑસ્ટ્રિયા, અને હંગરી પર ચડાઇ કરી હતી, તે ઘણું ઓછું થઇ ગયું હતું. એ ઉપરાંત તેણે લાખો રાઇફલો, હજારો મશીનગનો, અને ઘણી તોપો ગુમાવી હતી. તેનાં દારૂગોળો બનાવવાનાં કારખાનાં ઘણાં ખામીવાળાં હતાં; અને જાપાનીઝ, અમેરિકન, તથા બ્રિટિશ હથિયારો બનાવનારાં કારખાનાંની મદદથી એક બીજું મોટું લશ્કર સજ્જ થાય, તેમાં ઘણી વાર લાગવાનો સંભવ હતો. દરમિયાન, ફ્રાન્સનો સંચય ખૂટી જાય, એવી ધાસ્તી લાગતી હતી. એટલું ખરૂં, કે ઑસ્ટ્રિયા-હંગરીની સ્થિતિ ફ્રાન્સના કરતાં પણ વધારે કફોડી હતી. છતાં એથી મુખ્ય સ્થિતિમાં ફેરફાર થતો નહોતો. જર્મની હજી માણસો તથા સાધનો બંનેમાં ઘણું પ્રબળ હતું;

અને દર રોજ ૪૦૦,૦૦૦ ગોળા બનાવી શકતું હતું. આપણા લશ્કરની કાઉન્સિલ જોઇ શકે એવું હતું, કે જો જર્મનો વર્ડુન પર હુમલા કરી કરીને ફ્રાન્સના સંચયને ખુટાડી દેશે, તો બ્રિટનને નૌકા ઉપરાંત ભૂમિસેનામાં પણ ઘણો વધારો કર્યા વગર ચાલશે નહીં.

મુશ્કેલી એ હતી, કે જોખમ તરતમાં પાસે નહોતું. જો તેમ હોત, તો તે દૂર કરવાને તરત આગ્રહી યત્ન થાત. પણ તે દૂર હોઇને ખાસ અવલોકન કરનારાઓજ જોઇ શકે તેવું હતું, અને તે માટે વખતસર અને પૂરી તૈયારી કરવાની આવશ્યકતા હતી. એવો સંભવ હતો, કે જર્મનો ફ્રેંચ સંચયને ખુટાડી શકશે નહીં, અને રુશિયા ઑસ્ટ્રો-જર્મન લાઇન ભેદવાને શક્તિમાન થઇ શકશે, એમ માની લઇને બ્રિટન કંઇક બેદરકાર રહેશે. સંયુક્ત સરકારમાં કેટલાક કારભારીઓ એવા વિચારના હતા, કે આપણું લડાયક બળ કંઇક ન્યૂન રહે, તોપણ નિકાસના ઉદ્યોગો પૂરેપૂરા ટકાવી રાખવા; અને આપણાં મિત્ર રાજ્યોને નૌકાની તથા આર્થિક મદદ પહેલા વર્ગની આપવી, તથા લશ્કરી મદદ બીજા કે ત્રીજા વર્ગની અપાય, તો હરકત નહીં.

સર જૉન સિમૉનની રાજનીતિ આ પ્રકારની હતી. સારે નસીબે તેણે રાજીનામું આપેલું; પણ રાજીનામું આપ્યા પછી તેણે જાહેર રીતે કહેલું, કે પ્રધાનમંડળમાં તેના જેવાજ વિચારના બીજા પણ કારભારીઓ છે. આ પ્રમાણે છે એમ થોડી વારમાં જણાઇ આવ્યું, કારણકે ૧૯૧૬ ના માર્ચની ૯ મી તારીખે મિ. આર. મેકનીલે આમની સભામાં, ટૉટનહામ તરફથી પાર્લમેન્ટમાં બેસતા પ્રતિનિધિ મિ. પર્સી ઍલ્ડનના એવા કથન ઉપર ધ્યાન ખેંચેલું, કે તેને પોતાને પ્રધાન-મંડળના એક કારભારી તરફથી એવી સૂચના થઇ હતી, કે લશ્કરી નોકરીના ખરડા વિરુદ્ધ પોકાર ઉઠાવવા તજવીજ કરવી.

આ વાત બહાર પડવાથી આખા દેશમાં સૌને ખોટું લાગ્યું. પ્રધાનમંડળનાં પગલાંની વિરુદ્ધ કયો કારભારી ખટપટ કરે છે, તે જાણવા સારૂ તેનું નામ મેળવવાને આમની સભામાં યત્નો કરવામાં આવ્યા. ધારણા બેશક એ હતી, કે એ અજાણ્યા કારભારીને રાજીનામું આપવાની ફરજ પાડવી. પણ તપાસથી કશો પત્તો લાગ્યો નહીં; અને થોડાં અઠવાડિયાંમાં તો ફરજિયાત લશ્કરી નોકરીના સવાલના સંબંધમાં આખા પ્રધાનમંડળની સ્થિતિ વિષમ થઇ પડી.

૧૯૧૫ ના જૂલાઇથી સામાન્ય સ્થિતિમાં વિષમતા ગુપ્ત રહેલીજ હતી; અને પ્રધાનમંડળમાં જે મજબૂત મધ્યમ પક્ષ હતો, તેનાં અધૂરાં પગલાંથી તેનો ઉપાય માત્ર લંબાયો હતો. ફરજિયાત નોકરીના પક્ષના તથા તેની વિરુદ્ધના કારભારીઓની વચ્ચે મુખ્યત્વે કરીને "યૂનિયનિસ્ટ" સિદ્ધાંતના કેટલાક કારભારીઓએ તુલા ટકાવી રાખી હતી, જેમને એવી ધાસ્તી હતી, કે મહાજન-મંડળો કદાચ મોટી હડતાળ પાડશે. ૧૯૧૬ ના જાન્યુઆરીની ૨૭ મી તારીખે મજૂર પક્ષે બ્રિસ્ટલમાં એક સમિતિ ભરી હતી. ફરજિયાત લશ્કરી નોકરી માટે મત લેવાતાં ૨,૧૯,૦૦૦ મત તેના પક્ષમાં, અને ૧૭,૯૬,૦૦૦ વિરુદ્ધ પડ્યા હતા. માત્ર કુંવારા માણસોને ફરજ પાડવાના ખરડાના પક્ષમાં ૩,૬૦,૦૦૦ મતો, અને વિરુદ્ધમાં ૧૭,૧૬,૦૦૦ જાહેર થયેલા. પણ એ ખરડો રદ કરાવવાની હીલચાલની વિરુદ્ધ ૬,૪૯,૦૦૦ મત પડેલા, અને પક્ષમાં ૬,૧૪,૦૦૦. આ રીતે

કુંવારાઓને માટે કાયદો અમલમાં મૂકવાના અનુકૂલ પક્ષમાં ૩૫,૦૦૦ મત વધારે હતા. એક પ્રતિનિધિએ કહેલું, કે "આ વિભાગોનો અર્થ એ છે, કે અમને મજૂર વર્ગના માણસોને ઘણી રીસ ચડી છે, છતાં અમે કશું કરવા ધારતા નથી."

હકીકત એ હતી, કે મજૂર પ્રતિનિધિઓ, ખાસ કરીને ૬,૦૦,૦૦૦ ખાણ ખોદનારાઓના મતના પ્રતિનિધિઓ, મહાજનોની લાગણી સંબંધી શંકાશીલ હતા. મહાજનોએ નવી સેનાઓના ઘણાખરા માણસો પૂરા પાડ્યા હતા. અને જે માણસોએ ઇચ્છાપૂર્વક લશ્કરી નોકરી સ્વીકારી હતી, અને પોતાનાં આશ્રિતોને જૂજ સરકારી મદદ ઉપર છોડી દીધાં હતાં, તેઓ ૧૯૧૬ માં ફરજિયાત લશ્કરી નોકરીની વિરુદ્ધ નહોતા. શરૂઆતમાં તો મહાજનોના માણસો કોઇ પણ પ્રકારની ફરજિયાત નોકરીની અતિશય વિરુદ્ધ હતા; અને તેમાંના ઘણા વિચારશીલ પુરુષો બલાત્કાર અનાવશ્યક કરવા સારૂ કંઇકંઇ કિંમતી કારીગિરી છોડીને લશ્કરમાં દાખલ થયા હતા. તેમને મોટી બીક એ હતી, કે વિગ્રહ પૂરો થયા પછી પણ ફરજિયાત નોકરી રહેશે; અને ત્યારે વાજબી હડતાલની હીલચાલો પણ, માણસોને સિપાઇઓ તરીકે બોલાવીને, તથા લશ્કરી નિયમો પ્રમાણે તેમની પાસે કામ કરાવીને, ચગદી નાંખવામાં આવશે. મોશ્યોં બ્રાયન્ડ નામે એક ફ્રેંચ પ્રધાને ફ્રેંચ રેલવેવાળાઓની મોટી હડતાળ દાબી દેવાને એ પ્રમાણે ફરજિયાત લશ્કરી નોકરીનો ઉપયોગ કર્યો હતો. આપણા મહાજનના માણસોને તે વખતે ખબર નહોતી, કે યૂરપની સ્થિતિ તે વખતે કેવા સંકટમાં હતી, અને ફ્રેંચ રેલવેવાળાઓને ઉશ્કેરવામાં જર્મન એજન્ટોએ કેવા પ્રપંચો કર્યા હતા. તેઓ માત્ર એટલુંજ જોતા હતા, કે એક મોટા પ્રજાસત્તાક રાજ્યમાં લશ્કરી નોકરીનો દુરુપયોગ થયો હતો; તથા ફ્રેંચ મજૂરો પોતાની સ્થિતિ સુધારવાને જે દેખીતો કાયદેસર યત્ન કરતા હતા, તેને દાબી દેવામાં આવ્યો હતો.

કોઇ પણ બ્રિટિશ કારભારીએ મહાજનના માણસોને ખરી સ્થિતિથી વાકેફ કરવાનો પ્રયાસ કરેલો નહીં. મોશ્યોં વિવિયાની પછી મોશ્યોં બ્રાયન્ડ મુખ્ય પ્રધાન થયો, ત્યારે બ્રિટિશ મજૂરોને ખરી હકીકત સમજાવવાને બ્રિટિશ સરકાર તેને બોલાવી શકી હોત; છતાં એ પણ થયેલું નહીં. દરમિયાન જર્મન પક્ષના માણસો તથા અવળી ખોપરીના સોશ્યલિસ્ટો સખ્ત ભાષા વાપરીને મજૂરોને સમજાવવા લાગ્યા, કે ફરજિયાત લશ્કરી નોકરીથી મજૂર વર્ગ નપુંસક બની જશે, અને વિગ્રહ પછી ગમે તેવાં વાજબી કારણો હશે, તોપણ હડતાળ પાડી નહીં શકે. કેટલાક એટલે સુધી પણ બોલવા લાગ્યા, કે ફરજિયાત લશ્કરી નોકરી પછી ફરજિયાત ઔદ્યોગિક નોકરી દાખલ થશે, અને કર્મકારોની સ્થિતિ જૂના વખતના ગુલામોના કરતાં પણ વધારે ખરાબ થઇ જશે.

રેલવે ઉપર કામ કરનારાઓને ફરજિયાત ઔદ્યોગિક નોકરીની ખાસ ધાસ્તી લાગેલી. એ માણસો કામ કરવામાં ભવ્ય હતા; શરીરતોડ મહેનત કરીને તેઓ કાફલાને તથા સેનાને ખોરાક પૂરો પાડતા હતા, તથા સિવિલિયન વસ્તીને માલ અને અનાજ લાવી આપતા હતા. દિવસ અને રાત કામ ચાલવા છતાં અકસ્માતોનું પ્રમાણ ઓછું રહેલું. પણ તેમના મુસારા થોડા વધેલા છતાં બીજા કુશળ કારીગરોના પ્રમાણમાં તેમને લાભ મળેલો નહીં.

TREBIZOND AFTER ITS CAPTURE BY THE RUSSIANS.

રૂશિયનોએ જિતેલા ત્રેબિઝોંડ શહેર અને તેના બંદરનો દેખાવ.

Lakshmi Art, Byculla, Bombay

ખાણુ ખોદનારાઓ લડવાના આવેશમાં હતા. તેમના એક સ્થાનનો પ્રતિનિધિ ફરજિયાત લશ્કરી નોકરીનો સ્પષ્ટ હિમાયતી હતો; અને મોખરા ઉપર, કે જ્યાં ઘણા ખાણુ ખોદનારાઓ ભોંયરાં ખોદવાના કામમાં રોકાયા હતા, ત્યાં તેઓ લડનાર તરીકે પણ પંકાયા હતા. તેઓમાંના કેટલાક સોશ્યલિસ્ટો ખાણોને પ્રજાકીય બનાવવાને તોફાન કરવાના વલણવાળા હતા; અને ઘણાને જે મોંઘી કિંમતે કોલસો વેચાતો હતો, તેથી રીસ ચડી હતી. તેઓ કાંતો કિંમત ઘટાડવાને અથવા નફામાં વધારે ભાગ મેળવવાને ઉત્સુક હતા.

૧૯૧૬ ની વસંતમાં પણ કેટલાંક લડાયક કારખાનાંનું ઉત્પન્ન સંતોષકારક નહોતું. કેટલાક મહાજનના અનુભવી માણસોને ઠેકાણે ઓરતો દાખલ થઇ હતી, કે જેમણે વિગ્રહ શરૂ થયા પછીજ કુશળતા મેળવી હતી. કલાઇડ પરનું તોફાન ૧૯૧૬ ના માર્ચમાં ગંભીર બની ગયું, કે જ્યારે લશ્કરને જેની અતિશય જરૂર હતી, તે મોટી તોપોના બનાવનારાઓએ હડતાળ પાડી. કલાઇડ આગળ તોફાન કરનારાઓમાંનો એક સ્કૉટલેંડના સ્વતંત્ર મજૂર પક્ષનો પ્રમુખ હતો. કેટલાક આગેવાનો દેશનિકાલ થયા, વીસેક માણસોનો દંડ થયો, અને ૧૯૧૬ ના એપ્રિલની ૩ જી તારીખે હડતાળનો અંત આવ્યો. બીજી તરફ, કુશળ કારીગરો, કે જેમની દેશમાં ખાસ જરૂર હતી, તેઓ લશ્કરમાં સાધારણ પાયદળનું કામ કરી રહ્યા હતા; અને તે વખતે બોલાયું હતું તેમ, બૉઇલર બનાવનારાઓ ઇજિપ્તમાં ઊંટ ચારતા હતા. લશ્કરમાં ભરતી સંતોષકારક થઇ હતી, પણ મહત્ત્વના લડાયક ઉદ્યોગોના વિકાસમાં તેથી ગંભીર હાનિ થયા વગર રહેલી નહીં.

કુશળ સિપાઇની કિંમત મોટી છે, પણ લડાઇની સામગ્રી બનાવનાર કુશળ કારીગરની કિંમત તેના કરતાં પણ વધારે છે. ફ્રાન્સે મહિનાઓથી લશ્કરમાંથી કુશળ કારીગરોને પાછા વીણી લેવાનું કામ ચાલુ રાખ્યું હતું; અને બ્રિટનને પણ તેમ કરવું પડશે, એવું લાગતું હતું. વોલંટિયરોની હીલચાલ શરૂ થઇ, ત્યારે કોઇએ પહેલેથી વિચાર કરીને બરાબર વ્યવસ્થા કરેલી નહીં. હજારો એવા માણસો લશ્કરમાં દાખલ થયા હતા, કે જેની ત્યાં કિંમત થોડી હતી, પણ જે સાધનો બનાવવામાં પ્રવીણ હોઇને નૌકા તથા સેનાના સ્તંભ જેવા હતા.

૧૯૧૬ ના ફેબ્રુઆરીમાં કુંવારાઓને વોલંટિયર કરવાને એક મોટો પ્રયાસ કરવામાં આવ્યો હતો. મિ. રેડમન્ડે એક સંબોધન લખીને જુવાન આઇરિશોને સિપાઇ થવા નિમંત્રણ કરેલું; અને લૉર્ડ ડરબીએ દરેક લડાયક ઉમરના કુંવારા માણસને કાગળો લખેલા. પણ કુંવારા માણસો બચી જવા સારૂ કંઇ કંઇ યુક્તિઓ વાપરવા લાગેલા. લંડનના આઇલિંગ્ટન વિભાગમાં એવું માલુમ પડેલું, કે હજારો કુંવારા માણસો કશું શિરનામું પાછળ મૂકયા વગર કયાંક ચાલ્યા ગયા છે! લશ્કરી નોકરી સંબંધી અદાલતોના કામકાજના છાપેલા રિપોર્ટો પરથી પણ જણાયું, કે નીતિનું બહાનું બતાવીને મુક્ત રહેવા ઇચ્છનારાઓમાંના ઘણા છેક બાયલા અને બીકણ હતા. ઘણા એકાએક ટોલ્સ્ટોયના ચેલા થઇ ગયેલા.

આવા લોકોને માટે લશ્કરી નોકરીની અદાલતોએ સારો માર્ગ કાઢ્યો. તેમણે મોખરાની

પાછળ રહીને, લડવાને બદલે બીજી ફરજો અદા કરવી, એમ કર્યું. પરિણામે એમાંથી પણ ઘણા વૉલંટિયર થવા લાગ્યા.

જર્મનીમાં સુલેહના વખતમાં ખેતીના કામમાં રોકાયલી ઓરતોની સંખ્યા ૮૯ ટકા હતી, અને ફ્રાન્સમાં વિગ્રહ પહેલાં તેમનું પ્રમાણ ૬૭ ટકા હતું. પણ ઇંગ્લંડ અને વેલ્સમાં ખેતીના કામમાં પડેલી સ્ત્રીઓ માત્ર ૮ ટકા જેટલી હતી. વધારે ઓરતો એ કામમાં ભાગ લઈ શકે અને પુરુષો છૂટા થાય, એ ખેતીના બોર્ડના પ્રમુખ લૉર્ડ સેલ્બોર્નને ગળે ઉતરેલું નહીં.

પણ લશ્કરને માટે માણસોની જરૂર હતી, અને ધંધાઓમાંથી પુરતી સંખ્યા ન મળવાને લીધે લૉર્ડ ડરબીએ છેવટે સરકારને કંઇક પગલાં લેવાની સૂચના કરી.

પ્રધાનમંડળમાં સૌ સંમત થઇ શકેલા નહીં. એપ્રિલની ૧૯ મી તારીખે મિ. એસ્કિવથે જાહેર કર્યું, કે:—

"પ્રધાનમંડળમાં મહત્ત્વનો મતભેદ થયો છે, અને કોઇ પણ સમાધાનથી તેનો નિકાલ થાય એવું ન હોવાથી પરિણામ એજ આવશે, કે સરકાર તૂટી જશે. પ્રધાનમંડળમાં સૌ એટલે અંશે સંમત છે, કે આમ જો થશે, તો તે પ્રજા ઉપર એક મોટી આફત આવ્યા જેવું થશે. થોડા વધારે દિવસની મસલહતથી એ પરિણામ અટકી શકશે, એવી આશાથી હું દરખાસ્ત કરૂં છું, કે આ સભા મંગળવાર સુધી મુલતવી રહે."

સરકારને બચાવવાની ખાતર મિ. લૉઇડ જ્યૉર્જ અને તેના વિચારના બીજા કારભારીઓએ પોતાનો આગ્રહ છોડી દીધો. એવું ઠર્યું, કે હજી ચાર અઠવાડિયાં સુધી વૉલંટિયરો મેળવવાને વધારે પ્રયાસ કરવો; અને દરમિયાન જેમનો વખત ભરાઇ ગયો હોય તેવા માણસોને વિગ્રહના અંત સુધી નોકરીમાં જારી રાખવા; તથા અઢાર વરસની ઉમરે પહોંચેલા બધા છોકરાઓ માટે ફરજિયાત નોકરીનો નિયમ લાગુ કરવો.

૧૯૧૬ ના એપ્રિલની ૨૭ મી તારીખે આ દરખાસ્તો એક ખરડાના રૂપમાં આમની સભા આગળ રજુ કરવામાં આવી. મિ. વૉલ્ટર લોંગે ખરડો દાખલ કરવાની રજા માગી, પણ પરિણામ આશ્ચર્યકારક આવ્યું. ખરડો હજી જન્મે તે પહેલાં તો તેનો નાશ થયો. મિ. સ્ટીવન વૉલ્શ કરીને મજૂર વર્ગના એક પ્રતિનિધિએ સખ્તમાં સખ્ત ટીકા કરી. તેણે જણાવ્યું, કે આવી અસમાન વ્યવસ્થા થાય, તે કરતાં તો લશ્કરી નોકરી સૌને માટે ફરજિયાત થાય, તે માટે પોતે મત આપવા તત્પર છે:—

"ખાલી વાર શા માટે લગાડો છો? આ તો છેક મશ્કરી કર્યા જેવું થાય છે. જ્યારે છેલ્લો લશ્કરી નોકરીનો ખરડો આ સભા સન્મુખ હતો, ત્યારે મેં સૂચના કરી હતી, કે ઑગસ્ટની ૧૫ મી પછી જેઓ "રીઝર્વ્ડ" ધંધાઓમાં દાખલ થયા હોય, તેમને એ નિયમ લાગુ કરવો. હવે કેટલાક મહિના પછી, જે માણસો એ ધંધામાં જવા જોઇતાજ નહોતા, તેમને વીણી કાઢવાને સરકાર મહેનત કરે છે. આ કામ તો જોસબંધ ચાલે છે, એમ અમને જણાવવામાં આવ્યું હતું.

"જે પ્રદેશમાં હું ખાણુ ખોદનારાઓના એજંટ તરીકે કામ કરૂં છું તેની મને ખબર છે, અને ત્યાં એક પણ માણસ ખાણમાંથી વીણી કઢાયેલ નથી. કામ જોસબંધ ચાલે છે, તે આ પ્રકારે! એક પણુ માણુસ વીણાયેલ નથી! કાગળો અપાયા છે, અને ભરાયા છે, છતાં એક પણ માણુસ બહાર કઢાયો નથી; જોકે એવું માનવાને પુરતું કારણુ છે, કે ૧૮ અને ૪૧ વરસની વચ્ચેની ઉમરના ઓછામાં ઓછા ૩,૦૦૦ માણસો, કે જેમણે અગાઉ કદાપિ ખાણોમાં કામ કરેલ નથી, તેઓ લશ્કરી ફરજમાંથી બચવા સારૂ ખાણોમાં દાખલ થયા છે. ગ્રેટ બ્રિટનના બીજા ભાગોમાં એ પ્રમાણે વધારે થયેલ છે. * * *

"સરકારે હિંમત કરીને કહેવું જોઇએ, કે આ જરૂર ઉભી થઇ છે, અને તે પૂરી પાડવી જોઇએ. મને ખાતરી છે, કે એ રીતે જો કહેવામાં આવશે, તો દેશ તેનો યોગ્ય પ્રતિધ્વનિ આપ્યા વગર રહેશે નહીં."

(આ મહત્ત્વનો વિષય આવતા અંકમાં પૂરો કરવામાં આવશે.)

લડાઇના તાર.

—101—

<u>ગ્રીક કાફલો.</u>

ઍથન્સ, ૧૧ મી ઑકટોબર.

આજ બપોર પછી ગ્રીક કાફલો મિત્ર રાજ્યોને સુપ્રત થયેલ છે. ગ્રીક ખલાસીઓને સ્હવારમાં વહેલા ઉઠાડીને તેમને પોતાનો સરસામાન બાંધી લેવાનું કહેવામાં આવ્યું હતું. બધાના ચહેરા ઉતરેલા જણાતા હતા. રાજાએ જણાવેલું, કે જેની ઇચ્છા હોય તે સુખેથી વહાણુ ઉપર રહે, અને મિત્ર રાજ્યોની સાથે ભળે. પણુ કહે છે કે એક પણુ માણુસ રહેલો નથી.

<u>બાલ્કનમાં સ્થિતિ.</u>

લંડન, ૧૨ મી ઑકટોબર.

રૂષિયનો અને રૂમાનિયનો દુશ્મન હઠથી સામે થવા છતાં ૮ થી ૨૫ માઇલ સુધી ડોબ્રુજામાં આગળ વધ્યા છે.

લંડન, ૧૩ મી ઑકટોબર.

ફ્રેંચ વિમાનીઓ જણાવે છે, કે બલ્ગરો મોનેસ્ટિર ખાલી કરવા લાગ્યા છે, અને બાણુના ઘાટ તરફ હઠતા જાય છે.

<u>મિ. વેનિઝેલોસની હીલચાલ.</u>

સાલોનિકા, ૧૩ મી ઑકટોબર.

અત્રે કામચલાઉ સરકારના માનમાં આપેલા એક ખાણામાં મિ. વેનિઝેલોસને અસાધારણુ માન આપવામાં આવેલ છે. ભાષણમાં તેણે જણાવ્યું, કે બલ્ગેરિયાને ગ્રીસમાંથી હાંકી કાઢવું જોઇએ. ગ્રીસની સર્બિયા તરફની ફરજ બતાવતાં તાળીઓના ગડગડાટ થયા હતા. એક મુલાકાતમાં

તેણે જણાવ્યું છે, કે બીજાં રાજ્યો કામચલાઉ સરકારને મંજૂર રાખશે; અને ઍથન્સની સરકાર અદૃશ્ય થશે. રાજા એમ સમજે છે, કે ગ્રીસ તેની ખાનગી મિલકત છે; પણ ગ્રીકો રાજાઓના દૈવી હકને માનતા નથી. અર્ધું જૂનું ગ્રીસ, ને નવું ગ્રીસ, તથા બધા ટાપુઓ તેના પોતાના પક્ષમાં છે.

ગ્રીસ અને મિત્ર રાજ્યો.

ઍથન્સ, ૧૭ મી ઑક્ટોબર.

ફ્રેંચ તથા ઇટાલિયન ખલાસીઓ પેરીઅસમાં ઉતર્યા છે, અને ઍથન્સની આસપાસ ઊંચાં મથકોનો તેમણે કબજો લીધો છે. એવો ખુલાસો અપાય છે, કે તેઓ પોલિસની મદદ માટે આવેલ છે. પ્રધાનમંડળની એક બેઠક ઉતાવળે ભરવામાં આવી છે. ઍથન્સના રેલવે વ્યવહાર ઉપર તપાસ રખાય છે.

ઇરાની બળવાખોરો તરફ ઉદારતા.

પિટ્રોગ્રેડ, ૧૭ મી ઑક્ટોબર.

જનરલ બૅરેટૉફની ભલામણ ઉપરથી ગ્રેન્ડ ડ્યૂક નિકોલસે કરમાનશાહમાં તુર્કોની બાજુમાં લડતાં પકડાયેલા ૧૫૦ ઇરાની કેદીઓને છૂટા કર્યા છે. જનરલ બૅરેટૉફે કેદીઓને કહેલું, કે "મારી ખાતરી થઇ છે, કે તમો તમારી ઇચ્છાથી લડયા નથી, પણ તમને ઊંધી રીતે દોરવામાં આવ્યા છે." ઇરાનીઓએ પ્રસન્ન થઇને જનરલ બૅરેટૉફના હાથપગને ચૂમીઓ લીધી હતી. તેમને નવાં વસ્ત્રો આપીને મોકલી દેવાનો બંદોબસ્ત થયો છે.

ટ્રાન્સિલ્વેનિયામાં લડાઇ.

લંડન, ૧૮ મી ઑક્ટોબર.

બ્રાસ્સોની પશ્ચિમે ફેનેનીથી બુકોવિના નજીક બેકસ ખીણ સુધીની આખી પહાડી સરહદ ઉપર સખ્ત લડાઇ ચાલે છે, અને દુશ્મનને હઠી જવું પડે છે.

ગ્રીસ પાસે માગણી.

ઍથન્સ, ૧૮ મી ઑક્ટોબર.

મિત્ર રાજ્યોએ માસીડોનિયામાંના લશ્કર માટે લારિસ્સા રેલવે ઉપર ૨૦૦ ગાડીઓની ગ્રીસ પાસે માગણી કરી છે. ગ્રીસ સરકારે જવાબ આપ્યો છે, કે પોતે કેટલીક ગાડીઓ આપવાને તૈયાર છે, પણ ૨૦૦ ગાડીઓ તો કુલ સંખ્યાનો અડધો ભાગ છે, અને તે આપી દેવાથી બીજો વ્યવહાર અટકી પડે તેમ છે.

નિવેદન.

આજના અંકની સાથે રૂશિયનોએ જિતેલા ત્રેબિઝોંડ શહેર અને તેના બંદરનો એક સુંદર ફોટોગ્રાફ અમે અમારા વાંચનારાઓને ભેટ આપીએ છીએ.

ભાવનગર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૩૧મી ઑક્ટોબર, ૧૯૧૬. [અંક ૪૮.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વેંહેંચાતું
સામાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૩૧ મી ઑક્ટોબર, ૧૯૧૬.

બ્રિટનમાં ફરજિયાત લશ્કરી નોકરી.

(ગયા અંકથી ચાલુ.)

એ સ્પષ્ટ થયું, કે સાર્વજનિક લશ્કરી નોકરી સિવાય બીજો કોઇ માર્ગ આમની સભા સ્વીકારશે નહીં. મિ. લૉઇડ જ્યૉર્જ અને તેના મળતિયાઓ, કે જેમનાં રાજીનામાંની દસ દિવસ પહેલાં વકી રખાતી હતી, તેમના અભિપ્રાય તરફ પાર્લમેન્ટના મોટા પક્ષનું તથા સમગ્ર દેશના ઘણા ભાગનું વલણ દેખાયું. મિ. એસ્કિવથને પ્રધાનમંડળના ખરડાની હાર સ્વીકારવી પડી, કે જે સુલેહના વખતમાં સરકારનીજ હાર ગણાત; અને તેને સાર્વજનિક ફરજિયાત નોકરી દાખલ કરવા માટે વ્યવસ્થા કરવી પડી.

મુખ્ય પ્રધાને ૧૯૧૬ ના મેની ૨ જી તારીખે ખરડો દાખલ કરવાની રજા માગી. એ પ્રસંગે સિપાઇગિરીના વધારે ઉમેદવારોની જરૂર માટેનાં જે કારણો તેણે આમની સભાની ખાનગી બેઠકમાં આપ્યાં હતાં, તે ફરીને રજૂ કર્યાં.

બ્રિટિશ સેનાના દરેક ભાગમાં સરાસરી ૨૫,૦૦૦ માણસો હોય છે, અને હિંદી લશ્કરને બાદ કરતાં શહેનશાહતની સેનાના તે વખતે ૮૩ વિભાગ હતા. સિત્તેર વિભાગની એક સેનાને ટકાવી રાખવાને દર અઠવાડિયે ૨૫,૦૦૦ થી ૩૦,૦૦૦ સુધી માણસોની ભરતી કરવાની જરૂર હતી. મુખ્ય પ્રધાને જણાવેલું, કે એટલા માણસો તો મહત્ત્વના ઉદ્યોગોને કશી હાનિ પહોંચાડ્યા વગર બ્રિટનથી પૂરા પાડી શકાય તેમ છે.

નવા ખરડામાં એવું લખેલું હતું, કે ૧૯૧૬ ના જાન્યુઆરીના લશ્કરી નોકરીના કાયદાની પૂરવણીમાં આપેલા અપવાદોમાં ન આવતા હોય, તેવા ૧૮ અને ૪૦ વરસની વચ્ચેના તમામ બ્રિટિશ પુરુષોને લશ્કરી નોકરી માટે નોંધાયેલા ગણવા; અને જેમનો વખત ભરાઇ ગયો હોય, તેવા માણસોને પણ વિગ્રહ ચાલે ત્યાં સુધી નોકરીમાં જારી રાખવા. આ ખરડો બીજા વાચનમાં પસાર થતો હતો, ત્યારે તેના ટેકામાં મિ. લૉઇડ જ્યૉર્જે એક સમર્થ ભાષણ કરેલું. તેણે પૂછેલું, કે શહેનશાહી જનરલ સ્ટાફે જે ગણી શકે તે દરેક માણસની માગણી કરી છે, અને એ લશ્કરી જરૂરની ના પાડી શકાય, તેવો કોઇ સિદ્ધાંત ટીકાકારો પાસે છે?

તેણે બતાવી આપ્યું, કે "દરેક મોટા પ્રજાસત્તાક રાજ્યને પોતાની સ્વતંત્રતાના રક્ષણ માટે ફરજિયાત નોકરી દાખલ કરવાની જરૂર પડી છે. વૉશિંગ્ટને અમેરિકા માટે સ્વતંત્રતા પ્રાપ્ત કરેલી, તે બલાત્કારના ઉપયોગથી; અને લિંકને એ સ્વતંત્રતા ટકાવી રાખેલી, તે પણ ફરજિયાત નોકરીથી. જ્યારે ટીકા કરનારાઓ એમ બોલે છે, કે બલાત્કાર સ્વતંત્રતાના સિદ્ધાંતોથી વિરુદ્ધ છે, ત્યારે તેઓ સાધારણ વ્યાવહારિક બુદ્ધિથી તથા તમામ ઇતિહાસના ઉપદેશથી ઉલટું બોલે છે. જો આ નિયમથી માત્ર ૨૦૦,૦૦૦ માણસો મળશે, તોપણ તેથી પાયદળના ૧૦ વિભાગ થશે. જ્યારે ઈપ્રની પહેલી ભયંકર લડાઇ થઇ, અને બંને બાજુનાં લશ્કરો થાકી ગયાં હતાં, ત્યારે બ્રિટિશો કે જર્મનો, જે કોઇ એક તાજો વિભાગ લાવી શક્યા હોત, તે વિજય મેળવત."

તે પછી મજૂર પક્ષના પ્રધાન મિ. આર્થર હેન્ડરસને કબૂલ કર્યું, કે "બલાત્કારના સવાલમાં મને પોતાને સૌથી વધારે વાંધો હતો; પણ હવે જ્યારે બલાત્કાર માટે લશ્કરી જરૂર ઉભી થઇ છે, ત્યારે મને ખાતરી છે, કે બલાત્કાર અથવા હાર બેમાંથી એકની પસંદગી કરવાની હોવાથી પ્રજા વિભક્ત થશે નહીં, પણ સંયુક્ત થશે. માણસો ઇચ્છા પ્રમાણે લશ્કરમાં જોડાવાથી એવું બન્યું છે, કે કુશળ કારીગરો લશ્કરમાં ગયા છે, અને વેપારને નુકસાન થયું છે. હું મિ. લૉઇડ જ્યોર્જની સાથે મળતો થાઉં છું, કે લશ્કરી ઉમરના ૨૦૦,૦૦૦ કરતાં વધારે લાયક માણસો ઉદ્યોગોમાંથી ફાજલ પાડી શકાય તેમ છે." પછી મતો લેવાયા, તેમાં ૩૬ વિરુદ્ધ તથા ૩૨૮ પક્ષમાં પડ્યા.

આમની સભામાં આ પ્રમાણે જય મેળવ્યા પછી મિ. લૉઇડ જ્યોર્જે, પોતે જેમનો પ્રતિનિધિ હતો તે માણસોની સમક્ષ, કૉનવેમાં એક ભાષણ આપેલું. તેણે કહેલું, કે "અત્યારે ૩૦૦,૦૦૦ ઓરતો દારૂગોળો બનાવવાના કામમાં રોકાયલી છે, કે જે કામ ઓરતો કરી શકે, એમ વિગ્રહ પહેલાં કોઇએ ધારેલું નહીં. પહેલાંના વખતમાં ખેતીના કામમાં અત્યારના કરતાં વધારે ઓરતો રોકાતી હતી; અને હજી પણ જો જરૂર પડશે, તો ઓરતો ખેતરોનું કામ ઉપાડી લઇને પુરુષોને લડવાને માટે છૂટા કરી શકશે. લૉર્ડ ડરબીના ભગીરથ પ્રયત્નમાં પણ બલાત્કારનો અમુક અંશ હતો, અને તેમાં બલાત્કાર તથા સ્વેચ્છા બંનેના કેટલાક ગેરફાયદા હોવા છતાં એકેયના ફાયદા નહોતા. મુખ્ય પ્રધાનની સાથે અનુકૂલતાથી કામ કરવા છતાં મારે મારા ઉપરીની સાથે અમુક મતભેદ થયો છે; પણ જો હું મારા વિચારો છૂટથી અને સંકોચ વગર દર્શાવી ન શકું, તો પછી હું શા કામનો? મંત્રીસભામાં તો છૂટથીજ ચર્ચા થવી જોઇએ. મંત્રીઓ કંઇ હાજીહા કરનારા સંચાઓ જેવા હોવા જોઇએ નહીં. અને પ્રજાને જો એવા માણસો જોઇતા હોય, તો મારાથી તેવા થવાય તેમ નથી. * * *

"અને એક વાત મારે કહેવાની છે: વખત કંઇ મદદગાર નથી. અત્યારે તો તે એક શંકાશીલ તટસ્થ જેવો છે, અને આપણા પક્ષ તરફ સ્પષ્ટ ઢળેલ નથી. પણ પ્રયત્નથી, તૈયારીથી, નિશ્ચયથી, અને વ્યવસ્થાથી વખતને આપણે આપણા પક્ષમાં વાળી શકીએ. વળી, આપણા ભાળતિયાઓની સાથે આપણે સંપ હોવો જોઇએ; અને યોજનાથી તથા સહકારમાં આપણે કામ

કરવું જોઇએ. સંપ તો આપણામાં બેશક છે. વર્તમાન એકસંપીના કરતાં પરસ્પર વધારે સદ્દભાવથી અગાઉ કોઇ વાર કામ થયેલું નથી. છતાં યોજના અને સહકારના સંબંધમાં હજી ઘણું વધારે બની શકે તેમ છે. આપણી પાસે સાધનો છે. પણ પદ્ધતિમાં દુશ્મનો ઘણી વાર ચડી જાય છે. આપણે આપણાં સાધનો ઉપર તેમની પદ્ધતિઓ વાપરશું, તો જય પામશું. 'લોકો ઉપર વિશ્વાસ રાખો,' એ જૂના સૂત્રને હું માનું છું. જે કંઇ બને તે તેમને જણાવવું જોઇએ. કશુંજ ગુપ્ત રાખવા જેવું નથી. લોકો હિંમતવાન છે, પણ આફત સામે દેખાય ત્યાં સુધી તેઓ સર્વોપરિ પ્રયાસ કરતા નથી. સંકટ શું છે તે તેમને કહો, એટલે તેઓ દરેક પ્રસંગને માટે લાયક નિવડશે. લોકો પર તમે વિશ્વાસ રાખી શકો. થોડા વખત ઉપર અમેરિકાના એક કાળા પહાડની આગળ ખોદનારાઓની છાવણી સંબંધી મેં એક વાત વાંચી હતી. ખોદનારાઓ ઘણી મહેનત કરતા હતા, પણ તેમનું કશું વળતું નહોતું. એક રાતે મોટું તોફાન થયું. ધરતીકંપથી કઠણ સપાટી છેદાઇ ગઇ, ખડકો આસપાસ વિખેરાઇ ગયા, અને પ્રભાત થતાં ખોદનારાઓને ફાટો તથા ચીરાઓમાં સોનું દેખાયું. યૂરપના સારા સારા દેશો ઉપર પણ એવુંજ મોટું તોફાન અત્યારે ચાલી રહ્યું છે. પણ તમે જોશો, કે આ ભયંકર રાતમાં સ્વાર્થ અને લોભની કઠણ સપાટી છેદાઇ ગઇ છે; અને લોકોનાં ચીરાયેલાં હૃદયમાં હિંમત, દૃઢતા, સહનશીલતા, ભક્તિ, અને આસ્થાના સોનેરી ખજાના ભરેલા છે."

કૉનવેના વક્તાઓમાં મિ. લૉઇડ જ્યોર્જની સાથે એક બીજો પ્રખ્યાત વેલ્સવાસી પણ હતો. એ વેલ્સવાસી તે ઑસ્ટ્રેલિયાના કર્મકાર પ્રધાનમંડળનો મુખ્ય પ્રધાન મિ. હ્યૂઝ. ફરજિયાત લશ્કરી નોકરીની ચર્ચાને પ્રસંગે મિ. હ્યૂઝનું બ્રિટનમાં આવવું થયું, એ એક સદ્દભાગ્યની નિશાની ગણાય. માનવજાતિના ઇતિહાસમાં મિ. હ્યૂઝ પહેલવહેલો કર્મકાર પ્રધાન છે, અને જે કર્મકારોના વર્ગમાંથી તે આવેલો છે, તે તેના વિચારો ઘણા માનથી સાંભળે છે, કારણકે મૂડીદાર વર્ગના લાભ માટે કામ કરવાનો આરોપ તેના પર મૂકી શકાતો નથી. મિ. હ્યૂઝ એક અસાધારણ બોલનાર છે. તેણે કહેલું, કે "કરારમાં વખતનું તત્ત્વ આવશ્યક છે, અને જો અત્યારે આપણે હારશું, તો જેમ હું જીવું છું, અને જેમ પ્રભુ આપણો તારનાર જીવે છે, તેમ હું તમને ખાતરીથી કહું છું, કે આપણે નરકમાં પડશું." બેશક તે પ્રશિયન પદ્ધતિના પાર્થિવ નરક સંબંધી બોલેલો, કે જ્યાં ૨૦૦ કે ૩૦૦ મોટા મૂડીવાળાઓ કર્મકારોને અંકુશમાં રાખે છે, અને જો તેઓ કોઇ પ્રકારની છૂટ માટે હડતાળ પાડે, તો તેમને ગોળીએ દેવાને લશ્કરી નાતને બોલાવે છે.

૧૯૧૬ ના જાન્યુઆરીમાં એવી વાતો ચાલતી હતી, કે જો ફરજિયાત નોકરી દાખલ થશે, તો દેશમાં આંતર વિગ્રહ સળગશે. આવી વાતો કરનાર મેંબરો ઉપર ઑસ્ટ્રેલિયાના મુખ્ય પ્રધાનના શબ્દોએ સારી અસર કરેલી.

૧૯૧૬ ના મેની ૨૭મી તારીખ અને ગુરુવારે લશ્કરી નોકરીના નવા ખરડાને રાજાજીની બહાલી મળી. બ્રિટનના સામાજિક જીવનમાં સેંકડો વરસથી એટલો મોટો ફેરફાર થયેલો નથી.

પ્રજાને પોતાના સંકટના વખતમાં સૅક્સન અને નૉર્મન વખતની પદ્ધતિ અખ્તિયાર કરવી પડી, કે જ્યારે રાજાને પ્રજાના બચાવ માટે પોતાના મુલકમાંથી દરેક માણસ, વહાણ, અને ઢોરને પકડવાનો હક્ક ગણાતો.

માણસોના સંબંધમાં આ હક્ક દાખલ કર્યા પછી દ્રવ્યના સંબંધમાં પણ એ પ્રકારનું પગલું ભરવામાં આવ્યું. શરૂઆત તો ઘણો ઊંચો આવકવેરો નાંખીને કરવામાં આવેલીજ હતી.

એજ અરસામાં એક વિલક્ષણ પ્રકારના બલાત્કારની પણ સરકારે શરૂઆત કરી. દેશનાં પ્રકાશનાં સાધનોમાં કરકસર કરવા સારૂ લગભગ દરેક માણસને એક કલાક વહેલા ઉઠીને દિવસના પ્રકાશમાં વધારે કામ કરવાની ફરજ પાડવામાં આવી. સરકારે દિવસના પ્રકાશના બચાવનો ખરડો રજુ કર્યો, અને તેને ૧૯૧૬ ના મેની ૧૭ મી તારીખે રાજાજીએ સંમતિ આપી.

દરમિયાન એપ્રિલની આખરે ૨૭ થી ૩૫ વરસ સુધીની ઉમરના પરણેલા માણસોને બોલાવવામાં આવ્યા; અને મેની ૨૯ મીએ આ પરણેલા માણસો લશ્કરમાં ગયા. બાકીના બધા પરણેલા માણસોને બોલાવવાને જૂનની ૨૪ મી તારીખ મુકરર કરવામાં આવી; અને એજ તારીખે બીજા બધા માણસોએ પણ નવી ભરતી કરનારી ઑફિસોમાં હાજર થવાનું ઠર્યું.

બ્રિટનના ગૃહજીવનમાં ગંભીર ક્ષોભ થયો. જોકે માણસો બહાદુર ચહેરાથી આવવા લાગ્યા, અને તેમની સાથે કોઇ વાર તેમની ઓરતો તથા છોકરાં પણ આવતાં, છતાં ખાલી થયેલાં અને ખાલી થતાં ઘરોમાં ગંભીર ચિંતા હતી.

પ્રજાકીય સેવાની બધી યોજનાઓમાં આયલૅંડના લોકોને શરૂઆતથી બાતલ રાખવામાં આવ્યા હતા. મુશ્કેલી એ હતી, કે કૅથલિક પ્રદેશોના ઘણા માણસો બેવફા હતા. ગાલવેમાં ખૂનીઓ અને વ્યથા કરનારાઓની આઇરિશ-અમેરિકન ગુપ્ત મંડળની એક શાખા હયાતીમાં હતી; અને તે "સિન ફેન" (=એકલા અમેજ) ના નામથી ઓળખાતા મંડલની સાથે જોડાયલી હતી. સિન ફેનનું મંડળ શરૂઆતમાં માત્ર આયલૅંડના પ્રાચીન સાહિત્યના અભ્યાસ માટે સ્થપાયું હતું; પણ પાછળથી ઉપર કહેલા આઇરિશ-અમેરિકન મંડળ સાથે ભળવાથી તોફાની થઇ ગયું હતું.

૧૯૧૬ ના માર્ચના પહેલા સપ્તાહમાં ન્યૂ યૉર્કમાં મળેલી એક સમિતિમાં યુનાઇટેડ સ્ટેટ્સના કેટલાક સિન ફેનરોએ અભિમાન કર્યું હતું, કે તેમની પાસે પોતાની સબમરીનો છે. તે પહેલાં કેરી કિનારા પર જર્મન સબમરીનોને પેટ્રોલ પૂરું પાડવાને સિન ફેનરોએ ઘણું કરીને વ્યવસ્થા રાખી હતી. ડબ્લિનમાં મળેલા રૉયલ કમિશન આગળ પાછળથી એવી વાત રજુ થયેલી, કે એક જર્મન, કે જે મોટી દક્ષિણ અને પશ્ચિમની રેલવેની માલેકીની ઘણી હોટેલોની વ્યવસ્થા કરતો હતો, તેણે એ હોટેલોમાં પરદેશી દુશ્મનોને ભરેલા, પોતે પરહેજ થયેલો નહીં, અને જર્મનીના લાભમાં કિલાર્નીની આસપાસ કામ કરતો રહેલો. એ માણસને પ્રબળ મિત્રો હોય, એવું દેખાતું હતું. કૅથલિક આયલૅંડમાં કેટલાક જુવાન પાદરીઓએ બળવાની હીલચાલને

ઉત્તેજન આપેલું; અને કેટલાક દાખલામાં પોતાનાં ઉપાસક મંડળોને મારામારી કરવાને આગ્રહ કરેલો. વળી, ઘણા ખેડુતોના દીકરા એવા હતા, કે જે પાકની અને ઢોરની ઘણી ઊંચી કિંમત આવવાને લીધે આબાદ થયા હતા. તેઓ કેવળ પૈસાનાં કારણોને લીધે લશ્કરી નોકરીમાંથી છટકી જવાને ઇચ્છતા હતા; અને કદાચ તોફાન કરવાની કશી ધારણા વગર પોતાના આશ્રિતો સાથે સિન ફેનમાં ભળ્યા હતા.

આ વર્ગના માણસો સિન ફેનને લશ્કરી નોકરીની સામે ઢાલ તરીકેજ વાપરતા હતા. પોસ્ટ ઑફિસના તથા બીજી સરકારી ઑફિસોના ઘણા જુવાન અમલદારો એ હીલચાલમાં ભળ્યા હતા, છતાં વિગ્રહની શરૂઆતના વખતમાં આયર્લેંડમાં ઠીક શાંતિ હતી; અને જર્મન સબમરીનોને તેલ પૂરૂં પાડનાર માટે ભાગે પરદેશી દુશ્મનો તથા રિશ્વતખોર દેશદ્રોહીઓજ હતા. પોલિસના જોવામાં આવેલું, કે ગાલવેમાં અને દક્ષિણમાં કેટલાક ગરીબ માણસો એકાએક તવંગર થઇ ગયેલા. પણ લગભગ બાર મહિના સુધી તો લશ્કરને માટે નવા સિપાઇઓની ભરતી સારી રીતે ચાલ્યા કરી હતી. નવા સિપાઇઓનું પ્રમાણ પ્રૉટેસ્ટંટ બેલફાસ્ટના કરતાં કૅથલિક ડબ્લિનનું લગભગ અર્ધુંજ હતું; પણ મિ. જૉન રેડમંડના સંબોધન પછી ડબ્લિને પણ લગભગ એક વિભાગ થાય તેટલા માણસો પૂરા પાડેલા.

પણ પ્રજાકીય રજિસ્ટરની સ્થાપના તથા લડાયક ઉમરના માણસોને પરદેશ જવાની મના થયા પછી કૅથલિક વસ્તી ઉપર ખરાબ અસર થયેલી. ત્યારે ફરજિયાત લશ્કરી નોકરીની ધાસ્તીથી ઘણા માણસો સિન ફેનની હીલચાલમાં ભળ્યા, અને ઘણા બળવાની હીલચાલ માટે લાગણી દર્શાવવા લાગ્યા. આયર્લેંડની પશ્ચિમના તથા દક્ષિણના ઘણા ભાગમાં સિન ફેનના આગેવાનો કામ કરવા લાગ્યા; અને કેટલાક જુવાન પાદરીઓએ રાજ્ય વિરુદ્ધ ઉપદેશો આપવા માંડ્યા. આઇરિશ પોલિસના ઉપરી સર નેવિલ ચેંબરલેને આયર્લેંડના અન્ડર-સેક્રેટરી સર મેથ્યુ નેથાનને ઓછેર કર્યું, કે જહાલોના કબજામાં હથિયારો અને દારૂગોળો હોવાથી દેશની સલામતીને જોખમ છે; અને રાજ્યની સાથે નિસબત ન હોય તેવા તમામ માણસોને હથિયારો માટે પરવાનો મેળવવાની ફરજ પાડવી જોઇએ. પણ એ સૂચના ઉપર કશું ધ્યાન અપાયું નહીં.

હકીકત એ હતી, કે આયર્લેંડનો સેક્રેટરી ઑફ સ્ટેટ મિ. ઑગસ્ટાઇન બિરલ ઘણે ભાગે મિ. જૉન રેડમન્ડ અને મિ. ડિલૉનના મતથી દોરવાતો હતો. પ્રજાકીય પક્ષના આગેવાનો ઘણી રીતે સિન ફેનના મુખ્ય વિરોધી હતા. સિન ફેનના આગેવાનો મિ. રેડમન્ડને અને મિ. ડિલૉનને સૌથી વધારે ગાળો દેતા; કારણકે પ્રજાકીય પક્ષના આગેવાનો કાયદેસર સાધનોથી સુધારો કરવા ચાહતા હતા, અને બળવાખોરોના માર્ગમાં વિઘ્નરૂપ હતા. પણ સિન ફેન કેટલું તોફાન કરી શકશે, તેની કલ્પનામાં મિ. જૉન રેડમન્ડે ભૂલ કરેલી. પરિણામ કેવું આવ્યું, તે અગાઉ ડબ્લિનના બળવાના વર્ણનમાં લખાઇ ગયું છે.

લડાઇના તાર.

સામાન્ય સ્થિતિ.

રૂમાનિયનો ટ્રાન્સિલ્વેનિયા પર ચડાઇ કરે છે, ત્યાં ડોબ્રુજામાં જર્મનો પેઠા છે. મૅકેન્સનના એ ફટકાથી સ્થિતિ જરા વિષમ થઇ પડી છે. જે ઘાટો રૂમાનિયાના હાથમાં આવ્યા હતા, તેમાંના કેટલાક દુશ્મને પાછા લઇ લીધા છે; અને બે ઠેકાણે દુશ્મનો તેના મુલકમાં પેઠા છે. કાળા સમુદ્ર ઉપર કોન્સ્ટેન્ઝાનું બંદર દુશ્મને કબજે કર્યું છે. ગ્રીસનું વલણ હજી અનિશ્ચિત છે. પશ્ચિમ મોખરા ઉપર ફ્રેંચોએ ઠીક જીત મેળવી છે. પણ એકંદર સ્થિતિ હજી જોઇએ તેવી સંતોષકારક થઇ નથી. દુશ્મનો આગબોટોને ડુબાવ્યા કરે છે.

સર્બિયન જીત.

લંડન, ૧૯ મી ઑક્ટોબર.

ડૉબ્રોમીની ઉત્તરે બલ્ગેરિયનોના હુમલા ઘણા નુકસાન સાથે હઠાવવામાં આવેલ છે. ઝર્નાના ડાબા કિનારા પર બ્રૉડ નામનું ગામડું સર્બિયનોએ કબજે કર્યું છે. વેલેસેલ્લો ગામ પણ હાથ પડ્યું છે. વિમાનોએ હડી જતા બલ્ગરો ઉપર બૉંબ ફેંકયા છે. ત્રણ તોપો અને ઘણા કેદીઓ પકડાયેલ છે.

રૂમાનિયન મોખરો.

લંડન, ૨૦ મી ઑક્ટોબર.

આગાસ પાસે રૂમાનિયનોએ દુશ્મનોને હઠાવ્યા છે, ૩૦૦ કેદીઓ પકડ્યા છે, અને ૧૨ તોપોનો નાશ કર્યો છે. આગાસ રૂમાનિયાની અંદર સાત માઇલ છે.

ઑસ્ટ્રિયન મુખ્ય પ્રધાનનું ખુન.

આમ્સ્ટર્ડામ, ૨૧ મી ઑક્ટોબર.

બર્લિનથી તાર છે, કે આજે ઑસ્ટ્રિયન મુખ્ય પ્રધાનને એક વિયેનાના સોશ્યલિસ્ટ એડિટરે ગોળીના ઘાથી મારી નાંખ્યો છે. મુખ્ય પ્રધાન એક હોટેલમાં ખાણું લેતો હતો, ત્યાં તેના પર ત્રણ ગોળી છોડવામાં આવી હતી. ખૂની પ્રજાકીય પક્ષનો સેક્રેટરી છે.

ગ્રીસ ઉપર અંકુશ.

લંડન, ૨૧ મી ઑક્ટોબર.

ઍડમિરલ ફ્રેરનેટે ગ્રીક પોલિસ ઉપર જાપતો રાખવાને એક ફ્રેંચ ઇન્સ્પેકટરની નીમણુક કરી છે. રાજા કૉન્સ્ટન્ટાઇને પોતાની જાતના બચાવ માટે ૮૦ પોલિસોને વધારીને ૪,૦૦૦ની સંખ્યા કરેલ છે, અને તેઓ લોકોને સતાવે છે. એમની ઉપર પણ ફ્રેંચ ઇન્સ્પેકટરનો અંકુશ રહેશે. ગ્રીક સરકારને કહેવામાં આવેલ છે, કે થેસલીમાંનું બધું લશ્કર પેલોપોન્નીસસમાં લઇ જવું.

મોલ્ડેવિયામાં રૂમાનિયન જીત.

લંડન, ૨૩ મી ઑક્ટોબર.

દુશ્મનોના અતિશય દબાણને લીધે રશિયનો તથા રૂમાનિયનોને ડોબ્રુજામાં હઠી જવું પડ્યું છે. મોલ્ડેવિયામાં પશ્ચિમની સરહદ ઉપર હઠીલી લડાઇ ચાલે છે, જેમાં રૂમાનિયનો જીતે છે.

બ્રિટિશ ધસારો.

લંડન, ૨૪ મી ઑક્ટોબર.

એંકરની દક્ષિણે જમણા હાથ તરફ આપણી લાઇન ગ્વેડેકોર્ટની પૂર્વમાં આગળ વધી છે. એક હજાર વારમાં દુશ્મનની ખાઇઓ કબજે થઈ છે.

ડુઓમોન્ટનો કિલ્લો.

પારિસ, ૨૫ મી ઑક્ટોબર.

ડુઓમોન્ટનો કિલ્લો અને ગામ ફ્રેંચોએ પાછાં લઇ લીધાં છે. અત્યાર સુધીમાં ૩,૫૦૦ કેદીઓ ગણાયા છે. પ્રાસથી ડુઓમોન્ટના રસ્તા ઉપર ફ્રેંચ લશ્કરે પડાવ નાંખ્યો છે.

મિ. લૉઇડ જ્યોર્જ.

લંડન, ૨૫ મી ઑક્ટોબર.

રૂમાનિયાની સ્થિતિ સંબંધી આમની સભામાં પૂછાયેલા એક સવાલના જવાબમાં મિ. લૉઇડ જ્યોર્જે કહ્યું છે, કે "આપણે અને આપણા મિત્રો એ સંબંધમાં સાથે કામ કરીએ છીએ. રૂમાનિયાને મદદ આપવાને જે કંઇ બની શકે છે તે કરવામાં આવે છે. વિગતોમાં ઉતરવું દેખીતું અનિષ્ટ છે."

દુશ્મનના વ્યર્થ હુમલા.

પારિસ, ૨૬ મી ઑક્ટોબર.

ડુઓમોન્ટ આગળ ફ્રેંચોએ જે મથકો પડાવ્યાં છે, તે ઉપર જર્મનો વ્યર્થ હુમલા કર્યા કરે છે. કુલ ૫,૦૦૦ કરતાં વધારે કેદીઓ અને સેંકડો જખમી સિપાઇઓ પકડાયેલ છે.

ડોબ્રુજામાં સ્થિતિ.

લંડન, ૨૬ મી ઑક્ટોબર.

એક રશિયન તારથી જણાય છે, કે ડોબ્રુજામાં દુશ્મનનું દબાણ નબળું પડયું છે. રૂમાનિયનો ઉત્તર-પૂર્વના મોખરા પરના ધસારાને અટકાવી શકયા છે. મોલ્ડેવિયાની પશ્ચિમ સરહદ ઉપર દુશ્મનને હઠી જવું પડયું છે; અને હવે ટ્રોટસ ઘાટ તથા ઉઝુલ ખીણના પ્રદેશમાં થોડોજ મુલક તેમના હાથમાં રહ્યો છે.

મિ. એસ્કિવથનું ભાષણ.

લંડન, ૨૬ મી ઑક્ટોબર.

આમની સભામાં સર એડવર્ડ કાર્સનને જવાબ આપતાં મિ. એસ્કિવથે જણાવ્યું છે, કે રૂમાનિયાની સ્થિતિ તરફ ગ્રેટ બ્રિટનનું તથા તેનાં મિત્ર રાજ્યોનું પૂરેપૂરૂં ધ્યાન છે, એ ઉપરાંત વધારે કહેવું અશકય, અથવા તેમ નહીં તો, અનિષ્ટ છે. રૂમાનિયાને મદદ આપવાને અઠવાડિયાં થયાં બનતું બધું કરવામાં આવે છે. અમંગળ વિચારો કરવા મુનાસબ નથી.

ભાવનગર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૭ મી નવેમ્બર, ૧૯૧૬. [અંક ૪૯.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વેહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૭ મો નવેમ્બર, ૧૯૧૬.

પ્રેસિડન્ટ વુડરો વિલ્સન.

પ્રિન્સટન યુનિવર્સિટીમાં એક વાર એક વિવાદ થવાનો હતો. ઇનામ કોણ લઇ જશે, એ બાબતમાં કોઇને કશી શંકા નહોતી; કારણકે આખી યુનિવર્સિટીમાં તરુણ વુડરો વિલ્સને સર્વોપરિ વિવાદક તરીકે પ્રતિષ્ઠા મેળવી હતી, અને તેના વિજયની સૌને ખાતરી હતી. વિવાદ "અબાધિત વ્યાપાર વિરુદ્ધ રક્ષક રાજનીતિ" સંબંધી હતો; અને વિવાદમાં ભાગ લેનારાઓએ કયો વિષય પસંદ કરવો, તેનો ચિઠ્ઠીઓ નાંખીને નિર્ણય થવાનો હતો. વિલ્સને જે ચિઠ્ઠી ઉપાડી, તેમાં "રક્ષક રાજનીતિ" નો વિષય લખાયેલો આવ્યો. તેણે ચિઠ્ઠી ફાડી નાંખી; અને વિવાદમાં ભાગ લેવાની ના પાડી. તે અબાધિત વ્યાપારની રાજનીતિનો આગ્રહી હિમાયતી હતો; અને જે દલીલો પોતે માનતો ન હતો તેની વિવાદની ખાતર પણ હિમાયત કરવાની તેણે સાફ ના પાડી. ઇનામ એક બીજા માણસને મળ્યું, જેણે પોતાની ફતેહનું એવું કારણ આપેલું, કે "જે માણસ મને હરાવી શકત, તે એવી નીતિનો હતો, કે પોતાના સિદ્ધાંત વિરુદ્ધ વિવાદ કરવાનું તેને યોગ્ય લાગેલું નહીં."

આ બનાવ પ્રેસિડન્ટ વિલ્સનના સ્વભાવને સારી રીતે પ્રદર્શિત કરે છે. તેના જેવા એક વિદ્યાવિલાસીની યુનાઇટેડ સ્ટેટ્સના પ્રેસિડન્ટ તરીકે ચૂંટણી થઇ, એ પ્રસંગ દુનિયાના ઇતિહાસમાં વિરલ છે, અને વિચારવા લાયક છે. ડા. વિલ્સનને ૫૩ વરસ પહેલાં જ્યારે અબ્રાહમ લિંકન પ્રેસિડન્ટ તરીકે ચૂંટાયો, તે વખતે બે માણસોને વાતચિત થયેલી, તેનું સ્મરણ છે. તેણે એક માણસને બીજાને એમ કહેતો સાંભળેલો, કે "આનો અર્થ લડાઇ." તે દિવસથી કોઇ પણ પ્રેસિડન્ટની ચૂંટણી એટલી અર્થસૂચક થઇ નથી. તેનો અર્થ એ છે, કે અમેરિકન રાજનીતિનો ઉદ્ધાર થવા માંડ્યો છે. જે લોકો ખરી અને ખોટી વસ્તુની કિંમત સમજી શકે છે, તેમને માટે સારી આશા રાખી શકાય. અને એમ સુખેથી કહી શકાય, કે અમેરિકન રાજનીતિની ટંકશાળમાં છેલ્લાં પચાસ વરસમાં પડેલો પહેલો મોટો સિક્કો એ ડા. વિલ્સન છે.

ચહેરામાં તે જોસફ ચેમ્બરલેનને મળતો આવે છે. આખો ચહેરો જુઓ, કે માત્ર એક

ભાગ જુઓ, પણ એ સરખામણી થયા વગર રહેતી નથી. માત્ર મ્હોડામાં અમુક તફાવત દેખાય છે. મિ. ચેમ્બરલેનનું મ્હોડું દુરાગ્રહ પ્રગટ કરે છે. પણ ડા. વિલ્સનના મ્હોડાની આસપાસ આનંદ અને પરિહાસની રેખાઓ છે. તે કહે છે, કે ઉદ્ધારકને પણ બેવકૂફ થવાની જરૂર નથી. એક પ્રોફેસરને પણ નીરસ થવાની આવશ્યકતા નથી. અને પ્રેસિડન્ટ વિલ્સન જ્યારે પણ કંઇ બોલે છે, ત્યારે દુનિયાને ગમ્મત થયા વગર રહેતી નથી.

પણ સ્વભાવમાં અમુક ભેદ છતાં એક બાબતમાં બંને સમાન છે. બંને અગ્રેસર થવાના આગ્રહી છે. અગ્રેસર થવાના પણ અનેક પ્રકાર છે. મિ. ગ્લૅડસ્ટન એવા પ્રકારનો અગ્રેસર હતો, કે તેની સામે થવામાં માણસને દેવની સામે થવા જેવું લાગે. મિ. લૉઇડ જ્યૉર્જ વળી જૂદા પ્રકારનો અગ્રેસર છે, અને અદ્ભુત ચપળતા એ તેનું વિશિષ્ઠ લક્ષણ છે. પ્રેસિડન્ટ વિલ્સનની અગ્રેસરતા ચેમ્બરલેનના જેવી છે: તે કઠણ અને સીધા ઘા કરનાર આદમી છે; અને કશું છુપાવવું તેને પસંદ નથી.

ડા. વિલ્સન કેવો આદમી છે, તેની અમેરિકાને પહેલવહેલી જેથી ખબર પડી, એ પ્રસંગ આપણે વિચારીએ. પ્રિન્સટન યુનિવર્સિટીને વિદ્વત્તા અને પ્રજાશાસનનું મોટું સાધન બનાવવા તે ચાહતો હતો. લક્ષાધિપતિઓ તેની સામે થયા, અને તે હાર્યો. તેણે કહેલું, કે "દેશ આપણને એવા માણસો ગણે છે, કે જેઓ પૈસા કરતાં વિચારોને પસંદ કરે છે. પણ એમ દેખાય છે કે આપણી ભૂલ છે: કારણકે આપણે વિચારો કરતાં પૈસાને પસંદ કરીએ છીએ." એ હાર યશસ્વી હતી: તેનું ફળ એ આવ્યું, કે પાંચ વરસ પછી લક્ષાધિપતિઓથી હાર પામેલો આદમી યુનાઇટેડ સ્ટેટ્સનો પ્રેસિડન્ટ થયો. ન્હાની લડાઇમાં તે હાર્યો, તેનું પરિણામ એ આવ્યું, કે મોટી લડાઇમાં તે જીત્યો. ખરેખર, વખત જે વૈર લે છે, તે કોઇ વાર સ્વપ્નાંઓના કરતાં પણ વધારે અદ્ભુત હોય છે.

એ લડતથી તે પોતાના સ્ટેટમાં પ્રખ્યાત થયો હતો, અને જ્યારે પ્રિન્સટનની તેની કારકીર્દી હારમાં પૂરી થતી દેખાતી હતી, ત્યારે ન્યૂ જર્સીના ગવ્હર્નરની જગ્યા માટે "ડેમૉક્રેટિક" પક્ષ તરફથી ઉમેદવારી કરવાનું તેને આમંત્રણ થયું. ડા. વિલ્સન જરા વિચારમાં પડયો. માજી સેનેટર સ્મિથ એ પક્ષમાં કર્તાહર્તા હતો, અને તેની અનીતિ સામે ડા. વિલ્સન હમેશાં લડત ચલાવતો આવ્યો હતો. આનો અર્થ શો? તેણે જવાબ આપેલો, કે સ્મિથ ઉમેદવારી ન કરે, એ સરતે પોતે ઉમેદવારી કરવા તૈયાર હતો. "જો હું ગવ્હર્નર હોઇશ, ત્યારે તે એ પ્રમાણે કરશે, તો મારે તેની સામે થવું પડશે. મારા સિદ્ધાંતોથી જે વિરુદ્ધ છે, તેનો એ પ્રતિનિધિ છે." તેને કહેવામાં આવેલું, કે સ્મિથ એટલો માંદો છે, કે ઉમેદવારી કરી શકે તેમ નથી. છેવટે ડા. વિલ્સન ગવ્હર્નર થયો. "રીપબ્લિકન" પક્ષના માણસોજ ઘણાં વરસથી એ અધિકાર ભોગવતા આવ્યા હતા. એજ દિવસે જેમ્સ ઇ. માર્ટિન પણ "પ્રાથમિક સભા" તરફથી સેનેટર તરીકે ચૂંટાયો. માર્ગ ખુલ્લો થયો. માજી સેનેટર સ્મિથ, કે જે એક ઘણો સભ્ય

અને ઘણો લુચ્ચો આદમી હતો, તે ગવર્હનરને મળવા આવ્યો. તેણે ધારેલું, કે પ્રોફેસરને તો તે રમકડાની માફક નચાવી શકશે. તે પોતાના ભૂતકાલ સંબંધી અને પ્રકૃતિમાં સુધારા સંબંધી બોલવા લાગ્યો. તેણે કહ્યું, કે "હવે મારી પ્રકૃતિ એટલી સુધરી છે, કે હું સેનેટમાં જવા માટે ઉમેદવારી કરી શકીશ." વિલ્સને જવાબ આપ્યો, કે "પ્રાથમિક સભાએ માર્ટિનની ચૂંટણી કરી છે, અને હવે એ ચૂંટણીને બહાલી આપવા સિવાય બીજું કશું કરવાનું રહ્યું નથી." સ્મિથ બોલ્યો, કે "પ્રાથમિક સભાની વાત તો મશ્કરી જેવી સમજવી." નવા ગવર્હનરે જવાબ આપ્યો, કે "એને મશ્કરી તો ન કહેવાય. પણ માનો કે એ મશ્કરી જેવું થયું છે. તો હવે પછી પણ તે મશ્કરી ન રહે, તે માટે ઉપાય એજ છે, કે તેનો ગંભીરતાથી સ્વીકાર કરવો. તેનો ગંભીરતાથી સ્વીકાર થશેજ, અને મશ્કરીઓ બંધ પડશે. જો ગુરુવારની છેલ્લી ટપાલ સુધીમાં તમે તમારો ઇરાદો છોડી દેવાનું જાહેર કરશો નહીં, તો શુક્રવારે સહવારે હું તમારી સામે મારો વિરોધ પ્રગટ કરીશ."

એ કાગળ ન આવ્યો; અને તેને બદલે વિલંબ માટે માગણી આવી. વિલંબ કરવાનો હતોજ નહીં: શુક્રવારે વિલ્સને પોતાનો વિરોધ જાહેર કર્યો, અને ધારાસભાની બેઠક માટે રાહ જોયા વગર લોકોની મોટી સભાઓ ભરીને તેમને જણાવ્યું, કે પ્રાથમિક સભામાં પ્રગટ કરેલી ઇચ્છા પ્રમાણે તેમના પ્રતિનિધિઓ વર્તે એ તેમણે જોવું જોઇએ. "બિલકુલ ડરો નહીં. સામા પક્ષનો સંચો તમને કિલ્લા જેવો દેખાતો હશે. અંદર સાચાં માણસો છે, અને સાચી તોપો છે, એવું તમને લાગતું હશે. પણ જાઓ, અને તેને અડી જુઓ. એ તો રમવાનાં પત્તાંનું બનાવેલું ઘર છે. જે સેનાપતિઓ લાગે છે તે બનાવટી છે. જે તોપો લાગે છે તે માત્ર રમકડાં છે. તમે જઇને જરાક ધક્કો મારશો એટલે તમામ ગબડી જશે." છેવટે લોકોએ ધક્કો માર્યો પણ ખરો; અને ઇમારત ગબડી પડી. ધારાસભાએ સ્મિથના ચાર મત વિરૂદ્ધ ચાળીશ મતથી માર્ટિનની સેનેટને માટે ચૂંટણી કરી. જે માણસને તે પોતાનું હથિયાર બનશે એમ ધારીને કારભારીઓએ લીધો હતો, તે તો તેમનો ધણી થયો.

પણ ભૂલ એવું માનવામાં થયેલી, કે વુડરો વિલ્સન માત્ર એક બિનઅનુભવી રાજપુરુષ છે. હકીકત એ છે, કે આખા અમેરિકામાં તે સર્વથી સંપન્ન રાજપુરુષ છે. તેની આખી કારકીર્દી—વિદ્યાર્થી, વકીલ અને પ્રોફેસર તરીકે—રાજ્યસેવા માટે સાધનસંપન્ન થવાના ઉદ્દેશથીજ ઘડાયલી છે. તેનું કુટુંબ પ્રવૃત્તિ અને ઉદ્યોગ માટે જાણીતું છે. તેનો એક દાદો વિલ્સન બેલ્ફાસ્ટથી વસવા આવ્યો હતો, અને બીજો દાદો વુડરો સ્કૉટલેંડમાંથી. તેના કુટુંબીઓ કાંતો વર્તમાનપત્રોના લેખકો હતા, અથવા પુરોહિત તરીકે કામ કરતા હતા. સ્કૉટ અને આઇરિશ-સ્કૉટ, છાપખાનું અને ધર્માસન, એ ઉભયના સંયોગ કરતાં વધારે સ્વાભાવિક અને પ્રબલ સંયોગ દેશસેવા માટે શો હોઇ શકે? વુડરો વિલ્સને ઇંગ્લિશ રાજકીય ઇતિહાસનો ગંભીર અભ્યાસ કર્યો છે. બર્ક અને કૉબ્ડન અને બ્રાઇટ ઉપર તેણે લેખો લખ્યા છે. બર્કનાં સમર્થ

RUSSIAN TROOPS AT PRAYER BEFORE BATTLE.

લડાઈ પહેલાં પ્રાર્થના કરતા રૂશિયન સિપાઇઓ.

Lakshmi Art, Byculla Bombay

ભાષણોનો તેણે જંગલોમાં જઇને ઘોષ કીધો છે. વિવાદનો કોઇ પણ પ્રસંગ તેણે જવા દીધો નથી, અને કૉલેજની બધી જિંદગી તેણે રાજનીતિના અભ્યાસમાં ગાળી છે. તેણે ઘણાં વિવાદક મંડળોની સ્થાપના કરી છે, અને તેમાંનું એક બ્રિટિશ પાર્લમેન્ટની ઢબનું હતું. ન્યૂ જર્સીએ કે બીજા કોઇ સ્ટેટે અગાઉ એવો ગવ્હર્નર જોયલો નહીં. તેણે લોકોને અંકુશમાં રાખનાર મત્તાઓને તોડી પાડી, તેમને ચૂંટણીનો અધિકાર પાછો અપાવ્યો, અનીતિઓ બંધ કરી, ઉમેદવારોની મેજબાનીઓ અળસાવી, ઇજારાઓ પર અંકુશ રાખવાને કમિશન નીમ્યું, કેળવણીની પદ્ધતિ સુધારી, વગેરે ઘણા સુધારા દાખલ કર્યા.

એક મહત્ત્વનો ખરડો પસાર કરવાની આગલી સાંઝે માજી સેનેટર સ્મિથનો એક મદદનીશ જેમ્સ ન્યૂજન્ટ કરીને હતો, તે ગવ્હર્નરને મળવા આવ્યો. વિલ્સનને પત્થરના જેવો દૃઢ જોઇને તેને રીસ ચડી, અને તે બોલ્યો, કે "મને ખબર છે, કે જોઇતા મતો તમારી પાસે છે, એમ તમે ધારો છો. પણ તે તમે કેમ મેળવ્યા, તે હું જાણતો નથી." "એટલે?" "એટલે એમ, કે વાત એવી ચાલે છે, કે તમે મહેરબાનીઓ બતાવીને મત મેળવ્યા છે." ગવ્હર્નરે કહ્યું, કે "સલામ, મિ. ન્યૂજન્ટ," અને તેણે દ્વાર તરફ આંગળી ચીંધી. ન્યૂજન્ટ બોલી ઉઠયો, કે "તમે કંઇ ગૃહસ્થ લાગતા નથી." ડા. વિલ્સને જવાબ આપ્યો, કે "એ બાબતના તમે પરીક્ષક નથી;" અને તેને ચાલ્યા જવાની સૂચના કરી.

અને હવે ન્યૂ જર્સીની રાજનીતિના ક્ષેત્ર ઉપર પોતાની સમશેર અજમાવ્યા પછી ડા. વિલ્સનને દુનિયાની રાજનીતિના એક પરમ મહત્ત્વના પ્રશ્નનું નિરાકરણ કરવાનું પ્રાપ્ત થયેલ છે. પ્રશ્ન એ છે, કે સરકારને શ્રીમંતોના દબાણમાંથી શી રીતે મુક્ત કરવી. રાજ્ય બંધારણ એવા પ્રકારનું જીર્ણ થઇ ગયું છે, કે ડા. વિલ્સનના કહેવા પ્રમાણે, "પેટ પર બટન બીડીને મજબૂત કરવા જતાં તે પીઠ પર ચીરાય છે." અથવા કદાચ એમ કહી શકાય, કે તે ચીરાતું નથી, પણ રૂંધી નાંખે છે. શું બુડરો વિલ્સન જેમ તેણે માજી સેનેટર સ્મિથને હરાવ્યો, તેમ શ્રીમંત રાક્ષસોને હરાવી શકશે? તે હકીકત તો બરાબર જાણે છે. તેણે કહ્યું છે, કે:—

"આપણે આપણી સરકારને પ્રજાસત્તાક કહેતા આવ્યા છીએ, અને એવા ભ્રમમાં રહ્યા છીએ, કે એ ખરેખર પ્રજાસત્તાક છે. પણ એ માત્ર કલ્પના છે. હકીકત એ છે, કે આપણી સરકાર સાચી પ્રજાસત્તાક છેજ નહીં: આપણે માત્ર પ્રબળ પક્ષોની સરકારની છાયામાં વસીએ છીએ, કે જેઓ એકાંતમાં એકત્ર થઇને આપણને શું આપવું અને શું ન આપવું, તેનો નિર્ણય કરે છે. સાચી પ્રજાસત્તાક સરકારને પાછી લાવવી, એ આપણું પહેલું આવશ્યક કર્તવ્ય છે."

સુધારાના પહેલા પગલામાં ડા. વિલ્સન તેટલા માટે સંચાને તોડવાનું આવશ્યક ગણે છે,

કે જેથી કશા બહારના અંકુશ વગર પ્રજા સીધી રીતે પોતાના પ્રતિનિધીઓને પસંદ કરી શકે. દુનિયાની મોટામાં મોટી શ્રીમંત સત્તાની સામે લડાઇનું એ વીરત્વભરેલું ઉચ્ચારણ છે.

અને એ ઉચ્ચારણ ખાલી જલ્પન નથી, કારણકે ડા. વિલ્સન કંઇ લોકાનુચર વક્તા નથી. મિ. રૂઝવેલ્ટ ઘણી ધૂળ ઉડાડી શકે છે; પણ એ ધૂળ સર્કસની છે. પણ વુડરો વિલ્સન જે ધૂળ ઉડાડે છે, તે એક સાચા રણક્ષેત્રની છે. તેને માત્ર વાણીના વિજયની દરકાર નથી: તેને તો સ્પષ્ટ કર્મોની અપેક્ષા છે. મિ. રૂઝવેલ્ટ પોતાના વિચારની શિથિલતાને અને આશયોની અસ્પષ્ટતાને જોરાવર શબ્દોમાં છુપાવે છે. સાંભળવામાં તે જબ્બર લાગે છે, પણ તે ખાલી કાર્તૂસ જેવા છે. તેણે કોંગ્રેસને મોકલેલા સંદેશા ઘણા લાંબા અને ગર્જનાથી ભરેલા છે, પણ તેમાં તત્ત્વ થોડું છે. મિ. વિલ્સન પ્રયાસની ઘણીજ કરકસરથી મોટાં કર્મ કરી શકે છે. તેનાં ભાષણોમાં કર્મોનો ગુણ છે. અબાધિત વ્યાપારની રાજનીતિ તરફના એક મહત્ત્વના ખરડાની હિમાયતમાં તેણે કોંગ્રેસમાં ભાષણ કરેલું, તે આઠ મિનિટમાં પૂરૂં થયેલું. તે વક્તૃત્વની કલાની અવગણના કરે છે, એમ નથી. તે જાણે છે, કે તેથી મનુષ્યના હૃદય પર અસર કરીને સરસ પરિણામ લાવી શકાય છે. પણ વ્યવહારની વાત આવે, ત્યારે તે અલંકારને બાજુએ મૂકે છે. તે એક એવો વિચારક છે, કે જે કર્મને ચાહે છે; વિદ્યાવિલાસી હોવા છતાં વ્યાવહારિક છે; ગ્રીક વાંચે છે, અને "શૉર્ટ હેન્ડ" લખે છે; પ્રકાશિત ભાવનાઓમાં નિમગ્ન હોવાની સાથે પાર્થિવ ઉપયોગો ઉપર દૃષ્ટિ રાખે છે; અને નરમાશથી હસનાર હોવા છતાં દૃઢતા અને સખ્તાઇથી કામ કરનાર છે. તેની હિંમત એટલી છે, કે તે ગમે તે કામ હાથમાં લઇ શકે છે; પણ ન્હાની વસ્તુઓ સ્વચ્છતાથી કરવાનો તેને આગ્રહ છે. લખવાનું પૂરૂં થયા પછી તે કલમને સાફ કરવાનું ભૂલતો નથી. તેનામાં ઉત્સાહ ઘણો છે; પણ તે મિ. રૂઝવેલ્ટની જેવો ઘોંઘાટ કરનાર ઉત્સાહ નથી. તેનો ઉત્સાહ નિયમિત અને કેળવાયેલો છે. તે કહે છે, કે "જિંદગી કંઇ વારંવાર આગની પાસે દોડી જવામાં રહેલી નથી."

ડા. વિલ્સનમાં એક એવી વસ્તુ છે, કે જે મિ. ચેમ્બરલેનમાં નહોતી, અને જે મિ. લૉઇડ જ્યોર્જમાં પણ નથી. તેની પાસે રાજનીતિની ફિલસુફી છે. એ ફિલસુફીમાં માણસજાત તરફ પ્રીતિ અને સ્પષ્ટ દર્શન બંને પ્રગટ થાય છે:—

"મારા પર એવો આરોપ મૂકાય છે, કે હું "રૅડિકલ" (=મૂલગ્રાહી) છું. જો વસ્તુના મૂલ પર્યંત જનાર રૅડિકલ હોય, તો હું તેવો છું. બાકી તો સ્વર્ગના વાતાવરણમાં જે કંઇ સુંદર પુષ્પો ખીલે છે, તેઓ પોતાનું સૌંદર્ય અને બલ મૂલમાંથી પ્રાપ્ત કરે છે; સાધારણ ભૂમિમાં ઊંડાં મૂલ નાંખ્યા સિવાય કોઇ પણ વૃક્ષને ફળ આવી શકતાં નથી. જીવન અને ઉત્સાહના ઝરાઓ એ ભૂમિમાંથી ઉપર આવે છે, એટલે કે પૃથ્વીની નિઃશબ્દ છાતીમાંથી. સાધારણ પૃથ્વીમાંથીજ, લોકોના મહાન્ હૃદયમાંથીજ, આજે તે આશા અને નિશ્ચયના ઝરાઓ આનંદમાં ઉછળે છે, કે જે આવતી કાલે દુનિયાના વદનને નવી દીપ્તિથી રંગશે. હું તમને

કહું છું, કે આજકાલ જે મૂલગ્રાહ કહેવાય છે, તે માત્ર આપણા લોકોના ઉદાર ઉત્સાહોને છૂટા કરવાનો કુદરતનો પ્રયત્ન છે. આ મહાન્ અમેરિકન પ્રજા અંદરથી ન્યાયી, સદ્ગુણી, અને આશાભરી છે; તેના જીવનમાં મૂલ જે કંઇ સુંદર, શુદ્ધ, અને સારૂં છે, તેની અંદર છે; અને વર્તમાન સમયની જરૂર એજ છે, કે મૂલગ્રાહ એજ સમર્થ પ્રજાની આકાંક્ષાઓ સફળ કરવા સારૂ માર્ગને સાફ કરે."

વાંચનાર જોઇ શકશે, કે ઉપલા શબ્દોમાં સાચું વક્તૃત્વ અને સાચું દર્શન છે. ચાલુ વિગ્રહમાં પ્રેસિડન્ટ વિલ્સનનું સ્વરૂપ કોઇને જૂદા પ્રકારનું જણાયું હોય, તો છેવટનો વિચાર બાંધતા પહેલાં જરા અટકવાની જરૂર છે. આપણે યુનાઇટેડ સ્ટેટ્સની અંદરની સ્થિતિ સંબંધી થોડુંજ જાણીએ છીએ; અને અમને વિશ્વાસ છે, કે જ્યારે વખત આવશે, ત્યારે ડા. વિલ્સન પોતાની રાજનીતિનો સંતોષકારક ખુલાસો આપી શકશે.

લડાઇના તાર.

<u>ટ્રાન્સિલ્વેનિયામાં સ્થિતિ.</u>

લંડન, ૨૯ મી ઑક્ટોબર.

રૂમાનિયનો જિઉલ ખીણમાં દુશ્મનોની પાછળ પડયા છે. તેમણે ૨૫૦ વધારે બવેરિયનોને પકડયા છે; અને દુશ્મનની બે તોપ પડાવીને તેમનીજ સામે વાપરી છે. ઓર્સોવામાં, પ્રાહોવા ખીણમાં, તથા ડ્રેગોસ્લાવેલેના પ્રદેશમાં હુમલાઓ પાછા વાળવામાં આવેલ છે. દુશ્મન આલ્ટ ખીણની પૂર્વે જોરથી હુમલા કરે છે. બીજે કયાંય કશો ફેરફાર નથી. શુઝિયો ખીણમાં એક પહાડ પણ રૂમાનિયનોએ જિતી લીધેલ છે; અને કિંપોલંગ પાસે એક ગામડું કબજે કરીને ૩૦૦ જર્મન કેદીઓને પકડયા છે. આલ્ટની ખીણમાં તેઓ સાડા છ માઇલ આગળ વધ્યા છે. ડોર્નાવાત્રાની દક્ષિણે એક હુમલાને રૂશિયનોએ હઠાવેલ છે.

<u>બાલ્કનમાં સ્થિતિ.</u>

લંડન, ૩૦ મી ઑક્ટોબર.

એક ફ્રેંચ ઓફિશ્યલ સંદેશામાં જણાવવામાં આવે છે, કે ગાર્ડેલોવોનું ગામ તથા ક્રેનાલી અને કર્ના વચ્ચેની ખાઇઓ આપણે જિતી લીધી છે. સ્ટ્રુમાના ડાબા કાંઠા ઉપર અર્મેનલીની ઉત્તરે એક બલ્ગેરિયન હુમલાને બ્રિટિશોએ પાછો હઠાવ્યો છે. કિસેવોની ઉત્તરે દારૂગોળાની એક ડેપોનો નાશ કરવામાં આવેલ છે.

જર્મનીમાં ધરપકડ.

આમ્સ્ટર્ડામ, ૩૦ મી ઑક્ટોબર.

જર્મન પાર્લમેન્ટમાં એક ચર્ચાની અંદર ચોંકાવનારી વાતો બહાર આવી છે. એમ કહેવામાં આવેલ છે, કે કુલ ૪૨૪ માણસોને પરહેજ કરવામાં આવેલ છે, જેમાં ૧૮૯ ઉપર માત્ર બાતમી મેળવવાનો શક છે; અને ૧,૦૫૩ માણસોની હીલચાલ ઉપર અંકુશ મૂકવામાં આવેલ છે. લશ્કરીઓએ આવા માણસોને કંઇ કંઇ વ્યથાઓ પણ કરેલી કહેવાય છે. રોઝા લક્ષેમ્બર્ગ કેદ થયેલ છે, કારણકે તે જે અસર કરી શકે છે તેનો ડર લાગે છે. સત્તર વરસની છોકરીઓ અને જર્મનીના પરદેશના સારા સારા પ્રતિનિધિઓ કેદ થયેલ છે. (રોઝા લક્ષેમ્બર્ગ એક આગેવાન જર્મન સોશ્યલિસ્ટ છે. ૧૯૧૪ના ફેબ્રુઆરીમાં તેને લોકોને ઉશ્કેરવાના આરોપ માટે થોડો વખત કેદ કરવામાં આવી હતી.)

મેસોપોટેમિયામાં સુધરેલી સ્થિતિ.

લંડન, ૩૧ મી ઑક્ટોબર.

અમીરોની સભામાં લૉર્ડ ડરબીએ મેસોપોટેમિયામાં સુધરેલી સ્થિતિનું વર્ણન આપ્યું છે. બસરાથી મોખરા સુધી વાહનની મોટી મુશ્કેલી છે, પણ તે દૂર કરવાને પ્રયત્ન થયો છે, અને જારી છે. ઘણાં નવાં વહાણો મોકલવામાં આવ્યાં છે; અને રેલવે ઝડપથી તૈયાર થતી જાય છે. ૨૦ મી જૂલાઇ પછી નદી પર થઇને મોકલેલો દર રોજનો સરાસરી ખોરાક ૨૨૨ ટનથી ૮૬૦ ટન સુધી વધ્યો છે. દારૂગોળો પુષ્કળ છે; અને જૂલાઇ પછી ૧૭,૦૦૦ કરતાં વધારે કપડાં મોકલાયાં છે.

રૂમાનિયન દબાણ.

બુખારેસ્ટ, ૧ લી નવેમ્બર.

બુખારેસ્ટથી ઉત્તરે ૭૫ માઇલ ઉપર બ્રેહોસિયા પાસેનો રોસ્કા નામનો ડુંગર રૂમાનિયનોએ જિતી લીધો છે, અને કેદીઓ પકડ્યા છે. તેઓ બલ્કન ઘાટમાં દુશ્મનને દબાવતા જાય છે; અને પ્રેટોવા ખીણ તથા આલ્ટ નદીની વચ્ચેના જર્મન હુમલા તેમણે હઠાવ્યા છે.

નિવેદન.

આજના અંકની સાથે લડાઇ પહેલાં પ્રાર્થના કરતા ધાર્મિક રશિયન સિપાઇઓનો એક ફોટોગ્રાફ અમે અમારા વાંચનારાઓને ભેટ કરીએ છીએ.

ભાવનગર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૧૪મી નવેમ્બર, ૧૯૧૬. [અંક ૫૦.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વેહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૧૪મી નવેમ્બર, ૧૯૧૧.

શહેનશાહ રાજરાજ પાંચમા જ્યોર્જ.

રાજગીત. *

"વિધાતા! સદા રક્ષ નૃપને અમારા, ગાઓ [illegible] જય પ્રભુ નૃપશ્રી અમારા, વિધાતા!
વિભવ દીર્ઘાયુ આરોગ્ય અર્પોજીઓ, (૨)
વિજય સર્વત્ર સમરાંગણોમાં;
દિવ્ય ગુણ શાંતિ ને સત્ય સૌભાગ્યના (૨)
પ્રસરજો ઓઘ એના જનોમાં! — વિધાતા!
જાગ હરિ ઊઠ ગમ શત્રુ સંહારવા, (૨)
તેમના કર અધઃપાત સદ્ય;
કપટના પાશ ને છળભરી યુક્તિઓ (૨)
અફળ કર તેમની નીચ નિત્ય! — વિધાતા!
તવ કૃપાર્ણવ તણા ભવ્ય ભંડારમાં (૨)
રત્ન મોંઘાં બધાં છે ભરેલાં.
આર્દ્ર ને ગર્વ અમ ભૂપ નરવીરને, (૨)
વૃષ્ટિરૂપે તું વરસાવ વહેલાં! — વિધાતા!
ન્યાય ને ધર્મનું રાજ્ય એનું તપો (૨)
જ્યાં લગી સૃષ્ટિમાં સૂર્યચંદ્ર:
ઉચ્ચરી કે એક અંતર તણી ભાવના: (૨)
જીવ ચિરંજીવ ઓ પાર્થિવેન્દ્ર! — વિધાતા!"

રાજારામ શાસ્ત્રી.

---

* ઘણાં વરસ પહેલાં મરહુમ મિ. [illegible] બ્રિટિશ રાજગીતનું એક ભાષાંતર [illegible] કર્યું હતું. એ ભાષાંતરમાં "ક્વીન" શબ્દ વપરાયેલ છે, અને તે [illegible] છે. આ નવીન ભાષાંતર [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. ભાષાંતરનો "[illegible]" [illegible] [illegible] [illegible]

રાજાજી જ્યોર્જ સંબંધી મુખ્ય હકીકત એ છે, કે તે એક નાવિક છે. તેને ગાદી માટે નહીં, પણ લડાઇના વહાણ માટે કેળવણી મળેલી છે. જે વરસોમાં ઘણાખરા જુવાનો ક્રિકેટ રમે છે, અને પ્રેમના પાઠ ભણવા માંડે છે, તે વરસોમાં તે જૂદા જૂદા દેશો અને દરિયાઓ જોતા હતા, અને સાધારણ માણસોની સાથે કામ કરતા હતા. નિશાળ સખ્ત હતી, પણ એથી બેહતર કોઇકજ રાજાને મળી હશે. તેમાં તેને ઘણો અનુભવ મળ્યો છે. ફરજ અને નિયમનનો અર્થ તેણે જોયેલ છે, હાથથી મહેનત કરનારાઓને માન આપતાં તે શીખેલ છે, અને સાધારણ લોકોના જીવનમાં તે ઉતરેલ છે.

આ લાભ તેને એ કારણથી મળ્યો છે, કે સારે નસીબે તે ગાદીના વારસ જન્મ્યા નથી. ભવિષ્યમાં રાજા થનારાઓને જે કૃત્રિમ કેળવણી અપાય છે, તેમાંથી તે બચી ગયા છે. તેના પિતાનું ન્હાનપણ બહુ કષ્ટમાં પસાર થયું હતું. તેની આસપાસ ગંભીર અને વિદ્વાન માણસો મૂકાયલા હતા. વર્તનની ન્હાની ન્હાની વાતો માટે માતાપિતા તેને લાંબી લાંબી લખેલી સૂચનાઓ આપતાં. રાતદિવસ તેના ઉપર દેખરેખ રહેતી. વાલીઓ અને શિક્ષકો તેની આસપાસ ભૂતની માફક ભમતા રહેતા. વાર્તાઓ વાંચવાની તેને પરવાનગી નહોતી, સર વૉલ્ટર સ્કૉટની પણ નહીં. અને તેનાથી રમાતું નહોતું, કારણકે તેને રમતના સોબતીઓ નહોવા. તેના પિતાનો એવો અભિપ્રાય હતો, કે ગાદીવારસને તેની ભવિષ્યની પ્રજાથી અલગ રાખવો જોઇએ; અને તેના કરતાં ઓછી સંભાળમાં ઉછરેલા છોકરાઓની બગાડે તેવી અસરથી તેની રક્ષા કરવી જોઇએ. આ પાંજરાની જિંદગીથી અને આ વિવિધ અંકુશોથી તેને કંટાળો આવ્યો હોય, અને તેણે પાઠો તથા ઉપદેશો તરફ બેદરકારી બતાવી હોય, તો તેમાં કશું આશ્ચર્ય પામવા સરખું નથી. આ ભૂલભરેલી કેળવણીના પ્રત્યાઘાત તરીકેજ પાછળની તેની આનંદપ્રિય કારકીર્દી શરૂ થયેલી, એ સમજી શકાય એવી હકીકત છે.

પણ રાજાજી જ્યોર્જ વધારે ખુલ્લા અને અનુકૂલ વાતાવરણમાં ઉછર્યા છે, અને તેની અસર તેના સ્વભાવમાં જોઇ શકાય છે. વચલા વર્ગોના કહેવાય તેવા તે કંઇ પહેલા ઇંગ્લિશ રાજા નથી. ત્રીજા જ્યોર્જ પૂરેપૂરા વચલા વર્ગના હતા. પણ તે એ પ્રકારના પહેલા ઇંગ્લિશ રાજા છે, કે જે કર્મકાર વર્ગોની સાથે સમાન અનુભવના બંધનથી જોડાયલા છે. તે કોઇ આસમાનમાંથી ઉતરી આવેલ પરદેશીની માફક તેઓમાં ફરતા નથી, પણ જાણે એ પ્રકારમાં જન્મેલા હોય તેમ ફરે છે. રાત્રે અને તોફાનોમાં તેણે સુકાન પર રહીને કામ કરેલું છે. મહેનતનો, થાકનો અને પરસેવાનો તેને અનુભવ છે. કર્મકાર એટલે કોણ, એ તે સારી રીતે જાણે છે. રાજા તરીકે એ તેની વિલક્ષણ સંપત્તિ છે. જ્યારે તે કૉર્નવૉલ જાય છે, ત્યારે તે ખાણ ખોદનારનો પહેરવેશ પહેરી શકે છે, ખાણમાં ઉતરી શકે છે, તથા કેમ કામ ચાલે છે, એ તપાસી શકે છે. જ્યારે તે લેંકેશાયરમાં હોય છે, ત્યારે તે મિલો અને બીજાં કારખાનાંઓની મુલાકાત લે છે, અને સંચાકામને સમજનારની દૃષ્ટિથી જુએ છે. ઘોડદોડ જોવા જવામાં તેને બહુ ઉત્સાહ નથી. ત્યાં પણ જવું જોઇએ એવી તેની પદવીની પરંપરા છે, અને જે કંઇ

ફરજ હોય તે બજાવવામાં તે કદાપિ ખંચાતા નથી. પણ જ્યારે તે આનંદ મેળવવા ચાહે છે, ત્યારે તે જનરલ પોસ્ટ ઑફિસ, કે બ્રિટિશ મ્યુઝીયમ, કે દેશિયમ ઇન્સ્ટીટ્યુટ જેવી કોઇ જગ્યામાં લોકોની અંદર પોતાનો દિવસ ગાળે છે.

આમાં કશો દંભ નથી. તે લોકોનો સદ્‌ભાવ મેળવવાને ઉત્સુક છે એ ખરૂં; પણ સાધારણ લોકોની સાથે તે જે સમાગમમાં આવે છે, તેમાં કશા ઉદ્દેશને માટે પ્રયત્ન નથી. એ ખરી લાગણીનું પરિણામ છે. નાવિક તરીકેની તેની લાંબી કારકીર્દિનો એ વારસો છે. તેને સંચાકામ સમજવામાં રસ પડે છે; અને પોતાનાં બાલકોને તે જે ભેટો આપે છે, તે મોટે ભાગે યાંત્રિક રમકડાંની હોય છે.

તેના લક્ષણનો એક બીજો અંશ પણ તેની કેળવણીના પરિણામ જેવો છે. મહત્તર બ્રિટનના તે પહેલાજ રાજા છે. તેના પિતાનું વર્તુલ યૂરપમાં પૂરૂં થતું હતું. ઉંચી રાજનીતિ, પ્રાસંગિક ક્રિયાઓ, અને મહેરબાનીનાં કર્મોથી તેની ઑફિશ્યલ ઝિંદગી ભરેલી હતી. તે પારિસથી બહુ સારી રીતે પરિચિત હતા, ઇંગ્લિશ કરતાં જર્મન વધારે સારી રીતે બોલી શકતા, અને જ્યારે પણ કંઇ ગમ્મતની ઇચ્છા થાય ત્યારે યૂરપના કોઇ દેશમાં ઉતરી પડતા. રાજાજી જ્યોર્જ "સંપૂર્ણ બ્રિટિશ" છે. જે શહેનશાહત ઉપર સૂર્ય કદાપિ આથમતો નથી, તેનું બ્રિટિશોને અભિમાન છે; પણ અત્યાર સુધી એવો કોઇ રાજા થયો નહોતો, કે જેણે તમામ શહેનશાહત જોયેલી હોય. રાજાજી જ્યોર્જ તેના બધા ભાગોને સારી રીતે જાણે છે. તેની પિછાન નકશાની અંદરના રંગ પુરતી નથી; પણ તે શહેરોને, મેદાનોને, તથા પહાડોને બરાબર ઓળખે છે. એક જગ્યાએ તેણે પાર્લમેન્ટ ઉઘાડી છે, તો બીજી જગ્યાએ તેણે વહાણનું ઉપરીપણું કર્યું છે; દરેક સ્થાનની સાથે તેની કંઇ ને કંઇ યાદગિરી જોડાયલી છે. રાજાજી એડવર્ડ જૂની દુનિયાના આદમી હતા; રાજાજી જ્યોર્જ નવી દુનિયાના છે.

આમાં જેમ લાભ છે તેમ હાનિ પણ છે. રાજાજી એડવર્ડ સારામાં સારા અર્થમાં સર્વદેશી હતા. તેને કોઇ પણ જાત તરફ વહેમો નહોતા; અને બધાં મંડળોમાં તે રસ લઇ શકતા. માણસ લૅટિન હોય કે ટયૂટન, સ્લાવ હોય કે કેલ્ટિક, યાહુદી હોય કે વિદેશી, તેની તેને કશી પરવા નહોતી. તેને અમુક જાતના તવંગર માણસોની સાથે વધારે સંબંધ હતો. પણ રાજાજી જ્યોર્જનો સ્વભાવ એથી જૂદા પ્રકારનો છે. તેને સાદી વસ્તુઓ ગમે છે. એક વાર એવી અફવા ચાલી હતી, કે તે અતિશય શરાબ પીએ છે, પણ તે કેવળ ખોટી છે. તનમનના સ્વભાવથી તે સંયમ તરફ ઢળે છે.

પણ શહેનશાહતના વિચારોમાં હમેશાં નિમગ્ન રહેનાર માણસોને એક જોખમ નડે છે, તેમાંથી સર્વદેશી હોવાને લીધે રાજાજી એડવર્ડ મુક્ત હતા. દુનિયા ઉપર પરદેશીઓ શા માટે છે, એ પ્રશ્ન તેમને કદાપિ થતો નહીં. શહેનશાહત માટે તેને અભિમાન હતું, પણ તે જાણતા હતા, કે જો ઇંગ્લંડનું હૃદય બરાબર હશે, તો પ્રાંતો પણ બરાબર રહેશે, અને સ્વતંત્રના એ

શહેનશાહતનો મુખ્ય મંત્ર છે. રાજાજી જ્યોર્જને મળેલી કેળવણી એવી હતી, કે આ વિષયમાં કદાચ તે વિમાર્ગે જાય. દક્ષિણ આફ્રિકાના વિગ્રહ પછી તેના વિચારો શુદ્ધ થયેલા છે. તે જોઇ શકેલ છે, કે ટકી રહે તેવી શહેનશાહત સ્વાભાવિક વિકાસ છે, કૃત્રિમ નહીં; અને સ્વતંત્ર સંસ્થાઓની ભૂમિમાંજ તે ઉગી શકે છે. શહેનશાહતના ખોટા ખયાલથી ત્રીજા જ્યોર્જે તેનું મોટામાં મોટું રત્ન ગુમાવ્યું હતું. પાંચમા જ્યોર્જનું કર્તવ્ય સ્વતંત્ર લોકોને એકત્ર કરવાનું છે.

ઇ. સ. ૧૯૦૬ માં હિંદુસ્તાનમાંથી પાછા આવ્યા પછી તેણે ગિલ્ડહૉલમાં એક ભાષણ આપેલું, તે પરથી સમજાય છે, કે તે અમલદારીના કઠોર કવચને ભેદીને સત્યોના હૃદય પર્યંત પહોંચી શકે છે. અમે તે હૃદયના શબ્દો હૃદયના રંગમાં ઉતારીએ છીએ:—

"I cannot help thinking, from all I have heard and seen, that the task of governing India will be made all the easier if, on our part, we infuse into it a wider element of sympathy. I predict that to such sympathy there will be an ever-abundant and genuine response,'

અર્થ:—"મેં જે સાંભળેલું અને જોયેલું છે, તે સર્વ ઉપરથી એમ વિચાર્યા વગર હું રહી શકતો નથી, કે જો આપણા તરફથી આપણે હિંદના શાસનમાં વધારે સમભાવ દાખલ કરીયે, તો રાજ્ય કરવાનું કામ વધારે સહેલું થયા વગર રહેશે નહીં. હું ભવિષ્ય કહું છું, કે આવા સમભાવને હમેશાં અધિકાધિક અને સાચો પ્રતિધ્વનિ મળ્યા કરશે."

રાજાઓનાં ભાષણોમાં સાધારણ રીતે એવા પરંપરિત શબ્દોજ આવે છે, કે જ્યારે આવું કોઇ સ્પષ્ટ વચન નિકળી જાય છે, ત્યારે તે ફટકાના જેવી અસર કરે છે. આ ફટકાની જરૂર હતી, અને હજી છે. હિંદના કારભારમાં હિંદીઓને માટે ઉન્મત્ત તિરસ્કારનો રોગ દાખલ થયો છે. દરેક ખુલી આંખવાળો માણસ જેમ જોઇ શકે છે, તેમ રાજાજીએ તે રોગ જોયો છે, અને સ્પષ્ટ શબ્દોમાં કહી બતાવ્યો છે. કહે છે કે તેની અસર તરત થયેલી. વ્હાઇસરૉયની કાઉન્સિલના એક હિંદી મેંબરે એ અરસામાં કહેલું, કે એ ભાષણના પરિણામ તરીકે એંગ્લો-ઇંડિયનો હિંદીઓ તરફ વધારે સારી દૃષ્ટિથી જોતા થયા છે. પણ એ અસર અત્યાર સુધી ટકી રહી છે કે કેમ, એ કહેવું મુશ્કેલ છે.

ખરેખર, રાજાજીમાં રાજ્યકર્તાના અલ્પભાષિત્વના કરતાં નાવિકનું સ્પષ્ટવક્તાપણું વધારે છે. તેના પિતાની વાણી હમેશાં કારભારીઓના જેવી રહેલી. પણ રાજાજી જ્યોર્જ જે લાગે છે તે કહી નાંખે છે. તે વિચારોમાં પણ દૃઢ છે. મિ. ચેમ્બરલેન અને મિ. લૉઇડ જ્યોર્જે તેના પર ઊંડી અસર કરેલી છે. જે માણસો અમુક સ્પષ્ટ ઉદ્દેશોને માટે સીધી રીતે પ્રયાસ કરે છે, તેમના તરફ તે સ્વાભાવિક રીતે ખેંચાય છે. તે એમ વિચારતા જણાય છે, કે જે બંદર તરફ કપ્તાન પોતાના નાવને જોરથી અને ખાતરીથી હંકારે છે, તે બરાબરજ હોવું જોઇએ.

સંક્ષેપમાં, તેની બુદ્ધિના બંધારણમાં પ્રપંચ કે ગોપનને કશું સ્થાન નથી. તેનું મન એક નાવિકનું મન છે, કે જેના બધા સવાલો હકીકતના છે, માનસશાસ્ત્રના કે નીતિમીમાંસાના નહીં. તેના આનંદો અને શોખો પણ નાવિકના જેવાજ છે. તે પોતાના ઘરને એટલા આવેશથી ચાહે છે, કે બર્નાર્ડ શૉ જેવાના આત્માને તે પર તિરસ્કાર થાય. રાજમંદિરો ક્વચ્લેજ સુખી સંસારનાં મંદિરો હોય છે. એ કૃત્રિમ અને ગરમ વાતાવરણમાં કૌટુંબિક જીવનની ખીલવટ થવી કઠણ છે. પણ રાજાજી જ્યોર્જ બીજી ઘણી બાબતોની માફક આ બાબતમાં પણ ઋષિયાના ત્સારને મળતા આવે છે. લગ્નમાં તે અસાધારણ રીતે સુખી થયેલ છે.

રાણીજીમાં પણ તેના પતિની માફક ફરજનું ભાન અને ગંભીરતા છે. તેઓ થોડુંજ અને કશી વક્રોક્તિ વગર બોલે છે. તે ઓીતની જૂની પરંપરામાં કેળવાયેલાં છે. રાજાજીના ઉપર તેમની ઘણી સારી અસર થયેલી છે, અને તેમના કુટુંબજીવનનું સુખ સર્વને વિદિત છે. દરબારમાં આનંદ પહેલાંના કરતાં કંઇક ઓછો થયો છે, કારણકે રાણીજીને પ્રાસંગિક ક્રિયાઓના કરતાં કામ વધારે ગમે છે; અને રાજાજી રમતના કરતાં પુસ્તકને, અને બંનેના કરતાં પોતાનાં બાલકોને વધારે પસંદ કરે છે. જ્યારે એક રાજકુમારને પૂછવામાં આવેલું, કે "તમે માતાને વધારે ચાહો છો કે પિતાને?" ત્યારે તેણે જવાબ આપેલો, કે "બાપુ મને સૌથી વધારે બગાડે છે." પણ દરબારની ગમ્મત ઓછી થઇ છતાં તેની પ્રતિષ્ઠા વધી છે. લોકો રાજાજીના ગૃહજીવનને માન આપે છે.

જ્યારે એ ગૃહજીવન ઉપર ખોટો અપવાદ આવેલો, ત્યારે તેને અતિશય માઠું લાગેલું, તેમાં આશ્ચર્ય નથી. વરસો થયાં એવી અફવા ચાલતી હતી, કે માલ્ટામાં તેણે કોઇકની સાથે લગ્ન કર્યું છે. પહેલાં એમ કહેવાતું, કે બાઇ ઍડમિરલ ટ્રાઇઑનની દીકરી હતી; અને જ્યારે એમ માલુમ પડ્યું, કે ઍડમિરલ ટ્રાઇઑનને કોઇ દીકરીજ નથી, ત્યારે તે ઍડમિરલ સેમૂરની દીકરી થયેલી. વાત દુષ્ટ બનાવટી હતી, છતાં ઘણા માણસો તેને માનતા હતા. ઘણે સ્થળે લોકો બાઇને પિછાનતા હોવાનો દાવો કરતા; કોઇકની ફઇએ તેની ફઇને દીઠી હતી, અને કોઇકે તેની શેરીમાં વસનાર કોઇકની સાથે ખાણું લીધું હતું. વાતની ના પાડવામાં આવતી, પણ તે બંધ પડતી નહીં. રાજાજી એડવર્ડે તેની કશી દરકાર ન કરી હોત. પણ જ્યોર્જ રાજાથી તે સહન થઇ શકી નહીં. વાત અદાલતે ચડી, અને જૂઠાણું પકડાઇ આવ્યું. લોકોને એ પ્રસંગે પોતાના રાજાનું ખરૂં દર્શન થયું, અને એ દર્શન તેમને ગમ્યું. જે લોકોએ અફવાને વધારે કે ઓછી માની હતી, તેઓ શરમાઇ ગયા. ભવિષ્યમાં એવી કશી અફવા ચલાવી શકાશે નહીં.

રાજાજીને શિકારનો સારો શોખ છે, અને તેમાં તેઓ નિપુણ છે; પણ બીજી રમતોનો ખાસ શોખ નથી. સંગીતને અને નાટકને તે માત્ર આરામનાં સાધન ગણે છે. તે "ક્લબ"ના આદમી નથી; અને તેની મિત્રતાઓ થોડી પણ દૃઢ છે. તેઓ સાદા, સીધા, સ્પષ્ટવક્તા આદમી છે, પોતાના અધિકારની તેને ગંભીર કલ્પના છે, તે દંભને ધિક્કારે છે, અને રાજ્યબંધારણની

પરંપરાને માન આપે છે. તેઓ પોતાની પ્રજા ઉપર લાંબા વખત સુધી અને સુખમાં રાજ્ય કરશે એવો સંભવ છે—એટલે કે વર્તમાન વિગ્રહ પૂરો થશે તે પછી. હિંદ માટેની તેની લાગણી સારૂ હિંદ આભારી છે; અને આશા રાખે છે, કે આવા સુશીલ શહેનશાહના છત્ર નીચે તેને ઘટતી સ્વતંત્રતા મળ્યા વગર રહેશે નહીં. તથાસ્તુ!

લડાઇના તાર.

ગ્રીસનો મામલો.

સાલોનિકા, ૪ થી નવેમ્બર.

વેનિઝેલોસના માણસોએ એકેટેરિનીનો કબજો લીધો છે, કારણકે વેરિઆથી એક પલટન સાલોનિકામાં પ્રજાકીય સેનાની સાથે જોડાવાને જતી હતી, તેને અટકાવવાની ત્યાંના ચોકીદારોએ કોશિશ કીધી હતી. મિત્ર રાજ્યોની પોતાની તરફ દિલસોજી હોવાથી મિ. વેનિઝેલોસ સંતુષ્ઠ છે.

લંડન, ૪ થી નવેમ્બર.

એકેટેરિનીના કબજા સંબંધી રાજાને બ્રિટિશ એલચીની સાથે લાંબા વખત સુધી વાતચિત થઇ છે. ઍથન્સની સરકારે પ્રજાકીય લશ્કરને ત્યાંથી દૂર કરવા માટે તોપો અને માણસો મોકલેલ છે. સ્થિતિ ગંભીર છે.

પોલાંડમાં સ્વરાજ્ય.

આમ્સ્ટર્ડામ, ૫ મી નવેમ્બર.

વૉર્સોના જર્મન ગવ્હર્નર-જનરલે એક જાહેરનામું બહાર પાડીને જણાવ્યું છે, કે ઑસ્ટ્રિયન તથા જર્મન શહેનશાહોએ પોલાંડને સ્વતંત્રતા આપવાનું કબૂલ કર્યું છે. સરહદ હવે પછી નક્કી કરવામાં આવશે.

રૂમાનિયન ધસારો.

લંડન, ૬ ઠ્ઠી નવેમ્બર.

બ્રાસ્સોની પૂર્વના પ્રદેશમાં સરહદ ઉપર રૂમાનિયનોએ ફરી ધસારો શરૂ કર્યો છે, અને ઑસ્ટ્રિયનોને હઠાવ્યા છે.

બુખારેસ્ટ, ૬ ઠ્ઠી નવેમ્બર.

કાર્પેથિયનોમાં સ્થિતિ સુધરવા લાગી છે, અને જિયૂલ ખીણમાં દુશ્મનોની હાનિ વધતી જાય છે. પ્રાહોવા ખીણમાં દુશ્મનના હુમલા અટકાવવામાં આવ્યા છે. ડાન્યુબ ઉપર તોપની મારામારી ચાલે છે. દુશ્મનોએ હઠતાં હઠતાં ચાર ગામડાં ખાલી મૂકયાં છે.

વેનિઝેલોસના પક્ષ ઉપર રાજાનો જુલ્મ.

લંડન, ૬ ઠ્ઠી નવેમ્બર.

રાજાની સરકાર વેનિઝેલોસના પક્ષકારો ઉપર જુલ્મ કરવા લાગી છે. પચીશ અમલદારોને

કેદ કરવામાં આવેલ છે; અને એકેટેરિનીનો કબજો લેવાયા પહેલાં એકનો ત્યાં શિરચ્છેદ કરવામાં આવ્યો છે. એવો હુકમ બહાર પડયો છે, કે સેનાના કે નૌકાના જે અમલદારો વેનિઝેલોસની સાથે જોડાશે તેઓ બરતરફ થશે.

સોમ મોખરો.

લંડન, ૭ મી નવેમ્બર.

૧ લી જુલાઇથી ૧ લી નવેમ્બર સુધીમાં સોમ ઉપર ફ્રેંચો તથા બ્રિટિશોએ ૭૧,૫૩૨ માણસો તથા ૧,૪૪૯ અમલદારો કેદ પકડ્યા છે; તથા ૧૭૩ રણતોપો, ૧૩૦ ભારે તોપો, અને ૯૮૧ મશીનગનો હાથ કરેલ છે.

આગબોટ "એરેબિયા"નો નાશ.

લંડન, ૮ મી નવેમ્બર.

નવેમ્બરની ૬ ઠ્ઠી તારીખે બપોરે ભૂમધ્ય સમુદ્રમાં આગબોટ "એરેબિયા" ને કશી સાવચેતી આપ્યા સિવાય ટોર્પીડોથી ડુબાવવામાં આવેલ છે. બે એંજીનિયરો માર્યા ગયા છે; પણ બધા ઉતારૂઓ બચ્યા છે, અને માલ્ટા અથવા પોર્ટ સેદ જાય છે.

રૂશિયન પોલ લોકો અને સ્વરાજ્ય.

પિત્રોગ્રેડ, ૮ મી નવેમ્બર.

અહીંના આગેવાન પોલ લોકો કહે છે, કે તેઓ જર્મનીની મારફત નહીં પણ રૂશિયાની મારફત સ્વતંત્રતા મેળવવાની આશા રાખે છે.

રૂમાનિયન સ્થિતિ.

લંડન, ૯ મી નવેમ્બર.

પ્રાહોવા ખીણમાં તોપની મારામારી ચાલુ છે. ડોબ્રુજામાં રૂમાનિયનો દક્ષિણ તરફ આગળ વધતા જાય છે. બ્રેટોસિયા, પ્રેડેલસ, વગેરે સ્થળે લડાઇ ચાલ્યા કરે છે. રૂમાનિયનોએ હિર્સોવા શહેરનો ફરીને કબજો લીધો છે. શહેર ખાલી કર્યા પહેલાં દુશ્મનોએ તેને આગ લગાડી છે. ઘેરસોવોનું ગામડું પણ તેમણે બાળી મૂક્યું છે. સ્થિતિ અનુકૂળ દેખાય છે.

ફ્રેંચ જીત.

લંડન, ૯ મી નવેમ્બર.

સાડા અગિયાર કલાકની મહેનત પછી ફ્રેંચોએ એબ્લેનકોર્ટનો કબજો લીધો છે.

પ્રેસિડન્ટ વિલ્સનની ફરીને ચૂંટણી.

ન્યૂ યૉર્ક, ૧૦ મી નવેમ્બર.

ડા. વિલ્સનની ફરીને પ્રેસિડન્ટ તરીકે ચૂંટણી થઇ છે. ઓફિશ્યલ ખબર બહાર પડતાં કંઇક વિલંબ થશે.

ભાવનગર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિજય.

પુ. ૨.] મંગળવાર, ૨૧ મી નવેમ્બર, ૧૯૧૬. [અંક ૫૧.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વેહેંચાતું
સાપ્તાહિક પત્ર.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

મંગળવાર, ૨૧ મી નવેમ્બર, ૧૯૧૬.

હિંદની સરહદ ઉપર તોફાન.

"તીરેં તુફંગા બરછી ભાલા ઔર જો હય ખંજર ખુંખાર—
લૂટો દોલતમંદકે ઘરકો ઘરવાલોંકો ડાલો માર!"

અર્થ:—"બાણ, બંદૂક, બરછી, ભાલો, અને જે લોહી પીનાર મોટો છરો છે, તેની મદદથી શ્રીમંત લોકોનાં ઘરો લૂટો, અને ઘરવાળાઓને મારી નાંખો."

હિંદની પહાડી સરહદથી જે માણસો વાકેફ હતા, તેમાંના ઘણાએ એવું માની લીધેલું, કે બ્રિટન તથા જર્મની વચ્ચે વિગ્રહ થતાં મધ્ય એશિયામાં અને અરબસ્તાનમાં તોફાન થયા વગર રહેશે નહીં. સૌને ખબર હતી, કે વિગ્રહ પહેલાં કેટલાક વખતથી બ્રિટિશો સામે જહાદ ઉઠાવવાને જર્મનીએ મુસલમાન લોકોને ઉશ્કેરવા માંડયા હતા. પણ સરહદ ઉપર તોફાનની વકી રાખવાનાં ખરાં કારણો વધારે ઊંડાં હતાં. પશ્ચિમોત્તરની પહાડી મુસલમાન જાતિઓમાં ઝમાનાઓથી અમુક વરસોને અંતરે તોફાનો થતાં આવ્યાં છે. તેઓ લૂટારૂ જાતિઓ છે, પહાડોમાં વસે છે, અને વખત આવ્યે પોતાના નબળા પાડોશીઓને સતાવ્યા કરે છે. તેઓ સ્વતંત્ર, અંકુશને ધિક્કારનાર, તથા જન્મથી અને કેળવણીથી લડવૈયા હોઇને લડાઇની ઝિંદગીને સ્વાભાવિક ગણે છે; અને માત્ર બ્રિટિશ રાજ્યના ભયથીજ થોડા વખત સુધી સુલેહ જાળવે છે.

પચાસ વરસનો હિંદની સરહદનો ઇતિહાસ તપાસતાં લડાઇઓ અને ચડાઇઓની પરંપરા સિવાય બીજું કશું દેખાતું નથી. અરબસ્તાનના નૈર્ઋત્ય ભાગની પણ એજ સ્થિતિ છે. બ્રિટિશો એડન અને તેની પાડોશના ખડકોને વળગી રહ્યા છે; અને બીજા ભાગોમાં સુલતાનોની સાથે સારો સંબંધ નભાવીને તેમણે સુલેહ જાળવી છે. પણ દક્ષિણ અરબસ્તાન મધ્ય ફોર્મોસાની માફક દુનિયાની અંદર અતિશય જોખમભરેલો અને ઓછામાં ઓછો જણાયલો મુલક છે. તેમાં વસતી જાતોની અંદર ફરનાર મુસાફર ઘડીએ ઘડીએ ઝિંદગીના જોખમમાં આવી પડે છે. ધાર્મિક ઝનૂન અને ગોરા સુધારાની સામે તિરસ્કારને લીધે દક્ષિણ અરબસ્તાન અત્યાર સુધી ભયંકર રહેલ છે.

"દુમીં હુંય ઝમાનેમેં શર કરનેવાલે:
ફુસાદોમેં ઉમ્રેં બસર કરનેવાલે!"

અર્થ:—"જગતમાં તોફાની અમેજ છીએ: તોફાનોમાંજ જીવિત ગાળનાર અમે છીએ."

વિગ્રહ શરૂ થયો તે પહેલાં કેટલાક વખતથી હિંદની સરહદ ઉપર ખળભળાટની નિશાનીઓ માલુમ પડતી હતી. ૧૯૧૪ના ફેબ્રુઆરીમાં "ટાઇમ્સ"ના મુંબઇના ખબરપત્રીએ લખેલું, કે "સરહદની બ્રિટિશ બાજુ ઉપરની સ્થિતિ ઘણી ચિંતા કરાવનારી થઇ પડી છે." ઘણાં વરસથી એવી વિષમ સ્થિતિ દેખાયલી નહીં. લૂટારાઓની ટોળીઓ એટલી ફતેહમંદ થતી, કે ગામડિયાઓ તેમને આશ્રય અને રિશ્વત આપતા, તથા તેમની મહેરબાની મેળવવા સારૂ તેમને છુપાવતા. અગાઉના કરતાં વધારે સારાં હથિયારો તેમની પાસે આવેલાં જણાતાં હતાં. બ્રિટિશ ચોકીદારોની ઘણી સાવચેતી છતાં હથિયારોનો વેપાર ઇરાની અખાત ઉપર ધમધોકાર ચાલતો. ઇંગ્લંડમાં બનેલાં હથિયારો ઇરાન તથા બલૂચિસ્તાનમાં થઇને હિમાલય સુધી પહોંચતાં; અને બીજાં આફ્રિડી કારખાનાંઓમાં તૈયાર થતાં. મુલ્લાંઓ અસંતોષ ફેલાવતા, અને બળવાનો ઉપદેશ કરતા.

વિગ્રહ સળગી ઉઠવાની અને પહેલી લડાઇઓના પરિણામની ખબર પશ્ચિમોત્તરની જાતોમાં શી રીતે પહોંચી હશે, તેની કલ્પના કરવી મુશ્કેલ નથી. જર્મનોએ કેવી રીતે બેલ્જિયમનો કબજો લીધો, કેવી રીતે બ્રિટિશ લશ્કરને મૉન્સથી હઠી જવું પડયું, કેવી રીતે જર્મનો લગભગ પારિસના દરવાજા સુધી પહોંચ્યા, કેવી રીતે ફ્રેંચોને અને બેલ્જિયનોને મોટી હાનિઓ થઇ, એ બધી વાતો હિંદનાં શહેરોમાં સાંભળીને ફકીરો તથા યાત્રાળુઓએ ગામડાંમાં પહોંચાડેલી હોવી જોઇએ. બ્રિટને હિંદની મદદ માગી છે, અને હિંદી લશ્કરની પલટનો મોટી સંખ્યામાં યૂરપ જવા માંડી છે, એ હકીકત પણ જણાયલી હતી. એટલે પશ્ચિમોત્તર સરહદ ઉપરની પહાડી જાતોને લાગેલું, કે ઘા કરવાનો બરાબર વખત છે.

પણ એજ ક્ષણે સમાધાનની બ્રિટિશ રાજનીતિનું એક સારૂં પરિણામ પ્રગટ થયું. અફઘાનિસ્તાનના અમીરે બ્રિટન તરફ પોતાની મિત્રતા જાહેર કરી, અને એ પ્રમાણે વર્તન કરી બતાવ્યું. તેના ઉપર અને તેના સલાહકારો ઉપર જર્મન પ્રપંચની કશી અસર થઇ નહીં. લડાયક કોમોમાંથી પણ ઘણીએ બ્રિટિશો ઉપર ચડાઇ કરવાની ના પાડી. પરિણામે માત્ર થોડાં છૂટાંછવાયાં તોફાનોને શમાવવાનાં રહ્યાં. જે ગંભીર સ્થિતિની ધાસ્તી હતી, તે ન થઇ.

તુર્કીની સામે ૧૯૧૪ના ઑક્ટોબરની ૩૧મી તારીખે વિગ્રહ જાહેર થયો, તે પછી થોડી વારમાં માલુમ પડયું, કે કેટલીક આરબ ટોળીઓને સાથે લઇને તુર્કો એડન ઉપર ચડાઇ કરવા ધારે છે. શેખ સઇદ દ્વીપકલ્પ, કે જે રાતા સમુદ્રની દક્ષિણે પેરિમના ટાપુ તરફ વિસ્તરે છે, તેમાં તુર્કોએ ઘણા માણસો એકઠા કર્યા હતા. તે વખતે બ્રિગેડિયર-જનરલ કૉક્સ ૨૯મી હિંદી પાયદળની બ્રિગેડ સાથે સ્વેઝ જતો હતો, તેને હુકમ થયેલો, કે પોતાની મુસાફરીમાં અટકીને

તેણે શેખ સઈદનો કબજો લેવો; અને ત્યાં તુર્કોની કિલ્લેબંધી, કુવાઓ, વગેરેનો નાશ કરવો. નવેંબરની ૧૦ મીએ તે દ્વીપકલ્પના કિનારા પાસે આવી પહોંચ્યો. "ડ્યૂક ઑફ એડિનબર્ગ" નામે લડાયક વહાણ તેની સાથે હતું, તેણે તુર્કોના બચાવો ઉપર તોપનો મારો શરૂ કર્યો. લશ્કર ઉતર્યું, અને તુર્કોને તોપો પાછળ મૂકીને હઠી જવું-પડ્યું. તેમની બધી તૈયારીઓનો નાશ કર્યા પછી લશ્કર ફરી રવાના થયું, કારણકે તે વખતે દેશની અંદર જઈને તુર્કો પર હુમલો કરવાનું દુરસ્ત લાગેલું નહીં. આથી કરીને એડનની ઉત્તરની સરહદ ઉપર તુર્કોનું જોર જારી રહ્યું.

સાત મહિના પછી તેમણે શેખ સઈદનો ફરીને કબજો લીધો; અને પેરિમના ટાપુના ઉત્તર કિનારા પર ઉતરવાનો યત્ન કર્યો. પણ ચોકીદારોએ તેમને પાછા હઠાવ્યા.

૧૯૧૫ની વસંતમાં યમન પ્રદેશોમાંથી એક તુર્કી લશ્કરે ઉપડીને એડન હિંટરલેંડની સરહદ ઓળંગી, અને લહ્‍જ તરફ ચાલવા માંડ્યું. લહ્‍જ આ વખતે દક્ષિણ અરબસ્તાનમાં એક મહત્ત્વનું શહેર હતું. લહ્‍જ એક શાદ્વલમાં આવેલું છે, આસપાસ રસાળ મેદાન છે, એડન તથા હિંટરલેંડ વચ્ચેના વેપારનું તે મુખ્ય મથક છે, અને તેમાં અબ્દલી કોમના આબાદ ખેડુતો વસે છે. તેના સુલતાનો અગાઉ આખા એડન દ્વીપકલ્પ ઉપર રાજ્ય ચલાવતા; પણ ૧૮૩૯માં એક ભાંગેલા બ્રિટિશ વહાણના ખલાસીઓ ઉપર જુલ્મ કરવાની સજા તરીકે બ્રિટને એડન તેની પાસેથી લઈ લીધું છે. એડન લીધા પછી કેટલાંક વરસ સુધી બ્રિટિશો અને અબ્દલી વચ્ચે વારંવાર લડાઈ થયા કરતી, કારણકે તેઓ પોતાનું ખોવાયલું બંદર ફરી જિતી લેવાનો યત્ન કરતા. પણ છેલ્લાં થોડાં વરસથી બ્રિટિશોનો તેમની સાથે સારો સંબંધ થયો હતો. અંદરના ભાગમાં થોડી જમીન માટે બ્રિટિશો અબ્દલી સુલતાનને અમુક રકમ આપતા; અને તેની ખેડુત પ્રજાનું આસપાસની વિકરાલ કોમોથી રક્ષણ કરતા.

બ્રિટનના રક્ષણ નીચે લહ્‍જનો સુલતાન ઘણો આબાદ થયો હતો. તેનું શહેર, તેનો મહેલ, તેના સુંદર ઘોડા, તેનું ન્હાનું લશ્કર, વગેરેને લીધે "એરેબિયન નાઇટસ" માંથી *કોઈક ચિત્ર પ્રત્યક્ષ કરતા હોય, એમ જોનારને લાગતું. જ્યારે વિગ્રહ સળગી ઉઠ્યો, ત્યારે* અબ્દલી સુલતાને સાબિત કરી આપ્યું, કે તેની બ્રિટન તરફની વફાદારી સાચી છે. જોકે બીજી જાતિઓ બ્રિટિશોની સામે થયેલી, છતાં તે તેમના પક્ષમાં રહેલો, અને તેમને મદદ આપવાને તૈયાર થયેલો. બ્રિટનની તરફ એ પ્રમાણે મિત્રતા બતાવવાને લીધે તુર્કોને તથા આસપાસની જાતિઓને તેના તરફ તિરસ્કાર આવ્યો હોય, એ સમજી શકાય એવી વાત છે.

"લોગ કહતે હૈં ચાહ મુશ્કિલ હૈ:
સબ ગલત હૈ: નિભાહ મુશ્કિલ હૈ!"

અર્થ:—"માણસો કહે છે, કે પ્રીતિ કઠણ છે. એ બધું ખોટું છે; નભાવવી કઠણ છે."

એડન બ્રિગેડના ઉપરી જનરલ શૉને સુલતાને કહાવી મોકલ્યું, કે તુર્કો તેના પર ચડાઈ લાવે છે, માટે મદદ મોકલવી. જનરલ શૉએ લેફ્ટેનંટ-કર્નલ પીઅર્સનને હુકમ કર્યો, કે

THE QUEEN OF ITALY.

ઇટલીનાં નામદાર રાણીસાહેબ.

THE KING OF ITALY.

ઇટલીના નામદાર રાજાસાહેબ.

એક ટુકડી લઈને લહજ તરફ ઉપડી જવું. એડનના ઊંટના લશ્કરને આસપાસ તપાસ કરવાને મોકલવામાં આવ્યું. તેણે શોધી કાઢ્યું, કે એક મજબૂત તુર્કી લશ્કર લહજની પેલી તરફ એકઠું થયેલું છે, અને તેની સાથે ઘણા આરબ ટોળીવાળાઓ છે. ઊંટનું લશ્કર લહજમાં પાછું આવ્યું, અને ત્યાં એડનના ૨૫૦ રાઇફલવાળાઓ બે તોપો સહિત તેની સાથે થયા. એટલા લોકો ઘણી મુશ્કેલીથી લહજ સુધી પહોંચ્યા હતા. તાપ અતિશય સખ્ત હતો, પાણીની ઘણી તંગી હતી, તથા રેતી ઉપર ઝાઝું ચાલી શકાતું નહોતું. એડનની ટુકડીના બાકીના માણસોને તો વાહનની અને પાણીની એટલી બધી મુશ્કેલી નડેલી, કે તેઓ લહજ સુધી પહોંચીજ શક્યા નહીં.

સુલતાનની રાજધાનીમાંના ન્હાના બ્રિટિશ લશ્કરને હજારો તુર્કોની સામે લડવાનું પ્રાપ્ત થયું, કે જેમની પાસે વીસ તોપો હતી. ઉપરાંત, તુર્કોને મદદ કરવા સારૂ હજારો આરબો પણ જમા થયા હતા. બ્રિટિશોની મદદમાં સુલતાનના ન્હાના લશ્કરના થોડા સો આદમી હતા. બ્રિટિશો તાપથી અને પાણીની તંગીથી હેરાન હતા. એવું લાગ્યું કે જાણે એમનો બારફૂટો વળી જશે. અધૂરામાં પૂરૂં એડનના લશ્કરના આરબ અનુચરો અણીને વખતે ખૂટ્યા, અને પોતાનાં બધાં ઊંટોને લઇને ન્હાસી ગયા.

"મેહરબાં તુઝસે તવક્કો થી સિતમગર નિકલા:
મોમ સમઝે થે તેરે દિલકો સો પત્થર નિકલા!"

અર્થ:—"તારાથી અમને દયાની આશા હતી, પણ તું તો જુલમી નિકળ્યો. તારા હૃદયને અમે મીણ જેવું નરમ ધાર્યું હતું, તે પાણા જેવું કઠણ નિકળ્યું."

રવિવાર, તા. ૪ થી જૂલાઇની સાંઝે લડાઇ શરૂ થઇ. દુશ્મને આપણા મોખરા ઉપર વારંવાર હુમલા કર્યા, અને વારંવાર તેમને હઠાવવામાં આવ્યા. તુર્કી તોપખાનું બ્રિટિશના કરતાં બલવત્તર હતું, પણ બ્રિટિશોએ ઘણી હિંમત અને કુશળતાથી કામ કર્યું. એડન બ્રિગેડના જનરલે પાછળથી તેમની સારી તારીફ કરી છે. બહુ વખત થયો નહોતો, ત્યાં તુર્કી તોપોએ લહજના જૂદા જૂદા ભાગમાં આગ સળગાવી, અને બ્રિટિશો સંકટમાં આવી પડ્યા. સુલતાન તેના ઘણા માણસોની સાથે માર્યો ગયો. બ્રિટિશોએ બન્યું ત્યાં સુધી રાજધાનીની રક્ષા કરી, અને એડનની ટુકડી હમણાં આવશે, હમણાં આવશે, એવી આશા રાખી. કલાકો ઉપર કલાકો વીતતા ગયા, પણ એ કુમક આવી પહોંચી નહીં. બીજે દિવસે એડન તરફ પાછા પડવા સિવાય બીજો માર્ગ ન રહ્યો.

ત્રણ બ્રિટિશ અમલદારો જખમી થયા. મુખ્ય હાનિ માણસોની નહીં પણ આબરૂની થઇ. જે સુલતાન બ્રિટન તરફ વફાદાર રહ્યો હતો, તે માર્યો ગયો; તેની રાજધાની દુશ્મનના હાથમાં પડી, અને તેનું રાજ્ય લુપ્ત થઇ ગયું. આખા અરબસ્તાનમાં એ વાત ફેલાઇ ગઇ; અને બ્રિટિશ અધિકારને ગંભીર ફટકો લાગ્યો. લહજમાં તેઓ બહાદુરીથી લડેલા, પણ

તેમનું કર્તવ્ય તેમના બળ કરતાં ઘણું મોટું હતું. તુર્કોની સામે થવાને જોઇતા આદમીઓ મોકલી શકાયલા નહીં; અને વાહન તથા પાણીને માટે પુરતો બંદોબસ્ત થયેલો નહીં. હિંદની સરકારના ઓફિશ્યલ રિપોર્ટમાં "અતિશય તાપ, રેતી, તથા પાણીની તંગી" ઉપર ઘણો ભાર મૂકવામાં આવ્યો છે. પણ હિંદની સરકારને તાપની તથા પાણીની તંગીની પહેલેથી ખબર હોવી જોઇએ; અને તે માટે તથા ભાડુતી આરબો બેવફા નિવડવાના સંભવ માટે જેવો પુરતો બંદોબસ્ત થવો જોઇતો હતો, તેવો કમનસીબે થયેલો નહીં.

બ્રિટિશ લશ્કર એડનના દ્વીપકલ્પની સરહદ પાસે કોર કરીને ગામ છે, ત્યાં સુધી હઠી ગયું. તુર્કો તેમની પાછળ પડ્યા, અને એડન બંદરથી બે માઇલ દૂર અંદરના ભાગમાં શેખ-ઉસ્માન કરીને શહેર છે, તેનો તેમણે કબજો લીધો. આ જગ્યા પહેલાં લહૂજના સુલતાનની હતી, અને હાલ બ્રિટિશ રક્ષણ નીચે હતી. દ્વીપકલ્પની આસપાસની થોડી જગ્યા સિવાય એડન હિંટરલેંડનો બધો પ્રદેશ આ વખતે તુર્કોના કબજામાં આવી ગયો હતો. શેખ સઇદમાં તેઓ ફરી દાખલ થયા હતા; અને લહૂજનો તેમણે નાશ કર્યો હતો. હિંદી સરકારને છેવટે સ્થિતિની વિષમતાનું કંઇક ભાન થયું, અને એડનના ચોકીદારો વધારવાનું નક્કી કરવામાં આવ્યું. મેજર-જનરલ સર જી. જે. યંગહસ્બંડ થોડા વખત સુધી એડન બ્રિગેડનો ઉપરી નિમાયો. જનરલ યંગહસ્બંડે સિપાઇ અને ગ્રંથકર્તા તરીકે નામના મેળવી હતી. ૧૮૭૮ માં અફઘાન વિગ્રહમાં તેણે ભાગ લીધો હતો; અને તે પછી ઘણાં યુદ્ધક્ષેત્રોમાં સેવા બજાવી હતી. ૧૮૮૫ માં તે સુદાનમાં હતો, અને ૧૮૮૬ ના પશ્ચિમોત્તર સરહદના વિગ્રહમાં પણ તેણે કામ કરેલું. ત્યાંથી તે બ્રહ્મદેશના વિગ્રહમાં ગયેલો, અને તે પછી ચિત્રાલની મદદે ગયેલ લશ્કરમાં શામિલ હતો. ચિત્રાલ ઉપર તેણે એક સારૂં પુસ્તક લખ્યું છે. સ્પેનિશ-અમેરિકન વિગ્રહને વખતે તે ફિલિપ્પાઇન્સમાં લડયો હતો; દક્ષિણ આફ્રિકામાં તે સખ્ત જખમી થયો હતો; અને તે પછી હિંદની સરહદ ઉપર મોહમંદોની સામે જે મોટી ચડાઇ મોકલાયલી, તેમાં તેણે ભાગ લીધો હતો.

આ બધી વિગતો ઉપરથી જણાશે, કે એ પ્રસંગે તેના કરતાં વધારે કુશળ જંગબહાદુર ભાગ્યેજ મળી શકત.

૧૯૧૫ ના જૂલાઇની ૨૦ મી તારીખે લેફ્ટેનંટ-કર્નલ એલ્સમીની સરદારી નીચે એડનના લશ્કરે શેખ-ઉસ્માનમાં રહેલા તુર્કો ઉપર ઓચિંતો છાપો માર્યો, તેમને પૂરેપૂરા હરાવ્યા, અને એ સ્થાનમાંથી હાંકી કાઢ્યા. પચાસસાઠ તુર્કો માર્યા ગયા, અને જખમી થયા; તથા સેંકડો માણસો, જેમાં ઘણાખરા આરબ હતા, તેઓ કેદ થયા. તે પછીના મહિનામાં લહૂજ અને શેખ-ઉસ્માનની વચ્ચેના એક સ્થાનમાં તુર્કો પડેલા હતા, ત્યાંથી તેમને દૂર કરવામાં આવ્યા. બીજી દિશામાં પણ એક હુમલો એવોજ ફતેહમંદ નીવડયો. એડનમાં ખબર આવી, કે તુર્કો લહૂજને પણ છોડી જવાની તૈયારી કરે છે. સપ્ટેંબરમાં કર્નલ એલ્સમીની સરદારી નીચે એક ટુકડી વ્હાટની દિશામાં ચાલી. અહીં તેણે આઠ તોપો તથા હજારેક આરબો

સાથે ૭૦૦ તુર્કો પડ્યા હતા, તેમના પર ઓચિંતો હુમલો કર્યો. તુર્કો હઠી ગયા, અને ખ્હાટ બ્રિટિશોના હાથમાં આવ્યું. દરિયા અને ઝમીન બંને ઉપર લશ્કરને "ફિલોમેલ" કરીને એક લડાયક વહાણ, કે જે કપ્તાન હિલ-થૉંપસનની સરદારી નીચે હતું, તેના તરફથી ઘણી મદદ મળી.

(આ મહત્ત્વનો ઇતિહાસ આવતા અંકમાં પૂરો કરવામાં આવશે.)

લડાઇના તાર.

<u>ગિલ્ડહૉલમાં મિ. એસ્કિવથનું ભાષણ.</u>

લંડન, ૯ મી નવેમ્બર.

આજ રાત્રે ગિલ્ડહૉલના ખાણામાં ભાષણ કરતાં મિ. એસ્કિવથે કહ્યું, કે "આપણાં બહાદુર લશ્કરો સોમ ઉપર આગળ વધતાં જાય છે, અને એક ઇંચ પણ જગ્યા આપતાં નથી. સાલોનિકા, ઇજિપ્ત, મેસોપોટેમિયા અને પૂર્વ આફ્રિકામાં પણ એ પ્રમાણે છે. ફ્રાન્સ સોમ ઉપર આપણી સાથે રહીને લડે છે, અને એક પખવાડિયામાં તેણે વર્ડુન આગળ દુશ્મનની આઠ મહિનાની મહેનતનો નાશ કર્યો છે. ઇટલી ટ્રિએસ્ટ તરફ વધ્યા કરે છે, અને રુશિયા અવિરત ઉત્સાહથી પોતાનું મોટું કામ બજાવે છે. રૂમાનિયાને તેના દૃઢ અને ભવ્ય ટકાવ માટે ધન્યવાદ ઘટે છે. સર્બિયનો સારૂં કામ કરી રહ્યા છે; અને પોર્ટુગલ પણ ઠીક ભાગ લે છે. ગ્રીસની સાથે મિત્ર રાજ્યોને કે આપણને કશો કજિયો નથી. અમે માત્ર તેને જર્મનીની જાળમાં ફસાતાં અને અંદરના કલહોમાં અટવાતાં બચાવવા ચાહીએ છીએ. ગ્રીસના મહાન દેશભક્ત વેનિઝેલોસ તરફ અમારી પૂરેપૂરી દિલસોજી છે. તેનો ઉદ્દેશ એજ છે, કે સ્વતંત્રતાના પક્ષમાં ગ્રીસ પોતાનું કર્તવ્ય અદા કરે. આ વિગ્રહ ન્હાની પ્રજાઓની મુક્તિને માટે છે, એટલે ગ્રીસથી અલગ કેમ રહેવાય?"

<u>બેલ્જિયમમાં દુશ્મનની ક્રૂરતા.</u>

આમ્સ્ટર્ડામ, ૧૦ મી નવેમ્બર.

આન્ટવર્પના ૨૧,૦૦૦ શહેરીઓને જર્મની મોકલી દેવામાં આવેલ છે. તેમના સ્નેહીઓને મુલાકાત લેવા દેવામાં આવી નથી; અને સ્ટેશનમાં દાખલ થનારને ૩૦૦ પૌંડનો દંડ અને છ વરસની કેદની સઝા થશે, એમ જાહેર થયું છે. મૉન્સમાં તોફાનો થયાં છે; અને દેશનિકાલ થયેલાઓએ છરાઓથી જર્મનો ઉપર હુમલા કર્યા છે. ઘણા જખમી થયા છે; અને લશ્કરે સંગીનો વાપરેલ છે. વેઠે ઉપાડેલા ઘણા માણસો પશ્ચિમ મોખરા ઉપર રેલવે બાંધવાનું કામ કરવામાં રોકાયેલ છે.

<u>સેલિસેલ માટે લડાઇ.</u>

લંડન, ૧૨ મી નવેમ્બર.

આજે બપોર પછી સોમની ઉત્તરે ફ્રેંચોએ સેલિસેલના ગામડાનો ઘણોખરો ભાગ જિતી

લીધો છે. દક્ષિણ-પૂર્વ અને ઉત્તર-પૂર્વના ભાગો કબજે થયેલ છે; પણ પૂર્વના ભાગમાં દુશ્મન હજી હઠથી લડ્યા કરે છે. અત્યાર સુધીમાં ૧૦૦ કેદીઓ ગણાયા છે.

<u>સર્બિયન ધસારો.</u>

સાલોનિકા, ૧૨ મી નવેમ્બર.

સર્બિયનો બલ્ગરોને કર્નામાંથી હાંકી કાઢતા જાય છે. કુકીનો આખો ડુંગર હવે તેમના કબજામાં છે; અને પોલોગનું ગામડું પણ તેમણે હાથ કર્યું છે. વેલેસેલોની ઉત્તરે પશ્ચિમની બાજુમાં પણ તેઓ ઠીક આગળ વધ્યા છે. ૧,૦૦૦ વધારે કેદીઓ, ૮ મોટી તોપો, તથા ઘણો સામાન તેમણે પકડેલ છે.

<u>બ્રિટિશ જીત.</u>

લંડન, ૧૩ મી નવેમ્બર.

આજ સહવારે એંકરના બંને તટ ઉપરનાં જર્મન મથકો ઉપર આપણે હુમલો કર્યો છે, અને એક માઈલની ઊંડાઇ સુધી બ્રિટિશ લાઇન વિસ્તારી છે. બોમન્ટ-હેમલનું ગામડું, સેન્ટ પિએરી ડિવિયન અને સેરીની ઉત્તરે કેટલીક મહત્ત્વની ખાઇઓ કબજે કરવામાં આવેલ છે. ૩,૩૦૦ કેદીઓ ગણાયેલ છે; અને વધારે હજી આવતા જાય છે.

લંડન, ૧૫ મી નવેમ્બર.

બોકોર્ટ-સર-એંકર પણ આપણે કબજે કરેલ છે. કેદીઓ ૫,૦૦૦ કરતાં વધારે છે; અને હજી વધારે આવતા જાય છે.

<u>રશિયનો અને રૂમાનિયનો.</u>

લંડન, ૧૪ મી નવેમ્બર.

કાર્પેથિયનોમાં દુશ્મનોના હુમલા હઠાવવામાં આવેલ છે. આલ્ટની ખીણમાં રૂમાનિયનોને સહેજ હઠી જવું પડ્યું છે, અને જિયૂલ ખીણમાં દુશ્મને બક્ષ્મએસ્ટી કરીને ગામનો કબજો લીધો છે.

<u>કાર્ડિનલ મર્સિયરનો પોકાર.</u>

આમ્સટર્ડામ, ૧૮ મી નવેમ્બર.

બેલ્જિયનોને બલાત્કારે જર્મનીમાં મોકલવામાં આવે છે, તે સામે કાર્ડિનલ મર્સિયરે પોકાર ઉઠાવ્યો છે. તે કહે છે કે દર રોજ જર્મનો હજારો નિર્દોષ બેલ્જિયનોને દેશનિકાલ કરે છે, અને "વેગનો" માં તેમને ગુલામોની માફક ભરવામાં આવે છે. પુત્રો, પતિઓ, અને પિતાઓને કેવી રીતે સિપાઇઓ સ્ત્રીઓની રજા માગતાં અટકાવે છે, તેનું તે ભેદક ચિત્ર રજુ કરે છે.

નિવેદન.

આજના અંકના સાથે ઇટલીના નામદાર રાજારાણીનો એક સુંદર સંયુક્ત ફોટોગ્રાફ અમે અમારા વાંચનારાઓને ભેટ આપીએ છીએ.

ભાવનગર દરબારી છાપખાનું.

બ્રિટિશ અને હિંદી વિક્રમ.

પુ. ૨.] મંગળવાર, ૨૮મી નવેમ્બર, ૧૯૧૬. [અંક ૫૨.

। यतो धर्म स्ततो जयः ।

નામદાર મહારાણીશ્રી નંદકુંવરબા, સી. આઇ.,
ભાવનગરનાં મહારાણી સાહેબ, એમની
આજ્ઞાથી પ્રસિદ્ધ થતું
અને
વિના મૂલ્યે વેહેંચાતું
સાપ્તાહિક પત્ર.

મંગળવાર, ૨૮ મી નવેમ્બર, ૧૯૧૬.

હિંદની સરહદ ઉપર તોફાન.

(ગયા અંકથી ચાલુ.)

તે પછી તુર્કો તથા આરબો અને બ્રિટિશ લશ્કર વચ્ચે કેટલીક ન્હાની ઝપ્પાઝપ્પીઓ થઇ. બહુ અંદરનો મુલક કબજામાં રખાય એવું રહ્યું નહીં. ૧૯૧૬ની શરૂઆતમાં તુર્કોએ એવો દાવો કરેલો, કે બ્રિટિશોને એડનમાં ભરાઇ જવું પડયું છે. તુર્કોના ઘણા સમાચારમાં બહુ અતિશયોક્તિ હતી, અને કેટલાક છેક ખોટા હતા.* ૧૯૧૬ ના ફેબ્રુઆરીમાં મેજર ન્યૂમેને એડન પાસેની લડાઇની વિગતો મેળવવા પાર્લમેન્ટમાં સવાલ પૂછેલો. મિ. ચેમ્બરલેને જવાબ આપેલો, કે "જાન્યુઆરીની ૧૨ મી તારીખે એડનના ચોકીદારોની એક તપાસ કરનારી ટુકડીને શેખ ઉસ્માનની પાડોશમાં પડેલા તુર્કી લશ્કર સાથે લડાઇ થઇ છે ખરી. બ્રિટિશોને થયેલી હાનિમાં એક બ્રિટિશ અમલદાર તથા ૩૫ હિંદી સિપાઇઓ માર્યા ગયા છે; તથા ૪ બ્રિટિશ અને ૩૫ હિંદી સિપાઇઓ જખમી થયા છે. દુશ્મનને ઘણું વધારે નુકસાન થયું છે; કારણકે તેમના લગભગ ૨૦૦ માણસો માર્યા ગયા અને જખમી થયા છે. બ્રિટિશ ટુકડીનો નાશ થયો નથી, તેમ તે હારેલ પણ નથી. માત્ર કર્તવ્ય પૂરૂં થતાં તે હઠી ગયેલ છે."

તે પછી તુર્કોએ એવો દાવો કરેલો, કે શેખ ઉસ્માન અને બીર-અહમદ આસપાસની લડાઇમાં તેમણે જીત મેળવી છે. આ જીત કેવળ કલ્પિત હતી. હકીકત એ હતી, કે એડનની પૂર્વે બ્રિટિશ પક્ષના કેટલાક લશ્કરને તુર્કોની સામે મદદ કરવાને એક ટુકડી એડનથી નિકળી હતી. સુબારની પાસે એક તુર્કી લશ્કર છે, એમ તેણે શોધી કાઢેલું, અને તેને હરાવેલું. છતાં સામાન્ય સ્થિતિ એટલી અસંતોષકારક રહેલી, કે ૧૯૧૬ના એપ્રિલમાં હિંદની સરકારની સૂચનાથી એવું ઠરેલું, કે હિંદના સેનાધિપતિની પરવાનગી વગર કોઇ પણ ઓરતોને એડનમાં ઉતરવા દેવી નહીં.

---

* સરખાવો:—

"હરોગ ગોઝકી હદ નહીં હય: કિસીકી આદત, મેરી તબીઅત:
જુદા ન વોહ્ મુઝસે હો સકેગી, ન મૈં જુદા ઉસસે હો સકોંગા!"

અર્થ:—જુદાઇને સીમા નથી: કોઇને ટેવ હશે, પણ મારી પ્રકૃતિમાં છે: માટે તે મારાથી નોખી પડી શકતી નથી, તેમ હું તેનાથી નોખો પડી શકતો નથી."

ઓમાનના અખાતની આસપાસના પ્રદેશની અંદર આરબોમાં ઘણી બેદિલી ફેલાયલી હતી; અને ૧૯૧૫ ના જાન્યુઆરીની શરૂઆતમાં સુમારે ૩,૦૦૦ આરબોએ બ્રિટિશ થાણા ઉપર હુમલો કરેલો. બ્રિટિશ લશ્કરે તેમની સામે જઇને તેમને હરાવેલા, અને આરબોને ૩૦૦ માણસોના નુકસાન સાથે અંદરના ભાગમાં જતું રહેવું પડેલું. ૧૯૧૫ ના એપ્રિલ અને મેમાં પણ બીજા બે હુમલા થયેલા, એક જાસ્કમાં બ્રિટિશ થાણું હતું તેની ઉપર, અને બીજો ચાહ્-બારના થાણા ઉપર; પણ બંનેમાં આરબોને હઠી જવું પડેલું.

૧૯૧૬ ના ઉન્હાળામાં હિજાઝના આરબોએ તુર્કી સામે બળવો કર્યો, તેથી અરબસ્તાનની સ્થિતિ એકદમ ફરી ગઈ. અરબસ્તાનની સ્વતંત્રતા જાહેર કરવામાં આવી. જિદ્દા, કે જે મક્કાનું બંદર છે, તે લઇ લેવાયું, અને તુર્કી ચોકીદારોને તાબે થવાની ફરજ પડી; તથા મક્કાના પવિત્ર શહેરમાંથી પણ તુર્કોને કાઢી મૂકવામાં આવ્યા. મક્કાના ગ્રાન્ડ શરીફે તુર્કીના સુલતાન તરફની પોતાની અધીનતાનો ખુલ્લી રીતે ત્યાગ કર્યો. પશ્ચિમ અને મધ્ય અરબસ્તાનના આરબોએ તેને ટેકો આપ્યો. બળવાનાં કારણો વિવિધ હતાં. આરબો માનતા હતા, કે તુર્કીનો સુલતાન પાંચમો મોહમ્મદ ખરેખર જર્મનોના હાથમાં છે, અને જર્મનો તેનો તથા તેની પદવીનો પોતાના લાભને માટે ઉપયોગ કરે છે. એમ કહેવાતું હતું, કે અન્વર પાશા, કે જેણે થોડા વખત પહેલાં મક્કા પ્રદેશને મુલાકાત આપી હતી, તેણે કેટલાક આરબોને કત્લ અને કેટલાકને કેદ કરવાથી વસ્તીને નાખુશ કરી હતી. ઇસ્લામનાં પવિત્ર સ્થળોના રાજ્યકર્તાઓ અને લોકોના આ બળવાની અસર લાંબે સુધી પહોંચી. ઇજિપ્ત, હિંદુસ્તાન, મોરોક્કો, અને બીજા દરેક મુસલમાન દેશમાં તેથી ક્ષોભ થયો. તુર્કોએ બળવાખોર કોમોની સામે ઝડપથી લશ્કર મોકલ્યું; પણ મક્કાના શરીફે પોતાના આદમીઓને હથિયારબંધ કર્યા, અને સામે થવાની તૈયારી માંડી.

"બરહમનસે કિસ લિએ લડતા હુય, ઐ શૈખે હરમ?
આજ કાબા બન ગયા: કલ તક તો વો બુતખાના થા!"

અર્થ:—"ઓ મક્કાની મસીદના પૂજારી! બ્રાહ્મણ સાથે શા માટે વઢે છે? કાબો તો આજ કાબો બન્યો છે: કાલ સુધી તો તે પણ મૂર્તિઓનું દેવળ હતું".

હિંદની સરહદ ઉપર વહેલામાં વહેલાં તોફાનોમાંનું એક ઉપલા બ્રહ્મદેશમાં કાચિનો કરીને લોકો વસે છે તેમણે કરેલું. અહીં બ્રિટિશોની આબરૂ ઉતારી પાડવાને ખાસ પ્રયત્ન કરવામાં આવ્યો હતો. એવી અફવાઓ ચલાવવામાં આવી હતી, કે હિંદની સરકાર પાસે લશ્કરની તાણ છે; અને થામા નામના એક મુખીએ બધી જાતોને ઉશ્કેરવાને મહેનત કરેલી. બ્રિટિશ સરકારની સરહદની બહારની કેટલીક જાતો પણ તોફાનમાં શામિલ થયેલી; અને થોડી વાર સ્થિતિ મુશ્કેલ દેખાયલી. સોએક માણસોની એક ટુકડી ઉપર વાંગનાં લોકોએ ૧૯૧૫ ના જાન્યુઆરીની ૨૯ મી તારીખે હુમલો કરેલો. ત્યાં લશ્કરે આવીને પ્રદેશ એકદમ સાફ કરી નાંખ્યો. કાચિનો ઘણા હઠથી લડ્યા; પણ તેમને એક સ્થળેથી બીજે સ્થળે એમ હાંકી કાઢવામાં આવ્યા. ત્રણ કાચિન આગેવાનો કેદ થયા; અને તેમને જન્મપર્યંત દેશનિકાલની સજા કરવામાં આવી.

પશ્ચિમોત્તરમાં બ્રિટિશ હિંદુસ્તાન અને અફઘાનિસ્તાનની વચ્ચે ટોચી કરીને ખીણ છે, ત્યાં પહેલું તોફાન થયું. ૧૯૧૪ની આખરમાં એવું માલુમ પડ્યું, કે સરહદની જાતોને ઉશ્કેરીને બ્રિટિશોની સામે જહાદ શરૂ કરવાને મોટા પ્રયાસ કરવામાં આવે છે.

આ સ્વતંત્ર મુલકમાં વસતા કેટલાક આગેવાન મુલ્લાંઓએ જાતોને એકત્ર કરી, અને ૨,૦૦૦ ખોસ્ટવાલોને બ્રિટિશ મુલકમાં આણ્યા. ૧૯૧૪ના નવેમ્બરની ૨૯ મી તારીખે ઉત્તર વઝીરિસ્તાનના લશ્કરના એક વિભાગે મેજર જી. બી. સ્કૉટની સરદારી નીચે આ લોકો ઉપર હુમલો કર્યો, તેમને હરાવ્યા, અને ભગાડ્યા.

પણ તાયફાવાળા પોતાના મુલક સુધી હાંકી કઢાયા છતાં સખણા બેસી રહ્યા નહીં. તેઓ ટેકરીઓ પર એકઠા થઇને આપણી સરહદને સતાવવા લાગ્યા. માર્ચમાં સુમારે આઠ હજાર ખોસ્ટવાલો એકઠા થયા, અને મિયાંશાહ પર ઉતરી પડશે એવું લાગ્યું. બ્રિગેડિયર-જનરલ ફ્રેનની સરદારી નીચે એક બ્રિટિશ લશ્કર તેમની સામે ગયું. ૨૦૦ ખોસ્ટવાલો માર્યા ગયા, ૩૦૦ જખમી થયા, અને બાકીના ઝડપથી હુડી ગયા.

"કહતે હૈં આજ રિંદ જહાંસે ગુઝર ગયા:
અચ્છા હુવા, અઝાબ કટા, દર્દેસર ગયા!"

અર્થ:—"કહે છે કે રિંદ કવિ આજે મરી ગયો. સારૂં થયું, દુઃખ ઓછું થયું, અને માથાકૂટ મટી."

આ પછી કેટલાક મહિના સુધી સરહદના આ ભાગમાં શાંતિ રહી.

૧૯૧૪ની આખરમાં ઘણે ઠેકાણેથી એવી ખબર આવવા લાગી, કે મોહમંદ પ્રદેશમાં અમુક તોફાનની તૈયારીઓ થાય છે. મોહમંદો પઠાણોની એક મજબૂત કોમ છે, અને કેટલાક અફઘાનિસ્તાનમાં તથા કેટલાક પેશાવરની આસપાસના મુલકમાં વસે છે. તેઓ તોફાની, ઉગ્ર તથા કજિયાખોર છે; અને મુલ્લાંઓ તેમનામાં જલદી બળવો ઉશ્કેરી શકે છે. ચાલું વિગ્રહ પહેલાં ઘણી વાર બ્રિટિશોની સાથે તેમને લડાઇ થઇ છે. ૧૮૭૨ અને ૧૯૦૮ વચ્ચે કેટલીક ચડાઇઓ તેમના ઉપર મોકલવામાં આવેલ છે. ૧૯૧૫ના જાન્યુઆરીમાં પેશાવરથી ઉત્તરે ૧૮ માઇલ ઉપર શબકદર કરીને એક થાણું છે, તે પર તેમણે ચડાઇ કરી; પણ તે સહેલાઇથી હઠાવવામાં આવી. ફરી એપ્રિલમાં એવી ખબર આવી, કે મોહમંદો શબકદર ઉપર હુમલો કરવા સારૂ એકઠા થાય છે. એપ્રિલની ૧૮ મીએ તેમણે આગળ વધવાને યત્ન કર્યો; પણ આપણું લશ્કર તેમની સામે થયું, અને તેમને ટેકરીઓમાં ન્હસાડી મૂકયા.

થોડા વખત સુધી શાંતિ રહી. પણ એમ દેખાઇ આવ્યું, કે મુલ્લાંઓ શાંતિ રહેવા દે તેમ નથી. તેઓ તાયફાવાળાઓને એકઠા કરીને ઉપદેશ કરવા લાગ્યા; અને ધર્મની ખાતર

લડવાથી જન્નત મળવાની આશા આપવા લાગ્યા.* ઑગસ્ટમાં તુરંગઝાઇના એક હાજી સાહેબ કરીને બ્રિટિશ-વિરુદ્ધ મુલ્લાંએ અંબેલા ઘાટમાં કેટલાક હજાર માણસો એકઠા કરીને બ્રિટિશ મુલક ઉપર ચડાઇ કરવાની તૈયારી કરી. માણસોમાંના ઘણા પઠાણ લડવૈયા હતા. થોડા હિંદુ વૈરાગીઓ પણ તેમની સાથે હતા. જાતજાતના ફકીરો અને બીજા ઝનૂની માણસો સાથે લડવા આવ્યા હતા. એ બધા એમ માનતા હતા, કે દેવો પોતે તેમને મદદ કરશે, અને તેમને કશી આંચ આવશે નહીં.

બ્રિટિશોથી જહાદની અવગણના થાય એવું નહોતું. ઓગણીશ વરસ પહેલાં આજ પ્રદેશમાં એક ફકીરે બળવો જગાડ્યો હતો, કે જે મસ્ત ખુલ્લા માથાનો મુલ્લાં કહેવાતો હતો. કાબુલથી આવીને તેણે લોકોને સમજાવેલું, કે પોતે કાફરોને હાંકી કાઢવાને સ્વર્ગથી ઉતરેલો ફિરસ્તો છે, અને પોતાને કોઇની મદદની પણ જરૂર નથી. આ સંદેશો તેણે ઘણાં પહાડી ગામડાંઓમાં ફેલાવેલો; અને લોકોનાં ટોળેટોળાં તેની આસપાસ જમા થયેલાં. તેઓ બ્રિટિશ લશ્કરની સામે ઘણા ઝનૂનથી લડેલા; અને તેમને હરાવ્યા પછી તેમને બ્રિટિશ બળનું કંઇક ભાન થાય તેટલા માટે એક ખાસ ચડાઇ તેમના મુલકમાં મોકલવામાં આવેલી. એ બનાવો ૧૮૯૬ માં બનેલા; અને હવે હાજી સાહેબે ફરી એ ધંધો શરૂ કર્યો.

ઑગસ્ટની ૧૭ મી તારીખે ૩,૦૦૦ અથવા ૪,૦૦૦ તાયફાવાળાઓનું એક ટોળું અંબેલા ઘાટથી રસ્તમ તરફ ઉતર્યું. એમ કહેવાતું હતું, કે એક બીજું લશ્કર પણ તેની મદદમાં આવે છે. બ્રિટિશ લશ્કરે એ કુમક આવી પહોંચે તે પહેલાં અંબેલા ઘાટના સમૂહ ઉપર હુમલો કર્યો, અને ઘણા નુકસાન સાથે તેમને હાંકી કાઢ્યા. તે પછી એ પ્રદેશમાં એક બ્રિગેડે પડાવ નાંખ્યો. ઑગસ્ટના પાછલા ભાગમાં બીજી ત્રણ લડાઇઓ થઇ, અને દરેક પ્રસંગે દુશ્મનને ટેકરીઓમાં જતું રહેવું પડ્યું. જે ગામડાંઓએ તેમને આશ્રય આપ્યો હતો, તેમનો નાશ કરવામાં આવ્યો.

એથી પણ એક મોટું લશ્કર સંદકી મુલ્લાં નામના ફકીરે એકઠું કરેલું, અને તે નીચલા ભાગ ઉપર હુમલો કરવા સારૂ સ્વાત નદીને ડાબે કિનારે ચાલવા લાગ્યું. એ લશ્કરમાં ૧૭,૦૦૦ થી ૨૦,૦૦૦ માણસો છે, એમ કહેવાતું હતું. તેમણે આપણાં થાણાંઓ ઉપર ઑગસ્ટની ૨૮ મી અને ૨૯ મી તારીખે હુમલો કરેલો; પણ તેમને હઠી જવું પડેલું. બીજે દિવસે બ્રિટિશ લશ્કરે એક કિલ્લાનો નાશ કર્યો, અને દુશ્મનના કબજાનાં કેટલાંક ગામ ઉપર તોપ ચલાવી. એકઠા થયેલા લોકો વિખેરાઇ ગયા; અને તેમની પ્રવૃત્તિ થોડી વાર બંધ પડી.

---

* સરખાવો:—

"ઝિન્દા ઘરકો જો ફિરે ગાઝી કેહ જાઓગે:
ઔર શહાદત જો હુઇ ખુલ્દમેં જા પાઓગે!"

અર્થ:—"જો ઘેર જીવતા આવશો, તો ગાઝી કહેવાશો; અને જો મરી ગયા, તો સ્વર્ગમાં સ્થાન મેળવશો."

ઝનૂનીઓ મોહમંદ સરહદ ઉપર ઉશ્કેરણી કરતા રહ્યા; અને ત્યાંથી એવા સમાચાર મળતા રહ્યા, કે અમુક બ્રિટિશ લશ્કરે શબકદર આગળ પડાવ નાંખ્યો. સપ્ટેંબરની ૪ થી તારીખની સાંઝ સુધીમાં દુશ્મનનાં ૧૦,૦૦૦ માણસો એકઠાં થયાં. ત્યારે મેજર-જનરલ કેમ્પબેલે હુમલો કરવાનો નિશ્ચય કર્યો. પછી જે લડાઇ થઇ, તેવી પશ્ચિમોત્તર સરહદ ઉપર ૧૮૯૭ પછી થઇ નથી. બ્રિટિશ અને હિંદી વિક્રમોએ રાતમાં પણ મુસાફરી કરી હતી; અને રસ્તાઓ એવા ખરાબ હતા, કે તોબાહ! ધૂળ બે ફુટ ઊડી હતી. આગળ સવારો ચાલતા હતા, તેથી પાછળ ચાલનારાઓની શી દશા થઇ હશે, તેની કલ્પના કરવી મુશ્કેલ નથી. તાપ અતિશય સખ્ત હતો; અને છેલ્લા નવ માઇલની મુસાફરી બપોરે બારથી ત્રણ સુધીમાં કરવી પડી હતી.

"તેરી ઉલ્ફતમેં મર મિટના શહાદત ઉસકો કહતે હૈં:
તેરે કૂચેમેં હોના દફન જન્નત ઇસકો કહતે હૈં!"

અર્થ:—"તારી પ્રીતિમાં લુપ્ત થઇ જવું, એનેજ ધર્મ માટે મરવું કહે છે: અને તારી શેરીમાં દટાવું એજ સ્વર્ગ છે."

સપ્ટેંબરની ૫ મી તારીખે દુશ્મનો, કે જેઓ કહૂન ઘાટથી ઉતરી આવ્યા હતા, તેઓ આગળ વધીને લગભગ શબકદર ગામ સુધી પહોંચ્યા. તેઓ પાસે આવ્યા, કે તેમના ઉપર તોપોનો મારો શરૂ થયો. લડાઇમાં સવારોએ બહુ સારી સેવા બજાવી. લેફ્ટેનંટ-કર્નલ સ્કિવન અગ્રેસર થઇને પોતાની સમશેરનો સારો ઉપયોગ કરતો હતો, ત્યાં તેના ઘોડાને ગોળી વાગી, અને તે તેના પોતાના ઉપર પડયો. બે લાન્સ-કોર્પોરલોએ તેને ઉભો કર્યો. થોડાજ વખત પછી તેને હૃદયમાં ગોળી વાગી, અને પડતાં પડતાં તે પુકારી ઉઠયો, કે "આગળ જાઓ, બચ્ચાઓ. હું તો પૂરો થયો છું." બે માણસોએ તેના શરીરની રક્ષા કરી, અને પછી તેમનો બચાવ થયો. પાંચ અગ્રેસર અમલદારોમાંથી ત્રણ માર્યા ગયા, અને એક જખમી થયો. કેટલાક કલાક લડાઇ ચાલ્યા પછી મોહમંદો વિખેરાવા માંડયા; અને સવારોએ તેમને ટેકરીઓ સુધી ત્રગડ્યા.

આ પ્રમાણે હઠી જવું પડયું, છતાં મોહમંદો અને તેમના પાડોશીઓ હજી નરમ પડ્યા નહીં. મુલ્લાંઓએ તેમને ઉશ્કેરવાનું જારી રાખ્યું; અને ઑકટોબરની શરૂઆતમાં ફરી નવેક હજાર માણસો હાફિઝ કોર પાસે એકઠા થયા. મેજર-જનરલ કેમ્પબેલની સરદારી નીચે બ્રિટિશ લશ્કરે ફરી તેમને હરાવ્યા. આ પ્રસંગે કવચવાળી મોટર ગાડીઓનો હિંદની લડાઇમાં- પહેલ-વહેલો ઉપયોગ થયો. મોહમંદો પરિણામે શાંત થઇ ગયા.

ઑકટોબરમાં સ્વાતમાં તોફાન થયું, અને ત્રણેક હજાર બાજોરીઓ ચકદારા તરફ ચાલ્યા, કે જેથી તેઓ દીર અને સ્વાતનાં લશ્કરને ત્યાંના કિલ્લા પર હુમલો કરવાને ઉશ્કેરી શકે. લેફ્ટેનંટ-કર્નલ લુઅર્ડે તેમના પર હુમલો કરવાનો નિશ્ચય કર્યો. તેણે તેમને પાછા હાંકી કાઢ્યા, પાછળ પડીને તેમનો એક વાવટો કબજે કર્યો, અને તેમને એવો પાઠ આપ્યો, કે મહિનાઓ સુધી એ સરહદ ઉપર કશું તોફાન સંભળાયું નહીં.

બલુચિસ્તાનમાં એક ઠાકોરે ખિલાતના ખાનની તિજોરી લૂટી; અને થોડી વાર એવી ધાસ્તી રહી, કે જાણે તોફાન વધશે. પણ એક ટુકડી એ પ્રદેશમાં જવાથી શાંતિ ફેલાઇ ગઇ. ૧૯૧૫ના ઉન્હાળામાં કાળા પહાડની જાતોમાં પણ એક જહાદ જગાડવાનો પ્રયત્ન થયેલો, પણ તે નિષ્ફળ નીવડેલો.

લડાઇના તાર.

સામાન્ય સ્થિતિ.

પશ્ચિમ મોખરા ઉપર ફ્રેંચો અને બ્રિટિશો જોરમાં છે, અને ધીમે ધીમે પણ ઠીક આગળ વધે છે. પૂર્વ મોખરા ઉપરની સ્થિતિમાં ખાસ ફેરફાર નથી. માસીડોનિયામાં સર્બિયનો અને મિત્ર રાજ્યોનાં લશ્કરોએ મોનેસ્ટિર પાછું પડાવ્યું છે. પણ રૂમાનિયાનું સંકટ હજી દૂર થયું નથી. જર્મનો દેશમાં પેઠા છે; અને આગળ ચાલતા જાય છે. સ્થિતિ ચિંતા કરાવે તેવી છે.

રુશિયન સિંહનાદ.

લંડન, ૧૮ મી નવેમ્બર.

રુશિયન પાર્લમેન્ટમાં વિગ્રહખાતાના પ્રધાને ૧૯૧૫ના જાન્યુઆરીની ૧ લી તારીખથી દારૂગોળાના ઉત્પન્નમાં જે બેહદ વધારો થતો જાય છે, તેની વિગતો કહી બતાવી. તેણે કહ્યું, કે "આપણે જીતવુંજ જોઇએ, અને જીતશું. પૃથ્વી ઉપર કોઇ પણ સત્તાનું ગજું નથી, કે તે રુશિયાને જીતી શકે." શ્રોતાઓએ આ સિંહનાદને આવેશથી પ્રતિધ્વનિ આપ્યો હતો.

મોનેસ્ટિર પાછું લીધું.

લંડન, ૧૯ મી નવેમ્બર.

મિત્ર રાજ્યોનાં લશ્કરોએ આજે સ્હવારે મોનેસ્ટિરમાં પ્રવેશ કર્યો છે. (ગયે વરસે ડીસેંબરની ૨ જી તારીખે તે બલ્ગેરિયનોએ સર્બિયનો પાસેથી પડાવ્યું હતું.)

બ્રિટિશ વિક્રમ.

લંડન, ૧૯ મી નવેમ્બર.

શનિવાર રાતના એક સંદેશામાં જનરલ હેગ જણાવે છે, કે આકાશમાં તોફાન છતાં એંકરની ઉત્તરે તથા દક્ષિણે આપણે આપણો મોખરો આગળ ચલાવ્યો છે. દક્ષિણમાં ગ્રેન્ડ કોર્ટની સીમ સુધી આપણે પહોંચ્યા છીએ. ૨૫૮ કેદીઓ પકડ્યા છે. દુશ્મનનાં આઠ વિમાનોને જમીનદોસ્ત કરવામાં આવેલ છે. આપણાં ત્રણ વિમાનોનો પત્તો નથી.

રૂમાનિયન સંકટ.

લંડન, ૧૯ મી નવેમ્બર.

આલ્ટ અને જિયૂલ ખીણોમાં દુશ્મનના જારી હુમલાને લીધે રૂમાનિયનોને હઠી જવું પડે છે. ડ્રાગોસ્લાવીલ પ્રદેશમાં તેઓ દુશ્મન પર હુમલો કરીને તેમને હઠાવી શકયા છે. આલ્ટ, જિયૂલ, અને ગિલોર્ટની ખીણોમાં લડાઇ ચાલ્યા કરે છે.

સર્બિયન ધસારો.

સાલોનિકા, ૨૦ મી નવેમ્બર.

શનિવારે કર્ના પ્રદેશમાં સર્બિયનોએ વધારે જીત મેળવી છે. દુશ્મનો અવ્યવસ્થિત થઇને

પ્રિલેપ તરફ ન્હાસતા જાય છે. શ્રુનિસ્ટા, બ્રનિક અને જારાટોકનાં ગામડાં સર્બિયનોએ કબજે કર્યાં છે. મોનેસ્ટિરમાં મોટી આગો દેખાઇ હતી, અને ભયંકર ધડાકા સંભળાયા હતા.

ગ્રીસ પાસે માગણી.

ઍથન્સ, ૨૦ મી નવેમ્બર.

મિત્ર રાજ્યોએ ગ્રીસ પાસે એવી માગણી કરી છે, કે તેણે ૨૨ મી તારીખ સુધીમાં ઑસ્ટ્રિયન, જર્મન, તુર્ક, તથા બલ્ગેરિયન એલચીઓને પરવાના આપીને મોકલી દેવા. ગ્રીક સરકારને આ માગણી વધારેપડતી લાગી છે. "ક્રાઉન કાઉન્સિલ"ને બોલાવવામાં આવેલ છે. બધે ઘણી બેચેની છે. એલચીઓને માટે એક આગબોટ મોકલવામાં આવેલ છે, અને તેમને સૂચના અપાયેલ છે, કે જો તેઓ પોતાની મેળે વિદાય નહીં થાય, તો તેમને બલાત્કારે દૂર કરવામાં આવશે. રાજાએ જાહેર કર્યું છે, કે એ વાતમાં પોતે જવાબદાર નથી.

બલ્ગેરોની પાછળ.

લંડન, ૨૧ મી નવેમ્બર.

સર્બિયનો બલ્ગેરોની પાછળ પડ્યા છે. કેટલાંક વધારે ગામડાં તેમના હાથમાં આવેલ છે. મોનેસ્ટિરની વસ્તીએ મિત્ર રાજ્યોનાં લશ્કરોનો સત્કાર કર્યો છે. લોકો ખોરાકની તંગીથી હેરાન હતા. ફુલના હારો અને સર્બિયન વાવટાઓ ઠેકાણે ઠેકાણે દેખાતા હતા.

દુશ્મનના એલચીઓને ગ્રીસમાંથી રજા.

ઍથન્સ, ૨૧ મી નવેમ્બર.

દુશ્મનના એલચીઓએ વિદાયગિરી મુલતવી રાખવા વિનંતી કરેલી, તેની ના પાડવામાં આવી છે. તમામ આવતી કાલે વિદાય થશે; અને તેમને ડેડીએગેચ્ય પહોંચાડવામાં આવશે. ગ્રીક સરકારે વાંધો ઉઠાવ્યો છે, અને ન્યાયખાતાના પ્રધાને રાજીનામું આપ્યું છે.

ઑસ્ટ્રિયન શાહેનશાહનું મૃત્યુ.

વિયેના, ૨૨ મી નવેમ્બર.

શહેનશાહ ફ્રાન્સિસ જોસફ મરણ પામેલ છે.

રૂમાનિયાની સ્થિતિ.

લંડન, ૨૨ મી નવેમ્બર.

રૂમાનિયાની સ્થિતિ બેશક ગંભીર છે, અને તેની પહેલી સેના માટે ચિંતા રાખવામાં આવે છે. એ સંભવિત છે, કે સંકટ ઓછું કરવા સારૂ વાલેશિયાના ગ્રેથી પશ્ચિમના પ્રાંતો ખાલી કરવામાં આવશે. વાલેશિયાનાં મેદાનોમાં એક મોટી લડાઇ થવાની વકી છે, એમ બોલાય છે.

હૉસ્પિતાલ વહાણનો નાશ.

લંડન, ૨૨ મી નવેમ્બર.

નવેંબરની ૨૨ મી તારીખે "બ્રિટનિક" નામે હૉસ્પિતાલ વહાણને સુરંગ અથવા ટોર્પીડોથી ડુબાવવામાં આવેલ છે. ૧,૬૦૬ માણસો બચ્યા છે, તેમાંથી ૨૮ ને ઘાયલ થઇ છે. પચાસ માણસોનો પત્તો નથી.

ભાવનગર દરબારી છાપખાનું.